॥ नमोऽस्तु तस्मै जिनशासनाय॥

श्रुतकेवलि श्रीशय्यंभवसूरिविरचितं

# ॥ श्री दशवैकालिकसूत्रम् ॥

**સભાષાંતર ભાગ-૨ (અધ્ય. ૨-૩-૪)**


નિર્યુક્તિકાર : શ્રુતકેવલી શ્રીભદ્રબાહુસ્વામી

વૃત્તિકાર : ૧૪૪૪ ગ્રન્થરચયિતા શ્રીહરિભદ્રસૂરિજી

પ્રેરક

**સિદ્ધાન્તમહોદધિ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સાહેબનાં**

શિષ્યરત્ન

**પ.પૂ.પં. ગુરુદેવશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**



પ્રકાશક

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

અમદાવાદ



ભાષાંતરકર્તા

**મુનિ ગુણહંસવિજયજી**

સંશોધનકર્તા

**મુનિ ભવ્યસુંદરવિજયજી**

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન

૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ,

રીલિફ રોડ, અમદાવાદ-૧

ફોન ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**લેખક :**

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય

પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબનાં વિનેય

**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**નાં શિષ્ય

**મુનિશ્રી ગુણહંસવિજયજી**

પ્રથમ પ્રકાશન : વિ.સં. ૨૦૬૬ તા. ૧૫-૧૨-૨૦૦૯

નકલ ૧૦૦૦

સૂચના : આ પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલ હોવાથી પુસ્તકનું મૂલ્ય જ્ઞાનખાતે ચૂકવીને માલિકી કરી શકાય.

**મૂલ્ય રૂા. ૨૫૦/-**

**ટાઈપસેટીંગ :**

**અરિહંત ગ્રાફિક્સ**

ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ.

**મુદ્રક :**

**ભગવતી ઓફસેટ**

બારડોલપુરા, અમદાવાદ.

# સમર્પણમ્....

જેઓની શાસ્ત્રાભ્યાસની અપ્રમત્તતાને મુનિસમુદાય આજેય વંદે છે...
જેઓએ શાસ્ત્રોરૂપી અમૃતકુંડમાં કેટલાંય સંયમીઓને સ્નાન કરાવ્યું છે...
એવા

પ.પૂ. વર્ધમાનતપોનિધિ, સંઘએકતાનાં શિલ્પી, અપ્રમત્તયોગી,
પૂ. ગુરુદેવશ્રી

**આ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સાહેબજીને**

આ કૃતિ અર્પણ કરતાં ધન્યતા અનુભવું છું.

લિ. કૃપાકાંક્ષી ગુણહંસવિ.

ઉમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ
આપનું ઔદાર્યભર્યું સૌજન્ય....

પ.પૂ.પં.ગુરુદેવશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબનાં
શિષ્યરત્ન
પૂ.મુનિરાજશ્રી વિમલહંસવિજયજી મ.સાહેબ તથા
પૂ.મુનિરાજશ્રી પરમહંસવિજયજી મ.સાહેબનાં
વિ.સં.૨૦૬૫નાં ચાતુર્માસની સ્મૃતિનિમિત્તે

● સૌજન્ય ●

શ્રી શ્વે.મૂ.પૂ. જૈન સંઘ

નાનપુરા, સુરત

જ્ઞાનદ્રવ્યથી શ્રુતભક્તિનો લાભ લીધો એ બદલ ખૂબ ખૂબ ધન્યવાદ....

લિ.
કમલ પ્રકાશન ટ્રસ્ટ

# પ્રસ્તાવના

દશવૈકાલિક સૂત્ર !

પરમ પાવન પિસ્તાલીશ આગમોમાંનું એક અતિસુંદર આગમ !

૨૧૦૦૦ વર્ષ પાંચમા આરાનાં અંત સુધી જે અખંડ પણે ટકશે !

એનો મહિમા અપરંપાર છે, એ તો એના પરથી જ જણાઈ આવે કે ચૌદપૂર્વધર - શ્રુતકેવલિ - શય્યંભવસૂરિ મહારાજાએ, માત્ર છ મહિનાનું જેનું આયુષ્ય શેષ હતું, તેવા પોતાના દીક્ષિત પુત્ર 'મનક'નાં કલ્યાણને માટે પૂર્વોમાંથી તેને ઉદ્ધૃત કર્યું !

કેવા સુંદર પદાર્થો હશે એમાં, જેને ભણવાથી ૬ મહિનામાં સાધુજીવનનો સાર સમજાઈ જાય...આત્મકલ્યાણ નિશ્ચિત થઈ જાય !

આજે પણ એનો મહિમા અખંડ છે - એના ચાર અધ્યયન અર્થસહિત ભણાય નહીં ત્યાંસુધી મહાવ્રત આરોપણ (વડીદીક્ષા) ન કરવાની પરંપરા છે... એનું પાંચમું પિંડૈષણાઅધ્યયન અર્થસહિત ભણ્યા વિના ગોચરી જવાનો અધિકાર નથી મળતો.

એનું સાતમું વાક્યશુદ્ધિ અધ્યયન અર્થસહિત ભણ્યા વિના દેશના આપવાનો - અરે ! બોલવાનો પણ અધિકાર નથી મળતો... ટંકશાળી અને અર્થશાલિ છે એના વચનો... દરેક સાધુભગવંતે અવશ્ય ભણવા - ગોખવા - સમજવા - ઉતારવા જેવા.

પણ, આ તો ચૌદપૂર્વધર મહર્ષિનાં વચનો...ગંભીર, રહસ્યભરપૂર... અલ્પમતિ એવા આપણે તેનો તાગ શી રીતે પામી શકીએ ?

ઉપકાર કર્યો આપણા પર પૂર્વર્ષિઓએ...ભદ્રબાહુસ્વામી મહારાજાએ...નિર્યુક્તિ રચીને...અગત્સ્યસિંહસૂરિએ ચૂર્ણિ રચીને... હરિભદ્રસૂરિઆદિ મહાપુરુષોએ ટીકાઓ રચીને...

આ વિવરણો પ્રમાણમાં સરળ છે. તાર્કિકશિરોમણિ હરિભદ્રસૂરિ મ.સા.ની ટીકા સૌથી વિસ્તૃત છે. ખૂબ સુંદરપદાર્થો છે, તેમાં...

છતાં, પડતાં કાળને કારણે ાથમિક અભ્યાસીઓને તે પણ સમજવું કઠિન પડે, તે સંભવિત છે.

અને એટલે અનુવાદકાર પૂ.મુ.શ્રી ગુણહંસવિજયજી મ.સા. સરળ ગુજરાતી ભાષામાં તેનો અનુવાદ પ્રસ્તુત કરી રહ્યા છે.

સ્વયં ઉચ્ચકક્ષાનાં વિદ્વાન્ હોવા છતાં, આવા પ્રાથમિક ગ્રંથ ઉપર અનુવાદ લખવા માટે આટલો પરિશ્રમ વેઠે છે, સમયનો ભોગ આપે છે, તે તેમની પ્રાથમિક અભ્યાસુઓ પરની કરૂણાનું પરિણામ છે. વર્તમાનકાળે અભ્યાસની રૂચિ ધરાવનારાઓને પણ અભ્યાસ કરાવનાર અધ્યાપકોનો સંયોગ સરળતાથી નથી થતો, તેવું ઘણીવાર જોવા મળે છે અને સ્વયં અભ્યાસ કરવામાં કઠિન સ્થળો એ અટકી જવાથી હતોત્સાહ થઈ જાય છે.

એ સમસ્યાનું નિરાકરણ કરવા જ આ અનુવાદ પ્રસ્તુત થઈ રહ્યો છે.

પૂ. હરિભદ્રસૂરિ મહારાજની કઠિન પંક્તિઓને વિસ્તારથી સરળભાષામાં રજૂ કરવા તેમણે ઘણો પુરુષાર્થ કર્યો છે, તે અનુવાદ જોતાં જ સમજાઈ જશે.

પ્રત્યેક સાધુ-સાધ્વીજી ભગવંતો અવશ્ય આ ગ્રંથનો તલસ્પર્શી અભ્યાસ કરે તો તેમનું જીવન સંયમની સુવાસથી મહેંકી ઊઠે, તે બાબતમાં કોઈ શંકા નથી...એટલે મારા સહિત સહુ આ ગ્રંથને ભણે, અને તેમાં આ અનુવાદ સહાયકસાથીની ગરજ સારે... અને તેના દ્વારા વિશુદ્ધસંયમજીવનની પ્રાપ્તિ કરી, પરમપદને નજીક લાવે, એ જ શુભાભિલાષા...

લિ.

મુનિ ભવ્યસુંદરવિજય

* * * । नमोऽस्तु तस्मै जिनशासनाय । * * *

# બે શબ્દો

દશવૈકાલિક જેવા મહાન સૂત્રની રચના કરી છે ચૌદપૂર્વધર શ્રી શય્યંભવસૂરીશ્વરજી મહારાજાએ ! એના ઉપર નિર્યુક્તિની રચના કરી છે ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજીએ !

ચૂર્ણિની રચના કરી છે શ્રી જિનદાસગણિમહત્તરજીએ !

વૃત્તિની રચના કરી છે ૧૪૪૪ ગ્રન્થરચયિતા શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ !

હજારો વર્ષો પૂર્વેનું આ અણમોલ સાહિત્ય કાળના પ્રવાહમાં ક્યાંય ખતમ ન થઈ જાય અને આપણાં સુધી પહોંચે એ માટે એની સુરક્ષા કાજે જબરદસ્ત ભોગ આપ્યો છે હજારો શ્રમણ-શ્રમણીઓએ અને શ્રાવક-શ્રાવિકાઓએ !

મારા જેવા સાધુ પણ આનું ભાષાંતરાદિ કામ સારી રીતે પાર પાડી શકે એ માટે કૃપાબળ-પીઠબળ પૂરું પાડ્યું છે પરમોપકારી પૂજ્યપાદ ભવોદધિતારક ગુરુદેવશ્રીએ !

ભાષાંતરમાં ભૂલો ન રહી જાય એ માટે અક્ષરશઃ બધું જ તપાસી આપવાનો અનહદ ઉપકાર કર્યો છે પૂજ્યપાદ શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ.સાહેબના શિષ્ય મુનિરાજ ભવ્યસુંદરવિજયજીએ !

ત્રણ-ત્રણ પ્રુફો જોવા - ક્રમશઃ ગોઠવવા... વગેરે વગેરે અતિ મહેનત અને ઘણો લાંબો સમય માંગી લેતું કપરું કામ સહર્ષ વધાવી લઈને સંપૂર્ણ કરી દીધું છે વિદ્યાશિષ્ય મુનિરાજ રાજહંસવિજયજીએ !

પ્રકાશનનાં કાર્યમાં ખૂબ ઉલ્લાસથી સહકાર આપ્યો છે તે કમલ પ્રકાશનનાં ગુણવંતભાઈ અને તેમની પ્રેસની ટીમે !

આવી તો ઢગલાબંધ સહાય બાદ જે કામ શક્ય બન્યું છે, એમાં ભા ંતરકર્તા તરીકેનો યશ લેવાનો મને કોઈ જ હક નથી. આ આખાય કાર્યમાં મારા ભાગે તો ૧% જેટલો ય હિસ્સો માંડ આવે... એટલે જો આ કાર્ય ખરેખર સારું થયેલું લાગે, ઉપયોગી લાગે તો એનો યશ મને આપવાને બદલે આ તમામ ઉત્તમ આત્માઓને જ આપવો એવી મારી નમ્ર વિનંતી છે. હા ! જે કંઈ ક્ષતિઓ હશે, એ મારી જ હશે એ પણ નિશ્ચિત હકીકત જાણવી.

વર્તમાન ૧૫ હજાર સાધુ-સાધ્વીજી ભગવંતો અધરી ભાષાદિને કારણે આ ગ્રન્થનાં અમૂલ્યપદાર્થોથી વંચિત ન રહી જાય, એ માટે તેઓને ગુજરાતી ભાષામાં સ્પષ્ટતાવાળું ભાષાંતર આપવું જરૂરી લાગ્યું, માટે જ આ ભાષાંતર કર્યું છે. બાકી તો સંયમીઓ

સંસ્કૃતમાં જ અભ્યાસ કરે, ભાષાંતરને ન અડે એ જ અમને ઈષ્ટ છે. ભાષાંતર વિના વૃત્તિ નહી સમજી શકનારાઓ માટે જ આ ભાષાંતર છે, એ ખાસ ધ્યાનમાં લેવું. વળી જો અધ્યાપન કરાવનાર સદ્ગુરુનો યોગ મળે તો એમની પાસે જ જ્ઞાન મેળવવું... એ ન મળે તો જ નાછુટકે ભાષાંતરના સહારે વાંચન કરવાનું છે.

આ ભાષાંતરમાં નિક્ષેપાદિની સમજમાં સરળતા રહે તે માટે પૂ.પં.શ્રી હીરચંદ્રવિજયજી મ.સાહેબના શિષ્યવૃંદે તૈયાર કરેલ અધ્યયનપ્રમાણેના કોષ્ઠકો પણ લીધા છે. કોષ્ઠક તૈયાર કરનાર મહાત્માનો પણ હું સબહુમાન આભાર માનું છું.

પ્રાંતે આ આખાય ભાષાંતરમાં મહાપુરુષોની ઈચ્છા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો મન-વચન-કાયાથી ત્રિવિધે-ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં......

લિ.

મુનિ ગુણહંસવિજય

ભા.સુ. ૧૩ સં. ૨૦૬૫

* * * તુ મો ऽ स्तु त स्मै जि न शा स ना य * * *

# ખાસ ધ્યાન રાખો...

આ ગ્રંથ વાંચનના અધિકારી યોગોદ્વહન કરી ચૂકેલા પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો જ છે.

તેથી ગૃહસ્થોએ આ ગ્રંથ વાંચવો નહીં.

અનધિકૃત વાંચન જ્ઞાનવરણીય-મોહનીય વિ. કર્મોના બંધ દ્વારા સંસારવર્ધક હોવાથી અહિતકર છે.

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોએ પણ મુખ્યતયા ગીતાર્થ ગુરુભગવંતો પાસે જ અભ્યાસ કરવાનો છે.

પરંતુ જેમને તેવા સંયોગો ઉપલબ્ધ નથી. તેઓ, પોતાના ગુરુવર્ગની અનુજ્ઞા લઈને આ અનુવાદની સહાય લઈને અભ્યાસ કરી શકે છે.

આ ગ્રંથ માત્ર વાંચી જવા માટે નથી. સાંગોપાંગ અભ્યાસ, ગાથાઓ - અર્થો  પદાર્થોને ગોખીને ઉપસ્થિત કરાશે, તો સંયમજીવનમાં અત્યંત ઉપકારી બનશે.

* * * नमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स * * *

# પ્રથમો વિરામઃ

-મુનિ રાજહંસવિજય

## અધ્યયન-૨

આ અધ્યયનમાં ધર્મનાં સ્વીકારબાદ નૂતનદીક્ષિતને સંયમજીવનમાં અધૃતિ = અધીરજ આવી જાય તો એ અધૃતિને દૂર કરવા ધૃતિને શ્રામણ્યનાં કારણ તરીકે દર્શાવાઈ છે. અને એ ધૃતિનું જ વર્ણન કરનાર આ અધ્યયન છે.

શ્રમણની વ્યાખ્યા - શ્રમણની ઉપમાઓ એટલી અદ્‌ભૂત દર્શાવી છે કે જેને વાંચતા કોઈપણ સંયમી "શ્રમણની આટલી બધી સુંદર ઉપમાઓ છે !!" એવું આશ્ચર્ય સહેજે અનુભવે એ નિર્વિવાદ છે. (નિ. ૧૫૪ થી નિ. ૧૫૭)

"પોતાને આધીન ન હોય એવા ભોગોનો ત્યાગ કરનાર ત્યાગી કહેવાતો નથી અને જે પોતાને આધીન હોય એવા ભોગોનોય ત્યાગ કરી દે તે જ ત્યાગી કહેવાય છે." (ગાથા ૨-૩) એવું જણાવી ત્યાગીની વાસ્તવિક વ્યાખ્યા તરફ આંગળીચીંધણું કરાયું છે.

મોહનીયકર્મવશ થયેલ સ્ત્રીનાં આકર્ષણને દૂર કરવાની, સુંદર તરકીબ દેખાડીને સંયમરૂપી ઘરમાંથી મન બહાર નીકળી ન જાય એ માટેનું સુંદર ચિંતન પણ દર્શાવાયું છે.

અંતમાં આ અધ્યયનને સાદ્યંત સ્પર્શતું રહનેમિ-રાજુલનું દૃષ્ટાંત દેખાડીને રાજુલદ્વારા જે રીતે રહનેમિજી સંયમમાં સ્થિર થયાં અને પોતાનું આત્મકલ્યાણ સાધી ગયા એ રીતે પંડિતપુરુષો પણ ભોગોથી વિરામ પામી પોતાનું આત્મકલ્યાણ સાધે એવો માર્મિક ઉપદેશ ગ્રંથકાર પરમર્ષિએ આપીને કમાલ કરી છે.

## અધ્યયન-૩

આ અધ્યયનમાં આચારમાં ધૃતિ કરવી. અર્થાત્ આચારનું જ પાલન કરવું પણ અનાચારનું નહીં એવું જણાવીને અનાચીર્ણ એવી ૫૪ બાબતો જણાવી તેની આચરણા નહીં કરવાનો ઉપદેશ અપાયો છે.

કથાનાં નિક્ષેપમાં અર્થકથા, કામકથા, ધર્મકથા અને મિશ્રકથા એમ કથાનું ભેદાદિનાં કથનપૂર્વક વિસ્તારથી નિરૂપણ કરાયું છે. એમાંય ધર્મકથાનાં ભેદનું વર્ણન અત્યદ્‌ભૂત છે. કેવા આત્માઓને કેવી ધર્મકથા કહીને ધર્મમાં સ્થિર રાખવા એ પદાર્થ ધર્મકથાનાં નિરૂપણમાં જણાઈ આવે છે. (નિ. ૧૮૮ થી નિ. ૨૦૬)

## અધ્યયન-૪

આ અધ્યયનમાં સંયમીએ જે આચારવિશે ધૃતિ કરવાની છે એ આચાર ષડ્જીવનિકાયને વિશે પાળવાનો છે. અર્થાત્ છ જીવનિકાયમાં સંયમવાળા બનવાનું છે એ વાત વિસ્તારપૂર્વક જણાવાઈ છે.

આ અધ્યયનમાં જીવનાં અસ્તિત્વની સિદ્ધિ ઢગલાબંધ અનુમાનપ્રયોગો આપવા દ્વારા નિર્યુક્તિકાર-વૃત્તિકારશ્રીએ કરી છે. ઉપરાંત છએ છ કાયમાં અલગ-અલગ રીતે આત્માની સિદ્ધિ અનુમાનપ્રયોગો દ્વારા ખૂબ જ તાદશ રીતે કરવામાં આવી છે. એના અભ્યાસથી ''દરેક જિનવચન તર્કસિદ્ધ પણ છે'' એની વાસ્તવિક પ્રતીતિ જિજ્ઞાસુને અચૂક થશે એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નહીં ગણાય.

પાંચમહાવ્રત અને રાત્રિભોજનવ્રતનાં આલાવામાં વૃત્તિકારે દરેક વ્રતમાં દ્રવ્ય અને ભાવની ચતુર્ભંગીનું ખૂબ સરસ વર્ણન ચૂર્ણિનાં પાઠ સાથે કર્યું છે... જેનાથી સંયમી પોતાના તે - તે વ્રતો દ્રવ્યથી જ છે કે ભાવથી પણ છે તેનો નિશ્ચય કરી શકશે.

ઉપદેશઅધિકારમાં સંયમી કેવી રીતે પાપકર્મનો બંધક થાય અને કેવી રીતે પાપકર્મનો બંધક ન થાય એ જણાવીને યતનાની પૂર્વે પણ જ્ઞાનની વિશેષ આવશ્યકતા જણાવીને **"જીવાદિ તત્ત્વોનો જ્ઞાતા જ સંયમને જાણી શકશે."** એ પદાર્થનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.

અંતમાં જીવાદિ તત્ત્વોનાં જ્ઞાનથી માંડીને મોક્ષની પ્રાપ્તિ સુધીનો ક્રમ બતાવ્યો છે. અને જે આત્માને ધર્મનું ફળ મળવું દુર્લભ છે તેના લક્ષણો બતાવીને તથા જેઓને પાછલી જીંદગીમાં પણ તપ, સંયમ, બ્રહ્મચર્ય પ્રિય છે તેઓનું દેવલોકગમન બતાવીને પાછલી જીંદગીમાં પણ તપ, સંયમ, બ્રહ્મચર્ય રત થવાની અત્યદ્ભૂત પ્રેરણા કરીને ગ્રંથકારશ્રીએ ખૂબ ઉપકાર કર્યો છે.

# અધ્યયનાનુક્રમ


(૧) શ્રામણ્યપૂર્વક અધ્યયન ........................... ૧

(૨) ક્ષુલ્લિકાચારકથા અધ્યયન ........................... ૬૧

(૩) ષડ્જીવનિકા અધ્યયન ........................... ૧૩૭

॥ णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

# દશવૈકાલિકસૂત્રમ્

ચતુર્દશપૂર્વધર શ્રીભદ્રબાહુસ્વામીવિરચિતનિર્યુક્તિયુત, સૂરિપુરંદર શ્રીહરિભદ્રસૂરિવિરચિતવૃત્તિયુત, ચતુર્દશપૂર્વધર શ્રીશય્યંભવસૂરિકૃત,

દશવૈકાલિકસૂત્ર ઉપર શબ્દશઃ વિસ્તૃત ગુજરાતીવિવેચન

---

## ॥ अथ द्वितीयं अध्ययनं श्रामण्यपूर्वकाख्यं ॥

व्याख्यातं द्रुमपुष्पिकाध्ययनम्, अधुना श्रामण्यपूर्वकाख्यमारभ्यते, अस्य चायमभिसंबन्धः, इहानन्तराध्ययने धर्मप्रशंसोक्ता, सा चेहैव जिनशासन इति, इह तु तदभ्युपगमे सति मा भूदभिनवप्रव्रजितस्याधृतेः संमोह इत्यतो धृतिमता भवितव्यमित्येतदुच्यते, उक्तं च-"जस्स धिई तस्स तवो जस्स तवो तस्स सुग्गई सुलभा । जे अधिइमंत पुरिसा तवोऽवि खलु दुल्लहो तेसिं ॥१॥" अनेनाभिसंबन्धेनायातस्यास्याध्ययनस्य चत्वार्यनुयोगद्वाराणि पूर्ववत्, नवरं नामवदध्ययनविषयत्वादुपक्रमादिद्वारकलापस्य व्याप्तिप्राधान्यतो नामनिष्पन्नं निक्षेपमभिधित्सुराह निर्युक्तिकारः-

सामण्णपुव्वगस्स उ निक्खेवो होइ नामनिप्फन्नो । सामण्णस्स चउक्को तेरसगो पुव्वयस्स भवे ॥१५२॥

---

## શ્રામણ્યપૂર્વક નામનું દ્વિતીય અધ્યયન

દ્રુમપુષ્પિકા અધ્યયનનું વ્યાખ્યાન થઈ ગયું. હવે શ્રામણ્યપૂર્વક નામનું બીજું અધ્યયન શરુ કરાય છે. આ અધ્યયનનો પ્રથમ અધ્યયન સાથે આ પ્રમાણે સંબંધ છે કે અહીં અનન્તરઅધ્યયનમાં ધર્મપ્રશંસા કહી. તે ધર્મપ્રશંસા અહીં જ 'જિનશાસનમાં છે' એ વાત કહી." હવે "ધર્મનો સ્વીકાર કર્યા બાદ નવા દીક્ષિતને અધીરજને કારણે સંમોહ (કામવિકારાદિ) ન થાઓ" એ માટે આ બીજા અધ્યયનમાં એમ કહેવાનું છે કે "ધૃતિવાળા થાઓ"

કહ્યું છે કે - "જેની પાસે ધૃતિ છે. તેની પાસે તપ છે. જેની પાસે તપ છે. તેને સદ્ગતિ સુલભ છે. જે અધૃતિવાળા પુરુષો છે. તેઓને તો તપ પણ દુર્લભ છે." (સદ્ગતિતો સુતરાં દુર્લભ છેજ.)

આમ આ સંબંધથી આ બીજું અધ્યયન આવેલું છે.

આના ચાર અનુયોગદ્વારો પૂર્વની જેમ સમજી લેવા. ફરક માત્ર એટલો કે ઉપક્રમાદિ ચારેય દ્વારોનો સમૂહ નામવદ્ અધ્યયનવિષયક છે. એટલે કે નામવાળા અધ્યયનોમાં ઉપક્રમાદિ દ્વારો લાગુ પડે છે, એટલે એ નામનિષ્પન્નનિક્ષેપ ચારેય દ્વારોમાં વ્યાપેલો છે, એની આ જે વ્યાપ્તિ છે એની પ્રધાનતાને અનુસારે નામનિષ્પન્નનિક્ષેપને કહેવાની ઈચ્છાવાળા નિર્યુક્તિકાર કહે છે કે –

**નિર્યુક્તિ-૧૫૨ ગાથાર્થ :** શ્રામણ્યપૂર્વકનો નામનિષ્પન્નનિક્ષેપ થાય છે. શ્રામણ્યનો ચતુષ્ક નિક્ષેપ અને પૂર્વકના તેર નિક્ષેપ થાય છે.

---

**व्याख्या–श्राम्यतीति श्रमणः, ( श्राम्यति तपस्यति ) तद्भावः श्रामण्यं, तस्य पूर्वं-कारणं श्रामण्यपूर्वं तदेव श्रामण्यपूर्वकमिति संज्ञायां कन्, श्रामण्यकारणं च धृतिः, तन्मूलत्वात्तस्य, तत्प्रतिपादकं चेदमध्ययनमिति भावार्थः । अतः श्रामण्यपूर्वकस्य तु निक्षेपो भवति नामनिष्पन्नः, कोऽसौ ?- अन्यस्याश्रुतत्वात् श्रामण्यपूर्वकमित्ययमेव, तुशब्दः सामान्यविशेषवन्नामविशेषणार्थः, श्रामण्यपूर्वकमिति सामान्यम्, श्रामण्यं पूर्वं चेति विशेषः, तथा चाह–श्रामण्यस्य चतुष्ककस्त्रयोदशकः पूर्वकस्य भवेन्निक्षेप इति गाथार्थः ॥१५२॥**

---

**ટીકાર્થ :** જે શ્રમ = તપ કરે તે શ્રમણ. તેનો ભાવ = શ્રામણ્યં, તેનું પૂર્વ = કારણ તે શ્રામણ્યપૂર્વ. એ જ "શ્રામણ્યપૂર્વક" કહેવાય. અહીં **क** પ્રત્યય સંજ્ઞામાં = નામ દર્શાવવામાં લાગેલો છે.

**પ્રશ્ન :** શ્રામણ્યનું કારણ કોણ છે ?

**ઉત્તર :** શ્રામણ્યનું કારણ ધૃતિ છે. કેમકે શ્રામણ્ય ધૃતિમૂલક છે. (ધૃતિ એ છે મૂલ જેનું એવું શ્રામણ્ય છે.) અને આ ધૃતિનું પ્રતિપાદન કરનાર આ અધ્યયન છે.

આથી શ્રામણ્યપૂર્વકનો નામનિષ્પન્નનિક્ષેપ થાય છે.

**પ્રશ્ન :** આ નામનિષ્પન્નનિક્ષેપ કોણ ?

**ઉત્તર :** જુઓ. અહીં નામનિષ્પન્નનિક્ષેપમાં બીજું કોઈ નામ તો આપણે સાંભળ્યું જ નથી, શ્રામણ્યપૂર્વક નામ જ સાંભળ્યું છે, એટલે શ્રામણ્યપૂર્વક એજ નામનિષ્પન્નનિક્ષેપ બને.

**तु** શબ્દ વિશેષઅર્થ દર્શાવવા માટે છે. એ વિશેષઅર્થ આ છે કે સામાન્યવાળું નામ

અને વિશેષવાળું નામ આમ બે પ્રકારનાં નામો વિશેષઅર્થ છે. એને तु શબ્દે દર્શાવ્યા છે.

એમાં શ્રામણ્યપૂર્વક એ સામાન્યનામ છે.

જયારે શ્રામણ્ય અને પૂર્વ આ બે વિશેષનામો છે.

એ જ કહે છે કે શ્રામણ્યનો ચાર પ્રકારનો નિક્ષેપ થાય પૂર્વકનો તેર પ્રકારનો નિક્ષેપ થાય.

---

**निक्षेपमेव विवृणोति-**

**समणस्स उ निक्खेवो चउक्कओ होइ आणुपुव्वीए। दव्वे सरीरभविओ भावेण उ संजओ समणो ॥१५३॥**

---

હવે એ નિક્ષેપનું જ વર્ણન કરે છે કે –

**નિર્યુક્તિ-૧૫૩ ગાથાર્થ :** શ્રમણનો નિક્ષેપ ક્રમશઃ ચાર પ્રકારે છે. દ્રવ્યમાં શરીરભવ્ય અને ભાવથી તો સંયત શ્રમણ.

---

**व्याख्या-'श्रमणस्य तु' तुशब्दोऽन्येषां च मङ्गलादीनामिह तु श्रमणेनाधिकार इति विशेषणार्थः निक्षेपश्चतुर्विधो भवति, 'आनुपूर्व्या' नामादिक्रमेण, नामस्थापने पूर्ववत्, द्रव्यश्रमणो द्विधा-आगमतो नोआगमतश्च, आगमतो ज्ञाताऽनुपयुक्तः, नोआगमतस्तु ज्ञशरीरभव्यशरीरतद्व्यतिरिक्तोऽभिलापभेदेन द्रुमवदवसेयः, तं चानेनोपलक्षयति-'दव्वे सरीरभविउ'त्ति । भावश्रमणोऽपि द्विविध एव-आगमतो ज्ञातोपयुक्तः नोआगमतस्तु चारित्रपरिणामवान् यतिः, तथा चाह-भावतस्तु संयतः श्रमण इति गाथार्थः ॥१५३॥**

---

**ટીકાર્થ :** શ્રમણનો તો નિક્ષેપ ચાર પ્રકારે છે. तु શબ્દ વિશેષઅર્થ દર્શાવવા માટે છે. તે વિશેષઅર્થ આ પ્રમાણે છે કે મંગલાદિ બીજા શબ્દોનો પણ ચાર પ્રકારનો નિક્ષેપ છે. પણ અહીં તો શ્રમણવડે જ (શ્રમણનો જ) અધિકાર છે. મંગલાદિનો નહિ.

આ નિક્ષેપ નામાદિ ક્રમથી ચાર પ્રકારનો છે.

નામ અને સ્થાપના શ્રમણ પૂર્વની જેમ સમજી લેવા. (એટલે કે એ સુગમ છે.)

દ્રવ્યશ્રમણ બે પ્રકારે છે. (૧) આગમતઃ (૨) નો-આગમતઃ

શ્રમણપદાર્થનો જ્ઞાતા પણ એમાં ઉપયોગરહિત હોય તે આગમતઃ દ્રવ્યશ્રમણ.

નો-આગમતઃ દ્રવ્યશ્રમણમાં જે જ્ઞશરીરભવ્યશરીરતદ્વ્યતિરિક્ત દ્રવ્યશ્રમણ છે, તે

અભિલાપભેદથી દ્રુમની જેમ જાણવો.

(ભાવાર્થ : નો-આગમતઃ દ્રવ્યશ્રમણ ત્રણ પ્રકારે છે. (૧) જ્ઞશરીર (૨) ભવ્યશરીર (૩) જ્ઞશરીરભવ્યશરીર તદ્વ્યતિરિક્ત. અહીં ત્રીજા જ ભેદનો ઉલ્લેખ કરેલો છે. પહેલા બે ભેદોનો નહિ. માટે જ "તદ્વ્યતિરિક્તઃ" એમ એકવચનનો પ્રયોગ છે. **तद्** = જ્ઞશરીરભવ્યશરીર લેવા.

પૂર્વે દ્રુમનો જે તદ્વ્યતિરિક્ત નિક્ષેપ બતાવ્યો, શ્રમણમાં પણ એજ પ્રમાણે એ નિક્ષેપ જાણવો. ફરક માત્ર એટલો જ છે કે જયાં જયાં દ્રુમશબ્દ હોય, ત્યાં ત્યાં શ્રમણશબ્દ મુકવો. આમ, શબ્દનો જ ફરક કરવાનો છે.)

પ્રશ્ન : ગાથામાં તો તદ્વ્યતિરિક્ત ભેદ દર્શાવ્યો નથી.

ઉત્તર એ ભેદને **दव्वे सरीरभविओ** એ શબ્દથી દર્શાવેલ છે. (આમ તો **सरीरभविओ** થી જ્ઞશરીર અને ભવ્યશરીર લેવાય. પણ અહીં એ શબ્દ દ્વારા તદ્વ્યતિરિક્ત ભેદ લેવો.)

ભાવશ્રમણ પણ બે પ્રકારે જ છે.

(૧) આગમતઃ ભાવશ્રમણ જે શ્રમણપદાર્થનો ાતા અને તેમાં ઉપયોગવાળો હોય તે.

(૨) નો-આગમતઃ ભાવશ્રમણ ચારિત્રપરિમાણવાળો સાધુ.

નિર્યુક્તિમાં એજ કહે છે કે ભાવથી શ્રમણ ચારિત્રપરિણામવાળો સાધુ.

---

**अस्यैव स्वरूपमाह-**

जह मम न पियं दुक्खं जाणिय एमेव सव्वजीवाणं । न हणइ न हणावेइ य सममणई तेण सो समणो ॥१५४॥

---

આ ભાવસાધુનાં જ સ્વરૂપને દર્શાવે છે.

**નિર્યુક્તિ-૧૫૪ ગાથાર્થ :** જેમ મને દુઃખ પ્રિય નથી. એજ પ્રમાણે સર્વજીવોને જાણીને હણે નહિ, હણાવે નહિ, સમ-તુલ્ય ચાલે. તેથી તે શ્રમણ છે.

---

**व्याख्या-यथा मम न प्रियं दुःखं, प्रतिकूलत्वात्, ज्ञात्वैवमेव सर्वजीवानां दुःखप्रतिकूलत्वम् न हन्ति स्वयं न घातयत्यन्यैः, चशब्दाद् घ्नन्तं च नानुमन्यतेऽन्यम्, इत्यनेन प्रकारेण समम् अणति-तुल्यं गच्छति यतस्तेनासौ श्रमण इति गाथार्थः ॥१५४॥**

**ટીકાર્થ :** જેમ દુઃખ પ્રતિકૂલ હોવાથી મને પ્રિય નથી. એજ પ્રમાણે તમામે તમામ જીવોને દુઃખ પ્રતિકૂલ છે. અને એટલે પ્રિય નથી. આ વાત જાણીને સાધુ જાતે કોઈ જીવને મારે નહિ. બીજાથી મરાવે નહિ. ગાથામાં લખેલા **च** શબ્દથી સમજવું કે હિંસા કરનારા બીજાને અનુમતિ આપે નહિ.

આ પ્રકારે સાધુ બધા જીવોમાં એક સરખી રીતે વર્તે, માટે આ **समण** છે.

---

नत्थि य सि कोइ वेसो पिओ व सव्वेसु चेव जीवेसु । एएण होइ समणो एसो अन्नोऽवि पज्जाओ ॥१५५॥

---

**નિર્યુક્તિ-૧૫૫ ગાથાર્થ :** સર્વજીવોમાં તેને કોઈ દ્વેષ્ય નથી કે કોઈ પ્રિય નથી. એ કારણથી આ **समणो** છે. શ્રમણનો આ બીજો પણ પર્યાય-અર્થ છે.

---

**व्याख्या-नास्ति च 'सि' तस्य कश्चिद् द्वेष्यः प्रियो वा सर्वेष्वेव जीवेषु, तुल्यमनस्त्वात्, एतेन भवति सममनाः, समं मनोऽस्येति सममनाः, एषोऽन्योऽपि पर्याय इति गाथार्थः ॥१५५॥**

---

**ટીકાર્થ :** સાધુને તમામે તમામ જીવોમાં કોઈપણ જીવ એવો નથી કે જેના ઉપર સાધુને દ્વેષ હોય. કેમકે સાધુ તમામ જીવોમાં તુલ્યમનવાળો છે. આ કારણથી એ **समणो** છે. એટલે કે સમાન મન છે જેનું તેવો છે. **समण** શબ્દનો આ બીજો પણ પર્યાય છે.

(**ભાવાર્થ :** પ્રાકૃતમાં **समण** શબ્દ છે, તેની વ્યુત્પત્તિ સંસ્કૃતમાં અનેકપ્રકારે થાય. તેમાં **समम् अणति इति समणः** આ પ્રમાણે એક પર્યાય ૧૫૪મી ગાથામાં બતાવ્યો. અહીં **समं मनः अस्य इति सममनाः = समनाः** પ્રાકૃતમાં **समणो...** આમ બીજો પર્યાય દર્શાવ્યો.)

---

तो समणो जइ सुमणो भावेण य जइ न होइ पावमणो । सयणे य जणे य समो समो य माणावमाणेसु ॥१५६॥

---

**નિર્યુક્તિ-૧૫૬ ગાથાર્થ :** જો એ સુમન છે, ભાવથી પાપમનવાળો નથી તો એ **समणो** છે એ સ્વજન અને જનમાં સમ છે. માન અને અપમાનમાં સમ છે,

---

**व्याख्या-ततः श्रमणो यदि सुमनाः, द्रव्यमनः प्रतीत्य, भावेन च यदि न भवति पापमनाः, एतत्फलमेव दर्शयति-स्वजने च जने च समः, समश्च मानापमानयोरिति**

गाथार्थः ॥१५६॥

**ટીકાર્થ** : તો આ સાધુ **समणो** = શ્રમણ કહેવાય જો એ સુંદરમનવાળો હોય. જો એ પાપમનવાળો ન હોય.

અહીં સુંદરમનવાળો દ્રવ્યમનને આશ્રયીને સમજવો.

પાપમનવાળો ન હોવો એ ભાવની અપેક્ષાએ સમજવું.

(**ભાવાર્થ** : સારા વિચારો, સારુ ચિંતન એ દ્રવ્યમનને આશ્રયીને સુંદરમન છે. જયારે એ બધાની પાછળ પૈસા મેળવવાની, યશ મેળવવાની ભાવના હોય તો એ ભાવથી પાપમનવાળો બનેલો કહેવાય.

દા.ત. માત્ર પૈસાની બુદ્ધિથી શાસ્ત્ર ભણનારાને દ્રવ્યમન સારું છે, કેમકે શાસ્ત્રનાં વિચાર છે. પણ ભાવમન પાપરૂપ છે, કેમકે પૈસાની તીવ્રલાલસા ` એમ પદાર્થ જણાય છે.)

આ સારું મન હોવું - પાપમન ન હોવું... એનું ફલ શું ? એજ દેખાડે છે કે સાધુ સ્વજનમાં અને સામાન્યજનમાં સમાન હોય. માન અને અપમાનમાં સમાન હોય.

---

उरगगिरिजलणसागरनहयलतरुगणसमो य जो होइ । भमरमिगधरणिजलरुहरविपवणसमो जओ समणो ॥१५७॥

---

**નિર્યુક્તિ-૧૫૭ ગાથાર્થ** : જે કારણથી સાપ, પર્વત, અગ્નિ, સાગર, આકાશતલ, વૃક્ષગણ સમાન હોય. જે કારણથી ભ્રમર, મૃગ, પૃથ્વી, કમળ, સૂર્ય, પવન સમાન હોય તે કારણથી તે શ્રમણ છે.

---

व्याख्या-उरगसमः परकृतबिलनिवासित्वादाहारानास्वादनात्संयमैकदृष्टित्वाच्च, गिरिसमः परीषहपवनाकम्प्यत्वात्, ज्वलनसमः तपस्तेजःप्रधानत्वात् तृणादिष्विव सूत्रार्थेष्वतृप्तेः एषणीयाशनादौ चाविशेषप्रवृत्तेरिति, सागरसमो गम्भीरत्वाज्ज्ञानादिरत्नाकरत्वात् स्वमर्यादानतिक्रमाच्च, नभस्तलसमः सर्वत्र निरालम्बनत्वात्, तरुगणसमः अपवर्गफलार्थिसत्त्वशकुनालयत्वात् वासीचन्दनकल्पत्वाच्च, भ्रमरसमः अनियतवृत्तित्वात्, मृगसमः संसारभयोद्विग्नत्वात्, धरणिसमः सर्वखेदसहिष्णुत्वात्, जलरुहसमः कामभोगोद्भवत्वेऽपि पङ्कजलाभ्यामिव तदूर्ध्ववृत्तेः, रविसमः धर्मास्तिकायादिलोकमधिकृत्य विशेषेण प्रकाशकत्वात्, पवनसमः

अप्रतिबद्धविहारित्वात्, इत्थमुरगादिसमश्च यतो भवति ततः श्रमण इति गाथार्थः ॥१५७॥

---

ટીકાર્થ :

(૧) સાધુ સાપ જેવો હોય. કેમકે સર્પ જેમ બીજાએ બનાવેલા દરમાં રહે, પોતે દર ન બનાવે. એમ સાધુ પણ બીજાએ બનાવેલા ઘરમાં રહે, પોતે ન બનાવે. તથા સર્પ જેમ આહારનો આસ્વાદ ન કરે, એમ સાધુ પણ આહારનો આસ્વાદ ન કરે. સર્પ જેમ એકાગ્રદૃષ્ટિવાળો હોય તેમ સાધુ પણ સંયમમાં જ એકમાત્ર દૃષ્ટિવાળો હોય.

(૨) સાધુ પર્વત જેવો હોય. કેમકે પર્વત જેમ પવનો દ્વારા કંપી ન ઊઠે, એમ સાધુ ગમે એટલા પરીષહરૂપ પવનો આવે તો પણ સંયમમાં કંપ ન પામે.

(૩) સાધુ અગ્નિ જેવો હોય. અગ્નિમાં જેમ ખૂબ તેજ હોય, તેમ સાધુ પણ તપરૂપી તેજની પ્રધાનતાવાળો હોય. અગ્નિમાં ગમે એટલું ઘાસ વિ. બળતણ નાંખો તો પણ જેમ અગ્નિને કદિ સંતોષ ન થાય. એમ સાધુ સૂત્રાર્થને વિશે સદામાટે અતૃપ્તિવાળો હોય. અગ્નિ જેમ સામાન્યકાગળ કે સો રૂપિયાની નોટોનું બંડલ... બધામાં એક સરખી પ્રવૃત્તિવાળો હોય, એમ સાધુ નિર્દોષ અશન, પાનાદિમાં એક સરખી પ્રવૃત્તિવાળો હોય. એમાં ભાવતું વહોરે અને અણભાવતું ત્યાગે... એવી વિશેષપ્રવૃત્તિવાળો ન હોય.

(૪) સાધુ સાગર જેવો હોય. કેમકે એ સાગરની જેમ ગંભીર હોય. સાગર જેમ રત્નોનો ભંડાર છે, એમ સાધુ જ્ઞાનાદિ રત્નોનો ભંડાર છે. સાગર જેમ પોતાની મર્યાદાનું ઉલ્લંઘન ન કરે, એમ સાધુ પોતાની સંયમમર્યાદાનું ઉલ્લંઘન ન કરે.

(૫) સાધુ આકાશતલ જેવો છે કેમકે જેમ આકાશને ક્યાંય આલંબનની જરૂર નથી. તેમ સાધુ સર્વત્ર આલંબનરહિત હોય છે. ('આ વસ્તુ જોઈએ જ, એના વિના ન જ ચાલે' એવી રાગપ્રેરિત પરાધીનતા ન હોય.)

(૬) સાધુ વૃક્ષગણ જેવો છે. કેમકે જેમ વૃક્ષો ફલની ઈચ્છાવાળા પક્ષીઓનાં નિવાસસ્થાનરૂપ છે. એમ સાધુ મોક્ષરૂપી ફલની ઈચ્છાવાળા જીવોરૂપી પક્ષીઓનું આશ્રયસ્થાન છે. તથા જેમ વૃક્ષને કોઈ વાસી = કરવતથી કાપે કે ચંદન લગાડે તો પણ વૃક્ષ બંનેમાં સમાન છે. એમ સાધુ પણ વાસીથી શરીર કપાય કે શરીર પર ચંદન લાગે... એ બધામાં સમાન હોય.

(૭) સાધુ ભ્રમર જેવો છે કેમકે જેમ ભમરો અનિયતવૃત્તિવાળો છે, જુદા જુદા

* * * मो ऽ स्तु तं स्मै जि न शा स ना य * * *

પુષ્પોમાંથી થોડો થોડો રસ પીનાર છે. એમ સાધુ જુદા જુદા ઘરોમાંથી થોડો થોડો આહાર લેનાર છે.

(૮) સાધુ હરણ જેવો છે. કેમકે જેમ હરણ સતત ભયથી ઉદ્વિગ્ન હોય, તેમ સાધુ સંસારભયથી ઉદ્વિગ્ન હોય.

(૯) સાધુ પૃથ્વી જેવો છે. કેમકે જેમ પૃથ્વી બધા દુઃખોને સહન કરે છે, એમ સાધુ બધા દુઃખોને સહન કરે છે.

(૧૦) સાધુ કમળ જેવો છે. કેમકે જેમ કમળ કાદવ-પાણીમાંથી ઉત્પન્ન થવા છતાં એ બંનેથી દૂર થઈ ઉપર વર્તે છે. એમ સાધુ કામભોગથી ઉત્પન્ન થયેલ હોવા છતાં એ બંનેથી દૂર ઉપર રહે છે.

(૧૧) સાધુ સૂર્ય જેવો છે. કેમકે જેમ સૂર્ય બધા પદાર્થોને દેખાડે છે, તેમ સાધુ ધર્માસ્તિકાયાદિ લોકની અપેક્ષાએ વિશેષતઃ પ્રકાશક છે. સૂર્ય ધર્માસ્તિકાયાદિને ન દેખાડે, પણ સાધુ તો દેશના દ્વારા એ અતીન્દ્રિય પદાર્થોનો પણ બોધ કરાવે.

(૧૨) સાધુ પવન જેવો છે. કેમકે પવન જેમ ક્યાંય બંધાયા વિના વહ્યા જ કરે. એમ સાધુ પણ કોઈપણ સ્થાનાદિમાં પ્રતિબંધ પામ્યા વિના વિહાર કરનારા હોય.

આમ જે કારણથી સાધુ સર્પાદિ સમાન છે, તે કારણથી તે શ્રમણ છે.

---

विसतिणिसवायवंजुलकणियारुप्पलसमेण समणेणं । भमरुंदुरुनडकुक्कुडअद्दागसमेण होयव्वं ॥१॥ (प्र.)

---

**દશવૈકાલિક પ્રક્ષિપ્ત ગાથા-૧ ગાથાર્થ :** સાધુએ ઝેર જેવા, તિનિશ જેવા, પવન જેવા, વંજુલ જેવા, કાર્ણિકાર જેવા, ઉત્પલ જેવા, ભમરા જેવા, ઉંદર જેવા, નટ જેવા, કુકડા જેવા, દર્પણ જેવા થવું.

---

**व्याख्या-श्रमणेन विषसमेन भवितव्यं भावतः सर्वरसानुपातित्वमधिकृत्य, तथा तिनिशसमेन मानपरित्यागतो नम्रेण, वातसमेनेति पूर्ववत्, वञ्जुलो-वेतसस्तत्समेन क्रोधादिविषाभिभूतजीवानां तदपनयनेन, एवं हि श्रूयते-किल वेतसमवाप्य निर्विषा भवन्ति सर्पा इति, कर्णिकारसमेनेति तत्पुष्पवत्प्रकटेन अशुचिगन्धापेक्षया च निर्गन्थेनेति, उत्पलसदृशेन प्रकृतिधवलतया सुगन्धित्वेन च, भ्रमरसमेनेति पूर्ववत्, उन्दुरुसमेन उपयुक्तदेशकालचारितया, नटसमेन तेषु तेषु प्रयोजनेषु तत्तद्वेषकरणेन, कुर्कुटसमेन संविभागशीलतया, स हि किल प्राप्तमाहारं पादेन विक्षिप्यान्यैः सह भुङ्क्ते**

इति, आदर्शसमेन निर्मलतया तरुणाद्यनुवृत्तिप्रतिबिम्बभावेन च, उक्तं च-"तरुणंमि होइ तरुणो थेरो थेरेहिं डहरए डहरो । अद्दाओविव रूवं अणुयत्तइ जस्स जं सीलं ॥१॥" एवंभूतेन श्रमणेन भवितव्यमिति गाथार्थः ॥ इयं किल गाथा भिन्नकर्तृकी, अतः पवनादिषु न पुनरुक्तदोष इति ॥१॥

---

(૧૩) સાધુએ ઝેર જેવા થવું. ભાવથી સર્વરસાનુપાતિત્વને આશ્રયીને ઝેર જેવા થવું.

(ભાવાર્થ : એમ કહેવાય છે કે ઝેરમાં છ એ છ રસનો અંતર્ભાવ છે, પણ એમાં એનો અનુભવ થતો નથી. તેમ સાધુ શ્રોતાગણને આશ્રયીને હાસ્ય, શૌર્ય, કરુણા, વૈરાગ્યાદિ અનેકાનેક ભાવોને ઉપસાવે... આમ સાધુમાં એ રીતે તમામ ભાવો હોય, પણ સાધુ શુદ્ધ આત્મસ્વરૂપનાં સંવેદન વિના બાકીનાં ભાવોનો અનુભવ પોતે ન કરે...)

(૧૪) સાધુએ તિનિશ જેવા થવું. એટલે કે જેમ તિનિશ નામની વનસ્પતિ નમી જાય છે, તેમ સાધુએ પણ માનનો ત્યાગ કરવા દ્વારા નમ્ર બનવું.

(૧૫) સાધુએ પવન જેવા થવું. એ પૂર્વની સમજી લેવું.

(૧૬) સાધુએ **વેતસ** જેવા થવું. એવું સંભળાય છે કે વેતસને પામીને સર્પો નિર્વિષ થઈ જાય છે. એમ સાધુ પણ એવો હોય કે એની પાસે ક્રોધાદિ ઝેરથી અભિભૂત થયેલા જીવો આવે, તો એમના ક્રોધાદિ ઝેરને સાધુ દૂર કરી દે. આમ કરવા દ્વારા વેતસ જેવો બને.

(૧૭) સાધુએ **કર્ણિકાર** જેવા બનવું. કર્ણિકારનું પુષ્પ પ્રગટ હોય છે. એમ સાધુએ પણ પ્રગટ રહેવું. ખાનગીમાં, એકાંતમાં ન રહેવું. (બંધરૂમ વગેરે એકાંતમાં રહેવું એ પણ ખોટું અને કપટપૂર્વક પોતાના પાપો ગુરુથી છુપાવવા એ રૂપ અપ્રગટતા પણ ખોટી.) તથા જેમ કર્ણિકારપુષ્પ ગંધરહિત હોય છે, એમ સાધુ પણ દુર્ગંધની અપેક્ષાએ વિચારીએ તો ગંધરહિત છે. (કર્ણિકારપુષ્પમાં તો સુગંધ અને દુર્ગંધ એકેય નથી. પણ સાધુ એ રીતે સારી કે ખરાબ બેય બાબતો રહિત ન જ માનવો. પરંતુ માત્ર દુર્ગંધ = ખરાબ બાબતની અપેક્ષાએ જ સાધુ ગંધરહિત જાણવો..)

(૧૮) સાધુએ **શ્વેતકમળ** જેવા બનવું. જેમ કમળ સ્વભાવથી શ્વેત છે, અને સુગંધી છે. તેમ સાધુએ સ્વભાવતઃ શ્વેત અને સુગંધી બનવું.

(૧૯) સાધુએ **ભમરા** જેવા બનવું. એ પૂર્વની જેમ સમજી લેવું.

(૨૦) સાધુએ ઉંદર જેવા બનવું. જેમ ઉંદર ઉપયોગીદેશ અને ઉપયોગીકાળમાં જ

ફરે. તેમ સાધુ પણ ઉપયોગીદેશ અને ઉપયોગીકાળમાં ચરે ટુંકમાં જે દેશમાં અને જે કાલમાં ચરવાથી-ફરવાથી વિચરવાથી સંયમાદિની પુષ્ટિ થાય, તે દેશ-કાલમાં સાધુ ચરે.

(અથવા તો **उपयुक्तं** શબ્દ **चर्** ધાતુનું ક્રિયાવિશેષણ કરીએ તો આ પ્રમાણે અર્થ થાય કે જેમ ઉંદર તે તે દેશમાં, તે તે કાળમાં અત્યંતઉપયોગપૂર્વક ફરતો હોય છે. કદિપણ અનુપયોગવાળો, પ્રમાદી બનતો નથી. એમ સાધુ પણ તે તે દેશમાં, તે તે કાળમાં ઉપયોગપૂર્વક ચરે...)

(૨૧) સાધુએ નટ જેવા બનવું. જેમ નટ તે તે કાર્યો આવી પડે, ત્યારે તે તે વેષ કરે, તેમ સાધુ પણ તે તે કાર્યો આવી પડે ત્યારે તેવા તેવા વેષ કરે.

(૨૨) સાધુએ કુકડા જેવા બનવું. જેમ કુકડો પ્રાપ્ત થયેલા આહારને પગ દ્વારા આમ તેમ વિખેરીને બીજા કુકડાઓની સાથે ખાય. એકલો ન ખાય. એમ સાધુ પણ પ્રાપ્ત થયેલા આહારનો સંવિભાગ કરી, જુદા જુદા સાધુઓને વપરાવીને વાપરનારો બને.

(૨૩) સાધુએ દર્પણ જેવા થવું. દર્પણ જેમ નિર્મલ છે, તેમ સાધુ પણ નિર્મલ છે, તથા જેમ દર્પણની સામે જે કોઈપણ ઉભું રહે, તેનું પ્રતિબિંબ દર્પણમાં પડે. દર્પણ એના આકાર જેવો જ આકાર પોતાનામાં ઉપસાવે. એજ રીતે સાધુ સામે જે કોઈપણ આવે, સાધુ તેના સ્વભાવને એવી રીતે અનુવર્તે કે એને સાધુમાં પોતાના ભાવનાં દર્શન થાય. સાધુ આત્મીય લાગે. એ રીતે તે ધર્મ પામે. આમ યુવાન વગેરેને અનુસરવા રૂપ પ્રતિબિંબભાવ સાધુમાં છે. એ રીતે સાધુ દર્પણ જેવો છે.

કહ્યું છે કે "યુવાનને વિશે સાધુ યુવાન બને, વૃદ્ધોની સાથે સાધુ વૃદ્ધ બને. નાનાની સાથે સાધુ નાનો બને. જેમ દર્પણ રૂપને અનુવર્તે, તેમ જેનો જે સ્વભાવ હોય, સાધુ તેને અનુસરે."

સાધુએ આવાપ્રકારનાં બનવું જોઈએ.

**પ્રશ્ન :** ૧૫૭મી ગાથામાં ભ્રમર, પવન વગેરે લીધા જ છે અને આ ગાથામાં પાછા ભ્રમર, પવન લીધા છે. તો આ તો પુનરુક્તિદોષ લાગે છે.

**ઉત્તર :** આ ગાથાની રચના બીજાએ કરેલી છે, શ્રી ભદ્રબાહુસ્વામીએ કરી નથી. એટલે ભ્રમરાદિમાં પુનરુક્તિદોષ નથી (એક જ વ્યક્તિ બે વાર એકજ પ્રસંગ કહે તો પુનરુક્તિદોષ લાગે, પણ બે જુદી જુદી વ્યક્તિઓ એકજ પ્રસંગ કહે તો તે પુનરુક્તિ દોષ ન ગણવો.)

---

**साम्प्रतं 'तत्त्वभेदपर्यायैर्व्याख्ये'ति न्यायाच्छ्रमणस्यैव पर्यायशब्दानभिधित्सुराह-**

पव्वइए अणगारे पासंडे चरग तावसे भिक्खू । परिवाइए य समणे निग्गंथे संजए मुत्ते ॥१५८॥

"કોઈપણ પદાર્થની વ્યાખ્યા તત્ત્વ, ભેદ અને પર્યાયથી થાય" એ ન્યાય પ્રમાણે હવે શ્રમણનાં જ પર્યાયવાચી શબ્દોને કહેવાની ઈચ્છાવાળા ગ્રન્થકાર કહે છે કે –

નિર્યુક્તિ-૧૫૮ ગાથાર્થ પ્રવ્રજિત, અણગાર, પાખંડી, ચરક, તાપસ, ભિક્ષુ, પરિવ્રાજક, શ્રમણ, નિર્ગ્રન્થ, સંયત, મુક્ત.

**व्याख्या-प्रकर्षेण व्रजितो-गतः प्रव्रजितः, आरम्भपरिग्रहादिति गम्यते, अगारं-गृहं तदस्यास्तीत्यगारो-गृही न अगारोऽनगारः, द्रव्यभावगृहरहित इत्यर्थः, पाखण्डं-व्रतं तदस्यास्तीति पाखण्डी, उक्तं च-"पाखण्डं व्रतमित्याहुस्तद्यस्यास्त्यमलं भुवि । स पाखण्डी वदन्त्यन्ये, कर्मपाशाद्विनिर्गतः (तम्) ॥२॥" चरतीति चरकः तप इति गम्यते, तपोऽस्यास्तीति तापसः, भिक्षणशीलो भिक्षुः भिनत्ति वाऽष्टप्रकारं कर्मेति भिक्षुः, परिसमन्तात्पापवर्जनेन व्रजति-गच्छतीति परिव्राजकः, चः समुच्चये, श्रमणः पूर्ववत्, निर्गतो ग्रन्थान्निर्ग्रन्थः बाह्याभ्यन्तरग्रन्थरहित इत्यर्थः, सम्-एकीभावेनाहिंसादिषु यतः-प्रयत्नवान् संयतः, मुक्तो बाह्याभ्यन्तरेण ग्रन्थेनैवेति गाथार्थः ॥१५८॥**

**ટીકાર્થ :**

(૧) આરંભ અને પરિગ્રહથી ખૂબ દૂર નીકળી ગયેલ છે, તે **પ્રવ્રજિત.** **आरम्भपरिग्रहात्** લખેલું નથી, પણ એ સમજી લેવું.

(૨) અગાર એટલે ઘર. તે જેની પાસે હોય, તે **અગાર** કહેવાય. અગાર એટલે ગૃહી. જેને અગાર નથી, તે **અણગાર.** ટુંકમાં દ્રવ્યઘર અને ભાવઘરથી રહિત હોય તે અણગાર કહેવાય.

(૩) પાખંડ એટલે વ્રત. તે જેને હોય તે **પાખંડી.** કહ્યું છે કે "પાખંડ એટલે વ્રત. પૃથ્વીપર જેની પાસે તે નિર્મલ વ્રત છે. તે પાખંડી." અન્યલોકો કહે છે કે "કર્મરૂપી પાશથી જે નીકળી ગયેલ હોય તે પાખંડી." (**पाशात् डीनः** એ પ્રમાણે અર્થ થાય.)

(૪) જે તપને આચરે તે **ચરક. तपः** એ શબ્દ સમજી લેવો.

(૫) તપ જેની પાસે હોય તે **તાપસ.**

(૬) ભિક્ષા માંગવાના સ્વભાવવા    ેય તે ભિક્ષુ. અથવા તો અષ્ટપ્રકારનાં કર્મને ભેદે તે ભિક્ષુ.

(૭) સર્વત્ર પાપનાં ત્યાગપૂર્વક જે જાય તે પરિવ્રાજક.

(૮) શ્રમણ પૂર્વવત્ સમજવો. ( **श्राम्यति - तपस्यतीति श्रमणः** )

(૯) જે ગ્રન્થમાંથી નીકળી ગયેલો હોય તે નિર્ગ્રન્થ. બાહ્યગ્રન્થ અને આભ્યન્તરગ્રન્થથી રહિત હોય તે.

(૧૦) જે અહિંસાદિમાં સમ્યક્રીતે એકાગ્ર બનીને યત્નવાળો બને તે **સંયત.**

(૧૧) જે બાહ્ય અને અભ્યન્તર ગ્રન્થથી મુક્ત હોય તે **મુક્ત.** (નિર્ગ્રન્થમાં પણ ગ્રન્થ તરીકે બાહ્યાભ્યન્તર ગ્રન્થ લીધેલ, તેમ મુક્ત શબ્દાર્થમાં પણ એજ બાહ્યાભ્યન્તર ગ્રન્થ લો. આ માટે જ **ग्रन्थेनैव**માં **एव** શબ્દ છે.)

---

तिन्ने ताई दविए मुणी य खंते य दन्त विरए य । लूहे तीरट्ठऽविय हवंति समणस्स नामाइं ॥१५९॥

---

**નિર્યુક્તિ-૧૫૯ ગાથાર્થ :** તીર્ણ, ત્રાયી, દ્રવ્ય, મુનિ, ક્ષાન્ત, દાન્ત, વિરત, રુક્ષ, તીરાર્થી આ શ્રમણનાં નામો છે.

---

**व्याख्या-तीर्णवांस्तीर्णः, संसारमिति गम्यते, त्रायत इति त्राता, धर्मकथादिना संसारदुःखेभ्य इति भावः, रागादिभावरहितत्वाद्द्रव्यम्, द्रवति-गच्छति ताँस्तान् ज्ञानादिप्रकारानिति द्रव्यम्, मुनिः पूर्ववत्, चः समुच्चये, क्षाम्यतीति क्षान्तः- क्रोधविजयी, एवमिन्द्रियादिदमनाद्दान्तः, विरतः - प्राणातिपातादिनिवृत्तः, स्नेहपरित्यागाद्रूक्षः, तीरेणार्थोऽस्येति तीरार्थी, संसारस्येति गम्यते, तीरस्थो वा सम्यक्त्वादिप्राप्तेः संसारपरिमाणात्, एतानि भवन्ति श्रमणस्य 'नामानि' अभिधानानीति गाथार्थः ॥१५९॥**

---

**ટીકાર્થ :**

(૧૨) જે સંસારને તરી ગયેલ છે, તે તીર્ણ.

(૧૩) જે ધર્મકથાદિ દ્વારા સંસારદુઃખોથી રક્ષણકરનાર છે, તે ત્રાતા.

(૧૪) જે રાગાદિ ભાવોથી રહિત હોવાથી દ્રવ્ય છે. સામાન્યથી જે ભાવરહિત હોય તે દ્રવ્ય કહેવાય. હવે સાધુ રાગાદિભાવરહિત છે, માટે દ્રવ્ય કહેવાય.જે તે તે જ્ઞાનાદિ

પ્રકારોમાં જાય છે એટલે કે તે તે જ્ઞાનાદિરૂપે પરિણમે છે તે દ્રવ્ય.

(૧૫) મુનિ શબ્દ પૂર્વવત્ સમજવો. (જગતની ત્રિકાલાવસ્થાને માને તે મુનિ).

(૧૬) જે ક્રોધનો વિજયી છે, તે **ક્ષાન્ત.**

(૧૭) એમ ઈન્દ્રિયાદિનું દમનકરનાર હોવાથી **દાન્ત.**

(૧૮) પ્રાણાતિપાતાદિથી નિવૃત્ત થયેલ હોય તે **વિરત.**

(૧૯) સંસારીઓ પ્રત્યે સ્નેહનો ત્યાગ કરેલો હોવાથી જે સ્નેહરહિત = **રુક્ષ** છે.

(૨૦) સંસારનો કિનારો પામવાની જેની ઈચ્છા છે, તે **તીરાર્થી** અથવા તો સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ થઈ હોવાથી સંસારનાં પરિમાણથી જે કિનારે આવી ચૂકેલો છે તે **તીરસ્થ**

શ્રમણનાં આ નામો છે.

---

**निरूपितः श्रमणशब्दः,**

**अधुना पूर्वशब्दश्चिन्त्यते-अस्य च त्रयोदशविधो निक्षेपः, तथा चाह-**

णामं ठवणा दविए खेत्ते काले दिसि तावखेत्ते य। पन्नवगपुव्ववत्थू पाहुडअइपाहुडे भावे ॥१६०॥

---

શ્રમણશબ્દનું નિરૂપણ થઈ ગયું.

હવે પૂર્વશબ્દનું ચિંતન કરાય છે.

એનો ૧૩ પ્રકારનો નિક્ષેપ છે.

**નિર્યુક્તિ-૧૬૦ ગાથાર્થ** નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, દિશા, તાપ-ક્ષેત્ર, પ્રજ્ઞાપક, પૂર્વ, વસ્તુ, પ્રાભૃત, અતિપ્રાભૃત, ભાવ આ તેર પૂર્વ છે.

---

**व्याख्या-नामस्थापने क्षुण्णे, द्रव्यपूर्वम् अङ्कुराद्बीजं दध्नः क्षीरं फाणितादिक्षुरस इत्यादि, क्षेत्रपूर्वं यवक्षेत्राच्छालिक्षेत्रं, तत्पूर्वकत्वात्तस्य, अपेक्षया चान्यथाऽप्यदोषः, कालपूर्वं पूर्वः कालः शरदः प्रावृट् रजन्या दिवस इत्यादि आवलिकाया वा समय इत्यादि, दिक्पूर्वं पूर्वा दिग्, इयं च रुचकापेक्षया, तापक्षेत्रपूर्वम्-आदित्योदयमधिकृत्य यत्र या दिक्, उक्तं च-"जस्स जओ आदिच्चो उदेइ सा तस्स होइ पुव्वदिसा" इत्यादि, प्रज्ञापकपूर्व-प्रज्ञापनं( कं ) प्रतीत्य पूर्वा दिक् यदभिमुख एवासौ सैव पूर्वा, पूर्वपूर्वं चतुर्दशानां पूर्वाणामाद्यं, तच्च उत्पादपूर्वम्, एवं वस्तुप्राभृतातिप्राभृतेष्वपि योजनीयम्,**

**अप्रत्यक्षस्वरूपाणि चैतानि, भावपूर्वम्-आद्यो भावः स चौदयिक इति गाथार्थः ॥१६०॥ उक्तो नामनिष्पन्नो निक्षेपः,**

---

ટીકાર્થ : (૧) નામપૂર્વ (૨) સ્થાપનાપૂર્વ પ્રસિદ્ધ છે.

(૩) **દ્રવ્યપૂર્વ** : અંકુર દ્રવ્યની પૂર્વમાં બીજ છે, એ દ્રવ્યપૂર્વ, એમ દહિંની પૂર્વમાં દૂધ, ઢીલાગોળની પૂર્વમાં શેરડીનો રસ.. આ દ્રવ્યપૂર્વ છે.

(૪) **ક્ષેત્રપૂર્વ** : યવક્ષેત્રની પૂર્વમાં શાલિક્ષેત્ર છે. (જ્યાં પહેલાં શાલિનો પાક થાય, ત્યાં જ પછી જવનો પાક થાય.) કેમકે યવક્ષેત્ર શાલિક્ષેત્રપૂર્વક જ થાય છે.

**પ્રશ્ન** : યવનો પાક થયા પછી પાછો શાલિપાક થવાનો જ ને ? તો એ રીતે તો શાલિક્ષેત્ર પણ યવક્ષેત્રપૂર્વક કહેવાય ન?

**ઉત્તર** હા ! આ અપેક્ષા પ્રમાણે તમે શાલિક્ષેત્રને યવક્ષેત્રપૂર્વ માનવાને બદલે યવક્ષેત્રને શાલિક્ષેત્રપૂર્વ માનો તો પણ કોઈ દોષ નથી.

(૫) **કાળપૂર્વ** : પૂર્વનો કાળ તે કાળપૂર્વ. શરદનો પૂર્વકાળ વર્ષા છે, રાત્રિનો પૂર્વકાળ દિવસ છે. અથવા તો આવાલિકાનો પૂર્વકાળ સમય છે... વગેરે. (શરદ અને વર્ષા બેય તદ્દન જુદા છે, રાત્રિ અને દિવસ બે તદ્દન જુદા છે. જ્યારે આવલિકા અને સમય બે તદ્દન જુદા નથી. સમય આવલિકાનો એક અંશ છે... આમ બંને કાળપૂર્વમાં ફરક છે. માટે **आवलिकाया वा** એમાં **वा** દ્વારા જુદી રીતે કાળપૂર્વ બતાવેલ છે.)

(૬) **દિક્પૂર્વ** પૂર્વદિશા એ દિક્પૂર્વ. આ પૂર્વદિશા રુચક પ્રદેશોની અપેક્ષાએ સમજવી. (રુચકપ્રદેશની અપેક્ષાએ પૂર્વદિશા નિશ્ચિત છે કે જંબુદ્વિપની જગતીમાં જે બાજુ વિજયદ્વાર છે, તે પૂર્વદિશા છે. એ બધાં માટે પૂર્વદિશા છે. જ્યારે તાપક્ષેત્રપૂર્વમાં સૂર્યોદયની અપેક્ષાએ પૂર્વદિશા ગણવાની છે. જેને જ્યાં સૂર્ય ઉગે, તેને તે પૂર્વદિગ્ કહેવાય. એટલે એને સૂર્યોદય સાથે સંબંધ છે અને એ બદલાતી રહે છે...)

(૭) **તાપક્ષેત્રપૂર્વ** સૂર્યોદયને આશ્રયીને જ્યાં જે પૂર્વ દિશા હોય, ત્યાં તે તાપક્ષેત્રપૂર્વ કહેવાય. કહ્યું છે કે "જેને જે બાજુ સૂર્ય ઉગે, તેને માટે તે પૂર્વદિશા થાય."

(૮) **પ્રજ્ઞાપકપૂર્વ** : પ્રજ્ઞાપકને આશ્રયીને પૂર્વદિશા તે પ્રજ્ઞાપકપૂર્વ. પ્રજ્ઞાપક=વક્તા જે દિશાને અભિમુખ હોય, તે જ દિશા પ્રજ્ઞાપકપૂર્વ કહેવાય. (પ્રજ્ઞાપક દક્ષિણાભિમુખ બેઠો હોય, તો દક્ષિણદિશા પ્રજ્ઞાપકપૂર્વ બને.)

(૯) **પૂર્વપૂર્વ** : ચૌદપૂર્વોમાં જે પ્રથમપૂર્વ હોય તે પૂર્વપૂર્વ. તે ઉત્પાદપૂર્વ છે.

એજ રીતે (૧૦) **વસ્તુપૂર્વ** (૧૧) **પ્રાભૃતપૂર્વ** (૧૨) **અતિપ્રાભૃતપૂર્વ**માં પણ જોડી

દેવું. (સૌથી પહેલી વસ્તુ, સૌથીપહેલું પ્રાભૃત... એ વસ્તુપૂર્વ, પ્રાભૃતપૂર્વ કહેવાશે.)

**પ્રશ્ન :** આ વસ્તુ, પ્રાભૃત વગેરે શું છે ?

**ઉત્તર :** આ ત્રણ પદાર્થોનું સ્વરૂપ પ્રત્યક્ષ નથી. (આ બધા ચૌદપૂર્વમાં આવે છે, શ્રી હરિભદ્રસૂરિજી વખતે ચૌદપૂર્વો વિચ્છેદ પામેલા હોવાથી એમનું સ્વરૂપ એમને પ્રત્યક્ષ ન હોય એ સ્વાભાવિક છે. ટુંકમાં જેમ આગમોમાં ઉદ્દેશા, અધ્યયન, શ્રુતસ્કંધ વગેરે વિભાગો છે. એમ પૂર્વોમાં વસ્તુ, પ્રાભૃત... વગેરે વિભાગો છે.)

(૧૩) ભાવપૂર્વ : સૌથી પહેલો ભાવ તે ભાવપૂર્વ. તે ઔદયિકભાવ છે. (અપેક્ષાએ પારિણામિકભાવ, ક્ષાયોપશમિકભાવ પણ ભાવપૂર્વ જ છે. જ્યારથી ઔદયિકભાવ છે, ત્યારથી આ બંને ભાવ પણ છેજ. ત્રણેય ભાવો દરેક જીવમાં અનાદિકાળથી છેજ. દરેક જીવમાં જ્ઞાનાવરણીયાદિનો ક્ષયોપશમ અનાદિકાળથી ચાલુ જ છે. જીવત્વ, ભવ્યત્વાદિ પારિણામિકભાવો પણ છેજ...)

નામનિષ્પન્ન નિક્ષેપ કહેવાઈ ગયો.

---

**साम्प्रतं सूत्रालापकनिष्पन्ननिक्षेपस्यावसरः, इत्यादिचर्चः पूर्ववत्तावद्यावत्सूत्रानुगमेऽस्खलितादिगुणोपेतं सूत्रमुच्चारणीयम्, तच्चेदम्-**

**कहं नु कुज्जा सामण्णं, जो कामे न निवारए । पए पए विसीदंतो, संकप्पस्स वसं गओ ? ॥१॥**

---

હવે સૂત્રાલાપકનિષ્પન્નનિક્ષેપનો અવસર છે... વગેરે ચર્ચા પૂર્વની જેમ ત્યાંસુધી લઈ જવી કે છેક સુત્રાનુગમમાં અસ્ખલિતાદિગુણોવાળું સૂત્ર ઉચ્ચારણીય છે... ત્યાંસુધી બધું પૂર્વવત્ સમજી લેવું.

તે સૂત્ર આ છે.

**અધ્ય.૨ ગાથા-૧ :** જે કામોને અટકાવતો નથી એ પદે પદે વિષાદ પામતો, સંકલ્પને વશ થયેલો છતોં કેવી રીતે સાધુપણું કરશે ? (પાળશે ?)

---

**अस्य व्याख्या-इह च संहितादिक्रमेण प्रतिसूत्रं व्याख्याने ग्रन्थगौरवमिति तत्परिज्ञाननिबन्धनं भावार्थमात्रमुच्यते-तत्रापि कत्यहं कदाहं कथमहमित्याद्यदृश्यपाठान्तरपरित्यागेन दृश्यं व्याख्यायते-'कथं नु कुर्याच्छ्रामण्यं यः कामान्न निवारयति ?' 'कथं' केन प्रकारेण, नु क्षेपे, यथा कथं नु स राजा यो न रक्षति?, कथं नु स वैयाकरणो**

योऽपशब्दान् प्रयुङ्क्ते, एवं कथं नु स कुर्यात् 'श्रामण्यं' श्रमणभावं यः कामान् 'न निवारयति' न प्रतिषेधते ?, किमिति न करोति ?, तत्र "निमित्तकारणहेतुषु सर्वासां विभक्तीनां प्रायो दर्शनम्" इति वचनात् कारणमाह- 'पदे पदे विषीदन् संकल्पस्य वशं गतः' कामानिवारणेनेन्द्रियाद्यपराधपदापेक्षया पदे पदे विषीदनात्संकल्पस्य वशंगतत्वात् । ( अप्रशस्ताध्यवसायः संकल्पः ) इति सूत्रसमासार्थः ॥१॥

---

ટીકાર્થ : અહીં સંહિતા, પદ વગેરે ક્રમથી દરેકે દરેક સૂત્રમાં વ્યાખ્યાન કરીએ તો ગ્રન્થનું ગૌરવ થાય. એટલે એ પદ્ધતિ છોડી સૂત્રનાં પરિજ્ઞાનનું કારણ બને, એવો માત્ર ભાવાર્થ કહેવાય છે. તેમાં પણ **कति अहं, कदाहं, कथमहं** વગેરે ઘણાં પાઠાન્તરો આ સૂત્રમાં સંભળાય છે. પણ એકેય પાઠાન્તર મેં જોયો નથી. એટલે અદૃશ્ય એવા આ બધા જ પાઠાન્તરો ેડીને દૃશ્યપાઠનું જ વ્યાખ્યાન કરાય છે. એ દૃશ્યપાઠ છે. **कहं नु कुज्जा** વગેરે.

જે સાધુ કામોને અટકાવતો નથી, એ કયા પ્રકારે શ્રામણ્યનું પાલન કરશે ?

અહીં **नु** શબ્દ ક્ષેપમાં = ખંડનાર્થમાં છે. જેમકે તે શી રીતે રાજા કહેવાય, જે રક્ષણ ન કરે ?, તે શી રીતે વૈયાકરણ કહેવાય, જે અપશબ્દોનો પ્રયોગ કરે ?... એમ તે શી રીતે સાધુપણું પાળે, જે કામોનું નિવારણ ન કરે ? (અર્થાત્ જેમ અરક્ષક એ રાજા ન કહેવાય, અપશબ્દ પ્રયોજક એ વૈયાકરણ ન જ કહેવાય. એમ કામોનું નિવારણ ન કરનારો સાધુ સાધુતાપાલક ન જ બને..)

**પ્રશ્ન :** શા માટે એ સાધુપણું ન કરી શકે ? એમાં કારણ શું ?

**ઉત્તર :** "પ્રાયઃ કરીને તમામે તમામ વિભક્તિઓ નિમિત્ત, કારણ અને હેતુ અર્થમાં વાપરી શકાય છે. અર્થાત્ આ ત્રણેય અર્થોમાં વિભક્તિઓનું દર્શન થાય છે" આ વચનને અનુસારે અહીં કારણને દેખાડે છે. **विसीदंतो...** પહલીવિભક્તિ છે. પણ એ કારણ અર્થમાં છે, એટલે એ પ્રમાણે અર્થ કરવો.)

પદે પદે વિષાદ પામતો, સંકલ્પને વશ થયેલો તે સાધુ સાધુપણું ન પાળી શકે.

હવે આ વિભક્તિ કારણ અર્થમાં છે, એટલે એનો અર્થ આ પ્રમાણે થશે કે એ સાધુએ કામોને અટકાવ્યા નથી, એટલે ઈન્દ્રિયવગેરે અપરાધપદોની અપેક્ષાએ એ પદે પદે = તે તે અપરાધપદોમાં વિષાદ પામે છે, એ સંકલ્પવશ થાય છે, એ કારણસર એ સાધુપણું ન પાળી શકે.

(નિમિત્ત, કારણ અને હેતુમાં શું ભેદ છે ? એ સામાન્યથી વિચારીએ. પર્વતો વહ્નિમાન્ ધૂમાત્‌માં ધૂમ એ વહ્નિને જણાવનાર હેતુ છે. વહ્નિ એ ધૂમને ઉત્પન્ન કરનાર કારણ છે. નિમિત્તનાં બે અર્થ સંભવી શકે છે. વહ્નિને ધૂમ ઉત્પન્ન કરવામાં આર્દ્રેન્ધનની જરૂર પડે છે, તો એ નિમિત્ત ગણાય. ટુંકમાં ઉપાદાનકારણ વિનાનાં કારણો નિમિત્તકારણ ગણાય. અથવા તો "સાધુઓ મોક્ષનિમિત્તે આરાધના કરે છે.." વગેરેમાં નિમિત્ત એટલે કાર્ય, ઉદ્દેશ... અર્થ થાય.

પ્રસ્તુતમાં પ્રથમાવિભક્તિ કારણ અર્થમાં છે...)

સંકલ્પ એટલે અપ્રશસ્તઅધ્યવસાય.

આ પ્રમાણે સૂત્રનો સંક્ષેપથી અર્થ કહ્યો.

---

**अवयवार्थं तुं सूत्रस्पर्शनिर्युक्त्या प्रतिपादयति-तत्रापि शेषपदार्थान् परित्यज्य कामपदार्थस्य हेयतयोपयोगित्वात्स्वरूपमाह-**

नामंठवणाकामा दव्वकामा य भावकामा य । एसो खलु कामाणं निक्खेवो चउविहो होइ ॥१६१॥

---

અવયવોના અર્થને તો સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ દ્વારા ભદ્રબાહુસ્વામી જ કહે છે. તેમાં પણ બીજા પદાર્થોને છોડીને કામપદાર્થ હેય તરીકે = ત્યાજય તરીકે ઉપયોગી હોવાથી તેનું સ્વરૂપ કહે છે.

**નિર્યુક્તિ-૧૬૧ ગાથા** : નામકામ, સ્થાપનાકામ, દ્રવ્યકામ અને ભાવકામ... કામોનાં આ ચાર પ્રકારનો નિક્ષેપ થાય છે.

---

**व्याख्या-नामस्थापनाकामा इत्यत्र कामशब्दः प्रत्येकमभिसंबध्यते, द्रव्यकामाश्च भावकामाश्च, चशब्दौ स्वगतानेकभेदसमुच्चयार्थौ, एष खलु कामानां निक्षेपश्चतुर्विधो भवतीति गाथार्थः ॥१६१॥**

---

**ટીકાર્થ : नामस्थापनाकामाः** એમ **काम** શબ્દ દરેક શબ્દ સાથે જોડવો. એટલે નામકામ, સ્થાપનાકામ... એમ અર્થ થશે. તથા દ્રવ્યકામ અને ભાવકામ આ કામનો ચારપ્રકારનો નિક્ષેપ છે. ગાથામાં જે બે **च** છે, એ દ્રવ્યકામ અને ભાવકામનાં અનેક પેટાભેદોનો સમુચ્ચય કરવા માટે છે. (સ્વગત = દ્રવ્યકામાદિમાં પોતાનામાં જ રહેલા...)

---

**तत्र नामस्थापने क्षुण्णत्वादनादृत्य द्रव्यकामान् प्रतिपादयन्नाह-**

सद्दरसरूवगंधाफासा उदयंकरा य जे दव्वा । दुविहा य भावकामा इच्छाकामा मयणकामा ॥१६२॥

તેમાં નામ અને સ્થાપના પ્રસિદ્ધ હોવાથી તેનો આદર ન કરીને દ્રવ્યકામોનું પ્રતિપાદન કરતાં કહે છે કે –

**નિર્યુક્તિ-૧૬૨ ગાથાર્થ :** શબ્દ, રસ, રૂપ, ગંધ અને સ્પર્શ તથા ઉદયને કરનારા જે દ્રવ્યો તે દ્રવ્યકામ, ભાવકામ બે પ્રકારે છે. ઈચ્છાકામ અને મદનકામ.

**व्याख्या-शब्दरसरूपगन्धस्पर्शाः मोहोदयाभिभूतैः सत्त्वैः काम्यन्त इति कामाः, मोहोदयकारीणि च यानि द्रव्याणि संघाटकविकटमांसादीनि तान्यपि मदनकामाख्यभावकामहेतुत्वाद्द्रव्यकामा इति, भावकामानाह-'द्विविधाश्च' द्विप्रकाराश्च भावकामाः, इच्छाकामा मदनकामाश्च, तत्रैषणमिच्छा सैव चित्ताभिलाषरूपत्वात्कामा इतीच्छाकामाः, मदयतीति तथा मदनः-चित्रो मोहोदयः स एव कामप्रवृत्तिहेतुत्वात्कामा मदनकामा इति गाथार्थः ॥१६२॥**

**ટીકાર્થ :** શબ્દાદિપંચક એ કામ છે. કેમકે મોહોદયથી અભિભૂત થયેલા જીવો એ શબ્દાદિની કામના કરે છે, એટલે તે દ્રવ્યકામ કહેવાય.

તથા મોહોદય કરનારા જે સંઘાટક, વિકટ (દારૂ), માંસાદિ દ્રવ્યો છે, તે પણ મદનકામ નામના ભાવકામનું કારણ હોવાથી દ્રવ્યકામ છે.

હવે ભાવકામોને દર્શાવે છે.

બે પ્રકારનાં ભાવકામ છે. (૧) ઈચ્છાકામ (૨) મદનકામ.

તેમાં ઈચ્છવું એ ઈચ્છા. તે પોતે જ ચિત્તનાં અભિલાષરૂપ હોવાથી કામ છે, એટલે એ ઈચ્છાકામ કહેવાય. જ્યારે જે જીવને મદવા ો કરે તે મદન. એટલે કે ચિત્રમોહોદય તે પોતે જ કામપ્રવૃત્તિનું હેતુ હોવાથી કામ છે એટલે કે તે મદન-કામ છે.

**इच्छाकामान् प्रतिपादयति-**

इच्छा पसत्थमपसत्थिगा य मयणंमि वेयउवओगो । तेणहिगारो तस्स उ वयंति धीरा निरुत्तमिणं ॥१६३॥

હવે ઈચ્છાકામનું પ્રતિપાદન કરે છે.

**નિર્યુક્તિ-૧૬૩ ગાથાર્થ :** ઈચ્છા પ્રશસ્ત અને અપ્રશસ્ત છે. મદનમાં વેદોપયોગ છે.

તેનાથી અધિકાર છે. ધીરપુરુષો તેનો નિરુક્તાર્થ આ કહે છે.

व्याख्या-इच्छा प्रशस्ता अप्रशस्ता च, अनुस्वारोऽलाक्षणिकः सुखमुखोच्चारणार्थः, तत्र प्रशस्ता धर्मेच्छा मोक्षेच्छा, अप्रशस्ता युद्धेच्छा राज्येच्छा, उक्ता इच्छाकामाः, मदनकामानाह-'मदने' इति उपलक्षणार्थत्वान्मदनकामे निरूप्ये कोऽसावित्यत आह-'वेदोपयोगः' वेद्यत इति वेदः- स्त्रीवेदादिस्तदुपयोगः- तद्विपाकानुभवनम्, तद्व्यापार इत्यन्ये, यथा स्त्रीवेदोदयेन पुरुषं प्रार्थयत इत्यादि, 'तेनाधिकार' इति मदनकामेन, शेषा उच्चारितसदृशा इति प्ररूपिताः, 'तस्य तु' मदनकामस्य वदन्ति 'धीराः' तीर्थकरगणधरा, निरुक्तम्, 'इदं' वक्ष्यमाणलक्षणमिति गाथार्थः ॥१६३॥

ટીકાર્થ : ઈચ્છા બે પ્રકારની છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત. (ગાથામાં રહેલો **पसत्थम** એમાં **म** = અનુસ્વાર અલાક્ષણિક = અર્થહીન છે, માત્ર આ ગાથા સુખેથી મુખથી ઉચ્ચારણ કરી શકાય તે માટે વચ્ચે **म** મુકેલો છે. તેમાં ધર્મની ઈચ્છા, મોક્ષની ઈચ્છા પ્રશસ્ત છે. યુદ્ધની ઈચ્છા, રાજયની ઈચ્છા અપ્રશસ્ત છે.

ઈચ્છાકામ કહેવાઈ ગયા.

હવે મદનકામોને કહે છે.

ગાથામાં **मदने** લખેલું છે, એ ઉપલક્ષણઅર્થવાળું પદ હોવાથી **मदनकामे** સમજી લેવું. ટુંકમાં મદનકામનું નિરૂપણ કરવાનું હોય, તેમાં સ્ત્રીવેદાદિનો વિપાકાનુભવ એ વેદ છે. એજ મદનકામ છે.

બીજાઓ 'વેદોદયનો વ્યાપાર મદનકામ છે' એમ જણાવે છે. જેમ સ્ત્રી સ્ત્રીવેદોદયથી પુરુષની પ્રાર્થના કરે... આ વેદોદયનો વ્યાપાર એ મદનકામ છે.

અહીં મદનકામનો અધિકાર છે.

બાકીનાં કામો ઉચ્ચારિતસદૃશ છે એટલે પ્રરૂપણા કરેલા છે. (કામ શબ્દનો ઉચ્ચાર ગાથામાં કરેલો છે, એનાથી ખરેખર તો મદનકામ જ લેવાય. પણ ઈચ્છાકામાદિ પણ કામ તો કહેવાય જ છે. એટલે ઉચ્ચારણ કરાયેલ કામ ને તુલ્ય જ આ બીજા બધા કામ છે, એટલે એમની પણ પ્રરૂપણા કરી.)

તીર્થંકરો અને ગણધરો. મદનકામનો નિરુક્ત અર્થ આ (વક્ષ્યમાણ) કહે છે.

विसयसुहेसु पसत्तं अबुहजणं कामरागपडिबद्धं । उक्कामयंति जीवं धम्माओ तेण ते कामा

॥१६४॥

નિર્યુક્તિ-૧૬૪ ગાથાર્થ વિષયસુખોમાં આસક્ત, અબુધજનવાળા, કામરાગપ્રતિબદ્ધજીવને ધર્મમાંથી ઉત્કામિત કરે છે. દૂર કરે છે તે કારણથી તે કામ છે.

व्याख्या-विषीदन्ति-अवबध्यन्ते एतेषु प्राणिन इति विषयाः-शब्दादयः तेभ्यः सुखानि तेषु प्रसक्तः-आसक्तस्तं, जीवमिति योगः, स एव विशेष्यते-अबुधः-अविपश्चिज्जनः-परिजनो यस्य सः अबुधजनस्तम्, अकल्याणमित्रपरिजनमित्यर्थः, अनेन बाह्यं विषयसुखप्रसक्तिहेतुमाह, 'कामरागप्रतिबद्ध' मिति कामा-मदनकामास्तेभ्यो रागा-विषयाभिष्वङ्गास्तैः प्रतिबद्धो-व्याप्तस्तम्, अनेन त्वान्तरं विषयसुखप्रसक्तिहेतुमाह, ततश्चाबुधजनत्वात्कामरागप्रतिबद्धत्वाच्च विषयसुखेषु प्रसक्तमिति भावः, किम् ?-निरुक्तवैचित्र्यादाह-तत्प्रत्यनीकत्वादुत्क्रामयन्ति-अपनयन्ति जीवमनन्तरविशेषितम्, कुतो ? धर्मात्, यत्तदोर्नित्याभिसंबन्धात् येन कारणेन तेन (ते) सामान्येनैव कामरागः कामा इति गाथार्थः ॥ अन्ये पठन्ति-उत्क्रामयन्ति यस्मादिति, अत्र चाबुधजन एव विशेष्यः, शेषं पूर्ववत् ॥१६४॥

**ટીકાર્થ :** જેમાં જીવો વિષાદ પામે = બંધાય તે વિષય. તે શબ્દાદિ છે. તેના દ્વારા જે સુખો મળે, તેમાં આસક્ત એવા જીવને આ મદનરાગ ધર્મમાંથી ઉખેડી નાંખે છે,

એ જીવનું જ વિશેષણ દર્શાવે છે કે મુગ્ધલોકો એ પરિવાર છે જેનો તેવો આ જીવ છે. અર્થાત્ અકલ્યાણમિત્રોનાં પરિવારવાળો આ જીવ છે.

આ વિશેષણ દ્વારા વિષયસુખાસક્તિનું બાહ્યકારણ કહ્યું. (જીવનો પરિવાર અકલ્યાણમિત્રો છે, એ નિમિત્તે જીવ વિષયસુખલંપટ બને છે.)

આ જીવનું વિશેષણ જ દર્શાવે છે કે **कामरागप्रतिबद्धम्** મદનકામો થકી જે વિષયરાગો જાગે છે. તેનાથી વ્યાપ્ત બનેલો આ જીવ છે.

આ વિશેષણ દ્વારા વિષયસુખાસક્તિનું આન્તરિકકારણ કહ્યું. (અંદર વેદોદય છે, માટે જ જીવ વિષયસુખોમાં લંપટ બને છે.)

સાર એ કે અબુધજનવાળો હોવાથી અને કામરાગપ્રતિબદ્ધ હોવાથી વિષયસુખોમાં લંપટ બનેલા જીવને મદનરાગ ધર્મમાંથી ભ્રષ્ટ કરે છે, તે કારણથી તે કામ કહેવાય છે.

(અહીં **कम्** ધાતુ ઉપરથી કામ શબ્દ બને છે, આ ધાતુ તો "ઈચ્છા કરવી" એ અર્થમાં છે. જ્યારે અહીં **कम्** ને બદલે **क्रम** ધાતુ પ્રમાણે અર્થ કરવામાં આવે છે, અને

એ રીતે **काम** શબ્દનો અર્થ દેખાડાય છે. આ જ નિરુક્ત = વ્યુત્પત્તિ અર્થની વિચિત્રતા કહેવાય. એટલે જ વૃત્તિકાર કહે છે કે) નિરુક્તિની વિચિત્રતાનાં કારણે કહે છે કે મદનરાગ જીવનો શત્રુ હોવાથી = ધર્મનો શત્રુ હોવાથી હમણાં જ દર્શાવેલા વિશેષણોથી વિશિષ્ટ જીવને ધર્મમાંથી દૂર કરે છે.

હવે ગાથામાં **तेण** એમ **तत्** સર્વનામનો પ્રયોગ છે. પણ **यत्** નો પ્રયોગ નથી. જયારે યત્ તત્નો તો નિત્ય સંબંધ છે. એટલે યત્ નો પ્રયોગ સમજી લેવો. એટલે આ પ્રમાણે અર્થ થશે કે જે કારણથી કામરાગ જીવને ધર્મથી દૂર કરે છે, તે કારણથી જ તે કામ કહેવાય છે.

અહીં કામરાગ તરીકે સામાન્યથી જ કામરાગ લેવો. (અર્થાત્ સ્ત્રીનો પુરુષ પ્રત્યેનો કે પુરુષનો સ્ત્રી પ્રત્યેનો... વગેરે કોઈપણ કામરાગ માટે આ અર્થ લગાડવો.)

કેટલાંકો અહીં **उक्कामयंति जम्हा - उत्क्रामयन्ति यस्मात्** એ પ્રમાણે પાઠાન્તર કહે છે. એમના પ્રમાણે તો **अबुधजन** શબ્દ જ વિશેષ્ય બને. બાકી બધું તો પૂર્વવત્ સમજવું.

(ભાવાર્થ : આપણો પાઠ **अक्रामयन्ति जीवं** છે. કેટલાકોનો પાઠ **जीवं** ને બદલે **यस्मात्** છે. આમાં આપણા પાઠમાં **जीवं** એ વિશેષ્ય સ્પષ્ટ છે, એટલે **अबुधजनं** શબ્દ વિશેષણ જ ગણવું પડે. એટલે જ એનો બહુવ્રીહિસમાસ કરેલો છે. પણ આપણે **यस्मात्** બહારથી તો લાવવું જ પડે.

પાઠાન્તરમાં **जीवं** શબ્દ ન હોવાથી વિશેષ્ય તરીકે **अबुधजनं** શબ્દ આવે. તેમાં એમણે બહુવ્રીહિ સમાસ ન કરવો પડે. કામરાગ અબુધજનને ધર્મથી દૂર કરે છે... એમ સીધો જ અર્થ આવી જાય. આટલો બેમાં ફરક છે.)

---

अन्नंपिय से नामं कामा रोगत्ति पंडिया बिंति । कामे पत्थेमाणो रोगे पत्थेइ खलु जंतू ॥१६५॥

---

**નિર્યુક્તિ-૧૬૫ ગાથાર્થ :** તેનું બીજું પણ નામ છે. "કામ એટલે રોગ" એમ પંડિતો કહે છે ખરેખર કામોની પ્રાર્થના કરતો જીવ રોગોને પ્રાર્થે છે.

---

**व्याख्या-अन्यदपि च 'एषां' कामानां नाम, किंभूतमित्याह-कामा रोगा 'इति' एवं पण्डिता ब्रुवते, किमित्येतदेवमत आह-कामान् प्रार्थयमानः-अभिलषन् रोगान् प्रार्थयते खलु जन्तुः, तद्रूपत्वादेव, कारणे कार्योपचारादिति गाथार्थः ॥१६५॥**

---

ટીકાર્થ : આ કામોનું બીજું પણ એક નામ છે.

પ્રશ્ન : શું નામ છે ? ઉત્તર : પંડિતો કહે છે કે કામ એટલે રોગ ?

પ્રશ્ન : કામનો અર્થ રોગ શી રીતે થાય ?

ઉત્તર કામોને ઈચ્છતો જન્તુ રોગોને જ ઈચ્છે છે. કેમકે કામો રોગરૂપ જ છે.

પ્રશ્ન : કામો રોગનું કારણ ભલે હોય, પણ સ્વયં રોગરૂપ શી રીતે ?

ઉત્તર : કામરૂપી કારણમાં રોગરૂપી કાર્યનો ઉપચાર કરીએ એટલે કામ પોતે જ રોગ કહેવાય.

---

**इत्थं पूर्वोर्धे सूत्रस्पर्शिकनिर्युक्तिमभिधायाधुनोत्तरार्धे पदावयवमधिकृत्याह-**

णामपयं ठवणपयं दव्वपयं चेव होइ भावपयं । एक्केक्कंपिय एत्तो णेगविहं होइ नायव्वं ॥१६६॥

---

આ પ્રમાણે પૂર્વાર્ધમાં સૂત્રસ્પર્શિકનિર્યુક્તિને કહીને હવે ઉત્તરાર્ધમાં **पदे पदे** = પદ અવયવને આશ્રયીને સૂત્રસ્પર્શિકનિર્યુક્તિને કહે છે.

**નિર્યુક્તિ-૧૬૬ ગાથાર્થ :** નામપદ, સ્થાપનાપદ, દ્રવ્યપદ અને ભાવપદ છે. આ ચારમાંથી એકે એક પદ અનેકપ્રકારનું જાણવું.

---

**व्याख्या-नामपदं स्थापनापदं द्रव्यपदं चैव भवति भावपदम्, एकैकमपि च 'अत' एतेभ्योऽनेकविधं भवति ज्ञातव्यमिति गाथासमासार्थः ॥१६६॥**

---

ટીકાર્થ : (ગાથાર્થવત્ સ્પષ્ટ જ છે.)

---

**अवयवार्थं तु नामस्थापने क्षुण्णत्वादनादृत्य द्रव्यपदमभिधित्सुराह-**

आउट्टिमउक्किन्नं उण्णेज्जं पीलिमं च रंगं च । गंथिमवेढिमपूरिम वाइमसंघाइमच्छेज्जं ॥१६७॥

---

હવે અવયવાર્થ કહેવાનો છે, એમાં નામ, સ્થાપના પ્રસિદ્ધ હોવાથી એનો આદર ન કરીને દ્રવ્યપદને કહેવાની ઈચ્છાવાળા કહે છે કે –

**નિર્યુક્તિ-૧૬૭ ગાથાર્થ** આકુટ્ટિમ, ઉત્કીર્ણ, ઉપનેય, પીડાવત્, રંગ, ગ્રથિમ, વેઢિમ, પૂરિમ, વાતવ્ય, સંઘાત્ય, છેદ્ય. (આ બધા દ્રવ્યપદ છે.)

---

**व्याख्या-आकोट्टिमं जहा रुवओ हेट्ठा वि उवरिं पि मुहं काऊण आउडिज्जति,**

उत्कीर्णं शिलादिषु नामकादि, तहा बउलादिपुप्फसंठाणाणि चिक्खिल्लमय-पडिबिंबगाणि काउं पच्चंति, तओ तेसु वग्घारित्ता मयणं छुब्भति, तओ मयणमया पुप्फा हवन्ति, एतदुपनेयम्, पीडावच्च-संवेष्टितवस्त्रभङ्गावलीरूपं, रत्तावयवच्छ-विविचित्तरूवं रङ्गं, चः समुच्चये, 'ग्रथितं' मालादि, 'वेष्टिमं' पुष्पमयमुकुटरूपं, चिक्खल्लमयं कुण्डिकारूपं अणेगच्छिद्दं पुप्फथामं पूरिमं, वातव्यं कुविन्दैर्वस्त्रविनिर्मितमश्वादि, संघात्यं-कञ्चुकादि, छेद्यं-पत्रच्छेद्यादि । पदता चास्य पद्यतेऽनेनेत्यर्थयोगात्, द्रव्यता च तद्रूपत्वादिति गाथार्थः ॥१६७॥ उक्तं द्रव्यपदम्,

---

ટીકાર્થ :

(૧) **આકુટ્ટિમ** : જેમ રૂપિયાનાં નીચે અને ઉપર પણ મુખને કરીને = ચિહ્ન તૈયાર કરીને પછી એને કુટવામાં આવે છે. અર્થાત્ ઉપર નીચે એમાં કાંટા-છપ્પાદિની છાપ કુટી કુટીને ઉપસાવવામાં આવે છે.

(૨) **ઉત્કીર્ણ** : પત્થર વગેરેમાં નામ વગેરે કોતરવામાં આવે તે ઉત્કીર્ણ.

(૩) **ઉપનેય** બકુલાદિપુષ્પોનાં આકારવાળા કાદવમય પ્રતિબિંબો = ચીકણી, ભીની માટીનાં પુષ્પાદિ આકારનાં પ્રતિબિંબો તૈયાર કરી એ પકાવવામાં આવે, ત્યારપછી મીણને ગરમ કરી ઓગાળી આ પુષ્પો ઉપર નાંખવામાં આવે, એ સુકાઈ જાય એટલે મીણનાં બનેલા પુષ્પો થાય. આ ઉપનેય છે.

(૪) **પીડાવત્** વીંટાળાયેલા વસ્ત્રની ભંગાવલિ રૂપ. (વસ્ત્રને જ ધીરે ધીરે એવું વીંટાળવામાં આવે કે એમાંથી ઢીંગલી વગેરે આકારો તૈયાર થાય..)

(૫) **રંગ** : લાલ છે અવયવોની કાંતિ જેની, એવું વિચિત્રરૂપ એ રંગ.

(૬) **ગ્રથિત** : પુષ્પમાળા વગેરે.

(૭) **વેષ્ટિમ** : પુષ્પમય મુગટ વગેરે.

(૮) **પૂરિમ** ચીકણી-ભીનીમાટીનું બનેલું, કુંડારૂપ, અનેક છિદ્રવાળું, પુષ્પોનું સ્થાન. (પુષ્પોના કુંડાઓ... પાણી નીકળી શકે, એ માટે એમાં કાણાં પણ રાખવામાં આવે છે.)

(૯) **વાતવ્ય** : વણકરોએ વસ્ત્રમાંથી બનાવેલ અશ્વ વગેરે. (ઘણીવાર બેન્ડવાળાઓ આ ઘોડાદિનાં આકારવાળા વાજીંત્રો વગાડે છે, જે અંદરથી પોલા હોય છે...)

(૧૦) **સંઘાત્ય** કંચુક વગેરે. (બે ભાગો સીવીને આ વસ્ત્ર બનાવાય, એટલે

સંઘાત્ય.)

(૧૧) છેદ્ય : પત્ર છેદ્ય વગેરે. (સ્ત્રીઓ હાથ-હથેળી વગેરે ઉપર વિશિષ્ટ ભૂષા કરવા માટે જાત જાતની રચનાઓ કરે છે, જેમ મહેંદી પુરવા માટેની ડીઝાઈનવાળા સાધનો હોય... તેવાપ્રકારનું કંઈક આમાં વપરાય છે.)

પ્રશ્ન : આ બધું પદ કેમ કહેવાય ?

ઉત્તર : પદ્યતે - સંપદ્યતે - થવું એ પદ. આ બધી વસ્તુઓ થાય છે, બને છે... એટલે એ પદ છે.

પ્રશ્ન : આ બધું દ્રવ્ય કેમ કહેવાય ? (દ્રવ્યપદનાં જ આ દૃષ્ટાન્ત છે ને ?)

ઉત્તર : દ્રવ્યરૂપ હોવાથી આ બધું દ્રવ્ય કહેવાય.

દ્રવ્યપદ કહ્યું.

---

**अधुना भावपदमाह-**

भावपयंपि य दुविहं अवराहपयं च नो य अवराहं । नोअवराहं दुविहं माउगनोमाउगं चेव ॥१६८॥

---

હવે ભાવપદ કહે છે.

**નિર્યુક્તિ-૧૬૮ ગાથાર્થ** ભાવપદ પણ બે પ્રકારે છે. અપરાધપદ અને નો-અપરાધપદ. નો-અપરાધપદ બે પ્રકારે છે. માતૃકાપદ અને નોમાતૃકાપદ.

---

**व्याख्या-भावपदमपि च द्विविधम्, द्वैविध्यमेव दर्शयति-अपराधहेतुभूतं पदमपराधपदम्-इन्द्रियादि वस्तु, चशब्दः स्वगतानेकभेदसमुच्चयार्थः, 'णोअवराहं'ति चशब्दस्य व्यवहितोपन्यासान्नोअपराधपदं च, चः पूर्ववत्, नोअपराधमितिं-नोअपराधपदं द्विविधम्-'माउअ नोमाउअं चेव'त्ति मातृकापदं नोमातृकापदं च, तत्र मातृकापदं-मातृकाक्षराणि, मातृकाभूतं वा पदं मातृकापदं, यथा दृष्टिवादे "उप्पन्ने इ वा" इत्यादि, नोमातृकापदं त्वनन्तरगाथया वक्ष्यतीति गाथार्थः ॥१६८॥**

---

**ટીકાર્થ** : ભાવપદ પણ બે પ્રકારે છે. એ બે પ્રકારને જ દેખાડે છે કે અપરાધનાં હેતુભૂત પદ એ અપરાધ પદ. એ ઈન્દ્રિયાદિ વસ્તુ છે. **च** શબ્દ અપરાધપદનાં પોતાના જ અનેકભેદોનો સમુચ્ચય કરવા માટે છે.

ગાથામાં **नो य अवराहं** લખેલું છે. એમાં **य** = **च** નો વ્યવહિતઉપન્યાસ છે, એટલે

કે એનું ખરુંસ્થાન **अवराहं** પછી છે. એટલે ભાવપદનો બીજો ભેદ નો-અપરાધપદ છે.

**च** શબ્દ પૂર્વવત્ સમજવો. (સ્વગત અનેકભેદોનો સમુચ્ચય કરવા માટે છે.)

નો-અપરાધપદ બે પ્રકારે છે.

(૧) માતૃકાપદ એટલે માતૃકાક્ષરો **अ,आ,इ,ई** વગેરે. (ભાષાની માતા તો આ જ અક્ષરો છે. એટલે એ માતારૂપ અક્ષરો કહેવાય.)

અથવા તો માતૃકાભૂત એવું પદ તે માતૃકાપદ. જેમકે દૃષ્ટિવાદમાં **उप्पन्ने इ वा** વગેરે પદો છે, તે. (દ્વાદશાંગીની ઉત્પત્તિ **उप्पन्ने इ वा** વગેરે ત્રણપદોથી થઈ. એટલે એ બધા માતૃકારૂપ પદો છે...)

નોમાતૃકાપદ અનન્તરગાથા દ્વારા = ૧૬૯મી ગાથાથી કહેશે.

---

नोमाउगंपि दुविहं गहियं च पइन्नयं च बोद्धव्वं । गहियं चउप्पयारं पइन्नगं होइ(अ)णेगविहं ॥१६९॥

---

**નિર્યુક્તિ-૧૬૯ ગાથાર્થ :** નોમાતૃકપદ પણ બે પ્રકારે ગ્રથિત અને પ્રકીર્ણક જાણવું. ગ્રથિત ચારપ્રકારે છે. પ્રકીર્ણક અનેકપ્રકારે છે.

---

**व्याख्या-'<u>नोमाउयंपि</u>' त्ति नोमातृकापदमपि द्विविधम्, कथमित्याह-'<u>ग्रथितं च प्रकीर्णकं च बोद्धव्यम्</u>' ग्रथितं रचितं बद्धमित्यनर्थान्तरम्, अतोऽन्यत्प्रकीर्णकं-प्रकीर्णककथोपयोगिज्ञानपदमित्यर्थः, ग्रथितं चतुष्प्रकारं-गद्यादिभेदात्, प्रकीर्णकं भवत्यनेकविधम्, उक्तलक्षणत्वादेवेति गाथार्थः ॥१६९॥**

---

**ટીકાર્થ :** નોમાતૃકાપદ પણ બે પ્રકારે છે.

**પ્રશ્ન :** કયા બે પ્રકારે ?

**ઉત્તર :** ગ્રથિત અને પ્રકીર્ણક.

ગ્રથિત એટલે રચિત, બદ્ધ આ બધા સમાનાર્થી શબ્દો છે.

એ સિવાયનું બીજું જે હોય તે પ્રકીર્ણક છે. એટલે કે પ્રકીર્ણકકથામાં ઉપયોગી જ્ઞાનપદ છે. (જુદી જુદી જે કથાઓ, વાતો, પદાર્થો, તેમાં ઉપયોગી જ્ઞાનપદ રૂપ એ પ્રકીર્ણકપદ છે. એમાં જુદા જુદા પદાર્થો આવતા હોય છે.)

ગ્રથિત ગદ્યાદિ ભેદથી ચારપ્રકારે છે.

પ્રકીર્ણક અનેકપ્રકારે છે.

પ્રશ્ન : તે કેમ અનેકપ્રકારે છે ?

ઉત્તર : તે ઉક્તલક્ષણવાળું હોવાથી જ અનેકપ્રકારે છે. (આશય એ છે કે જુદા જુદા પદાર્થોમાં ઉપયોગી જ્ઞાનપદરૂપ તે છે. જુદા જુદા પદાર્થો તો ઘણાં હોય, તો એ પ્રમાણે પ્રકીર્ણકપદ પણ અનેકપ્રકારનું થવાનું જ છે.)

---

**ग्रथितमभिधातुकाम आह-**

गज्जं पज्जं गेयं चुण्णं च चउव्विहं तु गहियपयं । तिसमुट्ठाणं सव्वं इइ बेंति सलक्खणा कइणो ॥१७०॥

महुरं हेउनिजुत्तं गहियमपायं विरामसंजुत्तं । अपरिमियं चऽवसाणे कव्वं गज्जं ति नायव्वं ॥१७१॥

पज्जं तु होइ तिविहं सममद्धसमं च नाम विसमं च । पाएहिं अक्खरेहिं य एव विहिण्णू कई बेंति ॥१७२॥

तंतिसमं तालसमं वण्णसमं गहसमं लयसमं च । कव्वं तु होइ गेयं पंचविहं गीयसन्नाए ॥१७३॥

अत्थबहुलं महत्थं हेउनिवाओवसग्गगंभीरं । बहुपायमवोच्छिन्नं गमणयसुद्धं च चुण्णपयं ॥१७४॥ नोअवराहपयं गयं

---

ગ્રથિતપદને કહેવાની ઈચ્છાવાળા નિર્યુક્તિકાર કહે છે.

**નિર્યુક્તિ-૧૭૦ ગાથાર્થ :** ગદ્ય, પદ્ય, ગેય અને ચૌર્ણ એમ ચારપ્રકારે ગ્રથિતપદ છે. લક્ષણવાળા કવિઓ આ પ્રમાણે કહે છે કે બધું ત્રણવસ્તુથી ઉત્પન્ન થનાર છે.

**નિર્યુક્તિ-૧૭૧ ગાથાર્થ :** ગદ્યકાવ્ય આ પ્રમાણે જાણવું કે તે મધુર, હેતુનિયુક્ત, ગ્રથિત, અપાદ, વિરામસંયુક્ત અવસાનમાં અપરિમિત હોય છે.

**નિર્યુક્તિ-૧૭૨ ગાથાર્થ :** પદ્ય ત્રણ પ્રકારે છે, પદોથી અને અક્ષરોથી સમ, અર્દ્ધસમ, વિષમ. આમ વિધિજ્ઞ કવિઓ કહે છે.

**નિર્યુક્તિ-૧૭૩ ગાથાર્થ :** ગેયકાવ્ય ગીતસંજ્ઞાથી પાંચપ્રકારે છે. તંતિસમ, તાલસમ, વર્ણસમ, ગ્રહસમ, લયસમ.

**નિર્યુક્તિ-૧૭૪ ગાથાર્થ** ચૌર્ણપદ અર્થબહુલ, મહાર્થ, હેતુ-નિપાત, ઉપસર્ગોથી ગંભીર, બહુપાદ, અવ્યવચ્છિન્ન, ગમ-નયથી શુદ્ધ હોય છે.

व्याख्या-गद्यं पद्यं गेयं चौर्णं च चतुर्विधमेव ग्रथितपदम्, एभिरेव प्रकारैर्ग्रथनात्, एतच्च त्रिभ्यो धर्मार्थकामेभ्यः समुत्थानं-तद्विषयत्वेनोत्पत्तिरस्येति त्रिसमुत्थानं 'सर्वं' निरवशेषम्, आह-एवं मोक्षसमुत्थानस्य गद्यादेरभावप्रसङ्गः, न, तस्य धर्मसमुत्थान एवान्तर्भावात्, धर्मकार्यत्वादेव मोक्षस्येति, लौकिकपदलक्षणमेवैतदित्यन्ये, अतस्त्रिसमुत्थानं सर्वम्, 'इइ' एवं ब्रुवते 'सलक्षणा' लक्षणज्ञाः कवय इति गाथार्थः ॥१७०॥

---

ટીકાર્થ : ગ્રથિતપદ ચારપ્રકારે જ છે. (૧) ગદ્ય (૨) પદ્ય (૩) ગેય (૪) ચૌર્ણ. કેમકે એ આ જ પ્રકારોથી ગુંથવામાં આવે છે. આ ગદ્યપદ ધર્મ, અર્થ અને કામ આ ત્રણ દ્વારા ઉત્પત્તિ પામનાર છે.

પ્રશ્ન : એ વળી શી રીતે ?

ઉત્તર : આ ગ્રથિતપદ ધર્માદિવિષયક હોવાથી તેનાથી ઉત્પન્ન થનાર કહેવાય. આશય એ છે કે કોઈક ગ્રથિતપદ ધર્મરૂપી વિષયનું નિરૂપણ કરનાર હોય, તો એ ધર્મથી ઉત્પન્ન થયેલ ગણાય, એમ કામનિરૂપક ગ્રથિતપદ કામનું નિરૂપણ કરનાર હોવાથી કામથી ઉત્પન્ન થયેલ ગણાય...

પ્રશ્ન : આ રીતે જો ગ્રથિતપદ ત્રિસમુત્થાન હોય, તો પછી મોક્ષથી ઉત્પન્ન થનાર ગ્રથિતપદનો અભાવ જ થઈ જવાની આપત્તિ આવે. કેમકે તમે મોક્ષસમુત્થાન ગ્રથિતપદ તો દર્શાવ્યું જ નથી.

ઉત્તર : ના. મોક્ષસમુત્થાન ગ્રથિતપદનો ધર્મસમુત્થાનમાં જ અન્તર્ભાવ થઈ જવાથી એનો અભાવ થવાની આપત્તિ ન આવે.

પ્રશ્ન : એનો આમાં અંતર્ભાવ શી રીતે થાય ?

ઉત્તર : મોક્ષ ધર્મનું કાર્ય હોવાથી જ મોક્ષસમુત્થાનનો ધર્મસમુત્થાનમાં અંતર્ભાવ થઈ જાય.

અન્યલોકો એમ કહે છે કે આ લૌકિક ગ્રથિતપદનું જ લક્ષણ છે, એટલે એમાં મોક્ષસમુત્થાન ગ્રથિતપદ આવે જ નહિ. આથી બધું ગ્રથિત ત્રિસમુત્થાન કહ્યું છે.

આમ ગ્રથિતનાં લક્ષણને જાણનારા કવિઓ કહે છે કે ગ્રથિતપદ ત્રણ પ્રકારે છે. (મોક્ષનિરૂપક ગ્રથિતપદોનો ધર્મનિરૂપક ગ્રથિતપદોમાં જ અંતર્ભાવ સમજી લેવો. લૌકિકપદો પણ જોકે મોક્ષનિરૂપક હોઈ શકે છે, છતાં એ વાસ્તવિક મોક્ષ દર્શાવનારા ન હોવાથી એમનામાં મોક્ષસમુત્થાન છે જ નહિ, એમ અન્ય નો અભિપ્રાય જાણવો.)

गद्यलक्षणमाह-'मधुरं' सूत्रार्थोभयैः श्रव्यम् 'हेतुनियुक्तं' सोपपत्तिकम् 'ग्रथितं' बद्धमानुपूर्व्या 'अपादं' विशिष्टच्छन्दोरचनायोगात्पादवर्जितम् विरामः-अवसानं तत्संयुक्तमर्थतो न तु पाठतः इत्येके, जहा-जिणवरपादारविंदसंदाणिउरुणिम्मल्लसहस्स एवमादि असमाणिउं न चिट्ठइत्ति यतिविशेषसंयुक्तं अन्ये, अपरिमितं चावसाने बृहद्भवतीत्येके, अन्ये त्वपरिमितमेव भवति बृहदित्यर्थः, अवसाने मृदु पठ्यत इति शेषः, काव्यं गद्यम्, 'इति' एवंप्रकारं ज्ञातव्यमिति गाथार्थः ॥१७१॥

---

ગદ્યનું લક્ષણ કહે છે.

(૧) ગદ્ય ગ્રથિતપદ : મધુર હોય = સૂત્ર, અર્થ અને તદુભયથી સાંભળવું ગમે તેવું હોય. યુક્તિયુક્ત હોય. આનુપૂર્વીથી = ક્રમશઃ બંધાયેલું હોય. ક્રમભંગ ન હોય. તથા એમાં વિશિષ્ટ છંદરચના ન હોવાથી એ પાદ વર્જિત હોય. (શ્લોકરૂપ હોય તો ચાર પાદ વગેરે હોય. પણ એવું આમાં નથી. તથા એ વિરામ = અવસાનવાળું હોય. આમાં કેટલાંકો કહે છે કે એ અર્થથી વિરામવાળું હોય, પાઠથી વિરામવાળું ન હોય.

દા.ત. જિનવરનાં પદકમળમાં બંધાયેલા = સ્થાપિત કરાયેલા હજારો નિર્મલ ઉરુ... વગેરે સમાપ્ત કર્યા વિના ગદ્યપદ અટકે નહિ. અર્થાત્ આ રીતે અધુરો અર્થ ન છોડે. અર્થ સંપૂર્ણ હોય.

કેટલાંકો કહે છે કે અવસાનયુક્ત એટલે એક વિશેષપ્રકારનાં વિરામથી યુક્ત.

તથા આ ગદ્ય અવસાનમાં અપરિમિત હોય છે એટલે કે મોટું હોય છે.

કેટલાકો **अपरिमितं चावसाने** એ ભેગું ગણે છે. જ્યારે અન્યલોકો આ પ્રમાણે અર્થ કરે છે કે ગદ્યપદ અપરિમિત જ = મોટું હોય છે. અને અવસાનમાં = અંતમાં મૃદુ, કોમળ બોલાય છે. **मृदु पठ्यते** એ શેષ તરીકે લાવવું. આમ **अपरिमित** અને **अवसाने** નો જુદો જુદો અર્થ લે છે.

ટુંકમાં ગદ્યકાવ્ય આવાપ્રકારનું જાણવું.

---

अधुना पद्यमाह-पद्यं तु, तुशब्दो विशेषणार्थः, भवति 'त्रिविधं' त्रिप्रकारं, सममर्धसमं च नाम विषमं च, कैः सममित्यादि ? अत्राह-पादैरक्षरैश्च, पादैः चतुःपादादिभिरक्षरैः गुरुलघुभिः, अन्ये तु व्याचक्षते-समं यत्र चतुर्ष्वपि पादेषु समान्यक्षराणि, अर्धसमं यत्र प्रथमतृतीययोर्द्वितीयचतुर्थयोश्च समान्यक्षराणि, विषमं तु

सर्वपादेष्वेव विषमाक्षरमित्येवं 'विधिज्ञाः' छन्दःप्रकारज्ञाः कवयो ब्रुवत इति गाथार्थः ॥१७२॥

---

હવે પદ્યપદને કહે છે.

(૨) પદ્યગ્રથિતપદ : પદ્યપદ ત્રણપ્રકારે છે. સમ, અર્ધસમ, વિષમ.

પ્રશ્ન : શેનાથી સમ, અર્ધસમાદિ છે ?

ઉત્તર : પાદોથી અને અક્ષરોથી સમાન, અર્ધસમ વગેરે રૂપ છે. એમાં પાદ એટલે ચાર પાદ વગેરે સમજવા. અક્ષરો એટલે ગુરુ-લઘુ અક્ષરો સમજવા. (આશય એ છે કે એમાં ૬૦ શ્લોક હોય, તો દરેકમાં ચાર પાદો હોય, દરેકમાં અમુક અક્ષરો ગુરુ અને અમુક લઘુ હોય... આમ આ પાદોથી અને અક્ષરોથી **સમ** કહેવાય. જે અક્ષર દીર્ઘ હોય અથવા તો જેની પછી સંયુક્તવ્યંજન હોય તે ગુરુ અક્ષર કહેવાય. જે અક્ષર સ્વયં હ્રસ્વ હોય, જેની પછી સંયુક્તવ્યંજન ન હોય તે લઘુ કહેવાય. જે પદ્ય આખું અનુષ્ટુપ્ છન્દમાં લખાયેલું હોય તે આ **સમપદ્ય** કહેવાય... આને અનુસારે **અર્ધસમાદિ** પણ સમજી લેવા...)

અન્યલોકો કહે છે કે જેમાં ચારેય પાદોમાં સરખા અક્ષરો હોય તે સમ. જેમાં પહેલા અને ત્રીજા પાદમાં સમાનઅક્ષરો તથા બીજા અને ચોથા પાદમાં સમાનઅક્ષરો હોય તે અર્ધસમ. વિષમ તો બધાજ પાદોમાં વિષમઅક્ષરવાળું હોય છે. (કોઈપણ અનુષ્ટુપ્ છન્દ સમ ગણાય ભક્તામરાદિ પણ સમ ગણાય. કેમકે એના દરેક પાદમાં ચૌદ અક્ષર છે... એ રીતે અર્ધસમાદિ શોધી લેવા.)

છન્દનાં પ્રકારને જાણનારા કવિઓ ઉપર પ્રમાણે કહે છે.

---

अधुना गेयमाह-तन्त्रीसमं तालसमं वर्णसमं ग्रहसमं लयसमं च काव्यं तु भवति, तुशब्दोऽवधारणार्थ एव, गीयत इति गेयं, 'पञ्चविधम्' उक्तैर्विधिभिः 'गीतसंज्ञायां' गेयाख्यायाम्, तत्र तन्त्रीसमं वीणादितन्त्रीशब्देन तुल्यं मिलितं च, एवं तालादिष्वपि योजनीयम्, नवरं ताला-हस्तगमाः, वर्णा-निषादपञ्चमादयः, ग्रहा-उत्क्षेपाः, प्रारम्भरसविशेषा इत्यन्ये, लयाः-तन्त्रीस्वनविशेषाः । तत्थ किल कोणएण तंती छिप्पइ तओ णहेहि अणुमज्जिज्जइ, तत्थ अण्णारिसो सरो उट्ठेइ, सो लयो त्ति गाथार्थः ॥१७३॥

---

હવે ગેયને કહે છે.

(૩) ગેય ગ્રથિતપદ : જે ગવાય તે ગેય. એની જ ગીતસંજ્ઞા છે. એમાં પાંચ ભેદ છે. તન્ત્રીસમ... વગેરે. તેમાં વીણા વગેરે તન્ત્રીનાં શબ્દની સાથે જે સમાન હોય, મળેલું હોય તે તન્ત્રીસમ. એ પ્રમાણે તાલાદિમાં પણ જોડવું. માત્ર એટલું સમજવું કે **ताल** એટલે હાથનાં ગમ = હાથની તાળીઓ દ્વારા જે ગેયમાં સુર પુરાવાતો હોય.. **वर्ण** એટલે નિષાદ, પંચમ વગેરે. **ग्रह** એટલે ઉત્ક્ષેપો, કેટલાંકો પ્રારંભરસવિશેષને ગ્રહ કહે છે. લય એટલે તન્ત્રીનાં વિશેષપ્રકારનાં અવાજો. તેમાં કોણાવડે તંત્રી સ્પર્શાય છે, નખોથી અનુમર્દન કરાય છે, દબાવાય છે. તેમાં કંઈક અન્યપ્રકારનો સ્વર ઉત્પન્ન થાય છે. તે લય કહેવાય છે. (તંબુરો વગાડે, એમાં નીચે લાકડાની એક પટ્ટીનાં કોણાથી તારને હલાવવામાં આવે અને ઉપરની બાજુમાં આંગળીઓનાં નખથી તારનો ઝણઝણાટ કરાય... એ રીતે સ્વર ઉત્પન્ન કરાય...)

(ગેય = ગીતસંબંધી વિશેષબાબતો સંગીતકારો પાસેથી જાણી શકાય.)

---

**साम्प्रतं चौर्णं पदमाह-अर्थो बहुलो यस्मिंस्तदर्थबहुलम्, 'क्वचित्प्रवृत्तिः क्वचिदप्रवृत्तिः, क्वचिद्विभाषा क्वचिदन्यदेव । विधेर्विधानं बहुधा समीक्ष्य, चतुर्विधं बाहुलकं वदन्ति ॥१॥' ततश्चैभिः प्रकारैर्बह्वर्थम्, महान्-प्रधानो हेयोपादेयप्रतिपादकत्वेनार्थो यस्मिंस्तन्महार्थम्, 'हेतुनिपातोपसर्गैर्गंभीरम्' तत्रान्यथाऽनुपपत्तिलक्षणो हेतुः, यथा-मदीयोऽयमश्वो विशिष्टचिह्नोपलक्षितत्वात्, चवाखल्वादयो निपाताः, पर्युतसमवादय उपसर्गाः, एभिरगाधम्, 'बहुपादम्' अपरिमितपादम् 'अव्यवच्छिन्नं' श्लोकवद्विरामरहितम्, गमनयैः शुद्धम्, गमाः-तदक्षरोच्चारणप्रवणा भिन्नार्थाः, यथा इह खलु छज्जीवणिया० कयरा खलु सा छज्जीवणिया०' इत्यादि, नया-नैगमादयः प्रतीताः, तुरवधारणे, गमनयशुद्धमेव चौर्णं पदं ब्रह्मचर्याध्ययनपदवदिति गाथार्थः ॥१७४॥ उक्तं ग्रथितं, प्रकीर्णकं लोकादवसेयम्, उक्तं नोअपराधपदम् ।**

---

હવે ચૌર્ણ ગ્રથિતપદને કહે છે.

(૪) ચૌર્ણ ગ્રથિતપદ : જેમાં ઘણો અર્થ હોય તે અર્થબહુલ.

આમાં બહુલતા ચારપ્રકારે થાય છે. કહ્યું છે કે "ક્યાંક પ્રવૃત્તિ, ક્યાંક અપ્રવૃત્તિ, ક્યાંક વિભાષા, કયાંક કંઈક જુદું જ... એમ વિધિનું અનેકપ્રકારે વિધાન જોઈને શાસ્ત્રકારો ચારપ્રકારનું બાહુલક કહે છે." ("આમ કરવું જોઈએ" એ પ્રવૃત્તિનું વિધાન છે. "આમ ન કરવું જોઈએ" એ અપ્રવૃત્તિનું વિધાન છે. "આ વસ્તુ અપેક્ષાએ કરાય,

અપેક્ષાએ ન કરાય..." એ વિકલ્પાવસ્થા એ વિભાષાનું વિધાન છે. એ સિવાય બીજા પણ વિધાનો સંભવિત છે. ચૌર્ણપદમાં આ બધું જ આવે,) એટલે એ આ બધા પ્રકારોથી અર્થબહુલ હોય છે.

તથા જેમાં પ્રધાન અર્થ હોય તે મહાર્થ. ચૌર્ણપદ હોય અને ઉપાદેયપદાર્થોનું પ્રતિપાદક છે. આ પદાર્થો પ્રધાન છે, માટે એ મહાર્થ કહેવાય.

ચૌર્ણપદ હેતુ, નિપાત અને ઉપસર્ગોથી ગંભીર હોય છે.

તેમાં હેતુ એ અન્યથાઅનુપપત્તિ લક્ષણવાળો છે. અન્યથા = સાધ્ય ન હોય તો અનુપપત્તિ = હેતુનું ન સંભવવું એ અન્યથાઅનુપપત્તિનો અર્થ છે. (જે વસ્તુ સાધ્ય વિના ન જ રહે તે હેતુ બની જાય.) દા.ત. આ અશ્વ મારો છે. કેમકે વિશિષ્ટચિહ્નથી ઉપલક્ષિત છે. (કોઈકનાં ઘોડા ચોક્કસપ્રકારની નિશાની હોય તો એ નિશાનીનાં આધારે એ અશ્વને પોતાના તરીકે ઓળખી શકે છે. આમાં **मदीयत्व** સાધ્ય છે, **मदीयत्व** = મારાપણું જો ન હોય, તો આ વિશિષ્ટચિહ્ન પણ ન હોય એટલે આ વિશિષ્ટચિહ્નોપલક્ષિતત્વ એ હેતુ બને છે.

**च, वा, खलु** વગેરે નિપાતો છે.

**परि, उत, सम्, अव** વગેરે ઉપસર્ગો છે.

ચૌર્ણપદ આ બધાથી અગાધ હોય છે.

તથા એ અપરિમિતપાદવાળું હોય છે. એ શ્લોકની જેમ વિરામવાળું હોતું નથી. એ ગમ અને નયોથી શુદ્ધ હોય છે.

એમાં ગમ એટલે તે અક્ષરોનાં ઉચ્ચારણમાં પ્રવણ એવા ભિન્નઅર્થો. અર્થાત્ શબ્દો એકના એકજ બોલવાના, છતાં અર્થો બદલાતા જાય. દા.ત. **इह खलु छज्जीवणिया...** એ આખો પાઠ કુલ ત્રણવાર આવે છે. એમાં **इह, कयरा, इमा** એમ ત્રણ શબ્દો જ બદલાય છે. બાકી આખો પાઠ એકજ હોય છે... (આ જ ગ્રન્થનાં ચોથા અધ્યયનમાં આનો ખ્યાલ આવશે. એમ પક્ખિસૂત્રમાં પણ આલાવાઓ લગભગ સરખા આવે, માત્ર અમુક શબ્દ ફેરવાય એટલે એ અનુસારે થોડો ઘણો અર્થ બદલાતો રહે.)

નયો તો નૈગમં વગેરે પ્રસિદ્ધ જ છે.

**तु** શબ્દ અવધારણમાં છે. ટુંકમાં ગમ અને નયથી શુદ્ધ એવું જ ચૌર્ણપદ હોય છે. દા.ત. ઉત્તરાધ્યયનમાં દર્શાવેલું બ્રહ્મચર્યઅધ્યયનપદ. (આ અધ્યયનમાં પણ શરુઆતમાં બ્રહ્મચર્યની નવ વાડો માટેનાં ત્રણ આલાવાઓ લગભગ સરખા છે. એ પછી નવે

નવવાડોનાં વર્ણનમાં પણ તે તે વાડો નહિ પાળનારા ને શું શું નુકસાન થાય... એનું વર્ણન પણ એક સરખું છે... આમ એ ચૌર્ણપદ બને.)

(સાર : ઉપર પ્રમાણે જો વિચારીએ તો

(૧) વૃત્તિઓ, ચૂર્ણિઓ, આચારાંગાદિ તે તે સૂત્રો... ગદ્યપદ બને.

(૨) શ્લોકાત્મક રચનાઓ, અનુષ્ટુપ્, સ્રગ્ધરા-શિખરીણી વગેરે છન્દરચનાઓ પદ્ય બને.

(૩) જે ગીતરૂપે ગવાય... એ બધું સંગીતશાસ્ત્રમાન્ય ગેય બને.

(૪) સરખા આલાવાઓવાળી રચનાઓ ચૌર્ણપદ ગણાય. દૃષ્ટિવાદ, પક્ખિસૂત્ર વગેરે...)

આમ ગ્રથિત નો-અપરાધપદ કહેવાઈ ગયું.

પ્રકીર્ણક નો-અપરાધપદ લોકથી જાણી લેવું.

નો-અપરાધપદ કહેવાઈ ગયું.

---

**अधुना अपराधपदमाह-**

इंदियविसयकसाया परीसहा वेयणा य उवसग्गा । एए अवराहपया जत्थ विसीयंति दुम्मेहा ॥१७५॥

---

હવે અપરાધપદ કહે છે.

**નિર્યુક્તિ-૧૭૫ ગાથાર્થ :** ઈંદ્રિયો, વિષયો, કષાયો, પરીષહો, વેદના, ઉપસર્ગો આ અપરાધપદો છે. જેમાં દુર્બુદ્ધિવાળાઓ સીદાય છે.

---

**व्याख्या-इन्द्रियाणि-स्पर्शनादीनि विषयाः-स्पर्शादयः कषायाः-क्रोधादयः इन्द्रियाणि चेत्यादिद्वन्द्वः, 'परीषहाः' क्षुत्पिपासादयः 'वेदना' असातानुभवलक्षणा उपसर्गा-दिव्यादयः, एतानि 'अपराधपदानि' मोक्षमार्गं प्रत्यपराधस्थानानि, 'यत्र' येष्विन्द्रियादिषु सत्सु 'विषीदन्ति' आ( अव )बध्यन्ते, किं सर्व एव ?, नेत्याह-दुर्मेधसः क्षुल्लकवत्, कृतिनस्तु एभिरेव कारणभूतैः संसारकान्तारमुत्तरन्तीति गाथार्थः ॥१७५॥ क्षुल्लकस्तु पदे पदे विषीदन् संकल्पस्य वशं गतः, कोऽसौ खुल्लओ त्ति ?, कहाणयं-कुंकुणओ जहा एगो खंतो सपुत्तो पव्वइओ, सो य चेल्लओ तस्स अईव इट्ठो,स सीयमाणो य भणइ-खंता ! ण सक्केमि अणुवाहणो हिंडिउं, अणुकंपाए खंतेण दिण्णाओ**

उवाहणाओ, ताहे भणइ-उवरितला सीएणं फुट्टंति, खल्लिता से कयाओ, पुणो भणइ-सीसं मे अईव डज्झइ, ताहे सीसदुवारिया से अणुण्णाया, ताहे भणइ-ण सक्केमि भिक्खं हिंडिउं, तो से पडिसए ठियस्स आणेइ, एवं ण तरामि खंत ! भूमिए सुविउं, ताहे संथारो से अणुण्णाओ, पुणो भणइ-ण तरामि खंत ! लोयं काउं, तो खुरेण पकिज्जियं, ताहे भणइ-अण्हाणयं न सक्केमि, तओ से फासुयपाणएण कप्पो दिज्जइ, आयरियपाउग्गं वत्थजुयलयं धिप्पइ, एवं जं जं भणइ तं तं सो खंतो णेहपडिबद्धो तस्सणुजाणइ, एवं काले गच्छमाणे पभणिओ-न तरामि अविरइयाए विणा अच्छिउं खंतत्ति, ताहे खंतो भणइ-सढो, अजोग्गोत्ति काऊण पडिसयाओ णिप्फेडिओ, कम्मं काउं ण याणेइ, अयाणंतो खणसंखडीए थाणिं काउं अजिण्णेण मओ, विसयविसट्टो मरिउं महिसो आयाओ, वाहिज्जइ य, सो य खंतो सामण्णपरियागं पालेऊण आउक्खए कालगओ देवेसु उववण्णो, ओहिं पउंजइ, ओहिणा आभोएउण तं चेल्लयं तेण पुव्वणेहेणं तेसिं गोहाणं हत्थओ किणइ, वेउव्वियभंडीए जोएइ, वाहेइ य गरुगं, तं अतरंतो वोढुं तोत्तएण विंधेउं भणइ-ण तरामि खंता ! भिक्खं हिण्डिउं, एवं भूमीए सयणं लोयं काउं एवं ताणि वयणानि सव्वाणि उच्चारेइ जाव अविरययाए विणा न तरामि खंतत्ति, ताहे एवं भणंतस्स तस्स महिसस्स इमं चित्तं जायं-कहिं एरिसं वक्कं सुअं ति ?, ताहे ईहावुहमग्गणगवेसणं करेइ, एवं चिंतयंतस्स तस्स जाईसरणं समुप्पन्नं, देवेण ओही पउत्ता, संबुद्धो, पच्छा भत्तं पच्चक्खाइत्ता देवलोगं गओ । एवं पए पए विसीदन्तो संकप्पस्स वसं गच्छइ, जम्हा एस दोसो तम्हा अट्ठारससीलंगसहस्साणं सारणाणिमित्तं एए अवराहपए वज्जेज्ज ।

---

ટીકાર્થ : સ્પર્શાદિ પાંચ ઈન્દ્રિયો, સ્પર્શ વગેરે વિષયો, ક્રોધાદિ કષાયો, ભુખ-તરસાદિ પરીષહો, અશાતાના અનુભવરૂપ વેદના, દેવસંબંધી વગેરે ઉપસર્ગો... આ બધા અપરાધપદો છે, એટલે કે મોક્ષમાર્ગ પ્રત્યે આ અપરાધનાં સ્થાનો છે, કે જે ઈન્દ્રિયાદિ હોતે છતેં જીવો એમાં બંધાય છે.

પ્રશ્ન : શું બધા જ જીવો બંધાય છે ?

ઉત્તર : ના. દુષ્ટબુદ્ધિવાળાઓ ક્ષુલ્લકસાધુની જેમ આ અપરાધસ્થાનોમાં બંધાય છે. સુંદરબુદ્ધિવાળાઓ તો આ જ પદાર્થોને સંસારનાશનું કારણ બનાવીને કારણભૂત એવા આ બધાથી સંસારઅટવીને ઉતરે છે.

ક્ષુલ્લક તો પદે પદે = એકેએક અપરાધપદોમાં સીદાતો, સંકલ્પને વશ પડેલો બન્યો.

પ્રશ્ન : આ ક્ષુલ્લક કોણ છે ?

ઉત્તર : એક કથાનક છે.

કોંકણ દેશનાં એક પિતાએ પુત્ર સહિત દીક્ષા લીધી. તે પુત્ર પિતાને અત્યંત ઈષ્ટ હતો. સીદાતો પુત્ર કહે છે કે "બાપા ! જોડા વિના ચાલવા માટે હું સમર્થ નથી." પિતાએ અનુકંપાથી જોડા આપ્યા. ત્યારે પુત્ર કહે છે કે "મારા પગનાં ઉપરનાં તળીયા ઠંડીથી ફાટે છે" પિતાએ એને ખલ્લા કરી આપી. (ચામડાનું બનેલું એક પ્રકારનું સાધન ખલ્લા કહેવાય. એ પગની ઉપરબાજુનાં તળીયાની રક્ષા માટે બંધાય. સૌથી નીચે તો જોડા છે જ.)

ફરી પાછો પુત્ર કહે છે કે "મારું મસ્તક અત્યંત બળે છે" ત્યારે તેને શીર્ષદ્વારિકા (માથા ઉપર ઢાંકી શકાય એવા પ્રકારનું છત્ર જેવું સાધનવિશેષ...) ની રજા આપી. ત્યારે કહે છે કે "હું ગોચરી ફરવા સમર્થ નથી" પિતા એને ઉપાશ્રયમાં જ રાખીને બધું લાવી આપે છે. એમ દીકરો કહે છે કે "હું જમીન ઉપર ઉંઘવા માટે સમર્થ નથી." ત્યારે પિતાએ સંથારાની રજા આપી. ફરી પુત્ર કહે છે કે "હું લોચ કરવા સમર્થ નથી." તો પિતાએ અસ્ત્રાથી મુંડન કરાવ્યું. ત્યારે પુત્ર કહે છે કે "હું સ્નાન કર્યા વિના નહિ રહી શકું." ત્યારે પિતાએ અચિત-નિર્દોષ પાણીથી ભીનું વસ્ત્ર કરી શરીર સ્વચ્છ કરવા દીધું. એમ આચાર્યપ્રયોગ્ય બે વસ્ત્રો પણ ગ્રહણ કર્યા. આમ એ જે જે કહે છે સ્નેહથી બંધાયેલ પિતા એ બધાની રજા આપે છે. આમ કાલ પસાર થાય છે. એકવાર એ કહે છે કે "બાપા ! હું સ્ત્રી વિના રહેવા માટે સમર્થ નથી.." ત્યારે પિતા કહે છે કે "તું લુચ્ચો, અયોગ્ય છે" પિતાએ એને ઉપાશ્રયમાંથી કાઢી મુકયો.

હવે એ પુત્ર તો કંઈપણ કામ કરવાનું જાણતો જ નથી. અજ્ઞાની એવો તે કોઈ મહોત્સવનાં જમણવારમાં ખૂબ ભોજન કરીને, અજીર્ણ થવાથી મરી ગયો. વિષયસુખનાં આર્તધ્યાનને લીધે તે મરીને પાડો થયો. લોકો એને વહન કરે છે.

તે પિતા સાધુપર્યાય પાળીને આયુષ્યનો ક્ષય થવાથી કાલ પામી દેવલોકમાં ઉત્પન્ન થયો. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકે છે, અવધિજ્ઞાનથી તે પુત્રને જાણીને તે જ પૂર્વનાં સ્નેહને લીધે તે ગોધ-પાડાને વહન કરનારાઓનાં હાથમાંથી તેને ખરીદીને લઈ લે છે. વૈક્રિય ગાડું બનાવી તેમાં એને જોડે છે. પુષ્કળભાર વહન કરાવે છે. પેલો પાડો વહન

કરવા અસમર્થ બને છે. ત્યારે તોત્રક (એક પ્રકારનું પાડાને મારવાનું શસ્ત્ર) થી પાડાને વીંધીને કહે છે કે "પિતાજી ! ગોચરી ફરવા હું સમર્થ નથી. એમ ભૂમિ પર ઊંઘવા, લોચ કરવા સમર્થ નથી..." આમ તે બધા જ વચનો ઉચ્ચારે છે... છેક છેલ્લે આ વચન પણ ઉચ્ચારે છે કે "હું સ્ત્રી વિના રહી શકીશ નહિ." દેવ આ બધું બોલે છે, એ સાંભળીને તે પાડાને આવો વિચાર આવ્યો કે "આવું વાક્ય ક્યાંક, કોઈક રીતે સાંભળેલું છે." ત્યારે તે ઈહા-અપોહ-માર્ગણ-ગવેષણા (ઊંડાણપૂર્વક ખૂબ વિચારણા) કરે છે. આ પ્રમાણે વિચારતા તેને જાતિસ્મરણ થયું. દેવે અવધિજ્ઞાનનો ઉપયોગ મુક્યો. પેલો પાડો બોધ પામ્યો, પછી અનશન કરીને દેવલોકમાં ગયો.

આમ અપરાધપદોમાં સીદાતો જીવ સંકલ્પને વશ થાય છે. આ દોષ છે, માટે જ ૧૮ હજાર શીલાંગોની રક્ષા માટે, સ્મરણ માટે આ અપરાધપદોને છોડી દેવા જોઈએ.

---

**तथा चाह-**

अट्ठारस उ सहस्सा सीलंगाणं जिणेहिं पन्नत्ता । तेसिं पडि(रि)रक्खणट्ठा अवराहपए उ वज्जेज्जा ॥१७६॥

---

આ જ વાત કરે છે કે

**નિર્યુક્તિ-૧૭૬ ગાથાર્થ :** જિનેશ્વરોએ ૧૮ હજાર શીલાંગો કહ્યા છે, તેની રક્ષા કરવા માટે અપરાધપદોને છોડી દેવા.

---

**व्याख्या-अष्टादश सहस्राणि, तुरवधारणे, अष्टादशैव, शीलं-भावसमाधिलक्षणं तस्याङ्गानि-भेदाः कारणानि वा शीलाङ्गानि तेषां '<u>जिनैः</u>' प्रागिनरूपितशब्दार्थैः '<u>प्रज्ञप्तानि</u>' प्ररूपितानि, '<u>तेषां</u>' शीलाङ्गानां '<u>परिरक्षणार्थं</u>' परिरक्षणनिमित्तम् '<u>अपराधपदानि</u>' प्रागिनरूपितस्वरूपाणि '<u>वर्जयेत्</u>' जह्यादिति गाथार्थः ॥१७६॥**

---

**ટીકાર્થ :** શીલ એટલે ભાવસમાધિ. તેના અંગો-ભેદો જિનેશ્વરોએ ૧૮૦૦૦ જ બતાવેલા છે. અંગનો અર્થ કારણ પણ થાય. તે શીલાંગોની રક્ષા માટે દર્શાવેલા સ્વરૂપવાળા અપરાધપદોને ત્યાગી દેવા જોઈએ.

---

**साम्प्रतं शीलाङ्गसहस्रप्रतिपादनोपायभूतमिदं गाथासूत्रमाह-**

जोए करणे सन्ना इंदिय भोमाइ समणधम्मे य । सीलंगसहस्साणं अट्ठारसगस्स निप्फत्ती ॥१७७॥ सामण्णपुव्वयनिज्जुत्ती समत्ता ॥२॥

હવે ૧૮૦૦૦ શીલાંગોનાં પ્રતિપાદન માટેનાં ઉપાયભૂત આ ગાથાસૂત્રને કહે છે. (અર્થાત્ ૧૮૦૦૦ શીલાંગો શી રીતે બને એ દર્શાવે છે.)

નિર્યુક્તિ-૧૭૭ ગાથાર્થ યોગ, કરણ, સંજ્ઞા, ઇન્દ્રિય, પૃથ્વ્યાદિ, શ્રમણધર્મમાં ૧૮૦૦૦ શીલાંગોની નિષ્પત્તિ થાય છે.

---

व्याख्या-तत्थ ताव जोगो तिविहो, कायेण वायाए मणेणं ति, करणं तिविहं-कयं कारियं अणुमोइयं, सन्ना चउव्विहा, तंजहा-आहारसण्णा भयसण्णा मेहुणसण्णा परिग्गहसण्णा, इंदिए पंच, तंजहा-सोइंदिए चक्खिदिए घाणिंदिए जिब्भिदिए फासिंदिए, पुढविकाइयाइया पञ्च, बेइंदिया जाव पंचेंदिया अजीवनिकायपंचमा, समणधम्मो दसविहो, तंजहा-खंती मुत्ती अज्जवे मद्दवे लाघवे सच्चे तवे संजमे य आकिंचणया बंभचेरवासे । एसा ठाणपरूवणा, इयाणिं अट्ठारसण्हं सीलंगसहस्साणं समुक्कित्तणा-काएणं न करेमि आहारसन्नापडिविरए सोइंदियपरिसंवुडे पुढविकाय-समारंभपडिविरए खंतिसंपजुत्ते, एस पढमो गमओ १, इयाणिं बिइओ भण्णइ-काएणं ण करेमि आहारसण्णापडिविरए सोइंदियपरिसंवुडे पुढविकायसमारंभपडिविरए मुत्तिसंपजुत्ते, एस बीइओ गमओ, इयाणिं तइयओ एवं एएण कमेण जाव दसमो गमओ बंभचेरसंपउत्तो, एस दसमओ गमओ । एए दस गमा पुढविकायसंजमं अमुंचमाणेण लद्धा, एवं आउकाएणवि दस चेव, एवं जाव अजीवकाएणवि दस चेव, एवमेयं अणूणं सयं गमयाणं सोइंदियसंवुडं अमुंचमाणेण लद्धं, एवं चक्खिदिएणवि सयं, घाणिंदिएणवि सयं, जिब्भिदिएणवि सयं, फासिंदिएणवि सयं, एवमेयाणि पंच गमसयाणि आहारसण्णापडिविरयममुंचमाणेणं लद्धाणि, एवं भयसण्णाएवि पंच सयाणि, मेहुणसण्णाएवि पंचसयाणि, परिग्गहसण्णाएवि पंच सयाणि, एवमेयाणि वीसं गमसयाणि ण करेमि अमुञ्चमाणेण लद्धाणि, एवं ण कारवेमित्ति वीसं सयाणि, करंतंपि अन्नं न समणुजाणामित्ति वीसं सयाणि, एवमेयाणि छ सहस्साणि कायं अमुंचमाणेण लद्धाणि, एवं वायाएवि छ सहस्साणि, एवं मणेणवि छ सहस्साणि । एवमेतेन प्रकारेण शीलाङ्गसहस्राणामष्टादशकस्य निष्पत्तिर्भवतीति गाथार्थः ॥१७७॥

---

ટીકાર્થ : તેમાં યોગ ત્રણપ્રકારે છે. કાયાથી, વચનથી, મનથી.

કરણ ત્રણપ્રકારે છે. કૃત, કારિત, અનુમોદિત.

સંજ્ઞા ચારપ્રકારે છે. આહાર, ભય, મૈથુન, પરિગ્રહ.

ઈંદ્રિય પાંચ છે. શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, જીભ, સ્પર્શન.

પૃથ્વ્યાદિ દસ છે. પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, બેઈ., તેઈ., ચઉ., પંચે., અજીવ.

શ્રમણધર્મ દસ છે. ક્ષમા, મુક્તિ, સરળતા, મૃદુતા, લાઘવ, સત્ય, તપ, સંયમ, આકિંચન્ય, બ્રહ્મચર્ય.

(**बेइंदिया जाव पंचेन्दिया** એ કુલ ચાર છે. એમાં અજીવનિકાય પાંચમો છે. પૃથ્વી વગેરે પાંચ કહ્યા જ છે. એમ કુલ ૧૦ થાય.)

આ સ્થાન પ્રરૂપણા કરી. (જે સ્થાનોથી શીલાંગો બને છે, તે સ્થાન દર્શાવ્યા)

હવે ૧૮૦૦૦ શીલાંગોનું કથન કરાય છે.

(૧) આહારસંજ્ઞાવિરતિવાળો, શ્રોત્રેન્દ્રિયસંવરવા ો, પૃથ્વીકાયસમારંભવિરતિવા ો, ક્ષમાવા ો હું કાયાથી પાપ કરીશ નહિ. આ પહેલો ભેદ છે.

હવે બીજો કહે છે.

(૨) આહાર સંજ્ઞાવિરતિવાળો... મુક્તિવાળો હું કાયાથી પાપ કરીશ નહિ.

આમ ત્રીજો... આમ આ ક્રમથી બ્રહ્મચર્યવાળો એમ દસમો ભેદ થશે.

આ દસભેદ પૃથ્વીકાયસંયમને છોડ્યા વિના મળ્યા. એજ પ્રમાણે અપ્કાયથી પણ દસ. એમ અજીવકાયથી પણ દસ. આમ આ સંપૂર્ણ ૧૦૦ ભેદ શ્રોત્રેન્દ્રિય સંવરને છોડ્યા વિના મળ્યા. એમ ચક્ષુથી પણ ૧૦૦, ઘ્રાણથી પણ ૧૦૦, જીભથી પણ ૧૦૦, સ્પર્શનથી પણ ૧૦૦, એમ આ ૫૦૦ ભેદો આહારસંજ્ઞાની વિરતિને છોડ્યા વિના મળ્યા. એ પ્રમાણે ભયસંજ્ઞાથી પણ ૫૦૦ મળે. મૈથુન સંજ્ઞાથી પણ ૫૦૦ મળે, પરિગ્રહસંજ્ઞાથી પણ ૫૦૦ મળે.

આમ આ ૨૦૦૦ ભાંગા થયા.

આ બધા **न करेमि** ને છોડ્યા વિના મળ્યા. એમ **ण कारवेमि**નાં પણ ૨૦૦૦ અને **करंतपि अन्नं न समणुजाणामि** ના પણ ૨૦૦૦ એમ કુલ ૬૦૦૦ ભાંગા થયા.

આમ આ ૬૦૦૦ ભાંગા શરીરને છોડ્યા વિના મળ્યા. એ રીતે વચનથી પણ ૬૦૦૦ અને મનથી પણ ૬૦૦૦ થાય.

આમ આ પ્રકારે ૧૮૦૦૦ શીલાંગોની નિષ્પતિ થાય.

(આ પ્રથમગાથાનો ભાવાર્થ આ છે કે (૧) જે શબ્દાદિ કામોને ન અટકાવે તે (૨) ઈંદ્રિય, કષાય, ઉપસર્ગાદિ પદોમાં સીદાય (૩) તે છેલ્લે કામવિકારાદિ સંકલ્પને વશ થાય. (૪) તે સાધુપણું પાળી ન શકે...)

**न केवलमयमधिकृतसूत्रोक्तः उक्तवच्छ्रामण्याकरणादश्रमणः किन्त्वाजीविकादिभयप्रव्रजितः संक्लिष्टचित्तो द्रव्यक्रियां कुर्वन्नप्यश्रमण एव-अत्याग्येव, कथम्, यत आह सूत्रकारः-**

**वत्थगंधमलंकारं, इत्थीओ सयणाणि य । अच्छंदा जे न भुंजंति, न से चाइत्ति वुच्चइ ॥२॥**

માત્ર આ પહેલાસૂત્રમાં કહેલો સાધુ જ દર્શાવ્યા પ્રમાણે સાધુપણું ન પાળવાથી અશ્રમણ છે. એમ નહિ, પરંતુ આજીવિકાદિનાં ભયથી પ્રવ્રજિત થયેલો, સંક્લિષ્ટચિત્તવાળો સાધુ દ્રવ્યક્રિયાને કરતો હોય તો પણ અશ્રમણ જ છે, અત્યાગી જ છે.

**પ્રશ્ન :** એવું શી રીતે ?

**ઉત્તર :** કેમકે સૂત્રકાર કહે છે કે

**દશવૈકાલિક-૨ ગાથાર્થ** અસ્વવશ જેઓ વસ્ત્ર, ગંધ, અલંકાર, સ્ત્રી, સ્વજનોને ભોગવતા નથી. તે ત્યાગી કહેવાતા નથી.

**अस्य व्याख्या-'वस्त्रगन्धालङ्कारानि'ति, अत्र वस्त्राणि-चीनांशुकादीनि गन्धाः कोष्ठपुटादयः अलङ्काराः-कटकादयः, अनुस्वारोऽलाक्षणिकः, स्त्रियोऽनेकप्रकाराः, 'शयनानि' पर्यङ्कादीनि, चशब्द आसनाद्यनुक्तसमुच्चयार्थः, एतानि वस्त्रादीनि किम् ?, 'अच्छन्दाः' अस्ववशा ये केचन 'न भुञ्जते' नासेवन्ते, किं बहुवचनोद्देशेऽप्येकवचननिर्देशः ?, विचित्रत्वात्सूत्रगतेर्विपर्ययश्च भवत्येवेतिकृत्वा, आह-'नासौ त्यागीत्युच्यते' सुबन्धुवन्नासौ श्रमण इति सूत्रार्थः ॥२॥**

**ટીકાર્થ :** વસ્ત્ર એટલે ચીનાંશુક વગેરે. (તે નામના તે કાળમાં પ્રસિદ્ધ સારાવસ્ત્રો)

ગન્ધ એટલે કોષ્ઠપુટ વગેરે. (ચંદનનું ચૂર્ણ વગેરે...)

અલંકાર એટલે કટક વગેરે. (કડા, મુગટ વગેરે...)

ગાથામાં **म** કાર નિરર્થક છે.

સ્ત્રીઓ અનેકપ્રકારની હોય છે.

શયન એટલે પલંગ વગેરે.

च શબ્દ આસન વગેરે નહિ કહેવાયેલી વસ્તુઓનાં સમુચ્ચય માટે છે.

જે કોઈ જીવો અસ્વવશ છે, એટલે કે જેઓની પાસે આ બધી વસ્તુઓ છે જ નહિ, અને માટે જેઓ આ બધી વસ્તુઓને ભોગવતા નથી તેઓ ત્યાગી ન કહેવાય.

**પ્રશ્ન : अस्ववशाः ये...** આમ બહુવચનથી ઉદ્દેશ કર્યા બાદ પણ **न से=स** એમ એકવચનનો નિર્દેશ શા માટે ?

ઉત્તર : સૂત્રની ગતિ વિચિત્ર હોવાથી વિપર્યય = ફેરફાર થઈ જ શકે છે. એટલે એમાં કોઈ દોષ નથી. એજ કહે છે કે આ સાધુ "ત્યાગી" એ શબ્દથી ઓળખાવી ન શકાય. અર્થાત્ સુબન્ધુની જેમ આ સાધુ શ્રમણ ન કહેવાય.

---

**कः पुनः सुबन्धुरिति ?, अत्र कथानकम्-जया णंदो चंदगुत्तेण णिच्छुड्ढो, तया तस्स दारेण निगच्छंतस्स दुहिया चंदगुत्ते दिट्ठिं बंधेइ, एवं अक्खाणयं जहा आवस्सए जाव बिंदुसारो राया जाओ, णंदसंतिओ य सुबंधू णाम अमच्चो, सो चाणक्कस्स पदोसमावण्णो छिद्दाणि मग्गइ, अण्णया रायाणं विण्णवेइ-जइवि तुम्हे अम्हं वित्तं ण देह तहावि अम्हेहिं तुम्ह हियं वत्तव्वं, भणियं च-तुम्ह माया चाणक्केण मारिया, रण्णा धाई पुच्छिया, आमंति, कारणं ण पुच्छियं, केणवि कारणेण रण्णो य सगासं चाणक्को आगओ, जाव दिट्ठिं न देई ताव चाणक्को चिंतेइ-रुट्ठो एस राया, अहं गयाउओत्तिकाउं दव्वं पुत्तपउत्ताणं दाऊणं संगोवित्ता य गंधा संजोइआ, पत्तयं च लिहिऊण सोऽवि जोगो समुग्गे छूढो, समुग्गो य चउसु मंजूसासु छूढो, तासु छुभित्ता पुणो गन्धोवरए छूढो, तं बहूहिं कीलियाहिं सुघडियं करेत्ता दव्वजायं णातिवग्गं च धम्मे णिओइत्ता अडवीए गोकुलट्ठाणे इंगिणिमरणं अब्भुवगओ, रण्णा य पुच्छियं-चाणक्को किं करेइ ?, धाई य से सव्वं जहावत्तं परिकहेइ, गहियपरमत्थेण य भणियं-अहो मया असमिक्खियं कयं, सव्वंतेउरजोहबलसमग्गो खामेउं निग्गओ, दिट्ठो अणेण करीसमज्झट्ठिओ, खामियं सबहुमाणं, भणिओ अणेण-णगरं वच्चामो, भणइ-मए सव्वपरिच्चाओ कओत्ति । तओ सुबंधुणा राया विण्णविओ-अहं से पूयं करेमि अणुजाणह, अणुण्णाए धूवं डहिऊण तंमि चेव एगप्पएसे करीसस्सोवरि ते अंगारे परिट्ठवेइ, सो य करीसो पलित्तो, दड्ढो चाणक्को, ताहे सुबंधुणा राया विण्णविओ-चाणक्कस्स संतियं घरं ममं अणुजाणह, अणुण्णाए गओ, पच्चुविक्खमाणेण य घरं दिट्ठो अपवरओ घट्टिओ, सुबंधू चिंतेइ-**

**किमवि इत्थत्ति कवाडे भंजित्ता उग्घाडिओ, मंजूसं पासइ, सावि उग्घाडिया, जाव समुग्गं पासइ, मघमघंतं गंधं सपत्तयं पेच्छइ, तं पत्तयं वाएइ, तस्स य पत्तगस्स एसो अत्थो-जो एयं चुण्णयं अग्घाइ सो जइ ण्हाइ वा समालभइ वा अलंकारेइ सीउदगं पिवइ महईए सेज्जाए सुवइ जाणेण गच्छइ गंधव्वं वा सुणेइ एवमाई अण्णे वा इट्ठे विसए सेवेइ जहा साहुणो अच्छंति तह सो जइ ण अच्छेइ तो मरइ, ताहे सुबंधुणा विण्णासणत्थं अण्णो पुरिसो अग्घावित्ता सद्दाइणो विसए भुंजाविओ मओ य, तओ सुबंधू जीवियट्ठी अकामो साहू जहा अच्छंतोवि ण साहू । एवमधिकृतसाधुरपि न साधुः, अतो न त्यागीत्युच्यते, अभिधेयार्थाभावात् ।**

---

પ્રશ્ન : આ સુબંધુ કોણ છે ?

ઉત્તર : આમાં કથાનક છે.

જયારે નંદને ચંદ્રગુપ્તે કાઢી મુક્યો. ત્યારે બારણામાંથી (નગરના દ્વારમાંથી) નીકળતા તે નંદની દીકરી ચંદ્રગુપ્ત ઉપર દૃષ્ટિ બાંધે છે... આ વાર્તા જે રીતે આવશ્યકમાં છે, એ રીતે સમજવી. યાવત્ ચંદ્રગુપ્તનો પુત્ર બિંદુસાર રાજા થયો. તે વખતે સુબંધુ નામનો નંદસંબંધી મંત્રી હતો. (નંદ ગયા બાદ પણ એ મંત્રી તરીકે ચાલુ જ હતો.) તે ચાણક્ય ઉપર દ્વેષી બનેલો, ચાણક્યનાં દોષો શોધે છે. એકવાર રાજાને કહે છે કે "જો કે તમે અમને ધન આપતા નથી, તો પણ અમારે તમારું હિત કરવું જોઈએ." પછી કહ્યું કે "તમારી માતાને ચાણક્યે મારી નાંખી હતી."

રાજાએ ધાવમાતાને પૃચ્છા કરી. તેણે "હા" પાડી. પણ "ચાણક્યે શા માટે માતાને મારેલી" એ કારણની પૃચ્છા ન કરી. આ બાજુ ચાણક્ય કોઈપણ કારણસર રાજાની પાસે આવ્યો. રાજા એની સામું જોતો નથી, એટલે ચાણક્ય વિચારે છે કે "આ રાજા ગુસ્સે થયો છે, મારું આયુષ્ય પૂર્ણ થયું છે." એટલે ઘરે જઈને ધન પુત્ર-પૌત્રોને આપી દઈને અને છુપાવી દઈને ગંધદ્રવ્યો ભેગા કર્યા. એ એક દાબડામાં મુક્યા. એક પત્ર લખીને તે પણ દાબડામાં મુક્યો. એ દાબડો ચાર પેટીઓમાં મુક્યો. (એક પેટીમાં બીજી પેટી, બીજીમાં ત્રીજી, ત્રીજીમાં ચોથી એમાં દાબડો...) તેમાં નાંખીને પછી ગંધનાં ઓરડામાં નાંખ્યો. (એટલે કે એ મોટીપેટી ગંધદ્રવ્ય રાખવાનાં ઓરડામાં મુકી.) તેને ઘણાં ખીલાઓથી સુઘટિત કરીને ધન અને સ્વજનોને ધર્મમાં જોડીને જંગલમાં ગોકુલસ્થાને ઈંગિનીમરણ અણસણ સ્વીકારી લીધું

રાજાએ પૃચ્છા કરી કે "ચાણક્ય શું કરે છે ?" ત્યારે ધાવમાતાએ (બધી વાત

જાણ્યા બાદ) રાજાને બધી જ સાચી વાત જણાવી. (આવશ્યકમાં એ વાત આવી ગઈ છે.) સાચીવાત જાણ્યા બાદ રાજાએ કહ્યું કે "અરેરે ! મેં વિચાર્યા વિના કામ કર્યું." પછી આખા અંતઃપુર, યોદ્ધાઓનાં સૈન્ય સાથે ચાણક્યની ક્ષમા માંગવા નીકળ્યો. રાજાએ ચાણક્યને છાણનાં ઢગલાની ઉપર બેઠેલો જોયો. રાજાએ બહુમાનપૂર્વક ક્ષમા માંગી. રાજાએ કહ્યું "ચાલો, આપણે નગરમાં જઈએ." ચાણક્ય કહે છે કે "મેં બધાનો ત્યાગ કર્યો છે."

પછી સુબંધુએ રાજાને વિનંતિ કરી કે "હું ચાણક્યની પૂજા કરીશ, મને રજા આપો." રાજાએ રજા આપી, એટલે મંત્રીએ ધૂપ બાળીને ત્યાંજ એક ભાગમાં છાણની ઉપર તેના અંગારાઓ નાંખી દીધા. તે છાણ બળવા લાગ્યા. ચાણક્ય બળ્યો.

પછી સુબંધુએ રાજાને વિનંતિ કરી કે "ચાણક્યનું ઘર મને આપો." રાજાએ રજા આપી, એટલે તે ચાણક્યનાં ઘરે ગયો. ઘરમાં તપાસ કરતાં એણે બંધ ઓરડો જોયો. સુબંધુ વિચારે છે "કંઈક હશે" એટલે બારણું તોડીને ઓરડો ઉઘાડ્યો. પેટીને જુએ છે, તે પણ ઉઘાડે છે... એમ દાબડો જુએ છે. એમાં પત્ર સહિતની મઘમઘતી ગંધને જુએ છે. તે પત્રને વાંચે છે. તે પત્રનો આ અર્થ છે કે "જે આ ચૂર્ણને સુંઘશે, તે જો સ્નાન કરશે કે મૈથુન સેવન કરશે કે અલંકારો પહેરશે કે કાચું પાણી પીશે કે મોટી શય્યા ઉપર ઉંઘશે કે વાહનવડે જશે કે ગંધર્વસંગીતને સાંભળશે. વગેરે કે બીજા પણ ઈષ્ટવિષયોને સેવશે... ટુંકમાં જેમ સાધુઓ રહે છે તેમ જો નહિ રહે તો એ મરી જશે."

ત્યારે સુબંધુએ આ વાત સાચી છે કે ખોટી એની તપાસ કરવા માટે બીજા પુરુષને એ ચૂર્ણ સુંઘાડીને શબ્દાદિ ભોગો ભોગવડાવ્યા. અને પેલો માણસ મરી ગયો. ત્યારપછી સુબંધુ જીવવાની ઈચ્છાથી ઈચ્છા વિના જ સાધુની જેમ રહેવા લાગ્યો. પણ જેમ આ રીતે એ સાધુની જેમ રહેતો હોવા છતાં સાધુ ન ગણાય. તેમ આ ગાથામાં દર્શાવેલા પ્રકારનો સાધુ પણ સાધુ ન ગણાય. માટે જ તે ત્યાગી એમ ન કહેવાય કેમકે "ત્યાગી" શબ્દનો જે અર્થ છે કે સ્વાધીન એવા ભોગસુખોને ન ભોગવવા... એ અર્થનો જ આમાં અભાવ છે. આ તો ભોગસુખ નથી, માટે ભોગવતો નથી...

---

**यथा चोच्यते तथाऽभिधातुकाम आह-**

**जे य कंते पिए भोए, लद्धे विपिट्ठिकुव्वइ । साहीणे चयई भोए, से हु चाइत्ति वुच्चई ॥३॥**

---

જે રીતે એ સાધુ કહેવાય, તે રીતે કહેવાની ઈચ્છાવાળા કહે છે કે

દશવૈકાલિક-૩ ગાથાર્થ : જે કાંત, પ્રિય, લબ્ધ ભોગોને છોડે છે, સ્વાધીન ભોગોને છોડે છે, તે ખરેખર "ત્યાગી" એ પ્રમાણે કહેવાય.

---

अस्यव्याख्या-चशब्दस्यावधार( णार्थ )त्वात् य एव 'कान्तान्' कमनीयान् शोभनानित्यर्थः प्रियान् इष्टान्, इह कान्तमपि किञ्चित् कस्यचित् कुतश्चिन्निमित्तान्तरादप्रियं भवति, यथोक्तम्-"चउहिं ठाणेहिं संते गुणे णासेज्जा, तंजहा-रोसेणं पडिनिवेसेणं अकयण्णुयाए मिच्छत्ताभिनिवेसेणं" अतो विशेषणं प्रियानिति, 'भोगान्' शब्दादीन् विषयान् 'लब्धान्' प्राप्तान् उपनताननितियावत्, 'विपिट्ठिकुव्वइ'त्ति विविधम्-अनेकैः प्रकारैः शुभभावनादिभिः पृष्ठतः करोति, परित्यजतीत्यर्थः, स च न बन्धनबद्धः प्रोषितो वा किन्तु ? 'स्वाधीनः' अपरायत्तः स्वाधीनानेव त्यजति भोगान्, पुनस्त्यागग्रहणं प्रतिसमयं त्यागपरिणामवृद्धिसंसूचनार्थम्, भोगग्रहणं तु संपूर्णभोगग्रहणार्थ-त्यक्तोपनतभोगसूचनार्थं वा, ततश्च य ईदृशः हुशब्दस्यावधारणार्थत्वात् स एव त्यागीत्युच्यते, भरतादिवदिति । अत्राह-जइ भरहजंबुनामाइणो जे संते भोए परिच्चयंति ते परिच्चाइणो, एवं ते भणंतस्स अयं दोसो हवइ-जे केऽवि अत्थसारहीणा दमगाइणो पव्वइऊण भावओ अहिंसाइगुणजुत्ते सामण्णे अब्भुज्जुया ते किं अपरिच्चाइणो हवंति ?, आयरिय आह-तेऽवि तिण्णि रयणकोडीओ परिच्चइऊण पव्वइया-अग्गी उदयं महिला तिण्णि रयणाणि लोगसाराणि परिच्चइऊण पव्वइया, दिट्ठंतो-एगो पुरिसो सुधम्मसामिणो सयासे कट्ठहारओ पव्वइओ, सो भिक्खं हिंडंतो लोएण भण्णइ-एसो कट्ठहारओ पव्वइओ, सो सेहत्तेण आयरियं भणइ-ममं अण्णत्थ णेह, अहं न सक्केमि अहियासेत्तए, आयरिएहिं अभओ आपुच्छिओ-वच्चामोत्ति, अभओ भणइ-मासकप्पपाउग्गं खित्तं किं एयं न भवइ ? जेण अत्थक्के अण्णत्थ वच्चह ?, आयरिएहिं भणियं-जहा सेहनिमित्तं, अभओ भणइ-अच्छह वीसत्था, अहमेयं लोगं उवाएण निवारेमि, ठिओ आयरिओ । बिइए दिवसे तिण्णि रयणकोडीओ ठवियाओ, उग्घोसावियं नगरे-जहा अभओ दाणं देइ, लोगो आगओ, भणियं चऽणेण-तस्साहं एयाओ तिण्णि कोडिओ देमि जो एयाइं तिण्णि परिहरइ-अग्गीं पाणियं महिलियं च, लोगो भणइ-एएहिं विणा किं सुवन्नकोडिहिं ?, अभओ भणइ-ता किं भणह-दमओत्ति पव्वइओ, जोडवि णिरत्थओ पव्वइओ तेणवि एयाओ

**तिण्णि सुवन्नकोडीओ परिच्चत्ताओ, सच्चं सामि ! ठिओ लोगो पत्तीओ । तम्हा अत्थपरिहीणोऽवि संजमे ठिओ तिण्णि लोगसाराणि अग्गी उदयं महिलाओ य परिच्चयंतो चाइत्ति लब्भइ । कृतं प्रसङ्गेनेति सूत्रार्थः ॥३॥**

---

**ટીકાર્થ : च** શબ્દ અવધારણ અર્થવાળો હોવાથી આ પ્રમાણે અર્થ કરવો કે **य एव** જે સારા, ઈષ્ટ, પ્રાપ્ત ભોગેને છોડી દે છે... તે ત્યાગી એમ કહેવાય છે.

અહીં ભોગનાં બે વિશેષણો છે, કાન્ત અને પ્રિય એમાં કોઈક વસ્તુ કાન્ત = સારી હોય તો પણ કોઈકને કોઈક બીજા કારણસર અપ્રિય હોય એ શક્ય છે, સ્થાનાંગસૂત્રમાં કહ્યું છે કે ચારસ્થાનોથી જીવ વિદ્યમાન ગુણોનો નાશ કરી દે છે. તે આ પ્રમાણે (૧) ક્રોધથી (૨) પ્રતિનિવેશથી (૩) અકૃતજ્ઞતાથી (૪) મિથ્યાત્વાભિનિવેશથી. (જેના ઉપર ક્રોધ હોય, એના ગુણો પણ દોષ લાગે. પ્રતિનિવેશ = ઈર્ષ્યા. જેના પ્રત્યે ઈર્ષ્યા હોય તેના ગુણો પણ દોષ લાગે. જો કૃતજ્ઞતા ન હોય તો ઉપકારીએ કરેલા ઉપકાર રૂપ ગુણને પણ જીવ ભૂલી જાય - દોષ માને. જો મિથ્યાત્વનો કદાગ્રહ હોય તો એ તે તે ગુણોને દોષરૂપ જ માનતો હોય એટલે એ રીતે તે ગુણોનો નાશ કરે. જેમ સંસારત્યાગને કાયરતા ગણનારા નાસ્તિકવાદીઓ દીક્ષા લેનારાનાં વૈરાગ્યગુણને કાયરતારૂપે ગણે છે...)

આમ સારી વસ્તુ પણ કોઈકને અપ્રિય હોઈ શકે છે, એટલે જ **प्रिय** વિશેષણ મુકેલું છે. (અર્થાત્ અપ્રિય કાન્તભોગોને ત્યાગે તે સાધુ નહિ. પરંતુ પ્રિયકાન્તભોગોને ત્યાગે તે સાધુ)

**विपिट्ठिकुव्वइ** નો અર્થ **वि-** વિવિધ-શુભભાવનાદિરૂપ અનેકપ્રકારોથી જેઓ ભોગોને છોડી દે.

આ ત્યાગ કરનાર પણ કોઈ બંધનમાં બંધાયેલો કે પરદેશ ગયેલો અને માટે ભોગ ન ભોગવનારો નથી લેવાનો, પરંતુ જે સ્વાધીન છે, એટલે કે ભોગો ભોગવવાની સંપૂર્ણ અનુકૂળતાવાળો છે, એવો જે આત્મા સ્વાધીન એવા જ ભોગોને ત્યાગે છે તે ત્યાગી કહેવાય છે.

પ્રશ્ન **विपट्ठिकुव्वइ**માં એકવાર તો ત્યાગ બતાવી દીધો, પછી **चयइ** દ્વારા બીજીવાર ત્યાગનું ગ્રહણ શા માટે કર્યું ?

**ઉત્તર :** ફરીથી ત્યાગનું ગ્રહણ "એ આત્માનાં ત્યાગ પરિણામ પ્રતિસમયે વૃદ્ધિ પામી રહ્યા છે." એ સુચવવા માટે છે.

**પ્રશ્ન :** ગાથામાં બે વાર **भोए** શબ્દ લેવાની શી જરૂર ?

ઉત્તર : "તમામે તમામ ભોગો લઈ લેવા છે." એ માટે બે વાર **ભોગ** શબ્દ લીધો છે. અથવા તો પહેલો **ભોગ** શબ્દ પ્રિય,કાન્ત, પ્રાપ્ત ભોગોને દર્શાવનાર છે. અને બીજો ભોગ શબ્દ જે ભોગો ત્યજી દીધેલા અને પાછા પ્રાપ્ત થયેલા હોય એ ભોગોને સુચવનાર છે. (જે શબ્દાદિનો આ જીવે પૂર્વે ત્યાગ કરેલો હોય, એ જ શબ્દાદિ આને દીક્ષાનો નિર્ણય લીધા બાદ પાછા પ્રાપ્ત થાય, તો એનો પણ આ જીવે ત્યાગ કરવાનો છે... એમાં લપેટાઈ જવાનું નથી. જેમ ચાણક્યને બિંદુસારે ફરીથી મંત્રીપદ સ્વીકારવાની વિનંતિ કરી. તો એ મંત્રીસંબંધી ભોગો **त्यक्तोपनत** બનેલા કહેવાય. ચાણક્યે એનો સ્વીકાર ન કર્યો...)

જે આવો હોય, તે જ ભરતચક્રી વગેરેની જેમ ત્યાગી કહેવાય. **हु** શબ્દ અવધારણાર્થવાળો હોવાથી "તે જ " એમ અર્થ લીધો છે.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જો ભરત, જંબુ વગેરે જેઓએ વિદ્યમાન ભોગોને ત્યાગ્યા છે તેઓ જ ત્યાગી હોય, તો આવું બોલનારા તમને આ દોષ છે કે જે કોઈક ધનરૂપ સારથી હીન ભિખારી વગેરે દીક્ષા લઈને અહિંસાદિગુણવાળા ધર્મમાં ભાવથી ઉદ્યમવાળા બન્યા છે. તે શું અપરિત્યાગી છે ? (તમારા કહેવા પ્રમાણે તો એ અપરિત્યાગી જ બનશે.)

આચાર્ય કહે છે કે તેઓ પણ કરોડની કિંમતવાળા ત્રણરત્નોને ત્યાગીને જ દીક્ષિત થયા છે (૧) અગ્નિ (૨) પાણી (૩) સ્ત્રી. લોકમાં સારભૂત આ ત્રણ રત્નોને ત્યાગીને જ દીક્ષિત થયા છે. માટે તેઓ પણ ત્યાગી કહેવાય.

આમાં એક દૃષ્ટાંત છે.

એક કઠિયારા પુરુષે સુધર્મસ્વામીની પાસે દીક્ષા લીધી. ભિક્ષા માટે ફરતાં તેને લોકો કહે છે." આ કઠિયારો દીક્ષિત થયો." તે કઠિયારો નૂતનદીક્ષિત હોવાથી (આ બધું સહન ન થવાના કારણે) આચાર્યને કહે છે કે "મને અન્યસ્થાને લઈ જાઓ. હું આ સહન કરવા સમર્થ નથી." આચાર્યે અભયને પૃચ્છા કરી કે "અમે જઈએ છીએ." અભય કહે "શું આ ક્ષેત્ર માસકલ્પ પ્રાયોગ્ય નથી, કે જેથી તમે અકાળે જ અન્યસ્થાને જાઓ છો." આચાર્યે કહ્યું "નૂતનને માટે જવું પડે છે." અભય કહે "તમે નિઃશંક, વિશ્વસ્ત બનીને રહો. હું આ લોકોને ઉપાય દ્વારા (જેમ તેમ બોલતાં) અટકાવું છું.

આચાર્ય રોકાયા

બીજાદિવસે અભયે ૧-૧ કરોડની ત્રણ રત્નઢગલીઓ સ્થાપી. નગરમાં ઘોષણા

કરાવી કે "અભય દાન આપે છે" લોકો આવ્યા. અભયે કહ્યું કે "તેને હું આ ત્રણકરોડ આપીશ કે જે આ ત્રણ વસ્તુ છોડી દે અગ્નિ-પાણી-સ્ત્રી." લોકો કહે કે "આ ત્રણ ન હોય તો પછી આ ત્રણકરોડ સુવર્ણથી શું કામ ?" અભય કહે કે "તો પછી એવું કેમ બોલો ો કે આ કઠિયારો ભિખારી હતો માટે દીક્ષા લીધી છે જો ધનહીન પણ દીક્ષા લે છે તે પણ આ ત્રણકરોડ સુવર્ણનો તો ત્યાગી છે જ." લોકો નિંદા કરતાં અટક્યા. "સ્વામીની વાત સાચી છે" એ વાત સ્વીકારી.

તેથી ધનહીન પણ જો સંયમમાં સ્થિર હોય તો લોકમાં સારભૂત ત્રણવસ્તુઓનો ત્યાગ કરનાર છે, માટે ત્યાગી કહેવાય છે.

પ્રસંગથી સર્યું.

---

**समाइ पेहाइ परिव्वयंतो, सिया मणो निस्सरई बहिद्धा ।**
**न सा महं नोवि अहंपि तीसे, इच्चेव ताओ विणइज्ज रागं ॥४॥**

---

દશવૈકાલિક ૪ ગાથાર્થ : સમાન દૃષ્ટિથી સંયમમાં વર્તતા સાધુનું મન કદાચ બહાર નીકળી જાય તો સ્ત્રીમાં થયેલા રાગને આ પ્રમાણે તેમાંથી દૂર કરવો કે "તે મારી નથી. હું પણ તેનો નથી."

---

तस्यैवं त्यागिनः 'समया' आत्मपरतुल्यया प्रेक्ष्यतेऽनयेति प्रेक्षा-दृष्टिस्तया प्रेक्षया-दृष्ट्या परि-समन्ताद् व्रजतो-गच्छतः परिव्रजतः, गुरूपदेशादिना संयमयोगेषु वर्तमानस्येत्यर्थः, 'स्यात्' कदाचिदचिन्त्यत्वात् कर्मगतेः मनो निःसरति 'बहिर्धा' बहिः भुक्तभोगिनः पूर्वक्रीडितानुस्मरणादिना अभुक्तभोगिनस्तु कुतूहलादिना मनः-अन्तःकरणं निःसरति-निर्गच्छति बहिर्धा-संयमगेहाद्बहिरित्यर्थः । एत्थ उदाहरणम्-जहा एगो रायपुत्तो बाहिरियाए उवट्ठाणसालाए अभिरमंतो अच्छइ, दासी य तेण अंतेण जलभरियघडेण वोलेइ, तओ तेण तीए दासीए सो घडो गोलियाए भिन्नो, तं च अधिइं करिंतिं दट्ठूण पुणरावत्ती जाया, चिंतियं च - जे चेव रक्खगा ते चेव लोलगा कत्थ कुविउं सक्का ?। उदगाउ समुज्जलिओ अग्गी किह विज्झवेयव्वो ॥१॥ पुणो चिक्खलगोलएण तक्खणा एव लहुहत्थयाए तं घडछिड्डुं ढक्कियं । एवं जइ संजयस्स संजमं करेंतस्स बहिया मणो णिग्गच्छइ तत्थ पसत्थेण परिणामेण तं असुहसंकप्पछिड्डुं चरित्तजलरक्खणट्ठाए ढक्केयव्वं । केनालम्बनेनेति ?, यस्यां राग उत्पन्नस्तां प्रति

चिन्तनीयम्-न सा मम नाप्यहं तस्याः, पृथक्कर्मफलभुजो हि प्राणिन इति, एवं ततस्तस्याः सकाशाद्व्यपनयेत रागं, तत्त्वदर्शिनो हि सन्निवर्त्तन्त (स निवर्तते) एव, अतत्त्वदर्शननिमित्तत्वात्तस्येति । तत्थ न सा महं णोऽवि अहंवि तीसेत्ति, एत्थ उदाहरणं-एगो वाणियदारओ, सो जायं उज्झित्ता पव्वइओ, सो य ओहाणुप्पेही भूओ, इमं न घोसेइ-न सा महं णोवि अहंपि तीसे, सो चिंतेइ-सावि ममं अहंपि तीसे, सा ममाणुरत्ता कहमहं तं छड्डेहामित्तिकाउं गहियायारभंडगणेवत्थो चेव संपट्ठिओ । गओ अ तं गामं जत्थ सा, सो इ (य) णिवाणतडं संपत्तो, तत्थ य सा पुव्वजाया पाणियस्स आगया, सा य साविया जाया पव्वइउकामा य, ताए सो णाओ, इयरो तं न याणइ, तेण सा पुच्छिया-अमुगस्स धूया किं मया जीवइ वा ?, सो चिंतेइ-जइ सासहरा तो उप्पव्वयामि, इयरहा ण, ताए णायं-जहा एस पव्वज्जं पयहिउकामो, तो दोवि संसारे भमिस्सामि (मो) त्ति, भणियं चऽणाए-सा अण्णस्स दिण्णा, तओ सो चिंतिउमारद्धो-सच्चं भगवंतेहिं साहूहिं अहं पाढिओ-जहा ण सा महं णोवि अहंपि तीसे, परमसंवेगमावण्णो, भणियं चऽणेण-पडिणियत्तामि, तीए वेरग्गपडिओत्ति णाऊण अणुसासिओ 'अणिच्चं जीवियं कामभोगा इत्तरिया' एवं तस्स केवलिपन्नत्तं धम्मं पडिकहेइ, अणुसिट्ठो जाणाविओ य पडिगओ आयरियसगासं पवज्जाए थिरीभूओ । एवं अप्पा साहारेतव्वो जहा तेणंति सूत्रार्थः ॥४॥

---

ટીકાર્થ : જેનાથી પદાર્થો જોવાય તે પ્રેક્ષા, અર્થાત્ દષ્ટિ.

સમાં=તુલ્ય=આત્મા અને પર બંનેમાં તુલ્ય એવી દષ્ટિ.

આવી સમાનદષ્ટિથી ચાલતાં એટલે કે ગુરુનાં ઉપદેશાદિ પ્રમાણે સંયમયોગોમાં વર્તતા એવા સાધુને ક્યારેક એવું બને કે મન સંયમરૂપી ઘરમાંથી બહાર નીકળી જાય.

પ્રશ્ન : સારા સાધુનું મન પણ સંયમઘરમાંથી બહાર નીકળી જાય ખરું ?

ઉત્તર : હા ! કેમકે કર્મની ગતિ અચિન્ત્ય છે.

એમાં જે સાધુ પૂર્વે ભોગો ભોગવીને આવેલો હોય તેને પૂર્વક્રીડિતનાં અનુસ્મરણાદિ દ્વારા મન બહાર નીકળી જાય. જયારે જેણે પૂર્વે ભોગો ન ભોગવ્યા હોય એનું મન સ્ત્રી પ્રત્યેનાં કુતૂહલાદિનાં કારણે બહાર નીકળી જાય.

અહીં એક દષ્ટાન્ત છે.

એક રાજપુત્ર બાહ્ય ઉપસ્થાનશાળામાં રમતો હતો. દાસી તે જ સ્થાનેથી પાણી

ભરેલો ઘડો લઈને પસાર થાય છે. ત્યારે રાજપુત્રે તે દાસીનાં તે ઘડાને ગોળીથી ભાંગી નાંખ્યો. દાસી દુઃખી થઈ ગઈ. એને દુઃખી જોઈને રાજપુત્રને પશ્ચાત્તાપ થયો. એણે વિચાર્યું કે "જે રક્ષકો છે, તેઓજ જો લુંટારા બને, તો પછી લોકો ક્યાં ફરિયાદ કરી શકશે ? જો પાણીમાંથી જ આગ પ્રગટે તો એ શી રીતે બુઝવવો ?" એટલે તરત ચીકણી માટીનાં ગોળાથી તે જ ક્ષણે લઘુહસ્તતાથી = હાથથી ઝડપી કામ કરવાની કળાથી ઘડાનું કાણું ઢાંકી દીધું.

એમ જો સંયમને પાળતા સંયમીનું મન બહાર નીકળી જાય, તો ત્યાં પ્રશસ્ત પરિણામથી તે એ અનુભવસંકલ્પ રૂપી કાણું ચારિત્ર રૂપી પાણીના રક્ષણ માટે ઢાંકી દેવું.

**પ્રશ્ન :** કયા આલંબનથી આમ કરી શકાય ? અર્થાત્ એવો કયો વિચાર કરવો કે જેથી આ અશુભ સંકલ્પ ઢંકાઈ જાય...

**ઉત્તર :** જે સ્ત્રીમાં રાગ ઉત્પન્ન થયો હોય તે સ્ત્રી પ્રત્યે જ વિચાર કરવો કે "તે મારી નથી. હું પણ તેનો નથી. જીવો જુદા જુદા કર્મનાં ફલને ભોગવનારા છે." આ પ્રમાણે તે સ્ત્રીમાંથી રાગને દૂર કરવો. જે તત્ત્વદર્શી હોય, તેનો રાગ દૂર થાય જ. કેમકે રાગ અતત્ત્વદર્શનરૂપ નિમિત્તથી જ થાય છે.

ગાથામાં કહ્યું કે **न सा महं...** એમાં એક કથાનક છે.

એક વણિકપુત્ર પત્નીને ત્યાગીને દીક્ષિત થયો. અને પછી દીક્ષા છોડવાની ઈચ્છાવાળો થયો. બીજી બાજુ આ ગાથાનો પાઠ કરે છે કે "**न सा महं..**" તે મનમાં વિચારે છે કે "તે સ્ત્રી પણ મારી છે, હું પણ તેનો છું. તે મારા પણ અનુરાગી છે. હું શી રીતે તેને છોડું ?" એમ વિચારી આચારભંડક = સાધ્વાચાર માટેનાં ઉપકરણો અને નેપથ્ય, સાધુવેષ સાથે જ પત્નીને મળવા ચાલ્યો. તે ગામમાં પહોંચ્યો, જ્યાં તે સ્ત્રી હતી તે કુવાનાં તટ પાસે પહોંચ્યો. ત્યાં તેની પૂર્વની પત્ની પાણી લેવા આવેલી. તે શ્રાવિકા બનેલી, દીક્ષાની ઈચ્છાવાળી હતી. તેણે આ સાધુને ઓળખી લીધો. સાધુ તેને જાણતો નથી. સાધુએ તેને પૃચ્છા કરી કે "અમુકની દીકરી મરી ગઈ કે જીવે છે ?" સાધુ વિચારે છે કે "જો એ શ્વાસને ધારણ કરતી હોય એટલે કે જીવતી હોય તો દીક્ષા છોડું. નહિ તો ન છોડું" પેલી સમજી ગઈ કે "આ દીક્ષા છોડવાની ઈચ્છાવાળો છે, જો એમ થશે તો અમે બંને સંસારમાં ભમશું." એટલે એણે કહ્યું કે "તે સ્ત્રી તો બીજા પુરુષને આપી દેવાઈ છે." (અર્થાત્ એના અન્યની સાથે લગ્ન થઈ ગયા છે.)

પેલો સાધુ વિચારવા લાગ્યો કે સાધુ ભગવંતોએ મને સાચુ ભણાવેલું કે "તે મારી

નથી, હું પણ તેનો નથી." એ પરમસંવેગને પામ્યો. એણે કહ્યું કે "હું પાછો ફરું છું" સ્ત્રીએ જાણ્યું કે "એ વૈરાગ્ય પામ્યો છે." એટલે હિતશિક્ષા આપી કે "જીવન અનિત્ય છે, કામભોગ ઈત્વરિક = અલ્પકાલીન છે" આ પ્રમાણે સાધુને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનો ઉપદેશ આપે છે. પછી જણાવી દે છે કે "હું જ એ સ્ત્રી છું..." પેલો આચાર્ય પાસે પાછો ગયો, દીક્ષામાં સ્થિર થયો.

આમ જે રીતે એણે પોતાના આત્માને સંસારમાં પડતો અટકાવ્યો, એ રીતે આત્માને ધારી રાખવો.

---

**एवं तावदान्तरो मनोनिग्रहविधिरुक्तः, न चायं बाह्यविधिमन्तरेण कर्तुं शक्यते अतस्तद्विधानार्थमाह-**

**आयावयाहि चय सोगमल्लं, कामे कमाही कमियं खु दुक्खं ।**
**छिंदाहि दोसं विणएज्ज रागं, एवं सुही होहिसि संपराए ॥५॥**

---

આ પ્રમાણે મનનો નિગ્રહ કરવાની આંતરિકવિધિ દર્શાવી. પણ આ આંતરિકવિધિ બાહ્યવિધિ વિના કરવી શક્ય નથી. એટલે બાહ્યવિધિને દેખાડવા માટે કહે છે કે –

**દશવૈકાલિક ૫ ગાથાર્થ :** આતાપના કર, સુકુમારતાને ત્યાગ. કામોને ઉલ્લંઘી જા. દુઃખ ઉલ્લંઘાઈ જાય. દ્વેષને છેદ, રાગને દૂર કર. આ પ્રમાણે તું સંસારમાં સુખી થઈશ."

---

**अस्य व्याख्या-संयमगेहान्मनसोऽनिर्गमनार्थम् 'आतापय' आतापनां कुरु, 'एकग्रहणे तज्जातीयग्रहण'-मिति न्यायाद्यथानुरूपमूनोदरतादेरपि विधिः अनेनात्मसमुत्थदोषपरिहारमाह, तथा 'त्यज सौकुमार्यं' परित्यज सुकुमारत्वम्, अनेन तूभयसमुत्थदोषपरिहारम्, तथाहि-सौकुमार्यात्कामेच्छा प्रवर्तते योषितां च प्रार्थनीयो भवति, एवमुभयासेवनेन 'कामान्' प्राग्निरूपितस्वरूपान् 'क्राम' उल्लङ्घ्य, यतस्तैः क्रान्तैः क्रान्तमेव दुःखं, भवति इति शेषः, कामनिबन्धनत्वाद्दुःखस्य, खुशब्दोऽवधारणे, अधुनाऽऽन्तरकामक्रमणविधिमाह-छिन्द्धि द्वेषं व्यपनय रागं सम्यग्ज्ञानबलेन विपाकालोचनादिना, क्व ?, कामेष्विति गम्यते, शब्दादयो हि विषया एव कामा इतिकृत्वा । एवं कृते फलमाह- 'एवम्' अनेन प्रकारेण प्रवर्तमानः किम् ?-सुखमस्यास्तीति सुखी भविष्यसि, क्व ?-'संपराये' संसारे, यावदपवर्गं न प्राप्स्यसि तावत्सुखी भविष्यसि, 'संपराये' परीषहोपसर्गसंग्राम इत्यन्ये । कृतं प्रसङ्गेनेति सूत्रार्थः**

॥૫॥

ટીકાર્થ : સંયમઘરમાંથી મન બહાર ન નીકળે એ માટે તું આતાપના કર.

પ્રશ્ન : શું માત્ર આતાપના કરવાનું જ વિધાન કર્યું ?

ઉત્તર : "એકનાં ગ્રહણમાં તજ્જાતીયનું ગ્રહણ થઈ જાય" એ ન્યાયપ્રમાણે યથાનુરૂપ ઉણોદરતાદિનું પણ વિધાન સમજી લેવું. (**यथानुरूपं** નો ભાવ એ છે કે મન કામવિકારોવાળું બનતું અટકાવવા માટેનાં જે જે બાહ્યઉપાયો હોય, તે બધા જ સમજી લેવા.)

આતાપના કરવાનું વિધાન કરવા દ્વારા આત્મસમુત્થદોષનો પરિહાર કહ્યો. (સાધુને પોતાને જ જે વિકાર જાગે, એ આત્મસમુત્થ છે, આતાપનાદિ દ્વારા એ દોષનો પરિહાર કરી શકાય છે.)

"સુકુમારતાને છોડી દે"

આ કહેવા દ્વારા ઉભય સમુત્થદોષનો પરિહાર કહ્યો. તે આ પ્રમાણે સુકુમારતાથી કામેચ્છા પ્રવર્તે છે. અને સુકુમારતાનાં લીધે સાધુ સ્ત્રીઓને પ્રાર્થનીય બને છે. (સાધુ અત્યંતસુકુમાર હોય, તો સ્ત્રીઓને તે ખૂબ પ્રિય લાગે. આમ સુકુમારતા સાધુમાં પણ વિકાર જન્માવે અને સ્ત્રીમાં - પરમાં પણ વિકાર જન્માવે, સાધુ સુકુમારતા છોડી દે તો ઉભયદોષનો પરિહાર થાય.)

આ રીતે આતાપના + સુકુમારતાત્યાગ આ બે વસ્તુનાં આસેવન દ્વારા તું પૂર્વે દર્શાવેલા સ્વરૂપવાળા કામોને = વિષયસુખોને ઉલ્લંઘી જા. કેમકે તેનું ઉલ્લંઘન થયું એટલે દુઃખોનું ઉલ્લંઘન થઈ જ ગયું સમજો. "**दुःखं क्रान्तं भवति**" એમ **भवति** પદ શેષ છે. (બહારથી લાવવું.)

પ્રશ્ન : કામ જાય, એટલે દુઃખ જાય જ એવું કેમ ?

ઉત્તર : કેમકે દુઃખ કામરૂપ કારણથી જ થાય છે.

**खु** શબ્દ અવધારણમાં છે. (**क्रान्तमेव** એમ એનો અર્થ જોડી દીધો છે.)

હવે કામનું ઉલ્લંઘન કરવાની આંતરિકવિધિને બતાવે છે. (અથવા તો આંતરિક જે કામ છે, તેનું ઉલ્લંઘન કરવાનું વિધાન = કથન કરે છે.)

દ્વેષને છેદો. રાગને દૂર કરો.

પ્રશ્ન : આ બે ને શી રીતે દૂર કરવા ?

ઉત્તર : સમ્યગ્જ્ઞાનનાં બલથી વિપાકોનું ચિંતન કરવાદિ દ્વારા આ બે ને દૂર કરવા. (રાગદ્વેષનાં વિપાકો વિચારવાથી એ દૂર થાય)

પ્રશ્ન : એ રાગદ્વેષ શેમાં દૂર કરવા ?

ઉત્તર : "કામસુખોમાં" એ શબ્દ સમજી લેવો શબ્દ વગેરે વિષયો જ કામ છે એટલે તેમાં જે રાગ અને દ્વેષ થાય છે એને છેદવાના છે.

આ પ્રમાણે કરાય, તો તેનું જે ફલ મળે તે કહે છે કે આ પ્રકારે વર્તતો તું સંસારમાં સુખી થઈશ. જ્યાં સુધી તું મોક્ષ નહિ પામે, ત્યાંસુધી સુખી થઈશ.

કેટલાંકો સંપરાય = પરીષહ-ઉપસર્ગો સાથેનો સંગ્રામ એવો અર્થ કરે છે.

પ્રસંગથી સર્યું.

---

**किं च संयमगेहान्मनस एवानिर्गमनार्थमिदं चिन्तयेत्, यदुत-**

**पक्खंदे जलियं जोइं, धूमकेउं दुरासयं । नेच्छन्ति वंतयं भोत्तुं, कुले जाया अगंधणे ॥६॥**

---

વળી સંયમઘરમાંથી મનનું જ નિર્ગમન ન થાય એ માટે જ આ વિચારવું કે (પૂર્વે મનનાં અનિર્ગમનની જ વિધિ બતાવી, અહીં પણ મનનાં જ અનિર્ગમનની વિચારણા છે)

**દશવૈકાલિક ૬ ગાથાર્થ :** ધૂમરૂપી ચિહ્નવાળા, દુઃખોથી આશ્રય કરી શકાય એવા, બળતાં અગ્નિને ઈચ્છે છે. પણ અગંધનકુલમાં ઉત્પન્ન થયેલા નાગો વમેલાને ખાવા ઈચ્છતાં નથી.

---

**अस्य व्याख्या-'प्रस्कन्दन्ति' अध्यवस्यन्ति 'ज्वलितं' ज्वालामालाकुलं न मुर्मुरादिरूपं, कम् ?-'ज्योतिषम्' अग्निं 'धूमकेतुं' धूमचिह्नं धूमध्वजं नोल्कादिरूपं 'दुरासदं' दुःखेनासाद्यतेऽभिभूयत इति दुरासदस्तं, दुरभिभवमित्यर्थः, चशब्दलोपात् न चेच्छन्ति-न च वाञ्छन्ति 'वान्तं भोक्तुम्' परित्यक्तमादातुं, विषमिति गम्यते, के ?-नागा इति गम्यते, किंविशिष्टा इत्याह-कुले 'जाताः' समुत्पन्ना अगन्धने । नागानां हि भेदद्वयं-गन्धनाश्चागन्धनाश्च, तत्थ गंधणा णाम जे डसिए मंतेहिं आकड्डिया तं विसं वणमुहाओ आवियंति, अगंधणाओ अवि मरणमज्झवस्संति ण य वंतमावियंति । उदाहरणं द्रुमपुष्पिकायामुक्तमेव । उपसंहारस्त्वेवं भावनीयः-यदि तावत्तिर्यञ्चोऽप्यभिमानमात्रादपि**

जीवितं परित्यजन्ति न च वान्तं भुञ्जते तत्कथमहं जिनवचनाभिज्ञो विपाकदारूणान् विषयान् वान्तान् भोक्ष्ये ? इति सूत्रार्थः ॥ अस्मिन्नेवार्थे द्वितीयमुदाहरणम्-यदा किल अरिट्ठणेमी पव्वइओ तया रहणेमी तस्स जेट्ठो भाउओ राइमइं उवयरइ, जइ णाम एसा ममं इच्छिज्जा, सावि भगवई निव्विण्णकामभोगा, णायं च तीए-जहा एसो मम अज्झोववण्णो, अण्णया य तीए महुघयसंजुत्ता पेज्जा पीया, रहनेमी आगओ, मयणफलं मुहे काऊण य तीए वंतं, भणियं च-एयं पेज्जं पियाहि, तेण भणियं-कहं वन्तं पिज्जइ ?, तीए भणिओ-जइ न पिज्जइ वंतं तओ अहंपि अरिट्ठनेमिसामिणा वंता कहं पिविउमिच्छसि? ।

---

ટીકાર્થ : જ્વાળાઓની પંક્તિથી વ્યાપ્ત, નહિ કે મુર્મુરાદિરૂપ, તથા ધૂમરૂપી ચિહ્નવાળો, નહિ કે ઉલ્કાદિરૂપ, તથા જેનો અભિભવ દુઃખેથી કરી શકાય તેવા અગ્નિને અંગધનકુળમાં જન્મેલા સર્પો ઈચ્છે. પરંતુ વમેલા વિષને ફરી ખાવાને ન ઈચ્છે.

(ઉપર રાખ હોય નીચે સામાન્યઅગ્નિનાં તણખા હોય એવો અગ્નિ મુર્મુરાદિ કહેવાય. ગાથામાં **च** શબ્દનો લોપ થયો છે. એટલે જ **न चेच्छन्ति** એ પ્રમાણે **च** લઈને અર્થ કર્યો છે.)

નાગોની બે જાતિ છે. (૧) ગન્ધન (૨) અગન્ધન.

તેમાં ગંધનનાગો તે કહેવાય કે જેઓ ડંસ તો મારી દે પણ પછી મંત્રોથી પાછા ખેંચાઈ આવે તો ઘાનાં મુખ ભાગમાંથી તે ઝેર પી છે. જ્યારે અગંધનનાગો તો મરણ પામવા તૈયાર થાય પરંતુ વમેલા ઝેરને પાછું ન પીએ.

ઉદાહરણ દ્રુમપુષ્પિકામાં કહ્યું જ છે. (નાગદત્તકુમારનાં દૃષ્ટાન્તમાં)

ઉપસંહાર આ પ્રમાણે વિચારવો કે જો "તિર્યંચો પણ માત્ર અભિમાનના કારણે પણ જીવન ત્યજી દે. પણ વમેલું ન ખાય, તો પછી જિનપ્રવચનનો જ્ઞાતા હું વિપાકમાં દારૂણ, વમેલા વિષયને શી રીતે ભોગવું ?"

આ અર્થમાં બીજું દૃષ્ટાન્ત કહે છે કે

જ્યારે અરિષ્ટનેમિએ દીક્ષા લીધી, ત્યારે તેમના મોટાભાઈ રથનેમિ રાજીમતીને ખુશ કરવાના પ્રયત્ન કરે છે કે "કદાચ એ મને ઈચ્છે." તે ભગવતી પણ કામભોગથી વૈરાગ્ય પામેલી. તેણે જાણ્યું કે "આ મારા પર રાગી છે." એકવાર એણે ઘી-ખાંડવાળી રાબ પીધી, રથનેમિ આવ્યો, રાજીમતીએ મીંઢણને મોઢામાં મૂકી ઉલ્ટી કરી. કહ્યું કે "આ રાબ તું પી" રથનેમિ કહે "ઉલ્ટી શી રીતે પીવાય ?" તેણી કહે "જો ઉલ્ટી ન પીવાય,

તે હું પણ સ્વામી અરિષ્ટનેમિવડે વમાયેલી છું, તું મને પીવાને (ભોગવવાને) કેમ ઈચ્છે છે ?"

तथा ह्यधिकृतार्थसंवाद्येवाह-

**धिरत्थु ते जसोकामी, जो तं जीवियकारणा । वंतं इच्छसि आवेउं, सेयं ते मरणं भवे ॥७॥**

આ પ્રસ્તુતઅર્થને સંગત થાય એ જ વાત હવે કહે છે કે –

દશવૈકાલિક ૭ ગાથાર્થ અપયશકામી ! ધિક્કાર હો કે જે તું ભોગજીવનને માટે વમેલું પીવાને ઈચ્છે છે (તેના કરતાં તો) તારું મરણ કલ્યાણકારી છે.

**व्याख्या-तत्र राजीमतिः किलैवमुक्तवती-'धिगस्तु' धिक्शब्दः कुत्सायाम् 'अस्तु' भवतु 'ते' तव, पौरुषमिति गम्यते, हे यशस्कामिन्निति सासूयं क्षत्रियामन्त्रणम्, अथवा अकारप्रश्लेषादयशस्कामिन् !, धिगस्तु तव यस्त्वं 'जीवितकारणात्' असंयमजीवितहेतोः वान्तमिच्छस्यापातुं-परित्यक्तां भगवता अभिलषसि भोक्तुम्, अत उत्क्रान्तमर्यादस्य 'श्रेयस्ते मरणं भवेत्' शोभनतरं तव मरणं, न पुनरिदमकार्यासेवनमिति सूत्रार्थः । तओ धम्मो से कहिओ, संबुद्धो पव्वइओ य, राईमईवि तं बोहेऊणं पव्वइया । पच्छा अन्नया कयाइ सो रहनेमी बारवईए भिक्खं हिंडिऊणं सामिसगासमागच्छन्तो वासवद्दलएण अब्भाहओ एक्कं गुहं अणुप्पविट्ठो । राईमईवि सामिणो वंदणाए गया, वंदित्ता पडिस्सयमागच्छइ, अंतरे य वरिसिउमाढत्तो, तिंता य (भिन्ना) तमेव गुहमणुप्पविट्ठा जत्थ सो रहनेमी, वत्थाणि व पविसारियाणि, ताहे तीए अंगपच्चंगं दिट्ठं, सो रहणेमी तीए अज्झोववन्नो, दिट्ठो अणाए इंगियागारकुसलाए य णाओ असोहणो भावो एयस्स ।**

ટીકાર્થ : તેમાં રાજીમતી આ પ્રમાણે બોલી કે "તારા પુરુષત્વને ધિક્કાર હો."

આમાં **धिग्** શબ્દ કુત્સા, નિંદા, તિરસ્કાર અર્થ દર્શાવવામાં છે. **पौरुषम्** શબ્દ સમજી લેવો. (**धिक्** અવ્યય સાથે દ્વિતીયાન્ત શબ્દ જોઈએ. પણ અહીં તો **ते-तव** છઠ્ઠીવિભક્તિનો શબ્દ છે. એટલે **पौरुषम्** દ્વિતીયાન્ત શબ્દ બહારથી લાવવો.)

**हे यशस्कामिन्** આ અસૂયાપૂર્વકનું - ગુસ્સા, કટાક્ષપૂર્વકનું ક્ષત્રિયને કરાતું આમંત્રણ છે. (રથનેમિ ઘોર અપયશ થાય તેવું કામ કરવા જાય છે, એટલે ગુસ્સા,

કટાક્ષમાં રાજીમતી જ આવું વચન બોલે છે.)

અથવા તો अ કારનો ઉમેરો કરવાથી હે અયશકામી ! એ પ્રમાણે અર્થ થશે.

(એને ધિક્કાર કરવાનું કારણ કહે છે કે) જે તું અસંયમજીવનને માટે વમેલું પીવાને ઈચ્છે છે. અર્થાત્ ભગવાનથી ત્યજાયેલી એવી મને ભોગવવાને ઈચ્છે છે. આથી મર્યાદા ઉલ્લંઘી ચૂકેલા તારું મરણ વધુ સારું. પણ આ અકાર્યઆસેવન સારું નહિ.

આ પ્રમાણે સૂત્રાર્થ છે.

ત્યારબાદ તેને ધર્મ કહ્યો. રથનેમિ બોધ પામ્યા, દીક્ષા લીધી. રાજીમતીએ પણ તેને બોધ પમાડીને દીક્ષા લીધી. પછી એકવાર તે રથનેમિ દ્વારકામાં ભિક્ષા ફરીને સ્વામીની પાસે આવતાં હતા, ત્યારે વરસાદ વરસવાથી પરેશાન થયેલા એક ગુફામાં પ્રવેશ્યા. રાજીમતી પણ સ્વામીને વંદન કરવા ગયેલા, વંદન કરીને ઉપાશ્રયે જતાં હતાં, રસ્તામાં વરસાદ શરુ થયો. ભીનાં થયા અને તે જ ગુફામાં પ્રવેશ્યા, જયાં તે રથનેમિ હતાં. અજાણ રાજીમતીએ વસ્ત્રો સુકવવા વિસ્તાર્યા. ત્યારે રહનેમિએ તેમના અંગ, પ્રત્યંગ જોયા. તે રથનેમિ તેમાં રાગી બન્યા. ઈંગિતાકારકુશલ રાજીમતીએ એમને જોયા, એમનો ખરાબ ભાવ જાણ્યો.

---

ततोऽसाविदमवोचत-

**अहं च भोगरायस्स, तं चऽसि अंधगवण्हिणो । मा कुले गंधणा होमो, संजमं निहुओ चर ॥८॥ जइ तं काहिसि भावं, जा जा दिच्छसि नारीओ । वायाविद्धुव्व हडो, अट्ठिअप्पा भविस्ससि ॥९॥ तीसे सो वयणं सोच्चा, संजयाइ सुभासियं । अंकुसेण जहा नागो, धम्मे संपडिवाइओ ॥१०॥ एवं करंति संबुद्धा, पंडिया पवियक्खणा । विणियट्टंति भोगेसु, जहा से पुरिसुत्तमो ॥११॥ त्तिबेमि ॥ सामन्नपुव्वियज्झयणं समत्तं ॥२॥**

---

ત્યારબાદ રાજીમતીજી આ વચન બોલ્યા કે –

દશવૈકાલિક ૮ થી ૧૧ ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

---

अहं च भोगराज्ञः- उग्रसेनस्य, दुहितेति गम्यते, त्वं च भवसि अन्धकवृष्णेः- समुद्रविजयस्य, सुत इति गम्यते, अतो मा एकैकप्रधानकुले आवां गन्धनौ भूव, उक्तं

च- 'जह न सप्पतुल्ला होमुत्ति भणियं होइ' अतः संयमं निभृतश्चर-सर्वदुःखनिवारणं क्रियाकलापमव्याक्षिप्तः कुर्विति सूत्रार्थः ॥८॥ किञ्च-यदि त्वं करिष्यसि भावम्-अभिप्रायं प्रार्थनामित्यर्थः, क्व ?-या या द्रक्ष्यसि नारीः-स्त्रियः, तासु तासु एताः शोभना एताश्चाशोभना अतः सेवे काममित्येवंभूतं भावं यदि करिष्यसि ततो वाताविद्ध इव हडः- वातप्रेरित इवाबद्धमूलो वनस्पतिविशेषः अस्थितात्मा भविष्यसि, सकलदुःखक्षयनिबन्धनेषु संयमगुणेष्व(प्रति)बद्धमूलत्वात् संसारसागरे प्रमादपवनप्रेरित इतश्चेतश्च पर्यटिष्यसीति सूत्रार्थः ॥९॥ <u>'तस्याः'</u> राजीमत्या <u>'असौ'</u> रथनेमिः <u>'वचनम्'</u> अनन्तरोदितं <u>'श्रुत्वा'</u> आकर्ण्य, किंविशिष्टायास्तस्याः ?- <u>'संयतायाः'</u> प्रव्रजिताया इत्यर्थः, किंविशिष्टं वचनम् ?-<u>'सुभाषितं'</u> संवेगनिबन्धनम्, अङ्कुशेन यथा <u>'नागो'</u> हस्ती एवं धर्मे संप्रतिपादित धर्मे स्थापित इत्यर्थः, केन ?-अङ्कुशतुल्येन वचनेन ।

---

ટીકાર્થ : હું ભોગરાજ ઉગ્રસેનની પુત્રી છું, તું અંધકવૃષ્ણિ સમુદ્રવિજયનો પુત્ર છે. આથી એક એક પ્રધાનકુલમાં થયેલા આપણે ગંધનકુલનાં નાગ ન બનીએ. કહ્યું છે કે "જે રીતે સર્પતુલ્ય ન થઈએ" એમ અર્થ થાય. આથી સ્થિર થયેલા = અવ્યાક્ષિપ્ત તમે સર્વદુઃખોનું નિવારણ કરનાર ક્રિયાકલાપરૂપ સંયમને આચરો.

વળી જે જે નારીઓને તમે જોશો, તે તે નારીઓમાં "આ સારી છે, આ ખરાબ છે, આથી કામને સેવું" એવાપ્રકારનાં ભાવને = પ્રાર્થનાને જો તમે કરશો તો તમે પવનથી પ્રેરાયેલા જમીનમાં નહિ બંધાયેલા મૂળવાળી એક વનસ્પતિવિશેષની માફક અસ્થિત = અસ્થિર ચંચળ બનશો. અર્થાત્ તમામ દુઃખોનાં ક્ષયનું કારણ એવા સંયમગુણોમાં તમારું મૂળ બંધાયેલ ન હોવાથી પ્રમાદપવનથી પ્રેરાયેલા તમે સંસારસાગરમાં આમથી તેમ ભટકશો.

રથનેમિ સાધ્વી રાજીમતીનાં ઉપર જણાવેલા, સંવેગનાં કારણભૂત વચનને સાંભળીને ધર્મમાં સ્થાપિત થયા. જેમ અંકુશથી હાથી સ્થાપિત કરાય, સ્થિર કરાય તેમ.

---

'अङ्कुशेन जहा नागो'त्ति, एत्थ उदाहरणं-वसंतपुरं नयरं, तत्थ एगा इब्भण्हुया नदीए ण्हाइ, अन्नो य तरूणो तं दट्ठूण भणइ-सुण्हायं ते पुच्छइ एसा नइ पवरसोहियतरङ्गा । एए य नदीरुक्खा अहं च पाएसु ते पडिओ ॥१॥ ताहे सा पडिभणइ-सुहया होउ नईते चिरं च जीवंतु जे नईरुक्खा । सुण्हायपुच्छयाणं घत्तीहामो पियं काउं ॥१॥' सो य तीसे घरं वा दारं वा ण याणइ, तीसे य बितिज्जियाणि

चेडरूवाणि रुक्खे पलोयंताणि अच्छंति, तेण ताणं पुप्फफलाणि सुबहूणि दिण्णाणि पुच्छियाणि य-का एसा?, ताणि भणन्ति-अमुगस्स सुण्हा, सो य तीए विरहं न लहति, तओ परिव्वाइयं ओलग्गिउमाढत्तो, भिक्खा दिन्ना, सा तुट्ठा भणइ-किं करेमि ओलग्गाए फलं ?, तेण भणिया-अमुगस्स सुण्हं मम कए भणाहि, तीए गन्तूण भणिया-अमुगो ते एवंगुणजातीओ पुच्छई, ताए रुट्ठाए पउलगाणि धोवन्तीए मसिलित्तएण हत्थेण पिट्ठीए आहया, पंचंगुलियं उट्ठियं, अवदारेण निच्छुट्ठा, गया तस्स साहइ-णामं पि सा तव ण सुणेइ, तेण णायं-कालपंचमीए अवदारेण अइगंतव्वं, अइगओ य, असोगवणियाए मिलियाणि सुत्ताणि य, जाव पस्सवणागएण ससुरेण दिट्ठाणि, तेण णायं-ण एस मम पुत्तो, पारदारिओ कोइ, पच्छा पायाओ तेण णेउरं गहियं, चेइयं च तीए, सो भणिओ-णास लहुं, आवइकाले साहेज्जं करेज्जासि, इयरी गंतूण भत्तारं भणइ-एत्थ घम्मो असोयवणियं वच्चामो, गंतूण सुत्ताणि, खणमेत्तं सुविऊणं भत्तारं उट्ठवेइ भणइ य-एयं तुज्झ कुलाणुरूवं ? जं णं मम पायाओ ससुरो णेउरं कड्ढइ, सो भणइ-सुवसु पभाए लब्भिहिति, पभाए थेरेणं सिट्ठं, सो य रुट्ठो भणइ-विवरीओ थेरोत्ति, थेरो भणइ-मया दिट्ठो अन्नो पुरिसो, विवाए जाए सा भणइ-अहं अप्पाणं सोहयामि ?, एवं करेहि, तओ ण्हाया कयबलिकम्मा गया जक्खघरं, तस्स जक्खस्स अंतरेणं गच्छंतो जो कारगारी सो लग्गइ, अकारगारी नीसरइ, तओ सो विडपियतमो पिसायरूवं काऊण णिरंतरं घणं कंठे गिण्हइ, तओ सा गंतूण तं जक्खं भणइ-जो मम मायापिउदिन्नओ भत्तारो तं च पिसायं मोत्तूण जइ अन्नं पुरिसं जाणामि तो मे तुमं जाणिज्जसिति, जक्खो विलक्खो चिंतेइ-एस य ( पास ) केरिसाइं धुत्ती मंतेइ ?, अहगंपि वंचिओ तीए, णत्थि सइत्तणं खु धुत्तीए, जाव जक्खो चिंतेइ ताव सा णिप्फिडिया, तओ सो थेरो सव्वलोगेण विलक्खीकओ हीलिओ य । तओ थेरस्स तीए अधिईए णिद्दा णट्ठा, रन्नो य कन्ने गयं, रन्ना सद्दाविऊण अंतेउरवालओ कओ, अभिसेक्कं च हत्थिरयणं वासघरस्स हेट्ठा बद्धं अच्छइ, इओ य एगा देवी हत्थिमिंठे आसत्ता, णवरं हत्थी चोंवालयाओ हत्थेण अवतारेइ, पभाए पडिणीणेइ, एवं वच्चइ कालो । अन्नया य एगाए रयणीए चिरस्स आगया हत्थिमिंठेण रुट्ठेण हत्थिसंकलाए आहया, सा भणइ-एयारिसो तारिसो य ण सुव्वइ, मा मज्झ रूसह, तं थेरो पिच्छइ, चिंतियं च णेण-एवंपि रक्खिज्जमाणीओ एयाओ एवं ववहरंति, किं पुण ताओ सदा सच्छंदाओ त्ति ? सुत्तो, पभाए सव्वलोगो

उट्ठिओ, सो ण उट्ठेइ, रन्नो कहियं, रन्ना भणियं-सुवउ, चिरस्स य उट्ठिओ पुच्छिओ य, कहियं सव्वं, भणइ-जहा एगा देवी ण याणामि कयराविं, तओ राइणा भंडहत्थी काराविओ, भणियाओ-एयस्स अच्चणियं काऊणं ओलंडेह, तओ सव्वाहिं ओलंडिओ, एगा णेच्छइ, भणइ य-अहं बीहेमि, तओ रन्ना उप्पलेण आहया, मुच्छिया पडिया, रन्ना जाणियं-एसा कारित्ति, भणियं चणेण-मत्तगयं आरुहंतीए भंडमयस्स गयस्स बीहीहि । तत्थ न मुच्छिय संकलाहया, एत्थ मुच्छिय उप्पलाहया ॥१॥ तओ सरीरं जोइयं जाव संकलापहारो दिट्ठो । तओ परुट्ठेण रण्णा देवी मिंठो हत्थी य तिण्णिवि छिन्नकडए चडावियाणि, भणियो य मिंठो-एत्थं वाहेहि हत्थिं, दोहि य पासेहिं ते( वे )लुग्गाहा उट्ठिया, जाव एगो पाओ आगासे ठविओ, जणो भणइ-किं एस तिरिओ जाणइ ?, एयाणि मारियव्वाणि, तहवि राया रोसं न मुयइ, जाव तिण्णि पाया आगासे कया, एगेण ठिओ, लोगेण कओ अक्कन्दो-किमेयं हत्थियरयणं विणासिज्जई ?, रण्णा मिंठो भणिओ-तरसि णियत्तेउं ?, भणइ-जइ दुयगाणंपि अभयं देसि, दिण्णं, तओ तेण अंकुसेण नियत्तिओ हत्थित्ति । दार्ष्टान्तिकयोजना कृतैवेति सूत्रार्थः ॥१०॥

---

"अङ्कुशेन जहा नागो" એ જે વાત કરી. એમાં ઉદાહરણ આ છે.

વસંતપુર નગર છે. તેમાં વાણિયાની એક પુત્રવધુ નદીમાં સ્નાન કરે છે. બીજો યુવાન તેને જોઈને બોલે છે કે "ઉત્તમ-શોભિત તરંગોવાળી આ નદી તને પુછે કે તે બરાબર સ્નાન કર્યું ? અને આ નદીવૃક્ષો પણ સુસ્નાત પૂછે છે. હું તારા પગમાં પડેલો છું."

ત્યારે તે પ્રતિવચન બોલે છે કે "નદીનું કલ્યાણ થાઓ, જે નદીવૃક્ષો છે, તે ચિરકાળ જીવો. સુસ્નાતની પૃચ્છા કરનારાઓનું પ્રિય કરવાને ઈચ્છુ છું."

તે યુવાન તે સ્ત્રીનાં ઘરને કે બારણાંને જાણતો નથી. તે સ્ત્રીની સાથે આવેલા નાના છોકરાઓ વૃક્ષોને જોતાં ઉભા છે. યુવાને તેઓને ઘણાં બધા પુષ્પ, ફલો આપ્યા અને પૃચ્છા કરી કે "આ કોણ છે ?" તેઓ કહે છે કે "અમુકની પુત્રવધુ છે" યુવાન તેણીનાં વિરહને સહન કરી શકતો નથી. તેથી પરિવ્રાજિકાની સેવા કરવા લાગ્યો. તેને ભિક્ષા આપી. ખુશ થયેલી તે કહે- "સેવાનું ફલ શું કરું ? (આપું ?)" તેણે કહ્યું કે "અમુકની પુત્રવધુને મારા માટે વાત કર." પરિવ્રાજિકાએ જઈને કહ્યું કે આવાપ્રકારનાં ગુણજાતિવાળો અમુક પુરુષ તારા માટે પૂછે છે." વાસણો ધોતી તે પુત્રવધુએ ગુસ્સે થઈને મષીથી લેપાયેલા (ધૂળ-રાખાદિથી લેપાયેલા) હાથથી પરિવ્રાજિકાની પીઠ ઉપર ધબ્બો

માર્યો, ત્યાં પાંચ આંગળ ઉપસી આવી. પછી એને પાછલા બારણાંથી કાઢી. પેલી ગઈ, યુવાનને કહે છે કે "તે તો તારું નામ પણ સાંભળતી નથી. તે ચતુર યુવાન સમજી ગયો કે "વદપાંચમે પાછલા બારણે આવવું એવું એણે જણાવ્યું છે." યુવાન વદપાંચમે પાછલા બારણેથી આવ્યો. (પાંચ આંગળીનો કાળો ધબ્બો પડેલો. કાળાશ પરથી વદ અને પાંચ આંગળ ઉપરથી પાંચમ જાણી.) અશોકવનમાં બે મળ્યા, સુતા આ બાજુ એનો સસરો માત્રુ કરવા ત્યાં આવ્યો, એણે બંનેને જોયા. એ જાણી ગયો કે "આ મારો પુત્ર નથી. આ તો કોઈ પારદારિક છે." પછી તેના પગમાંથી ઝાંઝર લઈ લીધું. પેલી આ વાત જાણી ગઈ. તેણે યુવાનને કહ્યું કે "જલ્દી ભાગી જા. આપત્તિકાળે મને સહાય કરજે." સ્ત્રી જઈને પતિને કહે છે કે "અહીં બફારો છે, ચાલો, અશોકવનમાં જઈએ." બે ત્યાં જઈને સૂતા. ક્ષણવાર ઉંઘીને પતિને ઉઠાડે છે અને કહે છે કે "શું આ તમારા કુલને અનુરૂપ છે ? કે સસરા મારા પગમાંથી ઝાંઝર કાઢી લે." તે કહે છે કે "અત્યારે ઊંઘી જા. સવારે મળી જશે." સવારે વૃદ્ધે દીકરાને વાત કરી. ગુસ્સે થયેલો દીકરો કહે કે "બાપા ખોટા છે, ઉંધા છે" વૃદ્ધ કહે કે "મેં બીજા પુરુષને જોયો `." આમ વિવાદ થયો ત્યારે સ્ત્રી કહે "હું મારી જાતને શુદ્ધ કરીશ." સસરા અને પુત્રે કહ્યું કે "એમ કર" પછી સ્નાન કરી, બલિકર્મ કરી તે યક્ષનાં મંદિરે ગઈ. તે યક્ષનાં અંદરથી (બે પગની વચ્ચેથી) પસાર થનારો જો અપરાધી હોય તો ત્યાં જ ચોંટી જાય. સામેની બાજુ ન નીકળી શકે. જો નિરપરાધી હોય તો નીકળી જાય. પછી તે વિલાસી પ્રિયતમ ગાંડાનું રૂપ કરીને રસ્તામાં ગાઢ રીતે, નિરંતર રીતે એને ગળે વળગે છે. પછી તે સ્ત્રી જઈને તે યક્ષને કહે છે કે "માતાપિતાએ મને જે પતિ આપ્યો છે તે અને તે ગાંડાને છોડીને જો હું બીજા પુરુષને જાણતી હોઉં તો તું મને (અપરાધિની) જાણજે." વિલખો પડેલો યક્ષ વિચારે છે કે આ ધુતારી કેવાપ્રકારની લુચ્ચાઈ કરે છે ? આ તો મને પણ ઠગી ગઈ. ખરેખર આ ધુતારી સતી નથી... યક્ષ વિચાર કરે છે, ત્યાં સુધીમાં તો તે ધુતારી બે પગ વચ્ચેથી નીકળી ગઈ. પછી બધા લોકોએ વૃદ્ધ સસરાને વિલખો પાડ્યો, એની હીલના કરી. તેથી વૃદ્ધની તે આઘાતનાં કારણે ઉંઘ ખતમ થઈ ગઈ. આ વાત રાજાનાં કાને પહોંચી. રાજાએ એને બોલાવીને અંતઃપુરનો પાલક બનાવ્યો. આ બાજુ અભિષેક કરાયેલું હસ્તિરત્ન અંતઃપુરની નીચે જ બંધાયેલું રહે છે. એક રાણી હાથીનાં મહાવતમાં આસક્ત હતી. હાથી સુંઢ દ્વારા ઉપરનાં માળેથી રાણીને નીચે ઉતારે છે, સવારે ઉપર મૂકે છે. આ પ્રમાણે કાળ પસાર થાય છે. એકવાર તે રાણી રાત્રે મોડી આવી, એટલે ગુસ્સે થયેલા મહાવતે હાથીની સાંકળથી એને મારી તે કહે છે કે "અંતઃપુરનો પાલક આવાપ્રકારનો, તેવાપ્રકારનો છે.

એ ઉંઘતો નથી. મારા પર ક્રોધ ન કર." વૃદ્ધ સસરો આ બધું જુએ છે. તે વિચારે છે કે "આટલી બધી સારીરીતે રક્ષા કરાતી એવી પણ આ રાણીઓ જો આ પ્રમાણે વર્તન કરનારી હોય, તો જે સદા સ્વચ્છંદ મારી પુત્રવધુ વગેરેની તો વાત જ શી કરવી ?"

આ વિચારથી તે સુઈ ગયો. સવારે બધા લોકો ઉઠ્યા, પણ તે ન ઉઠ્યો. રાજાને આ વાત કહેવાઈ. રાજા કહે "ભલે ઉંઘે" લાંબાકાળે ઉઠ્યો, ત્યારે રાજાએ પૃચ્છા કરી. એણે બધી વાત કરી કે "એક રાણી આવી છે. પણ કોણ છે ? એ જાણતો નથી."

પછી રાજાએ માટીનો હાથી કરાવ્યો. રાણીઓને કહ્યું કે "આની પૂજા કરીને એને ઓળંગી જાઓ." પછી બધાએ હાથીને ઓળંગ્યો. પણ એક રાણી ઈચ્છતી નથી. કહે છે કે "હું ગભરાઉં છું." પછી રાજાએ એને કમળ માર્યું, પછી મૂર્છા પામીને પડી ગઈ. રાજાએ જાણ્યું કે "આ અપરાધિની છે" રાજાએ કહ્યું કે "મદમસ્ત હાથી ઉપર ચડનારી તું માટીનાં બનેલા હાથીથી ગભરાય છે. ત્યાં સાંકળનાં માર ખાઈને પણ મૂર્છા ન પામી અને અહીં કમળનાં મારથી જ મૂર્છા પામી." પછી એનું શરીર જોયું તો ંકળનો પ્રહાર દેખાયો.

પછી ગુસ્સે થયેલા રાજાએ દેવી, મહાવત અને હાથી ત્રણેયને છિન્નકટકમાં (એકબાજુ તૂટી ગયેલા મોટા ઉંચા પત્થરની ટોચ ઉપર) ચડાવ્યા. મહાવતને કહ્યું કે "આ હાથીને આગળ લઈ જા" બે બાજુ શસ્ત્રધારીઓ ઉભા રહ્યા. હાથીએ એક પગ આકાશમાં અદ્ધર સ્થાપ્યો. લોકો કહે છે કે "બિચારો આ પશુ શું જાણે ? આ બેને મારવા જોઈએ. તો પણ રાજા ક્રોધને છોડતો નથી. ક્રમશઃ હાથીએ ત્રણ પગ આકાશમાં અદ્ધર કર્યા. એક પગે સ્થિર ઉભો રહ્યો. લોકોએ આક્રંદ કર્યો કે "શા માટે આ હસ્તિરત્નનો વિનાશ કરાય છે..." રાજાએ મહાવતને કહ્યું કે "આને પાછો વાળી શકીશ ? મહાવત કહે કે "જો અમને બંનેને અભય આપો તો.." રાજાએ અભય આપ્યું.

પછી મહાવતે અંકુશથી હાથીને પા ો વાળ્યો. આ દૃષ્ટાન્ત પ્રમાણે દાર્ષ્ટાન્તિકયોજના તો કરી જ દીધી છે.

---

**एवं कुर्वन्ति '<u>संबुद्धा</u>' बुद्धिमन्तो बुद्धाः सम्यग्दर्शनसाहचर्येण दर्शनैकीभावेन वा बुद्धाः संबुद्धा-विदितविषयस्वभावाः, सम्यग्दृष्टय इत्यर्थः, त एव विशेष्यन्ते-पण्डिताः प्रविचक्षणाः, तत्र <u>पण्डिताः</u>- सम्यग्ज्ञानवन्तः <u>प्रविचक्षणाः</u>-चरणपरिणामवन्तः, अन्ये तु व्याचक्षते-संबुद्धा सामान्येन बुद्धिमन्तः पण्डिता वान्तभोगासेवनदोषज्ञाः प्रविचक्षणा अवद्यभीरव इति, किं कुर्वन्ति ?-'<u>विनिवर्तन्ते भोगेभ्यः</u>' विविधम्-अनेकैः**

प्रकारैरनादिभवाभ्यासबलेन कदर्थ्यमाना अपि मोहोदयेन (वि)निवर्तन्ते भोगेभ्यो-विषयेभ्यः, यथा क इत्यत्राह-यथाऽसौ 'पुरुषोत्तमः' रथनेमिः । आह - कथं तस्य पुरुषोत्तमत्वं, यो हि प्रव्रजितोऽपि विषयाभिलाषीति ? उच्यते, अभिलाषेऽप्यप्रवृतेः, कापुरुषस्त्वभिलाषानुरूपं चेष्टत एवेति । अपरस्त्वाह-दशवैकालिकं नियतश्रुतमेव, यत उक्तम्-"णायज्झयणाहरणा इसिभासियमो पइन्नयसुया य । एए होंति अणियया णिययं पुण सेसमुस्सन्नं ॥१॥" तत्कथमभिनवोत्पन्नमिदमुदाहरणं युज्यते इति ?, उच्यते, एवम्भूतार्थस्यैव नियतश्रुतेऽपि भावाद्, उत्सन्नग्रहणाच्चादोषः, प्रायो नियतं न तु सर्वथा नियतमेवेत्यर्थः । ब्रवीमीति न स्वमनीषिकया किन्तु तीर्थकरगणधरोपदेशेन । उक्तोऽनुगमो, नयाः पूर्ववदिति ॥

---

સંબુદ્ધ, પંડિતો, પ્રવિચક્ષણો આ પ્રમાણે કરે છે.

એમાં સમ્યક્બોધ પામેલા હોય એટલે કે સમ્યગ્દર્શન સાથે હોવાથી અથવા સમ્યગ્દર્શન સાથે એકરૂપ થયા હોવાથી જેઓ બોધ પામેલા હોય એટલે કે જેઓ વિષયસુખોનો સ્વભાવ જાણી ચૂકેલા હોય અર્થાત્ જેઓ સમ્યગ્દષ્ટિ હોય.

પંડિત એટલે સમ્યગ્જ્ઞાનવાળા.

પ્રવિચક્ષણ એટલે ચારિત્રપરિણામવાળા.

કેટલાંકો આ પ્રમાણે કહે છે કે સંબુદ્ધ એટલે સામાન્યથી બુદ્ધિવાળા, પંડિત એટલે વમેલા ભોગોનું આસેવન કરવામાં લાગનારા દોષોને જાણનારા, પ્રવિચક્ષણ એટલે પાપભીરું.

પ્રશ્ન : તેઓ શું કરે છે ?

ઉત્તર : તેઓ ભોગોમાંથી પાછા ફરે છે. અનેક પ્રકારે અનાદિભવોના અભ્યાસના બળથી મોહોદય દ્વાર પરેશાન કરાતા એવા પણ આ જીવો ભોગોથી પાછા ફરે છે.

પ્રશ્ન : કોની જેમ ?

ઉત્તર : જેમ રથનેમિ પાછા ફર્યા તેમ.

પ્રશ્ન : તમે પુરુષોત્તમ તરીકે રથનેમિ લીધા ? એને પુરુષોત્તમ શી રીતે કહેવાય કે સાધુ બનવા છતાં વિષયસુખોનાં અભિલાષી છે.

ઉત્તર વિષયસુખોની અભિલાષા થવા છતાં પણ એમણે વિષયસુખોમાં પ્રવૃત્તિ નથી કરી, માટે જ તે પુરુષોત્તમ છે. ખરાબપુરુષ તો અભિલાષ પ્રમાણે ચેષ્ટા કરી જ

બેસે.

બીજા કોઈ વળી પ્રશ્ન કરે છે કે દશવૈકાલિક તો નિયતશ્રુત જ છે. (સર્વકાલભાવી શ્રુત છે.) કેમકે કહ્યું છે કે "જ્ઞાતાધ્યયનનાં દૃષ્ટાન્તો, ઋષિભાષિતો, પ્રકીર્ણકશ્રુતો આ અનિયતશ્રુતો છે. બાકીનું બધું શ્રુત પ્રાયઃ નિયત=શાશ્વત છે" તો પછી આ નવું ઉત્પન્ન થયેલ દૃષ્ટાન્ત શી રીતે દશવૈ.માં ઘટે ?

(દશવૈકાલિક તો સદામાટે સમાન હોય છે. રથનેમિનો પ્રસંગ તો આ જ કાળમાં બનેલો છે, તો આ પ્રસંગ સર્વકાલભાવી નિત્યશ્રુતમાં શી રીતે ઘટે ?)

એનો ઉત્તર એ કે આવાપ્રકારનાં અર્થનો જ નિત્યશ્રુતમાં પણ સદ્ભાવ હોવાથી કોઈ દોષ નથી. (આશય એ કે દર વખતે આવા જ કોઈ ને કોઈ પ્રસંગો બને જ, માત્ર નામ બદલાય. પદાર્થ ન બદલાય. એટલે પદાર્થની દૃષ્ટિએ આ શ્રુત નિયતશ્રુત છે, અને એમાં આ દૃષ્ટાન્ત હોય તો કોઈજ વાંધો નથી.)

વળી તમે દર્શાવેલી ગાથામાં ઉત્સન્ન=પ્રાયઃ શબ્દ છે. એટલે પણ કોઈ દોષ નથી. (પ્રાયઃનો અર્થ એ જ કે મોટાભાગનું નિયત છે, થોડું ઘણું અનિયત પણ હોય. એટલે આ દૃષ્ટાન્ત અનિયત તરીકે ગણી શકાય.) આ પ્રાયઃ નિયત છે, સર્વથા નિયત જ છે એવું નથી.

**ब्रवीमि** શબ્દથી એ જણાવ્યું કે હું મારી બુદ્ધિથી આ વાત નથી કરતો, પરંતુ તીર્થંકર અને ગણધરનાં ઉપદેશથી આ વાત કરું છું.

અનુગમ કહેવાઈ ગયો.

નયો પૂર્વની જેમ સમજવા.

---

**इत्याचार्यश्रीहरिभद्रसूरिविरचितायां दशवैकालिकटीकायां द्वितीयं श्रामण्यपूर्वकाध्ययनं सम्पूर्णम् ॥२॥**

---

આ પ્રમાણે આચાર્ય શ્રી હરિભદ્રસૂરિવડે રચાયેલી દશવૈકાલિકટીકામાં શ્રામણ્યપૂર્વકઅધ્યયન સંપૂર્ણ થયું.

**इति श्रीदशवैकालिके द्वितीयाध्ययनं सवृत्तिकं समाप्तम् ॥**

## ॥ अथ तृतीयाध्ययनं क्षुल्लिकाचारकथाख्यं ॥

व्याख्यातं श्रामण्यपूर्वकाध्ययनमिदानीं क्षुल्लिकाचारकथाऽध्ययनमारभ्यते, अस्य चायमभिसम्बन्धः, इहानन्तराध्ययने धर्माभ्युपगमे सति मा भूदभिनवप्रव्रजितस्याधृतेः संमोह इत्यतो धृतिमता भवितव्यमित्युक्तं, इह तु सा धृतिराचारे कार्या नत्वनाचारे, अयमेवात्मसंयमोपाय इत्येतदुच्यते, उक्तञ्च-"तस्यात्मा संयतो यो हि, सदाचारे रतः सदा । स एव धृतिमान् धर्मस्तस्यैव च जिनोदितः ॥१॥" इत्यनेनाभिसम्बन्धेनायातस्यास्याध्ययनस्य चत्वार्यनुयोगद्वाराणि पूर्ववत्, नामनिष्पन्ने निक्षेपे क्षुल्लिकाचारकथेति नाम, तत्र क्षुल्लकनिक्षेपः कार्यः, आचारस्य कथायाश्च, महदपेक्षया च क्षुल्लकमित्यतश्चित्रन्यायप्रदर्शनार्थमपेक्षणीयमेव महदभिधित्सुराह-

नामंठवणादविए खेत्ते काले पहाण पइभावे । एएसि महंताणं पडिवक्खे खुड्डया होंति ॥१७८॥

पइखुड्डएण पगयं आयारस्स उ चउक्कनिक्खेवो । नामंठवणादविए भावायारे य बोद्धव्वे ॥१७९॥

नामणधावणवासणसिक्खावणसुकरणाविरोहीणि । दव्वाणि जाणि लोए दव्वायारं वियाणाहि ॥१८०॥

---

## ક્ષુલ્લિકાચારકથા નામનું તૃતીય અધ્યયન

શ્રામણ્યપૂર્વક અધ્યયનનું વ્યાખ્યાન થઈ ગયું. હવે ક્ષુલ્લિકાચારકથા નામનું અધ્યયન શરુ કરાય છે. આનો આ સંબંધ છે કે અહીં બરાબર પૂર્વનાં (બીજા) અધ્યયનમાં એ વાત કહી કે "ચારિત્રધર્મનો સ્વીકાર કર્યા બાદ નૂતનદીક્ષિતને અધૃતિનાં કારણે સંમોહ ન થાઓ. એ માટે ધૃતિ = દૃઢતાવાળા બનવું."

આ અધ્યયનમાં એ વાત કહેવાય છે કે "તે ધૃતિ આચારમાં કરવી, અનાચારમાં નહિ. આચાર જ આત્મસંયમનો ઉપાય છે."

કહ્યું છે કે "તેનો આત્મા સંયત છે. જે સદા આચારમાં રત છે. તે જ ધૃતિવાળો છે, જિનોદિત ધર્મ તેની જ પાસે છે." આ સંબંધથી આવેલા આ અધ્યયનના ચાર અનુયોગદ્વારો પૂર્વની જેમ સમજી લેવા.

એમાં નામનિષ્પન્નનિક્ષેપ આવે, તેમાં ક્ષુલ્લિકાચારકથા એ નામ છે. તેમાં

ક્ષુલ્લકનો, આચારનો અને કથાનો નિક્ષેપ કરવાનો છે. હવે ક્ષુલ્લકવસ્તુ તો મહદ્‌વસ્તુની અપેક્ષાએ જ હોય. એટલે જાતજાતનાં ન્યાયનું પ્રદર્શન કરવા માટે ક્ષુલ્લકમાટે અપેક્ષણીય એવા જ મહત્‌ને કહેવાની ઈચ્છાવાળા કહે છે કે (નિક્ષેપ ક્ષુલ્લકનો કરવાનો છે. છતાં ક્ષુલ્લક મહદ્‌ની અપેક્ષાએ હોય છે. એટલે મહત્‌નો નિક્ષેપ બતાવવો. આ પણ એક પ્રકારનો ન્યાય છે. આ દર્શાવવા માટે મહદ્‌નું વર્ણન કરે છે.)

**નિર્યુક્તિ-૧૭૮ ગાથાર્થ :** નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, પ્રધાન, પ્રતિ, ભાવ આ આઠ મહદ્‌નાં પ્રતિપક્ષમાં ક્ષુલ્લકો હોય છે.

**નિર્યુક્તિ-૧૭૯ ગાથાર્થ** પ્રતિક્ષુલ્લકનો અધિકાર છે. આચારનો ચારપ્રકારનો નિક્ષેપ છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવાચાર જાણવો.

**નિર્યુક્તિ-૧૮૦ ગાથાર્થ :** નામન, ધાવન, વાસન, શિક્ષાપન, સુકરણને અવિરોધી જે દ્રવ્યો લોકમાં છે તેને દ્રવ્યાચાર જાણો.

---

**नाममहन्महदिति नाम, स्थापनामहन्महदिति स्थापना, द्रव्यमहानचित्तमहास्कन्धः, क्षेत्रमहल्लोकालोकाकाशम्, कालमहानतीतादिभेदः सम्पूर्णः कालः, प्रधानमहत्त्रिविधम्-सचित्ताचित्तमिश्रभेदात्, सचित्तं त्रिविधम्- द्विपदचतुष्पदापदभेदात्, तत्र द्विपदानां तीर्थकरः प्रधानः चतुष्पदानां हस्ती अपदानां पनसः अचित्तानां वैडूर्यरत्नं मिश्राणां तीर्थकर एव वैडूर्यादिविभूषितः प्रधान इत्यत एव चैतेषां महत्त्वमिति, प्रतीत्यमहद्-आपेक्षिकम्, तद्यथा-आमलकं प्रतीत्य महत् बिल्वं बिल्वं प्रतीत्य कपित्थमित्यादि, भावमहत्त्रिविधं-प्राधान्यतः कालत आश्रयतश्चेति, प्राधान्यतः क्षायिको महान् मुक्तिहेतुत्वेन तस्यैव प्रधानत्वात्, कालतः पारिणामिकः, जीवत्वाजीवत्व-परिणामस्यानाद्यपर्यवसितत्वान्न कदाचिज्जीवा अजीवतया परिणमन्ते अजीवाश्च जीवतयेति, आश्रयतस्त्वौदयिकः, प्रभूत( संसारि )सत्त्वाश्रयत्वात् सर्वसंसारिणामेवासौ विद्यत इति,**

---

**ટીકાર્થ :** (૧) મહત્ એ પ્રમાણે નામ તે **નામમહત્.**

(૨) મહત્ એ પ્રમાણે સ્થાપના તે **સ્થાપનામહત્.**

(૩) અચિત્તમહાસ્કન્ધ (સૌથી મોટામાં મોટો પુદ્‌ગલસ્કન્ધ) **દ્રવ્યમહત્** કહેવાય.

(૪) લોકાલોકાકાશ **ક્ષેત્રમહત્.**

(૫) અતીત, અનાગતાદિ ભેદવાળો સંપૂર્ણકાળ એ **કાલમહત્.**

(૬) **પ્રધાનમહત્** ત્રણપ્રકારે છે. સચિત્ત, અચિત, મિશ્ર.

સચિત્ત પ્રધાનમહત્ દ્વિપદ, ચતુષ્પદ, અપદ ભેદથી ત્રણપ્રકારે છે.

તેમાં દ્વિપદોમાં તીર્થંકર પ્રધાનસચિત્તમહત્ છે.

ચતુષ્પદોમાં હાથી પ્રધાનસચિત્તમહત્ છે.

અપદોમાં પનસ પ્રધાનસચિત્તમહત્ છે.

અચિત્તમાં પ્રધાનમહત્ વૈડુર્યરત્ન.

મિશ્રપ્રધાનમહત્ વૈડુર્યાદિથી વિભૂષિત તીર્થંકર જ પ્રધાન છે, માટે જ એનાથી વિભૂષિતતીર્થંકર મિશ્રપ્રધાન મહત્ છે.

(૭) **પ્રતીત્યમહદ્** એટલે અપેક્ષાએ થયેલું મહત્ તે આ પ્રમાણે-આમળાંની અપેક્ષાએ બિલ્વફળ મહત્ છે. બિલ્વની અપેક્ષાએ કપિત્થફળ (કોઠું ?) મહત્ છે...વગેરે

(૮) **ભાવમહત્** ત્રણ પ્રકારે છે. પ્રાધાન્યથી, કાલથી અને આશ્રયથી.

પ્રાધાન્યથી ક્ષાયિકભાવ ભાવમહત્ છે. કેમકે તે મુક્તિનું કારણ હોવાથી તે જ પ્રધાન છે.

કાલથી પારિણામિકભાવ ભાવમહત્ છે. કેમકે જીવત્વ, અજીવત્વરૂપ પારિણામિકભાવ અનાદિ-અનંત છે. ક્યારેય જીવો અજીવરૂપે પરિણમતા નથી અને અજીવો જીવરૂપે પરિણમતા નથી. (તે અનાદિકાળથી જીવ કે અજીવરૂપ જ છે, અને અનંતકાળ સુધી જીવ કે અજીવ રૂપ જ રહેવાના છે.)

આશ્રયથી ઔદયિકભાવ ભાવમહત્ છે. કેમકે તે તમામ સંસારીજીવોરૂપી આશ્રયમાં રહેનારો છે. તમામ સંસારીને આ હોય છે. (જોકે પારિણામિકભાવ પણ તમામ સંસારીઓને, ઉપરાંત સિદ્ધોને ઉપરાંત અજીવોને પણ હોય છે. એટલે આશ્રયથી પણ ખરેખર તો પારિણામિકભાવ જ મહત્ બને, પરંતુ એ કાલથી ગણી લીધો છે. એટલે વિવક્ષા પ્રમાણે આ ઔદયિકભાવ આશ્રયાપેક્ષયા ભાવમહત્ સમજવો.)

---

<u>'एतेषाम्'</u> अनन्तरोदितानां महतां प्रतिपक्षे क्षुल्लकानि भवन्ति, 'अभिधेयवल्लिङ्गवचनानि भवन्ती'ति न्यायात् यथार्थं क्षुल्लकलिङ्गवचनमिति, तत्र नामस्थापने क्षुण्णे, द्रव्यक्षुल्लकः परमाणुः, द्रव्यं चासौ क्षुल्लकश्चेति, क्षेत्रक्षुल्लक आकाशप्रदेशः, कालक्षुल्लकः समयः, प्रधानक्षुल्लकं त्रिविधम्-सचित्ताचित्तमिश्रभेदात्, सचित्तं त्रिविधम्-द्विपदचतुष्पदापदभेदात्, द्विपदेषु क्षुल्लकाः प्रधानाश्चानुत्तरसुराः,

शरीरेषु क्षुल्लकमाहारकम्, चतुष्पदेषु प्रधानः क्षुल्लकश्च सिंहः, अपदेषु जातिकुसुमानि, अचित्तेषु वज्रं प्रधानं क्षुल्लकं च, मिश्रेष्वनुत्तरसुरा एव शयनीयगता इति, प्रतीत्यक्षुल्लकं तु कपित्थं प्रतीत्य बिल्वं क्षुल्लकं बिल्वं प्रतीत्यामलकमित्यादि, भावक्षुल्लकस्तु क्षायिको भावः स्तोकजीवाश्रयत्वादिति गाथार्थः । इत्थं क्षुल्लकनिक्षेपमभिधायाधुना प्रकृतयोजनापुरःसरमाचारनिक्षेपमाह-प्रतीत्य यत् क्षुल्लकमुपदिष्टं तेनात्राधिकारः, यतो महती खल्वाचारकथा धर्मार्थकामाध्ययनं तदपेक्षया क्षुल्लिकेयमिति ।

---

હમણાં જ ઉપર બતાવેલા ૮ પ્રકારનાં મહત્નાં પ્રતિપક્ષમાં ક્ષુલ્લકો થાય છે.

**પ્રશ્ન :** તમે **क्षुल्लकानि** એમ નપુંસકલિંગ કરેલું છે, મૂળમાં **खुड्डगा** એમ પુલ્લિગ કરેલું છે. ખરેખર તો નપુંસકલિંગ જ થવું જોઈએ ને ? વળી એકવચનને બદલે બહુવચનનો પ્રયોગ શા માટે ?

**ઉત્તર :** એવો ન્યાય છે કે અભિધેયને અનુસારે લિંગ અને વચન થાય. પ્રસ્તુતમાં ક્ષુલ્લકશબ્દથી અભિધેય પદાર્થો ઘણાં છે એટલે બહુવચન કરેલું છે અને બધા પુલ્લિંગરૂપે છે, એટલે મૂળમાં પુલ્લિગ કરેલું છે. આમ લિંગ અને વચન યથાર્થ જ છે.

તેમાં (૧) **નામ** અને (૨) **સ્થાપના ક્ષુલ્લક** સ્પષ્ટ જ છે.

(૩) **દ્રવ્યક્ષુલ્લક** પરમાણુ છે **द्रव्यं च तत् क्षुल्लकश्च** એમ સમાસ કરવો.

(૪) **ક્ષેત્રક્ષુલ્લક** એક આકાશપ્રદેશ.

(૫) **કાલક્ષુલ્લક** એક સમય.

(૬) **પ્રધાનક્ષુલ્લક** ત્રણ પ્રકારે છે. સચિત્ત, અચિત્ત અને મિશ્ર.

સચિત્ત ત્રણપ્રકારે છે. દ્વિપદ, ચતુષ્પદ અને અપદ.

દ્વિપદોમાં ક્ષુલ્લક અને પ્રધાન અનુત્તરસુરો. (અડધા હાથનો જન્મેલો બાળક પણ હોય, એ દ્વિપદમાં ક્ષુલ્લક છે, પણ એ પ્રધાન નથી. તીર્થંકરો પ્રધાન છે, પણ એક હાથ જેટલાં ક્ષુલ્લક નથી. એટલે અનુત્તરદેવો લીધા છે. એમાં ક્ષુલ્લકતા અને પ્રધાનતા બંને સંભવે છે.)

શરીરોમાં ક્ષુલ્લક અને પ્રધાન આહારકશરીર. (નિગોદાદિશરીર ક્ષુલ્લક ખરા, પણ પ્રધાન નથી.)

(દ્વિપદમાં જ આ શરીરક્ષુલ્લકની ગણતરી કરવી.)

ચતુષ્પદોમાં પ્રધાન અને ક્ષુલ્લક સિંહ છે. (હરણાદિ ક્ષુલ્લક ખરા, પણ પ્રધાન નથી.

હાથી વગેરે પ્રધાન ખરા, પણ ક્ષુલ્લક નથી.)

અપદોમાં ક્ષુલ્લક અને પ્રધાન જાતિપુષ્પ.

(આ બધા સચિત્તપ્રધાનક્ષુલ્લકનાં ભેદો દર્શાવ્યા.)

અચિત્તોમાં વજ્ર પ્રધાન છે અને ક્ષુલ્લક છે.

મિશ્રોમાં શય્યામાં રહેલા અનુત્તરસુરો જ ક્ષુલ્લક અને પ્રધાન છે. (શય્યા અચિત્ત, દેવો સચિત્ત.. એમ મિશ્ર.)

(૭) પ્રતીત્યક્ષુલ્લક  કપિત્થની અપેક્ષાએ બિલ્વ ક્ષુલ્લક છે, બિલ્વની અપેક્ષાએ આમળો ક્ષુલ્લક છે.

(૮) ભાવક્ષુલ્લક : ક્ષાયિકભાવ ભાવક્ષુલ્લક છે. કેમકે એ થોડાક જ જીવોમાં રહેનારો છે. (અહીં આશ્રયની અપેક્ષાએ સમજવું. જોકે ક્ષાયિકભાવ અનંતા સિદ્ધોમાં છે, ઔપશમિકભાવ અસંખ્યજીવોમાં જ હોય છે, એટલે એ રીતે તો ઔપશમિકભાવ જ ભાવક્ષુલ્લક બને. પરંતુ અહીં સંસારીજીવોની જ અપેક્ષાએ આ વાત કરી છે, એમ સમજવું.)

આ પ્રમાણે ક્ષુલ્લકનો નિક્ષેપ કહીને હવે પ્રસ્તુતમાં એનો સંબંધ જોડવાપૂર્વક આચારનાં નિક્ષેપને કહે છે કે જે પ્રતીત્યક્ષુલ્લક બતાવ્યું, તેનો અહીં અધિકાર છે.

પ્રશ્ન : તે શી રીતે ?

ઉત્તર : આ જ ગ્રન્થમાં ધર્માર્થકામનામનું છઠ્ઠુંઅધ્યયન મોટી આચારકથા છે. તેની અપેક્ષાએ આ આચારકથા નાની છે. એટલે આ આપેક્ષિક ક્ષુલ્લક = પ્રતીત્યક્ષુલ્લક છે.

---

**आचारस्य तु चतुष्को निक्षेपः, स चायम्-नामाचारः स्थापनाचारो द्रव्याचारो भावाचारश्च बोद्धव्य इति गाथाक्षरार्थः ॥ भावार्थं तु वक्ष्यति, तत्र नामस्थापने क्षुण्णे, अतो द्रव्याचारमाह-नामनधावनवासनशिक्षापनसुकरणाविरोधीनि द्रव्याणि यानि लोके तानि द्रव्याचारं विजानीहि । अयमत्र भावार्थः- आचरणं आचारः द्रव्यस्याचारो द्रव्याचारः, द्रव्यस्य यदाचरणं तेन तेन प्रकारेण परिणमनमित्यर्थः, तत्र नामनमवनतिकरणमुच्यते, तत्प्रति द्विविधं द्रव्यं भवति-आचारवदनाचारवच्च, तत्परिणामयुक्तमयुक्तं चेत्यर्थः, तत्र तिनिशलतादि आचारवत्, एरण्डाद्यनाचारवत्, एतदुक्तं भवति-तिनिशलताद्याचरति तं भावं-तेन रूपेण परिणमति न त्वेरण्डादि, एवं सर्वत्र भावना कार्या, नवरमुदाहरणानि प्रदर्श्यन्ते-धावनं प्रति हरिद्रारक्तं वस्त्रमाचारवत्**

सुखेन प्रक्षालनात्, कृमिरागरक्तमनाचारवत् तद्भस्मनोऽपि रागानपगमात्, वासनं प्रति कवेलुकाद्याचारवत् सुखेन पाटलाकुसुमादिभिर्वास्यमानत्वात्, वैडूर्याद्यनाचारवत् अशक्यत्वात्, शिक्षणं प्रत्याचारवच्छुकसारिकादि सुखेन मानुषभाषासम्पादनात्, अनाचारवच्छकुन्तादि तदनुपपत्तेः, सुकरणं प्रत्याचारवत् सुवर्णादि सुखेन तस्य तस्य कटकादेः करणात्, अनाचारवत् घण्टालोहादि तत्रान्यस्य तथाविधस्य कर्तुमशक्यत्वादिति, अविरोधं प्रत्याचारवन्ति गुडदध्यादीनि रसोत्कर्षादुपभोगगुणाच्च, अनाचारवन्ति तैलक्षीरादीनि विपर्ययादिति, एवम्भूतानि द्रव्याणि यानि लोके तान्येव तस्याचारस्य तद्द्रव्याव्यतिरेकाद्द्रव्याचारस्य च विवक्षितत्वात्तथाऽऽचरणपरिणामस्य भावत्वेऽपि गुणाभावाद्द्रव्याचारं विजानीहि-अवबुध्यस्वेति गाथार्थः ॥ उक्तो द्रव्याचारः,

---

આચારનો ચારપ્રકારે નિક્ષેપ છે. તે આ છે. નામાચાર, સ્થાપનાચાર, દ્રવ્યાચાર અને ભાવાચાર.

આ ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ આગળ કહેશે.

તેમાં નામ અને સ્થાપના તો સ્પષ્ટ જ છે. એટલે દ્રવ્યાચારને કહે છે.

નામન, ધાવન, વાસન, શિક્ષાપન, સુકરણ અને અવિરોધવાળા જે દ્રવ્યો આ લોકમાં છે, તે દ્રવ્યાચાર જાણો.

અહીં આ ભાવાર્થ છે.

દ્રવ્યનો આચાર એ દ્રવ્યાચાર.

દ્રવ્યનો આચાર એટલે દ્રવ્યનું તે તે પ્રકારે પરિણમવું તે.

તેમાં

(૧) **નામન :** નમાવવું તે. તેને આશ્રયીને બે પ્રકારનું દ્રવ્ય હોય. આચારવાળું અને અનાચારવાળું. એટલે કે જે દ્રવ્ય નમી જવાના પરિણામવાળું હોય તે આચારવદ્. જે દ્રવ્ય નમી જવાના પરિણામવાળું ન બને તે નામનની અપેક્ષાએ અનાચારવાળું કહેવાય. તેમાં તિનિશલતાદિ (નેતર) આચારવાળા છે, એરંડાદિ અનાચારવાળા છે. કહેવાનો ભાવ એ છે કે તિનિશલતાદિ (નેતર) દ્રવ્યો નામનરૂપ પરિણામને આચરે છે = નમે છે, વળી જાય છે. પરંતુ એરંડાદિ નહિ,.

એમ ધાવનાદિ દરેકમાં આ પ્રમાણે વિચારી લેવું. માત્ર અહીં ઉદાહરણો

દેખાડાય છે.

(૨) **ધાવન :** ધાવન પ્રત્યે આચારવદ્ દ્રવ્ય હળદરથી રંગાયેલું વસ્ત્ર છે. કેમકે એનું સુખેથી પ્રક્ષાલન થઈ શકે છે. પરંતુ કૃમિરાગથી રંગાયેલું વસ્ત્ર અનાચારવાળું છે. કેમકે એ વસ્ત્ર બાળી નાંખીએ તો એની રાખનો પણ રંગ જતો નથી. (મનુષ્યનાં લોહીમાંથી તૈયાર થતો એક પ્રકારનો રંગ એ કૃમિરાગ છે. અચ્ચંકારી ભટ્ટા નામની સતી સ્ત્રીનાં કથાનકમાં આનું વર્ણન જોવા મળે છે.)

(૩) **વાસન** પ્રત્યે આચારવદ્ દ્રવ્ય કવેલુકાદિ (?) છે, કેમકે એ સુખેથી પ્રાટલાપુષ્પાદિ દ્વારા વાસિત કરી શકાય છે. જ્યારે વૈડુર્યાદિ એ અનાચારવાળા છે. કેમકે એમાં વાસન અશક્ય છે.

(૪) **શિક્ષણ** પ્રત્યે આચારવદ્ દ્રવ્ય પોપટ, મેના વગેરે છે. કેમકે એમને સુખેથી મનુષ્યની ભાષા શીખવાડી શકાય છે. જ્યારે શકુન્તાદિ (કાગડા વગેરે પક્ષીઓ) અનાચારવાળા છે. કેમકે એમાં મનુષ્યભાષાનું સંપાદન ઘટતું નથી.

(૫) **સુકરણ** પ્રત્યે આચારવદ્ દ્રવ્ય સુવર્ણાદિ છે. કેમકે સુખેથી સુવર્ણમાંથી કટકાદિ તે તે દ્રવ્યો બનાવી શકાય છે. જ્યારે ઘંટાલોહાદિ અનાચારવાળા છે. કેમકે તેમાં બીજી કોઈ તેવાપ્રકારની વસ્તુ કરવી અશક્ય છે.

(૬) **અવિરોધ** પ્રત્યે આચારવદ્ દ્રવ્ય ગોળ-દહીં વગેરે છે. કેમકે આ બે ભેગા થાય તો રસની વૃદ્ધિ થાય અને એ વાપરવાથી શરીરને લાભ થાય. આમ બે દ્રવ્યો પરસ્પર વિરોધવાળા નથી. જ્યારે તેલ-દૂધ વગેરે દ્રવ્યો પરસ્પર વિરોધવાળા છે કેમકે એમાં ઉંધુ થાય છે. એટલે કે એમાં રસની હાનિ થાય અને વાપરવાથી શરીરને નુકસાન થાય.

આવાપ્રકારનાં તે તે આચારવાળા = પરિણામવાળા દ્રવ્યો દ્રવ્યાચાર જાણો.

**પ્રશ્ન :** તે તે દ્રવ્યોનો આચાર દ્રવ્યાચાર કહેવાય. પરંતુ તે દ્રવ્યો પોતે જ શી રીતે દ્રવ્યાચાર કહેવાય ?

**ઉત્તર :** એના કારણો એ કે

(૧) તે નામનાદિરૂપ આચારનો તિનિશલતાદિ દ્રવ્યો થે અભેદ છે, એટલે આચારથી અભિન્ન એવા દ્રવ્યો દ્રવ્યાચાર કહી શકાય.

(**પ્રશ્ન :** પણ દ્રવ્યોનો આચારથી અભેદ હોય તો દ્રવ્યને માટે માત્ર **આચાર** શબ્દ જ વાપરોને ? **દ્રવ્યાચાર** શબ્દ શા માટે ?)

**ઉત્તર :** અહીં દ્રવ્યાચાર વિવક્ષિત છે એટલે માત્ર આચાર ન કહેતાં દ્રવ્યાચાર શબ્દ

વાપરેલો ` તિનિશલતાદિ એ દ્રવ્ય છે, અને નામનાદિ આચારથી અભિન્ન છે, માટે આચાર છે. એટલે એ દ્રવ્યાચાર કહેવાય.

**પ્રશ્ન :** તિનિશલતાદિમાં જે નામનાદિ આચાર છે, એ હકીકતમાં તો તે તે દ્રવ્યોનો પર્યાય, પરિણામ છે, એટલે એ તો ભાવ જ કહેવાય ને ? તો આને દ્રવ્યાચાર કેમ કહેવાય ? આ તો ભાવાચાર જ કહેવો જોઈએ ને ?"

**ઉત્તર :** તથા આચરણપરિણામ = નામનાદિ પરિણામ ભાવરૂપ છે, તો પણ જ્ઞાનાદિ ગુણો જ ભાવાચારરૂપ ગણેલા હોવાથી અને એ ગુણોનો આ દ્રવ્યોમાં અભાવ હોવાથી એને ભાવાચાર ન કહેવાય, પરંતુ દ્રવ્યાચાર જ કહેવાય. (અથવા તો દ્રવ્યમાં ગુણ અને પર્યાય બે વસ્તુ હોય છે. તિનિશલતાદિમાં જે નામનાદિ આચાર છે, એ પરિણામ = પર્યાયરૂપ હોવાથી ભાવાત્મક છે, છતાં એ ગુણરૂપ નથી. દ્રવ્યમાં જે સદા રહે તે ગુણ કહેવાય. નામનાદિ આચારો તિનિશલતાદિમાં સદા નથી રહેતાં. એટલે એ ગુણરૂપ નથી. અત્રે ગુણ ન હોવારૂપ અપેક્ષાએ એ ભાવરૂપ નથી, માટે એ દ્રવ્યાચાર કહેવાય...)

દ્રવ્યાચાર કહ્યો.

---

**साम्प्रतं भावाचारमाह-**

दंसणनाणचरित्ते तवआयारे य वीरियायारे । एसो भावायारो पंचविहो होइ नायव्वो ॥१८१॥ निस्संकिय निक्कंखिय निव्वितिगिच्छा अमूढदिट्ठी अ । उववूह थिरीकरणे वच्छल्लपभावणे अट्ठ ॥१८२॥ अइसेसइड्ढियायरियवाइधम्मकहीखमगनेमित्ती । विज्जारायागणसंमया य तित्थं पभाविंति ॥१८३॥ काले विणए बहुमाणे उवहाणे तह य अनिण्हवणे । वंजणअत्थतदुभए अट्ठविहो नाणमायारो ॥१८४॥ पणिहाणजोगजुत्तो पंचहिं समिईहिं तिहि य गुत्तीहिं । एस चरित्तायारो अट्ठविहो होई नायव्वो ॥१८५॥ बारसविहम्मिवि तवे सब्भिंतरबाहिरे कुसलदिट्ठे । अगिलाइ अणाजीवी नायव्वो सो तवायारो ॥१८६॥ अणिगूहियबलविरियो परक्कमइ जो जहुत्तमाउत्तो । जुंजइ अ जहाथामं नायव्वो वीरियायारो ॥१८७॥

---

હવે ભાવાચાર કહે છે.

**નિર્યુક્તિ-૧૮૧ ગાથાર્થ** દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપાચાર, વીર્યાચાર આ પાંચપ્રકારનો ભાવાચાર જાણવો.

**નિર્યુક્તિ-૧૮૨ ગાથાર્થ** નિઃશંક્તિ, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સક, અમૂઢદષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય, પ્રભાવના એ આઠ (દર્શનાચાર છે.)

**નિર્યુક્તિ-૧૮૩ ગાથાર્થ** અતિશયી, ઋદ્ધિ, આચાર્ય, વાદી, ધર્મકથી, ક્ષપક, નૈમિત્તિક, વિદ્યાધર, રાજસંમત, ગણસંમત તીર્થની પ્રભાવના કરે છે.

**નિર્યુક્તિ-૧૮૪ ગાથાર્થ :** કાલ, વિનય, બહુમાન, ઉપધાન, અનિહ્નવન, વ્યંજન, અર્થ, તદુભય આઠ પ્રકારનો જ્ઞાનાચાર છે.

**નિર્યુક્તિ-૧૮૫ ગાથા** ' : પાંચસમિતિ અને ત્રણગુપ્તિથી પ્રણિધાનયોગવા ો આ ચારિત્રાચાર આઠ પ્રકારનો છે.

**નિર્યુક્તિ-૧૮૬ ગાથાર્થ :** અભયન્તર અને બાહ્ય સહિત, સર્વજ્ઞદષ્ટ બારેય પ્રકારનાં તપમાં ગ્લાનિરહિત અનાજીવી. તે તપાચાર જાણવો.

**નિર્યુક્તિ-૧૮૭ ગાથાર્થ** બલ-વીર્યનાં નિગૂહનરહિત આયુક્ત જે યથોક્ત રીતે પરાક્રમ કરે છે અને શક્તિ પ્રમાણે જોડે છે, તે વીર્યાચાર જાણવો.

---

**व्याख्या-दर्शनज्ञानचारित्रादिष्वाचारशब्दः प्रत्येकमभिसम्बध्यते, दर्शनाचारो ज्ञानाचारश्चारित्राचारस्तप-आचारो वीर्याचारश्चेति, तत्र दर्शनं सम्यग्दर्शनमुच्यते, न चक्षुरादिदर्शनं, तच्च क्षायोपशमिकादिरूपत्वाद्भाव एव, ततश्च तदाचरणं दर्शनाचार इत्येवं शेषेष्वपि योजनीयं, भावार्थं तु वक्ष्यति-एष भावाचारः पञ्चविधो भवति ज्ञातव्यः, इति गाथाक्षरार्थः । अधुना भावार्थ उच्यते-तत्र 'यथोद्देशं निर्देश' इत्यादौ दर्शनाचारभावार्थः, दर्शनाचारश्चाष्टधा,**

---

**ટીકાર્થ :**

દર્શન, જ્ઞાન, ચારિત્ર એ દરેકમાં આચાર શબ્દ જોડવો. એટલે દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એમ અર્થ થશે.

તેમાં દર્શન એટલે સમ્યગ્દર્શન લેવું. ચક્ષુદર્શનાદિ નહિ લેવા. તે સમ્યગ્દર્શન ક્ષાયોપશમિકવગેરે રૂપ હોવાથી ભાવ જ છે. તેથી તેનું આચરણ એ દર્શનાચાર છે.

આ પ્રમાણે બાકીનાં ચારમાં પણ જોડી દેવું.

ભાવાર્થ કહેશે.

આ પાંચપ્રકારનો ભાવાચાર જાણવો.

આ ગાથાનો અક્ષરાર્થ થયો.

હવે ભાવાર્થ કહેવાય છે.

તેમાં ઉદ્દેશ પ્રમાણે નિર્દેશ હોય એટલે શરુઆતમાં દર્શનાચારનો ભાવાર્થ કહેવાય છે.

દર્શનાચાર આઠપ્રકારનો છે.

---

तथा चाहगाथा-'निस्संकी'त्यादि, निःशङ्कित इत्यत्र शङ्का शङ्कितं निर्गतं शङ्कितं यतोऽसौ निःशङ्कितः देशसर्वशङ्कारहित इत्यर्थः, तत्र देशशङ्का समाने जीवत्वे कथमेको भव्योऽपरस्त्वऽभव्य इति शङ्कते, सर्वशङ्का तु प्राकृतनिबद्धत्वात्सकलमेवेदं परिकल्पितं भविष्यतीति, न पुनरालोचयति यथा-भावा हेतुग्राह्या अहेतुग्राह्याश्च, तत्र हेतुग्राह्या जीवास्तित्वादयः, अहेतुग्राह्या भव्यत्वादयः, अस्मदाद्यपेक्षया प्रकृष्टज्ञानगोचरत्वात् तद्धेतूनामिति, प्राकृतनिबन्धोऽपि बालादिसाधारण इति, उक्तञ्च-"बालस्त्रीमूढमूर्खाणां, नृणां चारित्रकाङ्क्षिणाम् । अनुग्रहार्थं तत्त्वज्ञैः, सिद्धान्तः प्राकृतः स्मृतः ॥१॥" दृष्टेष्टाविरुद्धश्चेति, उदाहरणं चात्र पेयापेयकौ यथाऽऽवश्यके, ततश्च निःशङ्कितो जीव एवार्हच्छासनप्रतिपन्नो दर्शनाचरणात् तत्प्राधान्यविवक्षया दर्शनाचार उच्यते, अनेन दर्शनदर्शनिनोरभेदमाह, तदेकान्तभेदे त्वदर्शनिन इव तत्फलाभावात् मोक्षाभाव इति, एवं शेषपदेष्वपि भावना कार्येति १। तथा निष्काङ्क्षितो-देशसर्वकाङ्क्षारहितः, तत्र देशकाङ्क्षा एकं दर्शनं काङ्क्षति दिगम्बरदर्शनादि, सर्वकाङ्क्षा तु सर्वाण्येवेति, नालोचयति षड्जीवनिकायपीडामसत्प्ररूपणां च, उदाहरणं चात्र राजामात्यौ यथाऽऽवश्यक इति २। विचिकित्सा-मतिविभ्रमः निर्गता विचिकित्सा-मतिविभ्रमो यतोऽसौ निर्विचिकित्सः, साध्वेव जिनदर्शनं किन्तु प्रवृत्तस्यापि सतो ममास्मात्फलं भविष्यति( उत ) न भविष्यतीति ?, क्रियायाः कृषीबलादिषूभयोपलब्धेरिति विकल्परहितः, न ह्यविकल्प उपाय उपेयवस्तुपरिप्रापको न भवतीति सञ्जातनिश्चयो निर्विचिकित्स उच्यते एतावताऽंशेन निःशङ्कताद्भिन्नः, उदाहरणं चात्र विद्यासाधको यथाऽऽवश्यक इति, यद्वा निर्विज्जुगुप्सः- साधुजुगुप्सारहितः, उदाहरणं चात्र श्रावकदुहिता यथाऽऽवश्यक एव ३। तथाऽमूढदृष्टिश्च बालतपस्वितपोविद्याऽतिशयदर्शनैर्न मूढा-स्वरूपान्न चलिता दृष्टिः सम्यग्दर्शनरूपा यस्यासावमूढदृष्टिः, अत्रोदाहरणं सुलसा साविया, जहा लोइयरिसी अबंडो रायगिहं गच्छंतो बहुयाणं भवियाणं थिरीकरणणिमित्तं सामिणा भणिओ-सुलसं पुच्छिज्जासि, अंबडो चिंतेइ-पुन्नमतिया

सुलसा जं अरहा पुच्छेइ, तओ अम्बडेण परिक्खणाणिमित्तं सा भत्तं मग्गिया, ताए ण दिन्नं, तओ तेण बहूणि रूवाणि विउव्वियाणि, तहवि ण दिन्नं, ण य संमूढा, तह कुतित्थियरिद्धीओ दट्ठूण अमूढदिट्ठिणा भवियव्वं ४। एतावान् गुणिप्रधानो दर्शनाचारनिर्देशः, अधुना गुणप्रधानः 'उपबृंहणस्थिरीकरणे' इति, उपबृंहणं च स्थिरीकरणं च उपबृंहणस्थिरीकरणे, तत्रोपबृंहणं नाम समानधार्मिकाणां सद्गुणप्रशंसनेन तद्वृद्धिकरणम्, स्थिरीकरणं तु धर्माद्विषीदतां सतां तत्रैव स्थापनं । उववूहणाए उदाहरणं जहा रायगिहे नयरे सेणिओ राया, इओ य सक्को देवराया सम्मत्तं पसंसइ । इओ य एगो देवो असद्दहंतो नगरबाहिं सेणियस्स णिग्गयस्स चेल्लयरूवं काऊणं अणिमिसे गेण्हइ, ताहे तं निवारेइ, पुणरवि अण्णत्थ संजई गुव्विणी पुरओ ठिया, ताहे अपवरगे ठविऊण जहा ण कोइ जाणइ तहा सूइगिहं कारवेइ, जं किंचि सुइकम्मं तं सयमेव करेइ, तओ सो देवो संजईरूवं परिच्चइऊण दिव्वं देवरूवं दरिसेइ, भणइ य-भो सेणिय ! सुलद्धं ते जम्मजीवियस्स फलं जेण ते पवयणस्सुवरिं एरिसी भत्ती भवइत्ति उववूहेऊण गओ । एवं उववूहियव्वा साहम्मिया ॥ स्थिरीकरणे उदाहरणं जहा उज्जेणीए अज्जासाढो कालं करेंते संजए अप्पाहेइ-मम दरिसावं दिज्जह, जहा उत्तरज्झयणेसु एतं अक्खाणयं सव्वं तहेव, तम्हा जहा सो अज्जासाढो थिरो कओ एवं जे भविया ते थिरीकरेयव्वा । तथा 'वात्सल्यप्रभावना' इति वात्सल्यं च प्रभावना च वात्सल्यप्रभावने, तत्र वात्सल्यं-समानधार्मिकप्रीत्युपकारकरणं प्रभावना-धर्मकथादिभिस्तीर्थख्यापनेति, तत्र वात्सल्ये उदाहरणं अज्जवइरा, जहा तेहिं दुब्भिक्खे संघो नित्थारिओ एयं सव्वं जहा आवस्सए तहा नेयं, पभावणाए उदाहरणं ते चेव अज्जवइरा जहा तेहिं अग्गिसिहाओ सुहुमकाइआइं आणेऊण सासणस्स उब्भावणा कया एयमक्खाणयं जहा आवस्सए तहा कहेयव्वं, एवं साहुणावि सव्वपयत्तेण सासणं उब्भावेयव्वं । अष्टावित्यष्टप्रकारो दर्शनाचारः, प्रकाराश्चोक्ता एव निःशङ्कितादयः, गुणप्रधानश्चायं निर्देशो गुणगुणिनोः कथंचिद्भेदख्यापनार्थः, एकान्ताभेदे तन्निवृत्तौ गुणिनोऽपि निवृत्तेः शून्यतापत्तिरिति गाथार्थः ।

---

એની જ ગાથા કહે છે.

(૧) નિઃશઙ્કિત : શઙ્કા એટલે શઙ્કિત. જેમાંથી શઙ્કિત- શંકા નીકળી ગઈ છે એ નિ.શઙ્કિત કહેવાય. અર્થાત્ દેશશંકા અને સર્વશંકાથી રહિત જીવ. તે નિઃશઙ્કિત.

તેમાં દેશશંકા આ પ્રમાણે કે બધા જીવોમાં જીવત્વ સમાન હોવા છતાં એવું શા માટે કે એક ભવ્યજીવ અને બીજો અભવ્યજીવ... આ પ્રમાણે શંકા કરે. (અહીં જીવત્વ માન્યું છે, એટલે એની શંકા નથી. પણ ભવ્યત્વાદિની શંકા છે, એટલે આ દેશશંકા છે.)

સર્વશંકા આ પ્રમાણે કે દ્વાદશાંગીરૂપ આખુંય શ્રુત પ્રાકૃતભાષામાં ગુંથાયેલ હોવાથી એ કાલ્પનિક હશે. (જો શ્રુતનાં બનાવનાર વિદ્વાન હોત તો સંસ્કૃત જેવી ઊંચીભાષામાં જ શ્રુતરચના કરત ને ? આવી સામાન્ય લોકભોગ્ય ભાષામાં શ્રુતની રચના કરી છે. એટલે લાગે છે કે એ માણસ કોઈ જ્ઞાની નહિ હોય, પણ માત્ર કલ્પનાઓ દ્વારા આ શ્રુતની રચના કરી હશે.. આમાં આખીય દ્વાદશાંગી ખોટી હોવાની શંકા છે. એટલે આ સર્વશંકા કહેવાય.)

આ શંકા કરનારો વિચારતો નથી કે પદાર્થો બે પ્રકારનાં છે. હેતુગ્રાહ્ય અને અહેતુગ્રાહ્ય. તેમાં જીવનું અસ્તિત્વ વગેરે પદાર્થો હેતુગ્રાહ્ય છે. યુક્તિ દ્વારા એ પદાર્થો સિદ્ધ થઈ શકે છે. જ્યારે ભવ્યત્વ વગેરે પદાર્થો હેતુગ્રાહ્ય નથી.

(પ્રશ્ન : કેમ ! શા માટે એ પદાર્થો હેતુગ્રાહ્ય નથી ? શું આ પદાર્થોની સિદ્ધિ માટેનાં કોઈ હેતુ જ નથી ?)

ઉત્તર : (ના, ના, એના હેતુ તો છે. પરંતુ) ભવ્યત્વાદિ પદાર્થોની સિદ્ધિ કરનારા જે હેતુઓ છે. તે આપણાં બધાનાં જ્ઞાન કરતાં ઊંચાજ્ઞાનનો વિષય બનનારા છે. એટલે એ પદાર્થો આપણે હેતુથી જાણી શકતા નથી. (ટુંકમાં એ હેતુઓ છે તો ખરા, પણ કેવલજ્ઞાનાદિ દ્વારા જ એ જાણી શકાય. એટલે આપણે માટે તો ભવ્યત્વાદિપદાર્થો શ્રદ્ધાગ્રાહ્ય છે. યુક્તિગ્રાહ્ય નથી.)

તથા દ્વાદશાંગીનું પ્રાકૃતભાષામાં ગુંથન કરેલ છે, એ પણ એટલા માટે કે એ બાલાદિસાધારણ છે.(અર્થાત્ જો સંસ્કૃતાદિભાષામાં એની રચના કરે, તો બાલજીવો એને જલ્દી સમજી ન શકે, અને તો પછી એમના ઉપર ઉપકાર ન થઈ શકે. જ્યારે આ દ્વાદશાંગી તો બાલાદિ બધા જીવોને ઉપયોગી બને એ માટે છે. એટલે એની રચના પ્રાકૃતભાષામાં કરી છે. એ વખતની લોકભાષા પ્રાકૃત હતી, એટલે બાલ, સ્ત્રી વગેરે માટે આ ગ્રંથો ઉપકારી બની રહ્યા.)

કહ્યું છે કે "બાલ, સ્ત્રી, મૂઢ અને મૂર્ખ અને જે ચારિત્રેચ્છાવાળા જીવો છે, તેઓ ઉપર ઉપકાર કરવા માટે તત્ત્વજ્ઞોએ પ્રાકૃતસિદ્ધાન્ત બનાવ્યો છે."

એટલે પ્રાકૃતભાષામાં હોવા માત્રથી એ કાલ્પનિક - અસત્ ન મનાય.

વળી આ સિદ્ધાન્ત દષ્ટ-અવિરુદ્ધ અને ઈષ્ટ-અવિરુદ્ધ છે, એટલે પણ એ કાલ્પનિક નથી. પરંતુ વાસ્તવિક છે. સાચો છે એમ માનવું.

(ભાવાર્થ : સિદ્ધાન્તમાં જે પદાર્થો પ્રરૂપેલા છે, એનાથી વિરુદ્ધ કશું પ્રત્યક્ષથી દેખાતું નથી. દા.ત. જો શાસ્ત્રમાં કીડીને પાંચઈન્દ્રિય કહી હોત તો કીડીમાં પ્રત્યક્ષથી ત્રણ જ ઈન્દ્રિયો અનુભવાય છે, એટલે શાસ્ત્રવચન પ્રત્યક્ષવિરુદ્ધ = દષ્ટવિરુદ્ધ બનત. પણ આવું કોઈપણ વચન નથી.

ઈષ્ટ - અવિરુદ્ધ એટલે જિનાગમોનાં કોઈપણ બે વચનો પરસ્પર વિરોધી નથી. એક વચનનો બીજા વચન સાથે વિરોધ આવતો નથી. દા.ત. "કોઈપણ જીવોને મારવા નહિ." એમ વચન છે, અને જો "યજ્ઞમાં ૫૦૦ બકરા કાપી નાંખવા" એવું પણ વચન હોત તો આ બીજા વચન સાથે પહેલા વચનને વિરોધ આવે છે. એટલે તે ઈષ્ટવિરુદ્ધ બની જાય. ઈષ્ટ=શાસ્ત્રનું જ અન્ય વચન. પરંતુ જિનાગમો આવા ઈષ્ટ-વિરુદ્ધ નથી. ભલે આપણને તે તે બે વચનો વચ્ચે વિરોધ દેખાય, પણ સ્યાદ્વાદનો ેધ હોય તો એ બે વચનો વચ્ચે અવિરોધ સમજાય.)

શંકા નુકસાનકારી છે, એ સંબંધમાં પેય-અપેય દષ્ટાન્ત છે. તે આવશ્યકમાં જે પ્રમાણે કહ્યું છે, તે પ્રમાણે સમજી લેવું.

આમ નિઃશંક્તિ જીવ પોતે જ અરિહંતશાસનને પામેલો છતોં દર્શનનું આચરણ કરતો હોવાથી દર્શનાચારની પ્રધાનતાની વિવક્ષા દ્વારા દર્શનાચાર કહેવાય છે.

(ભાવાર્થ : જીવ પોતે દર્શનાચારવાળો છે, દર્શનાચાર નથી. છતાં અહીં તો જીવને જ દર્શનાચાર કહ્યો છે. એનું કારણ એ કે એ દર્શનાચાર પાળે તો છે જ, અને એટલે અહીં દર્શનાચારને મુખ્ય તરીકે ગણી એની જ વિવક્ષા કરી આ જીવને જ દર્શનાચાર કહી દીધો છે.)

દર્શનવાળાને જ દર્શનરૂપ - દર્શનાચારરૂપ દર્શાવવા દ્વારા દર્શન અને દર્શનીનો અભેદ જણાવ્યો છે. જો તે બે વચ્ચે એકાન્તે ભેદ માનો તો અદર્શનીને જેમ દર્શનનું ફલ નથી મળતું. એમ દર્શનીને પણ દર્શનનું ફલ ન મળે અને તો પછી મોક્ષનો અભાવ જ થઈ જાય.

(મિથ્યાત્વીને સમ્યકત્વનું ફળ નથી મળતું, કેમકે મિથ્યાત્વી સમ્યકત્વથી એકાંતે જુદો છે. તો હવે જો સમ્યકત્વીને પણ સમ્યકત્વથી એકાંતે જુદો માનો, તો મિથ્યાત્વીની જેમ સમ્યકત્વીને પણ ફળ ન મળે. આ આપત્તિ ન આવે એ માટે સમ્યકત્વી અને સમ્યકત્વનો

પરસ્પર કથંચિત્ અભેદ માનવો જોઈએ.)

આ રીતે બાકીનાં પદોમાં પણ (નિષ્કાંક્ષિત... આદિ ત્રણ) વિચારી લેવું. (એમાં પણ આચારવાળા જીવને જ આચારરૂપ કહી દીધો છે, એટલે એ બધામાં ઉપરની યુક્તિઓ જોડી દેવી.)

(૨) **નિષ્કાંક્ષિત :** દેશકાંક્ષા અને સર્વકાંક્ષારહિત હોય તે નિષ્કાંક્ષિત કહેવાય.

દેશકાંક્ષા આ પ્રમાણે કે દિગંબરાદિ કોઈક એક દર્શનની ઈચ્છા કરે.

સર્વકાંક્ષા આ પ્રમાણે કે બધા જ દર્શનની ઈચ્છા કરે. (બધા ધર્મોની આરાધના કરું એટલે મને બધા ફળો મળે...)

આ કાંક્ષાવાળો જીવ એમ ન વિચારે કે અન્યદર્શનમાં તો ષડ્જીવનિકાયની હિંસા છે. અને અસત્પ્રરૂપણા છે. એમ બૌદ્ધાદિ સર્વમતમાં આ બંને વસ્તુ છે.

દેશ-સર્વકાંક્ષાસંબંધમાં રાજા અને મંત્રીનું ઉદાહરણ આવશ્યકનિર્યુક્તિમાં દર્શાવ્યા પ્રમાણે જાણવું.

(૩) **વિચિકિત્સા :** મતિનો વિભ્રમ એ વિચિકિત્સા, જેમનામાંથી મતિવિભ્રમ નીકળી ગયો છે, તે નિર્વિચિકિત્સ કહેવાય.

એ મતિવિભ્રમ આવો હોય કે "જિનદર્શન તો સાચું જ છે. પરંતુ એમાં પ્રવૃત્તિ કરનારા એવા પણ મને આ જિનદર્શન દ્વારા ફલ મળશે કે નહિ ? કેમકે ખેડૂત વગેરેમાં ક્રિયાની બંને બાબતોની ઉપલબ્ધિ થાય છે. એટલે કે ખેડૂતો ખેતીક્રિયા કરે, તો એમાં કોઈકને ફળ મળે છે, કોઈકની ખેતી નિષ્ફળ જાય છે. તો એ રીતે મારી પણ આ ક્રિયાઓ નિષ્ફળ તો નહિ જાય ને ?"

આવાપ્રકારનાં મતિવિભ્રમથી રહિત હોય તે નિર્વિચિકિત્સ.

એને આવો નિશ્ચય હોય કે "અવિકલ = સંપૂર્ણ ઉપાય ઉપેયવસ્તુ = સાધ્યવસ્તુને અપાવડાવનાર ન બને એવું ન બને. અર્થાત્ ખેડૂતોને જો ખેતી કરવામાં પાણી, સારુંબીજ, મહેનત વગેરે બધા ઉપાયો પ્રાપ્ત થાય તો અવશ્ય ફળ મળે જ છે. જ્યાં ખેતી નિષ્ફળ થઈ છે, ત્યાં કોઈકને કોઈક કારણોની ગેરહાજરી જ કામ કરી ગઈ છે. એટલે સંપૂર્ણ ઉપાય હોય, તો ફલ મળે જ."

(**न ह्यविकल्प उपायः** એ પ્રમાણે પાઠ છે. પરંતુ **अविकल** પાઠ વાસ્તવિક લાગે છે. છતાં જો છપાયેલા પાઠ પ્રમાણે જ અર્થ કરવો હોય તો આ પ્રમાણે વિકલ્પ=ઉપર દર્શાવેલ મતિવિભ્રમ આવા મતિવિભ્રમરહિત ઉપાય કાર્યસાધક બને જ અથવા તો

અવિકલ્પ=નિશ્ચિત=સાચો ઉપાય ફલસાધક બને જ...)

આમાં ઉદાહરણ વિદ્યાસાધક છે, જેમ આવશ્યકમાં દર્શાવેલ છે, એમ સમજી લેવું.

અથવા તો

**निर्विज्जुगुप्सः** એમ શબ્દ લો. એટલે કે સાધુની જુગુપ્સાથી રહિત.

આમાં ઉદાહરણ શ્રાવકપુત્રી છે, તે પણ આવશ્યકમાં જ જેમ દર્શાવેલ છે, તેમ સમજવું.

(૪) અમૂઢદષ્ટિ : બાલતપસ્વીનાં તપ, વિદ્યાનાં અતિશયનાં દર્શન દ્વારા જેની દષ્ટિ (=સમ્યક્ત્વ) સ્વરૂપમાંથી ચલિત નથી થઈ તે અમૂઢદષ્ટિ. (અર્થાત્ મિથ્યાત્વીઓનાં તપાદિ જોઈને પણ જે જૈનદર્શનમાં શ્રદ્ધા ગુમાવતો નથી તે અમૂઢદષ્ટિ)

આમાં ઉદાહરણ સુલસા શ્રાવિકા છે.

તે આ પ્રમાણે - લૌકિકઋષિ (પરિવ્રાજક) અંબડ રાજગૃહ નગરીમાં જતો હતો, ત્યારે પ્રભુએ ઘણાં ભવ્યજીવોને સ્થિર કરવા માટે એને કહ્યું કે "સુલસાને પૃચ્છા કરજે." અંબડ વિચારે છે કે "સુલસા પુણ્યશાળી છે કે અરિહંત એની પૃચ્છા કરે છે." પછી અંબડે પરીક્ષા માટે તેની પાસે ભોજનની માંગણી કરી. તેણે ન આપ્યું. ત્યારબાદ તેણે ઘણાં બ્રહ્માદિરૂપો વિકુર્વ્યા. તો પણ તેણે ન આપ્યું. એ સંમોહન ન પામી.

આ રીતે કુતીર્થિકોની ઋદ્ધિ જોઈને મૂઢદષ્ટિવાળા ન થવું.

આટલો દર્શનાચારનિર્દેશ ગુણીપ્રધાન કર્યો. અર્થાત્ દર્શનાચારવાળાને = ગુણીને જ ગુણ = આચાર રૂપ દર્શાવ્યો. હવે ગુણપ્રધાન દર્શનાચારનિર્દેશ કરે છે. ઉપબૃંહણા...વગેરે.

તેમાં ઉપબૃંહણા એટલે સમાન ધર્મવાળાઓનાં સદ્ગુણોની પ્રશંસા દ્વારા તે સદ્ગુણોની વૃદ્ધિ કરવી. સ્થિરીકરણ એટલે ધર્મમાંથી સીદાતા જીવોને ધર્મમાં જ સ્થાપવા.

ઉપબૃંહણામાં ઉદાહરણ આ પ્રમાણે છે કે રાજગૃહ નગરમાં શ્રેણિક રાજા છે. આ બાજુ શક્ર દેવરાજ તેના સમ્યક્ત્વની પ્રશંસા કરે છે. એક દેવ એની શ્રદ્ધા નથી કરતો. એ નગરની બહાર નીકળેલા શ્રેણિકની આગળ નૂતનસાધુનું રૂપ કરીને માછલાઓ પકડે છે. ત્યારે શ્રેણિક તે સાધુને અટકાવે છે. વળી અન્યસ્થાને શ્રેણિકની આગળ ગર્ભવતી સાધ્વીજી ઉપસ્થિત થયા, ત્યારે શ્રેણિક એમને ઓરડામાં રાખીને જેમ કોઈ ન જાણે એ રીતે સૂતિગૃહ કરાવે છે. પછી જે કંઈપણ સૂતિકર્મ છે. તે બધું જ જાતે જ કરે છે. ત્યારપછી તે દેવ સાધ્વીના રૂપને ત્યાગીને દિવ્ય દેવસ્વરૂપ દેખાડે છે અને કહે છે કે "શ્રેણિક ! તને

જન્મજીવનનું ફલ સુલબ્ધ છે. (અર્થાત્ તારો જન્મ સફળ થયો.) કે જે તારી પ્રવચનની ઉપર આટલી ભક્તિ છે." આ પ્રમાણે પ્રશંસા કરીને દેવ ગયો.

આ રીતે સાધર્મિકોની ઉપબૃંહણા કરવી જોઈએ.

સ્થિરીકરણમાં ઉદાહરણ આ પ્રમાણે છે કે ઉજ્જૈનીમાં આર્ય અષાઢાચાર્ય કાલ કરનારા સાધુઓને સંદેશો આપે છે = શીખવાડે છે કે "દેવ થઈને તમે મને દર્શન આપજો..." આ આખું કથાનક જે રીતે ઉત્તરાધ્યયનમાં કહ્યું છે, તે આખું જ એ જ પ્રમાણે સમજવું.

જે રીતે તે આર્ય અષાઢ સ્થિર કરાયા, એમ જે ભવ્યજીવો હોય તેને સ્થિર કરવા.

**(૭) વાત્સલ્ય :** વાત્સલ્ય એટલે સાધર્મિકો ઉપર પ્રીતિ અને ઉપકાર કરવો.

**(૮) પ્રભાવના :** ધર્મકથાદિ દ્વારા જિનશાસનની પ્રસિદ્ધિ કરવી.

તેમાં વાત્સલ્યમાં ઉદાહરણ આર્યવજસ્વામી છે. એમણે દુકાળમાં સંઘને ત્યાંથી બહાર કાઢ્યો... એ બધું જ આવશ્યકાનુસારે જાણી લેવું.

પ્રભાવનામાં તે આર્યવજસ્વામી જ દૃષ્ટાન્ત છે. એમણે અગ્નિશિખાથી (સ્થળવિશેષ) સૂક્ષ્મકાયિકોને = પુષ્પોને લાવીને શાસનની પ્રભાવના કરી... આ કથાનક આવશ્યકાનુસારે કહેવું.

આ પ્રમાણે સાધુએ પણ સર્વપ્રયત્નથી શાસનની પ્રભાવના કરવી.

આ આઠપ્રકારનો દર્શનાચાર છે. આઠપ્રકારો તો નિઃશંકિત વગેરે કહી જ દીધા છે.

**પ્રશ્ન :** આ છેલ્લા આચારોનો નિર્દેશ ગુણપ્રધાન છે. એમાં ઉપબૃંહણાદિ ગુણોને જ પ્રધાન રાખીને એને આચાર કહ્યા છે. એવું શા માટે ?

**ઉત્તર :** ગુણ અને ગુણી વચ્ચે અપેક્ષાએ ભેદ છે, એવું દર્શાવવા માટે ગુણપ્રધાન આ નિર્દેશ કરેલો છે. જો બંને વચ્ચે એકાન્તે અભેદ માનીએ, તો ગુણનો નાશ થાય એટલે ગુણીનો પણ નાશ થાય એમ જ માનવું પડે. અને એ રીતે તો બધું શૂન્ય થઈ જવાની આપત્તિ આવે. (આત્માનાં જ્ઞાનોપયોગાદિ કોઈક ગુણનો નાશ થાય એટલે એનાથી એકાન્તે અભિન્ન એવા આત્માનો પણ નાશ થાય. એટલે બધા જ આત્મા નાશ પામી જાય એટલે ક્રમશઃ આખું જગત આત્મા વિનાનું થઈ જવાની આપત્તિ આવે.)

---

**स्वपरोपकारिणी प्रवचनप्रभावना तीर्थकरनामकर्मनिबन्धनं चेति भेदेन प्रवचनप्रभावकानाह-<u>अतिशयी</u>-अवध्यादिज्ञानयुक्तः ऋद्धिग्रहणादामर्षौष-ध्यादिऋद्धिप्राप्तः ऋद्धि(मत्)प्रव्रजितो वा आचार्यवादिधर्मकथिक्षपकनैमित्तिकाः**

प्रकटार्था: विद्याग्रहणाद् विद्यासिद्धः आर्यखपुटवत् सिद्धमन्त्रः '<u>रायगणसंमया</u>' राजगणसंमताश्चेति राजसंमता-मन्त्र्यादयः गणसंमता-महत्तरादयः चशब्दाद्दानश्राद्धकादिपरिग्रहः, एते <u>तीर्थं</u>-प्रवचनं <u>प्रभावयन्ति</u>-स्वतः प्रकाशस्वभावमेव सहकारितया प्रकाशयन्तीति गाथार्थः । उक्तो दर्शनाचारः,

---

આ આઠ દર્શનાચારોમાં પ્રવચનપ્રભાવના એ સ્વ અને પર બંનેને ઉપકાર કરનારી છે અને તીર્થંકર નામકર્મનું કારણ છે એટલે એ આઠમાં આચારની મુખ્યતા હોવાથી ભેદથી પ્રવચનપ્રભાવકોને બતાવે છે. (બાકીના સાત દર્શનાચારોનાં કોઈ દૃષ્ટાન્તાદિ નિર્યુક્તિકારે નથી બતાવ્યા. જયારે છેલ્લા આચારને સાતથી જુદા પાડી ખુદ નિર્યુક્તિકાર એમનું કથન કરે છે...)

- અતિશયી એટલે અવધિવગેરે જ્ઞાનવાળો.
- ઋદ્ધિશબ્દથી આમર્ષૌષધિવગેરે ઋદ્ધિને પામેલો લેવો. અથવા તો ગૃહસ્થપણામાં જે ખૂબ ઋદ્ધિવાળો હોય અને એણે દીક્ષા લીધી હોય તે લેવો.
- આચાર્ય,વાદી, ધર્મકથક, તપસ્વી, નૈમિતિક પ્રગટ અર્થવાળા છે.
- વિદ્યાશબ્દથી આર્યખપુટની જેમ મંત્રને સિદ્ધ કરી ચૂકેલાઓ લેવા.
- રાજસંમત મંત્રીવગેરે. ગણસંમત મહત્તરવગેરે. **च** શબ્દથી દાનશ્રાદ્ધકાદિ લેવા.

આ બધા જીવો પ્રવચનની પ્રભાવના કરે છે એટલે કે સ્વતઃ પ્રકાશ પામવાના સ્વભાવવાળા એવા જ પ્રવચનને સહકારિકારણ બનીને પ્રકાશિત કરે છે.

(આ બધા દીક્ષા લે કે વિશિષ્ટ પૂજા, તપ વિ. કરે તો હજારો લોકો જૈનધર્મ પામે... જે દાનમાં શ્રદ્ધાવાળો હોવાથી ખૂબ જ દાનાદિ કરતો હોય અને એ દ્વારા સર્વત્ર દાનશ્રાદ્ધક તરીકે પ્રસિદ્ધ બનેલો હોય...)

દર્શનાચાર કહેવાઈ ગયો.

---

साम्प्रतं ज्ञानाचारमाह- '<u>काल</u>' इति, यो यस्याङ्गप्रविष्टादेः श्रुतस्य काल उक्तः तस्य तस्मिन्नेव काले स्वाध्यायः कर्तव्यो नान्यदा, तीर्थकरवचनात्, दृष्टं च कृष्यादेरपि कालग्रहणे फलं विपर्यये च विपर्यय इति, अत्रोदाहरणम्-एक्को साहू पादोसियं कालं घेत्तूण अइक्कंताएवि पढमपोरिसीए अणुवओगेण पढइ कालियं सुयं, सम्मद्दिट्ठी देवया चिंतेइ-मा अण्णा पंतदेवया छलिज्जइत्तिकाउं तक्कं कुंडे घेत्तूणं तक्कं तक्कंति तस्स पुरओ अभिक्खणं अभिक्खणं आगयागयाइं करेइ, तेण च चिरस्स सज्झायस्स वाघायं

करेइत्ति, भणिआ य-अयाणिए ! को इमो तक्कस्स विक्कणकालो ?, वेलं ता पलोएह, तीएवि भणियं - अहो को इमो कालियसुअस्स य सज्झायकालोत्ति, तओ साहुणा णायं-जहा ण एसा पागइत्थित्ति उवउत्तो, णाओ अड्ढरत्तो, दिण्णं मिच्छादुक्कडं, देवयाए भणियं-मा एवं करेज्जासि, मा पंता छलेज्जा, तओ काले सज्झाइयव्वं ण उ अकालेत्ति । तथा श्रुतग्रहणं कुर्वता गुरोर्विनयः कार्यः विनयः- अभ्युत्थानपादधावनादिः, अविनयगृहीतं हि तदफलं भवति, इत्थ उदाहरणं सेणिओ राया भज्जाए भण्णइ-ममेगखंभं पासायं करेहि, एवं दुमपुप्फियज्झयणे वक्खाणियं, तम्हा विणएण अहिज्झियव्वं णो अविणएण । तथा श्रुतग्रहणोद्यतेन गुरोर्बहुमानः कार्यः, बहुमानो नामाऽऽन्तरो भावप्रतिबन्धः, एतस्मिन् सत्यक्षेपेणाधिकफलं श्रुतं भवति, विणयबहुमाणेसु चउभंगा-एगस्स विणओ ण बहुमाणो अवरस्स बहुमाणो ण विणओ अण्णस्स विणओऽवि बहुमाणोऽवि अन्नस्स ण विणओ ण बहुमाणो । एत्थ दोण्हवि विसेसोवदंसणत्थं इमं उदाहरणं-एगंमि गिरिकंदरे सिवो, तं च बंभणो पुलिंदो य अच्चंति, बंभणो उवलेवणसम्मज्जणावरिसे य पयओ सूईभूओ अच्चित्ता थुणइ विणयजुत्तो, ण पुण बहुमाणेण, पुलिंदो पुण तंमि सिवे भावपडिबद्धो गल्लोदएण ण्हावेइ, ण्हविऊण उवविट्ठो, सिवो य तेण समं आलावसंलावकहाहिं अच्छइ, अण्णया य तेसिं बंभणेणं उल्लावसद्दो सुओ, तेण पडियरिऊण उवलद्धो-तुमं एरिसो चेव कडपूयणसिवो जो एरिसेण उच्छिट्ठएण समं मंतेसि, तओ सिवो भणइ-एसो मे बहुमाणेइ, तुमं पुणो णं तहा, अण्णया य अच्छीणि उक्खणिऊण अच्छइ सिवो, बंभणो अ आगंतुं रडिउमुवसंतो, पुलिंदो य आगओ सिवस्स अच्छिं ण पेच्छइ, तओ अप्पणयं अच्छिं कंडफलेण ओक्खणित्ता सिवस्स लाएइ, तओ सिवेण बंभणो पत्तियाविओ, एवं णाणमंतेसु विणओ बहुमाणो य दोऽवि कायव्वाणि । तथा श्रुतग्रहणमभीप्सतोपधानं कार्यं, उपदधातीत्युपधानं-तपः, तद्धि यद्यत्राध्ययने आगाढादि-योगलक्षणमुक्तं तत्तत्र कार्यं, तत्पूर्वकश्रुतग्रहणस्यैव सफलत्वात्, अत्रोदाहरणम्-एगे आयरिया, ते वायणाए संता परितंता सज्झाएऽवि असज्झाइयं घोसेउमारद्धा, णाणंतरायं बंधिऊण कालं काऊण देवलोकं गया, तओ देवलोगाओ आउक्खएण चुया आहीरकुले पच्चायाया भोगे भुंजंति, अन्नया य से धूया जाया, सा य अईव रूवस्सिणी, ताणि य पच्चंतयाणि गोचारणणिमित्तं अन्नत्थ वच्चंति, तीए दारियाए पिउणो सगडं सव्वसगडाणं पुरओ

गच्छइ, सा य दारिया तस्स सगडस्स धुरतुंडे ठिया वच्चइ, तरुणइत्तेहिं चिंतियं-समाइं काउं सगडाइं दारियं पेच्छामो, तेहिं सगडाओ उप्पहेण खेडिया. विसमे आवडिया समाणा भग्गा, तओ लोएण तीए दारियाए णामं कयं असगडत्ति, ताए दारियाए असगडाए पिया असगडपियत्ति, तओ तस्स तं चेव वेरग्गं जायं, तं दारियं एगस्स दाऊण पव्वइओ जाव चाउरंगिज्जं ताव पढिओ, असंखए उद्दिट्ठे तं णाणावरणिज्जं से कम्मं उदिन्नं, पढंतस्सऽवि किंचि ण ठाइ, आयरिया भणंति, छट्ठेणं ते अणुन्नवइत्ति, तओ सो भणइ-एयस्स केरिसो जोओ ? आयरिया भणंति-जाव ण ठाइ ताव आयंबिलं कायव्वं, तओ सो भणइ-तो एवं चेव पढामि, तेण तहा पढंतेण बारस रूवाणि बारससंवच्छरेहिं अहियाणि, ताव से आयंबिलं कयं, तओ णाणावरणिज्जं कम्मं खीणं, एवं जहाऽसगडपियाए आगाढजोगो अणुपालिओ तहा सम्मं अणुपालियव्वं, उवहाणेत्ति गयं । तथा 'अनिण्हवणि'त्ति गृहीतश्रुतेनानिह्नवः कार्यः, यद्यस्य सकाशेऽधीतं तत्र स एव कथनीयो नान्यः, चित्तकालुष्यापत्तेरिति, अत्र दृष्टान्तः-एगस्स ण्हावियस्स खुरभंडं विज्जासामत्थेण आगासे अच्छइ, तं च एगो परिव्वायगो बहूहिं उवसंपज्जणाहिं उवसंपज्जिऊण, तेण सा विज्जा लद्धा, ताहे अन्नत्थ गंतुं तिदंडेण आगासगएण महाजणेण पूइज्जइत्ति, रन्ना य पुच्छिओ-भयवं ! किमेस विज्जाइसयो उय तवाइसओ त्ति ?, सो भणइ-विज्जाइसओ, कस्स सगासाओ गहिओ ?, सो भणइ - हिमवंते फलाहारस्स रिसिणो सगासे अहिज्जिओ, एवं तु वुत्ते समाणे संकिलेसदुट्ठयाए तं तिदंडं खडत्ति पडियं, एवं जो अप्पागमं आयरियं निण्हवेऊण अन्नं कहेइ तस्स चित्तसंकिलेसदोसेणं सा विज्जा परलोए ण हवइत्ति, अनिण्हवणित्ति गयं । तथा व्यञ्जनार्थतदुभयान्याश्रित्य भेदो न कार्य इति वाक्यशेषः, एतदुक्तं भवति-श्रुतप्रवृत्तेन तत्फलमभीप्सता व्यञ्जनभेदोऽर्थभेद उभयभेदश्च न कार्य इति, तत्र व्यञ्जनभेदो यथा- 'धम्मो मंगलमुक्किट्ठ'मिति वक्तव्ये 'पुण्णं कल्लाणमुक्कोस'मिति, अर्थभेदस्तु यथा 'आवन्ती केयावन्ती लोगंसि विप्परामुसन्ती'त्यत्राचारसूत्रे यावन्तः केचन लोके-अस्मिन् पाखण्डिलोके विपरामृशन्तीत्येवंविधार्थाभिधाने अवन्तिजनपदे केया-रज्जुर्वान्ता-पतिता लोकः परामृशति कूप इत्याह, उभयभेदस्तु द्वयोरपि याथात्म्योपमर्देन यथा-'धर्मो मङ्गलमुत्कृष्टः अहिंसा पर्वतमस्तक' इत्यादि, दोषश्चात्र व्यञ्जनभेदेऽर्थभेदस्तद्भेदेक्रियाया भेदस्तद्भेदे मोक्षाभावस्तदभावे च निरर्थिका दीक्षेति, उदाहरणं चात्रांधीयतां कुमार इति

**सर्वत्र योजनीयं, क्षुण्णत्वादनुयोगद्वारेषु चोक्तत्वान्नेह दर्शितमिति । अष्टविधः - अष्टप्रकारः कालादिभेदद्वारेण ज्ञानाचारो-ज्ञानासेवनाप्रकार इति गाथार्थः । उक्तो ज्ञानाचारः,**

---

હવે જ્ઞાનાચારને કહે છે.

કાલ અંગપ્રવિષ્ટ, અંગ બાહ્ય વગેરે જે જે શ્રુતનો અભ્યાસ માટેનો જે જે શાસ્ત્રીયકાળ હોય, તે તે શ્રુતનો તે તે કાળમાં જ સ્વાધ્યાય કરવો અન્યકાળે નહિ. કેમકે એ તીર્થંકરની આજ્ઞા છે. વળી ખેતી વગેરે પણ કાળમાં કરીએ તો ફલ અને અકાળે કરીએ તો ફલાભાવ દેખાય જ છે.

આમાં કથાનક આ છે કે

એક સાધુ સાંજનું કાલગ્રહણ લઈને પહેલો પ્રહર પસાર થઈ ગયા બાદ પણ ઉપયોગ ન રહેવાથી કાલિક શ્રુતનો પાઠ કરે છે, સમ્યગ્દષ્ટિ દેવતા વિચારે છે કે "બીજો હલકો દેવતા આ સાધુને હેરાન ન કરે !.." એટલે કુંડમાં છાસ લઈને "છાશ લો, છાશ લો" એમ તે સાધુની આગળ વારંવાર ગમનાગમન કરે છે. તેના દ્વારા લાંબોકાળ સુધી સાધુને સ્વાધ્યાયનો વ્યાઘાત કરે છે.

સાધુએ કહ્યું કે "અણપઢ ! આ વળી કયો છાસ વેંચવાનો કાળ છે ? સમય તો જો." દેવતાએ પણ કહ્યું કે "અહો ! આ કયો કાલિકશ્રુતનો સ્વાધ્યાય કરવાનો કાળ છે." પછી સાધુએ જાણ્યું કે "આ સામાન્ય સ્ત્રી નથી" એટલે એણે ઉપયોગ મુક્યો. ખબર પડી કે અડધીરાત થઈ છે. એણે મિ.દુ. આપ્યું. દેવતાએ કહ્યું કે આવું ન કરીશ. એવું ન બને કે હલકાં દેવતા પરેશાન કરે. તેથી કાલમાં સ્વાધ્યાય કરવો, અકાલમાં નહિ.

(૨) **વિનય :** શ્રુતગ્રહણ કરનારાએ ગુરુનો વિનય કરવો. વિનય એટલે ઉભા થવું, ગુરુના પગ ધોવા વગેરે. અવિનયથી ગ્રહણ કરેલું શ્રુત નિષ્ફળ બને છે. આમાં ઉદાહરણ – શ્રેણિકરાજાને પત્ની ચેલ્લણા કહે છે કે "એક થાંભલાવાળો પ્રાસાદ કરો..." દ્રુમપુષ્પિકા અધ્યયનમાં આ કથાનક કહી દીધું છે. તેથી વિનયથી ભણવું, અવિનયથી નહિ.

(૩) **બહુમાન :** શ્રુતગ્રહણમાં ઉદ્યમી બનેલાએ ગુરુ ઉપર બહુમાન કરવું. બહુમાન એટલે ગુરુ પ્રત્યે આંતરિક ભાવપ્રતિબન્ધ = અનુરાગ, સદ્ભાવ. બહુમાન હોય તો શ્રુત બહુ જ ઝડપથી અધિકફલ આપનારું બને.

વિનય અને બહુમાનમાં ચતુર્ભંગી છે.

(૧) એકને વિનય છે, બહુમાન નથી. (૨) બીજાને બહુમાન છે, વિનય નથી. (૩) ત્રીજાને વિનય પણ છે, બહુમાન પણ છે. (૪) ચોથાને વિનય પણ નથી, બહુમાન પણ નથી.

આમાં વિનય એ બહુમાન એ બંનેમાં જે ભેદ છે, તે દેખાડવા માટે આ દૃષ્ટાન્ત છે. પર્વતની એક ગુફામાં શિવ છે. તેને બ્રાહ્મણ અને ભીલ પૂજે છે. બ્રાહ્મણ છાણનો લેપ, ઝાડું મારવું, પોતું કરવું... વગેરેમાં યત્નવાળો છે અને પવિત્ર થઈને પૂજા કરે છે, પછી વિનયપૂર્વક સ્તુતિ કરે છે. પરંતુ બહુમાન નથી. ભીલ તે શિવને વિશે ભાવથી પ્રતિબદ્ધ છે, અને ગળાનાં પાણીથી એને નવડાવે છે. (મોઢામાં પાણી ભરી લાવે અને એ શિવલિંગ પર નાંખે. વિશેષ સમજણ ન હોવાથી આવું કરે...) નવડાવીને બેસે. શિવ તેની સાથે આલાપ, સંલાપ, કથાદિ કરે. (એકવાર બોલવું તે આલાપ, વારંવાર બોલવું તે સંલાપ...)

એકવાર બ્રાહ્મણે તે બેની વાતચીતનો શબ્દ સાંભળ્યો. તેણે શિવની સેવા કરીને ઠપકો આપ્યો કે "તું આવો જ કટપૂતનાશિવ છે. કે જે તું આવા એંઠા પાણીથી નવડાવનારાની સાથે વાતો કરે છે." પછી શિવ કહે છે કે "આ મને બહુ માને છે તું એ રીતે બહુમાનવાળો નથી."

એકવાર શિવ પોતાની આંખો કાઢી નાંખીને રહ્યો છે, બ્રાહ્મણ આવ્યો, રડીને શાંત થયો. ભીલ આવ્યો, શિવની આંખ ન દેખાઈ એટલે પોતાની આંખો બાણનાં અણિદાર ભાગથી ઉખેડી નાંખીને શિવને લગાડી દે છે. પછી શિવે બ્રાહ્મણને પ્રતીતિ કરાવી (કે આનું બહુમાન જોરદાર છે...)

આમ જ્ઞાનવાળાઓમાં વિનય અને બહુમાન બંને કરવા.

(૪) ઉપધાન : શ્રુતગ્રહણ ઈચ્છનારાએ ઉપધાન કરવા. જે જ્ઞાનાગુણોને આત્માની નજીકમાં ધારી આપે = ઉપકાર કરે તે ઉપધાન. અહીં ઉપધાન એટલે તપ. જે અધ્યયનમાં આગાઢયોગાદિ જે ઉપધાન કહ્યાં હોય, તે અધ્યયનમાં તે તપ કરવો. ઉપધાનપૂર્વક શ્રુતગ્રહણ જ સફળ થાય.

આમાં ઉદાહરણ આ છે - એક આચાર્ય હતા. તે વાચના આપવાથી ખૂબ થાકેલા હતા. એટલે તે સજ્ઝાયમાં પણ ખોટે ખોટી અસજ્ઝાયની ઘોષણા કરવા માંડયા. આ રીતે જ્ઞાનાંતરાય બાંધીને કાલ કરીને દેવલોકમાં ગયા. તે દેવલોકમાંથી આયુઃ ક્ષય થવાથી ચ્યવ્યા, ભરવાડનાં કુલમાં આવ્યા. ભોગો ભોગવે છે. એમને એક દીકરી થઈ.

તે અત્યંત રૂપવતી હતી. તે બધા ગાયોને ચરાવવા માટે અન્યત્ર પ્રત્યન્ત ગામોમાં = સામાન્યગામોમાં જાય છે. તે છોકરીનાં પિતાનું ગાડું બધા ગાડાઓની આગળ ચાલે છે. તે છોકરી તે ગાડાનાં આગળનાં ભાગમાં = મુખ ઉપર બેઠેલી હોય છે. યુવાનોએ વિચાર્યું કે "પાછળ રહેલા આપણાં ગાડા છોકરીનાં ગાડાની સમાન કરીને છોકરીને જોઈએ." તેઓએ આગળ જવા માટે ગાડાઓને ઉન્માર્ગે આગળ વધાર્યા. ત્યાં વિષમસ્થાનોમાં એ ગાડાઓ આમ તેમ પડીને ભાંગી ગયા. તેથી લોકોએ તે સ્ત્રીનું નામ **અશકટા** પાડ્યું. તે છોકરીનાં પિતાનું નામ અશકટપિતા થયું. તે પિતાને આ પ્રસંગ જ વૈરાગ્ય કરનારો બન્યો. તે છોકરી એક પુરુષને પરણાવીને એણે દીક્ષા લીધી, છેક ઉત્તરાધ્યયનમાં **चत्तारि परमंगाणि** એ ત્રીજું અધ્યયન સુધી ભણી લીધું. ચોથા અસંખ્યઅધ્યયનનો ઉદ્દેશો થયો, ત્યારે પૂર્વભવનું જ્ઞાનાવરણીયકર્મ ઉદયમાં આવ્યું. સાધુ ભણે છે, છતાં કંઈ યાદ રહેતું નથી. આચાર્યે કહ્યું કે "છટ્ઠ કરી લે, તને આની અનુજ્ઞા કરાવી દઉં." (આ અપવાદમાર્ગ હતો.) તે સાધુ કહે "આનો જોગ કેવાપ્રકારનો છે ?" આચાર્ય કહે "(ઉત્સર્ગમાર્ગ તો) જયાંસુધી આ અધ્યયન ન ભણાય ત્યાંસુધી આંબિલ કરવા પડે." તે કહે "હું આ રીતે જ ભણીશ." આ રીતે ભણતા એણે ૧૨ વર્ષે બાર શ્લોક મોઢે કર્યા. ત્યાં સુધી આંબિલ કર્યું. (અધ્યયનનાં કુલ ૧૩ શ્લોક છે.) ત્યારે તેનું જ્ઞાનવરણીયકર્મ ક્ષય પામ્યું. આમ જે રીતે અશકટપિતાએ આગાઢયોગ પાળ્યો, તે રીતે સમ્યક્રીતે યોગ પાળવો જોઈએ.

ઉપધાનદ્વાર પૂર્ણ થયું.

(૫) **અનિહ્નવન :** શ્રુતને ગ્રહણ કરી ચૂકેલાએ વિદ્યાગુરુનો નિહ્નવ ન કરવો. જે શ્રુત જેની પાસે ભણ્યું હોય, ત્યાં તેનું જ નામ લેવું. બીજાનું નહિ. જો બીજાનું નામ આપે તો ચિત્તની મલિનતા પ્રાપ્ત થાય.

આમાં દૃષ્ટાન્ત છે - એક હજામની અસ્ત્રાની સામગ્રી વિદ્યાનાં સામર્થ્યથી આકાશમાં અદ્ધર રહે છે. એક પરિવ્રાજક તેને ઘણી સેવાઓથી સેવીને તેની પાસેથી તે વિદ્યા મેળવી પછી અન્યસ્થાને જઈને પોતાના ત્રિદંડને આકાશમાં રાખે છે, એના કારણે મહાજન એની પૂજા કરે છે. રાજાએ પૂછ્યું કે "ભગવાન્ ! શું આ વિદ્યાનો અતિશય છે ? કે તપનો અતિશય છે ?" તે કહે છે કે "વિદ્યાનો અતિશય છે." રાજાએ પૂછ્યું "કોની પાસેથી આ મેળવ્યો ?" તે કહે છે કે "હિમાલય ઉપર ફલાહાર કરનારા ઋષિની પાસેથી મેં આ મેળવી છે." આ પ્રમાણે એ બોલ્યો કે તરત જ સંક્લેશની દુષ્ટતાનાં કારણે તે ત્રિદંડ ધડ્ કરતું પડી ગયું.

આ પ્રમાણે જે આત્મા અલ્પજ્ઞાનવાળા આચાર્યનો અપલાપ કરી (એમનું નામ

છુપાવીને) બીજાનું નામ કહે છે તેને ચિત્તસંક્લેશરૂપ દોષને કારણે તે વિદ્યા પરલોકને માટે થતી નથી. (અર્થાત્ પરલોકમાં એનું હિત થતું નથી...)

(૬-૭-૮) સૂત્ર, અર્થ અને તદુભયને આશ્રયીને ભેદ-ફેરફાર ન કરવો. કહેવાનો ભાવ એ છે કે શ્રુત માટે પ્રયત્ન કરતાં, શ્રુતના ફલને ઈચ્છતાં વ્યક્તિએ સૂત્રભેદ, અર્થભેદ અને ઉભયભેદ ન કરવો.

તેમાં વ્યંજનભેદ આ પ્રમાણે કે **धम्मो मंगलमुक्किट्ठं** આવું બોલવાનું હોય ત્યાં, એના સમાનાર્થી શબ્દો બોલે કે **पुण्णं कल्लाणमुक्कोसं**

અર્થભેદ આ પ્રમાણે કે "**आवन्ती केयावन्ती लोगंसि विप्परामुसन्ति**" આવું આચારાંગનું સૂત્ર છે. એનો ખરો અર્થ એ છે કે "જેટલા કોઈક લોકો આ પાંખડિલોકમાં વિપરામર્શ કરે છે..." એને બદલે કોઈક આમાં સૂત્ર બદલ્યા વિના જ અર્થ બદલી નાંખે છે કે **आवन्ती**- અવંતિદેશમાં **केया**- દોરડી **वान्ता**- પડી ગઈ. લોક વિચારે છે કે "કુવામાં પડી છે."

ઉભયભેદ તો સૂત્ર અને અર્થ બંનેનાં યાથાત્મ્યનો = વાસ્તવિકસ્વરૂપનો નાશ કરવાથી થાય. તે આ પ્રમાણે **धर्मो मङ्गलमुत्कृष्टः अहिंसा पर्वतमस्तके**" આમાં સૂત્રનો ભેદ પણ થાય અને અર્થનો ભેદ પણ થાય છે.

આમાં દોષ એ છે કે વ્યંજનનો ભેદ થાય એટલે અર્થનો ભેદ થાય. અર્થનો ભેદ થાય એટલે ક્રિયાનો ભેદ થાય અને ક્રિયાનો ભેદ થાય એટલે મોક્ષનો અભાવ થાય, મોક્ષનો અભાવ થાય એટલે દીક્ષા નકામી બને.

આમાં ઉદાહરણ **अंधोयतां कुमारः** છે. સૂત્રભેદ, અર્થભેદ, ઉભયભેદ આ ત્રણેયમાં આ જ દૃષ્ટાન્ત ઘટાડી દેવું. આ દૃષ્ટાન્ત પ્રસિદ્ધ હોવાથી અને અનુયોગ દ્વારોમાં કહેલું હોવાથી અહીં એ દેખાડેલ નથી.

આમ કાલાદિ ભેદ દ્વારા આઠપ્રકારનો જ્ઞાનાચાર-જ્ઞાનની આસેવનાનો પ્રકાર છે.

જ્ઞાનાચાર કહેવાઈ ગયો.

---

**साम्प्रतं चारित्राचारमाह-प्रणिधानं-चेतःस्वास्थ्यं तत्प्रधाना योगा-व्यापारास्तैर्युक्तः-समन्वितः प्रणिधानयोगयुक्तः, अयं चौघतोऽविरतसम्यग्दृष्टिरपि भवत्यत आह-पञ्चभिः समितिभिस्तिसृभिश्च गुप्तिभिर्यः प्रणिधानयोगयुक्तः, एतद्योगयुक्त एतद्योगवानेव, अथवा पञ्चसु समितिसु तिसृषु गुप्तिष्वस्मिन् विषये-एता**

आश्रित्य प्रणिधानयोगयुक्तो य एष चारित्राचारः, आचाराचारवतोः कथंचिदव्यतिरेकादष्टविधो भवति ज्ञातव्यः, समितिगुप्तियोगभेदात्, समितिगुप्तिरूपं च शुभं प्रवीचाराप्रवीचाररूपं यथा प्रतिक्रमणे इति गाथार्थः ॥ उक्तश्चारित्राचारः,

---

હવે ચારિત્રાચારને કહે છે.

પ્રણિધાન એટલે ચિતની સ્વસ્થતા. તેની પ્રધાનતાવાળા જે પ્રતિલેખનાદિ યોગો, તેનાથી યુક્ત જીવ **प्रणिधानयोगयुक्त** કહેવાય.

આ તો સામાન્યથી અવિરતસમ્યગ્દષ્ટિ પણ ોય. એટલે કહે છે કે પાંચસમિતિ અને ત્રણગુપ્તિઓ દ્વારા પ્રણિધાનયોગયુક્ત જે હોય તે ચારિત્રાચાર કહેવાય. (અવિરતસમ્યગ્દષ્ટિ પાંચસમિતિ વગેરેવાળો ન હોવાથી એ હવે ન લઈ શકાય.)

ટુંકમાં પ્રણિધાનયોગયુક્ત પંચસમિતિ ત્રણગુપ્તિનાં યોગવાળો જ લેવો. એટલે અવિરતસમ્યક્ત્વી ન આવે. અથવા તો પાંચસમિતિમાં અને ત્રણગુપ્તિમાં આ વિષયમાં પ્રણિધાન યોગવા ો સાધુ ચારિત્રાચાર છે. (અહીં સાતમી વિભક્તિ લીધી છે.)

આચાર અને આચારવાળાનો કથંચિત્ અભેદ હોવાથી આચારવાળાને જ ચારિત્રાચાર કહી દીધો છે. એ આઠપ્રકારનો જાણવો. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ રીતે ૮ ભેદ થાય છે. સમિતિ અને ગુપ્તિનું સ્વરૂપ તો જે રીતે સામાયિકઅધ્યયનમાં કહ્યું છે તે પ્રમાણે સમજી લેવું કે સમિતિ શુભપ્રવીચાર = પ્રવૃત્તિરૂપ છે. ગુપ્તિ શુભપ્રવીચાર અને શુભઅપ્રવીચાર = નિવૃત્તિરૂપ છે.

ચારિત્રાચાર કહ્યો.

---

साम्प्रतं तपआचारमाह-द्वादशविधेऽपि तपसि-प्रथमाध्ययनोक्तस्वरूपे साभ्यन्तरबाह्येऽनशनादिप्रायश्चित्तादिलक्षणे कुशलदृष्टे-तीर्थकरोपलब्धे अग्लान्या न राजवेष्टिकल्पेन यथाशक्त्या वा अनाजीविको-निःस्पृहः फलान्तरमधिकृत्य यो ज्ञातव्योऽसौ तपआचारः, आचारतद्वतोरभेदादिति गाथार्थः ॥ उक्तस्तपआचारः,

---

હવે તપાચારને કહે છે.

પહેલાઅધ્યયનમાં જેનું સ્વરૂપ દર્શાવી દીધું છે તેવા અભ્યન્તર અને બાહ્ય એવા બે ભેદવાળા, અનશન વગેરે બાહ્ય અને પ્રાયશ્ચિત્તાદિ અભ્યન્તરરૂપ એવા તથા તીર્થંકરોથી જોવાયેલા એવા તપમાં ગ્લાનિ વિના નિઃસ્પૃહ આત્મા (સમ્યક્પ્રકારે વર્તે) તે તપાચાર જાણવો.

અહીં ગ્લાનિ વિના પ્રવૃત્તિ કરવાની છે. પણ જેમ નોકર રાજાનું કોઈ કામ આવે તો વેઠ ઉતારતો હોય એમ ઉલ્લાસ વિના કરે એ રીતે સાધુએ તપ કરવાનો નથી. તથા **अनाजीविक** કહ્યું છે. એનો અર્થ એ સમજવો કે તપ કરવામાં નિર્જરા વગેરે શુભફળની અપેક્ષા રાખે તો તો વાંધો નથી. પરંતુ એ સિવાયનાં ખરાબ ફળોની અપેક્ષા રાખે એ ન ચાલે. એટલે ફલાન્તરની અપેક્ષાએ એ નિઃસ્પૃહ હોવો જોઈએ.

તથા આ તપકર્તાને જ તપાચાર કહ્યો છે, એ આચાર અને આચારવાળાનો અભેદ હોવાથી કહ્યો છે એમ સમજવું.

તપાચાર કહેવાઈ ગયો.

---

**अधुना वीर्याचारमाह-<u>अनिगूहितबलवीर्यः</u>-अनिह्नुतबाह्याभ्यन्तरसामर्थ्यः सन् पराक्रमते-चेष्टते यो यथोक्तं षट्त्रिंशल्लक्षणमाचारमाश्रित्येति वाक्यशेषः, षट्त्रिंशद्विधत्वं चाचारस्य ज्ञानदर्शनचारित्राचाराणामष्टविधत्वात्तपआचारस्य च द्वादशविधत्वाच्चेति, उपयुक्त इत्यनन्यचित्तः, पराक्रमते ग्रहणकाले, तत ऊर्ध्वं युनक्ति च योजयति च-प्रवर्तयति च यथोक्तं षट्त्रिंशल्लक्षणमाचारमिति सामर्थ्याद्गम्यते, <u>यथास्थामं</u>-यथासामर्थ्यं यो ज्ञातव्योऽसौ वीर्याचारः आचाराचारवतोः कथञ्चिदव्यतिरेकादिति गाथार्थः ॥ अभिहितो वीर्याचारः, तदभिधानाच्चाचार इति,**

---

હવે વીર્યાચારને કહે છે.

બાહ્ય અને આભ્યન્તર શક્તિ જેણે ગોપવી નથી એવો જે સાધુ ઉપર દર્શાવેલ ૩૬ આચારોને આશ્રયીને પરાક્રમ કરે છે..

પ્રશ્ન : આચાર ૩૬ શી રીતે થયા ?

ઉત્તર : જ્ઞાનનાં ૮, દર્શનનાં ૮, ચારિત્રનાં ૮ એમ ૨૪, તથા તપનાં ૧૨... એટલે ૩૬ આચાર થાય.

એ પરાક્રમ કરે છે. તે ઉપયોગવાળો=બીજી કોઈ વસ્તુમાં ચિત્ત લગાવ્યા વિના કરે છે. આચારનાં અર્થાત્ પ્રવ્રજ્યા ગ્રહણ કરવાનાં કાળે એ આત્મા પરાક્રમ કરે અને ત્યારબાદ ઉપર બતાવેલ ૩૬ આચારોને એ જોડે = પ્રવર્તાવે = આદરે = પાળે.

આ પાલન પણ યથાશક્તિ કરે. શક્તિ ઓળંગીને કે ગોપવીને નહિ.

ગાથામાં **आचारम्** શબ્દ લખેલો નથી. પણ કોનું પાલન કરે ? એ પ્રશ્ન સહેજે થાય, અને અહીં આચારની જ વાત ચાલે છે એટલે સામર્થ્યથી સમજી શકાય છે કે આચારનું

પ્રવર્તન કરે.

(દીક્ષા લેવી એટલે પંચાચારનો સ્વીકાર કરવો. એ માટે પણ પરાક્રમ કરવું પડે. અને લીધા બાદ એને બરાબર પાળવા પડે. આમ બે વાત અહીં દર્શાવી છે.)

અહીં પણ આચાર અને આચારવાળાનો અભેદ હોવાથી આચારવાળાને જ વીર્યાચાર કહ્યો છે.

વીર્યાચાર કહેવાઈ ગયો.

એનું કથન થઈ ગયું એટલે આચાર પણ કહેવાઈ ગયો.

---

**साम्प्रतं कथामाह-**

अत्थकहा कामकहा धम्मकहा चेव मीसिया य कहा । एत्तो एक्केक्कावि य णेगविहा होइ नायव्वा ॥१८८॥

विज्जा सिप्पमुवाओ अणिवेओ संचओ य दक्खत्तं । सामं दंडो भेओ उवप्पयाणं च अत्थकहा ॥१८९॥

सत्थाहसुओ दक्खत्तणेण सेट्ठीसुओ य रूवेणं । बुद्धीएँ अमच्चसुओ जीवइ पुन्नेहिं रायसुओ ॥१९०॥

दक्खत्तणयं पुरिसस्स पंचगं सइगमाहु सुंदेरं । बुद्धी पुण साहस्सा सयसाहस्साइं पुन्नाइं ॥१९१॥

---

હવે **કથા** કહે છે.

**નિર્યુક્તિ-૧૮૮ ગાથાર્થ :** અર્થકથા, કામકથા, ધર્મકથા અને મીશ્રિતકથા. એમાંની એકે એક કથા અનેકપ્રકારની જાણવી.

**નિર્યુક્તિ-૧૮૯ ગાથાર્થ :** વિદ્યા, શિલ્પ, ઉપાય, અનિર્વેદ, સંચય, દક્ષતા, સામ, દંડ, ભેદ, ઉપપ્રદાન એ અર્થકથા છે.

**નિર્યુક્તિ-૧૯૦ ગાથાર્થ :** સાર્થવાહપુત્ર દક્ષતાથી, શ્રેષ્ઠીપુત્ર રૂપથી, મંત્રીપુત્ર બુદ્ધિથી, રાજપુત્ર પુણ્યથી જીવે છે.

**નિર્યુક્તિ-૧૯૧ ગાથાર્થ :** પુરુષની દક્ષતા પાંચરૂપિયાની છે, સુંદરતા ૧૦૦ રૂપિયાની છે, બુદ્ધિ હજારરૂપિયાની છે, પુણ્ય ૧ લાખ રૂપિયાનું છે.

---

**व्याख्या-'<u>अर्थकथे</u>'ति विद्यादिरर्थस्तत्प्रधाना कथाऽर्थकथा, एवं कामकथा**

धर्मकथा चैव मिश्रा च कथा, अत आसां कथानां चैकैकापि च कथा अनेकविधा भवति ज्ञातव्येत्युपन्यस्तंगाथार्थः ।

---

ટીકાર્થ : વિદ્યા વગેરે અર્થ છે. તેની પ્રધાનતાવાળી કથા એ અર્થકથા કહેવાય. એ પ્રમાણે કામકથા, ધર્મકથા અને મિશ્રકથા પણ સમજવી.

આ કથાઓમાંની એકે એક કથા અનેકપ્રકારની છે.

---

अधुनाऽर्थकथामाह-विद्याशिल्पं उपायोऽनिर्वेदः सञ्चयश्च दक्षत्वं साम दण्डो भेद उपप्रदानं चार्थकथा, अर्थप्रधानत्वादित्यक्षरार्थः, भावार्थस्तु वृद्धविवरणादवसेयः, तच्चेदम्-विज्जं पडुच्चऽत्थकहा जो विज्जाए अत्थं उवज्जिणति, जा एगेण विज्जा साहिया सा तस्स पंचयं पइप्पभायं देइ, जहा वा सच्चइस्स विज्जाहरचक्कवट्टिस्स विज्जापभावेण भोगा उवणया, सच्चइस्स उप्पत्ती जहा य सङ्घकुलेऽवत्थितो जहा य महेसरो नामं कयं एवं निरवसेसं जहावस्सए जोगसंगहेसु तहा भाणियव्वं विज्जत्ति गयं । इयाणिं सिप्पेत्ति, सिप्पेणत्थो उवज्जिणइ त्ति, एत्थ उदाहरणं कोक्कासो जहावस्सए, सिप्पेत्ति गयं, इयाणिं उवाएत्ति, एत्थ दिट्ठंतो चाणक्को, जहा चाणक्केण नाणाविहेहिं उवायेहिं अत्थो उवज्जिओ, कहं ?-दो मज्झ धाउरत्ताओ०, एयंपि अक्खाणयं जहावस्सए तहा भाणियव्वं । उवाए त्ति गयं, इयाणिं अणिव्वेए संचए य एक्कमेव उदाहरणं मम्मणवाणिओ, सोवि जहावस्सए तहा भाणियव्वो । साम्प्रतं दक्षत्वं तत्सप्रसङ्गमाह-दक्षत्वं पुरुषस्य सार्थवाहसुतस्य पञ्चगमिति-पञ्चरूपकफलं, शतिकं-शतफलमाहुः सौन्दर्यं श्रेष्ठीपुत्रस्य, बुद्धिः पुनः सहस्रवती-सहस्रफला मन्त्रिपुत्रस्य, शतसहस्राणि पुण्यानि-शतसहस्रफलानि राजपुत्रस्येति गाथाक्षरार्थः । भावार्थस्तु कथानकादवसेयः, तच्चेदम्-जहा बंभदत्तो कुमारो कुमारामच्चपुत्तो सेट्ठिपुत्तो सत्थवाहपुत्तो, एए चउरोऽवि परोप्परं उल्लावेइ-जहा को भे केण जीवइ ?, तत्थ रायपुत्तेण भणियं-अहं पुन्नेहिं जीवामि, कुमारामच्चपुत्तेण भणियं-अहं बुद्धीए, सेट्ठिपुत्तेण भणियं-अहं रूवस्सित्तणेण, सत्थवाहपुत्तो भणइ-अहं दक्खत्तणेण, ते भणंति-अन्नत्थ गंतुं विन्नाणेमो, ते गया अन्नं णयरं जत्थ ण णज्जंति, उज्जाणे आवासिया, दक्खस्स आदेसो दिन्नो, सिग्घं भत्तपरिव्वयं आणेहि, सो वीहिं गंतुं एगस्स थेरवाणिययस्स आवणे ठिओ, तस्स बहुगा कइया एंति, तद्दिवसं कोवि ऊसवो, सो ण पहुप्पति पुडए बंधेउं, तओ सत्थवाहपुत्तो दक्खत्तणेण जस्स जं उवउज्जइ

लवणतेल्लघयगुडसुंठिमिरिय-एवमाइ तस्स तं देइ, अइविसिट्ठो लाहो लद्धो, तुट्ठो भणइ-तुम्हेत्थ आगंतुया उदाहु वत्थव्वया ?, सो भणइ-आगंतुया, तो अम्ह गिहे असणपरिग्गहं करेज्जह, सो भणइ-अन्ने मम सहाया उज्जाणे अच्छंति तेहिं विणा नाहं भुंजामि, तेण भणियं-सव्वेऽवि एंतु, आगया, तेण तेसिं भत्तसमालहणतंबोलाइ उवउत्तं तं पञ्चण्हं रूवयाणं । बिइयदिवसे रूवस्सी वणियपुत्तो वुत्तो-अज्ज तुमे दायव्वो भत्तपरिव्वओ, एवं भवउत्ति, सो उट्ठेऊण गणियापाडगं गओ अप्पयं मंडेउं, तत्थ य देवदत्ता नाम गणिया पुरिसवेसिणी बहूहिं रायपुत्तसेट्ठिपुत्तादीहिं मग्गिया णेच्छइ, तस्स य तं रूवसमुदयं दट्ठूण खुब्भिया पडिदासियाए गंतूण तीए माऊए कहियं जहा दारिया सुदंरजुवाणे दिट्ठिं देइ, तओ सा भणइ-भण एयं मम गिहमणुवरोहेण एज्जह इहेव भत्तवेलं करेज्जह तहेवागया सइओ दव्ववओ कओ । तइयदिवसे बुद्धिमन्तो अमच्चपुत्तो संदिट्ठो अज्ज तुमे भत्तपरिव्वओ दायव्वो, एवं हवउ त्ति, सो गओ करणसालं, तत्थ य तईओ दिवसो ववहारस्स छिज्जंतस्स परिच्छेजं न गच्छइ, दो सवत्तीओ, तासिं भत्ता उवरओ, एक्काए पुत्तो अत्थि एयरी अपुत्ता य, सा तं दारयं णेहेण उवचरइ, भणइ य-मम पुत्तो, पुत्तमाया भणइ य-मम पुत्तो, तासिं ण परिछिज्जइ, तेण भणियं-अहं छिंदामि ववहारं, दारओ दुहा कज्जउ दव्वंपि दुहा एव, पुत्तमाया भणइ-ण मे दव्वेण कज्जं दारगोऽवि तीए भवउ जीवन्तं पासिहामि पुत्तं, इयरी तुसिणिया अच्छइ, ताहे पुत्तमायाए दिण्णो, तहेव सहस्सं उवओगो । चउत्थे दिवसे रायपुत्तो भणिओ-अज्ज रायपुत्त ! तुम्हेहिं पुण्णाहिएहिं जोगवहणं वहियव्वं, एवं भवउ त्ति, तओ रायपुत्तो तेसिं अंतियाओ णिग्गंतुं उज्जाणे ठियो, तंमि य णयरे अपुत्तो राया मओ, आसो अहिवासिओ, जीए रुक्खछायाए रायपुत्तो णिवण्णो सा ण ओयत्तति, तओ आसेण तस्सोवरि ठाइऊण हिंसितं, राया य अभिसित्तो, अणेगाणि सयसहस्साणि जायाणि, एवं अत्थुप्पत्ती भवइ । दक्खत्तणं ति दारं गयं, इयाणिं सामभेयदण्डु-वप्पयाणेहिं चउहिं जहा अत्थो विढप्पति, एत्थिमं उदाहरणं-सियालेण भमंतेण हत्थी मओ दिट्ठो, सो चिंतेइ-लद्धो मए उवाएण ताव णिच्छएण खाइयव्वो, जाव सिंहो आगओ, तेण चिन्तियं-सचिट्ठेण ठाइयव्वं एयस्स, सिंहेण भणियं - किं अरे ! भाइणेज्ज अच्छिज्जइ ?, सियालेण भणियं-आमंति माम !, सिंहो भणइ-किमेयं मयं ति ?, सियालो भणइ-हत्थी, केण मारिओ ?-वग्घेण, सिंहो चिंतेइ-कहमहं

ऊणजातिएण मारियं भक्खामि ?, गओ सिंहो, णवरं वग्घो आगओ, तस्स कहियं- सीहेण मारिओ, सो पाणियं पाउं णिग्गओ, वग्घो णट्ठो, एस भेओ, जाव काओ आगओ, तेण चिन्तियं-जइ एयस्स ण देमि तओ काउ काउत्ति वासियसद्देणं अण्णे कागा एहिंति, तेसिं कागरडणसद्देणं सियालादि अण्णे बहवे एहिंति, कित्तिया वारेहामि, ता एयस्स उवप्पयाणं देमि, तेण तओ तस्स खंडं छित्ता दिण्णं, सो तं घेत्तूण गओ, जाव सियालो आगओ, तेण णायमेयस्स हठेण वारणं करेमित्ति भिउडिं काऊण वेगो दिण्णो, णट्ठो सियालो, उक्तं च- "उत्तमं प्रणिपातेन, शूरं भेदेन योजयेत् । नीचमल्पप्रदानेन, सदृशं च पराक्रमैः ॥१॥" इत्युक्तः कथागाथाया भावार्थः,

उक्ताऽर्थकथा,

---

હવે અર્થકથા કહે છે. વિદ્યા, શિલ્પ, ઉપાય, અનિર્વેદ, સંચય, દક્ષતા, સામ, દંડ, ભેદ, ઉપપ્રદાન આ અર્થકથા છે. કેમકે એ અર્થપ્રધાન છે. આ અક્ષરાર્થ છે. ભાવાર્થ તો વૃદ્ધવિવરણથી જાણવો. તે આ છે.

• વિદ્યાને આશ્રયીને અર્થકથા આ પ્રમાણે કે જે વિદ્યાર્થી ધનને ઉપાર્જન કરે છે. એકજણે જે વિદ્યા સાધી, તે (વિદ્યા) તેને દર સવારે પાંચરૂપિયા આપે છે. અથવા તો જેમ વિદ્યાધરોનાં ચક્રવર્તી સત્યકિએ વિદ્યાનાં પ્રભાવથી ભોગો મેળવ્યા. સત્યકિની ઉત્પત્તિ જે રીતે થઈ, જે રીતે તે શ્રાવકકુલમાં રહ્યો, જે રીતે મહેશ્વર એનું નામ કરાયું... આ બધું જે રીતે આવશ્યકમાં **बत्तीसाहिं जोगसंगहेहिं** સૂત્રનાં વર્ણનમાં દર્શાવેલું છે. એ પ્રમાણે અહીં કહેવું.

વિદ્યાદ્વાર પૂર્ણ થયું.

• શિલ્પથી ધન મેળવાય છે. એમાં ઉદાહરણ કોકાસ નામનો શિલ્પી છે. એ આવશ્યક પ્રમાણે જાણવું.

• ઉપાય દ્વારા ધન મેળવાય છે. આમાં દૃષ્ટાન્ત ચાણક્ય છે જે રીતે ચાણક્યે જુદા જુદા ઉપાયોથી ધન મેળવ્યું.

પ્રશ્ન : કયા ઉપાયોથી ?

ઉત્તર : "મારે ધાતુથી રંગાયેલ બે..." આ પણ કથાનક જે રીતે આવશ્યકમાં છે, તે રીતે કહેવું.

• હવે અનિર્વેદ અને સંચયમાં એકજ ઉદાહરણ છે. મમ્મણ. તે પણ જે રીતે

આવશ્યકમાં છે, તે પ્રમાણે કહેવું.

(ધનોપાર્જનમાં કંટાળો ન આવવો જોઈએ તથા ઉપાર્જિતધન ધીમે ધીમે બચાવી બચાવીને ભેગું કરવું જોઈએ.)

● હવે દક્ષત્વનો અવસર છે. પ્રસંગપૂર્વક એ દક્ષત્વનું વર્ણન કરે છે કે સાર્થવાહપુત્રની દક્ષતા = કાર્યચપળતા પાંચરૂપિયાનાં ફલવાળી થઈ. શ્રેષ્ઠિપુત્રનું સૌંદર્ય ૧૦૦રૂા.નાં ફળવાળું થયં. મન્ત્રીપુત્રની બુદ્ધિ ૧૦૦૦રૂા.નાં ફલવાળી થઈ. અને રાજપુત્રનું પુણ્ય લાખ રૂા.નાં ફલવાળું થયું. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ કથાનકથી જાણવો. તે આ છે. બ્રહ્મદત્ત રાજકુમાર, કુમાર મંત્રીપુત્ર, શ્રેષ્ઠિપુત્ર, સાર્થવાહપુત્ર આ ચારેય પરસ્પર વાતચીત કરે છે "કોણ શેના આધારે જીવે છે ?" ત્યાં રાજપુત્રે કહ્યું "હું પુણ્યથી જીવું છું." કુમાર મંત્રીપુત્રે કહ્યું કે "હું બુદ્ધિથી જીવું છું." શ્રેષ્ઠિપુત્રે કહ્યું કે "હું રૂપથી જીવું છું." સાર્થવાહપુત્રે કહ્યું કે "હું દક્ષતાથી જીવું છું."

તેઓ કહે છે "અન્યસ્થાને જઈ આપણે આની પરીક્ષા કરીએ."

તેઓ અન્યનગરમાં ગયા, કે જ્યાં કોઈ એમને ઓળખતું નથી. ઉદ્યાનમાં રહ્યા. દક્ષને આદેશ અપાયો કે જલ્દી ભોજન-પાણીનાં ખર્ચને લાવ. (અર્થાત્ ભોજનમાટે જરૂરી ધન લઈ આવ.) તે બજારમાં જઈને એક વૃદ્ધવણિક્‌ની દુકાને ઉભો રહ્યો. તેને ઘણાં ગ્રાહકો આવે છે. તે દિવસે કોઈક ઉત્સવ છે. વણિક પડિકા બાંધવામાં પહોંચી વળતો નથી. પછી સાર્થવાહપુત્ર દક્ષતા હોવાથી જેને જે મીઠું, તેલ, ઘી, ગોળ, સુંઠ, મરચાં વગેરે ઉપયોગી હોય, તેને તે આપે છે. વણિકને ઘણો વધારે નફો થયો. ખુશ થયેલો તે બોલે છે કે "તમે આ નગરમાં બહારથી આવેલા છો કે અહીંના રહેવાસી છો ?" તે કહે છે કે "આગંતુક છીએ." વણિક કહે કે "તો અમારા ઘરે ભોજનનો સ્વીકાર કરો." તે કહે છે કે મારા બીજા મિત્રો ઉદ્યાનમાં છે. તેમના વિના હું ભોજન નહિ કરું." તેણે કહ્યું કે "બધા જ આવો." વાણિયાએ તેઓનાં ભોજનદાન, તંબોલાદિમાં જેટલું વાપર્યું, એ પાંચરૂપિયાનું થયું.

બીજા દિવસે રૂપવાન્ વણિક્‌પુત્રને કહેવાયું કે "આજે તારે ભોજનનો ખર્ચ આપવાનો `." વણિક્‌પુત્રે કહ્યું "સારું" તે ઉભો થઈને વિભૂષિત થઈને વેશ્યાઓનાં વાડામાં ગયો. ત્યાં દેવદત્તા નામની વેશ્યા પુરૂષ ઉપર દ્વેષવાળી હતી. ઘણાં રાજપુત્રો વગેરેએ એની માંગણી કરી પણ એ કોઈને ઈચ્છતી નથી. તે વેશ્યા તે વણિક્‌પુત્રનાં સુંદર રૂપસમુદાયને જોઈને ક્ષોભ પામી. એની પાસે રહેલી દાસીએ જઈને તેની માતાને કહ્યું કે "દેવદત્તા સુંદરયુવાન ઉપર દૃષ્ટિ કરે છે." તેથી તે કહે કે "તું એ યુવાનને કહે કે મારા

ઘરે કોઈપણ મુશ્કેલી-સંકોચ વિના આવો, અને અહીં જ ભોજન કરો." એ ચારે મિત્રો એ જ રીતે આવ્યા અને ત્યાં ૧૦૦ રૂા.નો ખર્ચ થયો.

ત્રીજા દિવસે બુદ્ધિમાન્ મંત્રીપુત્રને સંદેશો અપાયો કે "આજે તું ભોજનખર્ચ આપ." એ કહે "સારું" પછી તે અદાલત, ન્યાયાલયમાં ગયો. ત્યાં એક કેસ એવો હતો કે જેનો નિકાલ છેલ્લા ત્રણ દિવસથી આવતો ન હતો. તે કેસ આ પ્રમાણે હતો કે બે શોક્યો હતી. તેમનો પતિ મરી ગયો. એક શોક્યનો પુત્ર છે, એક શોક્ય પુત્રરહિત છે. તે છોકરાને સ્નેહથી સાચવે છે અને કહે છે કે "મારો પુત્ર છે" પુત્રની સગી માતા કહે છે કે "મારો પુત્ર છે" તે બે વચ્ચે ચુકાદો થતો નથી. મંત્રીપુત્રે કહ્યું કે "હું આ કેસનો નિકાલ કરી આપું." છોકરાને બે ટુકડા કરો અને ધનનાં પણ બે ભાગ કરો." પુત્રની માતા કહે છે કે "મારે ધનનું કામ નથી. છોકરો પણ તે શોક્યનો થાઓ. એ જીવતો હશે તો એનું દર્શન પામીશ." બીજી શોકય મુંગી ઉભી રહે છે. ત્યારે મંત્રીપુત્રે એ બાળક ખરી પુત્રમાતાને સોંપ્યો. ત્યાં ૧૦૦૦ રૂા.નો ઉપયોગ થયો. એટલે કે મંત્રીપુત્રને ૧૦૦૦રૂા. મળ્યા.

ચોથા દિવસે રાજપુત્રને કહેવાયું કે "આજે પુણ્યનાં સ્વામી એવા તમારે ચારેયનું યોગવહન કરવાનું છે." રાજપુત્રે કહ્યું "સારું." પછી રાજપુત્ર તેમની પાસેથી નીકળીને ઉદ્યાનમાં ગયો. તે નગરમાં પુત્ર વિનાનો રાજા મૃત્યુ પામ્યો. અશ્વને અધિવાસિત કર્યો. જે વૃક્ષની છાયા નીચે રાજપુત્ર ઉંઘેલો, તે છાયા દૂર થતી નથી. પછી અશ્વે તેની ઉપર રહીને હેસારવ કર્યો, એનો રાજા તરીકે અભિષેક કર્યો. અનેક લાખો રૂપિયા મળ્યાં. આ પ્રમાણે ધનની ઉત્પત્તિ થાય છે. દક્ષતાદ્વાર પૂર્ણ થયું.

હવે જે રીતે સામ, ભેદ, દંડ અને ઉપપ્રદાનથી ધન મેળવાય છે.. એ વાત કરે છે. એમાં આ ઉદાહરણ છે કે ભમતાં શિયાળે એક મરેલા હાથીને જોયો. તે વિચારે છે કે "મેં આને મેળવ્યો. હવે હોંશિયારીપૂર્વક નક્કી મારે જ ખાવો છે. (બીજાને આપવો નથી.)" ત્યાં સિંહ આવ્યો. શિયાળે વિચાર્યું કે "આની સામે સારી ચેષ્ટાવાળા રહેવું" સિંહે કહ્યું કે "અરે, ભાણિયા ! કેમ ઉભો છે ?" શિયાળે કહ્યું "હાજી મામા !" સિંહ કહે છે "આ શું મરેલું છે ?" શિયાળ કહે "હાથી." સિંહ કહે "કોણે માર્યો ?" શિયાળ કહે "વાઘે માર્યો." સિંહ વિચારે છે કે "હું મારાથી નીચલી જાતિવાળાએ મારેલા પશુને કેવી રીતે ખાઉં ?" સિંહ જતો રહ્યો.

ત્યાં વાઘ આવ્યો. શિયાળે તેને કહ્યું કે "સિંહે આ હાથી માર્યો છે. તે પાણી પીવા ગયો છે." વાઘ ભાગી ગયો. આ ભેદ છે.

ત્યાં કાગડો આવ્યો. શિયાળે વિચાર્યું કે જો આને માંસ નહિ આપું તો કા...કા શબ્દનો ફેલાવો કરશે, એ શબ્દથી બીજા પણ કાગડાઓ આવશે. તે બધા કાગડાઓનાં કા...કા રૂપ શબ્દથી બીજા પણ શિયાળાદિ આવશે. હું કેટલાને અટકાવીશ. તેથી આને કંઈક દાન કરું પછી શિયાળે તે મૃતકમાંથી એક ટુકડો છેદીને કાગડાને આપ્યો. તે એ લઈને જતો રહ્યો.

ત્યાં શિયાળ આવ્યો. આ શિયાળે વિચાર્યું કે "આને તો બળથી દૂર કરીશ" અને ભૃકૂટિ કરીને તેની તરફ દોટ મૂકી. પેલો શિયાળ ભાગી ગયો.

કહ્યું છે કે "ઉત્તમને પ્રણિપાતથી જોડવો. શૂરવીરને ભેદથી જોડવો. નીચને અલ્પપ્રદાનથી જોડવો અને સમાનને પરાક્રમોથી જોડવો." (અર્થાત્ ઉત્તમની સાથે નમ્રતાપૂર્વક વ્યવહાર કરવો. શૂરવીરોમાં ભાગલા પડાવી સ્વાર્થ સાધવો. નીચ લોકોને થોડું થોડું આપીને શાંત રાખવા અને સરખે સરખા હોય એમને પરાક્રમથી ઠંડા પાડવા..)

કથાની ગાથાનો ભાવાર્થ કહ્યો.

અર્થકથા કહેવાઈ ગઈ.

---

**साम्प्रतं कामकथामाह-**

रूवं वओ य वेसो दक्खत्तं सिक्खियं च विसएसुं । दिट्ठं सुयमणुभूयं च संथवो चेव कामकहा ॥१९२॥

---

હવે કામકથા કહે છે.

**નિર્યુક્તિ-૧૯૨ ગાથાર્થ :** રૂપ, ઉંમર, વેષ, દક્ષતા, વિષયોમાં શિક્ષિત, દષ્ટ, શ્રુત, અનુભૂત, સંસ્તવ આ કામકથા છે.

---

**व्याख्या-रूपं सुन्दरं वयश्चोदग्रं वेषः उज्जवलः दाक्षिण्यं-मार्दवं, शिक्षितं च विषयेषु-शिक्षा च कलासु, दृष्टमद्भुतदर्शनमाश्रित्य श्रुतं चानुभूतं च संस्तवश्च-परिचयश्चेति कामकथा । रूपे च वसुदेवादय उदाहरणं, वयसि सर्व एव प्रायः कमनीयो भवति लावण्यात्, उक्तं च-"यौवनमुदग्रकाले विदधाति विरूपकेऽपि लावण्यम् । दर्शयति पाकसमये निम्बफलस्यापि माधुर्यम् ॥१॥" इति, वेष उज्जवलः कामाङ्गं, 'यं कञ्चन उज्जवलवेषं पुरुषं दृष्ट्वा स्त्री कामयते' इति वचनात्, एवं दाक्षिण्यमपि "पञ्चालः स्त्रीषु मार्दवम्" इति वचनात्, शिक्षा च कलासु कामाङ्गं वैदग्ध्यात्, उक्तं च-"कलानां ग्रहणादेव, सौभाग्यमुपजायते । देशकालौ त्वपेक्ष्यासां, प्रयोगः संभवेन्न वा**

॥१॥" अन्ये त्वत्राचलमूलदेवौ देवदत्तां प्रतीत्येक्षुयाचनायां प्रभूतासंस्कृतस्तोकसंस्कृतप्रदानद्वारेणोदाहरणमभिदधति, दृष्टमधिकृत्य कामकथा यथा नारदेन रुक्मिणीरूपं दृष्ट्वा वासुदेवे कृता, श्रुतं त्वधिकृत्य यथा पद्मनाभेन राज्ञा नारदाद्द्रौपदीरूपमाकर्ण्य पूर्वसंस्तुतदेवेभ्यः कथिता, अनुभूतं चाधिकृत्य कामकथा यथा-तरङ्गवत्या निजानुभवकथने, संस्तवश्च-कामकथापरिचयः 'कारणानी'तिकामसूत्रपाठात्, अन्ये त्वभिदधति-'सइदंसणाउ पेम्मं पेमाउ रई रईय विस्संभो । विस्संभाओ पणओ पञ्चविह वड्ढए पेम्मं ॥१॥" इति गाथार्थः ।

उक्ता कामकथा,

---

ટીકાર્થ : સુંદર રૂપ, ઉદગ્ર (ઉછળતી) ઉંમર, ઉજ્જવલ વેષ, મૃદુતા, કળાઓમાં શિક્ષણ, અદ્ભુતદર્શનને આશ્રયીને દૃષ્ટ, શ્રુત, અનુભૂત અને પરિચય આ બધી કામકથા છે. (આ બધા પદાર્થોની પ્રરૂપણા કરવી એ કામકથા છે.)

રૂપમાં વસુદેવ વગેરે ઉદાહરણ છે.

યુવાનવયમાં પ્રાયઃ બધા જ કમનીય = ઈચ્છનીય હોય. કેમકે ત્યારે લાવણ્ય હોય છે. કહ્યું છે કે "ઉદગ્રકાળમાં યૌવન વિરૂપમાં પણ લાવણ્યને કહે છે. યૌવન પાકસમયે લીમડાનાં ફલની પણ મધુરતાને દેખાડે છે."

(ઉદગ્રકાલીન યૌવન - ભરયૌવનકાળ સમજવો. લીમડાનાં ફલ જયારે પાકતાં હોય ત્યારે એ મીઠા હોય છે.)

તથા ઉજ્જવલ વેષ કામનું અંગ છે. કેમકે સ્ત્રી "કોઈપણ ઉજ્જવલ વેષવાળા પુરુષને જોઈને તેની ઈચ્છા કરે." એવું છે. એ રીતે દાક્ષિણ્ય પણ કામનું અંગ છે. કેમકે "પંચાલ કહે છે કે સ્ત્રીઓને વિશે મુદુતા રાખવી એજ કામશાસ્ત્રનો સાર છે." આ પ્રમાણે વચન છે.

કળાઓમાં શિક્ષણ એ કામનું અંગ છે. કેમકે એ ચતુરાઈ = હોંશિયારી છે. કહ્યું છે કે "કલાઓનું ગ્રહણ કરીએ, એટલા માત્રથી જ સૌભાગ્ય ઉત્પન્ન થઈ જાય. દેશકાળને અપેક્ષીને એ કળાઓનો પ્રયોગ તો થાય કે ન પણ થાય." (આશય એ છે કે શીખેલી કળાઓ બીજાને દેખાડીએ ત્યારે જ લોકપ્રિયતા વધે એવું નથી. કલાનો પ્રયોગ કદાચ તે તે દેશ-કાળની અપેક્ષાએ ન કર્યો હોય તો પણ કળાનું ગ્રહણ પણ કરેલું હોય તો એનાથી લોકપ્રિયતા, સૌભાગ્ય પ્રાપ્ત થઈ જાય છે...)

અન્યલોકો વળી આ **कलासु शिक्षण** દ્વારમાં અચલ અને મૂલદેવને દૃષ્ટાન્ત તરીકે

જણાવે છે. બેય જણ દેવદત્તા નામની વેશ્યામાં રાગી હતા. અક્કાનાં કહેવાથી બેયની પરીક્ષા કરવા માટે દેવદત્તાએ બંને પાસે દાસી મોકલાવી જણાવ્યું કે "દેવદત્તાને શેરડી ખાવાની ભાવના છે." મુગ્ધ અચલ સાર્થવાહે ગાડું ભરીને શેરડીનાં સાઠા મોકલી આપ્યા. જ્યારે મૂલદેવે એક થાળી જેવા વાસણમાં છાલ ઉતારેલ, મસાલાદિથી તૈયાર કરાયેલી શેરડીનાં ટુકડાઓ મોકલ્યા, કે જે તરત જ ખાઈ શકાય.

● દૃષ્ટને આશ્રયીને કામકથા આ પ્રમાણે કે નારદે રુકિમણીનું રૂપ જોઈને વાસુદેવ આગળ એનું વર્ણન કર્યું તે.

● શ્રુતને આશ્રયીને કામકથા આ પ્રમાણે કે પદ્મનાભરાજાએ નારદ પાસેથી રુકિમણીનું રૂપ સાંભળીને પૂર્વપરિચિત દેવોની આગળ એ રૂપનું વર્ણન કર્યું. (અહીં રાજાએ રૂપ જોયું નથી. માત્ર સાંભળ્યું જ છે.)

● અનુભૂતને આશ્રયીને કામકથા આ પ્રમાણે કે - તરંગવતી રાજકુમારી પોતાના અનુભવનું કથન કરે છે તે. (એણે કામસંબંધમાં જે જે અનુભવ કરેલા, તે બધાજ એ બીજાને કહે છે, ત્યારે તે કામકથા અનુભૂત કામકથા બને.)

● સંસ્તવ એટલે કામકથાનો પરિચય.

આ બધા કામનાં કારણો છે. **कारणानि** શબ્દ ગાથામાં લખેલો નથી. પરંતુ કામસૂત્રમાં આ બધાને કામના કારણો કહ્યા છે, એટલે તે પાઠને અનુસારે આ બધા કારણો કહેવાય.

કોઈક વળી એમ કહે છે કે "એકવાર વિજાતીયદર્શનથી પ્રેમ થાય, પ્રેમથી રતિ, રતિથી વિશ્વાસ, વિશ્વાસથી પ્રણય... આમ પાંચ પ્રકારે પ્રેમ વધે છે."

કામકથા કહેવાઈ ગઈ.

---

**धर्मकथामाह-**

धम्मकहा बोद्धव्वा चउव्विहा धीरपुरिसपन्नत्ता । अक्खेवणि विक्खेवणि संवेगे चेव निव्वेए ॥१९३॥ आयारे ववहारे पन्नत्ती चेव दिट्ठीवाए य । एसा चउव्विहा खलु कहा उ अक्खेवणी होइ । १९४॥ विज्जा चरणं च तवो पुरिसक्कारो य समिइगुत्तीओ । उवइस्सइ खलु जहियं कहाइ अक्खेवणीइ रसो ॥१९५॥ कहिऊण ससमयं तो कहेइ परसमयमह विवच्चासा । मिच्छासम्मावाए एमेव हवंति दो भेया ॥१९६॥ जा ससमयवज्जा खलु होइ कहा लोगवेयसंजुत्ता । परसमयाणं च कहा एसा विक्खेवणी

नाम ॥१९७॥ जा ससमएण पुव्वि अक्खाया तं छुभेज्ज परसम । परसासणवक्खेवा परस्स समयं परिकहेइ ॥१९८॥ आयपरसरीरगया इहलोए चेव तट्ग परलोए । एसा चउव्विहा खलु कहा उ संवेयणी होइ ॥१९९॥ वीरियविउव्वणिड्ढी नाणचरणदंसणाण तह इड्ढी । उवइस्सइ खलु जहियं कहाइ संवेयणीइ रसो ॥२००॥ पावाणं कम्माणं असुभविवागो कहिज्जए जत्थ । इह य परत्थ य लोए कहा उ णिव्वेयणी नाम ॥२०१॥ थोवंपि पमायकरयं कम्मं साहिज्जई जहिं नियमा । पउरासुहपरिणामं कहाइ निव्वेयणीइ रसो ॥२०२॥ सिद्धी य देवलोगो सुकुलुप्पत्ती य होइ संवेगो । नरगो तिरिक्खजोणी कुमाणुसत्तं च निव्वेओ ॥२०३॥ वेणइयस्स (य) पढमया कहा उ अक्खेवणी कहेयव्वा । तो ससमयगहियत्थो कहिज्ज विक्खेवणी पच्छा ॥२०४॥ अक्खेवणीअक्खित्ता जे जीवा ते लभन्ति संमत्तं । विक्खेवणीएँ भज्जं गाढतरागं च मिच्छत्तं ॥२०५॥

---

ધર્મકથા કહે છે.

નિર્યુક્તિ-૧૯૩ ગાથાર્થ : ધર્મકથા ચારપ્રકારની ધીરપુરુષોથી કહેવાયેલી છે. (૧) આક્ષેપણી (૨) વિક્ષેપણી (૩) નિર્વેદ (૪) સંવેગ.

નિર્યુક્તિ-૧૯૪ ગાથાર્થ  આ આક્ષેપણી કથા ચારપ્રકારે છે. આચારમાં, વ્યવહારમાં, પ્રજ્ઞપ્તિ અને દષ્ટિવાદ.

નિર્યુક્તિ-૧૯૫ ગાથાર્થ : જે કથામાં વિદ્યા, ચરણ, તપ, પુરુષાર્થ, સમિતિ-ગુપ્તિ ઉપદેશાય, તે આક્ષેપણીનો રસ છે.

નિર્યુક્તિ-૧૯૬ ગાથાર્થ : સ્વસમયને કહીને પરસમય કહે, અથવા ઉંધુ કહે. એજ પ્રમાણે મિથ્યાવાદ અને સમ્યગ્વાદમાં બે ભેદ થાય.

નિર્યુક્તિ-૧૯૭ ગાથા ' : જે કથા સ્વસમયરહિત હોય, લોકવેદસંયુક્ત હોય, અને જે પરસમયની કથા હોય, તે વિક્ષેપણીકથા.

નિર્યુક્તિ-૧૯૮ ગાથાર્થ : જે પૂર્વે સ્વસમયથી કહેવાયેલી હોય, તેને પરસમયમાં ફેંકે પરશાસનનાં વ્યાક્ષેપથી પરનાં સમયને કહે.

નિર્યુક્તિ-૧૯૯ ગાથાર્થ : આત્મશરીર અને પરશરીર સંબંધી, આલોકસંબંધી અને પરલોકસંબંધી આ ચારપ્રકારની સંવેદની કથા છે.

નિર્યુક્તિ-૨૦૦ ગાથાર્થ : વીર્ય, વૈક્રિયઋદ્ધિ, જ્ઞાન-દર્શન-ચારિત્રની ઋદ્ધિ જે કથામાં ઉપદેશાય, તે સંવેદનીનો રસ છે.

નિર્યુક્તિ-૨૦૧ ગાથાર્થ : જેમાં અશુભકર્મોનો આલોકમાં અને પરલોકમાં અશુભ વિપાક-કહેવાય, તે નિર્વેદની કથા છે.

નિર્યુક્તિ-૨૦૨ ગાથા ' : જે કથામાં એવું કહેવાય કે થોડું પણ પ્રમાદકૃત કર્મ પુષ્કળ અશુભપરિણામવાળું બને છે. તે નિર્વેદની કથાનો રસ છે.

નિર્યુક્તિ-૨૦૩ ગાથાર્થ : સિદ્ધિ, દેવલોક, સુકુલમાં ઉત્પતિં, આનાથી સંવેગ થાય. નારક, તિર્યંચયોનિ, કુમાનુષ્ય એનાથી નિર્વેદ થાય.

નિર્યુક્તિ-૨૦૪ ગાથાર્થ : વૈનયિકને પ્રથમ આક્ષેપણી કથા કહેવી. પછી સ્વસમયનો અર્થ ગ્રહણ કરી ચૂકેલા એમને વિક્ષેપણી કથા કહેવી.

નિર્યુક્તિ-૨૦૫ ગાથાર્થ : આક્ષેપણીથી ખેંચાયેલા જે જીવો ોય, તેઓ સમ્યક્ત્વ પામે. વિક્ષેપણી કથામાં ભજના છે. વધુ ગાઢમિથ્યાત્વ પણ પામે.

---

**व्याख्या** - धर्मविषया कथा धर्मकथा असौ बोद्धव्या चतुर्विधा धीरपुरुषप्रज्ञप्ता-तीर्थकरगणधरप्ररूपितेत्यर्थः, चातुर्विध्यमेवाह-आक्षेपणी विक्षेपणी संवेगश्चैव निर्वेद इति, 'सूचनात्सूत्र'मितिन्यायात् संवेजनी निर्वेदनी चैवेत्युपन्यासगाथाक्षरार्थः ॥ भावार्थं त्वाह-आचारो-लोचास्नानादिः व्यवहारः-कथञ्चिदापन्नदोषव्यपोहाय प्रायश्चित्तलक्षणः प्रज्ञप्तिश्चैव-संशयापन्नस्य मधुरवचनैः प्रज्ञापना दृष्टिवादश्च-श्रोत्रपेक्षया सूक्ष्मजीवादिभावकथनं, अन्ये त्वभिदधति-आचारादयो ग्रन्था एव परिगृह्यन्ते, आचाराद्यभिधानादिति, एषा-अनन्तरोदिता चतुर्विधा खलुशब्दो विशेषणार्थः श्रोत्रपेक्षयाऽऽचारादिभेदानाश्रित्यानेकप्रकारेति कथा त्वाक्षेपणी भवति, तुरेवकारार्थः, कथैव प्रज्ञापकेनोच्यमाना नान्येन, आक्षिप्यन्ते मोहात्तत्त्वं प्रत्यनया भव्यप्राणिन इत्याक्षेपणी भवतीति गाथार्थः । इदानीमस्या रसमाह-विद्या-ज्ञानं अत्यन्तापकारिभावतमोभेदकं चरणं-चारित्रं समग्रविरतिरूपं तपः-अनशनादि पुरुषकारश्च-कर्मशत्रून् प्रति स्वीवीर्योत्कर्षलक्षणः समितिगुप्तयः-पूर्वोक्ता एव, एतदुपदिश्यते खलु-श्रोतृभावापेक्षया सामीप्येन कथ्यते, एवं यत्र क्वचिदसावुपदेशः कथाया आक्षेपण्या रसो-निष्यन्दः सार इति गाथार्थः । गताऽऽक्षेपणी,

---

ટીકાર્થ : ધર્મસંબંધી કથા એ ધર્મકથા. એ ચાર પ્રકારની તીર્થંકર, ગણધરોએ પ્રરૂપેલી છે.

આ ચારભેદ જ બતાવે છે કે આક્ષેપણી-વિક્ષેપણી - સંવેગ અને નિર્વેદ.

(પ્રશ્ન : આક્ષેપણી એટલે આક્ષેપ કરનારી - ખેંચનારી કથા. વિક્ષેપણી એટલે વિક્ષેપ કરનારી કથા. પણ સંવેગ એ કંઈ કથા નથી, નિર્વેદ એ કંઈ કથા નથી. એ તો આત્મપરિણામ છે.)

ઉત્તર : "સૂત્રનું કામ સૂચન કરવાનું છે" એટલે અહીં સંવેગ = સંવેજની = સંવેગ ઉત્પન્ન કરનાર તથા નિર્વેદ = નિર્વેદની = વૈરાગ્ય ઉત્પન્ન કરનાર એમ અર્થ લેવો.

આ ગાથાનો અક્ષરાર્થ થયો.

હવે ભાવાર્થ કહે છે.

આક્ષેપણીનાં ચારપ્રકારો છે.

એમાં આચાર એટલે લોચ, અસ્નાન વગેરે.

વ્યવહાર એટલે સાધુને કોઈપણ પ્રકારે કોઈક દોષ લાગી જાય તો એને દૂર કરવા પ્રાયશ્ચિત્ત કરવું તે.

પ્રજ્ઞપ્તિ એટલે સંશય પામેલા શિષ્યાદિને મધુરવચનોથી પદાર્થો કહેવા તે.

દષ્ટિવાદ એટલે જે શ્રોતા સમજી શકે એમ હોય, તેને સૂક્ષ્મજીવાદિ ભાવોનું કથન કરવું તે.

કેટલાંકો એમ કહે છે કે આચાર, વ્યવહાર... એમ જે ચાર નામ ગાથામાં લખ્યા છે, એનાથી તે તે નામવાળા શાસ્ત્રો જ લેવા. કેમકે તે તે શાસ્ત્રોમાં તેનું તેનું જ વર્ણન છે. દા.ત. આચારશાસ્ત્રમાં આચારનું, વ્યવહારશાસ્ત્રમાં પ્રાયશ્ચિત્તનું, પ્રજ્ઞપ્તિમાં ઉપર દર્શાવેલી પ્રજ્ઞપ્તિનું વર્ણન છે.

આ ચારપ્રકારે આક્ષેપણી છે.

ગાથામાં **खलु** શબ્દ વિશેષઅર્થ દર્શાવવા માટે છે. તે વિશેષઅર્થ એ છે કે શ્રોતાની અપેક્ષાએ આચારાદિ ભેદોને આશ્રયીને અનેકપ્રકારની છે. (જઘન્યશ્રોતાની અપેક્ષાએ ૪ ભેદ, મધ્યમશ્રોતાની અપેક્ષાએ ૪ ભેદ... એ રીતે અનેકપ્રકારો સંભવિત છે.)

**तु** શબ્દ **एव**કાર અર્થવાળો છે. એનો ભાવ એ છે કે પ્રજ્ઞાપકવડે કહેવાતી આ કથા જ છે. પણ અન્ય વડે કહેવાતી આ કથા નથી. અર્થાત્ પ્રજ્ઞાપક જો આનો ઉપદેશ આપે તો જ એ કથા બને. (અપ્રજ્ઞાપક કદાચ આ કથા કરે, તો પણ એ અપ્રજ્ઞાપક છે, એનો અર્થ જ એ છે કે એને બરાબર પ્રરૂપણા કરતાં આવડતું નથી. એટલે એની કથાનો ચોક્કસપ્રકારનો લાભ નહિ થાય.. માટે એના થકી કહેવાતી કથા પણ કથાનાં ફલવાળી ન હોવાથી કથા ગણી નથી.)

આક્ષેપણીનો અર્થ આ પ્રમાણે છે કે જે કથા દ્વારા ભવ્યજીવો મોહમાંથી છૂટી તત્ત્વ તરફ = મોક્ષાદિ તરફ આકર્ષાય તે કથા આક્ષેપણી કથા છે.

હવે આક્ષેપણીનાં રસને જણાવે છે.

વિદ્યા = અત્યંત અપકારી એવા ભાવઅંધકારભૂત અજ્ઞાનનો નાશ કરનાર જ્ઞાન.

ચરણ = સમગ્રવિરતિરૂપ ચારિત્ર.

તપ = અનશનાદિ.

પુરુષાર્થ = કર્મશત્રુ પ્રત્યે પોતાના વીર્યનો ઉત્કર્ષ.

સમતિ, ગુપ્તિઓ પૂર્વે કહી જ દીધી છે.

આ બધું જયાં ક્યાંય પણ ઉપદેશ કરાય, તે આક્ષેપણી કથાનો રસ = નિષ્યન્દ = સાર છે.

ઉપદેશ એટલે શ્રોતાનાં ભાવ પ્રમાણે નજીકથી કથન. (શ્રોતાને જે પદાર્થો વધુ અસર કરે તે એના માટે ઉપદેશ રૂપ બને. એની યોગ્યતા સમ્યક્ત્વનાં પદાર્થોની હોય અને એને વિરતિનાં પદાર્થો કહેવાય તો એ એના ભાવની દૃષ્ટિએ દૂરનું કથન છે એટલે એ ઉપદેશ ન ગણાય. ટુંકમાં શ્રોતાનાં ભાવને જે જલ્દી અસર કરે, એ એના ભાવની અપેક્ષાએ નજીકનું કહેવાય. એનુ કથન એ ઉપદેશ કહેવાય.)

આક્ષેપણી કહેવાઈ ગઈ.

---

**विक्षेपणीमाह-कथयित्वा <u>स्वसमयं</u>-स्वसिद्धान्तं ततः कथयति <u>परसमयं</u>-परसिद्धान्तमित्येको भेदः, अथवा, <u>विपर्यासाद्</u>-व्यत्ययेन कथयति-परसमयं कथयित्वा स्वसमयमिति द्वितीयः, मिथ्यासम्यग्वादयोरेवमेव भवतो द्वौ भेदाविति, मिथ्यावादं कथयित्वा सम्यग्वादं कथयति सम्यग्वादं च कथयित्वा मिथ्यावादमिति, एवं विक्षिप्यतेऽनया सन्मार्गात् कुमार्गे कुमार्गाद्वा सन्मार्गे श्रोतेति विक्षेपणीति गाथाक्षरार्थः । भावार्थस्तु वृद्धविवरणादवसेयः, तच्चेदम्-विक्खेवणी सा चउव्विहा पन्नता, तंजहा-ससमयं कहेत्ता परसमयं कहेइ १ परसमयं कहेत्ता ससमयं कहेइ २ मिच्छावादं कहेत्ता सम्मावादं कहेइ ३ सम्मावादं कहेत्ता मिच्छावायं कहेइ ४ तत्थ पुव्विं ससमयं कहेत्ता परसमयं कहेइ-ससमयगुणे दीवेइ परसमयदोसे उवदंसेइ, एसा पढमा विक्खेवणी गया । इयाणिं बिइया भन्नइ-पुव्विं परसमयं कहेत्ता तस्सेव दोसे उवदंसेइ, पुणो ससमयं कहेइ, गुणे य से उवदंसेइ, एसा बिइया विक्खेवणी गया । इयाणिं तइया-परसमयं**

कहेत्ता तेसु चेव परसमएसु जे भावा जिणप्पणीएहिं भावेहिं सह विरुद्धा असंता चेव वियप्पिया ते पुव्विं कहित्ता दोसा तेसिं भाविऊण पुणो जे जिणप्पणीयभावसरिसा घुणक्खरमिव कहवि सोभणा भणिया ते कहयइ, अहवा मिच्छावादो णत्थित्तं भन्नइ सम्मावादो अत्थित्तं भण्णति, तत्थ पुव्विं णाहियवाईणं दिट्ठीओ कहित्ता पच्छा अत्थित्तपक्खवाईणं दिट्ठीओ कहेइ, एसा तइया विक्खेवणी गया । इयाणिं चउत्थी विक्खेवणी, सा वि एवं चेव, णवरं पुव्विं सोभणे कहेइ पच्छा इयरेत्ति, एवं विक्खिवति सोयारं ति गाथाभावार्थः । साम्प्रतमधिकृतकथामेव प्रकारान्तरेणाह-या स्वसमयवर्जा खलुशब्दस्य विशेषणार्थत्वादत्यन्तं प्रसिद्धनीत्या स्वसिद्धान्तशून्या, अन्यथा विधिप्रतिषेधद्वारेण विश्वव्यापकत्वात् स्वसमयस्य तद्वर्जा कथैव नास्ति, भवति कथा 'लोकवेदसंयुक्ता' लोकग्रहणाद्रामायणादिपरिग्रहः वेदास्तु ऋग्वेदादय एव, एतदुक्ता कथेत्यर्थः, परसमयानां च साङ्ख्यशाक्यादिसिद्धान्तानां च कथा या सा सामान्यतो दोषदर्शनद्वारेण वा एषा विक्षेपणी नाम, विक्षिप्यतेऽनया सन्मार्गात् कुमार्गे कुमार्गाद्वा सन्मार्गे श्रोतेति विक्षेपणी, तथाहि-सामान्यत एव रामायणादिकथाया-मिदमपि तत्त्वमिति भवति सन्मार्गाभिमुखस्य ऋजुमतेः कुमार्गप्रवृत्तिः, दोषदर्शनद्वारेणाप्येकेन्द्रियप्रायस्याहो मत्सरिण एत इति मिथ्यालोचनेनेति गाथार्थः । अस्या अकथने प्राप्ते विधिमाह-या स्वसमयेन-स्वसिद्धान्तेन करणभूतेन पूर्वमाख्याता-आदौ कथिता तां क्षिपेत् परसमये क्वचिद्दोषदर्शनद्वारेण यथाऽस्माकमहिंसादिलक्षणो धर्मः साङ्ख्यादीनामप्येवं, 'हिंसा नाम भवेद्धर्मो न भूतो न भविष्यति' इत्यादिवचनप्रामाण्यात्, किंत्वसावपरिणामिन्यात्मनि न युज्यते, एकान्तनित्यानित्ययोर्हिंसाया अभावादिति, अथवा परशासनव्याक्षेपात्-'सुपां सुपो भवन्ति' इति सप्तम्यर्थे पञ्चमी, परशासनेन कथ्यमानेन व्याक्षेपे-सन्मार्गाभिमुखतायां सत्यां परस्य समयं कथयति, दोषदर्शनद्वारेण केवलमपीति गाथार्थः । उक्ता विक्षेपणी,

---

વિક્ષેપણી કહે છે.

(૧) સ્વસિદ્ધાન્તને કહીને પરસિદ્ધાન્તને કહે આ એક ભેદ.

(૨) પરસિદ્ધાન્તને કહીને સ્વસિદ્ધાન્તને કહે આ બીજો ભેદ. પહેલાભેદથી આ ઊંધો છે.

મિથ્યાવાદ અને સમ્યગ્વાદમાં પણ આ જ પ્રમાણે બે ભેદો પડે. તે આ પ્રમાણે.

(૩) મિથ્યાવાદને કહીને સમ્યગ્વાદને કહે.

(૪) સમ્યગ્વાદને કહીને મિથ્યાવાદને કહે.

જે કથા દ્વારા જીવ સન્માર્ગમાંથી કુમાર્ગમાં વિક્ષેપ કરાય કે કુમાર્ગમાંથી સન્માર્ગમાં વિક્ષેપ કરાય એ વિક્ષેપણીકથા `

આ ગાથાનો અક્ષરાર્થ કહ્યો.

ભાવાર્થ તો વૃદ્ધવિવરણથી જાણવો. તે વૃદ્ધવિવરણ આ છે. (વૃદ્ધવિવરણ એટલે શ્રી જિનદાસગણિમહત્તરની ચૂર્ણિ-)

વિક્ષેપણીકથા ચારપ્રકારની કહેવાયેલી છે.

તે આ પ્રમાણે

(૧) સ્વસમયને કહીને પરસમયને કહે.

(૨) પરસમયને કહીને સ્વસમયને કહે.

(૩) મિથ્યાવાદને કહીને સમ્યગ્વાદને કહે.

(૪) સમ્યગ્વાદને કહીને મિથ્યાવાદને કહે.

એનો ભાવાર્થ એ છે કે

(૧) પહેલા સ્વસમયને કહીને પરસમયને કહે. પોતાના શાસ્ત્રનાં ગુણોને પ્રગટ કરે અને પરશાસ્ત્રનાં દોષોને પ્રગટ કરે. આ પહેલી વિક્ષેપણીકથા છે.

(૨) હવે બીજી કહે છે. પહેલાં પરસમયને કહીને તેના જ દોષો દેખાડે પછી સ્વશાસ્ત્રને કહે અને તેના ગુણો દેખાડે. આ બીજી વિક્ષેપણીકથા `

(૩) હવે ત્રીજી કહે છે - પરસમયને કહીને તે જ પરસમયમાં જે પદાર્થો એવા હોય કે જે જિનેશ્વરોએ કહેલા પદાર્થોની સાથે વિરોધવાળા હોય, ખોટાં જ કલ્પેલા હોય, તે પદાર્થોને પહેલાં કહે, પછી તેના દોષો પણ દર્શાવે, પછી જે પદાર્થો જિનેશ્વરે કહેલા ભાવોની સાથે સરખા હોય, ઘુણાક્ષરની જેમ કોઈપણ રીતે સારા કહેવાઈ ગયા હોય, તેને કહે. (લાકડામાં ઉત્પન્ન થતાં એકપ્રકારનાં જીવો ઘુણ કહેવાય છે. તેઓ લાકડાને અંદરથી ખાઈ જાય, ત્યારે ઘણીવાર ક, ખ, ગ... વગેરે અક્ષરોનાં આકાર પડી જાય. હવે ઘુણને કંઈ એવો ખ્યાલ નથી કે હું **क** કોતરું, પણ છતાં એની મેળે એ **क** કોતરાઈ જાય છે. એમ જૈનેતરોએ જે કઈ સારાપદાર્થ કહ્યા છે. એ એમના અંદરના સારા ભાવોમાંથી પ્રગટેલા નથી. પણ બીજા પાસેથી સાંભળવાદિ દ્વારા જે પદાર્થો તેઓએ જાણ્યા એ જ પદાર્થો તેઓ પ્રરૂપી દે છે...)

અથવા તો મિથ્યાવાદ એટલે નાસ્તિકતા અને સમ્યગ્વાદ એટલે આસ્તિકતા કહેવાય. તેમાં પહેલાં નાસ્તિકવાદીઓની માન્યતાઓને કહી પછી અસ્તિત્વપક્ષવાદીઓની માન્યતા કહે. આ ત્રીજી વિક્ષેપણીકથા `

હવે ચોથી વિક્ષેપણીકથા કહે છે. તે પણ ઉપર પ્રમાણે જ છે પરંતુ એટલો ફરક કે પહેલા ઘુણાક્ષરતુલ્ય સારાભાવોને કહે અને પછી ખરાબભાવોને કહે. (ઉપર ત્રીજીકથા બે રીતે બતાવી છે એમાં પહેલાપ્રકારમાં ક્રમબદલી કરીને આ ચોથી દર્શાવી છે. બીજાપ્રકારને અહીં લીધો નથી. સમજી લેવો.) આ રીતે શ્રોતાને વિક્ષેપવાળો કરે. (વિક્ષેપવાળો કરવો એટલે એનું મન એક સ્થાનેથી ઉઠાડી દઈ અન્યસ્થાને લગાડી દેવું...)

હવે આ વિક્ષેપણીકથાને જ બીજાપ્રકારે કહે છે કે જે કથા સ્વસમયથી રહિત હોય એટલે કે જેમાં સ્વસમયમાં દર્શાવેલા પદાર્થો ન હોય...

ગાથામાં જે **खलु** શબ્દ એ વિશેષઅર્થવાળો છે, એટલે આ પ્રમાણે વિશેષઅર્થ કરવો કે જે કથા અત્યંત પ્રસિદ્ધનીતિથી સ્વસિદ્ધાન્તશૂન્ય હોય તે... બાકી જો આમ ન કરો તો તો વાંધો એ આવે કે સ્વસમય વિધિ અને પ્રતિષેધ દ્વારા વિશ્વવ્યાપક હોવાથી સ્વસમયરહિત કોઈપણ કથા જ નથી. એટલે **स्वसमयवर्जा कथा** જ ન મળે.

(ભાવાર્થ : અજૈનશાસ્ત્રોની એવી એકપણ વાત નથી કે જે જૈનશાસ્ત્રોમાં આવેલી ન હોય. ફરક માત્ર એટલો જ પડે કે જૈનશાસ્ત્રમાં જેની હા પાડી હોય, એની જ તેઓએ ના પાડી હોય. જૈનશાસ્ત્રોમાં જેની ના પાડી હોય એની જ તેઓએ હા પાડી હોય. દા.ત. "યજ્ઞાદિમાં પંચેન્દ્રિયવધ ન કરાય." આ રીતે જૈનશાસ્ત્રમાં યજ્ઞહિંસાનું નિરૂપણ આવે છે, પણ એનો નિષેધ કરવામાં આવેલો છે. હવે અજૈનશાસ્ત્રમાં એમ લખેલું હોય કે "યજ્ઞમાં પશુઓની હિંસા કરવી." તો આ વાત જૈનશાસ્ત્રમાં છે તો ખરી જ. પણ આટલું વિશેષ કહેલું હોય કે "આ માન્યતા ખોટી છે." અજૈનશાસ્ત્રે એ જ વાતને કર્તવ્ય ગણી હોય. આમ ખરેખર તો એ અજૈનની વાત સાવ જ જૈનદર્શનરહિત નથી. એમાં જૈનદર્શનનું વાક્ય આવેલું જ છે.

એમ જૈનશાસ્ત્રે કહ્યું હોય કે "સ્વજનાદિનો ત્યાગ કરી દીક્ષા લેવી એ શૂરવીરતા છે." તો અજૈનશાસ્ત્રે કહ્યું હોય કે "સ્વજનાદિનો ત્યાગ કરી દીક્ષા લેવી એ નિષ્ઠુરતા, કાયરતા `." આમાં જૈનશાસ્ત્રે જેની હા કહી, અજૈનશાસ્ત્રે તેની ના કહી. આમ દુનિયાનાં કોઈપણ પદાર્થો લાવો, એ જૈનશાસ્ત્રમાં છે જ, ફરક માત્ર આટલો પડે કે જૈનશાસ્ત્ર ઈતરશાસ્ત્રની માફક હા-ના પાડનાર નથી... પણ હવે સીધી રીતે જોવા જઈએ તો તો કોઈપણ કથા-વાક્ય જૈનસમયવર્જિત તો ન જ કહેવાય. એટલે અહીં ખુલાસો

આપ્યો કે જૈનસમયવર્જિત કથા એ અત્યંતપ્રસિદ્ધ નીતિની અપેક્ષાએ જાણવી. અર્થાત્ "યજ્ઞમાં હિંસા કરવી એ જૈનો કદિ ન કહે." એમ જ અત્યંતપ્રસિદ્ધ નીતિ છે. એટલે એ દષ્ટિએ તો આ કથા સ્વસમયવર્જિતા છે જ.

આ પદાર્થ સૂક્ષ્મદષ્ટિથી વિચારવો.

અથવા તો આનો બીજો અર્થ એ પણ થાય કે જિનશાસન સ્યાદ્વાદરૂપ હોવાથી એણે કોઈપણ વસ્તુનું એકાન્તે વિધાન કે એકાન્તે નિષેધ કરેલો નથી. એણે તમામે તમામ બાબતનું અપેક્ષાએ વિધાન અને અપેક્ષાએ નિષેધ કરેલો છે. આમ જૈનશાસ્ત્ર વિધિ-પ્રતિષેધ દ્વારા વિશ્વવ્યાપક છે. એટલે એવું એકાન્તે તો ન જ કહેવાય કે "યાજ્ઞિકહિંસા જૈનદર્શનને એકાન્તે અમાન્ય છે." એટલે કોઈપણ ઈતરદર્શનનું વાક્ય એ કોઈક અપેક્ષાએ તો જૈનદર્શનનું વાક્ય છે જ. પણ અત્યંતપ્રસિદ્ધ તો એ જ છે કે. "યાજ્ઞિકહિંસા જૈનોને માન્ય નથી." એટલે એ દષ્ટિએ તો યાજ્ઞિકહિંસાનું પ્રતિપાદનકરનાર વાક્ય પ્રસિદ્ધનીતિ પ્રમાણે તો જૈનદર્શનવર્જિત કહેવાય...)

તથા જે કથા લોક અને વેદથી સંયુક્ત હોય. અહીં લોકશબ્દના ગ્રહણથી રામાયણ વગેરે લેવા. વેદો તો ઋગ્વેદાદિ છે જ.

આમાં કહેવાયેલી કથા,

તથા સાંખ્ય, શાક્ય વગેરે સિદ્ધાન્તોની જે કથા તે સામાન્યથી કે દોષદર્શન દ્વારા કરાય તે વિક્ષેપણી કથા.

(ભાવાર્થ જે કથા સ્વસમયવર્જિત હોય, લોક અને વેદમાં કહેવાયેલી હોય, સાંખ્યાદિ સિદ્ધાન્તોમાં કહેવાયેલી હોય તે કથાઓને સાધુ શ્રોતા આગળ બે રીતે કહે. કાં તો સીધે સીધી એ કથા- વાત કહી દે કે "વેદમાં આમ કહ્યું છે કે..." "રામાયણમાં આમ કહ્યું છે કે..." અથવા તો પછી એમાં દોષો દેખાડે કે "આ પ્રમાણે જે કહ્યું છે, તે માનવામાં કેવા કેવા દોષો આવે છે..." આમ સામાન્યથી કે દોષ દેખાડવા દ્વારા આ લોક, વેદ કે સાંખ્યશાસ્ત્રાદિનાં પદાર્થો કહેવા એ વિક્ષેપણીકથા છે.)

જે કથા દ્વારા શ્રોતા સન્માર્ગમાંથી કુમાર્ગમાં વિક્ષેપ પામે કે કુમાર્ગમાંથી સન્માર્ગમાં વિક્ષેપ પામે તે કથા વિક્ષેપણી કહેવાય.

(પ્રશ્ન : પણ ઉપર પ્રમાણે કથાઓ = પદાર્થનિરૂપણો કરવામાં આવો વિક્ષેપ શી રીતે સંભવે ?)

ઉત્તર : જો સામાન્યથી જ રામાયણાદિનાં પદાર્થો કહેવામાં આવે, એમાં દોષ

દેખાડવામાં ન આવે તો શ્રોતા તો એમ સમજે કે "આ પણ તત્ત્વ છે, સાચું છે..." આમ એને રામાયણાદિ સાચા લાગે. હવે એ જૈનદર્શનરૂપી સન્માર્ગ તરફ અભિમુખ થયેલો, પણ સરળમતિવાળો તે રામાયણાદિ શાસ્ત્રોને સાચા માની એ પ્રમાણે પ્રવૃત્તિ કરવા લાગે. આમ એની કુમાર્ગમાં પ્રવૃત્તિ થાય.

હવે જો રામાયણાદિનાં દોષો દેખાડવાપૂર્વક રામાયણાદિનાં પદાર્થો કહો તો પણ જે શ્રોતા એકેન્દ્રિય જેવો હશે, એટલે કે રામાયણાદિમાં જડ મમત્વવાળો હશે એને એવો જ વિચાર આવશે કે "આ તો બધા ઈર્ષ્યાળુ-ક્રોધી છે." અને આ ખોટા વિચારનાં કારણે જે કંઈ થોડો ઘણો પણ સન્માર્ગ તરફ વળેલો, તે પણ હવે વક્તા તરફ દ્વેષ થવાથી વધુ કુમાર્ગમાં દૃઢ બનશે.

(**एकेन्द्रियप्रायस्य** વિશેષણ લખવાનું કારણ એજ છે કે વક્તાએ ઈતરદર્શનનાં પદાર્થોમાં જે જે દોષો દર્શાવ્યા, એ તો સાચા જ હતાં. એમાં કંઈ જ ખોટું ન હતું. એટલે શ્રોતા જો વિચક્ષણ હોય તો એ કદાચ રામાયણાદિને માનનારો ોય તો પણ મધ્યસ્થ બનીને વિચારશે કે "રામાયણાદિમાં આ વક્તાએ દર્શાવેલા દોષો છે તો ખરા જ, એટલે એની પ્રામાણિકતા ન ગણાય..." આમ શ્રોતા જો બરાબર હોય તો એ ધર્મ પામે, પણ રામાયણાદિમાં જડરાગવાળો હોય તો એ એમ નહિ જ વિચારે કે "આ જે દોષો બતાવેલા છે, તે ખરેખર સાચા છે કે નહિ ?" એ તો એટલું જ વિચારે કે " વક્તાએ મારા રામાયણને ખોટું કહ્યું જ કેમ ? એણે એમાં દોષો બતાવ્યા જ શા માટે ?)

(પ્રશ્ન : આમ વિક્ષેપણીકથામાં તો નુકસાન છે, તો પછી એનું કથન ન કરવું સારું ને ?)

ઉત્તર : ઉપર દર્શાવ્યા પ્રમાણે તો આ વિક્ષેપણીકથા ન કરવી એમ નક્કી થયું, પણ જો વિધિપૂર્વક વિક્ષેપણીકથા કરાય તો વાંધો ન આવે. શાસ્ત્રકાર હવે વિક્ષેપણીકથા કરવાની વિધિ જ બતાવી રહ્યા છે.

સ્વસિદ્ધાન્તવડે પૂર્વે જે કથા કહેવાયેલી હોય, તે કથાને પરસમયમાં ફેંકે, પણ એ કામ પરસમયમાં કલંક દોષ દેખાડવાપૂર્વક કરે.

દા.ત. અમારા જૈનદર્શનમાં અહિંસા, સત્યાદિરૂપ ધર્મ છે. સાંખ્યો પણ આ જ પ્રમાણે ધર્મ માને છે. કેમકે એમનું વચન છે કે હિંસા નામનો ધર્મ થયો નથી કે થશે નહિ. (આમાં જૈન અને સાંખ્ય એ બંને ધર્મો એક સરખા પ્રરૂપાયા, એટલે "સાંખ્યો જૈનથી વધુ સારા." એ બુદ્ધિ તો આના દ્વારા અટકી જ જવાની હવે "જૈનો સાંખ્યો કરતાં

વધુ સારા." એ બુદ્ધિ ઉત્પન્ન કરાવવા માટે આગળની વાત કરે છે કે) પરંતુ આ અહિંસાદિ ધર્મ અપરિણામી, એકાન્તનિત્ય કે એકાન્તઅનિત્ય આત્મામાં ઘટતો નથી. એનું કારણ એ છે કે એકાન્તનિત્ય અને એકાંતઅનિત્ય આત્માની હિંસા જ થઈ ન શકે. હવે જો હિંસા જ ન થતી હોય તો પછી હિંસાનો ત્યાગ કરવારૂપ અહિંસા શી રીતે સંભવે ? (પૂર્વે એના ધર્મને સારો કહ્યો છે, એટલે વક્તા પ્રત્યે દ્વેષ નહિ જાગે, અને આ દો ો દેખાવાથી એ શ્રોતા સાંખ્યને જૈન કરતાં નીચો ધર્મ માનતો થઈ જ જવાનો...)

અથવા તો બીજી રીતે પણ આ વિક્ષેપણીકથા કહી શકાય છે. **परशासनव्याक्षेपात्** અહીં પંચમીવિભક્તિનો અર્થ તૃતીયામાં લેવો. આ રીતે વિભક્તિઓમાં ફેરફાર થઈ શકે છે. આશય એ છે વક્તા પરશાસનનું = ઈતરદર્શનનું નિરૂપણ કરે, એનાથી શ્રોતા સન્માર્ગ તરફ અભિમુખ થાય કે "જૈનો કેવા ઉદાર છે ! પોતાના દર્શનની વાત કરવાને બદલે આપણાં દર્શનની વાતો કરે છે..." આ રીતે શ્રોતા આકર્ષણ પામે તો પછી વક્તા જૈનદર્શનનાં પદાર્થો દર્શાવ્યા વિના એકલા ઈતરદર્શનને જ દેખાડે પણ એમાં એ દોષો દેખાડવાપૂર્વક જ ઈતરદર્શનને પ્રરૂપે.

વિક્ષેપણીકથા કહેવાઈ ગઈ.

---

**अधुना संवेजनीमाह-आत्मपरशरीरविषया इहलोके चैव तथा परलोके-इहलोकविषया परलोकविषया च एषा चतुर्विधा खलु अनन्तरोक्तेन प्रकारेण कथा तु संवेजनी भवति, संवेज्यते-संवेगं ग्राह्यतेऽनया श्रोतेति संवेजनी, एषोऽधिकृत-गाथाक्षरार्थः । भावार्थस्तु वृद्धविवरणादवसेयः, तच्चेदम्-संवेयणी कहा चउव्विहा, तंजहा-आयसरीरसंवेयणी परसरीरसंवेयणी इहलोयसंवेयणी परलवोयसंवेयणी, तत्थ आयसरीरसंवेयणी जहा जमेयं अम्हच्चयं सरीरयं एवं सुक्कसोणियमंसवसामे-दमज्जट्ठिण्हारुचम्मकेसरोमणहदंतअंतादिसंघायणिप्फण्णत्तणेण मुत्तपुरीसभायण-त्तणेण य असुइत्ति कहेमाणो सोयारस्स संवेगं उप्पाएइ, एसा आयसरीरसंवेयणी, एवं परसरीरसंवेयणीवि परसरीरं एरिसं चेव असुई, अहवा परस्स सरीरं वण्णेमाणो सोयारस्स संवेगमुप्पाएइ, परसरीरसंवेयणी गया, इयाणिं इहलोयसंवेयणी-जहा सव्वमेयं माणुसत्तणं असारमधुवं कदलीथंभसमाणं एरिसं कहं कहेमाणो धम्मकही सोयारस्स संवेगमुप्पाएइ, एसा इहलोयसंवेयणी गया, इयाणिं परलोयसंवेयणी जहा देवावि इस्साविसायमयकोहलोहाइएहिं दुक्खेहिं अभिभूया किमंग पुण तिरियनारया ?, एयारिसं कहं कहेमाणो धम्मकही सोयारस्स संवेगमुप्पाएइ, एसा परलोयसंवेयणी**

गयत्ति गाथाभावार्थः । साम्प्रतं शुभकर्मोदयाशुभकर्मक्षयफलक-थनतः संवेजनीरसमाह-'वीर्यवैक्रियर्द्धिः' तपःसामर्थ्योद्भवा आकाशगमनजङ्घा-चारणादिवीर्यवैक्रियनिर्माणलक्षणा 'ज्ञानचरणदर्शनानां तथर्द्धिः' तत्र ज्ञानर्द्धिः 'पभू णं भंते ! चोद्दसपुव्वी घडाओ घडसहस्सं पडाओ पडसहस्सं विउव्वित्तए ?, हंता पहू विउव्वित्तए' तहा-"जं अन्नाणी कम्मं खवेइ बहुयाहिं वासकोडीहिं । तं णाणी तिहिं गुत्तो खवेइ ऊसासमित्तेणं ॥१॥" इत्यादि, तथा चरणर्द्धिः नास्त्यसाध्यं नाम चरणस्य, तद्वन्तो हि देवैरपि पूज्यन्त इत्यादि, दर्शनर्द्धिः प्रशमादिरूपा, तथा-"सम्मद्दिट्ठी जीवो विमाणवज्जं ण बंधए आउं । जइवि ण सम्मत्तजढो अहव ण बद्धाउओ पुव्विं ॥१॥" इत्यादि, उपदिश्यते-कथ्यते खलु यत्र प्रक्रमे कथायाः संवेजन्या रसो निष्यन्द एष इति गाथार्थः । उक्ता संवेजनी,

---

હવે સંવેજનીકથા કહે છે.

(૧) આત્મશરીરસંબંધી (૨) પરશરીરસંબંધી (૩) ઈહલોકસંબંધી (૪) પરલોકસંબંધી. આ પ્રકારે સંવેજનીકથા ચારપ્રકારે છે. જે કથાથી શ્રોતા સંવેગ પામે એ કથા સંવેજનીકથા.

આ અધિકૃતગાથાનો અક્ષરાર્થ કહ્યો.

ભાવાર્થ તો વૃદ્ધવિવરણથી જાણવો.

તે વૃદ્ધવિવરણ આ છે.

સંવેજનીકથા ચારપ્રકારની છે. (૧) આત્મશરીર સંવેજની (૨) પરશરીર સંવેજની (૩) ઈહલોક સંવેજની (૪) પરલોક સંવેજની. તેમાં આત્મશરીર સંવેજની આ પ્રમાણે કે "જે આ આપણું શરીર છે. એ વીર્ય લોહી, માંસ, ચરબી, મેદ, મજ્જા, હાડકાં, સ્નાયુ, ચામડી, વાળ, રૂંવાટી, નખ, દાંત, આંતરડા વગેરેનાં સમુહથી બનેલું હોવાથી અને મૂત્ર-સ્થંડિલનું ભાજન હોવાથી અશુચિ છે" આ પ્રમાણે કથાને કરતો સાધુ શ્રોતાઓને સંવેગ ઉત્પન્ન કરાવે છે. આ આત્મશરીર સંવેજની છે. એજ પ્રમાણે પરશરીર સંવેજની પણ સમજવી. પરશરીર પણ આવાપ્રકારનું જ અપવિત્ર છે. અથવા તો એમ અર્થ કરવો કે પરના શરીરનું વર્ણન કરતો સાધુ શ્રોતાને સંવેગ ઉત્પન્ન કરાવે. પરશરીર સંવેજની પૂર્ણ થઈ.

હવે ઈહલોકસંવેજની કહે છે. "આ આખું મનુષ્યપણું અસાર, અશાશ્વત, કેળનાં થાંભલા જેવું છે." આ પ્રમાણે કથા કહેતો ધર્મકથી શ્રોતાને સંવેગ ઉત્પન્ન કરાવે. આ ઈહલોકસંવેદની પૂર્ણ થઈ. (કેળનો થાંભલો મોટો હોય, પણ એમાં સાર કંઈ ન હોય.

એક ઝાટકે એ કપાઈ જાય એવો તુચ્છ હોય છે. એમ મનુષ્યભાવ પણ ક્યારે કપાઈ જાય એ નિશ્ચિત નથી...)

હવે પરલોકસંવેજની કહે છે - "દેવો પણ ઈર્ષ્યા, વિષાદ, મદ, ક્રોધ, લોભ વગેરે દુઃખોથી પરાભવ પામેલા છે = પરેશાન થયેલા છે, તો પછી તિર્યંચનારકોની તો શી વાત કરવી ?" આવાપ્રકારની કથા કહેતો ધર્મકથી શ્રોતાને સંવેગ ઉત્પન્ન કરી આપે છે. આ પરલોકસંવેજની પૂર્ણ થઈ.

હવે શુભકર્મનાં ઉદયનું અને અશુભકર્મનાં ક્ષયનું ફલ કહેવા દ્વારા સંવેજનીકથાનાં રસને કહે છે કે વીર્યવૈક્રિયઋદ્ધિ - તપનાં સામર્થ્યથી ઉત્પન્ન થયેલી આકાશગમન, જંઘાચારણાદિરૂપી વીર્યશક્તિ અને વૈક્રિય શરીરને બનાવવારૂપી વૈક્રિયશક્તિ.

જ્ઞાન, દર્શન, ચારિત્રની ઋદ્ધિ.

**એમાં જ્ઞાનઋદ્ધિ :** "હે ભગવાન્ ! ચૌદપૂર્વી એક ઘડામાંથી એક હજાર ઘડા અને એક વસ્ત્રમાંથી એક હજાર વસ્ત્ર બનાવવા માટે સમર્થ છે ?" હા ! બનાવવા માટે સમર્થ છે.

તથા અજ્ઞાની ઘણાં કરોડ વર્ષે જે કર્મ ખપાવે, ત્રિગુપ્તિથી ગુપ્ત જ્ઞાની ઉચ્છ્વાસમાત્રમાં તે કર્મને ખપાવી દે. આ બધી જ્ઞાનની ઋદ્ધિ છે.

**ચારિત્રઋદ્ધિ :** ચારિત્રને માટે કંઈપણ અસાધ્ય નથી. ચારિત્રવાળાઓને તો દેવો પણ પૂજે છે.

**દર્શનઋદ્ધિ :** પ્રશમાદિ એ દર્શનઋદ્ધિ છે.

તથા સમ્યગ્દષ્ટિજીવ વૈમાનિકદેવલોક સિવાયનું આયુષ્ય બાંધતો નથી. જો એ સમ્યક્ત્વભ્રષ્ટ ન થયો. હોય તો અથવા તો જો એ પૂર્વે આયુષ્ય બાંધી ચૂક્યો ન હોય તો. (સમ્યક્ત્વીજીવ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય, તો તો વૈમાનિક આયુ. ન પણ બાંધે. એમ સમ્યક્ત્વીજીવ સમ્યક્ત્વ પામ્યા પૂર્વે આયુષ્ય બાંધી ચુક્યો હોય તો પછી એ સમ્યક્ત્વ પામ્યા બાદ પણ વૈમાનિકદેવાયુષ્ય ન બાંધે.)

આ પણ દર્શનની ઋદ્ધિ છે.

જે પ્રસંગમાં આ બધું કહેવાય, એ સંવેજનીકથાનો રસ છે.

સંવેજની કહેવાઈ ગઈ.

---

**'निर्वेदनीमाह-पापानां कर्मणां चौर्यादिकृतानामशुभविपाकः-दारूणपरिणामः**

कथ्यते यत्र-यस्यां कथायामिह च परत्र च लोके-इहलोके कृतानि कर्माणि इहलोक एवोदीर्यन्ते इति, अनेन चतुर्भङ्गिकामाह, कथा तु निर्वेदनी नाम, निर्विद्यते भवादनया श्रोतेति निर्वेदनी एष गाथाक्षरार्थः । भावार्थस्तु वृद्धविवरणादवसेयः, तच्चेदम्-इयाणिं निव्वेयणी, सा चउव्विहा, तंजहा-इहलोए दुच्चिण्णा कम्मा इहलोए चेव दुहविवागसंजुत्ता भवन्तित्ति, जहा चोराणं पारदारियाणं एवमाइ एसा पढमा निव्वेयणी, इयाणिं बिइया, इहलोए दुच्चिण्णा कम्मा परलोए दुहविवागसंजुत्ता भवन्ति, कहं ?, जहा नेरइयाणं अन्नम्मि भवे कयं कम्मं निरयभवे फलं देइ, एसा बिइया निव्वेयणी गया, इयाणीं तइया, परलोए दुच्चिण्णा कम्मा इहलोए दुहविवागसंजुत्ता भवंति, कहं ?, जहा बालप्पभितिमेव अंतकुलेसु उप्पन्ना खयकोढादीहिं रोगोहिं दारिद्देण य अभिभूया दीसन्ति, एसा तइया णिव्वेयणी, इयाणिं चउत्थी णिव्वेयणी, परलोए दुच्चिण्णा कम्मा परलोए चेव दुहविवागसंजुत्ता भवंति, कहं ?, जहा पुव्विं दुच्चिण्णेहिं कम्मेहिं जीवा संडासतुंडेहिं पक्खीहिं उववज्जंति, तओ ते णरयपाउग्गाणि कम्माणि असंपुण्णाणि ताणि ताए जातीए पूरिंति, पूरिऊण नरयभवे वेदेन्ति, एसा चउत्था निव्वेयणी गया, एवं इहलोगो परलोगो वा पण्णवयं पडुच्च भवइ, तत्थ पन्नवयस्स मणुस्सभवो इहलोगो अवसेसाओ तिण्णिवि गईओ परलोगोत्ति गाथाभावार्थः ॥ इदानीमस्या एव रसमाह-स्तोकमपि प्रमादकृतम्-अल्पमपि प्रमादजनितं कर्म-वेदनीयादि 'साहिज्जई' त्ति कथ्यते यत्र नियमात्-नियमेन, किंविशिष्टमित्याह-प्रभूताशुभपरिणामं बहुतीव्रफलमित्यर्थः, यथा यशोधरादीनामिति कथाया निर्वेदिन्या रसः-एष निष्यन्द इति गाथार्थः संक्षेपतः ।

---

નિર્વેદનીકથા કહે છે. જે કથામાં ચૌર્યાદિથી કરાયેલા પાપકર્મોનો આ લોકમાં અને પરલોકમાં અશુભ વિપાક દર્શાવાય, તે નિર્વેદનીકથા છે.

અશુભવિપાક એટલે દારુણપરિણામ.

આનાથી ચતુર્ભંગી કહી.

જે કથાથી શ્રોતા સંસારથી વૈરાગ્ય પામે એ નિર્વેદનીકથા કહેવાય.

આ ગાથાનો અક્ષરાર્થ છે.

ભાવાર્થ તો વૃદ્ધવિવરણથી જાણવો.

તે વૃદ્ધવિવરણ આ છે.

હવે નિર્વેદનીકથા કહે છે. તે ચારપ્રકારે છે. તે આ પ્રમાણે ઈહલોકમાં ખરાબ કામોથી ભેગા કરેલાં કર્મો ઈહલોકમાં જ દુઃખનાં વિપાકવાળા થાય છે. દા.ત. ચોરો અને પરસ્ત્રીલંપટોને ચોરી અને વ્યભિચારનું ફલ ફાંસી વગેરે આ જ ભવમાં મળે છે. આ પહેલી નિર્વેદનીકથા થઈ.

હવે બીજી કથા કહે છે.

ઈહલોકમાં દુશ્ચીર્ણકર્મો પરલોકમાં દુઃખવિપાકવાળા બને, એ શી રીતે ? એનો ઉત્તર આપે છે કે જેમ નારકજીવોએ અન્યભવમાં કરેલું કર્મ નારકભવમાં ફલ આપે છે. (નારકજીવો જયારે મનુષ્ય હતાં, ત્યારે આરંભ-પરિગ્રહાદિ કરીને નરકાયુષ્ય બાંધેલું. અહીં શાસ્ત્રકારભગવંત બોલે છે એટલે ઈહલોક તરીકે મનુષ્યભવ સમજવો. નરક એ પરભવ કહેવાય.) આ બીજી નિર્વેદની કથાપૂર્ણ થઈ.

હવે ત્રીજી કહે છે. પરલોકમાં દુશ્ચીર્ણ કર્મો આલોકમાં દુઃખ વિપાકવાળા બને છે. એ શી રીતે ? તે કહે છે કે હલકા કુલોમાં ઉત્પન્ન થયેલા બાલપણથી જ માંડીને ક્ષયકોઢાદિ રોગોથી અને ગરીબાઈથી પરેશાન થયેલા દેખાય છે. આ ત્રીજી નિર્વેદનીકથા ગઈ. (તિર્યંચાદિભવોમાં જીવોએ પાપો કરેલા હોય, એનું ફળ આ મનુષ્યભવમાં મળે છે. એટલે આ રીતે આ ત્રીજી કથા સંગત થાય છે.)

હવે ચોથી નિર્વેદનીકથા કહે છે. પરલોકમાં દુશ્ચીર્ણકર્મો પરલોકમાં જ દુઃખવિપાકવાળા બને છે. એ શી રીતે ? તે કહે છે કે જેમ પૂર્વે ખરાબ કામોથી એકઠા કરેલા કર્મો દ્વારા જીવ સાણસીનાં જેવા મોઢાવાળા પક્ષીઓમાં ઉત્પન્ન થાય છે. પછી તેઓ અસંપૂર્ણ એવા નરકપ્રાયોગ્ય કર્મોને તે પક્ષીજાતિમાં પૂર્ણ કરે છે. પૂરીને નરકભાવમાં તેને ભોગવે છે. આ ચોથી નિર્વેદનીકથા પૂર્ણ થઈ. (દેવનાં ભવમાં ખૂબ પાપ કરે તો પણ નરકમાં જઈ શકાય એટલા પાપ ન કરી શકે, એટલે એ પક્ષી થાય, ત્યાં નરકમાં જવા માટે જે કર્મો ખુટતા હતાં, એ કર્મો ભેગા કરીને નારકમાં જતાં રહે. આમાં દેવ, તિર્યંચ ભવરૂપી પરભવમાં ભેગા કરેલા કર્મો નારકભવરૂપી પરભવમાં અનુભવે છે... મનુષ્યભવ સિવાય બધા જ પરભવ છે... એ દષ્ટિએ આ પદાર્થ સમજવો...)

આ પ્રમાણે ઈહલોક કે પરલોક પ્રજ્ઞાપક = વક્તાને આશ્રયીને થાય છે. તેમાં પ્રજ્ઞાપક શાસ્ત્રકાર છે, એટલે એમને માટે મનુષ્યભવ ઈહલોક છે, બાકીની ત્રણેય ગતિઓ પરલોક છે. (જો આ બધી વાતો દેવ કરતો હોય તો એ દેવભવને ઈહલોક ગણશે, બાકીની ત્રણગતિ પરલોક બનશે...)

હવે આ નિર્વેદનીના જ રસને કહે છે.

જયાં એવું કહેવામાં આવે કે "થોડું પણ પ્રમાદથી કરેલું વેદનીયાદિ કર્મ ઘણાં તીવ્ર ફલવાળું થાય છે." જેમકે યશોધર વગેરેને થયું..." તે નિર્વેદની કથાનો રસ - સાર- ઝરણું જાણવું.

(યશોધરે માતાનાં આગ્રહથી માત્ર લોટનાં બનેલા કુકડાદિ માર્યા, તો પણ એના પરિણામે એણે અનેક ભવોમાં દારુણ દુઃખો ભોગવવા પડયા.)

---

संवेगनिर्वेदनिबन्धनमाह-सिद्धिश्च देवलोकः सुकुलोत्पत्तिश्च भवति संवेगः, एतत्प्ररूपणं, संवेगहेतुत्वादिति भावः, एवं नरकस्तिर्यग्योनिः कुमानुषत्वं च निर्वेद इति गाथार्थः । आसां कथानां या यस्य कथनीयेत्येतदाह-विनयेन चरति वैनयिकः-शिष्यस्तस्मै प्रथमतया-आदिकथनेन कथा तु आक्षेपणी उक्तलक्षणा कथयितव्या, ततः स्वसमयगृहीतार्थे सति तस्मिन् कथयेद् विक्षेपणीं-उक्तलक्षणामेव पश्चादिति गाथार्थः । किमित्येतदेवमित्याह-आक्षेपण्या कथया आक्षिप्ताः-आवर्जिता आक्षेपण्याक्षिप्ता ये जीवास्ते लभन्ते सम्यक्त्वम्, तथा आवर्जनं शुभभावस्य मिथ्यात्वमोहनीय-क्षयोपशमोपायत्वात्, विक्षेपण्यां भाज्यं-सम्यक्त्वं कदाचिल्लभन्ते कदाचिन्नेति तच्छ्रवणात्तथाविधपरिणामभावात्, गाढतरं वा मिथ्यात्वं, जडमतेः परसमयदोषान-वबोधान्निन्दाकारिण एते न द्रष्टव्या इत्यभिनिवेशेनेति गाथार्थः ॥ उक्ता धर्मकथा,

---

હવે સંવેગનું કારણ શું ? અને નિર્વેદનું કારણ શું ? એ પદાર્થ સંક્ષેપથી કહે છે. મોક્ષ, દેવલોક, સુકુલમાં ઉત્પત્તિ આ સંવેગ છે, એટલે કે આ પદાર્થોની પ્રરૂપણા સંવેગ છે.

(પ્રશ્ન : આ બધું તો સંવેગનું કારણ છે ને ? સંવેગ શી રીતે કહેવાય ?)

ઉત્તર : એ સંવેગનું કારણ હોવાથી જ કારણમાં કાર્યોપચાર કરીને એને સંવેગ કહ્યું છે.

એ રીતે નારક, તિર્યંચયોનિ, કુમાનુષતા આ બધું નિર્વેદ છે. (આ બધાની પ્રરૂપણા નિર્વેદનું કારણ છે...)

આ ચારપ્રકારની કથાઓમાંથી જેને જે કથા કરવાની છે, તે કહે છે.

જે વિનયપૂર્વક પ્રવૃત્તિ કરે તે વૈનયિક. અર્થાત્ શિષ્ય ! એને સૌથી પહેલીવાર કથા કરવાની હોય તો આક્ષેપણીકથા કહેવી. એનાથી એને પોતાના સિદ્ધાન્તનાં પદાર્થો ગ્રહણ થઈ જાય. એટલે પૂર્વે કહેલા લક્ષણવાળી વિક્ષેપણીકથાને કહેવી.

**પ્રશ્ન :** આવું શા માટે ?

**ઉત્તર :** આક્ષેપણીકથાથી આકર્ષાયેલા જે જીવો હોય, તે સમ્યક્ત્વને પામે.

(**પ્રશ્ન :** એ શી રીતે ?)

**ઉત્તર :** આક્ષેપણી કથાથી એ જીવો આવર્જિત થાય એટલે એમને શુભભાવ પ્રગટે જ, અને એ શુભભાવ મિ.મોહનીયનાં ક્ષયોપશમનું કારણ છે. એટલે એ જીવો સમ્યક્ત્વ પામે.

જ્યારે વિક્ષેપણીકથામાં તો ભજના છે. કદાચ એ જીવો સમ્યક્ત્વ પામે, કદાચ ન પામે...

**પ્રશ્ન :** આવું બનવાનું શું કારણ ?

**ઉત્તર :** વિક્ષેપણીકથાનાં શ્રવણ દ્વારા તેવાપ્રકારનાં પરિણામ થતાં  ેવાથી આ ભજના છે. (આશય એ કે જો સીધું પડી જાય, તો તો એ સમ્યક્ત્વ પામે. પણ જો એને એમ લાગે કે "આ બધા તો નિંદકો `,... તો મુશ્કેલી ઉભી થાય. એને ભાવ ન જાગે. આમ બંને પ્રકારનાં ભાવોનો સંભવ હોવાથી આ ભજના થાય છે.)

અથવા તો ક્યારેક એવું બને કે જીવ ગાઢતરમિથ્યાત્વ પામે. કેમકે જો શ્રોતા જડબુદ્ધિવાળો હોય તો વક્તાએ એને પરશાસ્ત્રમાં જે દોષો દર્શાવ્યા હોય, એ સમજી ન શકે. એટલે એને તો એમજ લાગે કે "પરદર્શનમાં કોઈ દોષ છે જ નહિ. આ લોકો ખોટી નિંદા કરે છે. આમનું મોઢું જ ન જોવું." આમ આવા પ્રકારનાં અભિનિવેશને કારણે એ વધુ ગાઢમિથ્યાત્વ પામે.

ધર્મકથા કહી દીધી.

---

**साम्प्रतं मिश्रामाह–**

धम्मो अत्थो कामो उवइस्सइ जत्थ सुत्तकव्वेसुं । लोगे वेए समये सा उ कहा मीसिया णाम ॥२०६॥ इत्थिकहा भत्तकहा रायकहा चोरजणवयकहा य । नडनट्टजल्लमुट्ठियकहा उ एसा भवे विकहा ॥२०७॥ एया चेव कहाओ पन्नवगपरूवगं समासज्ज । अकहा कहा य विकहा हविज्ज पुरिसंतरं पप्प ॥२०८॥ मिच्छत्तं वेयन्तो जं अन्नाणी कहं परिकहेइ । लिंगत्थो व गिही वा सा अकहा देसिया समए ॥२०९॥ तवसंजमगुणधारी जं चरणत्था कहिंति सब्भावं । सव्वजगज्जीवहियं सा उ कहा देसिया समए ॥२१०॥ जो संजओ पमत्तो रागद्दोसवसगओ परिकहेइ । सा उ विकहा पवयणे पण्णत्ता धीरपुरिसेहिं ॥२११॥

सिंगाररसुत्तइया मोहकुवियफुंफुगा सहासिंति (हसहसिंति) । जं सुणमाणस्स कहं समणेण ण सा कहेयव्वा ॥२१२॥ समणेण कहेयव्वा तवनियमकहा विरग्गसंजुत्ता । जं सोऊण मणुस्सो वच्चइ संवेगनिव्वेयं ॥२१३॥ अत्थमहंतीवि कहा अपरिकिलेसबहुला कहेयव्वा । हंदि महया चडगरत्तणेण अत्थं कहा हणइ ॥२१४॥ खेत्तं कालं पुरिसं सामत्थं चऽप्पणो वियाणेत्ता । समणेण उ अणवज्जा पगयंमि कहा कहेयव्वा ॥२१५॥ तइयज्झयणनिज्जुत्ती समत्ता ॥

---

હવે મિશ્રકથા કહે છે.

નિર્યુક્તિ-૨૦૬ ગાથાર્થ : જે સૂત્ર, કાવ્યોમાં, લોકમાં, વેદમાં, સમયમાં ધર્મ, અર્થ અને કામનો ઉપદેશ અપાય તે મિશ્રિત કથા જાણવી.

નિર્યુક્તિ-૨૦૭ ગાથાર્થ : સ્ત્રીકથા, ભક્તકથા, રાજકથા, ચોરકથા, જનપદ કથા, નટ-નાટ્ય, જલ્લ, મુષ્ઠિકકથા... આ વિકથા છે.

નિર્યુક્તિ-૨૦૮ ગાથાર્થ : આ જ કથાઓ પ્રજ્ઞાપકપ્રરૂપકને આશ્રયીને અકથા, કથા અને વિકથા બને. તથા અન્ય પુરુષને પામીને અકથા, કથા કે વિકથા બને.

નિર્યુક્તિ-૨૦૯ ગાથા ' : મિથ્યાત્વને વેદતો સાધુ વેષધારી કે ગૃહસ્થ અજ્ઞાની જે કથા કહે, તે શાસ્ત્રમાં અકથા કહેવાયેલી છે.

નિર્યુક્તિ-૨૧૦ ગાથાર્થ તપ-સંયમગુણધારક, ચારિત્રમાં રહેલા સાધુઓ સર્વજગતનાં જીવોને હિતકારી જે સદ્ભાવ કહે, તે શાસ્ત્રમાં કથા કહેવાયેલી છે.

નિર્યુક્તિ-૨૧૧ ગાથાર્થ રાગદ્વેષને વશ થયેલો, પ્રમત સાધુ જે કથા કહે તે પ્રવચનમાં ધીરપુરુષો-વડે વિકથા કહેવાયેલી છે.

નિર્યુક્તિ-૨૧૨ ગાથાર્થ જે કથાને સાંભળનારાને શૃંગારરસથી ઉત્તેજિત થયેલા મોહનીયકર્મનાં તણખાંઓ વિલાસ કરે, સાધુએ તે કથા ન કહેવી.

નિર્યુક્તિ-૨૧૩ ગાથાર્થ : સાધુએ વિરાગવાળી તપનિયમવાળી કથા કહેવી કે જે સાંભળીને મનુષ્ય સંવેગ-નિર્વેદ પામે.

નિર્યુક્તિ-૨૧૪ ગાથાર્થ : અર્થથી મહાન એવી પણ કથા પરિક્લેશ=કંટાળો ન થાય એ રીતે કહેવી. ખરેખર મોટા ચડકરથી = વિસ્તારથી કથા અર્થને હણી નાંખે છે.

નિર્યુક્તિ-૨૧૫ ગાથાર્થ : પ્રકૃતવસ્તુમાં ૈત્ર, કાલ, પુરુષ અને પોતાનું સામર્થ્ય

જાણીને સાધુએ નિષ્પાપ કથા કહેવી.

ત્રીજા અધ્યયનની નિર્યુક્તિ સમાપ્ત થઈ.

---

व्याख्या-धर्मः-प्रवृत्यादिरूपः अर्थो-विद्यादिः कामः-इच्छादिः उपदिश्यते-कथ्यते यत्र 'सूत्रकाव्येषु' सूत्रेषु काव्येषु च-तल्लक्षणवत्सु, क्वेत्यत आह-लोके-रामायणादिषु वेदे-यज्ञक्रियादिषु समये-तरङ्गवत्यादिषु सा पुनः कथा 'मिश्रा' मिश्रानाम, संकीर्णपुरुषार्थाभिधानात् इति गाथार्थः । उक्ता मिश्रकथा, तदभिधानाच्चतुर्विधा कथेति ।

---

**ટીકાર્થ :** ધર્મ પ્રવૃત્તિ, નિવૃત્તિ વગેરેરૂપ છે. અર્થ એટલે વિદ્યા વગેરે. કામ એટલે ઈચ્છાકામ, મદનકામાદિ. સૂત્રોમાં કે કાવ્યોમાં = કાવ્યનાં લક્ષણવાળા પદોમાં આ બધું ઉપદેશાય તે મિશ્રિતકથા કહેવાય.

**પ્રશ્ન :** કયા ગ્રન્થોમાં સૂત્ર કે કાવ્યાદિમાં આ ત્રણવસ્તુ પ્રરૂપાય છે ?

**ઉત્તર** રામાયણાદિ લૌકિકગ્રન્થોમાં, યજ્ઞક્રિયાદિનિરૂપક વેદોમાં અને તરંગવતી વગેરે સ્વગ્રન્થોમાં સૂત્ર કે કાવ્યોમાં આ બધું વર્ણન કરાય છે. (આ બધા ગ્રન્થોમાં કોઈક સૂત્રરચના છે, કોઈક કાવ્યરચના છે...)

આને મિશ્રકથા કહેવાય છે, કેમકે એમાં સંકીર્ણ = ભેગાં પુરુષાર્થોનું કથન કરેલું છે.

મિશ્રકથા કહેવાઈ ગઈ, તેના કથન દ્વારા ચારપ્રકારની કથા કહેવાઈ ગઈ.

---

**साम्प्रतं कथाविपक्षभूतां त्याज्यां विकथामाह, अज्ञातस्वरूपायास्त्यागासंभवादिति-स्त्रीकथा-एवंभूता द्रविडा इत्यादिलक्षणा भक्तकथा सुन्दरः शाल्योदन इत्यादिरूपा राजकथा अमुकः शोभन इत्यादिलक्षणा चौरजनपदकथा च गृहीतोऽद्य चौरः स इत्थं कदर्थितः तथा रम्यो मध्यदेश इत्यादिरूपा नटनर्तकजल्लमुष्टिककथा च एषा भवेद्विकथा प्रेक्षणीयकानां नटो रमणीयः यद्वा नर्तकः यद्वा जल्लः, जल्लो नाम वस्त्राखेलकः मुष्टिको मल्लः, इत्यादिलक्षणा विकथा, कथालक्षणविरहादिति गाथार्थः । उक्ता विकथा,**

---

હવે કથાનાં વિપક્ષભૂત એવી ત્યાજ્ય વિકથા કહે છે. જો એનું સ્વરૂપ જ જાણ્યું ન હોય, તો એનો ત્યાગ થઈ જ ન શકે, જ્યારે ત્યાગ તો કરવાનો જ છે એટલે વિકથાનું

સ્વરૂપ વર્ણવે છે.

તેમાં

સ્ત્રીકથા : દ્રવિડદેશની સ્ત્રી આવા આવાપ્રકારની હોય છે... વગેરે.

ભક્તકથા : આ શાલિભાત સારા છે... વગેરે.

રાજકથા : અમુકરાજા સારો ` વગેરે.

ચૌરકથા : આજે ચોર પકડાયો, તેને આ આ પ્રમાણે મારવામાં આવ્યો... વગેરે.

દેશકથા : મધ્યદેશ રમ્ય છે... વગેરે.

નટકથા : આ નાટકમાં જે કલાકારો-પ્રેક્ષણીય છે. તેમાં આ નટ રમણીય છે.

નર્તકકથા : નૃત્ય કરનારાઓમાં આ નૃત્યકાર રમણીય છે.

જલ્લકથા : જલ્લ એટલે બે વાંસડાઓ ઉપર દોરી બાંધી, એ દોરડા ઉપર ચાલી ખેલ કરનાર. એની વાતો..

મુષ્ટિકકથા : મુષ્ટિક એટલે મલ્લ.

આ બધી વિકથા છે, કેમકે એમાં કથાનું લક્ષણ નથી. (કથા તો ધર્માદિ ચાર પુરુષાર્થોમાંથી તે તે પુરુષાર્થને સાધી આપે, જયારે વિકથા એક પણ પુરુષાર્થને સાધનારી ન હોવાથી એ કથા નથી...)

---

**इदानीं प्रज्ञापकापेक्षयाऽऽसां प्राधान्यमाह-एता एवोक्तलक्षणाः कथाः प्रज्ञापयतीति प्रज्ञापकः प्रज्ञापकश्चासौ प्ररूपकश्चेति विग्रहस्तमवबोधकप्ररूपकं न तु घरट्टभ्रमणकल्पं यतः न किञ्चिदवगम्यत इत्यर्थः समाश्रित्य-प्राप्य किमित्याह-'अकथा' वक्ष्यमाणलक्षणा कथा चोक्तस्वरुपा विकथा चोक्तस्वरूपैव भवति, पुरुषान्तरं-श्रोतृलक्षणं प्राप्य-आसाद्य, साध्वसाध्वाशयवैचित्र्यात् सम्यक्श्रुतादिवत्, अन्ये तु प्रज्ञापकं-मूलकर्त्तारं प्ररूपकं-तत्कृतस्याख्यातारमिति व्याचक्षते, न चैतदतिशोभनं, 'पण्णवयपरूवगे समासज्ज'त्ति पाठप्रसङ्गादिति गाथार्थः ।**

---

હવે પ્રજ્ઞાપકની અપેક્ષાએ આ કથાઓની પ્રધાનતા દર્શાવે છે.

ઉપર દર્શાવેલા લક્ષણોવાળી કથાઓ જ પ્રજ્ઞાપક એવા પ્રરૂપકને આશ્રયીને વક્ષ્યમાણ લક્ષણવાળી અકથા, કહેવાયેલા સ્વરૂપવાળી કથા અને કહેવાયેલા સ્વરૂપવાળી જ વિકથા બને છે. આ ઉપરાંત શ્રોતારૂપ અન્યપુરુષને આશ્રયીને પણ અકથા, કથા, વિકથા બને છે.

પ્રશ્ન : આવું થવાનું શું કારણ ?

ઉત્તર : સારા આશય અને ખરાબ આશયરૂપ વિચિત્રતાનાં લીધે આમ બને છે.જેમકે સમ્યક્શ્રુતાદિ...

તથા **प्रज्ञापकप्ररुपकं** શબ્દનો કર્મધારયસમાસ કરવો. પ્રજ્ઞાપક એટલે શ્રોતાને બોધ કરાવનાર અને પ્રરૂપક એટલે બોલનાર, પ્રજ્ઞાપક એવા પ્રરૂપકને આશ્રયીને અકથાદિ ભેદો પડે છે. પરંતુ ઘંટીનાં ભ્રમણ જેવો પ્રરૂપક ન લેવો કે જેના દ્વારા કંઈપણ બોધ ન થાય.

(ભાવાર્થ : વક્તા બે પ્રકારનાં છે. (૧) બોલે ઘણું, પણ વધારે પડતી ઉંચી ભાષા બોલે કે વધુ ઝડપી બોલે. એને લીધે શ્રોતાઓને કશી સમજણ જ ન પડે. આવો વક્તા પ્રરૂપક ખરો, પણ પ્રજ્ઞાપક નહિ. (૨) એટલું બધું સ્પષ્ટ, સુંદર, સરળભાષામાં બોલે કે શ્રોતાઓને બધું જ બરાબર સમજાઈ જાય. આ પ્રરૂપક પ્રજ્ઞાપક પણ કહેવાય. અહીં આવા પ્રજ્ઞાપકપ્રરૂપકને આશ્રયીને અકથાદિ ભેદો પાડવાના છે. ઘંટીનાં ભ્રમણ સમાન વક્તાને આશ્રયીને નહિ.

ઘંટીના ભ્રમણની ઉપમા ઘણી રીતે ઘટી શકે છે. (૧) જેમ ઘંટીનું ભ્રમણ અવાજ ઘણો કરે, પરંતુ એમાં શ્રોતાને કોઈ બોધ ન થાય. એમ જે વક્તા બોલે ઘણું, પણ શ્રોતાને કશું ન સમજાય એ વક્તા ઘંટીનાં ભ્રમણ સમાન જાણવો. (૨) ઘંટીનું ભ્રમણ ગમે એટલું થાય, છતાં ઘંટી તો ત્યાંની ત્યાં જ હોય. એ આગળ ન વધે. એમ જે વક્તા બોલે ઘણો પણ શ્રોતાઓનું જ્ઞાન બિલકુલ ન વધે, બધાનું જ્ઞાન સ્થિર જ રહે તો એ રીતે પણ વક્તા ઘંટીનાં ભ્રમણ સમાન સમજી શકાય... એમ યથાયોગ્ય અર્થ વિચારવો.

જેમ આચારાંગાદિ શ્રુત સમ્યક્શ્રુત છે, પણ એને કોઈ મિથ્યાત્વી વાંચે, તો એનો બોધ મિથ્યા જ હોવાથી એને માટે એ શ્રુત મિથ્યાશ્રુત જ બની રહે. એમ વક્તા આક્ષેપણી વગેરે કથા કરતો હોય તો પણ જો શ્રોતાનો ભાવ સારો ન હોય તો એ કથા પણ શ્રોતાને અકથા કે વિકથા બની જાય.

હવે ન્યાયદર્શનાદિ શ્રુત મિથ્યાશ્રુત છે, પણ કોઈ સમ્યકત્વી એને વાંચે, તો એનો બોધ સમ્યગ્ હોવાથી એને માટે એ શ્રુત સમ્યક્શ્રુત બની રહે. એમ વક્તા વિકથા કરતો હોય તો પણ જો શ્રોતાનાં ભાવ સારા હોય તો એ વિકથા શ્રોતાને કથારૂપ બની જાય...)

કેટલાંકો **प्रज्ञापकप्ररुपक** નો દ્વન્દ્વસમાસ કરે છે. તેઓ આ પ્રમાણે અર્થ કરે છે કે પ્રજ્ઞાપક એટલે ગ્રન્થનાં મૂલકર્તા અને પ્રરૂપક એટલે મૂલકર્તાવડે કરાયેલા-રચાયેલા

ગ્રન્થનું વ્યાખ્યાન કરનાર. પણ આ એમનું નિરૂપણ બહુ સારું નથી. કેમકે જો આવો અર્થ હોત તો મૂળમાં એવો પાઠ હોત કે **पण्णवगपरुवगो..** કેમકે બે જણ થયા. પરંતુ મૂળમાં તો એકવચનાન્ત પાઠ છે, એટલે માનવું જોઈએ કે આ અર્થ બરાબર નથી.

---

**इदानीमकथालक्षणमाह-<u>मिथ्यात्वमिति</u>-मिथ्यात्वमोहनीयं कर्म वेदयन् विपाकेन यां काञ्चिदज्ञानी कथां कथयति, अज्ञानित्वं चास्य मिथ्यादृष्टित्वादेव, यद्येवं नार्थोऽज्ञानिग्रहणेन मिथ्यात्ववेदकस्याज्ञानित्वाव्यभिचारादिति चेद्, न, प्रदेशानुभववेदकेन सम्यग्दृष्टिना व्यभिचारादिति, किंविशिष्टोऽसावित्याह-'<u>लिङ्गस्थो वा</u>' द्रव्यप्रव्रजितोऽङ्गारमर्दकादिः '<u>गृही वा</u>' यः कश्चिदितर एव '<u>सा</u>' एवं प्ररूपकप्रयुक्तयुक्त्या श्रोतर्यपि प्रज्ञापकतुल्यपरिणामनिबन्धना अकथा देशिता समये, ततः प्रतिविशिष्टकथाफलाभावादिति गाथार्थः ॥**

---

હવે અકથાનું લક્ષણ કહે છે.

વિપાકદ્વારા મિથ્યાત્વમોહનીયને વેદતો અજ્ઞાની જે કોઈપણ કથા કરે (આક્ષેપણી, વિક્ષેપણી... વગેરે.) તે બધી જ અકથા કહેવાય.

પ્રશ્ન : મિથ્યાત્વીને અજ્ઞાની કેમ કહ્યો ?

ઉત્તર એ મિથ્યાત્વી હોવાથી જ અજ્ઞાની કહેવાય. મિથ્યાત્વીનું બધું જ જ્ઞાન અજ્ઞાન જ કહેવાય.

પ્રશ્ન : જો મિથ્યાત્વી અજ્ઞાની જ હોય, તો પછી અજ્ઞાની શબ્દ લખવાની જ જરૂર નહિ. એકલા વિશેષ્યમાં કોઈ વ્યભિચાર આવતો હોય તો એ વ્યભિચાર દૂર કરવા વિશેષણ મુકાય પરંતુ જો કોઈપણ વ્યભિચાર ન આવતો હોય તો વિશેષણ ન મુકાય. (દા.ત. ગીતાર્થસાધુ ગુરુ બની શકે. આટલું લખીએ તો ઘણું ભણી ચૂકેલા અસંવિગ્નો પણ ગુરુ બની શકે. એટલે આ વ્યભિચારને દૂર કરવા માટે સંવિગ્ન વિશેષણ મુકવું પડે. અસંવિગ્નો સંવિગ્ન ન હોવાથી તેઓ ગુરુ નહિ બની શકે...) અહીં "મિથ્યાત્વી જે કથા કહે, તે અકથા બને." એમાં કોઈ જ દોષ નથી. મિથ્યાત્વી બધા અજ્ઞાની જ હોય છે. એમાં બે વિકલ્પ નથી કે મિથ્યાત્વી જ્ઞાની પણ હોય અને અજ્ઞાની પણ હોય... એટલે અહીં મિથ્યાત્વનાં વેદકનો અજ્ઞાનિત્વ સાથે વ્યભિચાર ન હોવાથી અજ્ઞાની પદ મુકવાની જરૂર નથી.

ઉત્તર : ના. જો અજ્ઞાની શબ્દ ન લખીએ અને માત્ર **मिच्छत्तं वेयंतो...** એટલું જ

લખીએ તો મિથ્યાત્વને વેદનારા બે જણ છે. મિથ્યાત્વને વિપાકોદયથી ભોગવનારા મિથ્યાત્વીજીવો અને મિથ્યાત્વને પ્રદેશોદયથી ભોગવનારા સમ્યક્ત્વીજીવો. એટલે અહીં તો મિથ્યાત્વને વેદનારા તરીકે સમ્યક્ત્વી પણ આવે, એની કથા તો અકથા ન બને, એટલે પ્રદેશાનુભવવાળા સમ્યગ્દષ્ટિ સાથે વ્યભિચાર આવતો હોવાથી **अन्नाणी** શબ્દ મુકેલો છે. સમ્યગ્દષ્ટિ તો જ્ઞાની જ હોવાથી હવે તે ન લઈ શકાય એટલે વ્યભિચારદોષ ન આવે.

આ મિથ્યાત્વવેદક અજ્ઞાની કેવો હોય ? એ દર્શાવે છે કે એ દ્રવ્યદીક્ષિત વેશધારી અંગારમર્દકાદિ હોય કે પછી કોઈક ગૃહસ્થ જ હોય. ટુંકમાં એ જે કથા કહે તે શાસ્ત્રમાં અકથા કહેવાયેલી છે. આમાં વક્તાનાં તો મિથ્યાત્વપરિણામ હોવાથી એના માટે તો એ અકથા જ બનવાની પરંતુ પ્રરૂપકે કરેલી યુક્તિથી શ્રોતામાં પણ પ્રજ્ઞાપકનાં જેવા જ પરિણામોને ઉત્પન્ન કરનારી આ કથા બને છે. એટલે પ્રજ્ઞાપકપ્રરૂપકમાં આ કથા કરતી વખતે મિથ્યાત્વવાળા પરિણામ છે, તો શ્રોતાનાં મનમાં પણ એવાપ્રકારનાં ભાવ પ્રગટે. એટલે જેમ વક્તાને તે અકથા બને, તેમ શ્રોતાને પણ તે અકથા બની રહે.

એને અકથા કહેવાનું કારણ એ છે કે કથાનું જે પોતાનું વિશિષ્ટફલ છે, તે અહીં વક્તા કે શ્રોતાને મળતું નથી.

---

**अत्रैव प्रक्रमे कथामाह-तपःसंयमगुणान् धारयन्ति तच्छीलाश्चेति तपःसंयमगुणधारिणः यां काञ्चन <u>चरणरताः</u>-चरणप्रतिबद्धा न त्वन्यत्र निदानादिना कथयन्ति <u>सद्भावं</u>-परमार्थं, किंविशिष्टमित्याह-सर्वजगज्जीवहितं, नतु व्यवहारतः कतिपयसत्त्वहितमित्यर्थः, तुशब्दस्यावधारणार्थत्वात्, सैव कथा निश्चयतो देशिता समये, निर्जराख्यस्वफलसाधनात्कर्तॄणां श्रोतॄणामपि चेतःकुशलपरिणामनिबन्धना कथैव, नो चेद्भाज्येति गाथार्थः ॥**

---

અકથા, કથા, વિકથાની વાત ચાલે છે, એમાં જ હવે કથા કહે છે.

તપ, સંયમગુણોને ધારણ કરનારા અને તે સ્વભાવવાળા, ચારિત્રમાં લીન સાધુઓ જે કોઈપણ પરમાર્થને કહે તે જ શાસ્ત્રમાં નિશ્ચયથી કથા કહેવાયેલી છે. એ સાધુઓ તપસંયમમાં લીન જોઈએ, પણ યશ, કીર્તિ, દેવલોકાદિ પદાર્થોમાં નિયાણું કરવા દ્વારા કથાને કરનારા ન જોઈએ. અર્થાત્ આ બધાની પ્રાપ્તિ માટે કથા કરનારા ન જોઈએ.

તથા એ પરમાર્થ જગતનાં સર્વજીવોને હિતકારી હોવો જોઈએ. વ્યવહારથી કેટલાંક જ જીવોને હિતકારી બને એવો ન જોઈએ. (નિશ્ચયથી તો જે કથા સ્વરૂપતઃ

સર્વજીવહિતકારી ન હોય, તે કથા થોડા જીવોને હિતકારી પણ કહેવાતી જ નથી. પણ વ્યવહારથી એમ કહેવાય કે ભલે બધા જીવોને હિતકારી નથી, પણ થોડા જીવોને તો હિતકારી છે... આ કારણસર **व्यवहारतः** શબ્દ લખેલો છે.)

ગાથામાં **तु** શબ્દ અવધારણઅર્થવાળો છે, એટલે જ **सैव** એમ લખેલું છે.

**પ્રશ્ન :** આવા સાધુની કથા નિશ્ચયથી કથા શા માટે કહી ?

**ઉત્તર :** કેમકે આ કથા કથાકરનારને નિર્જરારૂપી ફલને સાધનારી બને છે.

**પ્રશ્ન :** કથાકર્તાને તો નિર્જરા મળે, પણ શ્રોતાને શું ફલ મળે ?

**ઉત્તર :** શ્રોતાને પણ જો એ કથા કુશલપરિણામનું કારણ બને, તો તો એને માટે પણ કથા જ છે. પરંતુ જો એ કથા ોતાને કુશલપરિણામનું કારણ ન બને, તો એ ભાજ્ય છે. એટલે કે કથા ન કહેવાય, પરંતુ વિકથા કે અકથારૂપ જ બની રહે.

---

**इहैव विकथामाह-यः संयतः <u>प्रमत्तः</u>-कषायादिना प्रमादेन रागद्वेषवशं गतः सन् न तु मध्यस्थः परिकथयति किञ्चित् <u>सा तु विकथा प्रवचने</u>-सा पुनर्विकथा सिद्धान्ते प्रज्ञप्ता <u>धीरपुरुषैः</u>-तीर्थकरादिभिः, तथाविधपरिणामनिबन्धनत्वात् कर्तृश्रोत्रोरिति, श्रोतृपरिणामभेदे तु तं प्रति कथान्तरमेव, एवं सर्वत्र भावना कार्येति गाथार्थः ।**

---

અકથા, કથા, વિકથાનાં નિરૂપણમાં જ હવે વિકથાને કહે છે.

જે સાધુ પ્રમાદી બનેલો હોય એટલે કે કષાયાદિ પ્રમાદથી રાગદ્વેષને પરવશ બનેલો હોય, મધ્યસ્થ ન હોય અને એવી અવસ્થામાં એ કંઈક કહે તો એ પ્રવચનમાં તીર્થંકરોવગેરેએ વિકથા કહી છે. કેમકે આ કથા કર્તા અને શ્રોતાને તેવાપ્રકારનાં (વિપરીત) પરિણામનું કારણ બને છે.

**પ્રશ્ન :** સાધુ ભલે પ્રમાદી બનીને કથા કરે અને એટલે સાધુને ભલે એ વિકથા બને. પરંતુ શ્રોતાને એનાથી સારાભાવ થાય તો શું ?

**ઉત્તર :** શ્રોતાનાં પરિણામ જો વક્તાનાં પરિણામ કરતાં જુદા પડે તો તો ોતા પ્રત્યે તે વિકથા જુદી જ કથારૂપે પરિણમે. અર્થાત્ અકથા કે કથા બની રહે.

આ રીતે સર્વત્ર વિચારણા કરવી.

---

**साम्प्रतं श्रमणेन यथाविधा न कार्या तथाविधामाह-<u>श्रृङ्गाररसेन</u>-मन्मथदीपकेन <u>उत्तेजिता</u>-अधिकं दीपिता, केत्याह-<u>मोह एव</u>-चारित्रमोहनीयकर्मोदयसमुत्थात्म-**

परिणामरूपः कुपितफफुका-घटितकुकुला 'हसहसिंति'ति जाज्वल्यमाना जायत इति वाक्यशेषः, यां श्रृण्वतः कथां मोहोदयो जायत इत्यर्थः श्रमणेन-साधुना न सा कथयितव्या, अकुशलभावनिबन्धनत्वादिति गाथार्थः ।

---

શ્રમણે જેવા પ્રકારની કથા ન કરવી જોઈએ, તેવા પ્રકારની કથા હવે દર્શાવે છે.

જે કથાને સાંભળતા શ્રોતાને શ્રુંગારરસથી અત્યંત દીપીઉઠેલ એવી ચારિત્રમોહનીયકર્મોદયથી ઉત્પન્ન થયેલ આત્મપરિણામરૂપ મોહ સ્વરૂપ તણખાવાળી અગ્નિ પ્રગટે... અર્થાત્ જે કથાને સાંભળનારાને મોહનો ઉદય થાય... સાધુએ તે કથા ન કરવી. કેમકે એ ખરાબભાવોનું કારણ બને છે.

जायते શબ્દ વાક્યશેષ લેવો.

---

यत्प्रकारा कथनीया तत्प्रकारामाह-श्रमणेन कथयितव्या, किंविशिष्टेत्याह-'तपोनियमकथा' अनशनादिपञ्चाश्रवविरमणादिरूपा, साऽपि विरागसंयुक्ता न निदानादिना रागादिसंगता, अत एवाह-यां कथां श्रुत्वा मनुष्यः-श्रोता व्रजति-गच्छति 'संवेयणिव्वेदं'ति संवेगं निर्वेदं चेति गाथार्थः ।

---

જેવાપ્રકારની કથા સાધુએ કરવી જોઈએ, તેવાપ્રકારની કથા હવે દર્શાવે છે.

સાધુએ તપનિયમવાળી કથા કહેવી. અર્થાત્ અનશનાદિ ૧૨ પ્રકારનો તપ તથા પંચાશ્રવવિરમણાદિ રૂપ નિયમની કથા કરવી. તે પણ અંદરનાં વૈરાગ્યભાવ સાથે કહેવી. પરંતુ યશકીર્તિની લાલસા, નિયાણાદિ દ્વારા રાગાદિવાળી બનેલી કથા ન કહેવી.

આથી જ કહે છે કે જે કથાને સાંભળીને શ્રોતા સંવેગ અને નિર્વેદને પામે એવી કથા કહેવી.

---

कथाकथनविधिमाह-महार्थापि कथा अपरिक्लेशबहुला कथयितव्या, नातिविस्तरकथनेन परिक्लेशः कार्य इत्यर्थः, किमित्येवमित्यत आह-'हंदी'त्युपदर्शने महता चडकरत्वेन-अतिप्रपञ्चकथनेनेत्यर्थः किमित्याह-अर्थं कथा हन्ति-भावार्थं नाशयतीति गाथार्थः । विधिशेषमाह-क्षेत्रं-भौतादिभावितं कालं-क्षीयमाणादिलक्षणं पुरुषं-पारिणामिकादिरूपं सामर्थ्यं चात्मनो ज्ञात्वा प्रकृते वस्तुनीति योगः श्रमणेन त्वनवद्या-पापानुबन्धरहिता कथा कथयितव्या, नान्येति गाथार्थः । उक्ता कथा, तदभिधानाद्गतो नामनिष्पन्नो निक्षेपः,

કથા કહેવાની વિધિ બતાવે છે કે

મોટા અર્થવાળી એવી પણ કથા શ્રોતાઓને ઘણો ક્લેશ થાય એ રીતે ન કહેવી. આશય એ છે કે બહુ લંબાણથી કહેવા દ્વારા શ્રોતાઓને કંટાળો થાય એવું ન કરવું.

પ્રશ્ન : કેમ ? વધુ લંબાણથી કહેવામાં વાંધો શું ?

ઉત્તર : વધુ લંબાણથી કથન કરીએ તો એ કથા ભાવાર્થને હણી નાંખે.

કથા કરવાની જ જે થોડી ઘણી વિધિ બાકી છે, તે દર્શાવે છે.

ક્ષેત્ર ભૌતાદિથી ભાવિત છે કે નહિ ?

કાળ ક્ષીયમાણકાળ છે કે નહિ ?

પુરુષ પારિણામિક છે કે અપારિણામિક ?

પ્રસ્તુતવસ્તુમાં પોતાનું સામર્થ્ય છે કે નહિ ? (આ પદાર્થ પ્રરૂપવાની મારી શક્તિ છે કે નહિ ?... વગેરે.)

આ બધું જ જાણીને શ્રમણે પાપાનુબંધરહિત કથા કહેવી પણ બીજીકથા ન કહેવી.

કથા કહેવાઈ ગઈ.

તેના કથનથી નામિષ્પન્નનિક્ષેપ પૂર્ણ થયો.

---

साम्प्रतं सूत्रालापकनिष्पन्नस्यावसर इत्यादिचर्चः पूर्ववत्तावद्यावत्सूत्रानुगमेऽस्खलितादिगुणोपेतं सूत्रमुच्चारणीयम्, तच्चेदम्-

**संजमे सुट्ठिअप्पाणं, विप्पमुक्काण ताइणं । तेसिमेयमणाइण्णं, निग्गंथाण महेसिणं ॥१॥ उद्देसियं कीयगडं, नियागमभिहडाणि य । राइभत्ते सिणाणे य, गंधमल्ले य वीयणे ॥२॥ संनिही गिहिमत्ते य, रायपिंडे किमिच्छए । संवाहणा दंतपहोयणा य संपुच्छणा देहपलोयणा य ॥३॥ अट्ठावए य नालीए, छत्तस्स य धारणट्ठाए । तेगिच्छं पाहणा पाए, समारंभं च जोइणो ॥४॥ सिज्जायरपिंडं च, आसंदीपलियंकए । गिहंतरनिसिज्जा य, गायस्सुव्वट्टणाणि य ॥५॥ गिहिणो वेआवडियं, जा य आजीववत्तिया । तत्तानिव्वुडभोइत्तं, आउरस्सरणाणि य ॥६॥ मूलए सिंगबेरे य, उच्छुखंडे अनिव्वुडे । कंदे मूले य सच्चित्ते, फले बीए य आमए ॥७॥ सोवच्चले सिंधवे लोणे, रोमालोणे य आमए। सामुद्दे**

**पंसुखारे य, कालालोणे य आमए ॥८॥ धुवणे त्ति वमणे य, वत्थीकम्म विरेयणे । अंजणे दंतवणे य, गायाब्भंगविभूसणे ॥९॥ सव्वमेयमणाइन्नं, निग्गंथाण महेसिणं । संजमंमि अ जुत्ताणं, लहुभूय-विहारिणं ॥१०॥**

---

હવે સૂત્રાલાપકનિષ્પન્નનો અવસર છે... ઈત્યાદિ બધી ચર્ચા ત્યાંસુધી સમજવી કે છેલ્લે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિગુણોવાળું સૂત્ર ઉચ્ચારવાનું.

તે સૂત્ર આ છે.

દશ. ૧-૧૦ : ગાથાર્થ ટીકાર્થથી સમજવો.

---

**अस्य व्याख्या-इह संहितादिक्रमः क्षुण्णः, भावार्थस्त्वयम्-'संयमे' द्रुमपुष्पिकाव्यावर्णितस्वरूपे शोभनेन प्रकारेण आगमनीत्या स्थित आत्मा येषां ते सुस्थितात्मानस्तेषां, त एव विशेष्यन्ते-विविधम्-अनेकैः प्रकारैः प्रकर्षेण-भावसारं मुक्ताः-परित्यक्ताः बाह्याभ्यन्तरेण ग्रन्थेनेति विप्रमुक्तास्तेषां, त एव विशेष्यन्ते-त्रायन्ते आत्मानं परमुभयं चेति त्रातारः, आत्मानं प्रत्येकबुद्धाः परं तीर्थकराः, स्वतस्तीर्णत्वाद्, उभयं स्थविरा इति, तेषामिदं-वक्ष्यमाणलक्षणं अनाचरितम्-अकल्प्यं, केषामित्याह 'निर्ग्रन्थानां' साधूनामित्यभिधानमेतत्, महान्तश्च ते ऋषयश्च महर्षयो यतय इत्यर्थः, अथवा महान्तं एषितुं शीलं येषां ते महैषिणस्तेषां, इह च पूर्वपूर्वभाव एव उत्तरोत्तरभावो नियमितो हेतुहेतुमद्भावेन वेदितव्यः, यत एव संयमे सुस्थितात्मानोऽत एव विप्रमुक्ताः, संयमसुस्थितात्मनिबन्धनत्वाद्विप्रमुक्तेः, एवं शेषेष्वपि भावनीयं, अन्ये तु पश्चानुपूर्व्या हेतुहेतुमद्भावमित्थं वर्णयन्ति-यत एव महर्षयोऽत एव निर्ग्रन्थाः, एवं शेषेष्वपि द्रष्टव्यमिति सूत्रार्थः ॥१॥**

---

**ટીકાર્થ** : અહીં સંહિતાદિ ક્રમ તો પ્રસિદ્ધ જ છે. એટલે એ નથી કહેતાં, પરંતુ ભાવાર્થ કહીએ છીએ.

ગાથા-૧ : દ્રુમપુષ્પિકામાં વર્ણવેલા સ્વરૂપવાળા સંયમમાં સારીરીતે આગમનીતિથી જેનો આત્મા સ્થિર છે, તથા જેઓ અનેકપ્રકારે ભાવપ્રધાનપણે બાહ્ય અને અભ્યન્તર ગ્રન્થથી મુક્ત છે. તથા જે પોતાના, પરનાં અને ઉભયનાં રક્ષક છે. તેમાં પ્રત્યેકબુદ્ધો આત્માની જ રક્ષા કરનારા છે, (પરની રક્ષા કરનારા નહિ.) તીર્થંકરો પરની રક્ષા

કરનારા છે. સ્વયં તો તરી જ ચૂકેલા હોવાથી સ્વરક્ષાની એમને જરૂર નથી. જ્યારે સ્થવિરો સ્વ અને પર... બંનેની રક્ષા કરનારા છે.

આવાપ્રકારનાં મહાત્માઓને વક્ષ્યમાણલક્ષણવાળા પદાર્થ અકલ્પ્ય છે.

આ મહાત્માઓના જ બે વિશેષણો બતાવે છે કે **निर्ग्रन्थानां महर्षीणां** આમાં નિર્ગ્રન્થ એ સાધુઓનું નામ છે. (આગળ **विप्रमुक्त** શબ્દનો અર્થ કરી ગયા છે કે બંને ગ્રંથથી જે રહિત છે. એટલે હવે જો **निर्ग्रन्थ** શબ્દનો પણ વ્યુત્પત્તિ અર્થ લઈએ, તો એનો અર્થ પણ એ મુજબ જ થતો હોવાથી દ્વિરુક્તિદોષ લાગે. એટલે **निर्ग्रन्थ** શબ્દનો કોઈ અર્થ ન લેવો. એ માત્ર સાધુઓ માટે વપરાતું નામ જ સમજવું.)

મોટા એવા ઋષિઓ તે **महर्षि** કહેવાય.

અથવા તો **महान्तं** - મોક્ષને **एषितुं** ઈચ્છવાનો-શોધવાનો **शीलं** - સ્વભાવ જેઓનો છે, તે **महैषिणः** આ પ્રમાણે પણ એ શબ્દ ખુલી શકે.

અહીં પૂર્વપૂર્વવિશેષણની હાજરીમાં જ ઉત્તરોત્તરની હાજરી નિયમિત કરાયેલી છે = નક્કી કરાયેલી છે, એ કારણ-કાર્યભાવરૂપે જાણવી.

તે આ પ્રમાણે - સાધુઓ સંયમમાં સુસ્થિત આત્માવાળા છે, માટે જ વિપ્રમુક્ત છે. કેમકે વિપ્રમુક્તિ - બાહ્યઅભ્યન્તરગ્રન્થિથી છુટકારો સંયમમાં સુસ્થિત આત્મારૂપ કારણથી જ થાય છે. આ રીતે બાકીમાં પણ વિચારી લેવું. (સાધુઓ વિપ્રમુક્ત છે, માટે રક્ષક છે.)

કેટલાંકો અહીં પશ્ચાનુપૂર્વીથી કાર્યકારણભાવને આ પ્રમાણે વર્ણવે છે કે સાધુઓ મહર્ષિ છે, માટે જ નિર્ગ્રન્થ છે, નિર્ગ્રન્થ છે માટે જ રક્ષક = ત્રાતા એમ બાકીમાં પણ સમજી લેવું.

---

**साम्प्रतं यदनाचरितं तदाह-'उद्देसियं'ति उद्देशनं साध्वाद्याश्रित्य दानारम्भस्येत्युद्देशः तत्र भवमौद्देशिकं १, क्रयणं-क्रीतं, भावे निष्ठाप्रत्ययः, साध्वादिनिमित्तमिति गम्यते, तेन कृतं-निर्वर्तितं क्रीतकृतं २, 'नियाग'मित्यामन्त्रितस्य पिण्डस्य ग्रहणं नित्यं न त्वनामन्त्रितस्य ३, 'अभिहडाणि य'त्ति स्वग्रामादेः साधुनिमित्तमभिमुखमानीतमभ्याहृतं, बहुवचनं स्वग्रामपरग्रामनिशीथादि-भेदख्यापनार्थं ४, तथा 'रात्रिभक्तं' रात्रिभोजनं दिवसगृहीतदिवसभुक्तादि-चतुर्भङ्गलक्षणं ५, 'स्नानं च' देशसर्वभेदभिन्नं, देशस्नानमधिष्ठानशौचातिरेकेणा-**

क्षिपक्ष्मप्रक्षालनमपि, सर्वस्नानं तु प्रतीतं ६, तथा 'गन्धमाल्यव्यजनं च' गन्धग्रहणात्कोष्ठपुटादिपरिग्रहः माल्यग्रहणाच्च ग्रथितवेष्टितादेर्माल्यस्य वीजनं तालवृन्तादिना घर्म एव, ७-८-९ इदमनाचरितं, दोषाश्चौद्देशिकादिष्वारम्भप्रवर्तनादयः स्वधियाऽवगन्तव्या इति सूत्रार्थः ॥२॥

---

ગાથા-૨ : હવે એ સાધુઓને જે જે અનાચરિત છે, તે વસ્તુ દેખાડતાં કહે છે.

**(૧) ઔદ્દેશિક :** સાધુ વગેરેને આશ્રયીને દાનારંભનો ઉદ્દેશ = વિચાર કરવો એ ઉદ્દેશ. અર્થાત્ "સાધુને વહોરાવવા માટે રસોઈ બનાવું, જુદી કાઢું વિ. આ રીતે સાધુને દાન આપવા માટે રસોઈરૂપ આરંભનો વિચાર કરવો એ ઉદ્દેશ. એમાં જે થયું, એટલે કે આ વિચાર દ્વારા જે બનેલું હોય તે ઔદ્દેશિક. (આ આધાકર્માદિદોષવાળી ગોચરી બને... તે અનાચરિત છે. સાધુ એ વાપરી ન શકે.)

**(૨) ક્રીતકૃત :** **क्रीत** શબ્દમાં ભાવપણું અર્થમાં **त** પ્રત્યય લાગેલો છે. **साध्वादिनिमित्तं** શબ્દ સમજી લેવાનો છે. સાધુ વગેરે માટે ખરીદવું તે ક્રીત. આ ખરીદવા દ્વારા જે વસ્તુ તૈયાર થયેલી હોય તે ક્રીતકૃત કહેવાય.

**(૩) નિયાગ :** કાયમ માટે આમંત્રિતપિંડનું ગ્રહણ કરવું. પણ અનામંત્રિતનું ગ્રહણ ન કરવું. ("સાધુઓ ! તમારે રોજ મારે ત્યાં ગોચરી આવવું." આ આમંત્રણ મળ્યું, અને સાધુ એ આમંત્રણ સ્વીકારીને એને અનુસારે જ ગોચરી લાવે તો એ આમંત્રિતપિંડ બને. એ દોષ છે. સાધુએ અનામંત્રિતપિંડ લેવાનો છે.)

**(૪) અભ્યાહૃત :** સ્વગામમાંથી, પરગામમાંથી સાધુને માટે સાધુ સામે લવાયેલી ગોચરી અભ્યાહૃત કહેવાય. ગાથામાં **अभिहडाणि** એમ બહુવચન કરેલ છે, એ તો "અભ્યાહૃતનાં સ્વગ્રામ અભ્યાહૃત, પરગ્રામ અભ્યાહૃત, નિશીથ અભ્યાહૃત, નોનિશીથ અભ્યાહૃત વગેરે અનેકભેદો છે" એવું જણાવવા માટે બહુવચન છે.

**(૫) રાત્રિભોજન :** દિવસે વહોરેલું અને દિવસે વાપરેલું... વગેરે ચારભેદે રાત્રિભોજન છે. (આગલા દિવસે વહોરી, રાત્રે પાસે રાખી બીજા દિવસે વાપરે... તો રાત્રે પોતાની પાસે એ વસ્તુ રાખી મૂકી હોવાથી આ રીતે દિવસે વાપરવામાં પણ રાત્રિભોજનનો દોષ લાગે. આ જ પ્રમાણે દિવસે વહોરેલું- રાત્રે વાપરેલું, રાત્રે વહોરેલું - દિવસે વાપરેલું, રાત્રે વહોરેલું, રાત્રે વાપરેલું... એમ ચારભેદ સમજી લેવા.)

**(૬) સ્નાન :** દેશસ્નાન અને સર્વસ્નાન એમ બે ભેદે સ્નાન છે. એમાં અધિષ્ઠાન = મલનિર્ગમનસ્થાનની શુદ્ધિ સિવાય જો આંખની પાંપણનું પણ પ્રક્ષાલન કરવામાં આવે તો

એ દેશસ્નાન છે. સર્વસ્નાન તો પ્રસિદ્ધ જ છે.

(૭) **ગન્ધ :** ગન્ધ શબ્દથી કોષ્ઠપુટ વગેરે સુગંધીવસ્તુઓ સમજવી.

(૮) **માલ્ય :** માલ્ય શબ્દથી ગુંથાયેલ, વીંટળાયેલ વગેરે માલ્ય = માળા સમજવા. (સોંય વગેરેથી વીંધીને જે માળા તૈયાર કરાય તે ગુંથાયેલ અને વીંધ્યા વિના જે દોરીથી બાંધવા દ્વારા માળા તૈયાર કરાય એ વીંટળાયેલ ગણાય.)

(૯) **વ્યજન :** બફારો થાય ત્યારે પંખાદિથી વીંઝવું એ વ્યજન.

આ બધું જ અનાચરિત છે.

આ ઔદ્દેશિકથી માંડીને વ્યજન સુધીમાં આરંભનું પ્રવર્તન વગેરે જે જે દોષો છે, એ સ્વબુદ્ધિથી જાણી લેવા.

---

**इदं चानाचरितमित्याह-'संनिहि'ति सूत्रम्, अस्य व्याख्या-संनिधीयतेऽनयाऽऽत्मा दुर्गताविति संनिधिः- घृतगुडादीनां संचयक्रिया १०, 'गृहिमात्रं' गृहस्थभाजनं च ११, तथा 'राजपिण्डो' नृपाहारः १२, कः किमिच्छतीत्येवं यो दीयते स किमिच्छकः, राजपिण्डोऽन्यो वा सामान्येन १३, तथा 'संबाधनम्' अस्थिमांसत्वग्रोमसुखतया चतुर्विधं मर्दनं १४, 'दन्तप्रधावनं' चाङ्गुल्यादिना क्षालनं १५, तथा 'संप्रश्नः' सावद्यो गृहस्थविषयः, राढार्थं कीदृशो वाऽहमित्यादिरूपः १६, 'देहप्रलोकनं च' आदर्शादावनाचरितम् १७, दोषाश्च संनिधिप्रभृतिषु परिग्रहप्राणातिपातादयः स्वधियैव वाच्या इति सूत्रार्थः ॥३॥**

---

આ પણ અનાચરિત છે.

ગાથા-૩ : (૧૦) **સંનિધિ :** જે દોષથી જીવ દુર્ગતિમાં સ્થાપિત કરાય એ સંનિધિદોષ છે. ઘી-ગોળ વગેરેને એકઠું કરવાની ક્રિયા એ સંનિધિ છે.

(૧૧) **ગૃહિભાજન :** ગૃહસ્થોનાં વાસણાદિ વાપરવા.

(૧૨) **રાજપિંડ :** રાજાનો આહાર.

(૧૩) **કિમિચ્છક :** "કોણ શું ઈચ્છે છે ?" એ પ્રમાણે જે આહાર અપાય તે કિમિચ્છક આહાર કહેવાય. એ રાજપિંડ હોય કે સામાન્યથી બીજો કોઈ પિંડ પણ હોય. (જે કોઈપણ સાધુ જે કંઈપણ માંગે તે એને આપવું..આવી રીતે જે પિંડ અપાય, એ માટે આધાકર્માદિ પણ કરાય... એ બધું કિમિચ્છકપિંડ ગણાય)

(૧૪) **સંબાધન :** હાડકાને સુખકારી, માંસને સુખકારી, ચામડીને સુખકારી,

રૂંવાટીને સુખકારી એમ ચારપ્રકારનું મર્દન.

(૧૫) **દન્તપ્રધાવન :** અંગુલિ વગેરેથી દાંત ધોવા તે.

(૧૬) **સંપ્રશ્ન :** ગૃહસ્થ સંબંધી સાવદ્ય પ્રશ્ન પૂછવો તે. (કેમ ? કેટલા રૂપિયા કમાયો ? તારો છોકરો પરણી ગયો ? એને બચ્ચા થયા કે નહિ ? વગેરે) અથવા વિભૂષાને માટે આ પ્રમાણે પૂછવું કે હું કેવો છું ?

(૧૭) **દેહપ્રલોકન :** દર્પણ વગેરેમાં મોઢું વગેરે જોવું.

સંનિધિથી માંડીને દેહપ્રલોકન સુધીમાં પરિગ્રહ, હિંસા વગેરે જે જે દોષો છે, તે સ્વબુદ્ધિથી જ કહેવા = સમજવા.

---

**किंच-'अट्ठावए य' सूत्रम्, अस्य व्याख्या-अष्टापदं चेति, 'अष्टापदं' द्यूतम्, अर्थपदं वा-गृहस्थमधिकृत्य नीत्यादिविषयमनाचरितं १८, तथा 'नालिका चे'ति द्यूतविशेषलक्षणा, यत्र मा भूत्कलयाऽन्यथा पाशकपातनमिति नलिकया पात्यन्त इति, इयं चानाचरिता १९, अष्टापदेन सामान्यतो द्यूतग्रहणे सत्यप्यभिनिवेशनिबन्धनत्वेन नालिकायाः प्राधान्यख्यापनार्थः भेदेन उपादानम्, अर्थपदमेवोक्तार्थं तदित्यन्ये अभिदधति, अस्मिन् पक्षे सकलद्यूतोपलक्षणार्थं नालिकाग्रहणम्, अष्टापदद्यूतविशेषपक्षे चोभयोरिति । तथा 'छत्रस्य च' लोकप्रसिद्धस्य धारणमात्मानं परं वा प्रत्यनर्थायेति, आगाढग्लानाद्यालम्बनं मुक्त्वाऽनाचरितं, प्राकृतशैल्या चात्रानुस्वारलोपोऽकार-नकारलोपौ च द्रष्टव्यौ, तथाश्रुतिप्रामाण्यादिति २०, तथा 'तेगिच्छं'ति, चिकित्साया भावश्चैकित्स्यं-व्याधिप्रतिक्रियारूपमनाचरितं २१, तथोपानहौ पादयोरनाचरिते, पादयोरिति साभिप्रायकं, न त्वापत्कल्पपरिहारार्थमुपग्रहधारणेन २२, तथा 'समारम्भश्च' समारम्भणं च 'ज्योतिषः' अग्नेस्तदनाचरितमिति २३, दोषा अष्टापदादीनां क्षुण्णा एवेति सूत्रार्थः ॥४॥**

---

ગાથા-૪ : (૧૮) **અષ્ટાપદ :** જુગાર અથવા તો **अर्थपदं** એમ લઈએ તો ગૃહસ્થને આશ્રયીને નીતિ વગેરે સંબંધી જે અર્થપદ તે અનાચરિત છે. (ધંધામાં કેવી કેવી નીતિ રાખવાથી પૈસો કમાઈ શકીએ... એ પ્રમાણે અર્થસંબંધી નીતિઓ જણાવનારા વાક્યો તે અર્થપદ છે. એનું કથન અનાચરિત છે.)

(૧૯) **નાલિકા :** એક વિશેષપ્રકારનો જુગાર નાલિકાશબ્દથી ઓળખાય છે. જુગારમાં જુગારી કળા દ્વારા = પાશા પાડવાની હોંશિયારી દ્વારા અન્યથા = ઉંધા-ચત્તા

પાશા ન પાડી દે એ માટે નલિકાથી પાશા પાડવાના જે જુગારમાં હો તે નાલિકા કહેવાય છે. મોટી ભુંગળી જેવી નલિકામાં પાશા નાંખવાના, એ ગબડતા ગબડતા નીચે પડે, આમાં કોઈની હાથ-ચાલાકી વગેરે ન ચાલે.

**પ્રશ્ન :** અષ્ટાપદ શબ્દથી બધા જુગાર આવી જ જાય છે, તો નાલિકા નામનો જુગાર જુદો બતાવવાની શી જરૂર ?

**ઉત્તર :** અષ્ટાપદ શબ્દથી જોકે સામાન્યથી બધા દ્યુત આવી જ જાય છે, તો પણ "નાલિકારૂપી જુગાર અભિનિવેશનું કારણ હોવાથી એની પ્રધાનતા છે." એ દર્શાવવા માટે નાલિકાનું જુદું ગ્રહણ કરેલું છે. (સામાન્યજુગારમાં તો માણસ કપટપૂર્વક જીત મેળવી શકે અને સ્વાભાવિક છે કે જે કપટપૂર્વક જીત્યો હોય એને મનમાં સંકોચ રહે, જ્યારે નાલિકામાં તો જે જીત્યો, એ સચ્ચાઈથી જ જીતેલો હોય એટલે એ "હું જીત્યો." એ ભાવને વધુ ને વધુ દૃઢ બનાવી દે. આમ નાલિકા એ અભિનિવેશનું કારણ બને અથવા તો એમ પણ સમજવું કે સામાન્ય જુગારાદિમાં તો કપટ વગેરેનો સંભવ હોવાથી. "આ જુગાર ન રમાય... એમાં પાપ છે..." વગેરે વિચારો આવે. પરંતુ જે નાલિકામાં કપટાદિ શક્ય જ નથી, એમાં તો એવો વિચાર આવે કે "આમાં શું પાપ છે ? બધા પોતપોતાની ઈચ્છાથી રમે છે. આપણે કોઈને ઠગતા નથી... પછી આ રમત રમવામાં શું વાંધો ?" આમ આ રીતે પણ નાલિકાજુગાર અભિનિવેશ = આગ્રહનું કારણ બની રહે છે એમ લાગે છે.)

અન્યલોકો એમ કહે છે કે **अट्ठावए** નો અર્થ જુગાર નથી કરવાનો, પણ અમે પૂર્વે કહી ગયા એ પ્રમાણે અર્થપદ એ જ અર્થ કરવાનો છે. એટલે બે વાર જુગારનું વર્ણન આવવા રૂપ દોષ લાગતો નથી.

હવે આ માન્યતા પ્રમાણે જોકે એવો વાંધો આવે કે નાલિકારૂપ જુગારનો જ નિષેધ થયો. પણ બીજા બધા જુગાર તો અનાચરિત ન દેખાડ્યા. એટલે બીજા બધા જુગારો રમવામાં કોઈ પાપ ન લાગે..." પરંતુ આ પક્ષમાં એમ સમજવું કે નાલિકાજુગારનું ગ્રહણ તમામ જુગારનાં ઉપલક્ષણ માટે છે. અર્થાત્ નાલિકા જુગારની જેમ તમામ જુગારો અનાચરિત જ છે એવું આ નાલિકાશબ્દથી સમજી લેવું.

હા ! અમે જે મત માન્યો છે, એમાં તો **अष्टापद**- જુગાર અને **नालिका** એટલે નાલિકાવાળો જુગાર એમ બંને લીધા જ છે. તો એ મતમાં તો નાલિકાશબ્દથી બધા જુગાર લેવાની જરૂર નથી. કેમકે આ મતમાં તો બંનેયનું ગ્રહણ કરેલું જ છે.

(૨૦) છત્રધારણ : લોકપ્રસિદ્ધ છત્રનું ધારણ એ પોતાના પ્રત્યે કે પરપ્રત્યે અનર્થને માટે થાય છે. (અથવા તો પોતાના પ્રત્યે છત્રધારણ કે બીજાનાં પ્રત્યે છત્રધારણ એ અનર્થને માટે થાય છે. આગાઢ ગ્લાન વગેરે પુષ્ટાલંબન સિવાય છત્રધારણ અનાચરિત છે.

**પ્રશ્ન :** ગાથામાં લખેલું છે કે **छत्तस्य धारणट्ठाए** એનું સંસ્કૃત આ પ્રમાણે થાય કે **छत्रस्य धारणार्थाय** જ્યારે તમે અર્થ આ પ્રમાણે ખોલેલો છે કે **छत्रस्य धारणमनर्थाय.** તો આ બે વસ્તુ વિરોધી છે.

**ઉત્તર** ખરેખર તો ગાથામાં **छत्तस्य धारणमणट्ठाए** એમજ પાઠ છે. પરંતુ પ્રાકૃતશૈલીને કારણે આમાં અનુસ્વારનો = **म्** નો લોપ થયો છે. તથા **अ**કાર અને **न**કારનો લોપ થયેલો છે. એટલે **म्+अ+ण** = **मण** નીકળી જતાં **छत्तस्य धारणट्ठाए** લખેલું છે. એટલે અમે કરેલો અર્થ યોગ્ય જ છે.

**પ્રશ્ન :** આ રીતે આખાને આખા બે અક્ષરો લોપાઈ જાય, એ શી રીતે માની લેવાય ?

**ઉત્તર :** તેવા પ્રકારનાં આગમવચનની પ્રામાણિકતા હોવાથી આ બધું જ શક્ય છે.

(૨૧) **ચૈકિત્સ્ય :** ચિકિત્સાનો ભાવ (પણું) તે ચૈકિત્સ્ય. રોગનો પ્રતિકાર કરવારૂપ આ ચૈકિત્સ્ય અનાચરિત છે.

(૨૨) ઉપાનહ : તથા પગનાં ઉપાનહ = જોડા અનાચરિત છે. પગમાં જોડા પહેરવા અનાચરિત છે.

**પ્રશ્ન :** જોડા તો પગમાં જ પહેરાયને ? એમાં વળી **पादयोः** શબ્દ લખવાની શી જરૂર ?

**ઉત્તર : पादयोः** શબ્દ લખ્યો છે, એ અભિપ્રાયવાળો છે. આશય એ છે કે કોઈ આપત્તિ આવી પડી હોય તો એ આપત્કલ્પ કહેવાય, તેને દૂર કરવા માટે ઔપગ્રહિકઉપધિ તરીકે આ બે જોડા રાખવામાં આવે, તો એ અનાચરિત નથી. (ભાવ એ છે કે સાધુ ગૃહસ્થની માફક પગમાં જોડા પહેરી જ રાખે તો એ અનાચરિત છે. પણ "લાંબા વિહારાદિમાં કાંટાદિવાળા રસ્તે જોડાની જરૂર પડશે." એમ વિચારી જો સાધુ જોડા સાથે રાખે, પહેરે નહિ, અને જ્યારે ખરેખર આપત્તિ આવે, ત્યારે જ પગમાં પહેરે એ સિવાય પગમાં ન પહેરે તો એ રીતે જોડા રાખવા એ અનાચરિત નથી. અગ્નિવાળા રસ્તે, કે રાતનાં અંધારામાં વિહાર કરવાનો હોય ત્યાં જોડા પહેરવાનું વિધાન ઓ.નિ.માં છે તેથી

આપત્કલ્પ તરીકે અનાચરિત નથી.)

**(૨૩) અગ્નિનો સમારંભ કરવો અનાચરિત છે.**

અષ્ટાપદથી માંડીને અગ્નિસમારંભ સુધીનાં અનાચરિતોનાં દોષો સ્પષ્ટ જ છે.

---

**किंच-'सज्जायर'सूत्रम्, अस्य व्याख्या-शय्यातरपिण्डश्चानाचरितः, शय्या-वसतिस्तया तरति संसारमिति शय्यातरः-साधुवसतिदाता, तत्पिण्डः २४, तथा आसन्दकपर्यङ्कौ अनाचरितौ, एतौ च लोकप्रसिद्धावेव २५-२६, तथा गृहान्तरनिषद्या अनाचरिता, गृहमेव गृहान्तरं गृहयोर्वा अपान्तरालं तत्रोपवेशनम्, चशब्दात्पाटकादिपरिग्रहः २७, तथा गात्रस्य-कायस्योद्वर्तनानि चानाचरितानि, उद्वर्तनानि-पङ्कापनयनलक्षणानि, चशब्दादन्यसंस्कारपरिग्रहः २८, इति सूत्रार्थः ॥५॥**

---

**(૨૪) શય્યાતરપિંડ** અનાચરિત છે. શય્યા એટલે વસતિ, ઉપાશ્રય, તેના દ્વારા જે સંસારને તરે તે શય્યાતર અર્થાત્ સાધુને વસતિ આપનાર ગૃહસ્થ. તેનો પિંડ શય્યાતરપિંડ કહેવાય.

**(૨૫) આસન્દક (૨૬) પર્યંક** અનાચરિત છે. આ બે વસ્તુ લોકમાં પ્રસિદ્ધ જ છે. (આસન્દક એટલે ખુરશી જેવી વસ્તુ અને પર્યંક એટલે પલંગ...)

(૨૭) ગૃહાન્તરનિષદ્યા અનાચરિત છે. ઘર એ જ ગૃહાન્તર કહેવાય. અથવા તો બે ઘરની વચ્ચેનો ભાગ ગૃહાન્તર છે. તેમાં બેસવું એ અનાચરિત છે. **च** શબ્દથી પાટકાદિનો પરિગ્રહ કરવો. (ઘરમાં જ કે બે ઘરની વચ્ચે કે બે શેરીની વચ્ચે બેસવું એ...)

**(૨૮) શરીરનાં ઉદ્વર્તનો** અનાચરિત છે. ઉદ્વર્તન એટલે શરીર પર લાગેલા મેલને ઘસી ઘસીને દૂર કરવો તે. **च** શબ્દથી શરીરસંબંધી બીજા પણ સંસ્કારો લેવા. અર્થાત્ એ બધું જ અનાચરિત છે.

---

**तथा-'गिहिणो'त्ति सूत्रम्, अस्य व्याख्या-'गृहिणो' गृहस्थस्य 'वैयावृत्त्यं' व्यावृत्तभावो-वैयावृत्यं, गृहस्थं प्रत्यन्नादिसंपादनमित्यर्थः, एतदनाचरितमिति २९, तथा च 'आजीववृत्तिता' जातिकुलगणकर्मशिल्पानामाजीवनम् आजीवस्तेन वृत्तिस्तद्भाव आजीववृत्तिता-जात्याद्याजीवनेनात्मपालनेत्यर्थः, इयं चानाचरिता ३०, तथा 'तप्तानिर्वृतभोजित्वम्' तप्तं च तदनिर्वृतं च-अत्रिदण्डोद्वृत्तं चेति विग्रहः, उदकमिति विशेषणान्यथानुपपत्त्या गम्यते, तद्भोजित्वं-मिश्रसचित्तोदकभोजित्वम् इत्यर्थः, इदं**

चानाचरितम् ३१, तथा 'आतुरस्मरणानि च' क्षुधाद्यातुराणां पूर्वोपभुक्तस्मरणानि च अनाचरितानि, आतुरशरणानि वा-दोषातुराश्रयदानानि ३२, इति सूत्रार्थः ॥६॥

---

(૨૯) ગૃહસ્થનું વૈયાવચ્ચ એટલે કે ગૃહસ્થ પ્રત્યે અન્ન વગેરેનું સંપાદન કરવું તે. અનાચરિત છે.

(૩૦) જાતિ, કુલ, ગણ, કર્મ, શિલ્પનું જે આજીવન, તેના દ્વારા જે વૃત્તિ = નિર્વાહ, તે આજીવવૃત્તિતા કહેવાય. ટુંકમાં જાતિ વગેરેનાં આજીવન દ્વારા જાતને પાળવી = સાચવવી એ આજીવવૃત્તિતા. આ અનાચરિત છે.

(હું હરિવંશકુળનો છું, હું હીરાનો જાણકાર છું...વગેરે કહી બીજાને આવર્જિત કરે અને એ રીતે ગોચરી મેળવી વાપરે...)

(૩૧) ગરમ કરેલું પણ **ત્રણ ઉકાળા વિનાનું પાણી** વાપરવું એ અનાચરિત છે.

**પ્રશ્ન :** પાણી શબ્દ તો લખેલો નથી, તો પછી ગરમ કરેલું ત્રણ ઉકાળા વિનાનું બીજું કંઈ ન હોઈ શકે ?

**ઉત્તર :** આ "ત્રણ ઉકાળા વિનાનું" એ વિશેષણ પાણી સિવાય ન ઘટે ને ? આ વિશેષણ પાણીમાં જ વપરાય છે. એટલે પાણી વિના આ વિશેષણ ન ઘટતું હોવાથી **उदकम्** શબ્દ સમજી લેવાનો છે.

(૩૨) ભુખ વગેરેથી પરેશાન થયેલા સાધુઓ સંસારીપણામાં જે ખાધુ-પીધું હોય, તેનું સ્મરણ કરે એ **આતુરસ્મરણ** કહેવાય. એ અનાચરિત છે.

અથવા તો આતુર = ચોરી, પરસ્ત્રીગમન, રાષ્ટ્રદ્રોહાદિ દોષથી વ્યાપ્ત પુરુષને આશરો આપવો એ અનાચરિત છે. (જો રાજાને ખબર પડે તો રાજા સાધુ ઉપર ગુસ્સે ભરાઈ શિક્ષાદિ કરે.)

---

किंच-'मूलए'त्ति सूत्रम्, अस्य व्याख्या-'मूलको' लोकप्रतीतः, 'श्रृङ्गबेरं च' आर्द्रकम् च तथा 'इक्षुखण्डं च' लोकप्रतीतम्, अनिर्वृतग्रहणं सर्वत्राभिसंबध्यते, अनिर्वृतम्-अपरिणतमनाचरितमिति, इक्षुखण्डं चापरिणतं द्विपर्वान्तं यद्वर्तते ३३-३४-३५, तथा 'कन्दो' वज्रकन्दादिः ३६, 'मूलं च' सट्टामूलादि, सचित्तमनाचरितम् ३७, तथा 'फलं' त्रपुष्यादि ३८, 'बीजं च' तिलादि ३९, 'आमकं' सचित्तमनाचरितमिति सूत्रार्थः ॥७॥ किंच-'सोवच्चले'त्ति सूत्रम्, अस्य व्याख्या-सौवर्चलं ४०, सैन्धवं ४१, 'लवणं च' सांभरिलवणं ४२, रुमालवणं च ४३, आमकमिति सचित्तमनाचरितम्,

**सामुद्रं-समुद्रलवणमेव ४४, 'पांशुक्षारश्च' ऊषरलवणं ४५, 'कृष्णलवणं च' सैन्धवलवणपर्वतैकदेशजम् ४६, आमकमनाचरितमिति सूत्रार्थः ॥८॥**

---

(૩૩) મૂલક લોકપ્રતીત છે. (૩૪) શ્રૃઙ્ગબેર એટલે કે આદુ (૩૫) શેરડી લોકપ્રતીત છે. આ ત્રણેયમાં અનિર્વૃત શબ્દનું ગ્રહણ જોડવાનું છે. અનિર્વૃત એટલે અપરિણત = સચિત્ત અનાચરિત છે. શેરડીમાં તો જે જે શેરડીની બંને બાજુ ગાંઠ હોય તે શેરડી સચિત્ત ગણાય.

(૩૬) કન્દ એટલે વજ્રકન્દ વગેરે. (૩૭) સટ્ટામૂલાદિ મૂલ સચિત્ત હોય તે અનાચરિત છે. (૩૮) કાકડી વગેરે ફલ (૩૯) તલ વિગેરે બીજ સચિત્ત હોય તે અનાચરિત છે. (૪૦) સૌવર્ચલ (૪૧) સૈન્ધવ (૪૨) સાંભરિલવણ (૪૩) રુમાલવણ સચિત્ત હોય તે અનાચરિત છે. (૪૪) સમુદ્રલવણ (૪૫) ઉખરલવણ (૪૬) સૈન્ધવલવણનાં પર્વતનાં એક ભાગમાં થાય તે કૃષ્ણલવણ. આ બધું સચિત્ત હોય તે અનાચરિત છે. (સૌવર્ચલથી માંડીને કૃષ્ણલવણ સુધીનાં બધા પદાર્થો વિશેષપ્રકારનાં મીઠાં રૂપ જ છે. માત્ર અમુક અમુક વિશેષતાઓને લીધે તે બધા જુદા દર્શાવ્યા છે.)

---

**किंच-'धूवणे'त्ति सूत्रम्, अस्य व्याख्या-धूपनमित्यात्मवस्त्रादेरनाचरितम्, प्राकृतशैल्या अनागतव्याधिनिवृत्तये धूमपानमित्यन्ये व्याचक्षते ४७, वमनं मदनफलादिना ४८, वस्तिकर्म पुटकेनाधिष्ठाने स्नेहदानं ४९, विरेचनं दन्त्यादिना ५०, तथा अञ्जनं रसाञ्जनादिना ५१, दन्तकाष्ठं च प्रतीतं ५२, तथा गात्राभ्यङ्गस्तैलादिना ५३, विभूषणं गात्राणामेव '५४, इति सूत्रार्थः ॥९॥**

---

(૪૭) પોતાના વસ્ત્રાદિને ધૂપિત કરવા. એ અનાચરિત છે. (સુગંધી ધૂપનાં ધૂમાડા દ્વારા વસ્ત્રને વાસિત કરવું તે.) કેટલાંકો એમ કહે છે કે ભલે ગાથામાં **ધુવણ** લખેલું છે, પરંતુ પ્રાકૃતશૈલીનાં કારણે આ પ્રમાણે લખેલું છે. હકીકતમાં **ધૂવપાણ** એ પ્રમાણે સમજવું. ભવિષ્યમાં જે વ્યાધિ થવાની શક્યતા હોય, તે ન થાય એ માટે ધૂમ્રપાન કરવું (હુક્કો પીવો, બીડી પીવી...વગેરે) એ અનાચરિત છે. (ઠંડી દૂર કરવા, ઠંડી ન લાગે એ માટે ધૂમ્રપાન કરાય છે. એમ બીજા વ્યાધિઓ માટે પણ આ સંભવિત છે.)

(૪૮) મીંઢણ ખાવા વગેરે દ્વારા ઉલટી કરવી એ અનાચરિત છે.

(૪૯) બસ્તિકર્મ એટલે પુટકથી અધિષ્ઠાનમાં સ્નેહનું દાન કરવું તે. (કબજીયાતાદિનાં કારણે અંદરનો જુનો મળ ફસાયેલો હોય, નીકળતો ન હોય એ કાઢવા

માટે અધિષ્ઠાનમાંથી અંદર સ્નેહ, તેલાદિ સ્નિગ્ધ વસ્તુ નંખાય, એની ચીકાશથી મળ બહાર નીકળી જાય. પુટક એટલે એવાપ્રકારનું કોઈક વિશેષ સાધન..) અત્યારે "એનિમા" તરીકે આ પ્રક્રિયા પ્રસિદ્ધ છે.)

(૫૦) દન્ત્ય વગેરે વસ્તુથી વિરેચન = ઝાડા કરવા એ અનાચરિત છે. (હરડે, ત્રિફળા, દિવેલ, હિમજ વગેરે કોઈપણ રેચક વસ્તુ દ્વારા ઝાડા કરવા એ અનાચરિત છે. એમાં મળ ઢીલો, પાણી જેવો થાય, એમાં જીવવિરાધનાની શક્યતા રહે...)

(૫૧) રસાંજનાદિથી અંજન કરવું, (આંખમાં મેશ આંજવી તે) અનાચરિત છે.

(૫૨) દન્તકાષ્ઠ પ્રતીત છે. (બાવળીયાથી લોકો દાંત ઘસી ઘસીને સ્વચ્છ કરે છે, એમ સાધુ કરે તો એ અનાચરિત.)

(૫૩) તેલ વગેરેથી શરીરને અભ્યંગન કરવું, માલિશ કરવું અનાચરિત છે.

(૫૪) શરીરની જ વિભૂષા અનાચરિત છે.

---

**क्रियासूत्रमाह-'सव्वमेयं'ति सूत्रम्, अस्य व्याख्या-सर्वमेतद्-औद्देशिकादि यदनन्तरमुक्तमिदमनाचरितं, केषामित्याह-निर्ग्रन्थानां महर्षीणां साधूनामित्यर्थः, त एव विशेष्यन्ते-संयमे, चशब्दात्तपसि, <u>युक्तानाम्</u>-अभियुक्तानां <u>'लघुभूतविहारिणां'</u> लघुभूतो-वायुः, ततश्च वायुभूतोऽप्रतिबद्धतया विहारो येषां ते लघुभूतविहारिणस्तेषां, निगमनक्रियापदमेतदिति सूत्रार्थः ॥१०॥**

---

આ પ્રમાણે ૯ ગાથા સુધીમાં ૫૪ અનાચીર્ણો દર્શાવીને હવે ક્રિયાસૂત્ર કરે છે. (ઉપર માત્ર તે ૫૪ વસ્તુનાં નામ આપ્યા. પણ આ બધું શું કહેવાય ? એવું ગાથામાં તો ક્યાંય લખ્યું નથી. અર્થાત્ ક્રિયાપદ = ક્રિયાસૂચક પદ આપ્યું નથી. ૧૦મી ગાથામાં એ ક્રિયાસૂચક પદ છે કે "આ બધું જ અનાચીર્ણ છે" એટલે આ ૧૦મી ગાથા ક્રિયાસૂત્ર કહેવાય.)

ઔદ્દેશિકથી માંડીને વિભૂષા સુધીની હમણાં જ દર્શાવેલી બધી બાબતો અનાચરિત = અકર્તવ્ય છે.

પ્રશ્ન : કોને આ અકર્તવ્ય છે ?

ઉત્તર : નિર્ગ્રન્થ મહર્ષિઓને એટલે કે સાધુઓને આ અનાચીર્ણ છે. આ સાધુઓનાં જ વિશેષણો દર્શાવે છે કે **संजमम्मि च...** જે સાધુઓ સંયમમાં અભિયોગ = ઉદ્યમવાળા છે, **च** શબ્દથી તપ લઈ લેવો. અર્થાત્ જે સાધુઓ તપમાં ઉદ્યમવાળા છે, તથા જેઓ

લઘુભૂતવિહારી છે. લઘુભૂત એટલે વાયુ. એટલે સાધુઓ દ્રવ્યાદિમાં અપ્રતિબદ્ધ હોવાથી વાયુ જેવો વિહાર કરનારા છે. એટલે તેઓ લઘુભૂતવિહારી છે.

(પ્રશ્ન આ અધ્યયનની પહેલી ગાથામાં જ પ્રતિજ્ઞારૂપે કહેલું જ છે કે **तेसिमेयमणाइन्नं निग्गथाण महेसिणं**" અને આ ગાથામાં પાછી એજ વાત આવી કે **सव्वमेयमणाइन्नं निग्गंथाण महेसिणं** તો એકજ વાત બે વાર શા માટે કરી ?)

ઉત્તર : પહેલીગાથામાં પ્રતિજ્ઞાસૂચક ક્રિયાપદ હતું. જયારે આ નિગમનક્રિયાપદ છે. (જેમ **पर्वतो वह्निमान्** આ પ્રમાણે પ્રતિજ્ઞા કર્યા બાદ હેતુ વગેરે દર્શાવ્યા, પછી છેલ્લે **तस्मात् पर्वतो वह्निमान्** બોલાય છે, એ નિગમન કહેવાય છે. એમ અહીં પણ સમજી લેવું.)

---

किमित्यनाचरितं ?,यतस्त एवंभूता भवन्तीत्याह-

**पंचासवपरिण्णाया, तिगुत्ता छसु संजया । पंचनिग्गहणा धीरा, निग्गंथा उज्जुदंसिणो ॥११॥ आयावयंति गिम्हेसु, हेमंतेसु अवाउडा । वासासु पडिसंलीणा, संजया सुसमाहिया ॥१२॥ परीसहरिऊदंता, धूअमोहा जिइंदिया । सव्वदुक्खप्पहीणट्ठा, पक्कमंति महेसिणो ॥१३॥ दुक्कराइं करित्ताणं, दुस्सहाइं सहेत्तु य । केइत्थ देवलोएसु, केइ सिज्झंति नीरया ॥१४॥ खवित्ता पुव्वकम्माइं, संजमेण तवेण य । सिद्धिमग्गमणुप्पत्ता, ताइणो परिणिव्वुड ॥१५॥ त्ति बेमि । गाथा ग्रं० ३१ ॥ इइ खुड्डियायारकहज्झयणं तइयं ॥३॥**

---

પ્રશ્ન : તેઓને આ બધું અનાચરિત શા માટે છે ?

ઉત્તર : કેમકે તેઓ આવાપ્રકારનાં (વક્ષ્યમાણ પ્રકારનાં) છે,

દશ.૧૧ થી ૧૫ ગાથાર્થ : ટીકાર્થવત્ જાણવો.

---

व्याख्या-'<u>पञ्चाश्रवा</u>' हिंसादयः '<u>परिज्ञाता</u>' द्विविधया परिज्ञया-ज्ञपरिज्ञया प्रत्याख्यानपरिज्ञया च परि-समन्ताज्ज्ञाता यैस्ते पञ्चाश्रवपरिज्ञाताः, आहिताग्न्यादेराकृतिगणत्वान्न निष्ठायाः पूर्वनिपात इति समासो युक्त एव, परिज्ञातपञ्चाश्रवा इति वा, यत एव चैवंभूता अत एव '<u>त्रिगुप्ता</u>' मनोवाक्कायगुप्तिभिः

गुप्ता । '<u>षट्सु संयताः</u>' षट्सु जीवनिकायेषु पृथिव्यादिषु सामस्त्येन यताः, '<u>पञ्चनिग्रहणा</u>' इति निगृह्णन्तीति निग्रहणाः कर्तरिल्युट् पञ्चानां निग्रहणाः पञ्चनिग्रहणाः, पञ्चानामितीन्द्रियाणां, '<u>धीरा</u>' बुद्धिमन्तः स्थिरा वा, '<u>निर्ग्रन्थाः</u>' साधवः, '<u>ऋजुदर्शिन</u>' इति ऋजुर्मोक्षं प्रति ऋजुत्वात्संयमस्तं पश्यन्त्युपादेयतयेति <u>ऋजुदर्शिनः</u>-संयमप्रतिबद्धाः इति सूत्रार्थः ॥११॥

---

ગાથા-૧૧ ટીકાર્થ : હિંસા વગેરે પાંચ આશ્રવો જ્ઞપરિજ્ઞાથી જાણીને પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી ત્યજાયેલા છે જે સાધુઓવડે તેવા આ સાધુઓ `

(પ્રશ્ન : સમાસમાં ભૂતકૃદંતનું રૂપ પૂર્વપદરૂપે આવતું હોય છે. એટલે ખરેખર તો **परिज्ञातपञ्चाश्रवाः** એવો પાઠ હોવો જોઈએ. એને બદલે અહીં તો ઉંધુ લખેલું છે.)

ઉત્તર : **आहिताग्नि** વિ. આકૃતિગણ હોવાથી ભૂતકૃદંતવાળા પદનો પૂર્વપદ તરીકે નિપાત = સ્થાન ન પણ થાય, એટલે આ સમાસ બરાબર જ છે. અર્થાત્ અમુક વ્યાકરણનાં નિયમો પ્રમાણે અમુક અમુક સ્થાને (આકૃતિગણમાં આપવાદિકસ્થાને) ભૂતકૃદંતવાળા પદો પૂર્વપદ ન બને, પણ ઉત્તરપદ બને. એટલે આમાં કોઈ દોષ નથી.

અથવા તો પછી **परिज्ञातपञ्चाश्रवाः** એ પ્રમાણે જ સમજીને અર્થ લેવો. તેઓ પંચાશ્રવનાં ત્યાગી છે. માટે જ મન-વચન-કાયાની ગુપ્તિવાળા છે. પૃથ્વીકાયાદિ છ કાયમાં સંપૂર્ણપણે યતનાવાળા છે. તથા પાંચનો નિગ્રહ કરનારા છે. અહીં જે નિગ્રહ કરે એ નિગ્રહણ કહેવાય. અત્રે અનટ્ પ્રત્યય કર્તા અર્થમાં થયો છે. (સામાન્યથી તો ગમન, રટણ... વગેરેમાં અનટ્ પ્રત્યય ભાવ અર્થમાં થાય છે. એનો અર્થ ગમન કરવું, રટણ કરવું... એમ થાય છે. પરંતુ ગમનકરનાર... એવો અર્થ નથી થતો. જ્યારે અહીં અનટ્ પ્રત્યય કર્તા અર્થમાં છે. એટલે "નિગ્રહ કરવો" એમ અર્થ ન કરવો, પરંતુ "નિગ્રહ કરનાર" એમ અર્થ કરવો.)

"પાંચનો નિગ્રહ કરનાર" એમ કહ્યું, પણ પાંચ એટલે શું ? એ કહે છે કે પાંચ એટલે પાંચ ઈન્દ્રિયો લેવી.

તથા જે સાધુઓ ધીર-બુદ્ધિવાળા અથવા તો સ્થિર છે.

જેઓ નિર્ગ્રન્થ એટલે કે સાધુ છે.

જેઓ ઋજુદર્શી છે. અહીં સંયમ એ મોક્ષ પ્રત્યેનો સીધે સીધો = સરળમાર્ગ હોવાથી ઋજુ = સંયમ અર્થ કરવો. તેને જેઓ ઉપાદેય તરીકે જુએ એ ઋજુદર્શી કહેવાય. સંયમમાં પ્રતિબદ્ધ હોય એમ ભાવાર્થ છે.

ते च ऋजुदर्शिनः कालमधिकृत्य यथाशक्त्येतत्कुर्वन्ति - 'आयावयंति'त्ति सूत्रम्, अस्य व्याख्या-'आतापयन्ति-ऊर्ध्वस्थानादिना आतापनां कुर्वन्ति 'ग्रीष्मेषु' उष्णकालेषु, तथा 'हेमन्तेषु' शीतकालेषु 'अप्रावृता' इति प्रावरणरहितास्तिष्ठन्ति, तथा वर्षासु वर्षाकालेषु 'संलीना' इत्येकाश्रयस्था भवन्ति 'संयताः' साधवः 'सुसमाहिता' ज्ञानादिषु यत्नपराः, ग्रीष्मादिषु बहुवचनं प्रतिवर्षकरणज्ञापनार्थमिति सूत्रार्थः ॥१२॥

---

**ગાથા-૧૨ ટીકાર્થ :** તે ઋજુદર્શીઓ કાળને આશ્રયીને શક્તિ પ્રમાણે આ કાર્ય કરે છે. ઉભા રહીને કે બેસીને ઉંઘીને તેઓ ઉષ્ણકાળમાં આતાપના લે છે.

તથા શિયાળામાં તેઓ પ્રાવરણ રહિત = વસ્ત્રરહિત રહે છે તથા ચોમાસામાં તેઓ સંલીન રહે છે એટલે કે એકજ સ્થાનમાં રહે છે. તથા તેઓ સંયત = સાધુઓ સુસમાહિત છે, એટલે કે જ્ઞાનાદિમાં યત્ન કરનારા છે.

**પ્રશ્ન :** ગ્રીષ્મઋતુ, શિયાળો કે ચોમાસું એક એક ઋતુરૂપ છે, તો માત્ર એકવચન કર્યું હોત તો ચાલત, બહુવચનપ્રયોગ શા માટે કર્યો ?

**ઉત્તર :** માત્ર એકાદ વર્ષ જ ઉનાળામાં આતાપના, શિયાળામાં ાવરણરહિતતા... કરવાના નથી. પરંતુ દરેકે દરેક વર્ષે આ કરવું જોઈએ... એ જણાવવા માટે બહુવચનપ્રયોગ કરેલો છે.

---

'परीसह'त्ति सूत्रम्, अस्य व्याख्या-मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहाः-क्षुत्पिपासादयः त एव रिपवस्तत्तुल्यधर्मत्वात्परीषहरिपवस्ते दान्ता-उपशमं नीता यैस्ते परीषहरिपुदान्ताः, समासः पूर्ववत्, न प्राकृते पूर्वापरपदनियमव्यवस्था 'नाणाविमलजोण्हाग' मिति यथा, तथा 'धुतमोहा' विक्षिप्तमोहा इत्यर्थः, मोहः-अज्ञानं, तथा 'जितेन्द्रियाः' शब्दादिषु रागद्वेषरहिता इत्यर्थः , त एवंभूताः 'सर्वदुःखप्रक्षयार्थं' शारीरमानसाशेषदुःखप्रक्षयनिमित्तं 'प्रक्रामन्ति' प्रवर्तन्ते, किंभूताः ?- 'महर्षयः' साधव इति सूत्रार्थः ॥१३॥

---

**ગાથા-૧૩ ટીકાર્થ :** માર્ગમાંથી ભ્રષ્ટ ન થવાય એ માટે અને નિર્જરાને માટે પરીષહો સહન કરવા જોઈએ. ભુખ, તરસ વગેરે પરીષહો છે. તે પરીષહો જ શત્રુ છે. કેમકે શત્રુનાં જેવા સ્વભાવવાળા છે. જેમ શત્રુ પરેશાન કરે, અસમાધિ કરે, એમ આ પરીષહો પણ પરેશાની, અસમાધિ કરનારા છે. આવા શત્રુરૂપી પરીષહોને જેઓએ ઉપશાન્ત કર્યા

છે, તેઓ **परीषहरिपुदान्ताः** કહેવાય.

સમાસ પૂર્વની જેમ સમજવો (**दान्त** ભૂતકૃદંત પૂર્વપદ હોવું જોઈએ. વ્યાકરણનાં આપવાદિક નિયમ પ્રમાણે એ ઉત્તરપદ બનેલ છે.) પ્રાકૃતમાં પૂર્વપદ અને અપરપદનાં નિયમની કોઈ વ્યવસ્થા નથી. અર્થાત્ અમુક પદ પૂર્વપદ જ બને, અમુક ઉત્તરપદ જ બને... આવા કોઈ વિભાગ પ્રાકૃતમાં નક્કી નથી. એટલે કોઈપણ પદ પૂર્વપદ કે ઉત્તરપદ બની શકે છે. દા.ત. **नाणविमलजोण्हागम्** વગેરે. (અહીં **विमलनाण...** એમ હોવું જોઈએ, પરંતુ પ્રાકૃતમાં પૂર્વાપરપદ વ્યવસ્થા નથી, એટલે **विमल** પદ ઉત્તરપદમાં આવેલું છે.)

તથા સાધુઓ ધુતમોહ છે. જેમણે મોહનીયને ધુણાવેલ છે, દૂર કરેલ છે તેવા આ સાધુઓ છે. મોહ એટલે અજ્ઞાન.

તથા સાધુઓ જિતેન્દ્રિય છે, એટલે કે શબ્દાદિમાં રાગ, દ્વેષ રહિત છે.

આવાપ્રકારનાં સાધુઓ શારીરિક, માનસિક તમામ દુઃખોનાં પ્રક્ષયને માટે પ્રવૃત્તિ કરે છે. તેઓ મહર્ષિ = સાધુ છે.

---

**इदानीमेतेषां फलमाह-'दुक्कराई'ति सूत्रम्, अस्य व्याख्या-एवं दुष्कराणि कृत्वौद्देशिकादित्यागादीनि तथा दुःसहानि सहित्वाऽऽतापनादीनि केचन तत्र 'देवलोकेषु' सौधर्मादिषु, गच्छन्तीति वाक्यशेषः । तथा केचन सिद्ध्यन्ति, तेनैव भवेन सिद्धिं प्राप्नुवन्ति । वर्तमाननिर्देशः सूत्रस्य त्रिकालविषयत्वज्ञापनार्थः । 'नीरजस्का' इत्यष्टविधकर्मविप्रमुक्ताः, न त्वेकेन्द्रिया इव कर्मयुक्ता एवेति सूत्रार्थः ॥१४॥**

---

હવે આનું ફલ કહે છે.

ગાથા-૧૪ **ટીકાર્થ** આ પ્રમાણે ઔદ્દેશિકાદિ અનાચરિતોનો ત્યાગ કરવારૂપ દુષ્કરકાર્યો કરીને અને દુઃસહ એવા આતાપનાદિ સહન કરીને કેટલાંક સાધુઓ સૌધર્માદિ દેવલોકમાં જાય છે. અહી **गच्छन्ति** ક્રિયાપદ નથી, પણ એ વાક્યનાં શેષરૂપે સમજી લેવું. તથા કેટલાંક સાધુઓ તે જ ભવમાં સિદ્ધિ પામે છે.

અહીં **सिज्झंति** એમ વર્તમાનકાળનો પ્રયોગ કરેલો છે, આર્ય શય્યંભવસૂરિ વખતે તો મોક્ષમાર્ગ બંધ થઈ ચૂક્યો હોવાથી તે કાળમાં તો કોઈપણ સિદ્ધ થતાં જ ન હતાં. એટલે વર્તમાનપ્રયોગ સંગત ન થાય. છતાં આ વર્તમાનપ્રયોગ કરેલો છે, એ એવું જણાવવા માટે કરેલો છે કે "સૂત્ર ત્રિકાલવિષયક છે."

જેઓ સિદ્ધિ પામે છે, એ આઠ પ્રકારનાં કર્મથી વિમુક્ત થઈને સિદ્ધિ પામે છે. એકેન્દ્રિયોની માફક કર્મયુક્ત રહીને જ સિદ્ધક્ષેત્ર પામેલા ન સમજવા. (એકેન્દ્રિયો પૃથ્વીકાયનાં જીવ રૂપે સિદ્ધશિલામાં ઉત્પન્ન થાય કે વાયુરૂપે સિદ્ધશિલા ઉપર હોય કે સૂક્ષ્મજીવ રૂપે ત્યાં હોય... એ રીતે તેઓ પણ સિદ્ધક્ષેત્ર પામેલા કહેવાય. પણ એ કંઈ વાસ્તવિક મોક્ષ નથી...)

---

**येऽपि चैवंविधानुष्ठानतो देवलोकेषु गच्छन्ति तेऽपि ततश्च्युता आर्यदेशेषु सुकुले जन्मावाप्य शीघ्रं सिद्ध्यन्त्येतदाह-'खवित्त'त्ति सूत्रम्, अस्य व्याख्या-ते देवलोकच्युताः क्षपयित्वा पूर्वकर्माणि सावशेषाणि, केनेत्याह-'संयमेन' उक्तलक्षणेन तपसा च, एवं प्रवाहेण 'सिद्धिमार्गं' सम्यग्दर्शनादिलक्षणमनुप्राप्ताः सन्तस्त्रातार आत्मादीनां 'परिनिर्वान्ति' सर्वथा सिद्धिं प्राप्नुवन्ति, अन्ये तु पठन्ति-'परिनिव्वुड'त्ति, तत्रापि प्राकृतशैल्या छान्दसत्वाच्चायमेव पाठो ज्यायान्, इति ब्रवीमीति पूर्ववदिति सूत्रार्थः । उक्तोऽनुगमः, साम्प्रतं नयाः, ते च पूर्ववद्द्रष्टव्याः । इति व्याख्यातं क्षुल्लकाचारकथाध्ययनम् ॥३॥**

---

**ગાથા-૧૫ ટીકાર્થ :** જે સાધુઓ આવાપ્રકારનાં અનુષ્ઠાનથી દેવલોકમાં જાય છે, તેઓ પણ ત્યાંથી ચ્યવીને આર્યદેશોમાં સારાકુળમાં જન્મ પામીને ઝડપથી સિદ્ધ થાય છે... એ વાત હવે છેલ્લી ગાથામાં કહે છે કે દેવલોકથી ચ્યવેલા તેઓ સંયમથી અને તપથી બાકી રહેલા પૂર્વકર્મોને ખપાવી આ ક્રમથી સમ્યગ્દર્શનાદિ રૂપી સિદ્ધિમાર્ગને પામેલા છતાં, આત્મા વગેરેના રક્ષક બનેલા છતાં સર્વપ્રકારે સિદ્ધિને પામે છે.

અન્યલોકો અહીં આ પાઠ બોલે છે કે "**परिणिव्वुड**" આ પાઠાન્તરમાં પણ પ્રાકૃતશૈલીની અપેક્ષાએ અને છાન્દસપ્રયોગ હોવાથી આ જ પાઠ વધુ સારો છે.

(અલબત્ત પ્રતમાં **परिणिव्वुड** પાઠ જ છપાયેલો છે. અને અન્યલોકોનો પાઠ પણ એજ છે. એટલે એ બેમાં કોઈ ફરક દેખાતો નથી. તો પાઠાન્તર શી રીતે ? એ પ્રશ્નનો ઉત્તર એમ લાગે છે કે વૃત્તિકારશ્રીની સામે **परिणिव्वुए** એવો કોઈ પાઠ હોવો જોઈએ. એટલે એમને માટે **परिणिव्वुडे** પાઠ પાઠાન્તર બને. જોકે અહીં મૂળગાથામાં **णि** છે, પાઠાન્તરમાં **नि** છે પણ એ ભેદ મુખ્ય નથી લાગતો. વૃત્તિકારશ્રીનું તાત્પર્ય એમ જણાય છે કે **परिणिव्वुए** પાઠ હોય કે **परिनिव्वुडे** પાઠ

હોય, બંનેનું સંસ્કૃત તો **परिनिर्वान्ति** જ વધુ સંગત થાય છે. પ્રાકૃતમાં ભલે **ड** વગેરેનો ઉપયોગ કરેલો હોય. પણ સંસ્કૃતમાં તો આ જ પાઠ વધુ સંગત છે. **तत्त्वं तु बहुश्रुतगम्यम्** )

**ब्रवीमि** શબ્દ પૂર્વવત્ સમજવો. (સ્વબુદ્ધિથી મેં આ કહ્યું નથી, પણ પ્રભુએ કહ્યા પ્રમાણે મેં કહ્યું છે... એ પ્રમાણે **ब्रवीमि** નો અર્થ છે..)

અનુગમ કહેવાઈ ગયો.

હવે નયો છે. તે પૂર્વની જેમ જાણવા.

**इति श्रीदशवैकालिके हरिभद्रसूरिकृतटीकायां तृतीयमध्ययनम् ॥३॥**

ક્ષુલ્લિકાચારકથા અધ્યયનનું વ્યાખ્યાન થઈ ગયું.

## चतुर्थ अध्ययन

आ निशानिओ थी संदर्भ जोड्यो → क, ख, ग, घ, ङ, च, ...

**षड्जीवनिकाय अध्ययन** — अनुयोगद्वार - ४

१. उपक्रम — २. निक्षेप — ३. अनुगम — ४. नय

१. जीवाभिगम — २. अजीवाभिगम — ३. चारित्रधर्म — ४. जयणा — ५. उपदेश — ६. धर्मफल

छः जीवनिकाय नुं संघट्टन-परितापनादि लक्षण दंड ने त्रिविधे (मन-वचन-कायाए) न करे, न करावे, न अनुमोदे ते 'चारित्र धर्म' छे. (१४७ भांगा थी)

क. सूक्ष्म - बादर अथवा त्रस-स्थावर नी हिंसा न करे इत्यादि.....

| १. द्रव्य थी | २. क्षेत्र थी | ३. काल थी | ४. भाव थी |
|---|---|---|---|
| षड्जीवनिकाय | तिर्यग्लोकादि | त्रिकाल / दिवस-रात | राग-द्वेष थी |

ख. क्रोध-लोभ- भय- हास्य थी मृषा न बोले....
(मान - माया) ( प्रेम- द्वेष- कलह - अभ्याख्यान)

मृषावाद - ४

१. सद्भावप्रतिषेध — २. असद्भावप्रतिषेध — ३. अर्थान्तर — ४.

मृषावाद

| द्रव्य थी | क्षेत्र थी | काल थी | भाव थी |
|---|---|---|---|
| सर्व द्रव्योनी अन्यथा प्ररूपणा करवी ते | लोकालोक संबंधी | रात- दिवस संबंधी / गण कालमां | क्रोधादि थी |

| मृषावाद चतुर्भंगी | द्रव्य थी | अने भावथी |
|---|---|---|
| जे पुरुष मनथी मृषा विचारे अने वचन थी बोले ते | ✓ | ✓ |
| " " " " पण " " सत्य बोलाई जाय ते | × | ✓ |
| मृगने बचाववा शिकारी ने मृषा कहेवुं ते | ✓ | × |

ग. अदत्तादान

| द्रव्य थी | क्षेत्र थी | काल थी | भाव थी |
|---|---|---|---|
| अल्प-बहु मूल्य, अणु-स्थूल, सचित्त-अचित्त नी चोरी | गाम - नगर - अरण्य | रात्रे - दिवसे / त्रणे कालमां | राग थी - द्वेषथी |

| अदत्तादान चतुर्भंगी | द्रव्य थी | अने भाव थी |
|---|---|---|
| संयत मन अने काया थी चोरी करे ते | ✓ | ✓ |
| " थी चोरी करुं एम विचारे पण काया थी न करे ते | × | ✓ |
| " रागादि थी रहित तृणादि दाताए आप्या वगर ग्रहण करे ते | ✓ | × |

P.T.O.

(६)

③ चारित्र धर्म

४· मूर्ति के साक्षात् देव, मनुष्य, तिर्यंच संबंधी मैथुन न सेवे संयत

मैथुन

| द्रव्य थी | क्षेत्र थी | काल थी | भाव थी |
|---|---|---|---|
| [द्रव्यादि मां] | [उर्ध्व-अधो- तिर्च्छालोक मां] | [रात्रे के दिवसे / त्रणे काल मां] | [राग थी द्वेष थी] |

| मैथुन चतुर्भंगी | द्रव्य थी | अने भाव थी |
|---|---|---|
| राग- द्वेष थी रहित कोई स्त्री ने भोगवे ते | ✓ | × |
| मन थी मैथुन ना परिणाम करे पण काय थी आचरण ना करे ते | × | ✓ |
| अने करे ते | ✓ | ✓ |

→५· संयत अल्प· बहु - अणु - स्थूल - सचित्त - अचित्त वस्तु नो परीग्रह न करे·

परिग्रह

| द्रव्य थी | क्षेत्र थी | काल थी | भाव थी |
|---|---|---|---|
| [सर्व द्रव्य नु] | [सर्व लोक नु] | [रात्रे- दिवसे / त्रणे काल मां] | [राग थी द्वेष थी] |

| परिग्रह चतुर्भंगी | द्रव्य थी | अने भाव थी |
|---|---|---|
| राग- द्वेष रहित धर्म ना उपकरण राखवा ते | ✓ | × |
| मन थी द्रव्य पर मूर्च्छा होय पण द्रव्य मले नही ते | × | ✓ |
| अने ते | ✓ | ✓ |

→६· रात्रिभोजन – अशन, पान, खाद्य, स्वाद्य वाली वस्तु नुं संयत न करे·

रात्रिभोजन

| द्रव्य थी | क्षेत्र थी | काल थी | भाव थी |
|---|---|---|---|
| [अशन, पान, खाद्य, स्वाद्य] | [अढी द्वीप] | [रात्रे- दिवसे / त्रणे काल मां] | [बहु रस राग/द्वेष थी] |

| रात्रि भोजन चतुर्भंगी | द्रव्य थी | अने भाव थी |
|---|---|---|
| • सूर्योदय न थयो होय पण सूर्योदय थई गयो एम समजी वापरे ते | ✓ | × |
| • रात्री भोजन नी इच्छा करे पण वापरे नही· ते | × | ✓ |
| " नी इच्छा करे अने वापरे ते | ✓ | ✓ |

रात्री गृहीत दिवा भोजन तो पण रात्री भोजन नो दोष लागे·

रात्री

दिवा " " " " "

रात्रे राखीने बीजा दिवसे खाय तो पण रात्री भोजन नो दोष लागे·

(७)

**(५) जयणा**
- "से भिक्खु वा भिक्खुणि वा" सूत्र द्वारा षड्जीवनिकाय ने न छेदे, न छेदावे, छेदनारने न अनुमोदे विगेरे....

**(६) उपदेश**
- "अजयं चरमाणो..... थी जीवाजीवे वियाणंतो सो हु नाहीइ संजमं" सुधी (गाथा कुल-१३)

**(६) धर्मफल**
- जया जीवमजीवे अ..... थी सिद्धो हवइ सासओ (गा०-१४ थी २५)

## (२) निक्षेप

- १ ओघनिष्पन्न
- २ + नाम निष्पन्न
  - छड्ड, जीवे, निकाय
  - छड्ड:
    - १ नाम, २ स्थापना, ३ द्रव्य → १ सचित्त, २ अचित्त, ३ मिश्र (पृथ्वी आदि छः द्रव्य)
    - ४ क्षेत्र → छः आकाश प्रदेश या भरत ना छः खंड
    - ५ काल → छः समय / छः ऋतुओ
    - ६ भाव → औदयिकादि छः भावो
- ३ सूत्रालापक निष्पन्न

**जीव:**
- १ निक्षेप → नामादि
  - १ नाम, २ स्थापना, ३ द्रव्य → जीव संबंधी गुण पर्याय थी रहित ते द्रव्य जीव
  - ४ भाव → १ ओघ, २ भव, ३ तद्भव; ओघ → (आयुष्य)
- २ प्ररूपणा → बे प्रकारे → सूक्ष्म, बादर
- ३ लक्षण
- ४ अस्तित्व → शुद्ध पद वाच्य
- ५ अन्यत्व → देह थी अन्य
- ६ अमूर्तत्व → स्वतः
- ७ नित्यत्व → अविकृत
- ८ कर्तृत्व → स्वकार्य फल भोक्ता
- ९ देहव्यापित्व → देहमांज जीव ना हेतुओ मळे
- १० गुणित्व → योगादि थी
- ११ ऊर्ध्वगतित्व → अगुरुलघु होवाथी
- १२ निर्मयना → विकार रहित
- १३ परिमाण → (लोकाकाश मान)
- १४ साफल्य → कर्म नी सफलता

**लक्षण:**
१ आदान, २ परिभोग, ३ योग, ४ उपयोग, ५ कषाय, ६ लेश्या, ७ श्वासोच्छ्वास, ८ इन्द्रिय, ९ बंधोदय निर्जरा, १० चित्त → त्रिकाल विषय, ११ चेतना → वर्तमान विषय, १२ संज्ञा → अनुस्मरण, १३ विज्ञान → अनेक भेद ज्ञान, १४ धारणा, १५ बुद्धि, १६ ईहा, १७ मति, १८ वितर्क

## (३) निकाय

- १ नाम
- २ स्थापना
- ३ शरीर → अणुसंघात
- ४ गति → भवान्तर गतिवाला तैजस - कार्मण
- ५ निकाय → षड् जीवनिकाय
  - पृथ्वीकाय, अप्काय, तेउकाय, वायुकाय, वनस्पतिकाय, त्रसकाय (आ छः जीवाभिगम थया)
- ६ अस्तिकाय → धर्मास्तिकायादि
- ७ द्रव्य → आदि षट् द्रव्य
- ८ मातृका → आदि अक्षर
- ९ पर्याय → जीव → ज्ञानादि समुदाय; अजीव → रूपादि समुदाय
- १० संग्रह → एक शब्द थी वाच्य 'त्रिफला'
- ११ भार → कापोति कावडीया
- १२ भाव → औदयिकादि समुदाय; उंट के मरेलाने जीवताने मार्यो

**शस्त्र**
- द्रव्य → १ खड्ग, २ अग्नि, ३ विष, ४ घी, ५ आमळा, ६ क्षार, ७ लवण, ८ करीषादि
- भाव → १ कुमन, २ कुवाक्य, ३ कुचेष्टा, ४ अविरति

**✱ अजीवाभिगम**
- पुद्गल
  - १ सूक्ष्मसूक्ष्म → परमाणु पुद्गल
  - २ सूक्ष्म → बे प्रदेश थी मांडीने सूक्ष्म अनंत प्रदेशी स्कंध
  - ३ सूक्ष्मबादर → गंध पुद्गल
  - ४ बादरसूक्ष्म → वायुकाय शरीर
  - ५ बादर → अप्काय शरीर ओस विगेरे
  - ६ बादरबादर → पृथ्वी-तेउ-वनस्पति-त्रस शरीरो
  - अथवा ४ प्रकारे → १ स्कंध, २ स्कंधदेश, ३ स्कंधप्रदेश, ४ परमाणु
- नोपुद्गल
  - धर्मास्ति गति लक्षण
  - अधर्मास्ति स्थिति लक्षण
  - आकाशास्ति अवगाहन लक्षण

॥ अथ चतुर्थाध्ययनम् षड्जीवनिकाख्यं ॥

**सुअं मे आउसंतेणं भगवया एवमक्खायं इह खलु छज्जीवणियानामज्झयणं समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया सुअक्खाया सुपन्नत्ता सेअं मे अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती ॥ (सू०१)**

## ષડ્જીવનિકા નામનું ચતુર્થ અધ્યયન

**સૂત્ર-૧ ગાથાર્થ :** હે આયુષ્મન્ ! મેં સાંભળ્યું છે, તે ભગવાને આ પ્રમાણે કહ્યું છે. અહીં ખરેખર કાશ્યપ શ્રમણ ભગવાન મહાવીરે ષટ્જીવનિકા નામનું અધ્યયન પ્રવેદિત કર્યું છે. સુ-આખ્યાત કર્યું છે, સુપ્રજ્ઞાપ્ત કર્યું છે. તે ભણવું મારા માટે કલ્યાણકારી છે. તે અધ્યયન ધર્મપ્રજ્ઞપ્તિ છે.

**व्याख्यातं क्षुल्लिकाचारकथाध्ययनमिदानीं षड्जीवनिकायाख्यमारभ्यते, अस्य चायमभिसंबन्धः-इहानन्तराध्ययने 'साधुना धृतिराचारे कार्या न त्वनाचारे, अयमेव चात्मसंयमोपाय' इत्युक्तम्, इह पुनः स आचारः षड्जीवनिकायगोचरः प्राय इत्येतदुच्यते, उक्तं च-"छसु जीवनिकाएसु, जे बुहे संजए सया । से चेव होइ विण्णेए, परमत्थेण संजए ॥१॥" इत्यनेनाभिसंबन्धेनायातमिदमध्ययनम्,**

**ટીકાર્થ :** ક્ષુલ્લિકાચાર કથા નામનાં અધ્યયનનું વ્યાખ્યાન થઈ ગયું. હવે ષડ્જીવનિકા નામનું અધ્યયન શરુ કરાય છે. એનો આ સંબંધ છે કે અહીં અનન્તર = ત્રીજા અધ્યયનમાં કહ્યું કે "સાધુએ આચારમાં ધૃતિ ધરવી, અનાચારમાં નહિ. તે આચાર જ આત્માનાં સંયમનો ઉપાય છે." આ ચોથા અધ્યયનમાં એ કહેવાનું છે કે "તે આચાર પ્રાયઃ ષડ્જીવનિકાયવિષયક છે." અર્થાત્ ષટ્કાયને વિશે એ આચાર પાળવાનો છે. કહ્યું છે કે "જે બુધપુરુષો સદા છ જીવનિકાયમાં સંયમવાળા છે. તે જ પરમાર્થથી સંયત જાણવા." આમ આ સંબંધથી આ અધ્યયન આવેલું છે.

**आह च भाष्यकारः-**

जीवाहारो भण्णइ आयारो तेणिमं तु आयायं । छज्जीवणियज्झयणं तस्सऽहिगारा इमे होंति ॥५॥ भाष्यम् ॥

ભાષ્યકાર કહે છે કે

**દશવૈકાલિક ભાષ્ય-૫ ગાથાર્થ :** આચારનો આધાર જીવ છે. તેથી આ ષડ્જીવનિકા અધ્યયન આવેલું છે. તેના આ અધિકારો છે.

---

**व्याख्या-जीवाधारो भण्यत आचारः, तत्परिज्ञानपालनद्वारेणेति भावः, येनैतदेवं तेनेदम् 'आयातम्' अवसरप्राप्तं, किं तदित्याह-षड्जीवनिकाध्ययनम्, अत्रान्तरे अनुयोगद्वारोपन्यासावसरः, तथा चाह-'तस्य' षड्जीवनिकाध्ययनस्यार्थाधिकाराः 'एते भवन्ति' वक्ष्यमाणलक्षणा इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** આચાર જીવાધાર કહેવાય છે. અર્થાત્ જીવ આચારનાં જ્ઞાન દ્વારા અને આચારનાં પાલન દ્વારા આચારનો આધાર છે. (આચારનું જ્ઞાન જીવમાં છે, આચારનું પાલન જીવમાં છે, એટલે આચાર બંને રીતે જીવમાં રહેલો કહેવાય.)

જે કારણથી આ આ પ્રમાણે છે, તે કારણથી આ ષટ્જીવનિકા નામનું અધ્યયન આવેલું છે. આટલી વાત થઈ એટલે અનુયોગદ્વારનો ઉપન્યાસ કરવાનો અવસર છે. એજ કહે છે કે આ ષટ્જીવનિકા અધ્યયનનાં વક્ષ્યમાણલક્ષણવાળા અર્થાધિકારો છે.

---

**तानाह-**

जीवाजीवाहिगमो चरित्तधम्मो तहेव जयणा य । उवएसो धम्मफलं छज्जीवणियाइ अहिगारा ॥२१६॥

---

તે અર્થાધિકારોને જ જણાવે છે.

**નિર્યુક્તિ-૨૧૬ ગાથાર્થ :** ષડ્જીવનિકાનાં અર્થાધિકારો આ છે (૧-૨) જીવાજીવાભિગમ (૩) ચારિત્રધર્મ (૪) યતના (૫) ઉપદેશ (૬) ધર્મફલ.

---

**व्याख्या-'जीवाजीवाभिगमो' जीवाजीवस्वरूपमभिगम्यतेऽस्मिन्नित्यभिगम इतिकृत्वा, स्वरूपे च सत्यभिगम्यत इति भावः, तथा 'चारित्रधर्मः' प्राणातिपातादिनिवृत्तिरूपः, तथैव 'यतना च' पृथिव्यादिष्वारम्भपरिहारयत्नरूपा, तथा 'उपदेशः' यथाऽऽत्मा न बध्यत इत्यादिविषयः, तथा 'धर्मफलम्' अनुत्तरज्ञानादि, एते षड्जीवनिकाया अधिकारा इति गाथार्थः । अत्रान्तरे गत उपक्रमः,**

---

**ટીકાર્થ :** જેને વિશે જીવ અને અજીવનું સ્વરૂપ જણાય એ જીવાજીવાભિગમ. આ પ્રમાણે અર્થ હોવાથી આ અધ્યયનમાં આ બંને પદાર્થોનો બોધ થતો હોવાથી જીવાજીવાભિગમ એનો

પ્રથમ અને દ્વિતીય અર્થાધિકાર = વિષય છે. હવે જીવ અને અજીવનું સ્વરૂપ હોય તો જ જણાય ને ? એટલે આમાં જીવ અને અજીવનું અસ્તિત્વ દર્શાવવામાં આવશે.

તથા પ્રાણાતિપાતાદિની નિવૃત્તિરૂપ ચારિત્રધર્મ, ત્રીજો અર્થાધિકાર છે.

તથા પૃથ્વી વગેરેમાં આરંભનો ત્યાગ કરવા માટે યત્ન કરવા રૂપ યતના ચોથો અર્થાધિકાર છે.

તથા "જે રીતે આત્મા ન બંધાય..." એ બધું કહેવું એ ઉપદેશ પાંચમો અધિકાર છે.

તથા અનુત્તરજ્ઞાનાદિરૂપ **ધર્મફલ** એ છઠ્ઠો અધિકાર છે.

આ ષડ્જીવનિકાનાં અધિકારો છે.

આટલું કહ્યું એટલે ઉપક્રમદ્વાર પૂર્ણ થયું.

---

**निक्षेपमधिकृत्याह–**

छज्जीवणियाए खलु निक्खेवो होइ नामनिप्फन्नो । एएसिं तिण्हंपि उ पत्तेयपरूवणं वोच्छं ॥२१७॥

---

હવે નિક્ષેપને આશ્રયીને કહે છે કે

**નિર્યુક્તિ-૨૧૭ ગાથાર્થ :** ષડ્જીવનિકાનો નામનિષ્પન્નનિક્ષેપ થાય છે. એ ત્રણેયની પ્રત્યેકપ્રરૂપણાને કહીશ.

---

**व्याख्या–'षड्जीवनिकायायाः' प्रक्रान्तायाः खल्विति पूरणार्थो निपातः, निक्षेपो भवति नामनिष्पन्नः, षड्जीवनिकायिकेत्ययमेव, यतश्चैवमत एतेषां 'त्रयाणामपि' षड्जीवनिकायपदानां 'प्रत्येक'मिति एकमेकं प्रति प्ररूपणां सूत्रानुसारेण 'वक्ष्ये' अभिधास्य इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** પ્રસ્તુત જે ષડ્જીવનિકા છે, તેનો નામનિષ્પન્નનિક્ષેપ થાય છે. **ખલુ** શબ્દ પૂરણ અર્થવાળો નિપાત છે.

**પ્રશ્ન :** એ નિક્ષેપ કયો ?

**ઉત્તર :** "ષડ્જીવનિકાયિકા" આ જ નામનિષ્પન્ન નિક્ષેપ છે. એટલે ષટ્, જીવ અને નિકાય આ ત્રણેય પદોની એકે એકની જુદી જુદી પ્રરૂપણા સૂત્રને અનુસારે કહીશું.

---

**तत्रैकस्याभावे षण्णामभाव इत्येकप्ररूपणामाह–**

णामं ठवणा दविए माउगपयसंगहेक्कए चेव । पज्जवभावे य तहा सत्तेए एक्कगा होंति ॥२१८॥

नामं ठवणा दविए खेत्ते काले तहेव भावे अ । एसो उ छक्कगस्सा निक्खेवो छव्विहो होइ ॥२१९॥

---

તેમાં ષડ્નો નિક્ષેપ કરવાનો છે, પણ એકનો અભાવ હોય તો છનો પણ અભાવ થાય એટલે એકની પ્રરૂપણાને કહે છે.

**નિર્યુક્તિ-૨૧૮ ગાથાર્થ :** નામ, સ્થાપના, દ્રવ્ય, માતૃકાપદ, સંગ્રહ, પર્યાય અને ભાવ આ સાત એક છે.

**નિર્યુક્તિ-૨૧૯ ગાથા ' :** નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ ષટ્કનો આ છ પ્રકારનો નિક્ષેપ છે.

---

**व्याख्या-इयं द्रुमपुष्पिकायां व्याख्यातेति नेह व्याख्यायते, संग्रहैककेन चात्राधिकारः ॥ साम्प्रतं द्व्यादीन् विहाय षट्प्ररूपणामाह-तत्र नामस्थापने क्षुण्णे, द्रव्यषट्कं-षड् द्रव्याणि सचित्ताचित्तमिश्राणि पुरुषकार्षापणालङ्कृतपुरुष-लक्षणानि, क्षेत्रषट्कं-षडाकाशप्रदेशाः, यद्वा भरतादीनि, कालषट्कं-षट् समयाः षड् 'भावे चे'ति भावषट्कं-षड् भावा औदयिकादयः, अत्र च सचित्तद्रव्यषट्केनाधिकार इति गाथार्थः ॥ आह-अत्र द्व्याद्यनभिधानं किमर्थम् ?, उच्यते, एकषडभिधानतः आद्यन्तग्रहणेन तद्गतेरिति ।**

**व्याख्यातं षट्पदम्,**

---

**ટીકાર્થ :** ૨૧૮મી ગાથાનું દ્રુમપુષ્પિકામાં વ્યાખ્યાન કરી જ દીધું છે, એટલે અહીં એનું વ્યાખ્યાન કરતા નથી. અહીં સંગ્રહ એકનો અધિકાર છે.

હવે બે વગેરે છોડીને ષટ્ની પ્રરૂપણા કહે છે. તેમાં નામ સ્થાપના પ્રસિદ્ધ છે. દ્રવ્યષટ્ક એટલે છ સચિત્ત દ્રવ્યો, છ અચિત દ્રવ્યો, છ મિશ્ર દ્રવ્યો. એમાં છ પુરુષો, છ કાર્ષાપણ (રૂપિયા) છ અલંકારવાળા પુરુષો... એમ સમજવું.

ક્ષેત્રષટ્ક એટલે છ આકાશ પ્રદેશો અથવા તો ભરત, ઐરાવત વગેરે છ ક્ષેત્રો. કાલષટ્ક એટલે છ સમયો, છ ઋતુઓ.

ભાવષટ્ક એટલે ઔદયિક વગેરે ભાવો.

અહીં સચિત્ત દ્રવ્યષટ્કનો અધિકાર છે. (ષટ્કાયની પ્રરૂપણા કરવાની છે, માટે)

**પ્રશ્ન :** અહીં બે, ત્રણ, ચાર વગેરેનું કથન નથી કર્યું, એ શા માટે ?

**ઉત્તર :** એક અને છનું અભિધાન કર્યું. એટલે પહેલાં અને છેલ્લા આંકડાનું ગ્રહણ થઈ ગયું. તેના દ્વારા વચ્ચે રહેલા બે વગેરેનો પણ બોધ થઈ જતો હોવાથી એનું જુદું કથન કરેલ નથી.

ષટ્પદનું વ્યાખ્યાન થઈ ગયું.

---

**अधुना जीवपदमाह-**

जीवस्स उ निक्खेवो परूवणा लक्खणं च अत्थित्तं । अन्नामुत्तत्तं निच्चकारगो देहवावित्तं ॥२२०॥

गुणिउड्ढगइत्ते या निम्मयसाफल्लता य परिमाणे । जीवस्स तिविहकालम्मि परिक्खा होइ कायव्वा ॥२२१॥ दो दारगाहाओ ॥

---

હવે જીવપદનું વ્યાખ્યાન કરે છે.

**નિર્યુક્તિ-૨૨૦-૨૨૧ ગાથાર્થ :** જીવનો (૧) નિક્ષેપ (૨) પ્રરૂપણા (૩) લક્ષણ (૪) અસ્તિત્વ (૫) અન્યત્વ (૬) અમૂર્તત્વ (૭) નિત્યત્વ (૮) કારકત્વ (૯) દેહવ્યાપિત્વ (૧૦) ગુણિત્વ (૧૧) ઉર્ધ્વગતિત્વ (૧૨) નિર્માયત્વ (૧૩) સાફલ્ય (૧૪) પરિમાણ (એ પ્રમાણે) જીવની ત્રણકાળમાં પરીક્ષા કરવી.

---

**एतद्द्वारगाथाद्वयम्, अस्य व्याख्या-जीवस्य तु 'निक्षेपो' नामादिः, 'प्ररूपणा' द्विविधाश्च भवन्ति जीवा इत्यादिरूपा लक्षणं च-आदानादि 'अस्तित्वं' सत्त्वं शुद्धपदवाच्यत्वादिना 'अन्यत्वं' देहात् 'अमूर्तत्वं' स्वतः 'नित्यत्वं' विकारानुपलम्भेन 'कर्तृत्वं' स्वकर्मफलभोगात् 'देहव्यापित्वं' तत्रैव तिल्लिङ्गोपलब्ध्या 'गुणित्वं' योगादिना 'ऊर्ध्वगतित्वम्' अगुरुलघुभावेन 'निर्मा(र्म)यता' विकाररहितत्वेन, सफलता-च कर्मणः 'परिमाणं' लोकाकाशमात्र इत्यादि ( ग्रन्थाग्रं ३००० ) एवं जीवस्य 'त्रिविधकाल' इति त्रिकालविषया, परीक्षा भवति कर्तव्या इति द्वारगाथाद्वय-समासार्थः ॥**

**व्यासार्थस्तु भाष्यादवसेयः,**

---

**ટીકાર્થ :** આ બે દ્વારા ગાથા છે. આની વ્યાખ્યા આ પ્રમાણે-જીવનો નામાદિ નિક્ષેપ કહેવાનો. જીવની પ્રરૂપણા બે પ્રકારના જીવો છે... વગેરે. જીવનું આદાનાદિ લક્ષણ,

શુદ્ધપદવાચ્યત્વાદિ હેતુઓથી જીવનું અસ્તિત્વ, જીવનું દેહથી અન્યત્વ, જીવનું સ્વતઃ અમૂર્તત્વ, જીવના વિકારની પ્રાપ્તિ ન થતી હોવાથી જીવનું નિત્યત્વ, જીવ સ્વકર્મના ફલનો ભોગ કરતો હોવાથી જીવનું કર્તૃત્વ, દેહમાં જ જીવનાં લિંગોની ઉપલબ્ધિ થતી હોવાથી જીવનું દેહવ્યાપિત્વ, યોગાદિથી જીવનું ગુણિત્વ, અગુરુલઘુભાવનાં કારણે જીવનું ઉર્ધ્વગતિત્વ, વિકારરહિત હોવાથી જીવનું નિર્માયત્વ, કર્મની સફલતા અને જીવનું લોકાકાશમાત્ર હોવાદિરૂપ પરિમાણ... આ પ્રમાણે જીવની ત્રણકાલવિષયક પરીક્ષા કરવી. એટલે કે ત્રણેયકાળમાં જીવને વિશે આ ૧૪ દ્વારો વિચારી શકાય છે. અને એ રીતે જીવનું સ્વરૂપ બરાબર જાણી શકાય છે.

આમ બે દ્વારગાથાનો સંક્ષેપથી અર્થ કહ્યો.

વિસ્તારથી અર્થ તો ભાષ્ય દ્વારા જાણવો.

(આમાં દરેકે દરેકનો સ્પષ્ટ અર્થ આગળ કહેશે જ, એટલે કોઈક દ્વારનો અર્થ અત્રે ન સમજાયો હોય તો પણ એ આગળ સમજાઈ જશે.)

---

**तथा च निक्षेपमाह-**

नामंठवणाजीवो दव्वजीवो य भावजीवो य । ओह भवग्गहणंमि य तब्भवजीवे य भावम्मि ॥२२२॥

---

(૧) નિક્ષેપદ્વાર :

**નિર્યુક્તિ-૨૨૨ ગાથાર્થ :** નામ અને સ્થાપનાજીવ, દ્રવ્યજીવ અને ભાવજીવ, (શેષ ટીકાર્થથી સ્પષ્ટ થશે.)

---

**व्याख्या-'<u>नामस्थापनाजीव</u>' इति जीवशब्दः प्रत्येकमभिसंबध्यते, नामजीवः स्थापनाजीव इति, तथा द्रव्यजीवश्च '<u>भावजीवश्च</u>' वक्ष्यमाणलक्षणः, तत्र '<u>ओघ</u>' इति ओघजीवः, '<u>भवग्रहणे चे</u>'ति भवजीवः, '<u>तद्भवजीवश्च</u>' तद्भव एवोत्पन्नः, '<u>भावे</u>' भावजीव इति गाथासमासार्थः ॥**

---

**ટીકાર્થ :** જીવશબ્દ નામ અને સ્થાપના બંને શબ્દો સાથે જોડવો. એટલે નામજીવ, સ્થાપનાજીવ એમ થશે. તથા દ્રવ્યજીવ અને વક્ષ્યમાણલક્ષણવાળો ભાવજીવ. તેમાં ઓઘ એટલે ઓઘજીવ, ભવજીવ અને તે જ ભવમાં ઉત્પન્ન થયેલો હોય તે તદ્ભવજીવ આ ભાવજીવ છે. આ ગાથાનો સંક્ષેપાર્થ થયો.

---

**व्यासार्थं त्वाह-**

नामंठवण गयाओ दव्वे गुणपज्जवेहि रहिउत्ति । तिविहो य होइ भावे ओहे भव तब्भवे चेव ॥६॥ भाष्यम् ॥

---

વિસ્તારથી અર્થ કહે છે.

**ભાષ્ય-૬ ગાથાર્થ** : નામ અને સ્થાપના ગયા. ગુણપર્યાયોથી રહિત તે દ્રવ્ય જીવ, ભાવજીવ, ત્રણ પ્રકારે છે. ઓઘજીવ, ભવજીવ અને તદ્ભવજીવ.

---

**व्याख्या-नामस्थापने गते, क्षुण्णत्वादिति भावः, 'द्रव्य' इति द्रव्यजीवो 'गुणपर्यायाभ्यां' चैतन्यमनुष्यत्वादिलक्षणाभ्यां रहितः, बुद्धिपरिकल्पितो, न त्वसावित्थंविधः संभवतीति, त्रिविधश्च भवति भाव इति, भावजीवत्रैविध्यमाह- ओघजीवो भवजीवस्तद्भवजीवश्चेति, प्रागगाथोक्तमप्येतदित्थंविध-भाष्यकारशैली-प्रामाण्यतोऽदुष्टमेवेति । अन्ये तु पठन्ति-'भावे उ तिहा भणिओ, तं पुणं संखेवओ वोच्छं' 'भाव' इति भावजीवः, 'त्रिधे'ति त्रिप्रकारो 'भणितो' निर्युक्तिकारेण ओघजीवादिः, तमपि च भावार्थमधिकृत्य संक्षेपतो वक्ष्य इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ** : નામસ્થાપના એ જીવભેદો ક્ષુણ્ણ હોવાથી સમજાઈ જ ગયેલા છે. દ્રવ્યજીવ તો એને કહેવાય કે જે ચૈતન્યરૂપી ગુણથી અને મનુષ્યત્વાદિરૂપ પર્યાયથી રહિત હોય. આવો દ્રવ્યજીવ માત્ર બુદ્ધિથી કલ્પાયેલો છે. આવા પ્રકારનો જીવ સંભવતો નથી. (કોઈપણ જીવ ચૈતન્ય = ઉપયોગવાળો તો હોવાનો જ અને કોઈને કોઈ ગતિરૂપી પર્યાયવાળો પણ હોવાનો...)

ભાવજીવ ત્રણ પ્રકારનો છે.

એ ત્રણ ભેદ જ કહે છે. (૧) ઓઘજીવ (૨) ભવજીવ (૩) તદ્ભવજીવ.

**પ્રશ્ન** : આ વાત તો નિર્યુક્તિ ગાથા ૨૨૨માં કહી જ દીધી છે. તો બીજીવાર કેમ કહી ?

**ઉત્તર** : જો કે આ વાત પૂર્વગાથામાં કહી જ દીધી છે. તો પણ ભાષ્યકારની આવા પ્રકારની શૈલીની પ્રામાણિકતા હોવાથી આ કથન નિર્દોષ જાણવું.

કેટલાંકો આ પ્રમાણે પાઠ માને છે કે **भावे उ तिहा** એનો અર્થ આ પ્રમાણે છે કે ભાવજીવ નિર્યુક્તિકારે કહેલ ઓઘજીવાદિરૂપ ત્રણ પ્રકારનો કહેલો છે. તે પણ ભાવાર્થને આશ્રયીને સંક્ષેપથી કહીશ.

तत्रौघजीवमाह-

संते आउयकम्मे धरई तस्सेव जीवई उदए । तस्सेव निज्जराए मओ त्ति सिद्धो नयमएणं ॥७॥ भाष्यम् ॥

તેમાં ઓઘજીવ કહે છે.

**ભાષ્ય-૭ ગાથાર્થ :** આયુષ્યકર્મ વિદ્યમાન હોતે છતે જીવ સંસારમાં રહે છે. તેના જ ઉદયમાં જીવે છે. તેની જ નિર્જરાથી મરે છે. નયમતથી સિદ્ધ થાય છે.

**व्याख्या-'सति' विद्यमान आयुष्ककर्मणि सामान्यरूपे ध्रियते सामान्येनैव तिष्ठति भवोदधौ, कथमित्थमवस्थानमात्राज्जीवत्वमस्येत्याशङ्क्यात्रैवान्वर्थयोजनामाह- 'तस्यैव' ओघायुष्ककर्मणो 'जीवत्युदये' उदये सति जीवत्यासंसारं प्राणान् धारयति, अतो जीवनाज्जीव इति, तस्यैवौघायुष्ककर्मणो 'निर्जरया' क्षयेण, मृत इति, सर्वथा जीवनाभावात्, स च सिद्धो मृतो, नान्यः, विग्रहगतावपि तथाजीवनसद्भावात्, 'नयमतेने'ति सर्वनयमतेनैव मृत इति गाथार्थः ॥**

**ટીકાર્થ :** દેવાયુ, નરકાયુ, તિર્યંચાયુ કે નરાયુ સામાન્યથી કોઈપણ આયુષ્ય વિદ્યમાન હોય ત્યાંસુધી જીવ સંસારસમુદ્રમાં રહે છે. એ પણ સામાન્યથી જ રહે છે. એટલે કે નરકરૂપી સંસારમાં, દેવરૂપી સંસારમાં... એમ વિશેષથી નહિ, પણ સામાન્યથી જ સંસારમાં રહે છે.

(જો વિશેષ આયુષ્ય લઈએ, તો વિશેષ સંસારમાં જીવની સ્થિરતા કહેવાય. જો સામાન્યથી માત્ર આયુષ્ય લઈએ, તો સામાન્યથી જ એની સંસારમાં હાજરી મનાય. દેવાયુના ઉદયવાળો જીવ દેવસંસારમાં હોય એમ કહેવામાં વાંધો નથી. પણ આયુષ્યનાં ઉદયવાળો જીવ દેવસંસારમાં ન કહેવાય. એ તો નરકાદિમાં પણ હોઈ શકે. એટલે ત્યાં તો એમ જ કહેવું કે "આયુષ્યનાં ઉદયવાળો જીવ સંસારમાં હોય...")

**પ્રશ્ન :** આ રીતે સંસારમાં એ રહે છે, એટલા માત્રથી એમાં જીવત્વ શી રીતે મનાય ?

**ઉત્તર** આ આશંકાનો ઉત્તર આપવા અહીં જ અન્વર્થયોજના = વ્યુત્પત્તિઅર્થનું જોડાણ કરે છે. કે ઓઘાયુષ્યકર્મનો ઉદય હોય, ત્યારે જીવ જીવે છે, અર્થાત્ સંસાર રહે ત્યાંસુધી પ્રાણોને ધારણ કરે છે. એટલે જીવતો રહેતો હોવાથી એ જીવ કહેવાય. (આ **જીવ** ધાતુનો વ્યુત્પત્તિઅર્થ ઘટે છે. માટે એ **જીવ** કહેવાય.) તે જ ઓઘાયુષ્યકર્મનાં ક્ષયથી

જીવ મરી જાય છે. કેમકે સર્વથા એના જીવનનો અભાવ થાય છે. તે મરેલા જીવ તરીકે સિદ્ધ જ લેવા.

**પ્રશ્ન** : વિગ્રહગતિમાં એ મૃત ન કહેવાય ?

**ઉત્તર** : ના, વિગ્રહગતિમાં પણ તેવા પ્રકારે જીવનનો સદ્ભાવ છેજ. આશય એ છે કે વિગ્રહગતિમાં પણ આયુષ્યનો ઉદય તો ચાલુ જ હોવાથી એ રીતે જીવન છે જ, માટે ત્યાં પણ એ જીવ જ કહેવાય. સિદ્ધગતિમાં આયુ.નો ઉદય ન હોવાથી ત્યાં એ મૃત કહેવાય.

સિદ્ધજીવ તમામે તમામ નયોનાં મતથી જ મૃત જાણવો.

(ધ્યાનમાં લેવું કે સંસારમાં એક સમય પણ એવો નથી, કે જેમાં જીવને આયુષ્યનો ઉદય ન હોય...)

---

**उक्त ओघजीवितविशिष्ट ओघजीवः,**

**साम्प्रतं भवजीवं तद्भवजीवं चाह-**

जेण य धरइ भवगओ जीवो जेण य भवाउ संकमई । जाणाहि तं भवाउं चउव्विहं तब्भवे दुविहं ॥८॥ भाष्यम् ॥ निक्खेवो त्ति गयं ॥

---

આમ ઓઘજીવનથી વિશિષ્ટ ઓઘજીવ કહેવાઈ ગયો.

હવે ભવજીવ અને તદ્ભવજીવ કહે છે.

**ભાષ્ય-૮ ગાથાર્થ** : જેનાથી ભવમાં રહેલો જીવ રહે છે, જેનાથી ભવમાંથી સંક્રમ કરે છે. તે ભવાયુષ્ય જાણો. તે ચાર પ્રકારે છે. તદ્ભવમાં બે પ્રકારે છે. નિક્ષેપદ્વાર પૂર્ણ થયું.

---

**व्याख्या-'येन च' नारकाद्यायुष्केण 'ध्रियते' तिष्ठति 'भवगतो' नारकादिभवस्थितो जीवः, तथा 'येन च' मनुष्याद्यायुष्केण 'भवात्' नारकादिलक्षणात् 'संक्रामति' याति, मनुष्यादिभवान्तरमिति सामर्थ्याद्गम्यते, 'जानीहि' विद्धि, तदित्थंभूतं 'भवायुः' भवजीवितं, चतुर्विधं नारकतिर्यङ्मनुष्यामरभेदेन, तथा 'तद्भवे' तद्भवविषयम्, आयुरिति वर्तते, तच्च द्विविधं-तिर्यक्तद्भवायुर्मनुष्यतद्भवायुश्च, यस्मात्तावेव मृतौ सन्तौ भूयस्तस्मिन्नेव भव उत्पद्येते, नान्ये, तद्भवजीवितं च तस्मान्मृतस्य तस्मिन्नेवोत्पन्नस्य यत्तदुच्यत इति । अत्रापि च भावजीवाधिकारात्तद्भव-**

जीवितविशिष्टश्च जीव एव ग्राह्यः, जीवितं तु तद्विशेषणत्वादुक्तमिति गाथार्थः ॥ उक्तो निक्षेपः,

---

ટીકાર્થ : જે નારકાદિ આયુષ્યથી જીવ નારકાદિ ભવમાં રહેનાર બને છે, તથા જે મનુષ્યાદિ આયુષ્યથી જીવ નારકાદિ ભવમાંથી નીકળી મનુષ્યાદિ ભવમાં જાય છે તે આવા પ્રકારનું આયુષ્ય એ ભવાયુ = ભવજીવન જાણો. અહીં **भवात् संक्रामति** લખેલું છે, પણ કયાં સંક્રમ પામે ? એ દર્શાવેલું નથી. પણ એ સામર્થ્યથી સમજી શકાય છે કે **मनुष्यादिभवान्तरं संक्रामति।**

નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ ચાર પ્રકારે ભવજીવન છે. (આ આયુષ્યથી જીવનારો જીવ ભવજીવ)

તથા તદ્ભવસંબંધી આયુષ્ય બે પ્રકારે છે. તિર્યંચતદ્ભવાયુ અને મનુષ્યતદ્ભવાયુ...

(પ્રશ્ન : તદ્ભવાયુ ચાર પ્રકારે કેમ ન મળે ?)

ઉત્તર તિર્યંચ અને મનુષ્ય જ એવા છે કે જેઓ મરીને પાછા તિર્યંચ અને મનુષ્યભવમાં ઉત્પન્ન થઈ શકે છે. દેવ અને નારક નહિ. અને તદ્ભવજીવન તો તે ભવમાંથી મરીને તે જ ભવમાં ઉત્પન્ન થયેલાનું જે જીવન છે, તે જ કહેવાય છે. (તિર્યંચ મરીને તિર્યંચમાં જ જન્મે, તો એનું તદ્ભવજીવન ગણાય. એમ મનુષ્ય મરીને મનુષ્યમાં જ જન્મે તો એ પણ તદ્ભવજીવન ગણાય. પણ દેવ કે નારકમાં આવું બનતું નથી, એટલે તદ્ભવજીવન બે જ પ્રકારે મળે. આ જીવનવાળો જીવ તદ્ભવજીવ ગણાય.)

પ્રશ્ન : આપણે તો ભાવજીવની વાત ચાલે છે. એમાં આ તદ્ભવજીવનનું વર્ણન કરવાથી શું વળે ?

ઉત્તર ભવજીવમાં અને તદ્ભવજીવમાં પણ ભાવજીવનો અધિકાર હોવાથી તદ્ભવજીવનને મુખ્ય ન લેતાં તદ્ભવજીવનથી વિશિષ્ટ એવો જીવ જ લેવો. તદ્ભવજીવન મુખ્ય તરીકે ન લેવું. (કેમકે એનો અત્રે અધિકાર નથી.)

પ્રશ્ન : તો પછી ગાથામાં તદ્ભવજીવિતનું નિરૂપણ શા માટે કર્યું ?

ઉત્તર : ભવજીવિત કે તદ્ભવજીવિત તો જીવનું વિશેષણ હોવાથી અત્રે કહેવાયેલું છે. બાકી મુખ્યતા તો જીવની જ છે.

નિક્ષેપ કહ્યો.

---

इदानीं प्ररूपणामाह-

दुविहा य हुंति जीवा सुहुमा तह बायरा य लोगम्मि । सुहुमा य सव्वलोए दो चेव य बायरविहाणे ॥९॥ भाष्यम् ॥

---

હવે પ્રરૂપણા કહે છે.

(૨) પ્રરૂપણા :

ભાષ્ય-૯ ગાથાર્થ : લોકમાં બે પ્રકારે જીવો છે. સૂક્ષ્મ અને બાદર. સૂક્ષ્મ સર્વલોકમાં છે, બાદરભેદ બે છે.

---

**व्याख्या-'द्विविधाश्च' द्विप्रकाराश्च, चशब्दान्नवविधाश्च पृथिव्यादिद्वीन्द्रियादिभेदेन भवन्ति जीवाः, द्वैविध्यमाह-सूक्ष्मास्तथा बादराश्च, तत्र सूक्ष्मनामकर्मोदयात्सूक्ष्मा बादरनामकर्मोदयाच्च बादरा इति, 'लोक' इति लोकग्रहणमलोके जीवभवनव्यवच्छेदार्थं, तत्र सूक्ष्माश्च सर्वलोक इति, चशब्दस्यावधारणार्थत्वात्सूक्ष्मा एव सर्वलोकेषु, न बादराः, क्वचित्तेषामसंभवात्, 'द्वे एव च' पर्याप्तकापर्याप्तकलक्षणे 'बादरविधाने' बादरविधी, चशब्दात्सूक्ष्मविधाने च, तेषामपि पर्याप्तकापर्याप्तकरूपत्वादिति गाथार्थः ॥**

---

ટીકાર્થ : જીવો બે પ્રકારનાં છે. **च** શબ્દથી નવપ્રકારનાં છે એ પણ સમજવું. એમાં પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ એ પાંચ અને બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય એ ચાર એમ ૯ ભેદ થાય.

બે ભેદ દર્શાવે છે કે સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારે જીવ છે.

તેમાં જીવો સૂક્ષ્મનામકર્મનાં ઉદયથી સૂક્ષ્મ બને, બાદર નામકર્મનાં ઉદયથી બાદર બને. **लोके** શબ્દ જે લખ્યો છે, એ અલોકમાં જીવની હાજરીનો વ્યવચ્છેદ કરવા માટે છે. અર્થાત્ જીવ લોકમાં જ છે, અલોકમાં નથી.

તેમાં સૂક્ષ્મજીવો સર્વલોકમાં છે. **च** શબ્દ અવધારણ અર્થવાળો હોવાથી આ પ્રમાણે અર્થ કરવો કે સૂક્ષ્મજીવો જ સર્વલોકમાં છે. બાદર બધે નથી. કેમકે ક્યાંક બાદરજીવોનો સંભવ નથી. બાદરના ભેદો બે જ છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા. એજ પ્રમાણે સૂક્ષ્મનાં પણ બે જ ભેદો છે. કેમકે તેઓ પણ પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે પ્રકારે છે. આ પદાર્થ **च** શબ્દથી સમજવાનો છે.

---

**एतदेव स्पष्टयन्नाह-**

सुहुमा य सव्वलोए परियावन्ना भवंति नायव्वा । दो चेव बायराणं पज्जत्तियरे अ नायव्वा ॥१०॥ भाष्यम् ॥ परूवणादारं गयं ति ॥

---

આ જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે કે

**ભાષ્ય-૧૦ ગાથા** ' : સૂક્ષ્મજીવો સર્વલોકમાં પર્યાયાપન્ન જાણવા. ાદરોના પર્યાપ્તા અને અપર્યાપ્તા બેજ ભેદો જાણવા.

---

**व्याख्या-सूक्ष्मा एव पृथिव्यादयः 'सर्वलोके' चतुर्दशरज्ज्वात्मके 'पर्यायापन्ना भवन्ति ज्ञातव्याः' 'पर्यायापन्ना' इति तमेव सूक्ष्मपर्यायमापन्नाः भावसूक्ष्मा न तु भूतभाविनो द्रव्यसूक्ष्मा इति भावः । तथा द्वौ भेदौ बादराणां पृथिव्यादीनां, चशब्दात् सूक्ष्माणां च, "पर्याप्तकेतरौ ज्ञातव्यौ" पर्याप्तकापर्याप्तकाविति गाथार्थः ॥ उक्ता प्ररूपणा,**

---

**ટીકાર્થ :** ચૌદરાજ લોકરૂપ સર્વલોકમાં પૃથ્વ્યાદિ સૂક્ષ્મજીવો જ પર્યાયાપન્ન જાણવા. પર્યાયાપન્ન એટલે તે જ સૂક્ષ્મપર્યાયને પામેલા એવા ભાવસૂક્ષ્મજીવો, ભૂતકાળમાં થયેલા સૂક્ષ્મજીવો કે ભવિષ્યમાં થનારા સૂક્ષ્મજીવો ન લેવા, કે જેઓ દ્રવ્યસૂક્ષ્મ છે. (સૂક્ષ્મજીવોનાં ચાર નિક્ષેપા કરીએ, એમાં વર્તમાનમાં સૂક્ષ્મ તરીકે જે હોય તે ભાવસૂક્ષ્મ અને જેઓ ભૂતકાળમાં સૂક્ષ્મ હતાં, ભવિષ્યમાં સૂક્ષ્મ બનશે... એ બધા દ્રવ્યસૂક્ષ્મજીવો કહેવાય.)

બાદર પૃથ્વી વગેરેનાં બે ભેદ છે. **च** શબ્દથી સમજવું કે સૂક્ષ્મ પૃથ્વી વગેરેનાં પણ બે ભેદ છે. (૧) પર્યાપ્તા (૨) અપર્યાપ્તા.

પ્રરૂપણા કહેવાઈ ગઈ.

---

**अधुना लक्षणमुच्यते, तथा चाह भाष्यकारः-**

लक्खणमियाणि दारं चिंधं हेऊ अ कारणं लिंगं । लक्खणमिइ जीवस्स उ आयाणाई इमं तं च ॥११॥ भाष्यम् ॥

---

હવે લક્ષણ કહેવાય છે. ભાષ્યકાર કહે છે કે

**(૩) લક્ષણ દ્વાર :**

**ભાષ્ય-૧૧ :** હવે લક્ષણદ્વાર છે. લ ણ એટલે ચિહ્ન, હેતુ, કારણ, લિંગ... જીવના લક્ષણ આદાનાદિ છે. તે આ છે.

व्याख्या-लक्षणमिदानीं द्वारमवसरप्राप्तम्, अस्य च प्रतिपत्त्यङ्गतया प्रधानत्वात्सामान्यतस्तावत्तत्स्वरूपमेवाह-चिह्नं हेतुश्च कारणं लिङ्गं लक्षणमिति । तत्र चिह्नम्-उपलक्षणं, यथा पताका देवकुलस्य, हेतुः-निमित्तलक्षणं यथा कुम्भकारनैपुण्यं घटसौन्दर्यस्य, कारणम्-उपादानलक्षणं, यथा मृन्मसृणत्वं घटबलीयस्त्वस्य, लिङ्गं-कार्यलक्षणं यथा धूमोऽग्नेः, पर्यायशब्दा वा एत इति । लक्षणमित्येतल्लक्षणं लक्ष्यतेऽनेन परोक्षं वस्त्वितिकृत्वा, जीवस्य पुनरादानादि लक्षणमनेकप्रकारमिदं, तच्च वक्ष्यमाणमिति गाथार्थः ॥

ટીકાર્થ : હવે લક્ષણદ્વાર અવસર પ્રાપ્ત છે. આ દ્વાર જીવનો બોધ કરાવવાનું કારણ છે, એટલે પ્રધાન છે. એટલે જ સૌથી પહેલાં તો સામાન્યથી લક્ષણનું સ્વરૂપ જ દર્શાવે છે કે ચિહ્ન, હેતુ, કારણ, લિંગ એ લક્ષણ `

તેમાં

ચિહ્ન : એટલે ઉપલક્ષણ. જેમ ધજા મંદિરનું ઉપલક્ષણ = ચિહ્ન છે. (ધજા દ્વારા મંદિરનો બોધ થાય.)

હેતુ : એટલે નિમિત્તરૂપ. જેમકે કુંભારની નિપુણતા ઘટના સૌંદર્યનું નિમિત્ત છે.

કારણ એટલે ઉપાદાનરૂપ કારણ. જેમકે માટીની લીસાઈ ઘટની બલવત્તામાં ઉપાદાનકારણ છે.

લિંગ : એટલે કાર્યરૂપ લિંગ. જેમકે ધૂમ અગ્નિનું કાર્યરૂપ લિંગ

આમ આ બધા જુદા જુદા અર્થો બતાવ્યા.

અથવા તો આ બધા જ પર્યાયવાચી શબ્દો છે.

આ બધું લક્ષણ છે. કેમકે આના દ્વારા પરોક્ષવસ્તુ જણાય છે. (ધજાથી મંદિર જણાય, વગેરે)

આમ સામાન્યથી લક્ષણનું સ્વરૂપ બતાવ્યું.

પ્રસ્તુતમાં તો જીવનું લક્ષણ શું છે ? એ બતાવવાનું છે.

જીવનું લક્ષણ તો આદાનાદિ અનેક પ્રકારનું છે. તે આગળ કહેવાશે.

आयाणे परिभोगे जोगुवओगे कसायलेसा य । आणापाणू इंदिय बंधोदयनिज्जरा चेव ॥२२३॥

चित्तं चेयण सन्ना विन्नाणं धारणा य बुद्धी अ । ईहामईवियक्का जीवस्स उ लक्खणा एए ॥२२४॥ दारं ॥

व्याख्या - एतत्प्रतिद्वारगाथाद्वयम्, अस्य व्याख्या-आदानं परिभोगस्तथा योगोपयोगौ कषायलेश्याश्च तथाऽऽनापानौ इन्द्रियाणि बन्धोदयनिर्जराश्चैव, तथा चित्तं चेतना संज्ञा विज्ञानं धारणा च बुद्धिश्च तथा ईहामतिवितर्का जीवस्य तु लक्षणान्येतानि, तुशब्दस्यावधारणार्थत्वाज्जीवस्यैव नाजीवस्य इति प्रतिद्वारगाथाद्वयसमासार्थः ॥ व्यासार्थस्तु भाष्यादवसेयः,

---

નિર્યુક્તિ-૨૨૩-૨૨૪ ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

ટીકાર્થ : આ બે પ્રતિદ્વારગાથાઓ છે. આની વ્યાખ્યા-આદાન, પરિભોગ, યોગ, ઉપયોગ, કષાય, લેશ્યા, આનાપાન = શ્વાસોચ્છ્વાસ, ઈન્દ્રિયો, બન્ધ, ઉદય, નિર્જરા, ચિત્ત, ચેતના, સંજ્ઞા, વિજ્ઞાન, ધારણા, બુદ્ધિ, ઈહા, મતિ, વિતર્ક, આ જીવનાં લક્ષણો છે.

तु શબ્દ અવધારણાર્થવાળો હોવાથી આ રીતે અર્થ થશે કે "આ જીવનાં ણો છે, અજીવનાં નહિ." આ બે પ્રતિદ્વારગાથાઓનો સમાસથી અર્થ કહ્યો.

વિસ્તારથી અર્થ તો ભાષ્યથી જાણવો.

---

तच्चेदम्-

लक्खिज्जइत्ति नज्जइ पच्चक्खियरो व जेण जो अत्थो । तं तस्स लक्खणं खलु धूमुण्हाइ व्व अग्गिस्स ॥१२॥ भाष्यम् ॥

---

તે ભાષ્ય આ છે.

ભાષ્ય-૧૨ ગાથાર્થ : જેના દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ જે અર્થ લક્ષાય = જણાય, તે તેનું લક્ષણ છે. જેમ ધૂમ, ઉષ્ણતા અગ્નિનું લક્ષણ છે.

---

व्याख्या-लक्ष्यत इति ज्ञायते कोऽसावित्याह-'प्रत्यक्षः' अक्षगोचरापन्नः 'इतरो वा' परोक्षः 'येन' उष्णत्वादिना 'योऽर्थः' अग्न्यादिस्तत्तस्य लक्षणं खल्विति, तदेव स्पष्टयति-धूमौष्ण्यादिवदग्नेरिति, स ह्यौष्ण्येन प्रत्यक्षो लक्ष्यते, परोक्षो धूमेनेति गाथार्थः ॥

---

ટીકાર્થ : लक्ष्यते એટલે ज्ञायते । પ્રત્યક્ષ એટલે ઈન્દ્રિયનો વિષય બનેલો. ઈતર = પરોક્ષ ઉષ્ણતાદિ. જેના દ્વારા અગ્ન્યાદિ જે અર્થ જણાય, તે તેનું લક્ષણ છે. આ જ વાત

સ્પષ્ટ કરે છે કે ધૂમ ઉષ્ણતા વગેરે જેમ અગ્નિનું લક્ષણ છે. તે અગ્નિ ઉષ્ણતા દ્વારા પ્રત્યક્ષ જણાય છે. ધૂમ દ્વારા પરોક્ષ જણાય છે. (તપાવેલા લોખંડનાં ગોળાને સ્પર્શીએ, એ ઉષ્ણ અનુભવાય એટલે બોધ થાય કે આમાં અગ્નિ છે. આમાં અગ્નિ સ્પર્શેન્દ્રિયનો વિષય બનેલો જ છે, એટલે એ પ્રત્યક્ષ છે. પણ અગ્નિનો બોધ ઉષ્ણતાને લીધે થયો છે. એટલે અહીં ઉષ્ણતા દ્વારા પ્રત્યક્ષ અગ્નિ જણાયો એમ કહેવાય. ધૂમ દ્વારા અગ્નિનો ોધ થાય, ત્યાં અગ્નિ કોઈપણ ઈન્દ્રિય સાથે સંપર્ક પામ્યો નથી, એટલે ત્યાં એ પરોક્ષ જ છે. આમ ત્યાં ધૂમથી પરોક્ષ અગ્નિનો બોધ થાય...)

---

तत्रादानादीनां दृष्टान्तानाह-

अयगार कूर परसू अग्गि सुवण्णे अ खीरनरवासी । आहारो दिट्ठंता आयाणाईण जहसंखं ॥१३॥ भाष्यम्॥

**व्याख्या-अयस्कारः कूरस्तथा परशुरग्निः सुवर्णं क्षीरनरवास्यः तथा आहारो दृष्टान्ता 'आदानादीनां' प्रक्रान्तानां यथासंख्यं, प्रतिज्ञाद्युल्लङ्घनेन चैतदभिधानं परोक्षार्थप्रतिपत्तिं प्रति प्रायः प्रधानाङ्गताख्यापनार्थमिति गाथार्थः ॥**

---

તેમાં **आदानादि** લક્ષણોનાં દૃષ્ટાન્તો દર્શાવે છે.

**ભાષ્ય-૧૩ ગાથાર્થ :** ટીકાર્થથી સ્પષ્ટ થશે.

**ટીકાર્થ :** લુહાર, ભાત, પરશુ, અગ્નિ, સુવર્ણ, દૂધ, મનુષ્ય, વાસી (કરવત જેવું સાધન કે તલવાર), આહાર આ પ્રસ્તુત આદાનાદિના ક્રમશઃ દૃષ્ટાન્તો છે.

**પ્રશ્ન :** પહેલાં પ્રતિજ્ઞા, પછી હેતુ અને પછી દૃષ્ટાન્તોનું કથન કર્યું છે,. એ એવું દર્શાવવા માટે કે પરોક્ષ પદાર્થોનાં બોધ પ્રત્યે પ્રાયઃ દૃષ્ટાન્તો પ્રધાનકારણ છે.

---

**साम्प्रतं प्रयोगानाह-**

देहिंदियाइरित्तो आया खलु गज्झगाहगपओगा । संडासा अयपिंडो अययाराइव्व विन्नेओ ॥१४॥ भाष्यम् ॥

**व्याख्या-देहेन्द्रियातिरिक्त आत्मा, खलुशब्दो विशेषणार्थः, कथंचित्, न सर्वथाऽतिरिक्त एव, तदसंवेदनादिप्रसङ्गादिति, अनेन प्रतिज्ञार्थमाह, प्रतिज्ञा पुनः-अर्थेन्द्रियाणि आदेयादानानि विद्यमानादातृकाणि, कुत इत्याह-ग्राह्यग्राहकप्रयोगात्, ग्राह्या-रूपादयः ग्राहकाणि-इन्द्रियाणि तेषां प्रयोगः-स्वफलसाधनव्यापारस्तस्मात्, न**

ह्यमीषां कर्मकरणभावः कर्तारमन्तरेण स्वकार्यसाधनप्रयोगः संभवति, अनेनापि हेत्वर्थमाह, हेतुश्चादेयादानरूपत्वादिति । दृष्टान्तमाह-संदंशाद् आदानात् अयस्पिण्डाद् आदेयात् 'अयस्कारादिवत्' लोहकारवद्विज्ञेयः अतिरिक्तो विद्यमान आदातेत्यनेनापि दृष्टान्तार्थमाह, दृष्टान्तस्तु संदंशकायस्पिण्डवत्, यस्तु तदनतिरिक्तः न ततो ग्राह्यग्राहकप्रयोगः, यथा देहादिभ्य एवेति व्यतिरेकार्थः, व्यतिरेकस्तु यानि विद्यमानादातृकाणि न भवन्ति तान्यादानादेयरूपाण्यपि न भवन्ति, यथा मृतकद्रव्येन्द्रियादीनीति गाथार्थः ॥ उक्तमादानद्वारम्,

---

હવે અનુમાન પ્રયોગો કહે છે. (લક્ષણ પોતે હેતુ બની જશે.)

ભાષ્ય-૧૪ ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

ટીકાર્થ : આત્મા દેહ અને ઈન્દ્રિયથી ભિન્ન છે. ગાથામાં **खलु** શબ્દ વિશેષ અર્થ બતાવવા માટે છે. વિશેષ અર્થ એ કે આત્મા કોઈક અપેક્ષાએ જ દેહેન્દ્રિયભિન્ન છે. સર્વથા દેહેન્દ્રિયભિન્ન નથી. જો સર્વથા દેહેન્દ્રિયભિન્ન હોય, તો દેહેન્દ્રિયના સંવેદન ન થવાની આપત્તિ આવે. (જેમ છગનનો આત્મા મગનનાં દેહેન્દ્રિયથી એકાન્તે ભિન્ન છે, તો મગનના દેહને ગમે તે થાય, મગનની ઈન્દ્રિયો ગમે તે કરે, છગનને એનો કોઈ જ અનુભવ થતો નથી. તો એ જ રીતે છગનનો આત્મા પોતાના દેહેન્દ્રિયથી એકાન્તે ભિન્ન હોય તો છગનનાં દેહને ભલે ગમે તે થાય... છગનને તેનું સંવેદન થવું જ ન જોઈએ, પણ થાય તો છે જ. દેહને પડતું દુઃખ આત્મા અનુભવે છે, ઈન્દ્રિયોની પ્રવૃત્તિ આત્મા અનુભવે છે... માટે આત્મા દેહેન્દ્રિયથી એકાન્તે ભિન્ન નથી. કંથચિત્ જ ભિન્ન છે.)

આનાથી પ્રતિજ્ઞાનો ભાવાર્થ કહ્યો.

પ્રતિજ્ઞા તો આ પ્રમાણે થશે કે

**अर्थेन्द्रियाणि आदेयादानानि विद्यमानादातृकाणि**

(અર્થ એટલે ઘટાદિ પદાર્થો, ઈન્દ્રિય એટલે ચક્ષુરાદિ. ઘટાદિ પદાર્થો આદેય = ગ્રાહ્ય છે. ઈન્દ્રિયો આદાન = ગ્રહણ = અર્થજ્ઞાનનું સાધન છે. આ બંને વસ્તુઓ વચ્ચે આદાતૃ = ગ્રાહક = ઘટાદિને ઈન્દ્રિય દ્વારા જાણનાર કોઈક છે...)

"આવું કયા આધારે કહી શકાય ?" એ પ્રશ્ન થાય, એટલે એનો ઉત્તર આપે છે કે **ग्राह्यग्राहकप्रयोगात्** ગ્રાહ્ય એટલે રૂપાદિ. ગ્રાહક એટલે ઈન્દ્રિયો. (ખ્યાલ રાખવો કે અહીં ભલે ઈન્દ્રિયોને ગ્રાહક કહી છે, પણ ગ્રાહક શબ્દનો અર્થ ગ્રહણ = સાધન = કરણ જ કરવો. જેમ બોલપેન માટે **लेखिनी** શબ્દ વપરાય, પણ ખરેખર એ લખનાર નથી,

એ તો લખવાનું સાધન છે. એમ ઈન્દ્રિયો સ્વયં ગ્રાહક નથી. પણ ઘટાદિ અર્થોનું જે જ્ઞાન થાય છે, તેનું સાધન છે.)

આ ગ્રાહ્ય અને ગ્રાહકનો પ્રયોગ એટલે પોતાના ફલને સાધવાનો વ્યાપાર. (ઘટાદિનું ફલ છે સ્વજ્ઞાન. ઈન્દ્રિયોનું ફલ છે ઘટાદિજ્ઞાન. આમ ઘટ અને ઈન્દ્રિય બંને ભેગા મળીને ઘટજ્ઞાનરૂપ સ્વફલને સાધે છે. આ ગ્રાહ્યગ્રાહકનો સ્વફલસાધનપ્રયોગને લીધે ઉપરનું સાધ્ય સિદ્ધ થાય છે.)

આશય એ છે કે ઘટ એ કર્મ છે, ઈન્દ્રિય કરણ છે. આ બંનેમાં જે કર્મકરણભાવ છે, જે સ્વફલસાધનપ્રયોગરૂપ છે, તે કર્તા વિના સંભવતો નથી. જો કર્તા ન હોય તો ઘટ અને ઈન્દ્રિય ઘટ જ્ઞાન રૂપી પોતાના ફલને સાધવાની કોઈપણ પ્રવૃત્તિ કરી શકતા જ નથી. (દેવદત્ત ચક્ષુથી ઘટને જુએ છે. આમાં ચક્ષુ કરણ છે, ઘટ કર્મ છે અને દેવદત્ત કર્તા છે, જો કર્તા જ ન હોય તો ચક્ષુથી ઘટને જોવાની ક્રિયા અસંભવિત બને... એ આશય છે.)

આ **ग्राह्यग्राहकप्रयोगात्** એ શબ્દથી પણ હેત્વર્થ બતાવ્યો. (હેતુ નથી બતાવ્યો) હેતુ તો આ છે. **आदेयादानरूपत्वात्**

હવે દૃષ્ટાન્ત કહે છે કે જેમ આદાનભૂત, પકડવાનાં સાધનરૂપ સાણ ો અને આદેયભૂત લોખંડપિંડ કરતાં આદાતા લોહકાર જુદો છે, એમ અત્રે સમજવું.

આના દ્વારા પણ દૃષ્ટાન્તનો અર્થ કહ્યો છે. (દૃષ્ટાન્ત નહિ) દૃષ્ટાન્ત તો **संदंशक-अयस्पिण्डवत्** એ બનશે. (આનો અન્વયાર્થ આ પ્રમાણે થશે કે "જે જે આદેયાદાનરૂપ હોય, તે તે વિદ્યમાનાદાતૃક હોય.") આનો વ્યતિરેકાર્થ આ થશે કે "જે દેહેન્દ્રિય-અભિન્ન હોય તેનાથી ગ્રાહ્યગ્રાહકપ્રયોગ ન થાય. જેમકે દેહાદિ એ દેહેન્દ્રિય-અભિન્ન છે, તો એકલા દેહાદિથી ગ્રાહ્ય-ગ્રાહકપ્રયોગ થતો નથી જ. (મડદા દ્વારા કદિ જ્ઞાન થતું નથી.) આ વ્યતિરેકનો અર્થ છે, વ્યતિરેક તો આ પ્રમાણે થાય. "જે જે વિદ્યમાનાદાતૃક ન હોય તે તે આદાનાદેયરૂપ પણ ન હોય. જેમકે મડદારૂપ દ્રવ્ય અને ઈન્દ્રિયો. ત્યાં આદાતા વિદ્યમાન નથી, તો મૃતકનાં ઘટાદિ દ્રવ્યો અને ઈન્દ્રિયો આદેય આદાનરૂપ બનતાં જ નથી.

(પ્રતિજ્ઞાર્થ અને પ્રતિજ્ઞા, હેત્વર્થ અને હેતુ, વ્યતિરેકાર્થ અને વ્યતિરેક આમાં ફરક છે. પ્રતિજ્ઞાર્થમાં પ્રતિજ્ઞાનો સાર = ભાવાર્થ સમજાવાય છે. એમાં શબ્દો વધારે પણ હોય.... જ્યારે પ્રતિજ્ઞા તો નિયત સ્વરૂપવાળી હોય. એમ બધામાં સમજવું...)

આદાનદ્વાર કહેવાઈ ગયું.

---

**अधुना परिभोगद्वारमाह-**

**देहो सभोत्तिओ खलु भोज्जत्ता ओयणाइथालं व । अन्नप्पउत्तिगा खलु जोगा परसुव्व करणत्ता ॥१५॥ भाष्यम् ॥**

**व्याख्या-देह: सभोक्तृक: खल्विति प्रतिज्ञा, भोग्यत्वादिति हेतु:, ओदनादिस्थालवत्-स्थालस्थितौदनवदिति दृष्टान्त:, भोग्यत्वं च देहस्य जीवेन तथा निवसतोपभुज्यमानत्वादिति । उक्तं परिभोगद्वारम्, अधुना योगद्वारमाह-अन्यप्रयोक्तृका: खलु योगा:, योगा:-साधनानि मन:प्रभृतीनि करणानीति प्रतिज्ञार्थ:, करणत्वादिति हेतु:, परशुवदिति दृष्टान्त: । भवति च विशेषे पक्षीकृते सामान्यं हेतु:- यथा अनित्यो वर्णात्मक: शब्द:, शब्दत्वात्, मेघशब्दवदिति गाथार्थ: ॥ उक्तं योगद्वारं,**

---

હવે પરિભોગ દ્વાર કહે છે.

ભાષ્ય-૧૫ ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

ટીકાર્થ "દેહ ભોક્તાવાળો છે." આ પ્રતિજ્ઞા છે. **भोग्यत्वात्** એ હેતુ છે. **ओदनादिस्थालवत्** એ દૃષ્ટાન્ત છે. (જો કે ઓદનનો થાળ ભોગ્ય છે જ નહિ, લોકો કંઈ થાળને ખાતા નથી. પરંતુ ઓદન ભોગ્ય છે એટલે જ વૃત્તિકાર ખુલાસો કરે છે કે) થાળમાં રહેલા ઓદનની જેમ... આ પ્રમાણે દૃષ્ટાન્ત લેવું.

પ્રશ્ન : દેહ ભોગ્ય શી રીતે ?

ઉત્તર : તે રીતે દેહમાં રહેતાં જીવથી દેહ ઉપભોગ કરાય છે એટલે દેહ ભોગ્ય છે. (**तथा निवसता** માં **तथा** શબ્દ એટલા માટે કે મૃતદેહમાં કીડા વગેરે જન્મે, પણ તેઓ એ દેહમાં રહેતાં હોવા છતાં દેહથી અભેદરૂપે નથી. તેમનો દેહ જુદો જ છે... એમ યથાયોગ્ય અર્થ વિચારી લેવો.)

પરિભોગદ્વાર કહેવાઈ ગયું.

હવે યોગદ્વાર કહે છે.

**योगा: अन्यप्रयोक्तृका:** અર્થાત્ યોગોનો પ્રયોગ કરનાર કોઈક જુદો જ પદાર્થ છે. અહીં યોગો એટલે સાધન-મન વગેરે કરણો... આ પ્રતિજ્ઞાનો અર્થ છે. **करणत्वात्** એ હેતુ છે. **परशुवत्** એ દૃષ્ટાન્ત છે. (અહીં પ્રતિજ્ઞાર્થ અને પ્રતિજ્ઞા એક જ છે, એમ સમજવું. કેમકે પ્રતિજ્ઞાર્થ બતાવ્યો, પણ પ્રતિજ્ઞા દર્શાવી નથી.)

(પ્રશ્ન : મન વગેરે યોગો = કરણ એ પક્ષ છે, અને કરણત્વ એ હેતુ છે. હવે પક્ષ પણ કરણભૂત અને હેતુ પણ કરણભૂત હોય તો એ શી રીતે સંગત થાય. પક્ષ અને હેતુ જુદા હોવા જોઈએ. જો પક્ષ અને હેતુ એકજ હોય તો તો હેતુ બતાવવાની જરૂર જ ન રહે, પક્ષ દ્વારા જ સાધ્યસિદ્ધિ થઈ જાય.)

ઉત્તર : વિશેષપદાર્થ પક્ષ તરીકે કરેલો હોય ત્યારે સામાન્યપદાર્થ હેતુ બની શકે છે. દા.ત. **वर्णात्मकः शब्दः अनित्यः शब्दत्वात् मेघशब्दवत्** અહીં શબ્દત્વ હેતુ એ સામાન્ય છે. બધા જ શબ્દોમાં રહેલ શબ્દત્વ એ હેતુ તરીકે આવી જાય. જયારે વર્ણાત્મક શબ્દ એ વિશેષ છે. કેમકે અ,બ,ક વગેરે શબ્દો જ પક્ષરૂપે બનશે, મેઘનાં, વિજળીનાં, ભરતીનાં... શબ્દો એ પક્ષ ન બને. કેમકે એ વર્ણાત્મક નથી. એટલે વિશેષપદાર્થ પક્ષ તરીકે છે. તો જ્યારે વિશેષપદાર્થ પક્ષ તરીકે હોય, ત્યારે સામાન્યપદાર્થ હેતુ બની શકે. પ્રસ્તુતમાં પણ દાતરડું, બોલપેન, મનપ્રભૃતિ યોગો વગેરે ઘણાં બધા કરણોમાંથી માત્ર યોગરૂપી વિશેષકરણ જ પક્ષ તરીકે દર્શાવેલું છે. એટલે કરણત્વરૂપી સામાન્યકરણ એ હેતુ બને એમાં કોઈ દોષ નથી.

હા ! જો પક્ષ સામાન્ય હોય, તો હેતુ સામાન્ય ન લઈ શકાય. કેમકે એમાં સાધ્યસિદ્ધિ અસંભવિત બને. દા.ત. **पर्वतो वह्निमान् पर्वतत्वात्** આ અનુમાનમાં પક્ષ તરીકે સામાન્યપર્વત લો, તો એનો અર્થ એ કે તમામે તમામ પર્વતો પક્ષરૂપે છે, અર્થાત્ કોઈપણ પર્વત ઉપર વહ્નિની સિદ્ધિ થઈ નથી, પણ આ અનુમાન દ્વારા કરવાની છે. હવે આ પરિસ્થિતિમાં જો હેતુ પણ પર્વતત્વરૂપ સામાન્ય લઈએ, તો મુશ્કેલી એ થાય કે "જયાં જયાં પર્વતત્વ હોય, ત્યાં ત્યાં વહ્નિ હોય" આ વ્યાપ્તિને સાચી પાડનાર કોઈપણ દૃષ્ટાન્ત ન મળે. કેમકે પર્વતત્વ પર્વતમાં જ રહે, અને હજી કોઈપણ પર્વતમાં વહ્નિની સિદ્ધિ તો થઈ જ નથી. તો પછી દૃષ્ટાન્ત તરીકે કોઈપણ ન મળતા મુશ્કેલી ઉભી થાય. સાધ્યસિદ્ધિ ન થાય.

હા ! **शत्रुंजयपर्वतो वह्निमान् पर्वतत्वात्** અનુમાન કરો તો વાંધો ન આવે. કેમકે શત્રુંજયપર્વત એ વિશેષપક્ષ છે, પર્વતત્વ હેતુ સામાન્ય છે. અહીં ગિરનારાદિપર્વત દૃષ્ટાન્ત તરીકે લઈ શકાય કે જેમાં પર્વતત્વ અને વહ્નિ બંનેની સિદ્ધિ હોય, અને એ અનુસારે અનુમાન કરી શકાય.

આમ પ્રસ્તુતમાં પણ આ પદાર્થ વિચારી લેવો...)

યોગદ્વાર કહેવાઈ ગયું.

साम्प्रतमुपयोगद्वारमाह-

उवओगा नाभावो अग्गिव्व सलक्खणापरिच्चागा । सकसाया नाभावो पज्जयगमणा सुवण्णं व ॥१६॥ भाष्यम् ॥

व्याख्या-'<u>उपयोगात्</u>' साकारानाकारभेदभिन्नान्नाभावो, जीव इति गम्यते, कुत इत्याह-'<u>स्वलक्षणापरित्यागाद्</u>' उपयोगलक्षणासाधारणात्मीयलक्षणापरित्यागात्, अग्निवद्, यथाऽग्निरौष्ण्यादिस्वलक्षणापरित्यागान्नाभावः तथा जीवोऽपीति प्रयोगार्थः, प्रयोगस्तु-सन्नात्मा, स्वलक्षणापरित्यागाद्, अग्निवदिति । उक्तमुपयोगद्वारम्, अधुना कषायद्वारमाह-सकषायत्वाद्-अचेतनविलक्षणक्रोधादिपरिणामोपेतत्वादित्यर्थः, नाभावो जीवः, कुत इत्याह-पर्यायगमनात्-क्रोधमानादिपर्यायप्राप्तेः, सुवर्णवत्, कटकादिपर्यायगमनोपेतसुवर्णवदिति प्रयोगार्थः, प्रयोगस्तु-सन्नात्मा, पर्यायगमनात्, सुवर्णवदिति गाथार्थः ॥ उक्तं कषायद्वारम्,

---

હવે ઉપયોગ દ્વાર કહે છે.

**ભાષ્ય-૧૬ ગાથાર્થ :** ટીકાર્થથી સ્પષ્ટ થશે.

**ટીકાર્થ :** જીવ સાકાર અને અનાકાર એમ બે ભેદથી ભિન્ન = બે સ્વરૂપી એવા ઉપયોગને લીધે અભાવ રૂપ નથી. **जीव** શબ્દ લખ્યો નથી, પણ એ સમજી લેવાનો છે.

**પ્રશ્ન :** આવું શી રીતે કહેવાય કે "ઉપયોગ હોવાથી જીવ અભાવરૂપ નથી."

**ઉત્તર :** ઉપયોગ એ તો જીવનું પોતાનું અસાધારણ = બીજા કોઈનામાં ન રહેનાર લક્ષણ છે, એનો જીવે ત્યાગ નથી કર્યો એટલે જીવ અભાવ રૂપ નથી એમ કહી શકાય. દા.ત. અગ્નિ. જેમ અગ્નિએ ઉષ્ણતાદિ રૂપ સ્વલક્ષણનો ત્યાગ કરેલો ન હોય તો એ અભાવરૂપ નથી. એમ જીવ પણ સમજવો. આ અનુમાનપ્રયોગનો ભાવાર્થ કહ્યો.

અનુમાન પ્રયોગ તો આ છે કે

**आत्मा सन् स्वलक्षणापरित्यागात् अग्निवत्** (સ્પષ્ટ જ છે.)

ઉપયોગદ્વાર કહેવાઈ ગયું.

હવે કષાય દ્વાર કહે છે. જીવ સકષાયતાને લીધે = અચેતનથી વિલક્ષણ ક્રોધાદિપરિણામથી યુક્ત હોવાને લીધે અભાવરૂપ નથી.

**પ્રશ્ન :** અચેતનમાં ન રહે, એવા ક્રોધાદિ પરિણામવા ો હોવાથી જીવ સત્ શી રીતે સાબિત થાય ?

ઉત્તર કેમકે જીવ ક્રોધાદિ પર્યાયોને પામે છે. દા.ત. સુવર્ણ. અર્થાત્ કટકાદિ પર્યાયોની પ્રાપ્તિથી યુક્ત સુવર્ણની જેમ... આ પ્રયોગનો અર્થ છે.

પ્રયોગ તો આ છે કે **आत्मा सन् पर्यायगमनात् सुवर्णवत्** (જેમ સુવર્ણ મુકૂટ, કટક, કડા વગેરે પર્યાયોને વારાફરતી પામે છે, અને તે સત્ છે. તેમ આત્મા ક્રોધ, માન, માયાદિ પરિણામોને વારાફરતી પામતો હોવાથી સત્ છે.)

કષાયદ્વાર કહેવાઈ ગયું.

---

**इदानीं लेश्याद्वारमाह-**

लेसाओ णाभावो परिणमणसभावओ य खीरं व । उस्सासा णाभावो समसब्भावा खउ व्व नरो ॥१७॥ भाष्यम् ॥

**व्याख्या-'<u>लेश्यातो</u>' लेश्यासद्भावेन नाभावो जीवः, किंतु भाव इति, कुत इत्याह-परिणमनस्वभावत्वात्-कृष्णादिद्रव्यसाचिव्येन जम्बूखादकादिदृष्टान्तसिद्ध-तथाविधपरिणामधर्मत्वात्, क्षीरवदिति प्रयोगार्थः, प्रयोगस्तु-सन्नात्मा, परिणामित्वात्, क्षीरवदिति । गतं लेश्याद्वारम्, प्राणापानद्वारमाह-उच्छ्वासादिति, अचेतनधर्मविलक्षण-प्राणापानसद्भावान्नाभावो जीवः, किंतु भाव एवेति, श्रमसद्भावेन परिस्पन्दोपेत-पुरुषवदिति प्रयोगार्थः, प्रयोगस्तु पुनरत्र व्यतिरेकी द्रष्टव्यः, सात्मकं जीवच्छरीरं, प्राणादिमत्त्वाद्, यत्तु सात्मकं न भवति तत्प्राणादिमदपि न भवति, यथाऽऽकाशमिति गाथार्थः ॥ उक्तं प्राणापानद्वारम्,**

---

હવે લેશ્યાદ્વાર કહે છે.

**ભાષ્ય-૧૭ ગાથાર્થ :** ટીકાર્થથી સ્પષ્ટ થશે.

**ટીકાર્થ :** લેશ્યાનો સદ્ભાવ હોવાથી જીવ અભાવ રૂપ નથી.

**પ્રશ્ન :** એવું કયા આધારે કહેવાય ?

**ઉત્તર :** કેમકે જીવ પરિણામ પામવાનાં સ્વભાવવાળો છે. એટલે કે કાળા, પીળા વગેરે દ્રવ્યોની સહાયથી તેવા પ્રકારનાં પરિણામરૂપ ધર્મવાળો છે. આ પરિણામ જાંબુ ખાનારાદિનાં દૃષ્ટાન્તથી સિદ્ધ છે. (જાંબુ ખાવા આખું ઝાડ તોડવાનો, થડ તોડવાનો, મોટી ડાળીઓ તોડવાનો, નાની ડાળીઓ તોડવાનો, ઝુમખા તોડવાનો અને નીચે જ પડેલા જાંબુ ખાવાનો... આમ છ પ્રકારનો પરિણામ દર્શાવેલો છે. યોગાન્તર્ગત પુદ્ગલોનાં કારણે આવા પ્રકારનાં વિચારો આવતાં હોય છે... આનું વિશેષવર્ણન

અન્યગ્રન્થોથી જાણી લેવું.) દા.ત. દૂધ. (જેમ દૂધ મેળવણથી દહીં બને).

આ અનુમાન પ્રયોગનો અર્થ કહ્યો.

પ્રયોગ તો આ છે. **आत्मा सन् परिणामित्वात् क्षीरवत्**

લેશ્યાદ્વાર પૂર્ણ થયું.

હવે પ્રાણાપાનદ્વાર કહે છે. ઉચ્છ્વાસને લીધે એટલે કે અચેતનના ધર્મોથી જુદા જ પ્રકારનાં એવા શ્વાસોચ્છ્વાસનાં સદ્ભાવને લીધે જીવ અભાવરૂપ નથી. પરંતુ ભાવરૂપ જ છે. જેમકે શ્રમનાં સદ્ભાવથી પરિસ્પન્દથી યુક્ત પુરુષ ! (જેમ પરિસ્પન્દ એ અચેતનનો ધર્મ નથી. પણ અચેતન ધર્મથી વિલક્ષણ ધર્મ છે, અને એની હાજરીથી એ પુરુષ સત્ = વિદ્યમાન મનાય છે, એમ અત્રે સમજવું.)

આ પ્રયોગનો અર્થ છે.

પ્રયોગ તો અહીં વ્યતિરેકી જાણવો. તે આ પ્રમાણે.

**जीवच्छरीरं सात्मकं प्राणादिमत्त्वात्** (અહીં યત્ર યત્ર પ્રાણાદિમત્ત્વં તત્ર તત્ર સાત્મકત્વં આ અન્વયવ્યાપ્તિ બને. પણ એનું દૃષ્ટાન્ત કોઈ નથી. કેમકે એના દૃષ્ટાન્ત તરીકે જીવતાં માણસનું શરીર જ આવે. હવે જીવતાં માણસનાં શરીર તો બધા જ પક્ષ તરીકે છે. અને એટલે જ કોઈપણ જીવત્શરીરમાં સાત્મકત્વ સિદ્ધ થયું નથી, માટે એ દૃષ્ટાન્ત ન બને. એ સિવાય ઘટાદિ પદાર્થો તો દૃષ્ટાન્ત બનવા સંભવિત જ નથી. એટલે આ અન્વયી પ્રયોગ નથી.) પરંતુ વ્યતિરેકી પ્રયોગ છે. તેથી જે સાત્મક નથી તે પ્રાણાદિમાન્ પણ નથી એટલે કે તેમાં પ્રાણાદિમત્ત્વ પણ નથી. દા.ત. ઘટાદિ. આકાશાદિ. આમ વ્યતિરેકી વ્યાપ્તિ દ્વારા અહીં પક્ષમાં સાધ્યની સિદ્ધિ કરવી.

પ્રાણાપાનદ્વાર કહેવાઈ ગયું.

---

**अधुना इन्द्रियद्वारमुच्यते-**

अक्खाणेयाणि परत्थगाणि वासाइवेह करणत्ता । गहवेयगनिज्जरओ कम्मस्सऽन्नो जहाहारो ॥१८॥ भाष्यम् ॥

**व्याख्या-'<u>अक्षाणि</u>' इन्द्रियाणि '<u>एतानी</u>'ति लोकप्रसिद्धानि देहाश्रयाणि '<u>परार्थानि</u>' आत्मप्रयोजनानि, वास्यादिवदिह करणत्वात् इहलोके वास्यादिवदिति प्रयोगार्थः । आह-आदानान्येवेन्द्रियाणि तत् किमर्थं भेदोपन्यासः ?, उच्यते, निर्वृत्त्युपकरणद्वारेण द्वैविध्यख्यापनार्थं, ततश्च तत्रोपकरणस्य ग्रहणमिह तु निर्वृत्तेरिति,**

**प्रयोगस्तु-परार्थाश्चक्षुरादयः, संघातत्वात्, शयनासनादिवत्, न चायं विशेषविरुद्धः, कर्मसंबद्धस्यात्मनः संघातरूपत्वाभ्युपगमात् । गतिमिन्द्रियद्वारम्, अधुना बन्धादिद्वाराण्याह-ग्रहणवेदकनिर्जरकः कर्मणोऽन्यो, यथाऽऽहार इति, तत्र ग्रहणं-कर्मणो बन्धः वेदनम्-उदयः निर्जरा-क्षयः, यथाऽऽहारे इति-आहारविषयाणि ग्रहणादीनि न कर्त्रादिव्यतिरेकेण तथा कर्मणोऽपीति प्रयोगार्थः, प्रयोगस्तु-विद्यमानभोक्तृकमिदं कर्म, ग्रहणवेदनिर्जरणसद्भावाद्, आहारवदिति गाथार्थः ॥ उक्तानि बन्धादिद्वाराणि, व्याख्याता च प्रथमा प्रतिद्वारगाथा,**

---

હવે ઈન્દ્રિયદ્વાર કહેવાય છે.

**ભાષ્ય-૧૮ ગાથાર્થ :** ટીકાર્થથી સ્પષ્ટ થશે.

**ટીકાર્થ :** લોકમાં પ્રસિદ્ધ, દેહમાં રહેનારી, ઈન્દ્રિયો પરાર્થ છે = બીજાનાં માટે છે. એટલે કે આત્મતત્ત્વનાં કાર્યો માટે છે. **वास्यादिवदिह करणत्वात्** એ ગાથાશબ્દોનો અર્થ કહે છે કે **इहलोके वास्यादिवत्** આ પ્રમાણે પ્રયોગાર્થ છે.

**પ્રશ્ન :** ઈન્દ્રિયો આદાનરૂપ જ છે, અને આદાનદ્વાર તો પૂર્વે આવી જ ગયું છે. ત્યાં પણ આદાન તરીકે ઈન્દ્રિયો જ લીધેલી. તો પછી અહીં ઈન્દ્રિયનો જુદો ઉપન્યાસ શા માટે કર્યો ?

**ઉત્તર :** ઈન્દ્રિયો બે પ્રકારની છે. (૧) નિર્વૃત્તિ ઈન્દ્રિય (૨) ઉપકરણ ઈન્દ્રિય. આ દર્શાવવા માટે ઈન્દ્રિયનો **आदान** દ્વાર કરતાં જુદો ઉપન્યાસ કરેલો છે. આદાનદ્વારમાં ઉપકરણેન્દ્રિયનું ગ્રહણ કરેલું, જ્યારે અહીં તો નિર્વૃત્તિ ઈન્દ્રિયનું ગ્રહણ કરેલું છે.

પ્રયોગ આ પ્રમાણે છે કે **चक्षुरादयः परार्थाः संघातत्वात् शयनासनादिवत्** (સંઘાત એટલે પુદ્‌ગલોમાંથી બનેલો સ્કન્ધવિશેષ... શયનાસનાદિ પદાર્થો સંઘાતરૂપ છે અને એ પુરુષાદિનાં સ્વપનાદિ કાર્યો માટે જ છે. એમ ચક્ષુરાદિ પણ સંઘાત રૂપ છે. તો એ કોઈક પારકી વ્યક્તિનાં કાર્યો માટે છે. એ પર એટલે જ આત્મા...)

**પ્રશ્ન :** આ અનુમાનપ્રયોગ / આ હેતુ વિશેષવિરુદ્ધ છે. કેમકે બધા આત્મા સંઘાત રૂપ છે, પણ એ પરાર્થ નથી. એટલે આત્મારૂપી વિશેષપદાર્થમાં તો જ્યાં જ્યાં સંઘાતત્વ છે, ત્યાં ત્યાં પરાર્થત્વ નથી જ. એટલે કે આ હેતુ તો સાધ્યાભાવને વ્યાપ્ય છે.

(જ્યાં સામાન્ય હેતુ સાધ્યાભાવને વ્યાપ્ય હોય ત્યાં એ સામાન્યવિરુદ્ધ કહેવાય. દા.ત. **पर्वतो वह्निमान् जलात्** આ સ્થલે સાધ્યાભાવ = વહ્નિઅભાવ છે. હવે જ્યાં જલ,

ત્યાં સર્વત્ર વહ્નિ-અભાવ છે. એટલે આ હેતુ સામાન્યવિરુદ્ધ ગણાય.

પ્રસ્તુતમાં પરાર્થત્વાભાવ એ સાધ્યાભાવ બને. હવે જ્યાં જ્યાં સંઘાતત્વ ત્યાં ત્યાં પરાર્થત્વાભાવ... એ વ્યાપ્તિ તો ખોટી જ છે. કેમકે શયનાસનાદિમાં સંઘાતત્વ છે, પરાર્થત્વ પણ છે. એટલે આ સામાન્યવિરુદ્ધ ન બને. પરંતુ તમામ આત્મારૂપી પદાર્થમાં સંઘાતત્વ છે. અને પરાર્થત્વાભાવ પણ છે. એટલે આત્મસંઘાતત્વ રૂપ વિશેષ = સંઘાતત્વસામાન્યનો એક અંશ એ તો પરાર્થત્વાભાવને વ્યાપ્ય છે જ. એટલે આ વિશેષવિરુદ્ધ કહેવાય. જ્યાં જ્યાં આત્મસંઘાતત્વ છે. ત્યાં ત્યાં પરાર્થત્વાભાવ છે.

આ રીતે પદાર્થ સમજવો...)

**ઉત્તર :** અમે શુદ્ધ આત્માને સંઘાતરૂપ નથી માન્યો, પરંતુ કર્મથી બંધાયેલા આત્માને જ સંઘાતરૂપ માનેલો છે. આમ આ સંઘાતત્વ હેતુ વિશેષવિરુદ્ધ નહિ બને.

(ભાવાર્થ : શુદ્ધ આત્મા પરાર્થ નથી, પરંતુ કર્મસંબદ્ધ આત્મા તો શુદ્ધાત્મામાં કષાયાદિ વિકારોરૂપ કાર્ય કરે જ છે. એટલે કર્મસંબદ્ધ આત્મા તો પરાર્થ છે જ. હવે આ રીતે માનીએ તો જ્યાં જ્યાં સંઘાતત્વ છે, ત્યાં ત્યાં બધે જ પરાર્થત્વ છેજ. કર્મસંબદ્ધ આત્મામાં સંઘાતત્વ, પરાર્થત્વ બંને છે જ. કર્મમુક્ત આત્મામાં સંઘાતત્વ, પરાર્થત્વાદિ નથી. આમ હવે આ હેતુ વિશેષવિરુદ્ધ રહેતો નથી.)

ઈન્દ્રિયદ્વાર પૂર્ણ થયું.

હવે બંધાદિ દ્વારો કહે છે.

કર્મનું ગ્રહણ કરનાર, કર્મને ભોગવનાર, કર્મનો ક્ષય કરનાર કર્મથી જુદો છે. જેમકે આહારમાં... તેમાં ગ્રહણ એટલે કર્મનો બંધ, વેદન એટલે કર્મનો ઉદય, નિર્જરા એટલે કર્મનો ક્ષય...

**यथा आहारे** નો અર્થ એ છે કે આહારસંબંધી ગ્રહણ-વેદન, નિર્જરા કર્તાદિ વિના થતા નથી, એમ કર્મનાં પણ ગ્રહણાદિ કર્તા વિના થતાં નથી. (આહાર હાથમાં લેવો એ ગ્રહણ, મોઢામાં મૂકી સ્વાદ લેવો એ વેદન અને સ્થંડિલ વાટે બહાર કાઢવો એ નિર્જરા...)

આ પ્રયોગનો અર્થ છે.

પ્રયોગ તો આ છે **इदं कर्म विद्यमानभोक्तृकं ग्रहणवेदननिर्जरणसद्भावात्, आहारवत्** આ કર્મનો ભોક્તા વિદ્યમાન છે. કેમકે કર્મનું ગ્રહણ, વેદન અને નિર્જરણ થાય છે. દા.ત. આહારના ગ્રહણાદિ થાય છે, તો આહારનો ભોક્તા પણ છે જ. તો

એ પ્રમાણે અહીં પણ ભોક્તા છે. (એ જીવ છે.)

બન્ધાદિ દ્વારો કહેવાઈ ગયા.

આ રીતે પહેલી પ્રતિદ્વારગાથાનું વ્યાખ્યાન થઈ ગયું.

---

**साम्प्रतं द्वितीयामधिकृत्य चित्तादिस्वरूपव्याचिख्यासयाऽऽह-**

चित्तं तिकालविसयं चेयण पच्चक्ख सन्नमणुसरणं । विण्णाणऽणेगभेयं कालमसंखेयरं धरणा ॥१९॥ भाष्यम्॥

**व्याख्या-चित्तं त्रिकालविषयम्-ओघतोऽतीतानागतवर्तमानग्राहि, चेतनं चेतना-सा प्रत्यक्षवर्तमानार्थग्राहिणी, संज्ञानं संज्ञा-सा अनुस्मरणमिदं तदिति ज्ञानं, विविधं ज्ञानं विज्ञानम् अनेकभेदम्-अनेकप्रकारम्, अनेकधर्मिणि वस्तुनि तथा तथाऽध्यवसाय इत्यर्थः, 'कालमसंख्येयेतरम्' असंख्येयं संख्येयं वा, धारणा-अविच्युतिस्मृति-वासनारूपा, तत्र वासनारूपा असंख्येयवर्षायुषामसंख्येयं संख्येयवर्षायुषां च संख्येयमिति गाथार्थः ॥**

---

હવે બીજી ગાથાને આશ્રયીને ચિત્તાદિના સ્વરૂપનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાથી કહે છે કે –

**ભાષ્ય-૧૯ ગાથાર્થ :** ટીકાર્થથી સ્પષ્ટ થશે.

**ટીકાર્થ :** ચિત્ત ત્રિકાલવિષયક હોય છે. અર્થાત્ સામાન્યથી ભૂત-ભવિષ્ય અને વર્તમાનનું ગ્રહણ કરનાર જે અધ્યવસાય એ ચિત્ત કહેવાય.

ચેતન એટલે ચેતના. એ પ્રત્યક્ષ વર્તમાન અર્થને ગ્રહણ કરનારી હોય છે.

સંજ્ઞાન = સંજ્ઞા તે "આ તે છે" એવા પ્રકારનાં સ્મરણાત્મક જ્ઞાનરૂપ છે.

વિજ્ઞાન એટલે વિવિધ જ્ઞાન એ અનેક પ્રકારે છે. અનેક ધર્મવાળી વસ્તુમાં તે તે ધર્મને અનુસારે જે તેવા તેવા પ્રકારનો અધ્યવસાય એ વિજ્ઞાન !

કાલ અસંખ્ય અને સંખ્યાત એમ બે પ્રકારે છે.

ધારણા અવિચ્યુતિ, સ્મૃતિ અને વાસનારૂપ છે. તેમાં વાસનારૂપ જે ધારણા છે, એ અસંખ્ય વર્ષાયુષ્યવાળાઓને અસંખ્યકાળની હોય અને સંખ્યેયવર્ષાયુષ્યવાળાને સંખ્યાતકાળની હોય. ("આ ઘટ પીળો છે" એવો બોધ થયા બાદ જેટલો સમય એ બોધ સતત ઉપયોગ રૂપે રહે એ અવિચ્યુતિરૂપ ધારણા છે. એ ઉપયોગ જાય અને નવો ઉપયોગ આવે, પણ અમુકકાળ બાદ ફરી કોઈક નિમિત્તનાં લીધે એવો બોધ થાય કે "આ ઘટ

પીળો હતો." તો એ સ્મૃતિરૂપી ધારણા છે. અવિચ્યુતિ બાદ આ જે સ્મરણ થાય છે, એનું કારણ આત્મામાં પડેલા સંસ્કારો છે, એ વાસનારૂપ ધારણા છે. એમાં અસંખ્ય વર્ષનાં આયુષ્યવાળાને ૧૦ વર્ષની ઉંમરે અનુભવેલી વસ્તુનું સ્મરણ એજ ભવમાં અસંખ્યવર્ષ પછી પણ થાય. તો એનામાં એ વાસના અસંખ્ય વર્ષ રહેનારી બની. સંખ્યાતવર્ષવાળાને એ ધારણા સંખ્યાતવર્ષ રહેનારી બને.)

---

अत्थस्स ऊह बुद्धी ईहा चेट्ठत्थअवगमो उ मई । संभावणत्थतक्का गुणपच्चक्खा घडोव्वऽत्थि ॥२०॥ भाष्यम् ॥

**व्याख्या-अर्थस्योहा बुद्धिः संज्ञिनः परनिरपेक्षोऽर्थपरिच्छेद इति भावः, ईहा-चेष्टा किमयं स्थाणुः किंवा पुरुष ? इति सदर्थपर्यालोचनरूपा, 'अर्थावगमस्तु' अर्थपरिच्छेदस्तु शिरःकण्डूयनादिधर्मोपपत्तेः पुरुष एवायमित्येवंरूपा मतिः, 'संभावणत्थतक्क'त्ति प्राकृतशैल्या अर्थसंभावना-एवमेव चायमर्थ उपपद्यत इत्यादिरूपा तर्का । इत्थं द्वाराणि व्याख्याय सर्व एते चित्तादयो गुणा वर्तन्त इति जीवाख्यगुणिप्रतिपादकेन प्रयोगार्थेनोपसंहरन्नाह-गुणप्रत्यक्षत्वाद्धेतोर्घटवदस्ति जीव इति गम्यते, एष गाथार्थः ।**

---

ભાષ્ય-૨૦ **ગાથાર્થ** : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

**ટીકાર્થ** : અર્થની ઉહા એ બુદ્ધિ ! સંજ્ઞીજીવને બીજી વસ્તુની અપેક્ષા વિના જે અર્થબોધ થાય તે. (દા.ત. ઔત્પાતિકી બુદ્ધિવાળાને તાત્કાલિક એવો ક્ષયોપશમ થઈ જતો હોય છે, કે જેના લીધે પરવસ્તુની અપેક્ષા વિના જ એમને પદાર્થબોધ થાય...)

ઈહા એટલે ચેષ્ટા. "શું આ સ્થાણુ છે ? કે આ પુરુષ છે ?" એવી સદર્થની = વિદ્યમાન અર્થની પર્યાલોચના. (શંકામાં ૫૦,૫૦ ટકા જેવું હોય, એમાં વસ્તુનો નિશ્ચય કરવા તરફનો ઢોળાવ ન હોય. જ્યારે ઈહામાં તો જે વસ્તુ વિદ્યમાન છે, એના તરફ ઢોળાવવાળો બોધ હોય. જો સ્થાણુ હોય... તો "શાખાદિ દેખાતાં હોવાથી આ સ્થાણુ જ હશે." એ તરફનો બોધ હોય...)

અર્થાવગમ એટલે પદાર્થનો બોધ. "સામેની વસ્તુ મસ્તકને ખંજવાળવાની ક્રિયા કરે છે, ચાલવાની ક્રિયા કરે છે... આ બધા ધર્મો તો પુરુષમાં જ ઘટતાં હોવાથી આ પુરુષ જ છે" એવા પ્રકારની મતિ એ અર્થાવગમ કહેવાય. તે મતિ છે.

**संभावणत्थतक्क** એ પ્રાકૃતશૈલીથી લખાયેલું છે. એટલે ખરેખર તો **अर्थसंभावना**

એ પ્રમાણે સમજવું. અર્થસંભાવના એટલે "આ પદાર્થ આ રીતે માનીએ તો જ ઘટે..." ઈત્યાદિરૂપ વિચારણા એજ તર્ક કહેવાય. **अर्थसंभावनातर्का** એ આખો એકજ પદાર્થ છે.

આ રીતે ચિત્ત, ચેતના, વિજ્ઞાન, ધારણા, બુદ્ધિ, મતિ, અર્થસંભાવનતર્કા આ બધા દ્વારોની વ્યાખ્યા કરીને હવે અનુમાનપ્રયોગ દર્શાવવા કહે છે કે આ બધા જ પદાર્થો ગુણ છે, એટલે એનો ગુણી કોઈક હોય જ... આમ જીવ નામનાં ગુણીનું પ્રતિપાદન કરનારા પ્રયોગાર્થથી ઉપસંહાર કરતાં નિર્યુક્તિકાર કહે છે કે ગુણપ્રત્યક્ષતારૂપી હેતુથી જીવ ઘટની જેમ સત્ છે, એમ નક્કી થાય છે.

(જેમ ઘટસંસ્થાન, ઘટરૂપ વગેરે ઘટગુણો પ્રત્યક્ષ થાય છે, તો એના દ્વારા ઘટની સત્તા ગણાય છે. તેમ ચિત્ત, ચેતના વગેરે આત્મગુણો પ્રત્યક્ષ થાય છે, તો એના દ્વારા આત્માનું પણ પ્રત્યક્ષ થયેલું ગણાય. અર્થાત્ આત્માની સત્તા મનાય. જો ઘટરૂપાદિ ન દેખાય તો ઘટનું પ્રત્યક્ષ = સત્તા ન જ ગણાય, એમ જો ચિત્ત, ચેતનાદિ ન અનુભવાય તો આત્માની સત્તા પણ ન મનાય...)

---

**एतदेव स्पष्टयति-**

जम्हा चित्ताईया जीवस्स गुणा हवंति पच्चक्खा । गणपच्चक्खत्तणओ घडुव्व जीवो अओ अत्थि ॥२१॥ भाष्यम् ॥

---

આ જ વાતને સ્પષ્ટ કરે છે કે –

**ભાષ્ય-૨૧ ગાથાર્થ :** જે કારણથી જીવના ચિત્તાદિ ગુણો પ્રત્યક્ષ થાય છે, તે કારણથી ગુણપ્રત્યક્ષતા હેતુથી ઘટની જેમ જીવ છે.

---

**व्याख्या-यस्मात् 'चित्तादयः' अनन्तरोक्ताः जीवस्य गुणाः, नाजीवस्य, शरीरादिगुणविधर्मत्वात्, एते च भवन्ति प्रत्यक्षाः, स्वसंवेद्यत्वात्, यतश्चैवं गुणप्रत्यक्षत्वाद्धेतोर्घटवज्जीवः अतोऽस्तीति प्रयोगार्थः, प्रयोगस्तु-सन्नात्मा, गुणप्रत्यक्षत्वात्, घटवत्, नायं घटवदात्मनोऽचेतनत्वापादनेन विरुद्धः, 'विरुद्धोऽसति बाधने' इतिवचनात्, एतच्चैतन्यं प्रत्यक्षेणैव बाधनमिति गाथार्थः ॥ व्याख्यातं मूलद्वारगाथाद्वये प्रतिद्वारगाथाद्वयेन लक्षणद्वारम्,**

---

**ટીકાર્થ :** ચિત્ત વગેરે જીવનાં ગુણો સ્વસંવેદ્ય હોવાથી પ્રત્યક્ષ થાય છે. એ ચિત્તાદિગુણો અજીવના નથી. કેમકે શરીરાદિ અજીવમાં જે રૂપ, રસાદિ ગુણો દેખાય છે, એના કરતા તદ્દન વિરુદ્ધ સ્વભાવવાળા આ ચિત્તાદિ ગુણો છે, એટલે એ અજીવનાં ગુણો

ન માની શકાય. (શીતસ્પર્શ જયાં અનુભવાય, ત્યાં અગ્નિનું અનુમાન ન થાય. કેમકે અગ્નિનાં ગુણો ઉષ્ણસ્પર્શાદિ છે, શીતસ્પર્શ એ બેનાથી વિરૂદ્ધ છે, એટલે ત્યાં જલની જ કલ્પના થાય... એમ અત્રે પણ સમજવું.)

આ પ્રયોગનો અર્થ બતાવ્યો.

હવે પ્રયોગ તો આ છે. **आत्मा सन् गुणप्रत्यक्षत्वात् घटवत्**

**પ્રશ્ન :** ઘટ ગુણપ્રત્યક્ષ હોવાથી સત્ છે, એમ આત્મા પણ ગુણો દ્વારા પ્રત્યક્ષ થતો હોવાથી સત્ છે... આમ તમે કહ્યું. તો જો ઘટનાં દૃષ્ટાન્તથી આત્મામાં સત્તા નક્કી થતી હોય તો અમે કહીશું કે ઘટ અજીવ છે, તો એના આધારે આત્મામાં પણ અચેતનત્વ માનવું પડશે. આમ આ અનુમાનપ્રયોગ = હેતુ તો ઘટની જેમ આત્મામાં અચેતનતાની આપત્તિ લાવનારો હોવાથી વિરુદ્ધ છે.

**ઉત્તર :** ના, આ હેતુ - અનુમાનપ્રયોગ વિરુદ્ધ નથી. કેમકે એવો નિયમ છે કે "બાધ ન આવતો હોય તો એ હેતુ વિરુદ્ધ મનાય." અર્થાત્ દૃષ્ટાન્તનાં તે તે અન્યધર્મોનું પક્ષમાં આપાદન ત્યારે જ થઈ શકે, જયારે એમાં કોઈ બાધ ન આવે. (દા.ત. **क्षितिः कर्तृजन्या कार्यत्वात् घटवत्** આવું અનુમાન નૈયાયિકો કરે છે. હવે કોઈ એમ કહે કે જો ઘટમાં કર્તૃજન્યત્વની જેમ ક્ષિતિમાં પણ કર્તૃજન્યત્વ સિદ્ધ થાય છે, તો ઘટમાં પુદ્ગલમયત્વ છે, ક્ષિતિમાં પણ પુદ્ગલમયત્વ સિદ્ધ થાય... તો આવું માનવામાં કોઈક બાધક નથી, એટલે એ માની શકાય.

પરંતુ પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ મહાનસવત્ માં કોઈ એમ કહે કે "મહાનસમાં વહ્નિની જેમ પર્વતમાં વહ્નિની સિદ્ધિ થાય છે, તો મહાનસ સામાન્યમાણસનિર્મિત છે, એ રીતે પર્વત પણ સામાન્ય માણસનિર્મિત માનવો જોઈએ. "પરંતુ બધા જાણે છે કે પર્વતમાં સામાન્યમાણસનિર્મિતત્વનો પ્રત્યક્ષથી જ બાધ છે. એટલે અહીં આવું આપાદન ન કરી શકાય.)

પ્રસ્તુતમાં આ આત્માનું ચૈતન્ય એ પ્રત્યક્ષથી જ બાધક છે. એટલે કે આત્મામાં પ્રત્યક્ષ રીતે ચૈતન્યનો અનુભવ થાય છે, એટલે એમાં અચેતનત્વની આપત્તિ કરી જ ન શકાય.

મૂલદ્વારોની જે બે ગાથા હતી. એમાં ત્રીજું લક્ષણદ્વાર હતું, એની બે પ્રતિદ્વાર ગાથાઓ હતી. એ બે પ્રતિદ્વારગાથાઓ દ્વારા મૂલદ્વારગાથામાંનું લક્ષણદ્વાર કહેવાઈ ગયું.

---

**इदानीमस्तित्वद्वारावसरः, तथा चाह भाष्यकारः-**

अत्थित्ति दारमहुणा जीवस्सइ अत्थि विज्जए नियमा । लोआययमयघायत्थमुच्चए तत्थिमो हेऊ ॥२२॥ भाष्यम् ॥

---

**(૪) અસ્તિત્ત્વદ્વાર :**

હવે ચોથા અસ્તિત્વદ્વારનો અવસર છે.

ભાષ્યકાર કહે છે કે –

**ભાષ્ય-૨૨ ગાથાર્થ :** "અસ્તિત્વ" એ દ્વાર હવે શરુ થાય છે. જીવ સત્ છે, **अस्ति** છે, નિયમથી વિદ્યમાન છે. લોકાયતમતનાં ઘાતને માટે તેમાં આ હેતુ કહેવાય છે.

---

**व्याख्या-अस्तीति द्वारमधुना-साम्प्रतमवसरप्राप्तं, तत्रैतदुच्यते-जीवः सन्, पृथिव्यादिविकारदेहमात्ररूपः सन्निति सिद्धसाध्यता न तु ततोऽन्योऽस्तीत्याशङ्कापनोदायाह-अस्त्यन्यश्चैतन्यरूपः, तदपि मातृचैतन्योपादानं भविष्यति परलोकयायी तु न विद्यते इति मोहापोहायाह-विद्यते 'नियमात्' नियमेन, तथा चाह-'लोकायतमतघातार्थं' नास्तिकाभिप्रायनिराकरणार्थमुच्यत एतत्, तस्य चानन्तरोदित एवाभिप्राय इति सफलानि विशेषणानि, 'तत्र' लोकायतमतविघाते कर्तव्ये 'अयं' वक्ष्यमाणलक्षणो 'हेतुः' अन्यथानुपपत्तिरूपो युक्तिमार्ग इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** હવે **अस्ति** દ્વાર અવસરપ્રાપ્ત છે. તેમાં આ કહેવાનું છે કે **जीवः सन्**

**પ્રશ્ન :** જીવ સન્=સત્ છે, એ તો અમારા મતમાં સિદ્ધ જ છે. અમે પૃથ્વી વગેરે પાંચભૂતોનાં વિકાર રૂપદેહ, તન્માત્રરૂપ આ જીવ માનેલો જ છે. અર્થાત્ પંચભૂત ભેગા થાય. એમની ચોક્કસપ્રકારની રચના થાય એનું નામ જ જીવ. પંચભૂતથી જુદો કોઈ જીવ નથી. આ વાત અમે માની જ છે. એટલે અમારા મતમાં **जीवः सन्** વાત સિદ્ધ જ છે. એને તમે સાધવાનો પ્રયત્ન કરો છો. સિદ્ધવસ્તુને સાધવાની હોય જ નહિ, એટલે આમાં સિદ્ધ સાધ્યતા દોષ લાગે છે. પંચભૂતનાં વિકારરૂપ શરીર સિવાય બીજો કોઈ જીવ નથી.

**ઉત્તર :** તમારી આવી આશંકાને દૂર કરવા માટે જ ગાથામાં **अत्थि** એ પ્રમાણે શબ્દ વાપર્યો છે. એનો અર્થ એ છે કે "શરીરથી અન્ય એવો ચૈતન્યરૂપ જીવ છે." (સન્ નથી વાપર્યો)

**પ્રશ્ન :** શરીરથી અન્ય હોય, તોય એ તો માતાનું ચૈતન્ય એજ જેનું ઉપાદાન છે, એવો એ જીવ માની શકાય છે. પરલોકમાં જનાર જીવ નથી. (જેમ માટીમાંથી જ ઘટ બને છે, ઘટ માટીથી જુદો નથી. એમ માતાનાં શરીરમાં જે પુત્ર છે, એ સાવ જુદો નથી.

માતાનાં ચૈતન્યમાંથી જ પુત્રનાં ચૈતન્યનું નિર્માણ થાય છે. માતાનું ચૈતન્ય પુત્રચૈતન્યનું ઉપાદાનકારણ છે. એટલે જૈનો જે માને છે કે પરલોકમાંથી કોઈક સ્વતંત્ર ચૈતન્ય-આત્મા માતાનાં ગર્ભમાં આવે છે... એ વાત જ ખોટી છે. પરલોકમાંથી માતૃગર્ભમાં આવનાર કોઈ છે જ નહિ...)

**ઉત્તર :** આ મોહનું ખંડન કરવા માટે કહે છે કે **विद्यते नियमात्** । એટલે કે પરલોકમાંથી આવનારો, માતૃચૈતન્યથી ભિન્ન એવો આત્મા વિદ્યમાન છે.

આ જ વાતને ઉત્તરાર્ધમાં કરે છે કે લોકાયતનાં = નાસ્તિકનાં અભિપ્રાયનું ખંડન કરવા માટે આ વાત કરાય છે. નાસ્તિકનો અભિપ્રાય તો હમણાં કહી જ દીધો છે. આમ **सत्, अस्ति, विद्यते** આ બધા વિશેષણો સફલ છે, નકામા નથી.

હવે નાસ્તિકમતનો ઘાત કરવાનો છે, તો એમાં વક્ષ્યમાણલક્ષણવાળો હેતુ કહેવાનો છે. હેતુ એટલે અન્યથાઅનુપપત્તિરૂપ યુક્તિમાર્ગ. (જો સાધ્ય ન હોય તો આ વસ્તુ ન સંભવે.. આવાપ્રકારનો યુક્તિમાર્ગ એજ હેતુ)

---

जो चिंतेइ सरीरे नत्थि अहं स एव होइ जीवो त्ति । न हु जीवंमि असंते संसयउप्पायओ अन्नो ॥२३॥ भाष्यम् ॥

---

**ભાષ્ય-૨૩ ગાથાર્થ :** શરીરમાં જે વિચારે છે કે "શરીરમાં હું નથી" એ જ જીવ છે. જીવ ન હોય તો બીજો કોઈ સંશયનો ઉત્પાદક નથી.

---

**व्याख्या-यश्चिन्तयति '<u>शरीरे</u>' अत्र लोकप्रतीते नास्त्यहं '<u>स एव</u>' चिन्तयिता भवति जीव इति । कथमेतदेवमित्याह-न यस्माज्जीवेऽसति मृतदेहादौ संशयोत्पादकः '<u>अन्यः</u>' प्राणादिः, चैतन्यरूपत्वात्संशयस्येति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** જે વિચારે છે કે "લોકમાં પ્રસિદ્ધ આ શરીરની અંદર હું નથી." એ વિચારનાર જીવ છે.

**પ્રશ્ન :** આમ શી રીતે કહેવાય ?

**ઉત્તર :** કેમકે મૃતદેહ વગેરેમાં જીવ નથી, તો ત્યાં જીવભિન્ન કોઈપણ પ્રાણવાયુ વગેરે સંશયને ઉત્પન્ન કરનાર બનતા નથી. કેમકે સંશય ચૈતન્યરૂપ છે.

(આશય એ છે કે નાસ્તિક એમ કહે છે કે "જીવ નથી" એની સામે જૈનો કહે છે કે તમને જે વિચાર આવે છે કે જીવ નથી, એવો જે સંશય પડે છે કે જીવ છે કે નહિ એ બધું જ એમ સિદ્ધ કરે છે કે જીવ છે. કેમકે મડદામાં કદિ આવા વિચારો થતાં નથી.

તો બોલો, મૃતદેહમાં આવા વિચારો ન થવા અને જીવંતદેહમાં આવા વિચારો થવા... એની પાછળ કારણ શુ? એવું શું છે કે જેથી જીવંત દેહમાં જ આવા વિચારો આવે છે ? એટલે માનવું જોઈએ કે જીવંતદેહમાં જીવ છે, માટે આ બધા સંશયાદિ થાય છે, મૃતદેહમાં જીવ નથી, માટે એમાં સંશયાદિ થતા નથી.)

---

**एतदेव भावयति-**

जीवस्स एस धम्मो जा ईहा अत्थि नत्थि वा जीवो । खाणुमणुस्साणुगया जह ईहा देवदत्तस्स ॥२४॥ भाष्यम् ॥

---

આ જ વાતને વિચારે છે.

**ભાષ્ય-૨૪ ગાથાર્થ :** "જીવ છે કે નહિ" આ જે ઈહા છે, એ જીવનો ધર્મ છે. જેમ સ્થાણુ મનુષ્ય સંબંધી ઈહા દેવદત્તનો ધર્મ છે.

---

**व्याख्या-जीवस्यैव स्वभावः-एष धर्मः या 'ईहा' सदर्थपर्यालोचनात्मिका, किंविशिष्टेत्याह-अस्ति नास्ति वा जीव इति, लोकप्रसिद्धं निदर्शनमाह-'स्थाणुमनुष्यानुगता' किमयं स्थाणुः किं वा पुरुष इत्येवंरूपा येहा देवदत्तस्य जीवतो धर्म इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** "જીવ છે કે નહિ" આ પ્રમાણે સદર્થના પર્યાલોચનરૂપ જે ઈહા છે, એ જીવનો સ્વભાવ છે. આ બાબતમાં લોકપ્રસિદ્ધ દૃષ્ટાન્ત કહે છે કે "શું આ સ્થાણુ છે કે પુરુષ ?" આવાપ્રકારની જે ઈહા થાય છે, એ જેમ જીવતા દેવદત્તનો ધર્મ છે, તેમ ઉપરની ઈહામાં પણ સમજવું.

---

**प्रकारान्तरेणैतदेवाह-**

सिद्धं जीवस्स अत्थित्तं, सद्दादेवाणुमीयए । नासओ भुवि भावस्स, सद्दो हवइ केवलो ॥२५॥ भाष्यम् ॥

---

બીજા પ્રકારથી આ જ વાત કહે છે કે –

**ભાષ્ય-૨૫ ગાથાર્થ :** જીવનું અસ્તિત્વ સિદ્ધ છે. એ શબ્દથી જ અનુમાન કરાય છે. જગતમાં અસત્ પદાર્થનો કેવલશબ્દ હોતો નથી.

---

**व्याख्या-'सिद्धं' प्रतिष्ठितं 'जीवस्य' उपयोगलक्षणस्यास्तित्वं, कुत इत्याह-**

'शब्दादेव' जीव इत्यस्मादनुमीयते, कथमेतदेवमित्याह-'नासत' इति न असतः- अविद्यमानस्य 'भुवि' पृथिव्यां 'भावस्य' पदार्थस्य शब्दो भवति वाचक इति, खरविषाणादिशब्दैर्व्यभिचारमाशङ्क्याह-'केवलः' शुद्धः अन्यपदासंसृष्टः, खरादिपदसंसृष्टाश्च विषाणादिशब्दा इति गाथार्थः ॥

ટીકાર્થ : ઉપયોગ જેનું લક્ષણ છે એવા જીવનું અસ્તિત્વ સિદ્ધ જ છે.

પ્રશ્ન : પણ એ શી રીતે સિદ્ધ છે, એ ચક્ષુથી દેખાતો તો નથી.

ઉત્તર : **जीव** આ પ્રમાણેનાં શબ્દથી જ જીવનાં અસ્તિત્વનું અનુમાન કરી શકાય છે.

પ્રશ્ન : એ વળી શી રીતે ? જીવ શબ્દમાત્રથી જીવસત્તા શી રીતે સિદ્ધ થાય ?

ઉત્તર : જગતમાં જે પદાર્થ વિદ્યમાન ન હોય, એ પદાર્થનો વાચક શબ્દ પણ ન હોય. જીવંનો વાચક તો **जीव** શબ્દ છે, એટલે માનવું જોઈએ કે જીવ છે.

પ્રશ્ન : એમ તો **खरविषाण, आकाशपुष्प, वन्ध्यापुत्र** આ બધા ઘણાં શબ્દો છે જ, પણ ગધેડાનુ શીંગડુ, આકાશનું પુષ્પ કે વન્ધ્યાનો પુત્ર તો છે જ નહિ. તો પછી શી રીતે એમ કહેવાય કે જેનો વાચક શબ્દ હોય, તે વસ્તુ પણ સત્ હોય જ ?

ઉત્તર : આ ખરવિષાણાદિ શબ્દોની સાથે વ્યભિચાર આવતો હોવાથી જ નિર્યુક્તિકારે કેવલ શબ્દ લખેલો છે. કેવલ = શુદ્ધ = અન્યપદથી અસંસૃષ્ટ = અન્યપદનાં જોડાણ વિનાનો. વિષાણ, પુષ્પ અને પુત્ર પદ **खर, आकाश** અને **वन्ध्या** શબ્દનાં સંપર્કવાળા છે એટલે હવે વાંધો નહિ.

("જે જે શુદ્ધપદ વાચ્ય હોય, તે તે વિદ્યમાન હોય." આ પ્રમાણે વ્યાપ્તિ થઈ. આકાશપુષ્પાદિ શુદ્ધપદવાચ્ય નથી, માટે એ વિદ્યમાન નથી. જ્યારે જીવ શુદ્ધપદવાચ્ય છે, માટે એ વિદ્યમાન છે.

જો વ્યાપ્તિ આવી રાખે કે "જે પદવાચ્ય હોય, તે તે વિદ્યમાન હોય." તો આકાશપુષ્પાદિ પણ પદવાચ્ય હોવાથી તે પણ વિદ્યમાન માનવાની આપત્તિ આવત...)

**एतद्विवरणायैवाह भाष्यकारः-**

अत्थित्ति निव्विगप्पो जीवो नियमाउ सद्दओ सिद्धी । कम्हा ? सुद्धपयत्ता घडखरसिंगाणुमाणाओ ॥२६॥ भाष्यम् ॥

ભાષ્યકાર આનું વિવરણ કરવા માટે જ કહે છે કે –

ભાષ્ય-૨૬ ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

व्याख्या-अस्तीति निर्विकल्पो जीवः, 'निर्विकल्प' इति निःसंदिग्धः, 'नियमात्' नियमेनैव, प्रतिपत्त्रपेक्षया 'शब्दतः सिद्धिः' वाचकाद्वाच्यप्रतीतेः, एतदेव प्रश्नद्वारेणाह- 'कस्मात्' कुत एतदेवमिति ?, आह-'शुद्धपदत्वात्' केवलपदत्वाज्जीवशब्दस्य, घटखरश्रृङ्गानुमानाद्, अनुमानशब्दो दृष्टान्तवचनः, घटखरश्रृङ्गदृष्टान्तादिति प्रयोगार्थः, प्रयोगस्तु-मुख्येनार्थेनार्थवान् जीवशब्दः, शुद्धपदत्वाद्, घटशब्दवत्, यस्तु मुख्येनार्थेनार्थवान् न भवति स शुद्धपदमपि न भवति, यथा खरश्रृङ्गशब्द इति गाथार्थः ॥

ટીકાર્થ : જીવનો અનુભવ કરનારાની અપેક્ષાએ તો જીવ નિયમથી નિર્વિકલ્પ = સંદેહરહિત પણે વિદ્યમાન છે. (આશય એ કે જેઓ પોતાનામાં જ્ઞાન-સુખ-દુઃખાદિ દ્વારા જીવનો સાક્ષાત્ અનુભવ કરે જ છે. એ બધા તો નિઃસંદેહરૂપે માને છે કે "જીવ છે જ." એમાં એમને કોઈ શંકા નથી. જીવસિદ્ધિ માટે એમણે અનુમાનાદિ કરવાની પણ જરૂર નથી.)

(પણ હવે અનુમાનથી સિદ્ધિ કરવી હોય તો એ કહે છે કે) વાચક એવા શબ્દ દ્વારા વાચ્ય એવા જીવાદિ પદાર્થની પ્રતીતિ થતી હોવાથી જીવની શબ્દથી સિદ્ધિ થાય છે.

આ જ વાતને પ્રશ્ન દ્વારા કહે છે કે આવું શી રીતે ? અર્થાત્ વાચક દ્વારા વાચ્યની પ્રતીતિ થતી હોવાથી જીવ સિદ્ધ છે, એમ શી રીતે ?

એનો ઉત્તર આપે છે કે **जीव** પદ કેવલપદ છે, એટલે એના દ્વારા જીવાસ્તિત્વની સિદ્ધિ થાય. જે કેવલપદ વાચ્ય હોય તે સત્ હોય એ વાત ઘટ, ખર, શૃંગના અનુમાનથી જાણવી.

અહીં **अनुमान** શબ્દ દૃષ્ટાન્ત અર્થવાળો છે. અર્થાત્ ઘટ, ખર, શૃંગનાં દૃષ્ટાન્તથી જીવનાં અસ્તિત્વની સિદ્ધિ થાય.

અનુમાનપ્રયોગનો અર્થ બતાવ્યો.

પ્રયોગ તો આ પ્રમાણે છે કે **जीवशब्दः मुख्येन अर्थेन** (વિદ્યમાનેનાર્થેન) **अर्थवान् शुद्धपदत्वात् घटशब्दवत्**

જીવશબ્દ મુખ્યઅર્થથી અર્થવાળો છે. કેમકે એ શુદ્ધપદ છે. જેમકે ઘટશબ્દ.

જે શબ્દ મુખ્યઅર્થથી અર્થવાળો ન હોય તે શુદ્ધપદ પણ ન હોય. દા.ત.

ખરશૃંગશબ્દ.

(ખરશૃંગશબ્દનો અર્થ છે ગધેડાનું શીંગડુ. આ શબ્દ અર્થવાળો નો છે. પણ ગધેડાનાં શીંગડા રૂપી પદાર્થ જગતમાં છે જ નહિ, એટલે એ મુખ્યઅર્થથી અર્થવાળો નથી, પણ કાલ્પનિક અર્થથી અર્થવાળો છે અને એટલે જ એ શુદ્ધપદ નથી, પરંતુ સામાસિકપદ છે.)

---

**पराभिप्रायमाशङ्क्य परिहरन्नाह-**

चोयग-सुद्धपयत्ता सिद्धी जई एवं सुण्णसिद्धि अम्हं पि । तं न भवइ संतेणं जं सुन्नं सुन्नगेहं व ॥२७॥ भाष्यम् ॥

---

પૂર્વપક્ષનાં અભિપ્રાયને આશંકીને = દર્શાવીને એનો પરિહાર કરતાં કહે છે કે –

ભાષ્ય-૨૭ ગાથાર્થ : પ્રશ્ન : જો શુદ્ધપદત્વથી જીવની સિદ્ધિ થાય, તો અમને પણ શૂન્યની સિદ્ધિ થશે.

ઉત્તર : તે નહિ થાય. કેમકે શૂન્યગૃહની જેમ સત્વસ્તુથી શૂન્ય (શૂન્ય) કહેવાય.

---

**व्याख्या-उक्तवच्छुद्धपदत्वात्सिद्धिर्यदि जीवस्य एवं तर्हि शून्यसिद्धिरस्माकमपि, शून्यनष्टशब्दस्यापि शुद्धपदत्वादित्यभिप्रायः, अत्रोत्तरमाह-तन्न भवति यदुक्तं परेण, कुत इत्याह-'सता' विद्यमानेन पदार्थेन 'यद्' यस्माच्छून्यं शून्यमुच्यते, किंवदित्याह-शून्यगृहमिव, तथाहि-देवदत्तेन रहितं शून्यगृहमुच्यते, निवृत्तो घटो नष्ट इति, नत्वनयोर्जीवशब्दस्य जीववदव( वि )शिष्टं वाच्यमस्तीति गाथार्थः ॥**

---

ટીકાર્થ : પૂર્વપક્ષ : ઉપર કહ્યા પ્રમાણે જો શુદ્ધપદત્વ હેતુ દ્વારા જીવની સિદ્ધ થાય, તો અમારે પણ શૂન્યની સિદ્ધિ થશે. કેમકે શૂન્યપદ, નષ્ટપદ પણ શુદ્ધપદ છે. આમ "આખું જગત શૂન્ય છે, એમાં કશું જ નથી. બધું અસત્ છે" આ અમારા મતની સિદ્ધિ થશે.

ઉત્તરપક્ષ : અહીં ઉત્તર કહે છે કે પૂર્વપક્ષે જે કહ્યું, તે બરાબર નથી.

પ્રશ્ન : કેમ ? અમારી વાત ખોટી કેમ ?

ઉત્તર : કેમકે વિદ્યમાનપદાર્થથી શૂન્યવસ્તુ શૂન્ય કહેવાય છે. દા.ત. શૂન્યગૃહ.

તે આ પ્રમાણે - દેવદત્તથી રહિત ઘર શૂન્યગૃહ કહેવાય છે. પણ દેવદત્ત નામનો પદાર્થ તો સત્ જ છે. એમ ઘટ વિનાશ પામે ત્યારે એ નષ્ટ કહેવાય છે. પણ ઘટ સત્ તો હતો જ. દેવદત્તાદિ કોઈ પદાર્થ ન હોય, તો "આ ઘર શૂન્ય છે" એમ ન બોલાય.

કોનાથી શૂન્ય ? એ પ્રશ્ન ઉભો થાય જ. એમ ઘટાદિ પદાર્થ હોય જ નહિ. તો ત્યાં **नष्ट** શબ્દ વપરાતો જ નથી. પણ વિદ્યમાન ઘટનો વિનાશ થાય પછી જ **नष्ट** શબ્દ વપરાય. આમ શૂન્ય અને નષ્ટશબ્દનો જીવશબ્દની જેમ અવિશિષ્ટ વાચ્ય નથી. અર્થાત્ જેમ જીવશબ્દનો વાચ્યાર્થ જીવ જ છે. તેમ શૂન્યનો વાચ્યાર્થ માત્ર શૂન્ય નથી. પરંતુ "દેવદતાદિથી શૂન્ય" એમ એ વિશિષ્ટવાચ્ય છે. તથા **नष्ट** શબ્દનો વાચ્યાર્થ પણ માત્ર **नष्ट** પદાર્થ નથી. પરંતુ "ઘટાદિવિનાશ"રૂપ વિશિષ્ટ વાચ્યાર્થ છે. એટલે તમામ મતમાં સર્વથા શૂન્યતાની સિદ્ધિ થઈ શકતી નથી. હા, દેવદતાદિશૂન્યતાની સિદ્ધિ ચોક્કસ થાય, અને એ તો અમને માન્ય જ છે.

(ખ્યાલ રાખવો કે શૂન્ય, નષ્ટાદિ પદો શુદ્ધપદ તો છેજ. એની ના નથી. એટલે એનો વાચ્યાર્થ સત્ જ હોય એ પણ સાચું. પણ શૂન્યપદનો વાચ્યાર્થ સર્વથા સર્વપદાર્થોની શૂન્યતા નથી, માત્ર તે તે સ્થાને તે તે વસ્તુની શૂન્યતા જ વાચ્યાર્થ છે અને એ તો માન્ય જ છે.)

---

**प्रकारान्तरेणास्तित्वपक्षमेव समर्थयन्नाह-**

मिच्छा भवेउ सव्वत्था, जे केई पारलोइया । कत्ता चेवोपभोत्ता य, जइ जीवो न विज्जइ ॥२८॥ भाष्यम् ॥

---

બીજા પ્રકારથી અસ્તિત્વપક્ષનું જ સમર્થન કરતા કહે છે કે –

**ભાષ્ય-૨૮ ગાથાર્થ :** જે કોઈપણ પારલૌકિક અર્થો છે. તે બધા જ અર્થો મિથ્યા થાય, જો કર્તા અને ઉપભોક્તા જીવ ન હોય.

---

**व्याख्या-'<u>मिथ्या भवेयुः</u>' अनृताः स्युः, सर्वेऽर्था ये केचन <u>पारलौकिका</u>-दानादयः, यदि किमित्याह-कर्ता चैव कर्मणः उपभोक्ता च तत्फलस्य, यदि जीवो न विद्यते परलोकयायीति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** દાન, શીલ, તપ વગેરે જે કોઈપણ પરલોક સુધારનારા પદાર્થો માનેલા છે, એ બધા જ ખોટા = નિષ્ફળ = નકામા થઈ જાય. જો કર્મનો કર્તા અને તેના ફલનો ભોક્તા એવો પરલોકગમન કરનાર જીવ ન હોય.

(જીવ ગમે એટલા દાનાદિ કરે, તો પણ એ પુણ્યકર્મનો કર્તા નથી, દેવાદિ પરલોકમાં જનાર નથી અને ત્યાં સુખોનો ભોક્તા નથી... આમ બધી જ રીતે આ દાનાદિ નકામા સાબિત થાય.)

एतदेवाव्युत्पन्नशिष्यानुग्रहार्थं स्पष्टतरमाह-

पाणिदयातवनियमा बंभं दिक्खा य इंदियनिरोहो । सव्वं निरत्थयमेयं जइ जीवो न विज्जई ॥२९॥ भाष्यम् ॥

અવ્યુત્પન્ન = મુગ્ધ = અપરિપક્વ શિષ્ય ઉપર ઉપકાર કરવા માટે આ જ વાત વધુ સ્પષ્ટ કહે છે.

ભાષ્ય-૨૯ ગાથાર્થ : જો જીવ ન હોય તો પ્રણીદયા, તપ, નિયમ, બ્રહ્મચર્ય, દીક્ષા, ઈંદ્રિયનિરોધ આ બધું નિરર્થક થાય.

व्याख्या-'प्राणिदयातपोनियमाः' करुणोपवासहिंसाविरत्यादिरूपाः, तथा 'ब्रह्म' ब्रह्मचर्यं 'दीक्षा च' यागलक्षणा 'इन्द्रियनिरोधः' प्रव्रज्याप्रतिपत्तिरूपः, सर्वं 'निरर्थकं' निष्फलमेतत्, यदि जीवो न विद्यते परलोकयायीति गाथार्थः ॥

ટીકાર્થ : પ્રાણીદયા = કરુણા, તપ એટલે ઉપવાસાદિ, નિયમ એટલે હિંસાત્યાગાદિ, બ્રહ્મ એટલે બ્રહ્મચર્ય. દીક્ષા એટલે યાગ (ભાવપૂજા), ઈન્દ્રિયનિરોધ એટલે પ્રવ્રજયાનો સ્વીકાર. આ બધું નકામુ બની જાય જો પરલોકમાં ગમન કરનાર જીવ ન હોય તો.

किंच-'शिष्टाचरितो मार्गः, शिष्टैरनुगन्तव्य' इति, तन्मार्गख्यापनायाह-

लोइया वेइया चेव, तहा सामाइया विऊ । निच्चो जीवो पिहो देहा, इइ सव्वे ववत्थिया ॥३०॥ भाष्यम् ॥

વળી "શિષ્ટોએ શિષ્ટો-દ્વારા આચરાયેલા માર્ગને અનુસરવું જોઈએ." એટલે શિષ્ટોનો માર્ગ દેખાડવા કહે છે.

ભાષ્ય-૩૦ ગાથાર્થ : લૌકિકો, વૈદિકો, સામાયિકો, વિદ્વાનો બધા આ પ્રમાણે માનનારા છે કે "જીવ નિત્ય છે, દેહથી જુદો છે."

व्याख्या-लोके भवा लोके वा विदिता इति लौकिका-इतिहासादिकर्तारः, एवं वैदिकाश्चैव-त्रैविद्यवृद्धाः, तथा सामयिकाः-त्रिपिटकादिसमयवृत्तयो 'विद्वांसः' पण्डिताः, नित्यो जीवो, नानित्यः, एवं पृथग् 'देहात्' शरीरादित्येवं सर्वे व्यवस्थिताः, नान्यथेति गाथार्थः ॥

ટીકાર્થ : જે લોકમાં થયેલા હોય અથવા તો લોકમાં પ્રસિદ્ધ હોય તેઓ લૌકિક

કહેવાય. ઈતિહાસ વગેરેની રચના કરનારાઓ લૌકિક ગણવા. એમ વૈદિકો એટલે ત્રણવેદના જાણકાર સ્થવિરો..., સામયિકો એટલે ત્રિપિટકાદિ બૌદ્ધશાસ્ત્રોની વૃત્તિ = વિચારધારા = માન્યતાવાળાઓ... વિદ્વાનો એટલે પંડિતો...

આ બધા જ આ પ્રમાણે વ્યવસ્થિત છે કે "જીવ નિત્ય છે, દેહથી ભિન્ન છે." પણ આ લોકો ઉંધુ માનનારા નથી.

---

एतदेव व्याचष्टे-

लोगे अच्छेज्जभेज्जो वेए सपुरीसदद्धगसियालो । समएज्जहमासि गओ तिविहो दिव्वाइसंसारो ॥३१॥ भाष्यम् ॥

**व्याख्या-लोकेऽच्छेद्योऽभेद्य आत्मा पठ्यते, यथोक्तं गीतासु-"अच्छेद्योऽयमभेद्योऽयमविकार्योऽयमुच्यते । नित्यः संततगः स्थाणुरचलोऽयं सनातनः ॥१॥" इत्यादि । तथा वेदे सपुरीषो दग्धः श्रृगालः पठ्यत इति, यथोक्तम्-"श्रृगालो वै एष जायते यः सपुरीषो दह्यते, अथापुरीषो दह्यते आक्षोधुका अस्य प्रजाः प्रादुर्भवन्ति" इत्यादि । तथा समये "अहमासीद्गजः" इति पठ्यते, तथा च बुद्धवचनम्-"अहमासं भिक्षवो हस्ती, षड्दन्तः शङ्खसंनिभः । शुकः पञ्जरवासी च, शकुन्तो जीवजीवकः ॥१॥" इत्यादि ॥ तथा त्रिविधो दिव्यादिसंसारः कैश्चिदिष्यते, देवमानुषतिर्यग्भेदेन, आदिशब्दाच्चतुर्विधः कैश्चिन्नारकाधिक्येनेति गाथार्थः ॥**

---

આ જ વાત કહે છે.

ભાષ્ય-૩૧ **ગાથાર્થ** : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

ટીકા : લોકમાં કહ્યું છે કે આત્મા અછેદ્ય છે, અભેદ્ય છે. ગીતામાં કહ્યું છે કે "આ આત્મા અછેદ્ય, અભેદ્ય, અવિકાર્ય છે. નિત્ય છે, સતત જનારો છે, સ્થિર છે, અચલ છે, સનાતન છે."(કપડું, પાનું, લાકડું કરવતાદિથી કાપીએ એ છેદન છે. લાકડાદિને તોડીએ તો એ ભેદન કહેવાય... સંતતગ = પ્રત્યેક સમયે નવા નવા પર્યાયોને પામનારો... એમ યથાયોગ્ય અર્થ કરવો.)

વેદમાં કહ્યું છે કે પુરીષ = સ્થંડિલ સહિત જે પુરુષને બાળવામાં આવે, તે શિયાળ કહેવાય એટલે કે તે શિયાળ થાય. કહ્યું છે કે "એ પુરુષ શિયાળ થાય, જે પુરીષસહિત બાળવામાં આવે. હવે જો પુરીષ વિના એ બાળવામાં આવે તો એની સંતતિ ભુખરહિત = તૃપ્તિવાળી = સુખી થાય." (આવી રીતે બાળેલો પુરુષ શિયાળ થાય કે ન થાય એની

અત્યારે ચર્ચા નથી. પણ અહીં એટલું જ બતાવવું છે કે વેદમાં આત્મા નામનો પદાર્થ માનેલો છે, તે પરલોકયાયી માનેલો છે...)

તથા સમયમાં = બૌદ્ધગ્રન્થમાં કહ્યું છે કે "હું હાથી હતો."

આ પ્રમાણે બુદ્ધનું વચન છે કે "હે સાધુઓ ! હું છ દાંતવાળો, શંખનાં જેવો શ્વેત હાથી હતો. તથા (એ પછી) પાંજરામાં રહેનારો, જીવડાઓ ખાઈ ખાઈને જીવનારો, પોપટ રૂપ પક્ષી હતો."

તથા કેટલાંકો ત્રણ પ્રકારનો દિવ્યાદિ સંસાર માને છે. દેવસંસાર, મનુષ્યસંસાર, તિર્યંચસંસાર आदि શબ્દથી સમજવું કેટલાંકો નારકને વધારે ગણીને ચાર પ્રકારનો સંસાર માને છે.

---

**अत्रैव प्रकारान्तरेण तदस्तित्वमाह-**

अत्थि सरीरविहाया पइनियययागारयाइभावाओ । कुंभस्स जह कुलालो सो मुत्तो कम्मजोगाओ ॥३२॥भाष्यम्॥

**व्याख्या-अस्ति शरीरस्य-औदारिकादेर्विधाता, विधातेति कर्ता, कुत इत्याह-'<u>प्रतिनियताकारादिसद्भावात्</u>' आदिमत्प्रतिनियताकारत्वादित्यर्थः, दृष्टान्तमाह-कुम्भस्य यथा कुलालो विधाता । कुलालवदेवमसावपि मूर्तः प्राप्नोतीति विरुद्धमाशङ्क्य परिहरन्नाह-'<u>स</u>' आत्मा यः शरीरविधाता असौ मूर्तः '<u>कर्मयोगा</u>'दिति मूर्तकर्मसंबन्धादिति गाथार्थः ॥**

---

આમાં જ બીજા પ્રકારે આત્માનું અસ્તિત્વ કહે છે..

ભાષ્ય-૩૨ ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

**ટીકાર્થ** ઔદારિક વગેરે શરીરનો કરનાર કોઈક છે. કેમકે પ્રતિનિયત-ચોક્કસપ્રકારના આકરાદિનો સદ્ભાવ છે. એટલે કે આદિવાળા = શરુઆતવાળા ચોક્કસ પ્રકારનાં આકાર છે.

આમાં દૃષ્ટાન્ત કહે છે કે જેમ કુંભાર ઘડાનો કર્તા છે.

(ઘટ આદિમાન્ = સાદિ છે, એ ચોક્કસ પ્રકારનાં આકારવાળો છે, તો એનો કર્તા કુંભાર છે. તો શરીર પણ સાદિ છે, ચોક્કસ આકારવાળું છે, તો એનો કર્તા કોઈક તો હોવો જ જોઈએ. અહીં **પ્રતિનિયત** આકાર લખવાનું કારણ એ કે વાદળાઓ પણ સાદિ છે. આકારવાળા છે. પણ એનો કોઈ કર્તા નથી. એટલે એમાં વ્યભિચાર આવે. માટે

**પ્રતિનિયત** શબ્દ લખેલો છે. તથા **आदिमत्** ન લખે, તો મેરુ વગેરે પર્વતો પણ પ્રતિનિયત આકારવાળા તો છે જ. શાશ્વત પ્રતિમાઓ પણ પ્રતિનિયત આકારવાળી તો છેજ, પણ એનો કોઈ કર્તા નથી. એટલે એમાં વ્યભિચાર આવે. એ દૂર કરવા માટે **आदिमत्** શબ્દ લખેલો છે. મેરુ વગેરે પદાર્થો **आदिमत्** નથી. માટે એ ન લેવાય.

ટુંકમાં જે **आदिमत्** + પ્રતિનિયતાકારમાન્ હોય તેનો કોઈક કર્તા હોય...)

**પ્રશ્ન :** ઘટનો કર્તા કુંભાર તો મૂર્ત = રૂપી = શરીરી છે. તો એ રીતે શરીરનો કર્તા આત્મા પણ મૂર્ત = રૂપી = શરીરી માનવો પડશે.

**ઉત્તર :** આ આશંકાનો પરિહાર કરતાં ભાષ્યકાર કહે છે કે શરીરનો વિધાતા જે છે, તે આત્મા મૂર્ત એવા કર્મોનાં સંબંધથી મૂર્ત જ છે. એટલે તમારી વાત માન્ય જ છે. (આત્મા અમૂર્ત હોવા છતાં મૂર્તશરીર સાથે, મૂર્તકર્મો સાથે અત્યંત બંધાયેલો હોવાથી તે સ્વયં મૂર્ત ગણી શકાય છે. તેવો આત્મા જ શરીરનો કર્તા છે. કર્મમુક્ત શુદ્ધ અમૂર્ત આત્મા નથી.)

---

**अत्रैव शिष्यव्युत्पत्तयेऽन्यथा तद्ग्रहणविधिमाह-**

फरिसेण जहा वाऊ, गिज्झई कायसंसिओ । नाणाईहिं तहा जीवो, गिज्झई कायसंसिओ ॥३३॥ भाष्यम् ॥

---

શિષ્યને વિશિષ્ટબોધ કરાવવા માટે આ જ વિષયમાં અન્યપ્રકારે પણ આત્માને ગ્રહણ કરવાની વિધિ બતાવે છે.

**ભાષ્ય-૩૩ ગાથાર્થ :** દેહમાં રહેલ વાયુ જેમ સ્પર્શથી ગ્રહણ ણાય છે. એમ દેહસંગત આત્મા જ્ઞાનાદિથી ગ્રાહ્ય છે.

---

**व्याख्या-'<u>स्पर्शेन</u>' शीतादिना यथा वायुर्गृह्यते '<u>कायसंसृतो</u>' देहसंगतः अदृष्टोऽपि, तथा '<u>ज्ञानादिभिः</u>' ज्ञानदर्शनेच्छादिभिर्जीवो गृह्यते '<u>कायसंसृतो</u>' देहसंगत इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** જેમ વાયુ દેખાતો નથી, છતાં દેહમાં રહેલો બનેલો એ વાયુ શીતાદિ સ્પર્શથી જાણી શકાય છે. એમ દેહમાં રહેલો આત્મા ન દેખાતો હોવા છતાં પણ જ્ઞાન, દર્શન, ઈચ્છા વગેરેથી જાણી શકાય છે.

---

**असकृदनुमानादस्तित्वमुक्तं जीवस्य, अनुमानं च प्रत्यक्षपूर्वकं, न चैनं केचन**

पश्यन्तीति, ततश्चाशोभनमेतदित्याशङ्क्याह-

अणिंदियगुणं जीवं, दुन्नेयं मंसचक्खुणा । सिद्धा पासंति सव्वन्नू, नाणसिद्धा य साहुणो ॥३४॥ भाष्यम् ॥

---

**પ્રશ્ન :** તમે અનેકવાર અનુમાન દ્વારા જીવનું અસ્તિત્વ કહ્યું તો ખરું, પરંતુ કોઈપણ વસ્તુનું અનુમાન એ વસ્તુનાં પ્રત્યક્ષપૂર્વક જ થતું હોય છે. મહાનસાદિમાં વહ્નિનું પ્રત્યક્ષ થયા બાદ જ પર્વતાદિમાં તેનું અનુમાન થાય છે. હવે આત્માને તો કોઈપણ જોતા જ નથી. એટલે આત્માનું પ્રત્યક્ષ કોઈએ કર્યું જ નથી, તો પછી તેનું અનુમાન શી રીતે થઈ શકે ?

એટલે જ આ અનુમાન દ્વારા જીવનું અસ્તિત્વ અસંગત છે.

**ઉત્તર :** આ આશંકાનો ઉત્તર આપે છે કે

**ભાષ્ય-૩૪ ગાથાર્થ :** અનિન્દ્રિય ગુણવાળા, માંસચક્ષુથી દુર્જ્ઞેય, જીવને સર્વજ્ઞસિદ્ધો અને જ્ઞાનસિદ્ધ સાધુઓ જુએ છે.

---

**व्याख्या-'अनिन्द्रियगुणम्' अविद्यमानरूपादीन्द्रियग्राह्यगुणं 'जीवम्' अमूर्तत्वादिधर्मकं 'दुर्ज्ञेयं' दुर्लक्षं 'मांसचक्षुषा' छद्मस्थेन, पश्यन्ति सिद्धाः सर्वज्ञाः, अञ्जनसिद्धादिव्यवच्छेदार्थं सर्वज्ञग्रहणं, ततश्च ऋषभादय इत्यर्थः, ज्ञानसिद्धाश्च साधवो-भवस्थकेवलिन इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** ઈન્દ્રિયથી ગ્રહણ કરી શકાય એવા રૂપ, રસ, ગંધાદિ ગુણો જેનામાં વિદ્યમાન નથી, જે અમૂર્તતાદિ ધર્મવાળો છે. જે ચામડાની આંખોથી જાણી શકાય એમ નથી. એવા આ જીવને સર્વજ્ઞસિદ્ધો જુએ છે.

અહીં માત્ર સિદ્ધ શબ્દ લખે, તો અંજનસિદ્ધ, વિદ્યાસિદ્ધ, મંત્રસિદ્ધ પણ આવી જાય. તેઓ તો આ જીવને જોઈ શકતા જ નથી. એટલે એ બધાનો વ્યવચ્છેદ કરવા માટે સર્વજ્ઞશબ્દનું ગ્રહણ કરેલું છે. એટલે એનો અર્થ એ કે ઋષભાદિ સર્વજ્ઞ+સિદ્ધો જીવને જુંએ છે. તથા જ્ઞાનસિદ્ધ સાધુઓ એટલે ચારઘાતી કર્મોનો ક્ષય કરી ચૂકેલા ભવસ્થ કેવલીઓ એ જીવને જુએ છે.

---

**साम्प्रतमागमादस्तित्वमाह-**

अत्तवयणं तु सत्थं दिट्ठा य तओ अइंदियाणंपि । सिद्धी गहणाईणं तहेव जीवस्स विन्नेया

॥૩૫॥भाष्यम् ॥

હવે આગમ દ્વારા જીવનું અસ્તિત્વ દર્શાવે છે.

ભાષ્ય-૩૫ ગાથાર્થ શાસ્ત્ર આપ્તવચન છે. તેના દ્વારા સૂર્યગ્રહણાદિ અતીન્દ્રિય પદાર્થોની પણ સિદ્ધિ દેખાયેલી છે. તો એ જ પ્રમાણે જીવની પણ સિદ્ધિ જાણવી.

**व्याख्या-आप्तवचनं तु शास्त्रम्, आप्तो-रागादिरहितः, तुशब्दोऽवधारणे, आप्तवचनमेव, अनेनापौरुषेयव्यवच्छेदमाह, तस्यासंभवादिति । 'दृष्टा च तत' इति उपलब्धा च ततः-आप्तवचनशास्त्रात् 'अतीन्द्रियाणामपि' इन्द्रियगोचरातिक्रान्तानामपि, 'सिद्धिः ग्रहणादीना'मिति उपलब्धिश्चन्द्रोपरागादीनामित्यर्थः, तथैव जीवस्य विज्ञेयेति, अतीन्द्रियस्याप्याप्तवचनप्रामाण्यादिति गाथार्थः ॥ मूलद्वारगाथायां व्याख्यातमस्तित्वद्वारम्,**

ટીકાર્થ : શાસ્ત્ર એ આપ્તનાં વચનરૂપ હોય છે. આપ્ત એટલે રાગાદિરહિત. तु શબ્દ અવધારણમાં છે. અર્થાત્ શાસ્ત્ર આપ્તવચન જ છે. આના દ્વારા અપૌરુષેય શાસ્ત્રનો વ્યવચ્છેદ કહ્યો. (મીમાંસકો એમ માને છે. શાસ્ત્ર=વેદ અનાદિ છે. એનો કર્તા કોઈપણ પુરુષ નથી. એટલે શાસ્ત્ર પુરુષનિર્મિત = પૌરુષેય નથી. અપૌરુષેય છે. આપણે કહ્યું કે શાસ્ત્ર આપ્તપુરુષનાં વચનરૂપ જ છે. અપૌરુષેય નથી. આમ **एव** કાર દ્વારા આપણે મીમાંસકોનાં મતનો નિષેધ કર્યો.)

પ્રશ્ન : અપૌરુષેય શાસ્ત્ર માનવામાં વાંધો શું ?

ઉત્તર : એવા શાસ્ત્રનો સંભવ જ નથી, માટે એ ન માની શકાય. (શાસ્ત્ર વચનાત્મક છે, વચન વક્તા વિના સંભવિત નથી. ઈત્યાદિ ઘણી ચર્ચા ગ્રન્થાન્તરથી જાણી લેવી...)

તથા આપ્તવચનરૂપ શાસ્ત્રથી ચન્દ્રગ્રહણ, સૂર્યગ્રહણાદિ પદાર્થોની સિદ્ધિ થતી દેખાય છે કે જે પદાર્થો ઈન્દ્રિયનો વિષય બની શકતા જ નથી. (શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સૂર્યગ્રહણાદિ થાય છે, એ બધું ઈન્દ્રિયથી જોઈને નક્કી થતું નથી... એટલે શાસ્ત્ર વિશ્વસનીય છે.)

તો એજ પ્રમાણે અતીન્દ્રિય એવા જીવની પણ આપ્તવચનને અનુસારે સિદ્ધિ થાય છે. ભલે, એ અતીન્દ્રિય હોય, પરંતુ આપ્તવચન તો પ્રામાણિક જ છે. અને એમાં જીવની સત્તા દર્શાવી છે. તો એ માનવી જ જોઈએ.

મૂલદ્વાર ગાથામાં દર્શાવેલું ચોથું અસ્તિત્વદ્વાર પૂર્ણ થયું.

अधुनाऽन्यत्वादिद्वारत्रयव्याचिख्यासुराह-

अण्णत्तममुत्तत्तं निच्चत्तं चेव भण्णए समयं । कारणअविभागाईहेऊहिं इमाहिं गाहाहिं ॥३६॥ भाष्यम् ॥

હવે ૫-૬-૭ અન્યત્વ, અમૂર્તત્વ અને નિત્યત્વ એ ત્રણેય દ્વારોનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાવાળા ભાષ્યકાર કહે છે કે –

ભાષ્ય-૩૬ ગાથાર્થ : હવે કારણ, અવિભાગાદિ હેતુઓ દ્વારા અન્યત્વ, અમૂર્તત્વ, નિત્યત્વ દ્વારો આ ગાથાઓ વડે એક સાથે કહેવાય છે.

**व्याख्या-अन्यत्वं देहाद् अमूर्तत्वं स्वरूपेण नित्यत्वं चैव-परिणामिनित्यत्वं भण्यते 'समकम्' एकैकेन हेतुना त्रितयमपि युगपदिति-एककालमित्यर्थः, 'कारणाविभागादिभिः' वक्ष्यमाणलक्षणैर्हेतुभिः 'इमाभिः' तिसृभिर्निर्युक्तिगाथाभिरेवेति गाथार्थः ॥**

ટીકાર્થ : જીવ દેહથી અન્ય છે, સ્વરૂપથી અમૂર્ત છે, તથા પરિણામિનિત્ય છે. એક એક હેતુ દ્વારા આ ત્રણેય વસ્તુ એકસાથે કહેવાય છે. એ હેતુઓ કારણાવિભાગ વગેરે છે. એ ત્રણ નિર્યુક્તિગાથાઓ દ્વારા કહેવાશે. (દરેકે દરેક હેતુ આ ત્રણેય વસ્તુને સિદ્ધ કરનારો બનશે...)

कारणविभागकारणविणासबंधस्स पच्चयाभावा ॥ विरुद्धस्स य अत्थस्सापाउब्भावाविणासा य ॥२२५॥

નિર્યુક્તિ-૨૨૫ ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

**व्याख्या-'कारणविभागकारणविनाशबन्धस्य प्रत्ययाभावा'दिति अत्राभावशब्दः प्रत्येकमभिसंबध्यते, कारणविभागाभावात् न खलु जीवस्य पटादेरिव तन्त्वादिकारणविभागोऽस्ति, कारणाभावादेव । एवं कारणविनाशाभावेऽपि योज्यं, तथा बन्धस्य-ज्ञानावरणादि-पुद्गलयोगलक्षणस्य प्रत्ययाभावात्-हेतुत्वानुपपत्तेः, बन्धस्येति बध्यमानव्यतिरिक्तबन्धज्ञापनार्थमसमासः, व्यतिरेकी चायमन्वयव्यतिरेकावर्थ-साधकाविति दर्शनार्थमिति, तथा विरुद्धस्य चार्थस्य पटादिनाशे भस्मादेरिव 'अप्रादुर्भावादविनाशाच्च' अप्रादुर्भावेऽनुत्पत्तौ सत्यामविनाशाच्च हेतोः**

जीवस्य नित्यत्वं, नित्यत्वादमूर्तत्वम्, अमूर्तत्वाच्च देहादन्यत्वमिति प्रतिपत्त्यानुगुण्यतो व्यत्ययेन साध्यनिर्देशः । वक्ष्यति च निर्युक्तिकारः- 'जीवस्स सिद्धमेवं, निच्चत्तममुत्तमन्नत्तं' इति गाथासमासार्थः । व्यासार्थस्तु भाष्यादवसेयः, तत्राव्युत्पन्नविनेयासंमोहनिमित्तं यथोपन्यासं तावद्द्वाराणि व्याख्याय पश्चान्निर्युक्तिकाराभिप्रायेण मीलयिष्यतीत्यत आह-

---

ટીકાર્થ : **कारणविभागकारणविनाशबन्धस्य प्रत्ययाभावात्** આમ ગાથામાં લખેલું છે, એમાં છેલ્લે રહેલો **अभाव** શબ્દ, બધા સાથે જોડવાનો છે. એટલે (૧) કારણવિભાગાભાવ (૨) કારણવિનાશાભાવ (૩) બંધપ્રત્યયાભાવ એમ ત્રણ હેતુ બનશે.

**(૧) કારણવિભાગાભાવ :** જેમ પટ વગેરેના તન્તુ વગેરે કારણો છે, અને એ તન્તુ વગેરેનો વિભાગ થઈ જાય = તન્તુઓ પરસ્પર છૂટા પડી જાય તો પટનો વિનાશ થાય. પરંતુ જેમ પટાદિનાં તન્તુ વગેરે કારણોનો વિભાગ થાય છે, એમ જીવના કારણોનો વિભાગ થતો નથી. કેમકે જીવના કારણોનો જ અભાવ છે. (પહેલા પટ ન હતો, પછી જુદા જુદા તન્તુઓનો સંયોગ થયો એટલે પટ ઉત્પન્ન થયો, એટલે તન્તુઓ પટનાં કારણ છે. પણ એવું અહીં નથી કે "પહેલાં આત્મા ન હતો, પછી જુદા જુદા આત્મપ્રદેશો ભેગા થયા, એનાથી આત્મા બન્યો..." જીવ તો અનાદિથી છે જ. એટલે જીવને ઉત્પન્ન કરનાર કોઈ કારણો છે જ નહિ...)

**(૨) કારણવિનાશાભાવ :** ઉપરની વાત કારણવિનાશાભાવમાં પણ જોડી દેવી. (પટનાં કારણો રૂપે જે તન્તુઓ છે, તે તૂટી જાય-બળી જાય તો કારણવિનાશ થયો કહેવાય. પણ જીવના આત્મપ્રદેશો એ કંઈ જીવનાં કારણભૂત નથી. એટલે જીવના કારણોનો વિનાશ જ અસંભવિત છે. કેમકે કોઈ કારણ છે જ નહિ...)

**(૩) બંધપ્રત્યયાભાવ :** બંધ એટલે જ્ઞાનાવરણાદિ પુદ્ગલોનો આત્મા સાથે યોગગાઢ સંબંધ. પ્રત્યય એટલે કારણ. જીવમાં જે બંધની કારણતા છે. તેનો અભાવ થાય. એટલે કે એ કારણતા ન ઘટે. (જો જીવ હોય તો.)

આ ત્રણ હેતુ દ્વારા જીવની નિત્યતાની સિદ્ધિ થાય છે.

**પ્રશ્ન :** ઉભા રહો. પહેલાં એ તો કહો કે **बन्धस्य प्रत्ययाभावात्** એમ બે શબ્દો જુદા કેમ રાખ્યા. **बन्धप्रत्ययाभावात्** એમ સમાસ કેમ ન કર્યો ? અભાવ શબ્દ તો કારણવિભાગ અને કારણવિનાશ સાથે પણ જોડવાનો જ હતો, આખો એકસમાસ હોત તો વધુ સંગત થાત.

ઉત્તર : **बन्धस्य** શબ્દનો **प्रत्ययाभावात्** સાથે સમાસ નથી કર્યો, તે એવું જણાવવા માટે કે બધ્યમાન કરતા બંધ જુદો છે. બંધ અને બધ્યમાન એક નથી.

તથા આ હેતુ વ્યતિરેકી છે = વ્યતિરેકવ્યાપ્તિવાળો છે, અન્વયવ્યાપ્તિવાળો નથી, આવો વ્યતિરેકી હેતુ એવું દર્શાવવા માટે કહ્યું છે કે "માત્ર અન્વય જ અર્થસાધક નથી, પરંતુ અન્વય અને વ્યતિરેક બંને અર્થસાધક છે."

(૪) જેમ પટાદિનો નાશ થાય, તો પટથી વિરુદ્ધ એવા ભસ્માદિ દ્રવ્યની ઉત્પત્તિ થાય છે. પરંતુ એવું આત્મામાં થતું નથી. આત્માનો કોઈ વિરુદ્ધ અર્થ ઉત્પન્ન થતો નથી. અને એટલે જ આત્માનો પટની જેમ નાશ પણ થતો નથી. આ કારણસર જીવ નિત્ય છે. નિત્ય હોવાથી અમૂર્ત છે, અમૂર્ત હોવાથી દેહથી ભિન્ન છે.

**પ્રશ્ન :** દેહભિન્નત્વ, અમૂર્તત્વ, નિત્યત્વ એ ક્રમથી ત્રણ દ્વારો હતાં, જયારે તમે તો પહેલાં નિત્યત્વ, પછી અમૂર્તત્વ અને પછી દેહભિન્નત્વ સાધ્યની સિદ્ધિ કરો ો, તો આ વ્યત્યય = ક્રમફેરફાર શા માટે કયો?

**ઉત્તર :** અહીં ઉંધા ક્રમથી સાધ્યનો નિર્દેશ કર્યો છે, તે એટલા માટે કે આ રીતે બોધ કરવામાં અનુકુળતા રહે છે.

(**ભાવાર્થ :** કુલ ત્રણ અનુમાન થશે.

(૧) **आत्मा नित्यः स्वकारणविभागाभावात्**

(૨) **आत्मा नित्यः स्वकारणविनाशाभावात्**

(૩) **आत्मा नित्यः कर्मबन्धहेतुत्वात्**

આમાં પહેલાં બે અનુમાનમાં પટ દૃષ્ટાન્ત વ્યતિરેકી વ્યાપ્તિને અનુસારે છે. **यत्र यत्र नित्यत्वाभावः तत्र तत्र स्वकारणविभागः** આ વ્યતિરેકવ્યાપ્તિ છે. પટમાં નિત્યત્વનો અભાવ છે, તો પટમાં સ્વકારણ તન્તુઓનો વિભાગ પણ સંભવિત છે. બીજા અનુમાનમાં **यत्र नित्यत्वाभावः तत्र स्वकारणविनाशाभावः** એ વ્યતિરેકવ્યાપ્તિ છે. એમાં પણ પટ જ દૃષ્ટાન્ત તરીકે દર્શાવેલો છે. તથા જયાં નિત્યત્વાભાવ છે, ત્યાં કર્મબન્ધહેતુતા નથી... આ ત્રીજા અનુમાનની વ્યાપ્તિ છે, એમાં પણ ઘટપટ વગેરે સમજી લેવા. આમ આ ત્રણેય અનુમાનોમાં વ્યતિરેકી વ્યાપ્તિ લઈને દૃષ્ટાન્ત આપ્યા છે. અન્વયી દૃષ્ટાન્ત લીધાં નથી. એનું કારણ એ કે ગ્રન્થકાર એ દર્શાવવા માંગે છે કે અન્વય અને વ્યતિરેક બંને અર્થસાધક છે, માત્ર અન્વય નહિ એનું કારણ એ કે ગ્રન્થકાર એ દર્શાવવા માંગે છે કે અન્વય અને વ્યતિરેક બંને અર્થસાધક છે, માત્ર અન્વય નહિ.

ચોથા અનુમાનનો આકાર આ થવાનો કે

(૪) **आत्मा नित्यः विरुद्ध-अर्थ-अप्रादुर्भावात्** અહીં પણ વ્યતિરેકી વ્યાપ્તિ મળશે કે **यत्र नित्यत्वाभावः तत्र विरुद्धार्थप्रादुर्भावः** જેમકે પટ અનિત્ય છે, અને તેમાં વિરુદ્ધ અર્થ - ભસ્મનો પ્રાદુર્ભાવ થાય છે.

(આમાં મૂળગાથામાં બતાવેલા ક્રમ પ્રમાણે પહેલા દેહભિન્નત્વ, પછી અમૂર્તત્વ અને પછી નિત્યત્વનું પ્રતિપાદન કરવાનું હતું. પરંતુ જો આત્મા નિત્ય સિદ્ધ થાય, તો અમૂર્ત સિદ્ધ થાય અને તો દેહભિન્ન સિદ્ધ થાય, એટલે બોધની અનુકૂળતા પ્રમાણે પહેલાં નિત્યત્વની સિદ્ધિ જરૂરી હતી. માટે એ ક્રમથી સિદ્ધિ કરી.)

વળી નિર્યુક્તિકાર પણ કહેશે કે "આ પ્રમાણે જીવનું નિત્યત્વ, અમૂર્તત્વ, અન્યત્વ સિદ્ધ છે" આમ નિર્યુક્તિકાર પણ પોતેજ દર્શાવેલા દ્વારોનો ક્રમ બદલીને આ પ્રમાણે દર્શાવવાના છે. એટલે અમે આ રીતે દર્શાવીએ તો કોઈ દોષ નથી.

આ ગાથાનો સંક્ષેપથી અર્થ છે.

વિસ્તારથી અર્થ ભાષ્યમાંથી જાણવો.

તેમાં અવ્યુત્પન્ન શિષ્યોને સંમોહ ન થાય એ માટે સૌપ્રથમ તો મૂળગાથામાં કહેલા ક્રમ પ્રમાણે જે દ્વારોનું વ્યાખ્યાન કરીને પછી નિર્યુક્તિકારના અભિપ્રાયની સાથે બધું ભેગું કરી દેશે. (અર્થાત્ પ્રથમ તો અન્યત્વ, અમૂર્તત્વ, નિત્યત્વની વ્યાખ્યા દર્શાવશે. એ પછી નિત્યત્વાદિ ક્રમથી જોડશે...) આથી કહે છે.

---

अन्नत्ति दारमहुणा अन्नो देहा गिहाउ पुरिसो व्व । तज्जीवतस्सरीरियमयघायत्थं इमं भणियं ॥३७॥ भाष्यम् ॥

---

**ભાષ્ય-૩૭ ગાથાર્થ :** હવે 'અન્ય'દ્વાર છે, જેમ ઘરથી પુરુષ અન્ય છે, તેમ દેહથી આત્મા અન્ય છે. 'તે જીવ અને તે જ શરીર' એ મતનો ઘાત કરવા માટે આ કહ્યું છે.

---

**व्याख्या-अन्यो देहादिति द्वारमधुना, तदेतद्व्याख्यायते-अन्यो देहात्, जीव इति गम्यते, गृहादिगतपुरुषवदिति दृष्टान्तः तद्भावेऽपि तत्रानियमतो भावादिति हेतुरभ्यूह्यः, न चासिद्धोऽयं, मृतदेहेऽदर्शनात्, प्रयोगफलमाह-तज्जीवतच्छरीरवादिमतविघातार्थम् '<u>इदं</u>' प्रयोगरूपं भणितमिति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** હવે પાંચમુ **અન્યત્વદ્વાર** છે. તેનું વ્યાખ્યાન કરાય છે. જીવ દેહથી અન્ય છે. **જીવ** શબ્દ લખ્યો નથી, એ સમજી લેવો. ઘર વગેરેમાં રહેલા પુરુષની જેમ... આ

દૃષ્ટાન્ત છે. અહીં હેતુ આપ્યો નથી. એ આ પ્રમાણે સમજવો કે દેહ હોવાછતાં પણ ત્યાં અનિયમથી જીવનો સદ્ભાવ હોવાથી... અર્થાત્ દેહમાં અવશ્ય જીવની હાજરી હોય જ એવો નિયમ ન હોવાથી...

**जीवः देहभिन्नः देहसत्त्वेऽपि देहेऽनियमतो सद्भावात् गृहादिगतपुरुषवत्**

ઘરમાં રહેલો પુરુષ ઘર હોવા છતાં કાયમ ઘરમાં હોતો નથી અને એ પુરુષ ઘરથી ભિન્ન પણ છે, એજ પ્રમાણે દેહ હોવા છતાં પણ જીવ કાયમ દેહમાં હોતો નથી, એટલે જીવ દેહથી ભિન્ન છે.

**પ્રશ્ન :** પણ આ હેતુ જીવરૂપી પક્ષમાં રહેતો ન હોવાથી અસિદ્ધ છે.

**ઉત્તર :** ના, આ હેતુ અસિદ્ધ નથી. મૃતદેહમાં જીવ દેખાતો નથી. એટલે દેહમાં નિયમથી જીવ હોય જ, એવું નથી. એટલે એ હેતુ સિદ્ધ જ છે.

આ અનુમાન પ્રયોગનું ફલ કહે છે કે તે જ જીવ અને તે જ શરીર... એવું બોલનારાનાં મતનો વિઘાત કરવા માટે આ પ્રયોગ કહેવાયેલો છે.

---

**प्रयोगान्तरमाह-**

देहिंदियाइरित्तो आया खलु तदुवलद्धअत्थाणं । तव्विगमेऽवि सरणओ गेहगवक्खेहिं पुरिसो व्व ॥३८॥ भाष्यम् ॥

---

બીજો પ્રયોગ કહે છે.

**ભાષ્ય-૩૮ ગાથાર્થ :** દેહેન્દ્રિયથી જણાયેલા અર્થોનું દેહેન્દ્રિયનાં વિનાશ બાદ પણ સ્મરણ થતું હોવાથી આત્મા દેહેન્દ્રિયથી ભિન્ન છે. જેમકે ઘરનાં ઝરુખાઓથી પુરુષ ભિન્ન છે.

---

**व्याख्या-खलुशब्दः विशेषणार्थत्वात्कथञ्चिद्देहेन्द्रियातिरिक्त आत्मेति प्रतिज्ञार्थः, '<u>तदुपलब्धार्थाना</u>'मिति संभवतः परामर्शत्वात् इन्द्रियोपलब्धार्थानां '<u>तद्विगमेऽपि</u>' इन्द्रियविगमेऽपि स्मरणादिति हेत्वर्थः, स्मरन्ति चान्धबधिरादयः पूर्वानुभूतं रूपादीति, गेहगवाक्षैः पुरुषवदिति दृष्टान्तः । प्रयोगस्तु-कथञ्चिद्देहेन्द्रियातिरिक्त आत्मा, तद्विगमेऽपि तदुपलब्धार्थानुस्मरणात्, पञ्चवातायनोपलब्धार्थानुस्मर्तृदेवदत्तवदिति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** ગાથામાં **खलु** શબ્દ વિશેષ અર્થ બતાડનાર હોવાથી આ પ્રમાણે વિશેષાર્થ સમજવો કે "આત્મા કથંચિત્ દેહેન્દ્રિયભિન્ન છે, આ પ્રમાણે પ્રતિજ્ઞાનો અર્થ છે."

એમાં હેતુ - અર્થ આ પ્રમાણે છે કે **तदुपलब्धार्थानां तद्विगमेऽपि स्मरणात्**

પ્રશ્ન : અહીં **तत्** શબ્દથી દેહ અને ઈન્દ્રિય બંને લેવાય. કેમકે એ બંનેનો પૂર્વમાં ઉલ્લેખ કરેલો છે. પણ **तत्** થી બે લેવા બરાબર નથી. કેમકે **तत्** = ઈન્દ્રિય લેવામાં તો વાંધો ન આવે, ઈન્દ્રિયોથી ઉપલબ્ધ = જણાયેલ અર્થો... એમ પદાર્થ સંગત થાય, પરંતુ **तत्**થી દેહ શી રીતે લેવાય ? કેમકે દેહથી ઉપલબ્ધ અર્થ તો છે જ નહિ.

ઉત્તર : તમારી વાત સાચી છે. **तत्** શબ્દથી એનો જ પરામર્શ = બોધ કરવો કે જેનો સંભવ હોય. દેહનો સંભવ નથી, તો દેહનો પરામર્શ ન કરવો, પણ ઈન્દ્રિયનો સંભવ છે, તો માત્ર ઈન્દ્રિયનો પરામર્શ કરવો. એટલે આ પ્રમાણે અનુમાનનો અર્થ થશે કે ઈન્દ્રિયોપલબ્ધ અર્થોનું ઈન્દ્રિયનો વિનાશ થવા છતાં પણ સ્મરણ થતું હોવાથી. (જીવ દેહેન્દ્રિયભિન્ન છે.)

વળી આ હકીકત છે કે અંધ અને બધિરો વગેરે પૂર્વે અનુભવેલા રૂપાદિને યાદ કરે જ છે.

દૃષ્ટાન્ત આ પ્રમાણે છે કે જેમ ઘરનાં ઝરુખાઓથી પુરુષ જુએ = દેખે છે...

આખો અનુમાનપ્રયોગ આ પ્રમાણે થશે કે

**आत्मा कथंचित् देहेन्द्रियभिन्नः तद्विगमेऽपि तदुपलब्धार्थस्मरणात् पञ्चवातायनोप-लब्धार्थानस्मर्तृदेवदत्तवत्**

(ભાવાર્થ : કોઈક પુરુષે પોતાના મકાનની પાંચ બારીઓમાંથી ૨૦ વર્ષની ઉંમરે બહારનાં દૃશ્યો જોયેલા હોય, એ પુરુષ કોઈપણ કારણસર ૧૦ વર્ષ બાદ એ પાંચેય બારીઓ ચણાવી દઈ ત્યાં ભીંત કરી નાંખે, તો એકેય બારી ન હોવા છતાં એ બારીમાંથી જોયેલા દૃશ્યોનું સ્મરણ તો કરી જ શકે છે. હવે આ પુરુષ પાંચેય બારીઓથી જુદો છે, એ તો બધા માને જ છે જો પુરુષ પાંચ બારીઓથી જુદો ન હોત તો બારીઓ ખતમ થતાં એ પુરુષ પણ ખતમ થઈ જાત. પણ એવું બન્યું નથી.

પ્રસ્તુતમાં ૨૦ વર્ષની ઉંમરના પુરુષે આંખોથી જે જોયેલું, કાનથી જે સાંભળેલું એ બધું જ ૪૦ વર્ષે એ પુરુષ કદાચ અંધ-બધિર થઈ જાય તો પણ એને યાદ તો આવે જ છે. અર્થાત્ આંખ કાન જવા છતાં પણ આંખ-કાનથી અનુભવેલી વસ્તુઓનું સ્મરણ તો થાય જ છે. એનો અર્થ જ એ કે આ જીવ ઈન્દ્રિયોથી ભિન્ન છે. જો જીવ ઈન્દ્રિય-અભિન્ન હોત, તો ઈન્દ્રિયનો નાશ થતા જીવનો પણ નાશ થાત અને તો પછી ઈન્દ્રિયાનુભૂતપદાર્થોનું સ્મરણ ન થાત. પણ એ થાય તો છે જ. એટલે માનવું જોઈએ કે જીવ ઈન્દ્રિયભિન્ન છે.)

| ઉપમા : | | | | |
|---|---|---|---|---|
| | જીવ | પાંચ ઈન્દ્રિયો | ઈન્દ્રિય વિનાશ પછી પણ સ્મરણ | જીવ ઈન્દ્રિયોથી જુદો છે. |
| | પુરુષ | પાંચ બારીઓ | બારી વિનાશ પછી પણ સ્મરણ | પુરુષ બારીથી જુદો છે. |

**इन्द्रियोपलब्धिमत्त्वाशङ्कापोहायाह-**

**न उ इंदियाइं उवलद्धिमंति विगएसु विसयसंभरणा । जह गेहगवक्खेहिं जो अणुसरिया स उवलद्धा ॥३९॥ भाष्यम् ॥**

**પ્રશ્ન :** જીવને ઉપલબ્ધિવાળો = જ્ઞાનવાળો માનવાને બદલે ઈન્દ્રિયને જ જ્ઞાનવાળી માની લઈએ તો ? ચક્ષુ વગેરે ઈન્દ્રિયો પોતે જ જ્ઞાનવાળી છે. એમ માનવામાં શું વાંધો ? જીવ નામનો નવો પદાર્થ માનવાની જરૂર જ શી ?

**ઉત્તર :** આ આશંકાનું ખંડન કરવા માટે કહે છે કે –

**ભાષ્ય-૩૯ ગાથાર્થ :** ઈન્દ્રિયો જ્ઞાનવાળી ન મનાય. કેમકે ઈન્દ્રિયો ગયા પછી પણ સ્મરણ થાય છે. જેમ ઘરની બારીઓથી જે અનુસ્મરણ કરનાર છે, તે જ ઉપલબ્ધા = જ્ઞાનકર્તા છે.

**व्याख्या-न पुनरिन्द्रियाण्येवोपलब्धिमन्ति-द्रष्टॄणि, कुत इत्याह-विगतेष्विन्द्रियेषु विषयसंस्मरणात्-तद्गृहीतरूपाद्यनस्मृतेरन्धबधिरादीनामिति, निदर्शनमाह-यथा गेहगवाक्षैः करणभूतैः दृष्टानर्थाननुस्मरन् योऽनुस्मर्ता स उपलब्धा, न तु गवाक्षाः, एवमत्रापीति गाथार्थः ॥ उक्तमेकेन प्रकारेणान्यत्वद्वारम्,**

**ટીકાર્થ :** ઈન્દ્રિયો જ જ્ઞાનવાળી માની શકાતી નથી. કેમકે ઈન્દ્રિયો ખતમ થઈ જાય તો પણ એ ઈન્દ્રિયો વડે ગ્રહણ કરાયેલા રૂપાદિનું સ્મરણ અંધ-બધિરાદિને થાય જ છે.

આ જ વાતમાં દૃષ્ટાન્ત કહે છે કે જેમ ઘરની બારીઓ વડે દેખાયેલા અર્થોને યાદ કરનાર જે અનુસ્મર્તા = સ્મરણ કરનાર છે, એજ ઉપલબ્ધા = જ્ઞાનકર્તા છે. બારીઓ નહિ. એમ અહીં પણ સમજવું.

(માણસે બારીમાંથી વસ્તુઓ જોઈ, પછી માણસ એ જોયેલી વસ્તુનું સ્મરણ કરે છે. તો અહીં બારીએ વસ્તુ જોઈ એવું કોઈ નથી માનતું. જો બારી જ વસ્તુ જોનારી હોત, તો બારીનો નાશ થયા બાદ એ વસ્તુનું સ્મરણ થઈ ન શકે. કેમકે જેણે જોયેલું હોય એને જ સ્મરણ થાય, હવે બારીએ જોયેલું છે. તો એ તો નાશ પામી ગઈ છે, એટલે બીજાને સ્મરણ થવું ન જોઈએ... પણ થાય છે..

આ જ વાત પ્રસ્તુતમાં પણ ઘટાવવી.)

એક પ્રકારથી અન્યત્વદ્વાર કહ્યું.

---

**अधुना अमूर्तद्वारावसर इत्याह भाष्यकारः-**

**संपयममुत्तदारं अइंदियत्ता अछेयभेयत्ता । रूवाइविरहओ वा अणाइपरिणामभावाओ ॥४०॥ भाष्यम् ॥**

---

હવે અમૂર્તદ્વારનો અવસર છે. એ વાત ભાષ્યકાર કહે છે કે

ભાષ્ય-૪૦ ગાથાર્થ  હવે અમૂર્તદ્વાર છે. અતીન્દ્રિયતાથી, અછેદ્ય-અભેદ્યતાથી, રૂપાદિવિરહથી કે અનાદિપરિણામભાવથી જીવ અમૂર્ત છે.

---

**व्याख्या-साम्प्रतममूर्तद्वारं, तद्व्याख्यायते, अमूर्तो जीवः, 'अतीन्द्रियत्वात्' द्रव्येन्द्रियाग्राह्यत्वात्, अच्छेद्याभेद्यत्वात्-खड्गशूलादिना, रूपादिविरहतश्च-अरूपत्वादित्यर्थः । तथा 'अनादिपरिणामभावा'दिति स्वभावतोऽनाद्यमूर्तपरिणामत्वादिति गाथार्थः ॥**

---

ટીકાર્થ : હવે અમૂર્તદ્વાર છે. તેનું વ્યાખ્યાન કરાય છે.

(૧) જીવ અમૂર્ત છે. કેમકે તે દ્રવ્યેન્દ્રિયોથી અગ્રાહ્ય છે.

(૨) જીવ અમૂર્ત છે. કેમકે તે તલવારથી અચ્છેદ્ય, શૂલથી અભેદ્ય છે.

(૩) જીવ અમૂર્ત છે. કેમકે તે અરૂપી છે.

(૪) જીવ અમૂર્ત છે. કેમકે સ્વભાવથી જ અનાદિ અમૂર્તપરિણામવાળો છે.

---

छउमत्थाणुवलंभा तहेव सव्वन्नुवयणओ चेव । लोयाइपसिद्धीओ जीवोऽमुत्तो त्ति नायव्वो ॥४१॥ भाष्यम् ॥

---

ભાષ્ય-૪૧ ગાથાર્થ : છદ્મસ્થોથી ન જણાતો હોવાથી, સર્વજ્ઞવચનથી, લોકાદિ પ્રસિદ્ધિથી જીવ અમૂર્ત જાણવો.

---

**व्याख्या-'छद्मस्थानुपलम्भाद्' अवधिज्ञानिप्रभृतिभिरपि साक्षादगृह्यमाणत्वात्, तथैव 'सर्वज्ञवचनाच्चैव' सत्यवक्तृवीतरागवचनादित्यर्थः, 'लोकादिप्रसिद्धेः' लोकादावमूर्तत्वेन प्रसिद्धत्वात्, आदिशब्दाद्वेदसमयपरिग्रहः, अमूर्तो जीव इति ज्ञातव्यः, सर्वत्रैवेयं प्रतिज्ञेति गाथार्थः ॥ उक्तममूर्तद्वारम्,**

**ટીકાર્થ :** (૫) જીવ અમૂર્ત છે. કેમકે અવધિજ્ઞાની વગેરે છદ્મસ્થોથી પણ જીવ સાક્ષાત્ અગૃહ્યમાણ છે.

(૬) જીવ અમૂર્ત છે. કેમકે સત્યવક્તા વીતરાગનું વચન છે કે 'જીવ અમૂર્ત છે.'

(૭) જીવ અમૂર્ત છે. કેમકે લોક વગેરેમાં અમૂર્ત તરીકે પ્રસિદ્ધ છે. **आदि** શબ્દથી વેદ, બૌદ્ધશાસ્ત્ર લેવા.

આ સાત હેતુઓથી જીવ અમૂર્ત છે.

"જીવ અમૂર્ત છે." આ પ્રતિજ્ઞા બધે જ સાતે સાત હેતુમાં સમજવી.

અમૂર્તદ્વાર કહેવાઈ ગયું.

---

**अधुना नित्यत्वद्वारप्रस्तावः, तथा चाह भाष्यकारः-**

णिच्चोत्ति दारमहुणा णिच्चो अविणासि सासओ जीवो । भावत्ते सइ जम्माभावाउ नहं व विन्नेओ ॥४२॥ भाष्यम् ॥

---

હવે નિત્યત્વદ્વારનો અવસર છે.

ભાષ્યકાર આ જ વાત કરે છે કે –

**ભાષ્ય-૪૨ ગાથાર્થ :** હવે નિત્યદ્વાર છે. જીવ ભાવરૂપ હોવા સાથે જન્મનો અભાવ હોવાથી આકાશની જેમ નિત્ય, અવિનાશી, શાશ્વત જાણવો.

---

**व्याख्या-'नित्य' इति नित्यद्वारमधुनाऽवसरप्राप्तं, तद्व्याचिख्यासयाऽऽह-नित्यो जीव इति, एतावत्युच्यमाने परैरपि संतानस्य नित्यत्वाभ्युपगमात्सिद्धसाध्यतेति तन्निराकरणायाह-अविनाशी-क्षणापेक्षयाऽपि न निरन्वयनाशधर्मा, एवमपि परिमितकालावस्थायी कैश्चिदिष्यते-'कप्पट्ठाई पुढवी भिक्खू वे'ति वचनात्तदपोहायाह-'शाश्वत' इति सर्वकालावस्थायी, कुत इत्याह-'भावत्वे सति' वस्तुत्वे सतीत्यर्थः 'जन्माभावात्' अनुत्पत्तेः 'नभोवद्' आकाशवद्विज्ञेयः, भावत्वे सतीति विशेषणं खरविषाणादिव्यवच्छेदार्थमिति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** હવે નિત્યદ્વાર અવસર પ્રાપ્ત છે. તેનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાથી કહે છે કે **जीवो नित्यः** હવે જો આટલું જ બોલીએ કે તરત બૌદ્ધો કહેશે કે "અમે સંતાનને તો નિત્ય માનેલી જ છે, એટલે જે વસ્તુ અમારે સિદ્ધ જ છે, તેને તમે સાધવાનો યત્ન કરો છો, એટલે સિદ્ધસાધ્યતા નામનો દોષ આવે." (બૌદ્ધો દરેક વસ્તુને પ્રતિક્ષણે વિનાશ

પામનારી માને છે. જીવ પણ પ્રતિક્ષણે વિનાશ પામે અને પ્રતિક્ષણે નવો નવો ઉત્પન્ન થાય. આ રીતે છગન નામના એક જીવમાં જે સતત વિનાશ, ઉત્પત્તિ ચાલ્યા જ કરે... સરખો જ છગનતુલ્ય જ જીવ ઉત્પન્ન થયા જ કરે એને તેઓ સંતાન = પરંપરા કહે છે. પ્રત્યેક વસ્તુની પોતપોતાની સંતાન-પરંપરા છે. ૫૦૦૦ જીવો હોય, તો કુલ સંતાન પણ ૫૦૦૦ થાય.

આ સંતાન બે પ્રકારે છે. (૧) સજાતીય (૨) વિજાતીય. છગન ૧૦૦ વર્ષ જીવ્યો, તો ૧૦૦ વર્ષ સુધી છગન-છગન-છગન... એમ એક સરખા નવા છગન ઉત્પન્ન થયા કરે... એટલે એ સજાતીયસંતાન છે. જેવો છગન મરીને હાથી બન્યો કે હવે છગનને બદલે હાથીની પરંપરા શરુ થઈ... આ વિજાતીયસંતાન કહેવાય. આ રીતે દરેક વસ્તુમાં અનાદિકાળથી સજાતીય-વિજાતીય સંતાન ચાલે જ છે. એટલે એમના મતમાં સંતાન નિત્ય છે.

હવે જેમ જૈનો જીવાદિ પદાર્થો માનતાં જ હોવાથી જો કોઈ જૈનોને એમ કહે કે "હે જૈનો ! જીવની હાજરી તમે સ્વીકારો. કેમકે એ પ્રત્યક્ષથી અનુભવાય છે" તો જૈનો કહેવાના જ કે "આ તો અમે માનીએ જ છીએ. તું અમને શું મનાવવા આવ્યો ે.." એમ જીવ નિત્ય છે. એમ આપણે બૌદ્ધોને સ્વીકારવા કહીએ છીએ, એટલે તેઓ કહેવાના જ કે "જીવની સંતાન અમે નિત્ય માની જ છે. તમે શું અમને મનાવવા આવ્યા છો" આમ તેઓ જૈનોને સિદ્ધસાધ્યતાદોષ આપે છે.)

આ દોષનું નિવારણ કરવા માટે બીજો શબ્દ વાપર્યો છે. **अविनाशी** અર્થાત્ સંતાનની અપેક્ષાએ તો નિત્ય છે જ, પરંતુ પ્રત્યેકક્ષણની અપેક્ષાએ પણ નિરન્વયનાશ પામવાનાં સ્વભાવવા ો આ જીવ નથી.

(**ભાવાર્થ :** ૈદ્ધો સંતાનને ભલે નિત્ય માને, પરં઼ુ જે સેંકડો હજારો ક્ષણોની સંતાન બનેલ છે. એ દરેક ક્ષણ તો અનિત્ય જ માને છે. પ્રથમક્ષણીય છગન બીજીક્ષણે નથી જ. બીજી ક્ષણે તદ્દન નવો ગન છે. ત્રીજી ક્ષણે દ્વિતીયક્ષણીય છગન નથી જ, તદ્દન નવો છગન છે. આ દરેકે દરેક ક્ષણનાં છગન પોતે પણ ક્ષણ શબ્દથી ઓળખાય. ક્ષણ એટલે માત્ર સમય અર્થ ન લેવો. પણ એક જ ક્ષણ ટકનારી બધી જ વસ્તુઓ પણ ક્ષણ કહેવાય છે, ક્ષણિક કહેવાય છે.

હવે વિનાશ બે પ્રકારનો છે. સાન્વયવિનાશ અને નિરન્વયવિનાશ.

**સાન્વયવિનાશઃ** સુવર્ણઘટને ઓગાળીને સુવર્ણમુકુટ બનાવ્યો. હવે સુવર્ણઘટનાં બે

અંશ છે સુવર્ણ અને ઘટ. સુવર્ણમુકૂટનાં પણ બે અંશ છે, સુવર્ણ અને મુકૂટ. હવે ઘટને માટે કોઈ પૂછે કે "આ સુવર્ણ છે" તો એનો જવાબ હા છે. મુકૂટને માટે કોઈ પૂછે કે "આ સુવર્ણ છે" તો એનો જવાબ હા જ આવવાનો. અર્થાત્ સુવર્ણઅંશ ઘટાવસ્થા અને મુકૂટાવસ્થા બંનેમાં હાજર છે.

સુવર્ણઘટને માટે કોઈ પૂછે કે "આ ઘટ છે" તો જવાબ "હા" આવશે. પણ મુકૂટને ચીંધીને કોઈ પૂછે કે "આ ઘટ છે" તો જવાબ ના આવશે. આનો અર્થ એ કે ઘટઅંશ પહેલાં હતો, મુકૂટાવસ્થામાં નથી.

આમ સુવર્ણ ઘટના જે બે અંશ છે, તેમાંથી એક અંશ સુવર્ણાંશ મુકૂટાવસ્થામાં પણ ચાલુ જ છે. જ્યારે બીજો ઘટઅંશ મુકૂટાવસ્થામાં નાશ પામેલો છે. આ સાન્વયવિનાશ કહેવાય છે. સુવર્ણનાં અન્વયવાળો = અનુસરણવા ો એવો આ ઘટવિનાશ છે, એટલે એ સાન્વયવિનાશ કહેવાય.

બૌદ્ધો એમ કહે છે કે ''સુવર્ણ ઘટમાંથી સુવર્ણમુકૂટ બન્યો, તેમાં ભલે બંનેમાં સુવર્ણની પ્રતીતિ થાય, પણ સુવર્ણઘટનું સુવર્ણ સાવ જુદું જ છે અને સુવર્ણમુકૂટનું સુવર્ણ સાવ જુદું જ છે. એ તદ્દન નવું જ ઉત્પન્ન થયેલું છે. આમ સુવર્ણ અંશ અને ઘટ અંશ બંનેનો સંપૂર્ણ નાશ થાય છે, અને તદ્દન નવો સુવર્ણ અંશ, મુકૂટાંશ ઉત્પન્ન થાય છે." આમ એમના મતમાં સુવર્ણનાં અન્વયવા ો ઘટ વિનાશ નથી. એટલે કે નિરન્વયવિનાશ છે.

(આ તો સ્થૂલદૃષ્ટિએ વિચાર્યું. તેઓ તો પ્રત્યેકસમયે આવો નિરન્વયવિનાશ માને છે. એટલે **अविनाशी** પદથી આપણે જણાવીએ છીએ કે પ્રત્યેક ક્ષણ નિરન્વયવિનાશ પામવાનાં સ્વભાવવાળી છે એ વાત ખોટી છે...)

આટલું કહ્યું તો પણ કેટલાંક લોકો "પરિમિતકાલ રહેનારા આ બધા પદાર્થો છે" એમ માને છે કેમકે તેઓનું વચન છે કે "ભિક્ષુઓ ! આ પૃથ્વી કલ્પ સુધી (અમુક ચોક્કસકાળ) રહેનાર છે." એટલે તેઓની એ વસ્તુ નિત્ય, અવિનાશી બની જાય અને છતાં અમુક કાળ બાદ નાશ પામનારી પણ બની જાય. આતો માન્ય નથી. એટલે તેમનું ખંડન કરવા માટે શબ્દ છે. **શાશ્વત** : સર્વકાલ-અવસ્થાયી.

જીવ આવો છે, એની પાછળનો હેતુ હવે બતાવે છે કે **भावत्वे सति = वस्तुत्वे सति अनुत्पत्तेः** દા.ત. આકાશ.

ટુંકમાં જે ભાવાત્મક હોય, વસ્તુરૂપ હોય, વાસ્તવિક હોય અને એ ઉપરાંત જેની

ઉત્પત્તિ ન હોય તે નિત્ય હોય. આકાશ વસ્તુરૂપ છે. અને આકાશનો જન્મ પણ નથી. એમ આત્મા પણ વસ્તુરૂપ છે અને એની ઉત્પત્તિ નથી, એટલે એ આકાશની જેમ જ નિત્ય છે.

**પ્રશ્ન : भावत्वे सति** વિશેષણ ન મૂકે તો ન ચાલે ?

ઉત્તર  તો એવો અર્થ થાય કે જેની ઉત્પત્તિ ન હોય, તે નિત્ય હોય. હવે ખરાવેષાણાદિની પણ ઉત્પત્તિ તો નથી જ. તો એમને પણ નિત્ય માનવાની આપત્તિ આવે. આમ ખરવિષાણાદિનો વ્યવચ્છેદ કરવા માટે આ **भावत्वे सति** વિશેષણ છે. ખરવિષાણાદિ ભાવાત્મક નથી, એટલે તેનો વ્યવચ્છેદ થઈ જાય...

---

हेत्वन्तराण्याह-

संसाराओ आलोयणाउ तह पच्चभिन्नभावाओ । खणभंगविघायत्थं भणिअं तेलोक्कदंसीहिं ॥४३॥ भाष्यम् ॥

---

"આત્મા નિત્ય છે" એ વાત સિદ્ધ કરનારા બીજા હેતુઓ દર્શાવે છે.

**ભાષ્ય-૪૩ ગાથાર્થ**  સંસારથી, આલોચનથી તથા પ્રત્યભિજ્ઞાનભાવથી, ક્ષણિકમતનાં વિઘાતને માટે ત્રૈલોક્યદર્શીઓએ નિત્યત્વ કહ્યું છે.

---

**व्याख्या-'संसारा'दिति संसरणं संसारस्तस्मात्, स एव नारकः स एव तिर्यगादिरिति नित्यः, 'आलोचना'दिति आलोचनं-करोम्यहं कृतवानहं करिष्येऽहमित्यादिरूपं त्रिकालविषयमिति नित्यः, तथा 'प्रत्यभिज्ञाभावात्' स एष इति प्रत्यभिज्ञाप्रत्यय आविद्वदङ्गनादिसिद्धः तदभेदग्राहीति नित्य इति, उक्ताभिधानफलमाह- 'क्षणभङ्गविघातार्थं' निरन्वयक्षणिकवस्तुवादविघातार्थं भणितं 'त्रैलोक्यदर्शिभिः' तीर्थकरैः एतदनन्तरोदितं, न पुनरेष एव परमार्थ इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** (૧) ચારગતિમાં ભ્રમણરૂપ સંસાર ઉપરથી પણ નક્કી થાય છે કે જીવ નિત્ય છે. કેમકે તે જ જીવ નારક અને તે જ જીવ તિર્યંચાદિ રૂપ બને છે... આમ એ નિત્ય છે. (જો નારકજીવ અને તિર્યંચજીવ જુદા જ હોત, નારકજીવ તિર્યંચાદિ રૂપ ન બનતો હોત, તો એકગતિમાંથી બીજી ગતિમાં જવારૂપ સંસાર જ અસંગત થઈ જાય ને ?)

(૨) "હું કરું છું, મેં કર્યું હતું, હું કરીશ." આમ ત્રણેયકાળ સંબંધી જે વિચારણા ચાલે છે, એનાથી પણ જીવ ત્રિકાલસ્થાયી = નિત્ય સિદ્ધ થાય છે.

(૩) "આ તે છે, કે જે પૂર્વે દેખાયેલો..." આ પ્રમાણે જે વિદ્વાનોથી માંડીને સ્ત્રીલોક વગેરેમાં પણ પ્રસિદ્ધ એવો પ્રત્યભિજ્ઞારૂપ બોધ છે, કે જે ભૂતકાલીન અને વર્તમાનકાલીન તે વસ્તુમાં અભેદનું ગ્રહણ કરે છે, એના દ્વારા પણ તે જીવ નિત્ય સાબિત થાય છે. (જો પૂર્વની વસ્તુ અને વર્તમાનની વસ્તુ જુદી જ હોત તો તો "આ તે છે" એવી પ્રતીતિ જ ન થાય. એટલે એ બે અભિન્ન છે ત્યારે જ આ પ્રતીતિ થાય છે. આનો અર્થ એ જ કે એક જ વસ્તુ ઘણો કાળ ટકી છે... અર્થાત્ એ નિત્ય છે...)

ઉપર જે વાત કરી, તેનું ફલ દેખાડે છે કે જે બૌદ્ધો નિરન્વયક્ષણિક વસ્તુ માને છે, તેઓનાં વાદનો વિઘાત કરવા માટે તીર્થંકરોએ આ નિત્યત્વ દર્શાવેલ છે. પણ "આ જ પરમાર્થ છે." એવું ન સમજવું. એટલે કે "આત્મા નિત્ય જ છે" એવો પરમાર્થ ન કાઢવો.

---

एतदेव दर्शयति-

लोगे वेए समए निच्चो जीवो विभासओ अम्हं । इहरा संसाराई सव्वंपि न जुज्जए तस्स ॥४४॥ भाष्यम् ॥

---

આ જ વાત દેખાડે છે કે –

ભાષ્ય-૪૪ ગાથાર્થ : લોકમાં, વેદમાં અને સમયમાં જીવ નિત્ય છે. અમારે વિભાસાથી નિત્ય છે. જો એમ ન માનીએ તો તેનું સંસારાદિ બધું જ ન ઘટે.

---

व्याख्या-लोके-'नैनं छिन्दन्ति शस्त्राणी'त्यादिवचनप्रामाण्यात्, वेदे 'स एष अक्षयोऽज' इत्यादिश्रुतिप्रामाण्यात् समये 'न प्रकृतिर्न विकृतिः पुरुष' इति वचनप्रामाण्यात्, किमित्याह-नित्यो जीवः- अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावः, एकान्तनित्य एव, न चैतन्न्याय्यम्, एकस्वभावतया संसरणादिव्यवहारोच्छेदप्रसङ्गादिति वक्ष्यति, अत आह-'विभाषयाऽस्माकं' विकल्पेन-भजनया स्यान्नित्य इत्यादिरूपया द्रव्यार्थादेशान्नित्यः पर्यायार्थादेशादनित्य इत्यर्थः, 'इतरथा' यद्येवं नाभ्युपगम्यते ततः 'संसारादि' संसारालोचनादि सर्वमेव न युज्यते 'तस्य' आत्मनः, स्वभावान्तरानापत्त्या एकस्वभावतया वार्तमानिकभावातिरेकेण भावान्तरानापत्तेः, एवममूर्तत्वान्यत्वयोरपि विभाषा वेदितव्या, अन्यथा व्यवहाराभावप्रसङ्गात्, एकान्तामूर्तस्यैकान्तदेहभिन्नस्य चातिपाताद्यसंभवादित्यत्र बहु वक्तव्यं तत्तु नोच्यते, अक्षरगमनिकामात्रत्वात्प्रारम्भस्येति गाथार्थः ॥

ટીકાર્થ : લોકમાં આત્માને નિત્ય કહ્યો છે. કેમકે તેઓ આ વચનને પ્રામાણિક માને છે કે "આ આત્માને શસ્ત્રો છેદી શકતા નથી." વિગેરે...

વેદમાં આત્માને નિત્ય કહ્યો છે. કેમકે તેઓ આ શ્રુતિને પ્રામાણિક માને છે કે "તે આ આત્મા અક્ષય છે, અજ = જન્મ નહિ લેનાર છે."

સમયમાં = સાંખ્યશાસ્ત્રમાં આત્માને નિત્ય કહ્યો છે. કેમકે તેઓ આવા વચનને પ્રામાણિક માને છે કે "પુરુષ એ પ્રકૃતિ નથી, એ વિકૃતિ = વિકારભૂત = પરિવર્તનશીલ નથી..."

આમ આ ત્રણેય જગ્યાએ જીવ નિત્ય, અપ્રચ્યુત અનુત્પન્ન સ્થિર એક સ્વભાવવાળો કહ્યો છે. એકાન્ત નિત્ય જ કહ્યો છે. પણ આ ન્યાય્ય નથી. કેમકે જો એ એકાન્તે નિત્ય હોય, તો સદા માટે એનો એક જ સ્વભાવ રહે, અને તો પછી ચારગતિમાં ભટકવાદિરૂપ વ્યવહારનો ઉચ્છેદ માનવાની આપત્તિ આવે..." આ વાત આગળ કરશે. (આત્મા તિર્યંચ, મનુષ્યાદિ અનેક સ્વભાવવાળો બની જ ન શકે ને ?)

આથી જ કહે છે અમારા મતે આત્મા ભજનાથી નિત્ય છે. ભજના = **स्यात् नित्यः** ભાવાર્થ એ કે દ્રવ્યાર્થાદેશથી = દ્રવ્યાર્થિકનયની માન્યતા પ્રમાણે નિત્ય છે, પર્યાયાર્થાદેશથી અનિત્ય છે. (સુવર્ણાંશથી નિત્ય અને ઘટાંશથી અનિત્ય... એ વાત પૂર્વે કરી ગયા છીએ...)

જો આવું ન માનીએ તો જીવનો સંસાર, આલોચન વગેરે બધું જ અસંગત બની જાય. કેમકે એ નિત્ય છે, એટલે એમાં એકજ સ્વભાવ સદા રહે. આ એકસ્વભાવતા હોય એનો અર્થ જ એકે બીજા સ્વભાવની એ પ્રાપ્તિ = આપત્તિ ન કરે. આને લીધે એ વર્તમાનભાવ વિના બીજા કોઈપણ ભાવને પામે નહિ. (દા.ત. જીવ વર્તમાનમાં મનુષ્ય છે. તો મનુષ્યત્વ એ એનો સ્વભાવ છે. હવે એ સદાને માટે મનુષ્ય જ રહે. એ તિર્યંચત્વાદિ બીજા સ્વભાવને ન જ પામે. અને એટલે એના આ વર્તમાન પર્યાય સિવાય નવા કોઈ જ ભાવને ન પામે... તો પછી એનો સંસાર ઘટે જ શી રીતે ? એજ રીતે "હું કરતો હતો" આવું આલોચન જીવનો સ્વભાવ હોય, તો સદા માટે તે એજ આલોચન કરે... "હું કરું છું" વગેરે આલોચન ન થાય. જો થાય તો એનો સ્વભાવ બદલાઈ જતાં એ અનિત્ય માનવાની આપત્તિ આવે.... એમ બધામાં વિચારી લેવું.)

નિત્યત્વની જેમ અમૂર્તત્વ અને અન્યત્વમાં પણ વિભાષા જાણી લેવી. જૈનો એકાન્તે અમૂર્તત્વ વગેરે માનતા નથી. પરંતુ અપેક્ષાએ માને છે. જો એકાન્તે અમૂર્તત્વ -

દેહભિન્નત્વ માનવામાં આવે તો વ્યવહારનો અભાવ થઈ જવાની આપત્તિ આવે. કેમકે જે એકાન્તે અમૂર્ત હોય, જે એકાન્તે દેહભિન્ન હોય, તેની હિંસા વગેરે સંભવી જ ન શકે. (જેમકે આકાશ એકાન્તે અમૂર્ત-દેહભિન્ન છે, તો કદિ તેની હિંસા, વિનાશ થઈ શકતા નથી જ. તો હવે જો આત્મા પણ એકાન્તે અમૂર્ત - દેહભિન્ન હોય, તો એના પણ હિંસાદિ ન ઘટે. અને તો પછી "જીવહિંસા થઈ, જીવહિંસા મહાપાપ છે..." વગેરે વગેરે જે વ્યવહારો થાય છે, એનો જ અભાવ થવાની આપત્તિ આવે. કેમકે એકાન્ત અમૂર્ત દેહભિન્ન જીવની તો હિંસા થઈ જ ન શકે.)

આ વિષયમાં ઘણું કહેવાનું છે, પણ તે કહેતાં નથી. કેમકે આ ટીકાનો પ્રારંભ ગમનિકામાત્ર છે.

---

**एवमन्यत्वादिद्वारत्रयं व्याख्यायाधिकृतनिर्युक्तिगाथां व्याचिख्यासुराह-**

कारणअविभागाओ कारणअविणासओ य जीवस्स । निच्चत्तं विन्नेयं आगासपडाणुमाणाओ ॥४५॥ भाष्यम् ॥

---

આ રીતે અન્યત્વાદિ ત્રણ દ્વારોની વ્યાખ્યા કરીને હવે પ્રસ્તુત નિર્યુક્તિગાથાનું વ્યખ્યાન કરવાની ઈચ્છાવાળા ભાષ્યકાર કહે છે કે...

**ભાષ્ય-૪૫ ગાથાર્થ** જીવનાં કારણોનાં વિભાગનો અને કારણોનાં વિનાશનો અભાવ હોવાથી આકાશ અને પટનાં અનુમાનથી જીવનું નિત્યત્વ જાણવું.

---

**व्याख्या-'कारणाविभागात्' पटादेस्तन्त्वादेरिव कारणविभागाभावादित्यर्थः, 'कारणाविनाशतश्च' कारणाविनाशश्च कारणानामेवाभावात्, किमित्याह-'जीवस्य' आत्मनो नित्यत्वं विज्ञेयम्, कुत इत्याह-'आकाशपटानुमानात्' अत्रानुमानशब्दो दृष्टान्तवचनः, आकाशपटदृष्टान्तात् । ततश्चैवं प्रयोगः-नित्य आत्मा, स्वकारणविभागाभावाद्, आकाशवत्, तथा कारणविनाशाभावाद्, आकाशवदेव, यस्त्वनित्यस्तस्य कारणविभागभावः कारणविनाशभावो वा यथा पटस्येति व्यतिरेकः, पटाद्धि तन्तवो विभज्यन्ते विनश्यन्ति चेति नित्यत्वसिद्धिः । नित्यत्वादमूर्तः, अमूर्तत्वाद्देहादन्य इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** પટાદિનાં કારણભૂત તન્તુ વગેરેનો જે રીતે વિભાગ થાય છે, તે રીતે જીવનાં કારણોનો વિભાગ થતો નથી. એ જ પ્રમાણે પટાદિનાં કારણભૂત તન્તુ વગેરેનો

જે રીતે વિનાશ થાય છે, તે રીતે જીવનાં કારણોનો વિનાશ થતો નથી. કેમકે જીવનાં કારણો જ નથી.

આમ બે રીતે જીવનું નિત્યત્વ જાણવું. એ આકાશ અને પટનાં અનુમાનથી જાણવું. અનુમાન શબ્દનો અર્થ દૃષ્ટાન્ત કરવો. એટલે કે આકાશ અને પટનાં દૃષ્ટાન્તથી જીવનું નિત્યત્વ જાણવું.

અનુમાન પ્રયોગ આ પ્રમાણે થશે.

(૧) **आत्मा नित्यः स्वकारणविभागाभावात् आकाशवत्**

(૨) **आत्मा नित्यः स्वकारणविनाशाभावात् आकाशवत्**

જે અનિત્ય છે, તેના કારણોનો વિભાગ થાય છે, જેમકે પટ.

જે અનિત્ય છે, તેના કારણોનો વિનાશ થાય છે, જેમકે પટ.

પટ વ્યતિરેક દૃષ્ટાન્ત છે.

પટમાંથી તન્તુઓ વિભાગ અને વિનાશ પામે છે.

આ પ્રમાણે આત્માનાં નિત્યત્વની સિદ્ધિ થઈ.

એ પછી

**आत्मा अमूर्तः नित्यत्वात् आकाशवत्**

**आत्मा देहभिन्नः अमूर्तत्वात् आकाशवत्**

આમ બે અનુમાન દ્વારા અમૂર્તત્વ અને દેહભિન્નત્વની સિદ્ધિ થઈ જાય છે.

---

**निर्युक्तिगाथायां कारणविभागाभावात्कारणविनाशाभावाच्चेति द्वारद्वयं व्याख्याय साम्प्रतं बन्धस्य प्रत्यायाभावादिति व्याचिख्यासुराह-**

हेउप्पभवो बंधो जम्माणंतरहयस्स नो जुत्तो । तज्जोगविरहओ खलु चोराइघडाणुमाणाओ ॥४६॥ भाष्यम् ॥

---

નિર્યુક્તિગાથામાં ચાર દ્વાર દર્શાવેલા. એમાં કારણવિભાગાભાવ અને કારણવિનાશાભાવરૂપ બે દ્વારનું વ્યાખ્યાન કરીને હવે **बन्धस्य प्रत्ययाभावात्** એ દ્વારનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાવાળા કહે છે કે

**ભાષ્ય-૪૬ ગાથાર્થ :** જન્મ પછી તરત જ હણાયેલાને હેતુજન્ય બંધ ન ઘટે. કેમકે હેતુનાં યોગનો વિરહ થાય. આ વાત ચોરાદિ-ઘટનાં અનુમાનથી જાણવી.

व्याख्या-'<u>हेतुप्रभवो</u>' हेतुजन्मा '<u>बन्धो</u>' ज्ञानावरणादिपुद्गलयोगलक्षणः, '<u>जन्मानन्तरहतस्य</u>' उत्पत्त्यनन्तरविनष्टस्य '<u>न युक्तो</u>' न घटमानः '<u>तद्योगविरहत</u>' इति तैः- बन्धहेतुभिर्मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगलक्षणैर्यो योगः-संबन्धस्तद्विरहतः- तदभावादेव, खलुशब्दस्यावधारणार्थत्वात्, '<u>चौरादिघटानुमाना</u>'दित्यनुमानशब्दो दृष्टान्तवचनः, चौरादिघटादिदृष्टान्तात्, न हि उत्पत्त्यनन्तरविनाशी चौरश्चौर्यक्रियाभावेन बध्यते, स्थायी हि घटो जलादिना संयुज्यते इति व्यतिरेकार्थः, प्रयोगश्चात्र-न क्षणिक आत्मा, बन्धप्रत्ययत्वाच्चौरवत्, नित्यत्वामूर्तत्वदेहान्यत्वयोजना पूर्ववदिति गाथार्थः ॥ निर्युक्तिगाथायां बन्धस्य प्रत्ययाभावादिति व्याख्यातम्,

---

ટીકાર્થ : બંધ એટલે જ્ઞાનાવરણાદિ પુદ્ગલોનો જીવ સાથે જે યોગ થવો તે. એ બંધ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ હેતુઓથી થાય છે. હવે જો જીવ અનિત્ય માનો, તો એનો અર્થ એ કે જીવ ઉત્પત્તિ બાદ તરત જ વિનાશ પામે છે... હવે આવા જીવને કર્મબંધ સંભવી જ ન શકે. કેમકે એનો કર્મબંધનાં હેતુઓ સાથે સંબંધ જ થાય.

(જીવ મિથ્યાત્વાદિ હેતુઓ સાથે જોડાઈને કર્મબંધ કરી શકે. પણ જીવ ઉત્પત્તિ પછી તરત જ વિનાશ પામે, તો એ મિથ્યાત્વાદિ હેતુઓ સાથે જોડાઈ ન શકે. અને એના વિના કર્મબંધ જ ન થાય. એટલે આ કારણસર પણ જીવને નિત્ય માનવો જોઈએ. જીવ નિત્ય માનીએ તો ઉત્પત્તિ બાદ એ મિથ્યાત્વાદિ હેતુઓ સાથે જોડાય અને એના દ્વારા કર્મબંધ કરનારો બની શકે.)

**खलु** શબ્દ અવધારણ અર્થવાળો હોવાથી **तदभावादेव** એમ લખેલું છે.

**चौरादिघटानुमानात्** માં અનુમાન શબ્દનો અર્થ છે દૃષ્ટાન્ત.

ઉત્પત્તિ પછી તરત જ વિનાશ પામનારો ચોર ચોરી વગેરે ક્રિયાનાં ભાવોથી બંધાતો નથી. જે સ્થાયી ઘટ હોય એ જલાદિ સાથે સંયોગવા ો બને છે.

આ વ્યતિરેક દૃષ્ટાન્તનો અર્થ દર્શાવ્યો.

પ્રયોગ તો આ પ્રમાણે થશે કે

**आत्मा न क्षणिकः बन्धप्रत्ययत्वात् चौरवत्**

(ચૌર ક્ષણિક હોય, તો એમાં ચૌર્યક્રિયાબંધની કારણતા નથી હોતી આ વ્યતિરેકી દૃષ્ટાન્ત છે. ઘટ જલબંધનું કારણ છે, તો એમાં ક્ષણિકત્વાભાવ છે... આ અન્વયી દૃષ્ટાન્ત

છે.) નિત્યત્વ, અમૂર્તત્વ અને દેહાન્યત્વની યોજના તો પૂર્વની જેમજ સમજી લેવી.

નિર્યુક્તિ ગાથામાં દર્શાવેલ **बन्धस्य प्रत्ययाभावात्** ની વ્યાખ્યા કરી દીધી.

**अधुना 'विरुद्धस्य चार्थस्याप्रादुर्भावाविनाशाच्चे'ति व्याख्यायते-**

अविणासी खलु जीवो विगारणुवलंभओ जहागासं । उवलब्भंति विगारा कुंभाइविणासिदव्वाणं ॥४७॥ भाष्यम् ॥

હવે **विरुद्धस्य चार्थस्य अप्रादुर्भावाविनाशाच्च** એ નિર્યુક્તિગાથામાં જે કહેલું, એનું વ્યાખ્યાન કરે છે.

**ભાષ્ય-૪૭ ગાથાર્થ :** જીવ અવિનાશી છે. કેમકે એના વિકારનો ઉપલંભ થતો નથી. જેમકે આકાશ, કુંભાદિ વિનાશીદ્રવ્યોનાં વિકારો દેખાય છે.

**व्याख्या-अविनाशी खलु जीवो, नित्य इत्यर्थः, कुत इत्याह 'विकारानुपलम्भात्' घटादिविनाशे कपालादिवद्विशेषादर्शनाद्, यथाऽऽकाशम्-आकाशवदित्यर्थः, एतदेव स्पष्टयति-'उपलभ्यन्ते विकारा' दृश्यन्ते कपालादयः कुम्भादिविनाशिद्रव्याणां, न चैवमत्रेत्यभिप्रायः, नित्यत्वामूर्तत्वदेहान्यत्वयोजना पूर्ववत्, इति गाथार्थः ॥**

**ટીકાર્થ :** જીવ અવિનાશી = નિત્ય છે. કેમકે ઘટાદિના વિનાશમાં જેમ કપાલાદિ દેખાય છે, એમ અહીં જીવનો વિનાશ માનનારાના મતમાં જીવનો વિનાશ થયે છતે કંઈક કપાલાદિ માફક વિશેષ દેખાવું જોઈએ, પણ એવું કંઈ દેખાતું તો નથી જ. દા.ત. આકાશ.

આ જ વાતને સ્પષ્ટ કરે છે કે

કુંભાદિ વિનાશી દ્રવ્યોનાં કપાલાદિ વિકારો દેખાય છે, જો જીવ વિનાશી હોત, તો એના પણ વિકારો દેખાત, પણ જીવમાં તો એ દેખાતા નથી... આ અભિપ્રાય છે.

**आत्मा अविनाशी विकारानुपलम्भात्**

**यत्र विकारानुपलम्भः तत्र अविनाशित्वं यथा आकाशे**

**यत्र विनाशित्वं तत्र विकारोपलम्भः यथा घटे**

આ રીતે અનુમાન થાય.

નિત્યત્વ, અમૂર્તત્વ, દેહાન્યત્વની યોજના તો પૂર્વની જેમ જ સમજી લેવી.

प्रकृतसंबद्धामेव निर्युक्तिगाथामाह-

निरामयामयभावा बालकयाणुसरणादुवत्थाणा । सुत्ताईहिं अगहणा जाईसरणा थणभिलासा ॥२२६॥

---

પ્રસ્તુત પદાર્થ સાથે સંબંધવાળી એવી જ નિર્યુક્તિગાથાને કહે છે.

નિર્યુક્તિ- ૨૨૬ ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

---

व्याख्या-'निरामयामयभावात्' निरामयस्य-नीरोगस्याऽऽमयभावाद्-रोगोत्पत्तेः, उपलक्षणं चैतत् सामयनिरामयभावस्य, तथा चैवं वक्तार उपलभ्यन्ते-पूर्वं निरामयोऽहमासं सम्प्रति सामयो जातः सामयो वा निरामय इति, न चैतन्निरन्वयलक्षणविनाशिन्यात्मन्युपपद्यते, उत्पत्त्यनन्तराभावादिति प्रयोगार्थः, प्रयोगस्तु-अवस्थित आत्मा, अनेकावस्थानुभवनात्, बालकुमाराद्यवस्था-नुभवितृदेवदत्तवत्, नित्यत्वादमूर्तः, अमूर्तत्वाद्देहादन्य इति योजना सर्वत्र कार्या ।

---

ટીકાર્થ : (૧) નિરોગીને રોગની ઉત્પત્તિ થાય છે. રોગીનું નિરોગીપણું થાય છે. આ બીજી વાત ગાથામાં લખેલી નથી, પણ પહેલી વાત એ બીજી વાતનું ઉપલક્ષણ છે.

જુઓ, આ પ્રમાણે બોલનારાઓ મળે જ છે કે "પહેલા હું નિરોગી હતો, હવે રોગી થયો." અથવા તો "પહેલાં હું રોગી હતો, હવે નિરોગી થયો.."

હવે આ પદાર્થ નિરન્વયવિનાશવાળા આત્મામાં તો ઘટે જ નહિ. કેમકે એનો તો ઉત્પત્તિ પછી તરત જ અભાવ થઈ જાય છે. (કોઈપણ જીવ એક જ ક્ષણ ટકે છે, એટલે એ કાં તો રોગી હોય અથવા તો નિરોગી હોય. જુદા જુદા કાળમાં થનારી બે દશા એકજ જીવમાં ઘટી ન જ શકે. કેમકે જીવતો એકજ ક્ષણ ટકે છે... પણ ખરેખર તો રોગી નિરોગી બને છે... એટલે માનવું જ જોઈએ કે જીવ નિત્ય છે.)

આ પ્રયોગનો અર્થ કહ્યો.

પ્રયોગ તો આ પ્રમાણે થશે કે

**आत्मा अवस्थितः = नित्यः = अनेकावस्थानुभवनात् बालकुमाराद्यवस्थानुभवितृदेवदत्तवत्**

જેમ દેવદત્ત બાલ, કુમારાદિ અનેકાવસ્થાનાં અનુભવવાળો છે. અને એટલે જ અવસ્થિત છે. તેમ આત્મા પણ રોગાદિ અનેકાવસ્થાનાં અનુભવવાળો હોવાથી અવસ્થિત છે.

નિત્ય હોવાથી અમૂર્ત છે, અમૂર્ત હોવાથી દેહભિન્ન છે... આ પ્રમાણે બધામાં યોજના કરવી.

---

तथा 'बालकृतानुस्मरणात्' कृतशब्दोऽत्रानुभूतवचनः, ततश्च बालानुभूतानुस्मरणात्, तथा च बालेनानुभूतं वृद्धोऽप्यनुस्मरन् दृश्यते, न च अन्येनानुभूतमन्यः स्मरति अतिप्रसङ्गात्, न चेदमनुस्मरणं भ्रान्तं, बाधाऽसिद्धेः, न च हेतुफलभावनिबन्धनमेतत्, निरन्वयक्षणविनाशपक्षे तस्यैवासिद्धेः, हेतोरनन्तरक्षणेऽभावापत्तेः, असतश्च सद्भावविरोधादिति प्रयोगार्थः, प्रयोगस्तु-अवस्थित आत्मा, पूर्वानुभूतार्थानुस्मरणात्, तदन्यैवंविधपुरुषवत् ।

---

**बालकृतानुस्मरणात्** માં જે કૃત શબ્દ છે. તેનો અર્થ અનુભૂત એમ કરવો. એટલે **बालानुभूतस्मरणात्** એમ હેતુ બનશે.

સાર એ છે કે બાળકે અનુભવેલી વસ્તુને છેક વૃદ્ધ પણ યાદ કરતો દેખાય છે. હવે એ તો નક્કી છે કે બીજાએ અનુભવેલી વસ્તુનું સ્મરણ બીજો કોઈ ન જ કરી શકે. કેમકે એમાં અતિપ્રસંગ આવે. અર્થાત્ પછી તો છગને અનુભેલી વસ્તુનું સ્મરણ મગનને પણ થવાની આપત્તિ આવે. પરંતુ છગને અનુભવેલી વસ્તુનું સ્મરણ છગનને જ થાય છે, મગનને નહિ એ તો બધા જ માને જ છે. પ્રસ્તુતમાં બાલકે અનુભવેલી વસ્તુનું સ્મરણ જો વૃદ્ધ કરે છે, તો એનો અર્થ એ કે એ બે એકજ છે. જુદા નથી. આમ એકજ જીવ બાલાવસ્થાથી માંડીને વૃદ્ધાવસ્થા સુધી રહે છે... એ વાત સિદ્ધ થઈ.

**પ્રશ્ન :** વૃદ્ધને જે સ્મરણ થાય છે કે "બાલપણમાં હું બોલબેટ રમતો હતો..." એ સ્મરણ ખોટું છે.

**ઉત્તર :** ના, એ સ્મરણ ખોટું નથી. કેમકે એ સ્મરણમાં કોઈપણ પ્રકારના બાધની સિદ્ધિ નથી. અર્થાત્ એ વૃદ્ધ બાલપણમાં ખરેખર બોલબેટ ન રમ્યો હોય અને આ સ્મરણ થાય તો એ બાધ કહેવાય. પણ એવું તો છે નહિ. વૃદ્ધ બાલપણમાં રમ્યો છે અને એનું જ એને સ્મરણ થાય છે, એટલે એ સ્મરણ ખોટું તો ન જ મનાય.

**પ્રશ્ન :** આમાં એવું છે કે બાલ અને વૃદ્ધ બંને તદ્દન જુદા જ છે. પરંતુ બાલનો અનુભવ વૃદ્ધના સ્મરણનું કારણ છે. એટલે વૃદ્ધને સ્મરણ થાય છે. (વળી આ કા.કા.ભાવ સજાતીય સંતાનધારામાં જ માનેલો છે. એટલે બાલની ધારામાં જે વૃદ્ધ થાય એને જ બાલાનુભવથી સ્મરણ થાય. બીજી ધારાનાં વૃદ્ધને નહિ. એટલે અતિપ્રસંગની આપત્તિ

પણ ન આવે.)

ઉત્તર  આ સ્મરણ  ાલાનુભવ અને વૃદ્ધસ્મરણ વચ્ચેનાં હેતુફલભાવ = કારણકાર્યભાવ નિમિત્તે થાય છે, એ વાત ખોટી છે. કેમકે જેઓ ક્ષણનો = પદાર્થનો નિરન્વયવિનાશ માને છે, એમાં આ હેતુફલભાવની જ સિદ્ધિ થઈ શકતી નથી.

પ્રશ્ન : કેમ ? નિરન્વયક્ષણવિનાશમતે કા.કા.ભાવ કેમ ન ઘટે ?

ઉત્તર : ૧૦ વર્ષની ઉંમરે ઉત્પન્ન થયેલ બાલાનુભવરૂપ હેતુની તો તરત પછીની ક્ષણમાં અભાવની પ્રાપ્તિ થાય છે. એટલે કે એ હેતુ તો તે જ ક્ષણે નાશ પામી જાય છે. જ્યારે સ્મરણ તો ૬૦-૭૦ વર્ષની ઉંમરે વૃદ્ધને થાય છે. તો ત્યારે તો હેતુ હાજર જ નથી. હવે કારણ તો કાર્યની પૂર્વની ક્ષણે હાજર જોઈએ ને ? કંઈ ૫૦ વર્ષ પૂર્વેનો અગ્નિ ૫૦ વર્ષ પછી ગરમી થોડી જ આપે ? આમ પ્રસ્તુતમાં પણ આ હેતુ તો પૂર્વે જ વિનાશ પામી ગયેલો છે અને એટલે જે હેતુ સ્મરણની પૂર્વક્ષણે અસત્ છે, તેનો ત્યાં સદ્ભાવ તો માની જ ન શકાય. કેમકે અસત્નો સદ્ભાવ સાથે વિરોધ છે. એટલે આ કા.કા.ભાવ જ ન હોવાથી બાલાનુભવરૂપ કારણથી વૃદ્ધાનુસ્મરણરૂપ કાર્ય થવાની વાત સંગત થતી નથી.

આ પ્રયોગનો અર્થ છે.

પ્રયોગ તો આમ થાય કે

आत्मा अवस्थितः पूर्वानुभूतार्थानुस्मरणात् तदन्यैवंविधपुरुषवत् ।

આત્મા નિત્ય છે, કેમકે તેને પૂર્વાનુભૂત અર્થનું સ્મરણ થાય છે. દા.ત. તદન્ય = પક્ષભિન્ન જે આવા પ્રકારનો પુરુષ. (પક્ષ તો કદિ દૃષ્ટાન્ત ન બને. એટલે **तदन्य** લખેલું છે. **एवंविध** એટલે જે પુરુષ પૂર્વાનુભૂતાર્થસ્મરણવાળો અને અવસ્થિત છે તે લેવો...)

---

**उपस्थानादिति कर्मफलोपस्थानमत्र गृह्यते, यद्येनोपात्तं कर्म स एव तत्फलमुपभुङ्क्ते, अन्यश्च क्रियाकालोऽन्यश्च फलकालः, एकाधिकरणं चैतद्द्वयम्, अन्यथा स्वकृतवेदनासिद्धेः, अन्यकृतान्योपभोगस्य निरुपपत्तिकत्वात्, कृतनाशा-कृताभ्यागमप्रसङ्गात्, संतानपक्षेऽपि कर्तृभोक्तृसंतानिनोर्नानात्वाविशेषात्, शक्तिभेदात्, तस्यैव तथाभावाभ्युपगमे नित्यत्वापत्तेरिति प्रयोगार्थः, प्रयोगश्च-अवस्थित आत्मा, स्वकृतकर्मफलवेदनात्, कृषीवलादिवत्, ।**

---

(૨) **उपस्थानात्** એ બીજો હેતુ છે. અહીં કર્મના ફલની ઉપસ્થિતિ લેવાની છે. જેણે જે કર્મ ભેગું કર્યું, તે જ તેના ફલને ભોગવે છે. હવે કર્મને બાંધવાની ક્રિયાનો કાલ જુદો

છે અને કર્મના ફલને ભોગવવાની ક્રિયાનો કાળ જુદો છે. હવે આ ક્રિયા અને ફલ બંને એક જ અધિકરણ = આત્મામાં રહેનાર છે. જો ક્રિયા બીજામાં અને ફલ બીજામાં... એમ બંનેના અધિકરણો જુદા જુદા માનો તો કોઈપણ જીવને પોતે કરેલા કર્મના અનુભવની સિદ્ધિ નહિ થાય. એટલે કે કોઈપણ જીવ સ્વકૃતકર્મફલનો ભોક્તા કદિ નહિ બને.

વળી આ રીતે બીજાએ કરેલા કર્મનો બીજા દ્વારા ઉપભોગ થાય એ યુક્તિસંગત પણ નથી. એ યુક્તિરહિત વાત છે. કેમકે એમાં કૃતનાશ અને અકૃતની પ્રાપ્તિ રૂપ દોષો લાગુ પડે છે.

(છગને બકરાનો વધ કર્યો અને મગન ૨૦૦ વર્ષ બાદ એના કારણે નારકવેદના ભોગવે, તો એનો અર્થ એ કે છગને જે પાપ કર્યું. તેનું તો એને કોઈ જ ફલ મળ્યું જ નહિ. એટલે કૃતનો નાશ કહેવાય. આ દોષ જ છે. અને જે મગને કોઈપણ પાપ કર્યું જ નથી, તેને એના ફલની પ્રાપ્તિ થઈ, તો એ અકૃતનો આગમ કહેવાય. આ પણ દોષ જ છે. જેઓ પ્રતિક્ષણવિનાશી આત્મા માને છે, તેમને આ આપત્તિ આવવાની જ. કેમકે એમના મતે ક્રિયા કરનાર અને ફલ ભોગવનાર કાયમ માટે જુદા જ મળવાના...)

(પ્રશ્ન : જો કે કર્તા અને ભોકતા અમારા મતે જુદા જુદા થવાના, એ વાત સાચી. પરંતુ છતાં અમને આપત્તિ નહિ આવે. અમે કહ્યું જ છે કે અમે સંતાનધારા માનીએ છે. પ્રથમક્ષણીય ક્રિયાકર્તા બીજીક્ષણે નાશ પામે અને બીજો ક્રિયાકર્તાસદશ જીવ ઉત્પન્ન થાય. ત્રીજી ક્ષણે એ નાશ પામે અને ત્રીજો ક્રિયાકર્તાસદશ જીવ ઉત્પન્ન થાય. આ રીતે પ્રતિક્ષણે ક્રિયાકર્તાની નવી નવી ઉત્પત્તિ થતી જાય... આ જ સંતાનધારા છે. આ સંતાનધારામાં જ આગળ જતાં ક્રિયાનાં ફલની ઉત્પત્તિ થાય છે. ગમે તેને એનું ફળ મળતું નથી. અર્થાત્ પાપાદિ ક્રિયા કરનારાની સંતાનધારામાં જ ક્રિયાનાં દુઃખાદિ ફલો પ્રગટે છે, ગમે તેને એ ફલો મળતાં નથી.)

ઉત્તર : અરે ભલા માણસ ! તમે સંતાનપક્ષ સ્વીકારો તો પણ એમાં ફરક શું પડયો, જેમ કર્તા અને ભોકતા જુદા હોવાથી ઉપર કૃતનાશાદિ દોષો આવ્યા. એમ હવે સંતાનપક્ષ સ્વીકારો, તોય તેમાં પણ કર્તારૂપ સંતાની અને ભોકતારૂપ સંતાની તો જુદી જ ને ? એમાં તો કોઈ વિશેષતા છે જ નહિ. તો કર્તારૂપ સંતાનીએ જે ક્રિયા કરી, એનું ફલ ભોક્તારૂપ સંતાનીએ ભોગવવું પડે એમાં કૃતનાશાદિ દોષો આવવાના જ.

જેમ કર્તાની ક્રિયાનું ફલ બીજો ભોગવે તો કૃતનાશાદિ દોષ આવે,

એમ કર્તૃસંતાની ક્રિયાનું ફલ ભોક્તૃસંતાની ભોગવે, તો કૃતનાશાદિ દોષો આવવાના જ.

(પ્રશ્ન  કર્તા અને ભોક્તા તો જુદા સમજી શકાય. પણ કતૃસંતાની અને ભોક્તૃસંતાની એક ન મનાય. "એ બેમાં પણ નાનાત્વ જ છે." એવું શા માટે ?)

ઉત્તર : સીધી જ વાત છે કે કર્તૃસંતાનીમાં ક્રિયા કરવાની શક્તિ છે, અને ભોક્તૃસંતાનીમાં ક્રિયાફલનો ભોગ કરવાની શક્તિ છે. આમ બંનેમાં શક્તિનો ભેદ ચોક્ખો જ છે. તો પછી એ બે સંતાનીને એક શી રીતે મનાય ? એટલે જેમ ક્રિયાકર્તા તથા ક્રિયાફલભોક્તામાં નાનાત્વ છે, એજ પ્રમાણે કતૃસંતાની અને ફલભોકતૃસંતાનીમાં પણ એના જેવું જ નાનાત્વ છે. એ નાનાત્વમાં કોઈ વિશેષતા નથી.

(પ્રશ્ન : ચાલો, અમે એમ માની લઈએ કે ક્રિયાકર્તા પોતે જ ફલભોક્તા બની જાય છે. આ રીતે માનવામાં તો કૃતનાશાદિ દોષો ન આવે ને ? ક્રિયાકર્તા જ ક્રિયાફલ ભોગવે છે, બીજો નહિ... બોલો હવે શું વાંધો !)

ઉત્તર : શા ।શ, જો આ રીતે "ક્રિયાકર્તા જ ફલભોક્તારૂપે પરિણમે છે" એમ સ્વીકારશો તો એનો અર્થ તો એજ થયો કે એ ક્ષણમાં નાશ પામનારો નહિ, પણ નિત્ય બની ગયો. ક્રિયાકર્તા છેક ફલ ભોગવવાનાં કાળ સુધી ટકે છે એટલે એ અનિત્ય ન જ ગણાય, ક્ષણિક ન જ ગણાય, નિત્ય જ ગણાય.

આ પ્રયોગનો અર્થ છે.

પ્રયોગ તો આ છે કે

**आत्मा अवस्थितः स्वकृतकर्मफलवेदनात् कृषीवलादिवत्**

જેમ ખેડુત પોતે કરેલ ખેતીરૂપી કર્મનું ધાન્યરૂપી ફલ ભોગવે છે, અને તે અવસ્થિત છે = ક્ષણિક નથી. એમ આત્મા પોતે કરેલ પુણ્યપાપાદિરૂપ કર્મનું સુખ-દુઃખાદિ ફલ ભોગવે છે, માટે એ અવસ્થિત છે.

---

**श्रोत्रादिभिरग्रहणात्-श्रोत्रादिभिरिन्द्रियैरपरिच्छित्तेः, न च श्रोत्रादिभिरपरिच्छिद्य-मानस्य असत्त्वम्, अवग्रहादीनां स्वसंवेदनसिद्धत्वात्, बौद्धैरप्यतीन्द्रियज्ञानाभ्युपगमात्, ज्ञानस्य च गुणत्वात्, गुणस्य च गुणिनमन्तरेणाभावात्, प्राक्तनज्ञानस्यैव गुणित्वानुपपत्तेः, तस्यापि गुणत्वादिति प्रयोगार्थः, प्रयोगश्च-नित्य आत्मा, गुणित्वे सत्यतीन्द्रियत्वात्, आकाशवत् ।**

---

(૩) **श्रोत्रादिभिरग्रहणात्** આત્માનો શ્રોત્રાદિ ઈન્દ્રિયોથી બોધ ન થતો હોવાથી તે નિત્ય સિદ્ધ થાય છે.

**પ્રશ્ન :** જો આત્માનો શ્રોત્રાદિ ઈન્દ્રિયોથી બોધ ન થતો હોય તો એ અસત્ જ છે, વિદ્યમાન જ નથી. એમ જ માનવું જોઈએ. ભૂતલ પર ઘડાનો ઈન્દ્રિયથી બોધ ન થાય, તો ઘડાનો અભાવ જ સિદ્ધ થાય છે ને ?

**ઉત્તર** આત્માનાં વ્યંજનાવગ્રહ-અર્થાવગ્રહાદિ જે ગુણો છે. એ તો આત્માને પોતાના સંવેદનથી જ સિદ્ધ જ છે. એટલે કે પાંચ ઈન્દ્રિયોથી આત્મા ન દેખાવા છતાં અવગ્રહાદિ તો સ્વસંવેદનસિદ્ધ જ છે.

**પ્રશ્ન :** પણ એ જ્ઞાન ઈન્દ્રિયથી તો દેખાતાં નથી.

**ઉત્તર** જ્ઞાન તો અતીન્દ્રિય જ હોય ને ? માત્ર અમે જ નહિ, બૌદ્ધોએ પણ અતીન્દ્રિયજ્ઞાન તો માનેલા જ છે. (હા ! મનરૂપી ઈન્દ્રિયથી એ ગ્રાહ્ય છે. પણ અત્રે શ્રોત્રાદિ પાંચ ઈન્દ્રિયોની અપેક્ષાએ જ્ઞાન અતીન્દ્રિય કહ્યું છે.) એટલે અવગ્રહાદિ જ્ઞાનો સિદ્ધ છે એ તો ઉભયપક્ષે માન્ય છે.

હવે જ્ઞાન તો ગુણ છે, અને ગુણનો ગુણી વિના અભાવ જ હોય. અર્થાત્ ગુણી વિના ગુણ રહી ન શકે. એટલે બૌદ્ધોએ પણ અતીન્દ્રિયજ્ઞાનગુણનો ગુણી તો માનવો જ પડશે.

**પ્રશ્ન :** પૂર્વજ્ઞાન ઉત્તરજ્ઞાનનું ગુણી માની શકાય, ગુણી તરીકે આત્માદિ પદાર્થો માનવાની જરૂર નથી.

**ઉત્તર :** પ્રાચીનજ્ઞાન પોતે જ ગુણી તરીકે ઘટી ન શકે. કેમકે પ્રાચીનજ્ઞાન પોતે જ ગુણ છે, ગુણ પોતે શી રીતે ગુણી બને... માટે માનવું જોઈએ કે એ જ્ઞાનનો ગુણી કોઈક છે, અને એ આત્મા છે. એટલે શ્રોત્રાદિથી અગ્રાહ્ય એવો પણ તે આત્મા સત્ છે. એ વાત સિદ્ધ થાય છે.

આ તો પ્રયોગાર્થ દર્શાવ્યો.

પ્રયોગ આ છે કે

**आत्मा नित्यः गुणित्वे सति अतीन्द्रियत्वात् आकाशवत् '**

જે જે ગુણી અતીન્દ્રિય છે, તે તે નિત્ય છે. જેમકે આકાશ.

જે જે નિત્ય નથી તે તે ગુણી + અતીન્દ્રિય નથી. (ઘટાદિ ગુણી છે, પણ અતીન્દ્રિય નથી, જ્ઞાનાદિ અતીન્દ્રિય છે, પણ ગુણી નથી...)

---

**तथा जातिस्मरणादिति, जातेरतिक्रान्तायाः स्मरणात्, न चेदमनुस्मरणम-**

ननुभूतस्यान्यानुभूतस्य च भवति, अतिप्रसङ्गात्, दृश्यते च क्वचिदिदं, न चासौ प्रतारकः, तत्कथितार्थसंवादनात् अनुभवाविशेषे सर्वेषामेव कस्मान्न भवतीति चेद्, उच्यते, कर्मप्रतिबन्धाद् दृढानुभवाभावाद्, इह लोकेऽपि सर्वेषां सर्वत्रानुस्मरणादर्शनात्, न खलु इह लोके सर्वत्रानुस्मरणदर्शनं, तद्वदिहापि, क्वचिज्जातौ सर्वेषामस्त्विति चेन्न, नष्टचेतसां सर्वत्रानुस्मरणशून्येन व्यभिचारादिति प्रयोगार्थः, प्रयोगश्च बालकृतानुस्मरणवद्द्रष्टव्य इति ।

---

(૪) जातिस्मरणात् પૂર્વે પસાર થઈ ચૂકેલી જાતિનું સ્મરણ થતું હોવાથી આત્મા નિત્ય સાબિત થાય છે. આ અનુસ્મરણ નહિ અનુભવાયેલી વસ્તુનું થઈ શકતું નથી, કે બીજાથી અનુભવાયેલી વસ્તુનું પણ થઈ શકતું નથી. કેમકે જો એવું માનીએ તો અતિપ્રસંગ થાય. (આપણે અનુભવ્યું નથી, એવી વસ્તુનું પણ સ્મરણ થવું જોઈએ. જે બીજાએ અનુભવ્યું છે, એનું પણ સ્મરણ આપણને થવું જોઈએ.... પણ એવું કંઈ થતું નથી... આમ અતિપ્રસંગદોષ લાગે...)

**પ્રશ્ન :** પણ આ પૂર્વભવનું સ્મરણ થાય છે જ ક્યાં ?

**ઉત્તર :** ભલે બધે નહિ, પણ ક્યાંક ક્યાંક આ જાતિસ્મરણ દેખાય છે.

**પ્રશ્ન :** અરે, એ જાતિસ્મરણ કરનારો ખોટું ખોટું બોલીને આપણને ઠગતો હોય તો ખબર શું પડે ?

**ઉત્તર :** ના, એ જાતિસ્મારક પુરુષ આપણને ઠગનાર નથી. કેમકે એણે કહેલી વાતોનો સંવાદ થાય છે. અર્થાત્ એ જે કહે છે, એ બધું સાચું અનુભવાય છે.

**પ્રશ્ન :** પૂર્વભવનો અનુભવ તો તમામે તમામ જીવોને અવિશેષ = સરખો = સમાન જ છે, તો પછી અમુકને જ જાતિસ્મરણ થાય, અને અમુકને ન થાય, એવું શા માટે ? શા માટે બધાને અનુભવ = પૂર્વભવનું સ્મરણ નથી થતું ?

**ઉત્તર :** જ્ઞાનાવરણીયકર્મનો પ્રતિબંધ હોવાથી બધાને જાતિસ્મરણ થતું નથી.

(**પ્રશ્ન :** કર્મપ્રતિબંધ બધાને જ નડવો જોઈએ ને ? અમુકને નડે. અમુકને ન નડે એવું કેમ ?)

**ઉત્તર :** પૂર્વભવનો દૃઢઅનુભવ ન હોય તો એનું સ્મરણ ન થાય. જેને પૂર્વભવનો દૃઢ અનુભવ હોય, એને કર્મપ્રતિબંધ ન નડે અને જલ્દી સ્મરણ થઈ જાય.

વળી આ વાત કાલ્પનિક નથી. આ લોકમાં પણ બધાયને બધી જ વસ્તુમાં સ્મરણ

થાય છે, એવું દેખાતું નથી. આ લોકમાં દરેક વસ્તુમાં સ્મરણ થતું નથી જ દેખાતું. પણ જે વસ્તુઓનો અનુભવદઢ થયો હોય તેનું સ્મરણ થાય, જેનો અનુભવ દઢ ન હોય તેનું સ્મરણ ન થાય.

(પ્રશ્ન : બધી વસ્તુઓનું સ્મરણ ન થાય, પણ અમુકનું તો સ્મરણ થાય જ છે ને ? એમાં પૂર્વે અનુભવેલા બધા જ જન્મોનું સ્મરણ ભલે ન થાય, પરંતુ અમુક જન્મોનું તો સ્મરણ થવું જોઈએ ને ? કોઈક ભવોનો તો દઢ અનુભવ હશે જ, તેનું તો સ્મરણ થવું જ જોઈએ.)

ઉત્તર : આનો અર્થ એ કે "જેણે જેટલી વસ્તુ અનુભવી હોય, તેને એમાંથી કોઈકનું તો સ્મરણ થાય જ" આવી તમારી વ્યાપ્તિ બની. એના આધારે જ તમે કરોડો પૂર્વભવોમાંથી એકાદનું સ્મરણ બધાયને થવાની આપત્તિ આપો છો. પરંતુ તમારું આ અનુમાન વ્યભિચારી છે. જે મનુષ્યો શૂન્યમનસ્ક થાય છે, યાદશક્તિ ગુમાવે છે, તેઓને અનુભવેલી તમામે તમામ વસ્તુમાંથી એકેય વસ્તુને વિશે સ્મરણ થતું નથી જ. એટલે એમાં ઘણી વસ્તુઓનો અનુભવ છે, પણ એકેયનું સ્મરણ ન હોવાથી તમારી વ્યાપ્તિમાં વ્યભિચાર આવે છે. એટલે જ એના દ્વારા એવું સિદ્ધ થઈ જ ન શકે કે "આત્માએ ઘણાં પૂર્વભવો અનુભવેલા છે, એટલે એકાદનું તો સ્મરણ થવું જ જોઈએ." (પૂર્વભવનાં મરણની ભયંકર વેદના, જન્માદિ વખતની ભયંકર વેદના એ પૂર્વાનુભવો ઉપર જબરદસ્ત પડદો પાડી દે છે, એટલે જ જાતિસ્મરણ જલ્દી જલ્દી થતાં નથી...

આ પ્રયોગનો અર્થ કહ્યો.

પ્રયોગ તો બાલકૃત અનુસ્મરણની જેમ જાણવો.

(**आत्मा अवस्थितः पूर्वानुभूतार्थानुस्मरणात्...** આમ આ જ ગાથાનાં બીજા અનુમાનમાં પ્રયોગ દર્શાવેલો, એ જ આમાં પણ સમજવો. ફરક માત્ર એટલો કે એ પ્રયોગમાં વર્તમાનભવનાં અનુભવોનાં સ્મરણની વાત હતી, જયારે આ સ્થાને પૂર્વભવનાં સ્મરણની વાત છે.)

---

**तथा स्तनाभिलाषादिति, तदहर्जातबालकस्यापि स्तनाभिलाषदर्शनात्, न चान्यकालाननुभूतस्तनपानस्यायमुपपद्यते, प्रयोगश्च-तदहर्जातबालकस्या-ऽऽद्यस्तना-भिलाषोऽभिलाषान्तरपूर्वकः, अभिलाषत्वाद्, तदन्यस्तनाभिलाषवत्, तद्वदप्रथमत्व-साधनाद् विरुद्धो हेतुरिति चेन्न, प्रथमत्वानुभवेन बाधनात्, 'असति च बाधने विरुद्ध' इति न्यायाद्, अन्यथा हेतूच्छेदप्रसङ्गादित्यत्र बहु वक्तव्यं तत्तु नोच्यते, अक्षरगमनि-**

कामात्रस्य प्रस्तुतत्वादिति । नित्यादिक्रियायोजना पूर्ववदिति निर्युक्तिगाथार्थः ॥

(૫) **स्तनाभिलाषात्** તે જ દિવસે ઉત્પન્ન થયેલા બાળકને પણ સ્તનપાનનો અભિલાષ થતો દેખાતો હોવાથી આત્મા નિત્ય સિદ્ધ થાય છે.

જો આ બાલકે અન્યકાળમાં સ્તનપાન અનુભવેલું ન હોય, તો એવા બાળકને આ જન્મતાની સાથે જ સ્તનપાનાભિલાષ સંગત ન થાય. કેમકે પૂર્વાનુભૂતનો જ અભિલાષ થાય. (પૂર્વાનુભૂત તરીકે તો એનો પૂર્વભવ જ લેવાય. કેમકે આ ભવ તો હજી શરૂ જ થયો છે, પ્રથમવાર જ સ્તનાભિલાષ થયો છે...)

આ પ્રયોગાર્થ છે.

પ્રયોગ આ પ્રમાણે છે કે

**तदहःजातबालकस्याद्यस्तनाभिलाषः अभिलाषान्तरपूर्वकः अभिलाषत्वात्**

તે જ દિવસનાં જન્મેલા બાલકનો પ્રથમ સ્તનાભિલાષ બીજા સ્તનાભિલાષપૂર્વકનો છે. કેમકે એ અભિલાષ છે. જે જે અભિલાષ હોય, તે અભિલાષાન્તરપૂર્વક હોય. દા.ત. બીજા ત્રીજાદિ દિવસે થનાર સ્તનાભિલાષ એ પ્રથમદિવસીય સ્તનાભિલાષપૂર્વકનો છે. તો આ પ્રથમદિવસીય સ્તનાભિલાષ પણ અભિલાષાન્તરપૂર્વક હોવો જ જોઈએ. એ અભિલાષાન્તર તો પૂર્વભવીય જ લેવાય. આ રીતે આત્મા નિત્ય સિદ્ધ થાય.

**પ્રશ્ન :** તમે દૃષ્ટાન્ત તરીકે જે સ્તનાભિલાષ લીધા, એ બધા અપ્રથમ = દ્વિતીય, તૃતીયાદિ જ છે. પ્રથમ નથી. હવે જો અપ્રથમસ્તનાભિલાષમાં અભિલાષત્વ + અભિલાષાન્તરપૂર્વકત્વ હોવાથી તમે પક્ષમાં પણ અભિલાષાન્તરપૂર્વકત્વ સિદ્ધ કરતાં હો, તો પછી અપ્રથમસ્તનાભિલાષમાં અપ્રથમત્વ છે, તો એની જેમ પક્ષભૂત સ્તનાભિલાષ પણ અપ્રથમ માનવાની આપત્તિ આવે. આમ અભિલાષત્વ હેતુ તો દૃષ્ટાન્તની માફક પક્ષમાં પણ અપ્રથમત્વને સાધનારો બની જવાથી આ વિરુદ્ધહેતુ છે.

**ઉત્તર :** ના. પક્ષભૂત સ્તનાભિલાષ પ્રથમસ્તનાભિલાષ તરીકે અનુભવાય છે, એટલે એનાથી બાધ આવે છે. માટે અપ્રથમત્વની સિદ્ધિ ન થાય. અને એટલે જ આ હેતુ વિરુદ્ધ ન ગણાય. કેમકે બાધ ન આવે, ત્યાં જ હેતુ વિરુદ્ધ ગણાય.

(આશય એ છે કે **जन्मानन्तरवर्ती स्तनाभिलाषः अप्रथमस्तनाभिलाषः स्तनाभिलाषत्वात् द्वितीयादि स्तनाभिलाषवत्** આવા અનુમાન દ્વારા પૂર્વપક્ષ જન્મ પછીના સ્તનાભિલાષને અપ્રથમ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે, પરંતુ જન્મ પછીનો

સ્તનાભિલાષ પ્રથમ તરીકે સ્પષ્ટ અનુભવાતો હોવાથી આ અનુમાનમાં ચોક્ખો બાધ જ આવે. એટલે આપણાં અનુમાનનો હેતુ વિરુદ્ધ બનવાની આપત્તિ આવતી નથી...)

જો આ રીતે માનીએ તો હેતુઓનો ઉચ્છેદ થવાની આપત્તિ આવે. (દા.ત. પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ મહાનસવત્ અનુમાનમાં એમ પણ કહેવાશે કે મહાનસની જેમ પર્વત પણ મનુષ્યનિર્મિત માનો... આવી તો આપત્તિ બધે જ આવવાની અને તો પછી બધા જ હેતુઓ વિરુદ્ધ બની જતાં હેતુનો ઉચ્છેદ થવાની આપત્તિ આવે જ.

આ વાત પૂર્વે જણાવી ગયા છીએ, એટલે પુનઃ કહેતાં નથી.)

આમાં ઘણું કહેવાનું છે, પણ તે કહેતાં નથી. કેમકે અહીં અક્ષરગમનિકા માત્ર જ પ્રસ્તુત છે.

નિત્યાદિક્રિયાની યોજના પૂર્વની જેમ સમજવી.

આ પ્રમાણે નિર્યુક્તિગાથાનો અર્થ થયો.

---

**एतामेव निर्युक्तिगाथां लेशतो व्याचिख्यासुराह भाष्यकारः-**

रोगस्सामयसन्ना बालकयं जं जुवाऽणुसंभरइ । जं कयमन्नंमि भवे तस्सेवन्नत्थुवत्थाणा ॥४८॥ भाष्यम् ॥

**व्याख्या-रोगस्यामय इति संज्ञा, बालकृतं किमपि वस्तु 'यद्' यस्माद्युवाऽनुस्मरति, तथा यत्कृतमन्यस्मिन् भवे-कुशलाकुशलं कर्म तस्यैव कर्मणोऽन्यत्र-भवान्तरे उपस्थानात्, सर्वत्र भावार्थयोजना कृतैवेति गाथार्थः ॥**

---

આ જ નિર્યુક્તિગાથાનું લેશથી વ્યાખ્યાન કરવાની ઈચ્છાવાળા ભાષ્યકાર કહે છે કે.

**ભાષ્ય-૪૮ ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.**

**ટીકા** : રોગની 'આમય' એ પ્રમાણે સંજ્ઞા છે. અર્થાત્ રોગ **આમય** શબ્દથી ઓળખાય છે. તથા યુવાન બાલકૃત કંઈક વસ્તુને યાદ કરે છે. તથા અન્યભવમાં જે કુશલ કે અકુશલ કર્મ કરેલું છે, તેની જ ભવાન્તરમાં ઉપસ્થિતિ થાય છે. એટલે આત્મા નિત્ય છે.

દરેકમાં ભાવાર્થની યોજના તો કરી જ છે.

---

णिच्चो अणिंदियत्ता खणिओ नवि होइ जाइसंभरणा । थणअभिलासा य तहा अमओ नउ

मिम्मउव्व घडो ॥४९॥ भाष्यम् ॥

व्याख्या-नित्य इति, सर्वत्र क्रियाभिसंबध्यते, अतीन्द्रियत्वात्-श्रोत्रादिभिरग्रहणादित्यर्थः, 'विज्ञेयो' ज्ञातव्यः । तथा च जातिस्मरणात्, पाठान्तरं वा 'क्षणिको न भवति जातिस्मरणा'दिति, एतदप्यदुष्टमेव, विधिप्रतिषेधाभ्यां साध्यार्थाभिधानात्, स्तनाभिलाषाच्च, तथा अमयोऽयमात्मा, नतु मृन्मय इव घटः, ततश्चाकारण इत्यर्थः । एतदपि नित्यत्वादिप्रसाधकमिति निर्युक्तिगाथाया-मनुपन्यस्तमप्युक्तं सूक्ष्मधिया भाष्यकारेणेति गाथार्थः ॥

---

ભાષ્ય-૪૯ ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

ટીકાર્થ **नित्य** એ પ્રમાણે ક્રિયા બધે જ સંબંધિત થશે. **अतीन्द्रियत्व** એટલે શ્રોત્રાદિથી ગ્રહણ ન થવું તે. તથા જાતિસ્મરણથી નિત્ય જાણવો.

આમાં પાઠાન્તર છે કે **क्षणिको न भवति जातिस्मरणात्** આ પણ અદુષ્ટ જ છે. કેમકે વિધિ અને પ્રતિષેધ દ્વારા સાધ્યાર્થનું કથન થઈ શકે છે.

(ભાવાર્થ : પ્રતમાં **खणिओ नवि होइ जाइसंभरणा** પાઠ છે. પણ વૃત્તિકારની સામે આ પાઠ નથી. આ પાઠ તો એમણે પાઠાંતર તરીકે ગણાવ્યો છે. વૃતિકાર સામે **विण्णेयो तह य जाइसंभरणा** એ પ્રમાણે પાઠ છે.

પાઠાંતરનો અર્થ વૃત્તિકારે આ પ્રમાણે કહ્યો કે "આત્મા નિત્ય છે, એ સાધ્યનું વિધિથી નિરૂપણ છે, હકારાત્મક કથન છે. જ્યારે "આત્મા ક્ષણિક નથી" એ પણ સાધ્યનું જ કથન છે. પણ એ નિષેધમુખી સાધ્યકથન છે. આમ બે રીતે સાધ્યકથન કરી શકાતું હોવાથી પાઠાંતર પણ યોગ્ય જ છે...)

તથા સ્તનાભિલાષથી આત્મા નિત્ય છે.

તથા જેમ ઘટ મૃન્મય છે, પટ તન્તુમય છે... એમ આત્મા કોઈપણ રૂપે નથી, એ અમય છે. અને એટલે જ એ અકારણ = કારણરહિત છે.

આ અમયત્વ = અકારણત્વ પણ આત્માનાં નિત્યત્વને સાધી આપનાર છે. એટલે જ આ અમયત્વ હેતુ નિર્યુક્તિગાથામાં ન કહેલો હોવા છતાં પણ ભાષ્યકારે સૂક્ષ્મબુદ્ધિથી કહી દીધેલો જાણવો.

(ભાષ્ય-૪૮-૪૯નું વિસ્તૃતવર્ણન નિર્યુક્તિગાથાની વૃત્તિમાં કરી જ દીધું છે. આ ગાથાઓમાં તો માત્ર તે હેતુઓ ફરી જણાવેલા છે...)

---

तृतीयां निर्युक्तिगाथामाह-

सव्वन्नुवदिट्ठत्ता सकम्मफलभोयणा अमुत्तत्ता । जीवस्स सिद्धमेवं निच्चत्तममुत्तमन्नत्तं ॥२२७॥

व्याख्या-'सर्वज्ञोपदिष्टत्वा'दिति नित्यो जीव इति सर्वज्ञोक्तत्वात्, अवितथं च सर्वज्ञवचनं, तस्य रागादिरहितत्वादिति । तथा 'स्वकर्मफलभोजना'दिति स्वोपात्तकर्मफलभोगादित्यर्थः, उपस्थानादेतन्न भिद्यत इति चेन्न, अभिप्रायापरिज्ञानात्, तत्र हि येन कृतं तस्मिन्नेव कर्तरि कर्मोपतिष्ठत इत्युक्तं तच्चैकस्मिन्नपि जन्मनि संभवति, इदं त्वन्यजन्मान्तरापेक्षयाऽपि गृह्यत इति न दोषः । तथा 'अमूर्तत्वा'दिति मूर्तिरहितत्वाद्, एतदपि श्रोत्रादिभिरग्रहणादित्यस्मान्न भिद्यत इति चेन्न, तत्र हि श्रोत्रादिभिर्न गृह्यते इत्येतदुक्तम्, इह तु तत्स्वरूपमेव नियम्यते इति, मूर्ताणूनामपि श्रोत्रादिभिरग्रहणादिति । द्वारत्रयमप्युपसंहरन्नाह-जीवस्य सिद्धमेवं नित्यत्वममूर्तत्वमन्यत्वमिति गाथार्थः ॥

मूलद्वारगाथाद्वये व्याख्यातमन्यत्वादिद्वारत्रयम्,

---

હવે ત્રીજી નિર્યુક્તિગાથા કહે છે.

નિર્યુક્તિ-૨૨૭ ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

ટીકાર્થ :

(૧) **सर्वज्ञोपदिष्टत्वात्** "જીવ નિત્ય છે" એ પ્રમાણે સર્વજ્ઞે કહેલું હોવાથી જીવ નિત્ય સિદ્ધ થાય છે. સર્વજ્ઞનું વચન સાચું હોય છે, કેમકે તે રાગાદિરહિત છે.

(૨) **स्वकर्मफलभोजनात्** પોતે એકઠાં કરેલા કર્મનો ભોગ કરતો હોવાથી જીવ નિત્ય છે.

**પ્રશ્ન :** આગળ સ્વકર્મફલની ઉપસ્થિતિરૂપ હેતુથી આત્માનું નિત્યત્વ દર્શાવેલું જ છે. એટલે એ ઉપસ્થાનથી આ હેતુ જુદો નથી, એકજ છે. તો આ તો પુનરુક્તિદોષ લાગે.

**ઉત્તર :** ના. તમે અભિપ્રાયને જાણતાં ન હોવાથી આમ કહો છો. ત્યાં = ઉપસ્થાનમાં એટલી વાત કરેલી કે "જેણે જે કર્મ કર્યું હોય, તે કર્તામાં જ તે કર્મ ઉપસ્થિત થાય = ફલદાતા બને" હવે આ હકીકત તો એકજ જન્મમાં પણ સંભવી શકે છે.

જ્યારે પ્રસ્તુતહેતુ અન્યજન્માન્તરની અપેક્ષાએ પણ ગ્રહણ કરાય છે. એટલે કે આ ભવમાં કરેલા કર્મનાં ફલનો પરભવમાં ભોગવટો કરવાની વાત આ હેતુમાં છે.

આમ બેય જુદા પડી જવાથી દોષ નથી.

(૩) અમૂર્તત્વહેતુથી જીવ નિત્ય સિદ્ધ થાય છે.

**પ્રશ્ન :** આ પણ આગળ દર્શાવેલા **श्रोत्रादिभिरग्रहणाद्** એ હેતુથી જુદો હેતુ નથી.

**ઉત્તર :** ના. ત્યાં એમ કહેલું કે "આત્મા શ્રોત્રાદિથી ગ્રહણ થતો નથી." જ્યારે અહીં તો આત્માનું સ્વરૂપ જ નિયમિત કરાય છે કે તે "અમૂર્ત છે."

આશય એ છે કે "આત્મા શ્રોત્રાદિથી ગ્રહણ થતાં નથી." એ વાત અને "આ અમૂર્ત છે" એ વાત તદ્દન જુદી જ છે. જુઓ, પરમાણુઓ શ્રોત્રાદિથી ગ્રહણ થતાં નથી" એ વાત અને "આ અમૂર્ત છે" એ વાત તદ્દન જુદી જ છે. જુઓ, પરમાણુઓ શ્રોત્રાદિથી ગ્રહણ થતાં નથી, પણ તેઓ અમૂર્ત નથી, મૂર્ત જ છે. જ્યારે આત્મા એવો નથી. એ શ્રોત્રાદિ-અગ્રાહ્ય પણ છે અને અમૂર્ત પણ છે. આમ બંને હેતુઓ જુદા છે.

નિર્યુક્તિકાર ત્રણેય દ્વારોનો ઉપસંહાર કરતાં કહે છે કે આ પ્રમાણે જીવનું નિત્યત્વ, અમૂર્તત્વ અને અન્યત્વ સિદ્ધ થયું.

આમ જે બે મૂલદ્વાર ગાથા હતી, એમાંનાં આ અન્યત્વાદિ ત્રણ દ્વારોની વ્યાખ્યા થઈ ગઈ.

---

**इदानीं कर्तृद्वारावसरः, तथा चाह-**

कत्तत्ति दारमहुणा सकम्मफलभोइणो जओ जीवा । वाणियकिसीवला इव कविलमयनिसेहणं एयं ॥५०॥ भाष्यम् ॥

---

હવે ૮માં કર્તૃદ્વારનો અવસર છે.

ભાષ્ય-૫૦ ગાથાર્થ : હવે કર્તૃદ્વાર છે. જે કારણથી જીવો સ્વકર્મફલભોક્તા છે. તે કારણથી તેઓ કર્તા છે. દા.ત. વણિક, ખેડુત વગેરે. આ કપિલમતનું ખંડન છે.

---

**व्याख्या-कर्तेति द्वारमधुना-तदेतद्व्याख्यायते, स्वकर्मफलभोगिनो यतो जीवास्ततः कर्तार इति, वणिक्कृषीवलादय इव, न ह्यमी अकृतमुपभुञ्जते इति प्रयोगार्थः, प्रयोगस्तु-कर्ताऽऽत्मा, स्वकर्मफलभोक्तृत्वात्, कर्षकादिवत् । ऐदम्पर्यमाह- 'कपिलमतनिषेधनमेतत्' सांख्यमतनिराकरणमेतत्, तत्राकर्तृवादप्रसिद्धेरिति गाथार्थः ॥ मूलद्वारगाथाद्वये व्याख्यातं कर्तृद्वारम्,**

---

**ટીકાર્થ :**

(૮) કર્તાદ્વાર : એનું વ્યાખ્યાન કરે છે. જીવો સ્વકર્મફલનાં ભોક્તા છે, માટે કર્તા

છે. દા.ત. વણિક, ખેડુત વગેરે. આ બધા અકૃતનો ઉપભોગ નથી કરતાં. પણ કૃતનો જ ઉપભોગ કરે છે. એમ આત્મા પણ જાણવો. આ પ્રયોગનો અર્થ છે.

પ્રયોગ તો આ પ્રમાણે છે કે –

**आत्मा कर्ता स्वकर्मफलभोक्तृत्वात् कर्षकादिवत्**

જેમ ખેડુતાદિ સ્વકર્મફલ ભોક્તા છે, અને કર્તા છે. તેમ આત્મા પણ સ્વકર્મફલભોક્તા હોવાથી કર્તા છે.

તાત્પર્ય કહે છે કે "આ સાંખ્યમતનું ખંડન છે. કેમકે સાંખ્યમતમાં આત્મા અકર્તા છે એ વાદપ્રસિદ્ધ છે. બે મૂલગાથામાં કર્તૃદ્વારનું વ્યાખ્યાન થઈ ગયું.

---

**इदानीं देहव्यापित्वद्वारावसर इत्याह भाष्यकारः-**

वावित्ति दारमहुणा देहव्वावी मओऽग्गिउण्हं व । जीवो नउ सव्वगओ देहे लिंगोवलंभाओ ॥५१॥ भाष्यम् ॥

---

હવે દેહવ્યાપિત્વદ્વારનો અવસર છે. એ પ્રમાણે ભાષ્યકાર કહે છે.

**ભાષ્ય-૫૧ ગાથાર્થ :** હવે "વ્યાપી" દ્વાર છે. અગ્નિમાં ઉષ્ણતાની જેમ આત્મા દેહવ્યાપી મનાયેલો છે. પણ સર્વવ્યાપી નહિ. કેમકે દેહમાં તેના ચિહ્નોનો ઉપલંભ થાય છે.

---

**व्याख्या-व्यापीति द्वारमधुना-तदेतद्व्याख्यायते, '<u>देहव्यापी</u>' शरीरमात्रं व्याप्तुं शीलमस्येति तथा '<u>मत</u>' इष्टः प्रवचनज्ञैः जीवो, नतु सर्वग इति योगः, तुशब्दस्या-वधारणार्थत्वान्न चाण्वादिमात्रः, कुत इत्याह-'<u>देहे लिङ्गोपलम्भात्</u>' शरीर एव सुखादितल्लिङ्गोपलब्धेः, अग्न्यौष्ण्यवत्, उष्णत्वं ह्यग्निलिङ्गं नान्यत्राग्नेः न च नाग्नाविति (गाथा)प्रयोगार्थः । प्रयोगस्तु-शरीरनियतदेश आत्मा, परिमितदेशे लिङ्गोपलब्धेः, अग्न्यौष्ण्यवत् इति गाथार्थः ॥ व्याख्याता प्रथमा मूलद्वारगाथा,**

---

**ટીકાર્થ :**

**(૯) દેહવ્યાપી :** જીવ માત્ર શરીરમાં વ્યાપીને રહેવાનાં સ્વભાવવાળો પ્રવચનજ્ઞોએ માનેલો છે. પરંતુ સર્વવ્યાપી માનેલો નથી. तु શબ્દ અવધારણ અર્થવા ો હોવાથી આ અર્થ પણ સમજવો કે અણુમાત્ર વગેરે રૂપ મનાયેલો નથી.

**પ્રશ્ન :** કેમ ?

ઉત્તર : જીવનાં જે સુખ-દુઃખાદિ લિંગો છે, તેની શરીરમાં જ ઉપલબ્ધિ થતી હોવાથી તે દેહવ્યાપી જ મનાય. દા.ત. અગ્નિની ઉષ્ણતા. ઉષ્ણત્વ એ અગ્નિનું લિંગ છે, તે અગ્નિ વિના ક્યાંય ન રહે અને અગ્નિમાં ન હોય એવું પણ ન બને. (આ વાત નૈયાયિક અપેક્ષાએ સમજવી અન્યથા સૂર્યકિરણો વ્યભિચારી છે.) એમ સુખાદિ આત્મલિંગ છે, એ આત્મા વિના અન્યત્ર ન રહે, (જો આત્મા સર્વવ્યાપી માનો, તો શરીર સિવાય પણ આત્મા રહે, ત્યાં સુખાદિ નથી... તો આ ગરબડ ઉભી થાય...)

આ પ્રયોગનો અર્થ છે.

પ્રયોગ આ છે કે

**आत्मा शरीरनियतदेशः परिमितदेशे लिङ्गोपलब्धेः अग्न्यौष्ण्यवत्**

આત્મા શરીરરૂપી ચોક્કસ દેશમાં રહેનારો છે, કેમકે પરિમિતસ્થાનમાં જ તેનાં સુખાદિ ચિહ્નોની ઉપલબ્ધિ થાય છે. દા.ત. અગ્નિની ઉષ્ણતા..

પહેલી મૂલદ્વારગાથાનું વ્યાખ્યાન થઈ ગયું.

---

**साम्प्रतं द्वितीया व्याख्यायते -**

**तत्र प्रथमं गुणीत्याद्यद्वारं, तद्व्याचिख्यासयाऽऽह भाष्यकारः-**

अहुणा गुणित्ति दारं होइ गुणेहिं गुणित्ति विन्नेओ । ते भोगजोगउवओगमाइ रूवाई व घडस्स ॥५२॥ भाष्यम् ॥

---

હવે બીજી ગાથાનું વ્યાખ્યાન કરાય છે.

તેમાં પહેલાં ગુણી એ પ્રથમ દ્વાર છે.

તેનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાથી ભાષ્યકાર કહે છે કે –

ભાષ્ય-૫૨ ગાથાર્થ  હવે ગુણી દ્વાર છે. ગુણો વડે જીવ ગુણી જાણવો. તે ગુણો ભોગ, યોગ, ઉપયોગાદિ છે. જેમ ઘટનાં રૂપાદિ.

---

**व्याख्या-अधुना गुणीति द्वारं-तदेतद्व्याख्यायते, भवति गुणैर्हि गुणी, न तद्व्यतिरेकेण 'इति' एवं विज्ञेयः, अनेन गुणगुणिनोर्भेदाभेदमाह, ते भोगयोगोपयोगादयो गुणा इति, आदिशब्दादमूर्तत्वादिपरिग्रहः, निदर्शनमाह-रूपादय इव घटस्य गुणा इति गाथार्थः ॥**

---

ટીકાર્થ :

(૧૦) ગુણી : ગુણો વડે ગુણી થાય, ગુણો વિના નહિ.

આ ઉપરની વાત કહેવા દ્વારા ગુણ અને ગુણીનો પરસ્પર ભેદ-અભેદ કહ્યો.

તે ગુણો ભોગ, યોગ, ઉપયોગ વગેરે છે.

आदि શબ્દથી અમૂર્તત્વાદિ લેવા.

દૃષ્ટાન્ત કહે છે કે જેમ રૂપાદિ એ ઘટનાં ગુણો છે.

---

**व्याख्यातं मूलद्वारगाथायां गुणिद्वारम्,**

**अधुनोर्ध्वगतिद्वारावसर इत्याह भाष्यकारः-**

उड्ढंगइत्ति अहुणा अगुरुलहुत्ता सभावउड्ढगई । दिट्ठंतलाउएणं एरंडफलाइएहिं च ॥५३॥ भाष्यम् ॥

---

મૂલદ્વાર ગાથામાં ગુણીદ્વારનું વ્યાખ્યાન થયું.

હવે "ઉર્ધ્વગતિદ્વારનો અવસર છે" એ પ્રમાણે ભાષ્યકાર કહે છે.

**ભાષ્ય-૫૩ ગાથાર્થ** હવે ઉર્ધ્વગતિદ્વાર છે. અગુરુલઘુતાથી જીવ સ્વભાવતઃ ઉર્ધ્વગતિવાળો છે. દા.ત. અલાબુ, એરંડફલાદિ.

---

**व्याख्या-ऊर्ध्वगतिरित्यधुना द्वारं-तदेतद्व्याख्यायते, अगुरुलघुत्वात्कारणात्स्वभावतः कर्मविप्रमुक्तः सन्नूर्ध्वगतिः, जीव इति गम्यते, यद्येवं तर्हि कथमधो गच्छति ?, अत्राह दृष्टान्तः 'अलाबुना' तुम्बकेन, यथा तत्स्वभावत ऊर्ध्वगमनरूपमपि मृल्लेपाज्जलेऽधो गच्छति तदपगमादूर्ध्वमाजलान्ताद्, एवमात्माऽपि कर्मलेपादधोगच्छति तदपगमादूर्ध्वमालोकान्तादिति । एरण्डफलादिभिश्च दृष्टान्त इति, अनेन दृष्टान्तबाहुल्यं दर्शयति, यथा चैरण्डफलमपि बन्धनपरिभ्रष्टमूर्ध्वं गच्छति, आदिशब्दादग्न्यादिपरिग्रह इति गाथार्थः ॥ व्याख्यातं द्वितीयमूलद्वार-गाथायामूर्ध्वगतिद्वारं,**

---

ટીકાર્થ :

(૧૧) ઉર્ધ્વગતિદ્વાર અગુરુલઘુતારૂપી કારણને લીધે જીવ કર્મવિમુક્ત થયેલો છતામૂલદ્વાર ગાથામાં ગુણીદ્વારનું વ્યાખ્યાન થયું.

સ્વભાવથી ઉર્ધ્વગતિ કરનાર છે. **जीव** શબ્દ લખ્યો નથી, પણ એ સમજી લેવાનો છે.

**પ્રશ્ન :** જો જીવ સ્વભાવતઃ ઉર્ધ્વગતિ કરનારો છે, તો પછી નારકાદિ નીચલા

સ્થાનોમાં શા માટે જાય છે ?

ઉત્તર : આમાં તુંબડાનું દૃષ્ટાન્ત છે. જેમ પાણીમાં મુકેલું તુંબડું સ્વભાવથી તો ઉપરની તરફ જ ગમન કરવાનાં સ્વભાવવાળું છે, પણ જો એના ઉપર માટીનો લેપ કરી દેવામાં આવે તો તંબડુ નીચે જાય. અને માટીનાં લેપનો અપગમ થાય તો જલનાં છેડા સુધી ઉપર આવી જાય.

એ પ્રમાણે આત્મા પણ કર્મનાં લેપથી નીચો જાય છે અને એ લેપના વિનાશથી લોકાન્ત સુધી ઉપર જાય છે.

તથા એરંડાદિ ફલોનું દૃષ્ટાન્ત છે.

આ **एरंडफलाइएहिं** શબ્દથી "આ વિષયમાં ઘણાં બધા દૃષ્ટાન્તો છે" એ વાત દર્શાવી. જેમ એરંડીયું પણ બંધનમાંથી છુટે એટલે ઉપર જાય છે, તેમ આત્મા પણ જાણવો. (એરંડીયાનાં ફળ ઉપર બંધન જેવું હોય છે, એ દૂર થાય એટલે એ ફલ તરત ઉપરની તરફ જાય છે..)

**आदि** શબ્દથી અગ્નિ વગેરે સમજવા.

બીજી મૂલદ્વારગાથામાં રહેલા ઉર્ધ્વગતિદ્વારનું વ્યાખ્યાન થઈ ગયું.

---

**साम्प्रतं निर्मयद्वारव्याचिख्यासयाऽऽह-**

**अमओ य होइ जीवो कारणविरहा जहेव आगासं । समयं च होअनिच्चं मिम्मयघडतंतुमाईयं ॥५४॥ भाष्यम्॥**

---

હવે નિર્મયદ્વારનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાથી કહે છે.

ભાષ્ય-૫૪ ગાથાર્થ : કારણનો અભાવ હોવાથી જીવ અમય છે, જેમકે આકાશ. જે સમય હોય, તે અનિત્ય હોય. જેમકે મૃન્મય ઘટ, તંતુમય પટાદિ.

---

**व्याख्या-अमयश्च भवति जीवः, न किम्मयोऽपीत्यर्थः कुत इत्याह- 'कारणविरहात्' अकारणत्वात्, यथैवाकाशम् आकाशवदित्यर्थः, समयं च वस्तु भवत्यनित्यम्, एतदेव दर्शयति-मृन्मयघटतन्त्वादि, यथा मृन्मयो घटस्तन्तुमयः पट इत्यादि, न पुनरात्मा, नित्य इति दर्शितम् । आह-अस्मिन् द्वारे सति 'अमयो नतु मृन्मय इव घट' इति प्राक्किमर्थमुक्तमिति, उच्यते, अत एव द्वारादनुग्रहार्थमुक्तमिति लक्ष्यते, भवति चासकृच्छ्रवणादकृच्छ्रेण परिज्ञानमित्यनुग्रहः, अतिगम्भीरत्वाद्भाष्यकारा-**

भिप्रायस्य न (वा) वयमभिप्रायं विद्म इति । अन्ये त्वभिदधति-अन्यकर्तृकैवासौ गाथेति गाथार्थः ॥ व्याख्यातं द्वितीयमूलद्वारगाथायां निर्मयद्वारम्,

---

**ટીકાર્થ :**

**(૧૨) નિર્મયદ્વાર :** જીવ અમય છે, અર્થાત્ એ મૃન્મય, તન્તુમય.. કોઈપણ પદાર્થમય નથી. કારણ કે જીવના કોઈ કારણ નથી. દા.ત. આકાશ.

જે વસ્તુ સમય = મૃન્મય, તન્તુમય... હોય તે અનિત્ય હોય.

આ જ દેખાડે છે કે મૃન્મય ઘટ, તન્તુમય પટ વગેરે.

પણ આત્મા તો મૃન્મયાદિરૂપ નથી, માટે એ નિત્ય છે એ દેખાડી દીધેલું છે.

**પ્રશ્ન :** જો આ અમયદ્વાર છે જ, તો પૂર્વે ભાષ્યગાથા ૪૯માં `લ્લે શા માટે કહ્યું કે **"अमयो न तु मृन्मय इव घट:"** આ તો એક જ વાત બે વાર કહેવાઈ.

**ઉત્તર :** આ પ્રસ્તુતદ્વાર હતું જ, આ દ્વારમાંથી જ પ્રસ્તુત પદાર્થ પૂર્વે પણ કહ્યો એ જીવો ઉપર ઉપકાર કરવા માટે કહ્યો છે.

**પ્રશ્ન :** પણ એકજ વાત બે વાર શા માટે કહી ?

**ઉત્તર :** "એક જ પદાર્થ વારંવાર સાંભળવાથી સહેલાઈથી પદાર્થનો બોધ થાય છે" આ અનુગ્રહ-ઉપકાર છે. આ ઉપકારને માટે બે વાર આ પદાર્થ કહ્યો.

અથવા તો ભાષ્યકારનો અભિપ્રાય અતિગંભીર હોવાથી અમે એમના અભિપ્રાયને જાણતાં નથી કે તેઓએ શા માટે એકજ પદાર્થ બેવાર કહ્યો.

કેટલાંકો કહે છે કે આ ગાથાનાં કર્તા અન્ય જ છે, એટલે આ વાત ભાષ્યકારે બે વાર કહેલી ન ગણાય, માટે કોઈ દોષ નથી.

બીજી મૂલદ્વારગાથામાં રહેલા નિર્મયદ્વારનું વ્યાખ્યાન થઈ ગયું.

---

**अधुना साफल्यद्वारावसरः, तथा चाह भाष्यकारः-**

साफल्लदारमहुणा निच्चानिच्चपरिणामिजीवम्मि । होइ तयं कम्माणं इहरेगसभावओऽजुत्तं ॥५५॥ भाष्यम् ॥

---

હવે સાફલ્યદ્વારનો અવસર છે.

ભાષ્યકાર કહે છે કે

**ભાષ્ય-૫૫ ગાથાર્થ** હવે સાફલ્યદ્વાર છે. જીવ નિત્યાનિત્યપરિણામી હોય તો

કર્મોની સફલતા થાય. નહિ તો એકસ્વભાવતા ને લીધે સફલતા ન ઘટે.

व्याख्या-साफल्यद्वारमधुना-तदेतद्व्याख्यायते, नित्यानित्य एव परिणामिनि जीव इति योग: भवति तत् साफल्यं कालान्तरफलप्रदानलक्षणम् केषामित्याह-कर्मणां-कुशलाकुशलानां, कालभेदेन कर्तृभोक्तृपरिणामभेदे सत्यात्मनस्तदुभयोपपत्तेः कर्मणां कालान्तरफलप्रदानमिति, 'इतरथा' पुनर्यद्येवं नाभ्युपगम्यते तत एकस्वभावत्वतः कारणादयुक्तं 'तत्' कर्मणां साफल्यमिति,एतदुक्तं भवति-यदि नित्य आत्मा कर्तृस्वभाव एव कुतोऽस्य भोगः ? भोक्तृस्वभावत्वे चाकर्तृत्वं, क्षणिकस्य तु कालद्वयाभावादेवैत-दुभयमनुपपन्नम्, उभये च सति कालान्तरफलप्रदानेन कर्म सफलमिति गाथार्थः ॥ द्वितीयमूलद्वारगाथायां व्याख्यातं साफल्यद्वारम्,

ટીકાર્થ :

(૧૩) સાફલ્ય : પુણ્યકર્મો કે પાપકર્મો કાલાન્તરે ફલ આપે છે, એ એમની સફલતા છે. પણ એ ત્યારે જ સંભવે, જયારે જીવ નિત્યાનિત્ય, પરિણામી હોય.

આશય એ છે કે કાલભેદથી કર્તૃપરિણામ અને ભોકતૃપરિણામનો ભેદ થયે છતેં આત્માની નિત્યતા અનિત્યતા ઉભયની ઉપપત્તિ થવાથી કાલાન્તરમાં ફલપ્રદાનરૂપ કર્મસફલતા ઘટે.

(૧૦ વર્ષની ઉંમરે કોઈક જીવ હિંસા કરે ૨૦ વર્ષની ઉંમરે તેના ફલરૂપ પીડાને ભોગવે, તો બે જુદા જુદા કાળમાં એકજ જીવમાં બે જુદા જુદા પરિણામ થયા. કર્તૃપરિણામ અને ભોક્તૃપરિણામ... આમાં એકજ જીવમાં બે પરિણામો આવવાથી એ અનિત્ય છે, તથા એ એકજ જીવ બેય જુદા જુદા કાળમાં રહેલો છે, બંને પરિણામોનો ધારક છે. માટે તે નિત્ય છે. આમ જીવમાં બેય વસ્તુ ઘટે છે. હવે આ રીતે માનીએ તો જ આજે બંધાયેલા કર્મો અમુક કાળ બાદ પોતાનું ફલ આપનારા બની શકે ને ? એ વિના તો નહિ જ...)

જો આ રીતે જીવમાં બે પરિણામો સ્વીકારવામાં ન આવે, તો એનો અર્થ એ કે જીવ એકજ સ્વભાવવા ો ગણાય, અને એ એકસ્વભાવત્વરૂપી કારણને લીધે કર્મોની સફલતા ન સંભવે.

કહેવાનો ભાવ એ છે કે જો નિત્ય આત્મા કર્તૃસ્વભાવવાળો જ છે, તો પછી હવે એને કર્મનો ભોગ શી રીતે ઘટે ? એમાં ભોક્તૃસ્વભાવ શી રીતે આવે ? અને જો જીવ

ભોક્તૃસ્વભાવવાળો હોય તો એ પછી તેમાં કર્તૃસ્વભાવ ન ઘટે. એટલે કે એને અકર્તા માનવો પડે.

આમ જીવને એકાન્તનિત્ય માનો તો કર્તૃત્વ, ભોક્તૃત્વ બે ધર્મો એમાં ઘટી ન જ શકે...

જો આત્માને ક્ષણિક માનો તો ક્ષણિક આત્મા કર્તૃકાલ અને ભોક્તૃકાલ એમ બે કાલમાં તો રહી જ ન શકે. અને એટલે જ આ કર્તૃત્વ-ભોક્તૃત્વ ક્ષણિકાત્મામાં ન જ ઘટે.

પણ આત્મામાં નિત્યાનિત્યત્વ ઉભય માનીએ તો કર્મ કાલાન્તરે આ આત્માને ફલ આપવા દ્વારા સફલ બને.

બીજી મૂલદ્વારગાથામાં રહેલા સાફલ્યદ્વારનું વ્યાખ્યાન થઈ ગયું.

---

**अधुना परिमाणद्वारमाह-**

जीवस्स उ परिमाणं वित्थरओ जाव लोगमेत्तं तु । ओगाहणा य सुहुमा तस्स पएसा असंखेज्जा ॥५६॥ भाष्यम् ॥

---

હવે પરિમાણદ્વાર કહે છે.

**ભાષ્ય-૫૬ ગાથાર્થ** જીવનું વિસ્તારથી પરિમાણ લોકમાત્ર છે. તેની સૂક્ષ્મ અવગાહના અસંખ્યપ્રદેશો છે.

---

**व्याख्या-जीवस्य तु परिमाणं विततस्य 'विस्तरतो' विस्तरेण यावल्लोकमात्रमेव, एतच्च केवलिसमुद्घातचतुर्थसमये भवति, तत्रावगाहना च 'सूक्ष्मा' विततैकैकप्रदेश-रूपा भवति, 'तस्य' जीवस्य प्रदेशाश्चासंख्येयाः सर्व एव लोकाकाशप्रदेशतुल्या इति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :**

**(૧૪) પરિમાણદ્વાર** ફેલાયેલા = પહોળા થયેલા જીવનું વિસ્તારથી પરિમાણ લોકમાત્ર જ થાય છે. આ પરિમાણ કેવલીસમુદ્ઘાતનાં ચોથા સમયે થાય છે. આ સમયમાં જીવની અવગાહના ફેલાયેલા એકેક પ્રદેશરૂપ હોય છે. જે જીવનાં અસંખ્ય પ્રદેશરૂપ છે. લોકાકાશનાં પ્રદેશો જેટલા આ પ્રદેશો થાય છે.

(જ્યારે કેવલિસમુદ્ઘાત થાય, ત્યારે આખા લોકમાં એક એક આકાશપ્રદેશ ઉપર

એક એક જીવપ્રદેશ હોય છે. આ એની સૂક્ષ્મ અવગાહના છે. જ્યારે જીવ શરીરમાં રહેનાર હોય છે,ત્યારે શરીરમાં એક એક આકાશપ્રદેશ ઉપર જીવના અસંખ્ય પ્રદેશો રહેતાં હોય છે, એટલે આ અવગાહના મોટી થઈ જાય છે. લોકાકાશનાં જેટલા આકાશપ્રદેશો છે, જીવનાં એટલા જ આત્મપ્રદેશો છે...)

---

**अनेकेषां जीवानां गणनापरिमाणमाह-**

पत्थेण व कुलएण व जह कोइ मिणेज्ज सव्वधन्नाइं । एवं मविज्जमाणा हवंति लोगा अणंता उ ॥५७॥ भाष्यम् ॥

---

અનેક જીવોનું ગણનાપરિમાણ કહે છે.

**ભાષ્ય-૫૭ ગાથાર્થ :** જેમ કોઈક માણસ પ્રસ્થક કે કુડવથી બધાં ધાન્યોને માપે, એમ મપાતા અનંતા લોક થાય.

---

**व्याख्या-'प्रस्थेन वा' चतु:कुडवमानेन 'कुडवेन वा' चतु:सेतिकामानेन यथा कश्चित्प्रमाता मिनुयात् 'सर्वधान्यानि' व्रीह्यादीनि एवं मीयमाना असद्भावस्थापनया भविन्ति लोका अनन्तास्तु, जीवभृता इति भाव: । आह-यद्येवं कथमेकस्मिन्नेव ते लोके माता इति ?, उच्यते, सूक्ष्मावगाहनया, यत्रैकस्तत्रानन्ता व्यवस्थिता:, इह तु प्रत्येकावगाहनया चिन्त्यन्ते इति न दोष:, दृष्टं च बादरद्रव्याणामपि प्रदीपप्रभापरमाण्वादीनां तथापरिणामतो भूयसामेकत्रैवावस्थानमिति गाथार्थ: ॥ व्याख्यातं द्वितीयमूलद्वारगाथायां परिमाणद्वारं, तद्व्याख्यानाच्च द्वितीया मूलद्वारगाथा जीवपदं चेति ।**

---

**ટીકાર્થ :** ચાર કુડવ પ્રમાણવાળા પ્રસ્થથી કે ચાર સેતિકાપ્રમાણવાળા કુડવથી જેમ કોઈ માપનારો માણસ ચોખા વગેરે બધા ધાન્યોને માપે એમ અસદ્ભાવસ્થાપનાથી જો પ્રસ્થક કે કુડવથી લોકવર્તીજીવોને માપી માપીને અલોકમાં નાંખવામાં આવે તો અનન્તાલોક અલોકમાં જીવોથી ભરાઈ જાય.

(જેમ કીલોનાં માપીયા, લીટરનાં માપીયા હોય. એમ પ્રાચીનકાળમાં અનાજ માપવા માટેના પ્રસ્થ, કુડવ વગેરે માપીયા હતા.

ખરેખર તો આ રીતે કંઈ જીવોને પ્રસ્થમાં ભરીને અલોકમાં નાંખવા શક્ય જ નથી. આતો માત્ર એક કલ્પના જ છે. એટલે એને અસદ્ભાવસ્થાપના કહી છે.

એક પ્રસ્થમાં ધારો. કે ૫ લાખ આકાશપ્રદેશો હોય, તો આ લોકમાંથી જીવોને એ એક એક પ્રદેશમાં રાખી કુલ ૫ લાખ જીવો એ પ્રસ્થમાં ભરવા. પછી એ અલોકમાં જીવો મૂકી દેવા. વળી પાછું ૫ લાખ જીવોથી એ પ્રસ્થ ભરીને અલોકમાં ખાલી કરવું. તે અલોકમાં પણ એક એક આકાશપ્રદેશ ઉપર એક એક જીવને જ રાખવા, વધારે નહિ. આ રીતે આખો લોક ખાલી થાય, ત્યારે અલોકમાં લોક જેટલા અનંતા લોક જીવોથી ભરાઈ જાય...)

પ્રશ્ન : જો આટલા બધાં જીવો હોય, તો પછી તેઓ એકજ લોકમાં કેવી રીતે સમાઈ ગયા ?

ઉત્તર : સૂક્ષ્મ અવગાહનાના લીધે સમાઈ ગયા. જ્યાં એક જીવ છે, ત્યાં અનંતા રહેલા છે. અમે ઉપર જે વાત કરી, એ તો દરેક જીવની પોતપોતાની જુદી જુદી અવગાહનાની અપેક્ષાએ કરેલી છે. એટલે કોઈ દોષ નથી. (દા.ત. ૧ જીવને રહેવા માટે ૫ આકાશપ્રદેશ જોઈએ છે, તો જે ૫ આકાશપ્રદેશમાં એક જીવ રહ્યો, એના એજ ૫ પ્રદેશમાં ૧ કરોડ જીવ રહેલા છે. આમ લોકમાં ૫ પ્રદેશમાં ૧ કરોડ જીવ સમાયેલા છે. હવે જો અસત્કલ્પના પ્રમાણે વિચારીએ, તો એ બધાં જીવોને સ્વતંત્ર પાંચ પાંચ પ્રદેશો આપવાના છે, એટલે એ રીતે અલોકમાં કુલ ૫ કરોડ પ્રદેશોમાં આ ૧ કરોડ જીવો રહેશે. ઉપર અમે ૧-૧ આકાશપ્રદેશમાં એક એક જીવને રાખવાનું દર્શાવેલું છે, એ પદાર્થની સરળતાથી સમજ પડે, એ માટે સમજવું એ રીતે જીવો મુકવામાં આવે તો પણ અનંતા લોક જ થાય. જયારે હમણાં કહ્યા પ્રમાણે દરેક જીવને પોતપોતાની અવગાહના પ્રમાણે મુકવામાં આવે તો પણ અનંતલોક થાય. આ અનંતલોક પૂર્વનાં અનંતલોક કરતાં અસંખ્યગણા થાય. સૂક્ષ્મદૃષ્ટિથી વિચારવું.)

પ્રશ્ન : પણ આવી રીતે એકજ સ્થાને અનંતા આત્માઓ રહી શકે એ તો આશ્ચર્ય લાગે છે...

ઉત્તર  અરે, આત્મા તો અમૂર્ત-સૂક્ષ્મદ્રવ્ય છે. એની વાત જવા દો, દીપકની પ્રભાનાં પરમાણુ વગેરે જે બાદરદ્રવ્યો છે, તેઓનું પણ તેવા પ્રકારનાં પરિણામથી એકજ સ્થાને અવસ્થાન દેખાય જ છે.

(એક બંધ ઓરડામાં એક દીપક પ્રગટાવીએ, આખો ઓરડો પ્રકાશિત થાય. એટલે કે ઓરડામાં બધે જ દીપકનાં પરમાણુઓ વ્યાપી જાય. બીજો પ્રગટાવીએ તો એના પણ પરમાણુઓ એ ઓરડામાં વ્યાપી જાય સમાઈ જાય. એમ ૫૦૦ દીપક પ્રગટાવો તો એ તમામનાં પરમાણુઓ એ બંધ ઓરડામાં સમાઈ જાય. ઓરડાની બહાર ન નીકળે. હવે

જો બાદરપુદ્ગલો પણ આ રીતે ઘણાં બધા એકજ સ્થાને રહી શકતા હોય. તો જીવોની તો શી વાત કરવી ?)

બીજી મૂલદ્વારગાથામાં કહેલ પરિમાણદ્વારનું વ્યાખ્યાન થઈ ગયું.

તેનું વ્યાખ્યાન થયું. એટલે બીજી મૂલગાથા પણ વ્યાખ્યાન થઈ ગઈ અને જીવપદનું પણ વ્યાખ્યાન પૂર્ણ થયું.

---

साम्प्रतं निकायपदं व्याचिख्यासुराह-

णामं ठवणसरीरे गई णिकायत्थिकाय दविए य । माउगपज्जवसंगहभारे तह भावकाए य ॥२२८॥

**व्याख्या-नामस्थापने क्षुण्णे, <u>शरीरकायः</u>- शरीरमेव, तत्प्रायोग्याणुसंघातात्मकत्वात्, <u>गतिकायो</u>-यो भवान्तरगतौ, स च तैजसकार्मणलक्षणः, <u>निकायकायः</u>-षड्जीवनिकायः, <u>अस्तिकायो</u>-धर्मास्तिकायादिः, <u>द्रव्यकायश्च</u>-त्र्यादिघटादिद्रव्यसमुदायः, <u>मातृकाकायः</u>-त्र्यादीनि मातृकाक्षराणि, पर्यायकायो द्वेधा-जीवाजीवभेदेन, <u>जीवपर्यायकायो</u>-ज्ञानादिसमुदायः, <u>अजीवपर्यायकायो</u>-रूपादिसमुदायः, <u>संग्रहकायः</u>-संग्रहैकशब्दवाच्यस्त्रिकटुकादिवत्, <u>भारकायः</u>-कापोती, वृद्धास्तु व्याचक्षते-'एगो काओ दुहा जाओ, एगो चिट्ठइ एगो मारिओ । जीवंतो मएण मारिओ, तल्लव माणव ! केण हेउणा ? ॥१॥' उदाहरणम्-एगो काहरो तलाए दो घडा पाणियस्स भरेऊण कावोडीए वहइ, सो एगो आउक्कायकायो दोसु घडेसु दुहा कओ, तओ सो काहरो गच्छंतो पक्खलिओ, एगो घडो भग्गो, तम्मि जो आउक्काओ सो मओ, इयरम्मि जीवइ, तस्स अभावे सोऽवि भग्गो, ताहे सो तेण पुव्वमएण मारिओ त्ति भण्णइ । अहवा-एगो घडो आउक्कायभरिओ, ताहे तमाउकायं दुहा काऊण अद्धो ताविओ, सो मओ, अताविओ जीवइ, ताहे सोऽवि तत्थेव पक्खित्तो, तेण मएण जीवंतो मारिओ त्ति । एस भारकाओ गओ । <u>भावकायश्चौ</u>दयिकादिसमुदायः, इह च निकायः काय इत्यनर्थान्तरमितिकृत्वा कायनिक्षेप इत्यदुष्ट एवेति गाथार्थः ॥**

---

હવે **निकाय** પદનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાવાળા નિર્યુક્તિકાર કહે છે કે –

નિર્યુક્તિ-૨૨૮ ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

ટીકાર્થ : (૧) નામકાય અને (૨) સ્થાપનાકાય ક્ષુણ્ણ છે. (૩) શરીરકાય એટલે શરીર પોતે જ. કેમકે શરીર પ્રાયોગ્યપરમાણુઓનાં સંઘાત = સમૂહરૂપ છે.

(૪) ગતિકાય : બીજા ભવમાં ગતિ કરતી વખતે જે કાય-શરીર સા` ોય તે ગતિકાય. તૈજસશરીર અને કર્મણશરીર ગતિકાયરૂપ સમજવા.

(૫) નિકાયકાય : ષડ્જીવનિકાય એ નિકાયકાય છે.

(૬) અસ્તિકાય ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય... આ બધા અસ્તિકાય છે. (**अस्ति** = પ્રદેશ. પ્રદેશોનાં સમૂહરૂપ આ બધા તત્ત્વો છે. એટલે એ અસ્તિકાય કહેવાય)

(૭) દ્રવ્યકાય : ત્રણ, ચાર, પાંચ વગેરે ઘટ પટાદિ દ્રવ્યોનો સમૂહ એ દ્રવ્યકાય છે.

(૮) માતૃકાકાય : ત્રણ,, ાર, પાંચ વગેરે માતૃકા અક્ષરો (**अ,ब,क** વગેરે) એ માતૃકાકાય.

(૯) પર્યાયકાય જીવનો અને અજીવનો એમ બે ભેદથી પર્યાયકાય છે. તેમાં જીવપર્યાયકાય એટલે જ્ઞાનાદિનો સમુદાય. (જ્ઞાનાદિ એ જીવનાં પર્યાય છે, તેનો સમુદાય એ જીવપર્યાયકાય કહેવાય) અજીવપર્યાયકાય એટલે રૂપાદિનો સમુદાય...)

(૧૦) સંગ્રહકાય સંગ્રહભૂત જે વસ્તુ, કે જે એકજ શબ્દથી વાચ્ય હોય તે સંગ્રહકાય. દા.ત. ત્રિકટુક, ત્રિફળા વગેરે. (ત્રિફળામાં હરડે-બહેડા-આમળા આમ ત્રણ વસ્તુ છે, આ ત્રણનાં સંગ્રહરૂપ બનેલી વસ્તુ ત્રિફળા નામનાં એકજ શબ્દથી વાચ્ય છે એટલે એ સંગ્રહકાય કહેવાય.)

(૧૧) ભારકાય : કાપોતી (ત્રાજવાનાં જેવા જં આકારની પણ મોટી વસ્તુ એ કાપોતી ! મોટા લાકડાનાં બે છેડે ઘડા બાંધવામાં આવે. એમાં નદીમાંથી પાણી ભરીને લાકડાનાં વચ્ચેના ભાગથી ઉપાડવામાં આવે.)

વૃદ્ધો આ પ્રમાણે કહે છે કે "એક કાયનાં બે ભાગ થયા. એક રહે છે, એક મરાયો. મરેલા વડે જીવતો મરાયો. હે માનવ! બોલ, કઈ યુક્તિથી આ વાત ઘટે ? "

(આ પદાર્થને ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરે છે.)

એક કાપોતીક તળાવમાં પાણીનાં બે ઘડા ભરીને કાપોતીથી વહન કરે છે. આમા તળાવમાં રહેલો એક અપ્કાય બે ઘડામાં ભરાયો, એટલે બે ભાગ થયેલા કહેવાય. પછી એ કાપોતીક જતો જતો સ્ખલના પામ્યો. અથડાયો. એમાં એક ઘડો ભાંગી ગયો. તેમાં જે અપ્કાય હતો તે મરી ગયો. (બંધુ પાણી ઢોળાઈ ગયું...) બીજામાં અપ્કાય જીવે છે. પણ પહેલાંના અભાવમાં તે બીજો ઘડો પણ ભાંગી ગયો. (ત્રાજવાની બંને બાજુ વજન સરખું હોય તો કાંટો સીધો રહે. પણ જેવું એક બાજુથી બધું વજન ઘટી જાય કે તરત

બીજી બાજુ ત્રાજવાનું પલ્લું નીચે જતું જાય. એમ એક બાજુ પાણીનો ઘડો ફુટતા ત્યાંનું વજન ઘટ્યું. એટલે તરત કાપોતી બીજા ભરેલાં ઘડા તરફ નમી પડી, એટલે એ ઘડો પણ અથડાવવાથી ફુટી ગયો.) આમ થવાથી કહેવાય કે પૂર્વે નરેલાએ તેને માર્યો.

અથવા બીજી રીતે પણ આ વૃદ્ધગાથાનો અર્થ થઈ શકે.

તે આ પ્રમાણે.

એક ઘડો અપ્કાયથી ભર્યો. પછી તે અપ્કાયનાં બે ભાગ કરીને અડધો અપ્કાય તપાવ્યો. તે મરી ગયો. નહિ તપાવેલો અપ્કાય જીવે છે. પછી તે તપાવેલો અપ્કાય પણ તે જીવતાં અપ્કાયમાં જ નંખાયો. એટલે તે મરી ગયેલા તપાવેલા અપ્કાયથી જીવતો અપ્કાય મરાયો.

આ ભારકાયનું વર્ણન પૂર્ણ થયું.

(૧૨) ભાવકાય : ઔદયિકાદિ ભાવોનો સમુદાય એ ભાવકાય છે.

પ્રશ્ન : આપણે તો **निकाय** શબ્દનો નિક્ષેપ કરવાનો હતો, જયારે અહીં તો કાયનો નિક્ષેપ કર્યો છે. એવું કેમ ?

ઉત્તર : નિકાય અને કાય એ બંને સમાનાર્થી શબ્દો છે. એટલે અહીં નિકાયને બદલે કાયનો નિક્ષેપ કર્યો છે, તે અદુષ્ટ જ છે.

---

इत्थं पुण अहिगारो निकायकाएण होइ सुत्तंमि । उच्चारिअत्थसदिसाण कित्तणं सेसगाणंपि ॥२२९॥

---

નિર્યુક્તિ- ૨૨૯ ગાથાર્થ : અહીં સૂત્રમાં તો નિકાયકાયથી અધિકાર છે. ઉચ્ચારિતાર્થસદશ બીજાઓનું પણ કીર્તન કર્યું.

---

**व्याख्या-अत्र पुनः सूत्र इति योगः, (सूत्र इत्यधिकृताध्ययने) किमित्याह-अधिकारो निकायकायेन भवति, अधिकारः-प्रयोजनं, शेषाणामुपन्यासवैयर्थ्य-माशङ्क्याह-उच्चरितार्थसदृशानां-उच्चरितो निकायः तदर्थतुल्यानां कीर्तनं-संशब्दनं शेषाणामपि-नामादिकायानां व्युत्पत्तिहेतुत्वात्प्रदेशान्तरोपयोगित्वाच्चेति गाथार्थः ॥ व्याख्यातं निकायपदम्, उक्तो नामनिष्पन्नो निक्षेपः,**

---

**ટીકાર્થ** : આ પ્રસ્તુતસૂત્રમાં તો નિકાયકાયનો અધિકાર છે.

પ્રશ્ન : તો પછી બાકીનાં કાયોનો ઉપન્યાસ નકામો બની જશે.

ઉત્તર : ષટ્જીવનિકાયમાં નિકાયશબ્દનો ઉચ્ચાર થયેલો છે, તેના અર્થની અપેક્ષાએ સમાન એવા બાકીનાં નામાદિનિકાયો છે, એ બધાનું પણ અહીં કીર્તન કરી દીધું. એ એટલા માટે કે નામાદિકાયો વ્યુત્પત્તિનું = વિશિષ્ટબોધનું કારણ છે, અને વળી અન્યસ્થાનોમાં ઉપયોગી છે... એટલે અત્રે એનો અધિકાર ન હોવા છતાં પણ નિકાયપદનો ઉલ્લેખ હોવાથી તેની સાથે સરખાં અર્થવાળા બધાં નિકાયોનું પણ કીર્તન કર્યું છે.

નિકાયપદનું વ્યાખ્યાન થઈ ગયું.

નામનિષ્પન્ન નિક્ષેપ કહેવાઈ ગયો.

---

साम्प्रतं सूत्रालापकनिष्पन्नस्यावसर इत्यादिचर्चः पूर्ववत्तावद्यावत्सूत्रानुगमेऽस्खलितादिगुणोपेतं सूत्रमुच्चारणीयं, तच्चेदम्-

**सुयं मे आउसंतेण भगवया एवमक्खायं-इह खलु छज्जीवणिया नामज्झयणं, समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया सुअक्खाया सुपन्नत्ता सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपण्णत्ती । कयरा खलु सा छज्जीवणियानामज्झयणं समणेणं भयवया महावीरेणं कासवेणं पवेइया सुअक्खाया सुपन्नत्ता सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती ? । इमा खलु सा छज्जीवणिया नामज्झयणं समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया सुअक्खाया सुपन्नत्ता सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती ॥ तंजहा-पुढविकाइया आउकाइया तेउकाइया वाउकाइया वणस्सइकाइया तसकाइया । पुढवी चित्तमंतमक्खाया अणेगजीवा पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं, आऊ चित्तमंतमक्खाया अणेगजीवा पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं, तेऊ चित्तमंतमक्खाया अणेगजीवा पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं, वाऊ चित्तमंतमक्खाया अणेगजीवा पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं, वणस्सई चित्तमंतमक्खाया अणेगजीवा पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं, तंजहा-अग्गबीया**

मूलबीया पोरबीया खंधबीया बीयरूहा संमुच्छिमा तणलया, वणस्सइकाइया सबीया चित्तमंतमक्खाया अणेगजीवा पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं ॥ से जे पुण इमे अणेगे बहवे तसा पाणा, तंजहा-अंडया पोयया जराउया रसया संसेइमा संमुच्छिमा उब्भिया उववाइया । जेसिं केसिंचि पाणाणं अभिक्कंतं पडिक्कंतं संकुचियं पसारियं रुयं भंतं तसियं पलाइयं आगइगइविन्नाया जे य कीडपयंगा जा य कुंथुपिपीलिया सव्वे बेइंदिया सव्वे तेइंदिया सव्वे चउरिंदिया सव्वे पंचिंदिया सव्वे तिरिक्खजोणिया सव्वे नेरइया सव्वे मणुआ सव्वे देवा सव्वे पाणा परमाहम्मिआ । एसो खलु छट्ठो जीवनिकाओ तसकाउ त्ति पवुच्चइ ॥ ( सूत्रं १ )

---

હવે સૂત્રાલાપકનિષ્પન્નનો અવસર છે... ઈત્યાદિ ચર્ચા પૂર્વની જેમ ત્યાંસુધી જાણવી કે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણોવાળું સૂત્ર ઉચ્ચારવાનું છે.

તે સૂત્ર આ છે.

સૂત્ર-૧ सुयं मे... અર્થ ટીકાર્થથી સ્પષ્ટ થશે.

---

व्याख्या-श्रूयते तदिति श्रुतम्-प्रतिविशिष्टार्थप्रतिपादनफलं वाग्योगमात्रं भगवता निसृष्टमात्मीयश्रवणकोटरप्रविष्टं क्षायोपशमिकभावपरिणामाविर्भावकारणं श्रुतमित्युच्यते, श्रुतमवधृतमवगृहीतमिति पर्यायाः, 'मये'त्यात्मपरामर्शः , आयुरस्यास्तीत्यायुष्मान् तस्यामन्त्रणं हे आयुष्मन् !, कः कमेवमाह ?- सुधर्मस्वामी जम्बूस्वामिनमिति, 'तेने'ति भुवनभर्तुः परामर्शः, भगः-समग्रैश्वर्यादिलक्षण इति, उक्तं च-"ऐश्वर्यस्य समग्रस्य, रूपस्य यशसः श्रियः । धर्मस्याथ प्रयत्नस्य, षण्णा भग इतीङ्गना ॥१॥" सोऽस्यास्तीति भगवांस्तेन भगवता-वर्धमानस्वामिनेत्यर्थः, 'एव'मिति प्रकारवचनः शब्दः, 'आख्यात'मिति केवलज्ञानेनोपलभ्यावेदितं, किमत आह-इह खलु षड्जीवनिकायनामाध्ययनम्, अस्तीति वाक्यशेषः, 'इहे'ति लोके प्रवचने वा, खलुशब्दादन्यतीर्थकृत्प्रवचनेषु च, 'षड्जीवनिकाये'ति पूर्ववत्, 'नामे'त्यभिधानम्, 'अध्ययन'मिति पूर्ववदेव ।

**ટીકાર્થ : श्रुतं**- જે સંભળાય તે શ્રુત !

અહીં તો,

(૧) પ્રતિવિશિષ્ટ અર્થોનું પ્રતિપાદન એ છે ફલ જેનું એવું

(૨) ભગવાન વડે પોતાના મુખમાંથી છોડાયેલું

(૩) પોતાના કાનની બખોલમાં પ્રવેશેલું

(૪) ક્ષાયોપશમિકભાવનાં પરિણામોને પ્રગટ કરવામાં કારણ

(૫) ભગવાનનો વચનયોગ માત્ર

એ શ્રુત કહેવાય છે.

**श्रुतं, अवधृतं, अवगृहीतं** આ બધા પર્યાયવાચી શબ્દો છે.

**मया** શબ્દ એ ગ્રન્થકર્તા પોતાની જાતને દર્શાવે છે.

જેની પાસે આયુષ્ય હોય, તે આયુષ્યમાન્ કહેવાય. તેના આમંત્રણરૂપ **आयुष्मन्** શબ્દ છે.

**પ્રશ્ન :** કોણ કોને આ પ્રમાણે કહે છે કે "આયુષ્યમન્ ! કે મારાથી સંભળાયું છે ?"

**ઉત્તર :** સુધર્મસ્વામી જંબૂસ્વામીને કહે છે.

**तेन** શબ્દ ભુવનનાં સ્વામી પ્રભુને જણાવનાર શબ્દ છે.

**भगवान्** માં **भग** એટલે સંપૂર્ણ ઐશ્વર્ય વગેરે. કહ્યું છે કે "સમગ્ર ઐશ્વર્ય, રૂપ, યશ, લક્ષ્મી, ધર્મ અને પ્રયત્ન આ છ વસ્તુનું **भग** એ પ્રમાણે નામ છે."

એ **भग** જેની પાસે છે, તે ભગવાન્ ! અર્થાત્ વર્ધમાનસ્વામી ! તેમના વડે

**एवम्** શબ્દ પ્રકાર અર્થવાળો શબ્દ છે.

**इह** એટલે લોકમાં કે પ્રવચનમાં...

**खलु** શબ્દથી સમજવું કે અન્યતીર્થિકોનાં પ્રવચનોમાં...

**षड्जीवनिकाय** પદ પૂર્વવત્ સમજી લેવું

**नाम** એટલે અભિધાન.

**अध्ययन** પદ પૂર્વની જેમ જ સમજવું.

---

इह च 'श्रुतं मये'त्यनेनात्मपरामर्शेनैकान्तक्षणभङ्गापोहमाह, तत्रेत्थंभूतार्थानुपपत्तेरिति, उक्तं च,-"एगंतखणियपक्खे गहणं चिअ सव्वहा ण अत्थाणं ।

अणुसरणसासणाइं कुओ उ तेलोगसिद्धाइं ? ॥१॥" तथा 'आयुष्म'न्निति च प्रधानगुणनिष्पन्नेनामन्त्रणवचसा गुणवते शिष्यायागमरहस्यं देयं नागुणवत इत्याह, तदनुकम्पाप्रवृत्तेरिति, उक्तं च-"आमे घडे निहत्तं जहा जलं तं घडं विणासेइ । इअ सिद्धंतरहस्सं अप्पाहारं विणासेइ ॥१॥" आयुश्च प्रधानो गुणः, सति तस्मिन्नव्यवच्छित्तिभावात्, तथा 'तेन भगवता एवामाख्यात'मित्यनेन स्वमनीषिकानिरासाच्छास्त्रपारतन्त्र्यप्रदर्शनेन न ह्यसर्वज्ञेन अनात्मवता अन्यतस्तथाभूता-त्सम्यगनिश्चित्य परलोकदेशना कार्येत्येतदाह, विपर्ययसंभवाद्, उक्तं च-"किं इत्तो पावयरं ? संमं अणहिगयधम्मसब्भावो । अण्णं कुदेसणाए कट्ठयरागंमि पाडेइ ॥१॥" अथवाऽन्यथा व्याख्यायते सूत्रैकदेशः- 'आउसंतेणं'ति भगवत एव विशेषणम्, आयुष्मता भगवता-चिरजीविनेत्यर्थः, मङ्गलवचनं चैतद्, अथवा जीवता साक्षादेव, अनेन च गणधरपरम्परागमस्य जीवनविमुक्तानादिशुद्धवक्तृश्चापोहमाह, देहाद्यभावेन तथाविधप्रयत्नाभावात्, उक्तं च-"वयणं न कायजोगाभावे ण य सो अणादिसुद्धस्स । गहणंमि य णो हेऊ सत्थं अत्तागमो कह णु ॥१॥" अथवा 'आवसंतेणं'ति गुरुमूलमावसता, अनेन च शिष्येण गुरुचरणसेविना सदा भाव्यमित्येतदाह, ज्ञानादिवृद्धिसद्भावाद्, उक्तं च- "णाणस्स होइ भागी थिरयरओ दंसणे चरित्ते य । धन्ना आवकहाए गुरुकुलवासं न मुंचंति ॥१॥" अथवा 'आमुसंतेणं' आमृशता भगवत्पादारविन्दयुगलमुत्तमाङ्गेन, अनेन च विनयप्रतिपत्तेर्गरीयस्त्वमाह, विनयस्य मोक्षमूलत्वात्, उक्तं च-"मूलं संसारस्सा होंति कसाया अणंतपत्तस्स । विणओ ठाणपउत्तो दुक्खविमुक्खस्स मोक्खस्स ॥१॥" कृतं प्रसङ्गेन,

---

અહીં "श्रुतं मया" એ આત્મપરામર્શ દ્વારા એકાન્તક્ષણિકવાદનું ખંડન કર્યું. કેમકે તે વાદમાં આવા પ્રકારનો અર્થ સંગત ન થાય.

પ્રશ્ન એકાન્તક્ષણિકવાદમાં "મારા વડે સંભળાયું છે." એ વાત કેમ સંગત ન થાય ?

ઉત્તર : કહ્યું છે કે "એકાન્તક્ષણિકપક્ષમાં અર્થોનું ગ્રહણ જ સર્વથા ઘટતું નથી. તો પછી એ અર્થોનું સ્મરણ, એનું શિષ્યાદિને કથન એ બધા ત્રિલોકપ્રસિદ્ધ પદાર્થો તો શી રીતે ઘટે ?"

(सर्वेजीवा न हन्तव्याः આવા વાક્યનો બોધ જ ક્ષણિકપક્ષમાં ન સંભવે. કેમકે એક

એક અક્ષર એક એક ક્ષણે બોલાય. એટલે એક જીવ **स** સાંભળે, પછી મૃત્યુ પામે. બીજો જીવ **वें** સાંભળે અને મૃત્યુ પામે, ત્રીજો જીવ **जी** સાંભળે અને મૃત્યુ પામે... આમ બધા જીવો માત્ર એક એક અક્ષરનાં ોતા બને. તો સંપૂર્ણ બોધ થાય જ કેવી રીતે ? હવે જો બોધ જ ન થયો હોય તો "મેં આવું સાંભળેલું." એવું સ્મરણ અને શિષ્યોને એવું કથન શી રીતે સંભવે ? એટલે એકાન્તક્ષણિકવાદમાં **श्रुतं मया** પદાર્થ જ ન સંભવે. એટલે જ આ પદથી ક્ષણિકવાદનો નિષેધ થઈ જાય છે.)

તથા **आयुष्मन्** એ પ્રમાણે શિષ્યને સંબોધન કરેલું છે. આયુષ્ય એ પ્રધાનગુણ છે. એટલે આ આમંત્રણ- વચન પ્રધાનગુણનિષ્પન્ન છે. આવા આમંત્રણવચન દ્વારા એ વાત જણાવી કે ગુણવાન શિષ્યને આગમનું રહસ્ય આપવું. પણ અગુણવાનને નહિ. "કેમકે અગુણવાનને આગમરહસ્ય ન આપવાથી તેના ઉપર અનુકંપા કરાયેલી થાય છે. કહ્યું છે કે ''કાચા ઘડામાં નાંખેલુ જલ જેમ તે ઘડાને ખતમ કરે, એમ સિદ્ધાન્તરહસ્ય અલ્પ-આધારને = અપાત્રને = અપરિપક્વને ખતમ કરી નાંખે છે." (એટલે એને શ્રુત ન આપીને ગુરુ એનો વિનાશ અટકાવે છે.)

**પ્રશ્ન** : પણ ગુણો તો ઘણાં છે, તમે આયુષ્યને પ્રધાનગુણ કેમ કહ્યો ?

**ઉત્તર** : આયુષ્ય પ્રધાનગુણ છે, કેમકે આયુષ્ય હોય, તો જ પ્રવચનની અવ્યવચ્છિત્તિ થાય. (દીર્ધાયુષ્યવાળો સાધુ લાંબાકાળ સુધી ઘણાંને ભણાવે.. શાસનપ્રભાવનાદિ કરે... આ રીતે પ્રવચનનો અવ્યવચ્છેદ થાય. પ્રવચનની અખંડિત પરંપરા ચાલે...)

તથા "**तेन भगवता एवमाख्यातम्**" આ શબ્દથી ગ્રન્થકારે પોતાની બુદ્ધિથી સર્જન ન કરતાં પોતાની શાસ્ત્રપરન્ત્રાતા દેખાડી. અર્થાત્ ''હું મારી બુદ્ધિથી કશું કહેતો નથી, પરંતુ પ્રભુએ જે કહ્યું, એજ કહું છં. હું સંપૂર્ણપણે પ્રભુવચનરૂપ શાસ્ત્રને પરતન્ત્ર છું."

આવું દેખાડવા દ્વારા એમણે એ પદાર્થ કહ્યો છે કે "જે જીવ પોતે અસર્વજ્ઞ હોય, આત્માવાળો = સ્વાધીન ન હોય એણે સર્વજ્ઞ એવા બીજા પાસેથી પદાર્થોનો સમ્યક્ નિશ્ચય કર્યા વિના પરલોકસંબંધી દેશના આપવી નહિ." (પોતે અસર્વજ્ઞ છે, તો પોતે સર્વજ્ઞ ભગવંત પાસેથી પદાર્થોનો સમ્યક્ નિશ્ચય કર્યા બાદ જ આ પરલોકદેશના આરંભી છે, સમ્યક્ નિશ્ચય કર્યા વિના નહિ. એ વાત **तेणं भगवया...** શબ્દથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે. આલોકસંબંધી દેશના આપવાની હોતી નથી. વળી એ દેશના તો સર્વજ્ઞ સિવાયના લોકો પણ સ્વાનુભવનાં આધારે આપી શકતા હોય છે, એટલે એમાં સર્વજ્ઞની જરૂર પણ નહિ પણ પરલોક તો અપ્રત્યક્ષ હોવાથી એ શી રીતે સુધરે ? વગેરે બાબતો કોઈને પણ

સ્વાનુભવસિદ્ધ નથી, એટલે એમાં તો સર્વજ્ઞવચનની જ પ્રામાણિકતા અનુસારે બોલવું પડે...)

**પ્રશ્ન :** શા માટે સર્વજ્ઞ પાસેથી પદાર્થનો નિશ્ચય કર્યા વિના અસર્વજ્ઞે દેશના ન આપવી ?

**ઉત્તર :** કેમકે એમાં વિપર્યય થવાનો સંભવ છે. (જેમ અસર્વજ્ઞ એમ કહે કે "યજ્ઞમાં પશુવધ કરવાથી સ્વર્ગ મળે" અને એ પ્રમાણે બધા પશુવધ કરે, તો તેઓ બિચારા સ્વર્ગને બદલે નરક જ પામે... આ મોટો વિપર્યય જ છે ને ?)

કહ્યું છે કે "આનાથી વધારે શું મોટું પાપ છે ? કે સમ્યક્ રીતે ધર્મના સદ્ભાવને = સાચા ધર્મને નહિ જાણી ચૂકેલો પણ આત્મા કુદેશના દ્વારા બીજાને દુઃખદાયી પાપમાં પાડે છે..."

અથવા તો સૂત્રનાં એક ભાગનું બીજી પદ્ધતિથી વ્યાખ્યાન કરાય છે.

**आउसं तेणं = आयुष्मन् तेन** એમ બે શબ્દ જુદા ન પાડવા. પરંતુ **आउसंतेणं** એ એકજ પદ લેવું અને એ **भगवता** શબ્દનું વિશેષણ સમજવું. અર્થાત્ "ચિરકાળ જીવનારા એવા ભગવાન વડે..." એમ અર્થ થાય. આ રીતે ભગવાન માટે ચિરકાળજીવી પદ વાપરવું. એ મંગલવચન છે. અથવા તો "આયુષ્યમાન્ એટલે કે સાક્ષાત્ જીવતાં એવા ભગવાને આ વાત કરી છે..." એમ પણ અર્થ થાય. આ છેલ્લા અર્થ દ્વારા ગણધરપરંપરાગમનો અને જીવનરહિત અનાદિશુદ્ધ વક્તાનો નિષેધ કહ્યો. (પરમાત્માનો બોધ પરમાત્મા માટે આત્માગમ કહેવાય. એ પ્રભુ સાક્ષાત્ ગણધરોને પોતાનો બોધ દેશના દ્વારા આપે, એટલે ગણધરો માટે એ અનંતરાગમ કહેવાય, અને ગણધરો પોતાના શિષ્યોને આપે તો ગણધરશિષ્યો માટે એ બોધ પરંપરાગમ કહેવાય. પરંતુ કેટલાંકો તો ગણધરોને જ પરંપરાગમ માને છે. અર્થાત્ "ગણધરોને સાક્ષાત્ ભગવાન પાસેથી બોધ મળેલો છે" એ વાત તેઓ નથી માનતાં. પ્રભુ દેશના આપતાં જ નથી. માત્ર એક ધ્વનિ જ નીકળે છે, એ ધ્વનિનો અર્થ દેવો સમજે છે અને પછી દેવો એનો અર્થ કરીને બધાને કહે છે. આમ ગણધરો માટે આ ોધ પરંપરાગમ છે... આમ કેટલાંકો માને છે. પરંતુ અહીં "સાક્ષાત્ ભગવાને આ કહ્યું છે" એના દ્વારા ગણધરો માટે આ અનંતરાગમ જ બને છે. પરંપરાગમ નહિ... એ વાત દર્શાવી.

તથા જૈનેતરો ઈશ્વરને અનાદિશુદ્ધ અને જીવનરહિત એવા વક્તારૂપ માને છે. ઉપર ભગવાનને જીવનવાળા કહેવા દ્વારા જૈનેતરોની વાતનું ખંડન કર્યું.)

પ્રશ્ન : જીવનવિમુક્ત અનાદિશુદ્ધ વક્તા માનવામાં વાંધો શું છે ?

ઉત્તર  તમારા મતે અનાદિશુદ્ધ ઈશ્વરને દેહાદિ જ નથી. તો એના વિના વચન બોલવારૂપ પ્રયત્ન જ એમને ન સંભવે... એટલે એવા વક્તા માની ન શકાય.

કહ્યું છે કે "કાયયોગનાં અભાવમાં વચન ન સંભવે અને અનાદિશુદ્ધને કાયયોગ નથી. શાસ્ત્રની રચના કરવા માટે કોઈ કાયાનું ગ્રહણ ન કરે તો પછી આત્મગમ અનાદિશુદ્ધને શી રીતે ?" (?) ઉત્તરાર્ધનો અર્થ સ્પષ્ટ સમજાતો નથી.)

અથવા **आउसंतेणं = आवसता** આ પ્રમાણે શબ્દ લો. **गुरुमूलमावसता** એમ અર્થ થશે. ગુરુ પાસે રહેતા મારા વડે સંભળાયેલું છે કે... આના દ્વારા એ વાત કહી કે શિષ્યે સદા ગુરુચરણની સેવા કરનારા થવું. કેમકે એનાથી જ્ઞાનાદિની વૃદ્ધિ થાય. કહ્યું છે કે "ધન્યજીવો યાવજ્જીવ માટે ગુરુકુલવાસને છોડતા નથી, જ્ઞાનનાં ભાગી બને છે. દર્શન અને ચારિત્રમાં વધુ સ્થિર થાય છે."

અથવા **आमुसंतेणं = आमृशता** એમ શબ્દ લેવો. પ્રભુનાં પદકમલને મસ્તકથી સ્પર્શતા એવા મારા વડે આ પદાર્થ સંભળાયેલો `  આનાથી વિનયપ્રતિપત્તિની = વિનયકરણની મહાનતાને દર્શાવી. કેમકે વિનય મોક્ષનું મૂલ છે. કહ્યું છે કે "અનંત ભવોરૂપી પાંદડાવાળા સંસારનું મૂલ કષાયો છે. સ્થાને પ્રયોજાયેલો = આદરાયેલો વિનય દુઃખથી વિમુક્ત એવા મોક્ષનું મૂલ છે.

પ્રસંગથી સર્યું.

---

प्रकृतं प्रस्तुमः-तत्र इह खलु षड्जीवनिकायिकानामाध्ययनमस्तीत्युक्तम्, अत्राह-एषा षड्जीवनिकायिका केन प्रवेदिता प्ररूपिता वेति ?, अत्रोच्यते, तेनैव भगवता, यत आह-'समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया सुअक्खाया सुपन्नत्ते'ति, सा च तेन '<u>श्रमणेन</u>' महातपस्विना '<u>भगवता</u>' समग्रैश्वर्यादियुक्तेन '<u>महावीरेण</u>' 'शूर वीर विक्रान्ता'विति कषायादिशत्रुजयान्महाविक्रान्तो महावीरः, उक्तं च-"विदारयति यत्कर्म, तपसा च विराजते । तपोवीर्येण युक्तश्च, तस्माद्वीर इति स्मृतः ॥१॥" महांश्चासौ वीरश्च महावीरः तेन महावीरेण, '<u>काश्यपेने</u>'ति काश्यपसगोत्रेण, '<u>प्रवेदिता</u>' नान्यतः कुतश्चिदाकर्ण्य ज्ञाता किं तर्हि ?, स्वयमेव केवलालोकेन प्रकर्षेण वेदिता प्रवेदिता-विज्ञातेत्यर्थः, तथा स्वाख्याते'ति सदेवमनुष्यासुरायां पर्षदि सुष्ठु आख्याता स्वाख्याता, तथा '<u>सुप्रज्ञप्ते</u>'ति सुष्ठु प्रज्ञप्ता यथैवाख्याता तथैव सुष्टु-सूक्ष्मपरिहारासेवनेन प्रकर्षेण

सम्यगासेवितेत्यर्थः, अनेकार्थत्वाद्धातूनां ज्ञपिरासेवनार्थः, तां चैवंभूतां षड्जीवनिकायिकां 'श्रेयो मेऽध्येतुं' श्रेयः- पथ्यं हितं, ममेत्यात्मनिर्देशः, छान्दसत्वात्सामान्येन ममेत्यात्मनिर्देश इत्यन्ये, ततश्च श्रेय आत्मनोऽध्येतुम्, 'अध्येतु'मिति पठितुं श्रोतुं भावयितुं, कुत इत्याह-'अध्ययनं धर्मप्रज्ञप्तिः' 'निमित्तकारणहेतुषु सर्वासां प्रायो दर्शन'मिति वचनात् हेतौ प्रथमा, अध्ययनत्वाद्-अध्यात्मानयनाच्चेतसो विशुद्ध्यापादनादित्यर्थः, एतदेव कुत इत्याह-'धर्मप्रज्ञप्तेः' प्रज्ञपनं प्रज्ञप्तिः धर्मस्य प्रज्ञप्तिः धर्मप्रज्ञप्तिः ततो धर्मप्रज्ञप्तेः कारणाच्चेतसो विशुद्ध्यापादनं चेतसो विशुद्ध्यापादनाच्च श्रेय आत्मनोऽध्येतुमिति । अन्ये तु व्याचक्षते-अध्ययनं धर्मप्रज्ञप्तिरिति पूर्वोपन्यस्ताध्ययनस्यैवोपादेयतयाऽनुवाद-मात्रमेतदिति ॥

---

મૂળ વાત કરીએ.

તેમાં "અહીં ષડ્જીવનિકા નામનું અધ્યયન છે" એ કહ્યું.

એમાં પ્રશ્ન કરે છે કે આ ષડ્જીવનિકાયિકા કોણે પ્રવેદી ? કે પ્રરૂપી ?

એનો ઉત્તર અપાય છે કે તે જ ભગવાને પ્રરૂપી છે. કેમકે આ સૂત્રમાં જ કહે છે કે "કાશ્યપ શ્રમણ ભગવાન મહાવીરે આ ષડ્જીવનિકાયિકા પ્રવેદી છે, સુ-આખ્યાત છે, સુપ્રજ્ઞપ્ત છે."

શ્રમણ = મહાતપસ્વી, ભગવાન = સમગ્ર ઐશ્વર્યાદિવાળા, મહાવીર એટલે કષાયાદિ શત્રુનો જય કરેલો હોવાથી મહાવિક્રાન્ત (વિક્રમવાળા) તે મહાવીર. **शूर** અને **वीर** ધાતુ વિક્રાન્તિ = પરાક્રમ અર્થમાં છે. કહ્યું છે કે "જે કારણથી પ્રભુ કર્મને કાપે છે, તપથી શોભે છે, તપશક્તિથી યુક્ત છે. તે કારણથી તે વીર એ પ્રમાણે કહેવાયેલા ` .."

કાશ્યપ એટલે કાશ્યપગોત્રવાળા.

**प्रवेदिता** નો અર્થ એ છે કે પ્રભુએ આ ષડ્જીવનિકા જાતે જ કેવલજ્ઞાનરૂપ પ્રકાશથી સારી રીતે જાણી છે. બીજા કોઈ પાસેથી સાંભળીને નથી જાણી.

**स्वाख्याता** નો અર્થ એ છે કે પ્રભુએ દેવ, મનુષ્ય, અસુરોવાળી પર્ષદામાં સારીરીતે કહેલી છે.

**सुप्रज्ञप्ता** નો અર્થ એ છે કે જે રીતે એમણે કહેલી છે, તેવી જ રીતે સુક્ષ્મરીતે ષટ્કાયનાં પરિહારનું = ત્યાગનું આસેવન કરવા દ્વારા પ્રકર્ષથી સમ્યક્ રીતે ષટ્કાયની

સેવના કરી છે.

પ્રશ્ન : **सुप्रज्ञप्ता** માં તો **ज्ञा** ધાતુ છે, એનો વળી આસેવના કરવું એ અર્થ ક્યાંથી લાવ્યા ?

ઉત્તર : ધાતુ અનેક અર્થવાળા હોવાથી **ज्ञपि** ધાતુ આસેવન અર્થમાં જાણવો.

આવા પ્રકારની ષટ્જીવનિકાયિકાને ભણવી એ મારા માટે શ્રેય = પથ્ય = હિતકારી છે.

**मम** એ ગણધરભગવંત પોતાની જાતનો નિર્દેશ કરે છે.

કેટલાંકો વળી એમ કહે છે કે 'આ ભણવી મારા માટે હિતકારી છે' એમાં ખરેખર તો બધાને હિતકારી હોવાથી **मम** લખવાની જરૂર જ નથી. વળી એમણે તો બધાનો અભ્યાસ કરવાનો જ ન હોવાથી આ તો એમણે ભણવાની જ નથી. એટલે આ તો **मम** પ્રયોગ કર્યો છે, એ છાન્દસપ્રયોગ હોવાથી સામાન્યથી જ સમજવો. (બાકી તો બધા માટે હિતકારી છે.. એટલે અર્થ આ પ્રમાણે કરવો કે આ ભણવું એ આત્માને હિતકારી છે.)

**अध्येतुं** એટલે **श्रोतुं भावयितुं** એ ત્રણેય અર્થો લેવાય.

આનું અધ્યયન હિતકારી કેમ છે ? એ કહે છે કે 'અધ્યયન ધર્મપ્રજ્ઞાપ્તિ છે' અહીં "નિમિત્ત, કારણ અને હેતુ એ ત્રણેય અર્થોમાં પ્રાયઃ કરીને તમામ વિભક્તિઓનું દર્શન થાય છે" એ વચનને અનુસારે અહીં પ્રથમાવિભક્તિ હેતુ અર્થમાં જાણવી. એટલે **अध्ययनत्वात्** એમ શબ્દ સમજવો.

**अध्ययनत्व** એટલે અધ્યાત્મનું આનયન કરવું તે, ચિત્તની વિશુદ્ધિ લાવતી તે. ટુંકમાં **षड्जीवनिकायिकाश्रवणं ( पठनं ) श्रेयः अध्ययनत्वात् = चेतसो विशुद्ध्यापादनात्**

પ્રશ્ન : પણ આ જ વાત કેવી રીતે માનવી ? કે એ વિશુદ્ધિ કરનાર છે ?

ઉત્તર **धर्मप्रज्ञप्तेः** (પ્રથમાની પંચમી સમજવાની છે) આ અધ્યયન ધર્મપ્રજ્ઞપ્તિ=ધર્મનો બોધ કરાવનાર છે. એટલે ધર્મપ્રજ્ઞપ્તિ રૂપી કારણથી ચિત્તની વિશુદ્ધિની પ્રાપ્તિ થાય. ચિત્તની વિશુદ્ધિની પ્રાપ્તિ થતી હોવાથી જ આ અધ્યયનનો અભ્યાસ આત્માને કલ્યાણકારી છે.

કેટલાંકો એમ કહે છે કે પૂર્વોક્ત અધ્યયનનો અર્થ જ ઉપાદેય છે (બીજો કોઈ નહીં) એટલે આ માત્ર અનુવાદ છે.

---

**शिष्यः पृच्छति-'कतरा खल्वि'त्यादि, सूत्रमक्तार्थमेव, अनेनैतद्दर्शयति-**

विहायाभिमानं संविग्ने शिष्येण सर्वकार्येष्वेव गुरुः प्रष्टव्य इति, आचार्य आह-'इमा खल्वि'त्यादि सूत्रमुक्तार्थमेव, अनेनाप्येतद्दर्शयति-गुणवते शिष्याय गुरुणाऽप्युपदेशो दातव्य एवेति । 'तंजहा-पुढविकाइया' इत्यादि, अत्र 'तद्यथे'त्युदाहरणोपन्यासार्थः, पृथिवी-काठिन्यादिलक्षणा प्रतीता सैव कायः-शरीरं येषां ते पृथिवीकायाः पृथिवीकाया एव पृथिवीकायिकाः, स्वार्थिकष्ठक्, आपो-द्रवाः प्रतीता एव ता एव कायः- शरीरं येषां तेऽप्कायाः अप्काया एव अप्कायिकाः । तेज-उष्णलक्षणं प्रतीतं तदेव कायः- शरीरं येषां ते तेजःकायाः तेजःकाया एव तेजःकायिकाः । वायुः-चलनधर्मा प्रतीत एव स एव कायः-शरीरं येषां ते वायुकायाः वायुकाया एव वायुकायिकाः । वनस्पतिः-लतादिरूपः प्रतीतः, स एव कायः-शरीरं येषां ते वनस्पतिकायाः, वनस्पतिकाया एव वनस्पतिकायिकाः । एवं त्रसनशीलास्त्रसाः-प्रतीता एव, त्रसाः कायाः- शरीराणि येषां ते त्रसकायाः, त्रसकाया एव त्रसकायिकाः ।

---

હવે શિષ્ય પૃચ્છા કરે છે કે **कयरा खलु...** આ સૂત્રનો અર્થ કહેવાઈ જ ગયેલો છે. આ સૂત્રથી એ વાતને દર્શાવે છે કે 'સંવિગ્ન શિષ્યે અભિમાન છોડીને તમામે તમામ કાર્યોમાં ગુરુને પ્રશ્ન પુછવો જોઈએ...'

આચાર્ય આ પૃચ્છાનો જવાબ આપે છે કે '**इमा खलु...**' આ સૂત્રનો અર્થ પણ કહેવાઈ જ ગયો છે. આ ત્રીજા સૂત્રથી પણ એ વાતને દર્શાવે છે કે 'ગુરુએ પણ ગુણવાન શિષ્યને ઉપદેશ આપવો જ જોઈએ...'

હવે **तं जहा...** નો અર્થ કરે છે.

**तद्यथा** એ ઉદાહરણનો ઉપન્યાસ દર્શાવવા માટે છે. અર્થાત્ ષટ્કાયનાં દૃષ્ટાન્ત દેખાડવાનાં શરૂ થાય છે... એ દર્શાવવા **तद्यथा** શબ્દ છે.

પૃથ્વી કઠિનતાદિ લક્ષણવાળી પ્રતીત = પ્રસિદ્ધ જ છે, તે જ છે કાય = શરીર જેનું તે પૃથ્વીકાય. પૃથ્વીકાય એ જ પૃથ્વીકાયિક પણ કહેવાય. અહીં **क** પ્રત્યય સ્વાર્થમાં લાગ્યો છે. એટલે કે પૃથ્વીકાયશબ્દનો જે અર્થ છે, એ જ અર્થમાં **क** પ્રત્યય લાગીને **पृथ्वीकायिक** શબ્દ બન્યો છે. એમાં અર્થ બદલાતો નથી.

આપ = પાણી = દ્રવ્ય એ પ્રસિદ્ધ જ છે. તે જ જેઓનું શરીર છે તે અપ્કાય. અપ્કાય એ જ અપ્કાયિક

તેજ ઉષ્ણલક્ષણવાળું પ્રસિદ્ધ જ છે. તે જ જેનું શરીર છે તે તેજસ્કાય. તેજસકાય

એ જ તેજસકાયિક.

વાયુ ચલનસ્વભાવવાળો પ્રસિદ્ધ જ છે. તે જ જેનું શરીર છે તે વાયુકાય. વાયુકાય એ જ વાયુકાયિક.

વનસ્પતિ લતાદિરૂપ પ્રસિદ્ધ છે. તે જ જેઓનું શરીર છે, તે વનસ્પતિકાય. વનસ્પતિકાય એજ વનસ્પતિકાયિક.

એ રીતે ત્રાસ પામવાનાં સ્વભાવવાળા ત્રસજીવો પ્રતીત જ છે. ત્રસ એ છે શરીર જેમના તે ત્રસકાય. ત્રસકાય એ જ ત્રસકાયિક.

---

**इह च सर्वभूताधारत्वात् पृथिव्याः प्रथमं पृथिवीकायिकानामभिधानं, तदनन्तरं तत्प्रतिष्ठितत्वादप्कायिकानामपि, तदनन्तरं तत्प्रतिपक्षत्वात्तेजस्कायिकानां, तदनन्तरं तेजस उपष्टम्भकत्वाद्वायुकायिकानां, तदनन्तरं वायोः शाखाप्रचलनादिगम्यत्वाद्वनस्पतिकायिकानां, तदनन्तरं वनस्पतेस्त्रसोपग्राहकत्वात्त्रसकायिकानामिति । विप्रतिपत्तिनिरासार्थं पुनराह-'पुढवी चित्तमंतमक्खाया' 'पृथिवी' उक्तलक्षणा 'चित्तवती'ति चित्तं-जीवलक्षणं तदस्या अस्तीति चित्तवती-सजीवेत्यर्थः, पाठान्तरं वा 'पुढवी चित्तमत्तमक्खाया' अत्र मात्रशब्दः स्तोकवाची, यथा सर्षपत्रिभागमात्रमिति, ततश्च चित्तमात्रा-स्तोकचित्तेत्यर्थः, तथा च प्रबलमोहोदयात्सर्वजघन्यं चैतन्यमेकेन्द्रियाणां, तदभ्यधिकं द्वीन्द्रियादीनामिति, 'आख्याता' सर्वज्ञेन कथिता, इयं च 'अनेकजीवा' अनेके जीवा यस्यां साऽनेकजीवा, न पुनरेकजीवा, यथा वैदिकानां 'पृथिवी देवते'त्येवमादिवचनप्रामाण्यादिति । अनेकजीवाऽपि कैश्चिदेकभूतात्मापेक्षयेष्यत एव, यथाहुरेके-"एक एव हि भूतात्मा, भूते भूते व्यवस्थितः । एकधा बहुधा चैव, दृश्यते जलचन्द्रवत् ॥१॥" अत आह-'पृथक्सत्त्वा' पृथग्भूताः सत्त्वा-आत्मानो यस्यां सा पृथक्सत्त्वा, अङ्गुलासंख्येयभागमात्रावगाहनया पारमार्थिक्याऽनेकजीवसमाश्रितेति भावः । आह-यद्येवं जीवपिण्डरूपा पृथिवी ततस्तस्यामुच्चारादिकरणे नियमतस्तदतिपातादहिंसकत्वानुपपत्तिरित्यसंभवी साधुधर्म इत्यत्राह-'अन्यत्र शस्त्रपरिणतायाः' शस्त्रपरिणतां पृथिवीं विहाय-परित्यज्यान्या चित्तवत्याख्यातेत्यर्थः ।**

---

અહીં પૃથ્વી સર્વભૂતોનો = સર્વજીવોનો આધાર હોવાથી સૌ પહેલા પૃથ્વીકાયિકનું કથન કર્યું છે. ત્યારબાદ અપ્કાયનું પણ અભિધાન કર્યું છે, કેમકે અપ્કાય એ પૃથ્વી ઉપર પ્રતિષ્ઠિત છે. ત્યારપછી તેજસ્કાયનું નિરૂપણ કરેલું છે, કેમકે તેજસકાય પાણીનો શત્રુ

છે. ત્યારપછી વાયુકાયિકનું નિરૂપણ કરેલું છે, કેમકે વાયુકાય તેજસ્નો પોષક છે. ત્યારબાદ વનસ્પતિકાયિકનું નિરૂપણ કરેલું છે. કેમકે શાખાનાં હલવા-ચલવા વગેરે દ્વારા વાયુકાયિક જણાય છે. ત્યારપછી ત્રસકાયિકનું કથન કરેલું છે, કેમકે વનસ્પતિ એ ત્રસની ઉપકારી છે.

વિરુદ્ધ માન્યતાઓનાં ખંડનને માટે ફરી કહે છે કે

**पुढवी चितमंत...** કહેલા લક્ષણવાળી પૃથ્વી સજીવ કહેવાયેલી છે.

પાઠાન્તરમાં **चित्तमत्त** છે. એમાં મત્ત = માત્ર શબ્દ સ્તોક = અલ્પવાચી છે. "દા.ત. સરસવનો ત્રીજો ભાગ માત્ર...' (માત્ર પા ઘડો પાણી છે... વગેરેમાં માત્રપદ અલ્પવાચી છે..) આશય એ છે કે પૃથ્વી સ્તોકચિત્તવાળી છે. અર્થાત્ પ્રબલ મોહોદય હોવાથી એકેન્દ્રિયોનું ચૈતન્ય સૌથી જઘન્ય છે. બેઈન્દ્રિયાદિનું ચૈતન્ય એકેન્દ્રિયોનાં ચૈતન્ય કરતાં વધારે છે...)

**आख्याता** = સર્વજ્ઞે કહેલી છે.

આ પૃથ્વી અનેકજીવવાળી છે, પણ એકજીવવાળી નથી. જેમકે વૈદિકો કહે છે કે **पृथ्वी देवता** એમના આ વચનની પ્રામાણિકતા પ્રમાણે તેઓ પૃથ્વીને એક દેવતારૂપ જ માને છે. એ ખરેખર બરાબર નથી. પૃથ્વી અનેકજીવવાળી છે.

અનેકજીવવાળી પૃથ્વીને પણ કેટલાંકો એકભૂતાત્માની અપેક્ષાએ ઈચ્છે જ છે. જુઓ કેટલાંકોએ કહ્યું છે કે,"એક જ ભૂતાત્મા ભૂત ભૂતમાં રહેલો છે. જલમાં ચન્દ્રની જેમ તે એક પ્રકારે અને અનેકપ્રકારે દેખાય છે." (તેઓ માત્ર એક જ આત્મા માને છે. પણ જેમ એક જ ચન્દ્રનાં કરોડો પ્રતિબિંબો જલમાં પડે, ચન્દ્ર તો એક જ છે. એમ એક જ આત્માનાં પૃથ્વી, પાણી વગેરે વગેરે ભૂતોમાં પ્રતિબિંબો પડેલા છે. એટલે એ રીતે પૃથ્વીમાં અનેક પ્રતિબિંબરૂપ જીવો છે, પણ એ બધા જ એક જ આત્માનાં પ્રતિબિંબો રૂપ છે.)

આ વાતનું ખંડન કરવા કહ્યું છે કે **पृथक्सत्त्वा** જુદા જુદા છે જીવો જેમાં એવી આ પૃથ્વી છે. અર્થાત્ અંગુલનાં અસંખ્યાત્મા ભાગ માત્ર જેટલી વાસ્તવિક અવગાહનાથી અનેકાનેક જીવો આ પૃથ્વીમાં આશ્રયીને રહેલા છે.

**પ્રશ્ન :** જો પૃથ્વી જીવનાં પિંડરૂપ હોય, તો તેના ઉપર સ્થંડિલાદિ કરવામાં નક્કી જીવોની હિંસા થવાની જ. અને તો પછી અહિંસકતાની અનુપપત્તિ થશે અને તો પછી સાધુધર્મ અસંભવિત થશે. (સાધુધર્મમાં અહિંસા મુખ્ય છે. પણ એ સંભવિત જ નથી,

એટલે સાધુધર્મ પણ અસંભવિત થાય.)

ઉત્તર શસ્ત્રથી પરિણત થયેલી = અચિત્ત થઈ ગયેલી પૃથ્વીને છોડીને બીજી પૃથ્વીઓ સચિત્ત જાણવી. (એટલે કે બધી પૃથ્વી સચિત્ત નથી. જે શસ્ત્રાથી અચિત્ત બની ચૂકી છે, એમાં ચાલવા-બેસવાદિમાં કોઈ દોષ નથી...)

---

**अथ किमिदं पृथिव्याः शस्त्रमिति शस्त्रप्रस्तावात्सामान्यत एवेदं द्रव्यभावभेदभिन्नं शस्त्रमभिधित्सुराह-**

दव्वं सत्थग्गिविसंनेहंबिल खारलोणमाईयं । भावो उ दुप्पउत्तो वाया काओ अविरई अ ॥२३०॥

---

પ્રશ્ન : પૃથ્વીનું આ શસ્ત્ર શું છે ?

ઉત્તર શસ્ત્રાની વાત નીકળી છે એટલે નિર્યુક્તિકાર દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારનાં શસ્ત્રને કહેવાની ઇચ્છાવાળા કહે છે કે

**નિર્યુક્તિ-૨૩૦ ગાથાર્થ :** અગ્નિ, ઝેર, સ્નેહ, આમ્લ, ક્ષાર, લવણાદિ દ્રવ્યશસ્ત્ર છે. દુષ્પ્રયુક્ત ભાવ, વચન, કાયા અને અવિરતિ ભાવશાસ્ત્ર છે.

---

**व्याख्या-'द्रव्य'मिति द्वारपरामर्शः, तत्र द्रव्यशस्त्रं खड्गादि, अग्नि विषस्नेहाम्लानि प्रसिद्धानि, 'क्षारलवणादीनि' अत्र तु क्षारः-करीरादिप्रभवः, लवणं-प्रतीतम्, आदिशब्दात्करीषादिपरिग्रहः । उक्तं द्रव्यशस्त्रम्, अधुना भावशस्त्रमाह-भावस्तु दुष्प्रयुक्तौ वाक्कायौ अविरतिश्च भावशस्त्रमिति, तत्र भावो दुष्प्रयुक्त इत्यनेन द्रोहाभिमानेर्ष्यादिलक्षणो मनोदुष्प्रयोगो गृह्यते, वाग्दुष्प्रयोगस्तु हिंस्रपरुषादिवचनलक्षणः, कायदुष्प्रयोगस्तु धावन वल्गनादिः, अविरतिस्त्वविशिष्टा प्राणातिपातादिपापस्थानकप्रवृत्तिः, एतानि स्वपरव्यापादकत्वात्कर्मबन्धनिमित्तत्वाद्भावशस्त्रमिति गाथार्थः ॥**

---

**ટીકાર્થ : द्रव्य** શબ્દ દ્રવ્યદ્વારનો પ્રારંભ દેખાડવા માટે છે. તેમાં દ્રવ્યશસ્ત્ર તલવારાદિ છે. અગ્નિ, ઝેર, સ્નેહ, (ઘી-તેલાદિ) આમ્લ (લીંબુરસાદિ) પ્રસિદ્ધ છે.

ક્ષાર એટલે છાણ વગેરેમાંથી ઉત્પન્ન થયેલ હોય તે. (રાખ વગેરે)

લવણ તો પ્રતીત છે.

**आदि** શબ્દથી કરીષાદિ લેવા.

દ્રવ્યશસ્ત્ર કહેવાઈ ગયું.

હવે ભાવશસ્ત્ર કહે છે કે દુષ્પ્રયુક્ત ભાવ, વાગ્, કાયા અને અવિરતિ...'દુષ્પ્રયુક્ત ભાવ' એ શબ્દથી દ્રોહ, અભિમાન, ઈર્ષ્યાદિ સ્વરૂપ મનનાં ખરાબ પ્રયોગ લેવો. વાગ્દુષ્પ્રયોગ એટલે હિંસક, કર્કશ વગેરે વચનો. કાયદુષ્પ્રયોગ દોડવું-કુદવું વગેરે.

અવિરતિ એટલે અવિશિષ્ટ એવી પ્રાણાતિપાતાદિ પાપસ્થાનોમાં પ્રવૃત્તિ ! (પાપસ્થાનોનો ત્યાગ કરેલો હોવા છતાં અપવાદમાર્ગે એ પાપસ્થાનોમાં પ્રવૃત્તિ કરવી પડે તો એ વિશિષ્ટપ્રવૃત્તિ = વિરતિપરિણામવાળી પ્રવૃત્તિ અવિરતિ નથી. પરંતુ આવી અપવાદમાર્ગસંબંધી નહિ પણ સામાન્યથી જ થતી પ્રવૃત્તિ એ અવિરતિ ગણવી... અથવા તો અવિશિષ્ટઅવિરતિ = સામાન્યથી અવિરતિ પાપસ્થાનપ્રવૃત્તિરૂપ છે. વિશેષથી અવિરતિ એવી હોય કે કોઈકે દેશવિરતિ લીધી, તો જેટલા અંશમાં વિરતિ છે, એમાં એની અવિરતિ નથી, બાકીનામાં અવિરતિ છે. એ વિશેષતઃ અવિરતિ ગણાય. કોઈકને હિંસાની વિરતિ હોય અને મૃષાની ન હોય. કોઈકને મૈથુનની વિરતિ હોય અને ચોરીની ન હોય...)

આ બધું સ્વ અને પર બંનેને મારનાર છે, માટે કર્મબંધનું કારણ છે, માટે ભાવશસ્ત્ર છે.

---

**इह न भावशस्त्रेणाधिकारः, अपितु द्रव्यशस्त्रेण, तच्च त्रिप्रकारं भवतीत्याह-**

किंची सकायसत्थं किंची परकाय तदुभयं किंचि । एयं तु दव्वसत्थं भावे अस्संजमो सत्थं ॥२३१॥

---

પ્રસ્તુત અધ્યયનમાં ભાવશસ્ત્રનો અધિકાર નથી, પરંતુ દ્રવ્યશસ્ત્રનો છે. તે ત્રણ પ્રકારે હોય છે.

નિર્યુક્તિ-૨૩૧ ગાથાર્થ કોઈક સ્વકાયશસ્ત્ર છે, કોઈક પરકાયશસ્ત્ર, કોઈક તદુભયશસ્ત્ર... આ દ્રવ્યશસ્ત્ર છે. ભાવમાં અસંયમ શસ્ત્ર છે.

---

**व्याख्या-किंचित्स्वकायशस्त्रं, यथा कृष्णा मृद् नीलादिमृदः शस्त्रम्, एवं गन्धरसस्पर्शभेदेऽपि शस्त्रयोजना कार्या, तथा 'किञ्चित्परकाये'ति परकायशस्त्रं, यथा पृथ्वी अप्तेजःप्रभृतीनाम् अप्तेजःप्रभृतयो वा पृथिव्याः, 'तदुभयं किञ्चि'दिति किञ्चित्तदुभयशस्त्रं भवति, यथा कृष्णा मृद् उदकस्य स्पर्शरसगन्धादिभिः पाण्डुमृदश्च, यदा कृष्णमृदा कलुषितमुदकं भवति तदाऽसौ कृष्णमृद् उदकस्य पाण्डुमृदश्च शस्त्रं**

भवति, एवं( तत् )तु द्रव्यशस्त्रं, तुशब्दोऽनेकप्रकारविशेषणार्थः, एतदनेकप्रकारं द्रव्यशस्त्रम्, 'भाव' इति द्वारपरामर्शः, असंयमः शस्त्रं चरणस्येति गाथार्थः ॥ एवं च परिणतायां पृथ्व्यामुच्चारादिकरणेऽपि नास्ति तदतिपात इत्यहिंसकत्वोपपत्तेः संभवी साधुधर्म इति । एष तावदागमः,

---

ટીકાર્થ : કોઈક વસ્તુ સ્વકાયશસ્ત્ર છે. જેમકે કાળીમાટી નીલ વગેરે માટીનું શસ્ત્ર છે, એ પ્રમાણે ગન્ધ, રસ અને સ્પર્શનાં ભેદમાં પણ આ શસ્ત્રની યોજના કરવી.

તથા કોઈક પરકાયશસ્ત્ર છે. જેમ પૃથ્વી પાણી-અગ્નિ વગેરેનું શસ્ત્ર છે. પાણી-અગ્નિ વગેરે પૃથ્વીનું શસ્ત્ર `

કોઈક તદુભયશસ્ત્ર છે. જેમ કાળીમાટી પાણીનું અને સ્પર્શ, રસ, ગંધાદિથી સફેદમાટીનું શસ્ત્ર બને છે. જયારે પાણી કાળીમાટીથી કલુષિત હોય છે, ત્યારે આ કાળીમાટી પાણીનું શસ્ત્ર બને છે, એમ સફેદ માટીનું પણ શસ્ત્ર બને છે.

આ પ્રમાણે તે દ્રવ્યશસ્ત્ર છે.

तु શબ્દ અનેકપ્રકારોરૂપી વિશેષપદાર્થ દર્શાવવા માટે છે.

भाव શબ્દ દ્વારપરામર્શ છે.

અસંયમ એ ચારિત્રનું શસ્ત્ર છે.

આમ નિષ્કર્ષ એ આવ્યો કે અચિત્તપૃથ્વી ઉપર સ્થંડિલાદિ કરીએ તો પણ એની હિંસા થતી નથી. એટલે અહિંસકતા ઘટી જતી હોવાથી સાધુધર્મ સંભવિત બને છે.

આ તો આગમ છે. આગમ દ્વારા આ પદાર્થ સિદ્ધ કર્યો.

---

अनुमानमप्यत्र विद्यते-सात्मका विद्रुमलवणोपलादयः पृथिवीविकाराः, समानजातीयाङ्कुरोत्पत्त्युपलम्भात्, देवदत्तमांसाङ्कुरवत्, एवमागमोपपत्तिभ्यां व्यवस्थितं पृथिवीकायिकानां जीवत्वम्, उक्तं च-"आगमश्चोपपत्तिश्च, संपूर्णं दृष्टिलक्षणम् । अतीन्द्रियाणामर्थानां, सद्भावप्रतिपत्तये ॥१॥ आगमो ह्याप्तवचनमाप्तं दोषक्षयाद्विदुः । वीतरागोऽनृतं वाक्यं, न ब्रूयाद्धेत्वसंभवात् ॥२॥" इत्यलं प्रसङ्गेन । एवमापश्चित्तवत्य आख्याताः, तेजश्चित्तवदाख्यातं, वायुश्चित्तवानाख्यातः, वनस्पतिश्चित्तवानाख्यातः, इत्याद्यपि द्रष्टव्यम् । विशेषस्त्वभिधीयते-सात्मकं जलं, भूमिखातस्वाभाविकसंभवात्, दर्दुरवत् । सात्मकोऽग्निः, आहारेण वृद्धिदर्शनात्, बालकवत् । सात्मकः पवनः, अपरप्रेरिततिर्यग्नियमितदिग्गमनाद्, गोवत् ।

सचेतनास्तरवः, सर्वत्वगपहरणे मरणाद्, गर्दभवत् ।

આમાં અનુમાન પણ વિદ્યમાન છે.

વિદ્રુમ-લવણ-ઉપલ(પત્થર) વગેરે પૃથ્વીનાં વિકારો એ જીવવાળા છે. કેમકે સમાનજાતીય અંકુરોની ઉત્પત્તિનો ઉપલંભ થાય છે. દા.ત. દેવદત્તનો માંસાંકુર.

(અહીં અંકુર એટલે અંશ-ભાગ... એ રીતે અર્થ લેવો. દેવદત્તનાં શરીરનું કોઈક માંસ કપાઈ જાય, તો પણ ધીરે ધીરે એમાં નવું માંસ આવી જાય છે, એટલે કે તેમાં નવા માંસ અંશોની ઉત્પત્તિ થાય છે. હવે એ દેવદત્ત જીવવાળો છે એ પણ સિદ્ધ જ છે. તો એ જ રીતે ખાણાદિમાંથી કોઈક પત્થરાદિનો કોઈક ભાગ તૂટે તો પણ એ પાછો ત્યાં આખો થઈ જતો દેખાય છે તથા જો દેવદત્ત શ્વેત હોય, તો એનામાં માંસ કપાઈ ગયા બાદ નવું માંસ શ્વેત આવે છે, કાળું નહિ. એટલે કે સજાતીય = સમાન માંસ ઉગે છે. તો પત્થરાદિમાં પણ જો કોઈ ભાગ તૂટે તો એ પત્થર જેવો હોય એવો જ નવો ભાગ આવે છે, સજાતીયભાગ આવે છે. તદ્દન જુદા પ્રકારનો ભાગ નહિ.

જો દેવદત્ત મરી ગયા બાદ માંસનો ટુકડો કાપી લેવામાં આવે, તો ફરી એ માંસનો ટુકડો આવતો નથી. એટલે કે જે અજીવ હોય, એમાં માંસાંકુરોત્પત્તિ ન થાય. એ જ પ્રમાણે અચિત્ત બની ગયેલી પૃથ્વીમાં કાપ-કૂપ થાય, તો ફરી એ ભાગ ઉગતો નથી.)

આમ આગમ અને યુક્તિથી પૃથ્વીકાયિકોનું જીવત્વ સિદ્ધ થાય છે.

કહ્યું છે કે અતીન્દ્રિય પદાર્થોનાં સદ્ભાવનાં = વાસ્તવિક સ્વરૂપનાં બોધ માટે આગમ અને ઉપપત્તિ એ દૃષ્ટિનું સંપૂર્ણ લક્ષણ છે. (એટલે કે આ બેથી સંપૂર્ણબોધ થાય છે... આગમ એટલે આપ્તનું વચન ! દોષનાં ક્ષયથી આપ્તને જાણો. વીતરાગ ખોટું વાક્ય ન બોલે. કેમકે અસત્વચનનાં રાગ-દ્વેષ-અજ્ઞાનરૂપ હેતુઓનો એમનામાં અભાવ છે.)

પ્રસંગથી સર્યું.

પૃથ્વીની જેમ જ પાણી સચિત્ત કહેવાયેલું છે.

તેજસ્ સચિત્ત કહેવાયેલું છે.

વાયુ સચિત્ત કહેવાયેલું છે.

વનસ્પતિ સચિત્ત કહેવાયેલું છે.

આ બધું પણ સમજી લેવું.

વિશેષ વાત હવે કહે છે કે **जलं सात्मकं भूमिखातस्वाभाविकसंभवात् दर्दुरवत्**

नमो नमः श्री गुरु प्रेमसूरये, स्तुत समै जिनशासनाय

જેમ દેડકો ભૂમિ ખોદીએ, એટલે સહજ રીતે એમાંથી પ્રગટ થાય છે, અને એ સચિત્ત છે. એમ પાણી પણ ભૂમિ ખોદીએ એટલે સ્વાભાવિક રીતે પ્રગટ થતું હોવાથી એ સચિત્ત છે.

**अग्निः सात्मकः आहारेण वृद्धिदर्शनात् बालकवत्**

જેમ બાલક આહાર દ્વારા વૃદ્ધિ પામતો દેખાય છે અને એ સજીવ છે. એમ અગ્નિ પણ લાકડાદિ આહાર દ્વારા વૃદ્ધિ પામે છે, એટલે એ સજીવ છે.

**पवनः सात्मकः अपरप्रेरिततिर्यग्नियमितदिग्गमनात् गोवत् ।**

જેમ ગાય બીજાની પ્રેરણા વિના જ તીર્છી નિયમિતગતિ કરે છે, અને એ સચિત્ત છે. એમ પવન પણ બીજાની પ્રેરણા-ધક્કા વિના તીર્છી નિયમિતગતિ કરે છે. માટે એ સચિત્ત છે.

(જો માત્ર **तिर्यग्नियमितदिग्गमन** હેતુ કહે તો જોરથી નંખાયેલા દડા વગેરે પણ તીર્છી નિયમિતગતિ કરે જ છે, એમને પણ સચિત્ત માનવા પડે. પણ એ સચિત્ત નથી, એટલે આ વ્યભિચારદોષ આવે. એટલે **अपरप्रेरित** શબ્દ લખેલો છે, દડો તો **परप्रेरित** ગતિવાળો છે, માટે એ ન લેવાય.

જો **नियमित** શબ્દ ન લખીએ તો પરમાણુ વગેરે પણ પરની પ્રેરણા વિના તીર્છીગતિ કરનારા છે જ, પણ એ સજીવ નથી. એટલે એમાં વાંધો આવે. પરંતુ **नियमित** શબ્દ મુકવાથી આ વાંધો ન આવે. કેમકે પરમાણુ તો અનિયમિતગતિવાળો છે, એટલે એ ન લેવાય..)

**वृक्षाः सचेतनाः सर्वत्वगपहरणे मरणात् गर्दभवत् ।**

ગધેડાનાં શરીરની બધી ચામડી ઉતારી લેવામાં આવે તો એ મરણ પામે છે અને ગધેડો સજીવ છે તો એ જ પ્રમાણે વૃક્ષોની પણ જો બધી જ ચામડી ઉખેડી લેવામાં આવે તો એ મરણ પામે છે. માટે એ સજીવ છે.

---

**वनस्पतिजीवविशेषप्रतिपादनायाह-'तंजहा अग्गबीया' इत्यादि, तद्यथेत्युपन्यासार्थः, अग्रबीजा इति-अग्रं बीजं येषां ते <u>अग्रबीजाः</u>-कोरण्टकादयः, एवं मूलं बीजं येषां ते <u>मुलबीजा</u>-उत्पलकन्दादयः, पर्व बीजं येषां ते <u>पर्वबीजा</u>-इक्ष्वादयः, स्कन्धो बीजं येषां ते <u>स्कन्धबीजाः</u>-शल्लक्यादयः, तथा बीजाद्रोहन्तीति <u>बीजरुहाः</u>- शाल्यादयः, संमूर्च्छन्तीति <u>संमूर्च्छिमाः</u>-प्रसिद्धबीजाभावेन पृथिवीवर्षादिसमुद्भवास्तथा-**

विधास्तृणादयः, न चैते न संभवन्ति, दग्धभूमावपि संभवात्, तथा तृणलता-वनस्पतिकायिका इति, अत्र तृणलताग्रहणं स्वगतानेकभेदसंदर्शनार्थं, वनस्पति-कायिकग्रहणं सूक्ष्मबादराद्यशेषवनस्पतिभेदसंग्रहार्थम्, एतेन पृथिव्यादीनामपि स्वगताः भेदाः पृथिवीशर्करादयः तथाऽवश्यायमिहिकादयः तथा अङ्गारज्वालादयः, तथा झञ्झामण्डलिकादयो ( भेदाः ) सूचिता इति । 'सबीजाश्रित्तवन्त आख्याता' इति, एते ह्यनन्तरोदिता वनस्पतिविशेषाः सबीजाः-स्वस्वनिबन्धनाश्रित्तवन्तः-आत्मवन्त आख्याताः-कथिताः । एते च अनेकजीवा इत्यादि ध्रुवगण्डिका पूर्ववत् । सबीजा-श्रित्तवन्त आख्याता इत्युक्तम्,

---

વનસ્પતિનાં વિશેષજીવોનું પ્રતિપાદન કરવા માટે કહે છે.

**तंजहा...** એ શબ્દ ઉપન્યાસ અર્થવાળો છે. (નવી વસ્તુનો ઉપન્યાસ કરવો છે, બતાવવી છે એ દર્શાવવા **तंजहा** = તે આ પ્રમાણે....એમ બોલાય.)

જે વનસ્પતિઓનો અગ્રભાગ બીજરૂપે છે, તે અગ્રબીજ કહેવાય, જેમકે કોરંટકાદિ વનસ્પતિ (એનો અગ્રભાગ જમીનમાં વાવીએ એટલે એ વનસ્પતિ ફરી ઊગે.)

એમ જેઓનું મૂળ બીજરૂપે છે, તે મૂલબીજ કહેવાય. જેમકે ઉત્પલકંદ વગેરે.

જેઓનું પર્વ = ગાંઠ બીજરૂપે છે, તે પર્વબીજ કહેવાય. જેમકે શેરડી વગેરે. (શેરડીની ગાંઠનું વાવેતર કરવાથી તે ફરી ઊગે.)

જેઓનું થડ = સ્કન્ધ બીજરૂપે છે તે સ્કંધબીજ કહેવાય, જેમકે શલ્લકી વગેરે.

તથા બીજમાંથી જે ઊગે તે બીજરુહ. જેમકે શાલિ વગેરે. (આમાં બીજ જ બીજરૂપે કામ કરે છે, બીજ એટલે ડાંગર વગેરે...)

સંમૂર્ચ્છન્ પામે તે સંમૂર્ચ્છિમ્ અર્થાત્ કોઈ પ્રસિદ્ધબીજ ન હોવાથી માત્ર પૃથ્વી-વરસાદ વગેરેથી ઉત્પન્ન થનારી વનસ્પતિઓ એ સંમૂર્ચ્છિમ્ કહેવાય. જેમકે તેવા પ્રકારનાં ઘાસ વગેરે. (ઘાસ માટે કોઈ પ્રસિદ્ધ બીજ વવાતાં નથી, એની મેળે એ ઘાસ ઊગી જતું હોય છે...)

'આવા ઘાસ નથી સંભવતા' એમ ન માનવું, કેમકે બળેલી ભૂમિ વગેરેમાં પણ એનો સંભવ છે. (ત્યાં તો કોઈ પ્રસિદ્ધ બીજ છે જ નહિ, એટલે જ એ ઘાસ સંમૂર્ચ્છિમ્ છે, એ સિદ્ધ થાય છે.)

તથા તૃણલતાવનસ્પતિકાય....

(પ્રશ્ન : આ અગ્રબીજ વગેરે ભેદોમાં જ તૃણ, લતા વગેરે આવી જ જાય છે, તો એનો જુદો ઉલ્લેખ કરવાની શી જરૂર છે ?)

ઉત્તર : 'તૃણનાં અને લતાનાં પોતાના જ અનેક પેટાભેદો `.' એ દર્શાવવા માટે તૃણલતાનું ગ્રહણ કરેલું છે.

તથા વનસ્પતિકાયિક શબ્દનું ગ્રહણ સૂક્ષ્મ, બાદર વગેરે વનસ્પતિનાં ા ભેદોનો સંગ્રહ કરવા માટે કરેલું છે.

(પ્રશ્ન : એની જેમ પૃથ્વીકાય વગેરેનાં ા ભેદોનો સંગ્રહ કરવા કેમ કંઈ ન કહ્યું ?)

ઉત્તર વનસ્પતિકાયિક શબ્દથી એના સઘળા ભેદોનો સંગ્રહ કર્યો, એ દ્વારા પૃથ્વીકાયનાં સ્વગત પૃથ્વી, શર્કરાદિ ભેદો, અપ્કાયનાં અવશ્યાય = ઝાકળ, ધુમ્મસ વગેરે ભેદો, તેજસ્કાયનાં અંગાર-જવાળા વગેરે ભેદો, વાયુકાયનાં ઝંઝાવાત - મંડલિકા વગેરે ભેદો સુચવી દીધા.

આ અનંતર કહેવાયેલા વનસ્પતિવિશેષો સ્વબીજવાળા છતાં = પોતપોતાના કારણવાળા છતાં સચિત્ત કહેવાયેલા છે. (શેરડી જો સ્વબીજવાળી = ગાંઠવાળી હોય તો સચિત્ત પણ જો ગાંઠ કાઢી નાંખવામાં આવે તો ઉચિતકાળે અચિત્ત બની જાય. આવું દરેક બાબતમાં સમજવાનું છે...)

આ વનસ્પતિઓ અનેકજીવવા ા... આ ધ્રુવગંડિકા પૂર્વની જેમ સમજી લેવાની. (આ ગાથા પૃથ્વીકાયાદિ સઘળામાં એક સમાન હોવાથી એ દષ્ટિએ એને ધ્રુવગંડિકા કહી છે. એક સરખા આલાવાવાળી ગાથા ધ્રુવગંડિકા કહી શકાય.)

---

**अत्र च भवत्याशङ्का-किं बीजजीव एव मूलादिजीवो भवत्युतान्यस्तस्मिन्नुत्क्रान्ते उत्पद्यते इति ?, अस्य व्यपोहायाह-**

बीए जोणिब्भूए जीवो वुक्कमइ सो य अन्नो वा । जोऽवि य मूले जीवो सोऽवि य पत्ते पढमयाए ॥२३२॥

---

આ વાત કરી ગયા કે 'જે સબીજ હોય, તે સચિત્ત હોય.' એમાં આવી શંકા થાય કે શું બીજનો જીવ જ મૂલાદિ જીવ બને ? કે તે બીજનો જીવ નીકળી ગયે છતે અન્યજીવ મૂલાદિ જીવ તરીકે ઉત્પન્ન થાય ?

આનું નિરાકરણ કરવા માટે કહે છે કે –

નિર્યુક્તિ-૨૩૨ ગાથાર્થ : યોનિભૂત બીજમાં તે કે અન્યજીવ ઉત્પન્ન થાય, જે વળી મૂલમાં જીવ તે જ પ્રથમપત્રમાં હોય.

---

व्याख्या-बीजे योनिभूते इति, बीजं हि द्विविधं भवति-योनिभूतमयोनिभूतं च, अविध्वस्तयोनि विध्वस्तयोनि च, प्ररोहसमर्थं तदसमर्थं चेत्यर्थः । तत्र योनिभूतं सचेतनमचेतनं च, अयोनिभूतं तु नियमादचेतनमिति । तत्र बीजे योनिभूते इत्यनेनायोनिभूतस्य व्यवच्छेदमाह, तत्रोत्पत्त्यसंभवाद्, अबीजत्वादित्यर्थः । योनिभूते तु-योन्यवस्थे बीजे, योनिपरिणाममत्यजतीत्युक्तं भवति, किमित्याह-जीवो व्युत्क्रामति-उत्पद्यते, स एव-पूर्वको बीजजीवः, बीजनामगोत्रे कर्मणी वेदयित्वा मूलादिनामगोत्रे चोपनिबद्ध्य, अन्यो वा पृथिवीकायिकादिजीव एवमेव, 'योऽपि च मूले जीव' इति य एव मूलतया परिणमते जीवः सोऽपि च पत्रे प्रथमतयेति-स एव प्रथमपत्रतयाऽपि परिणमत इत्येकजीवकर्तृके मूलप्रथमपत्रे इति । आह-यद्येवं 'सव्वोऽवि किसलओ खलु उग्गममाणो अणंतओ भणिओ' इत्यादि कथं न विरुध्यते इति ?, उच्यते, इह बीजजीवोऽन्यो वा बीजमूलत्वेनोत्पद्य तदुच्छूनावस्थां करोति, ततस्तदनन्तरभाविनीं किसलयावस्थां नियमेनानन्तजीवाः कुर्वन्ति, पुनश्च तेषु स्थितिक्षयात्परिणतेष्वसावेव मूलजीवोऽनन्तजीवतनुं परिणम्य(मय्य) स्वशरीरतया तावद्वर्धते यावत्प्रथमपत्रमिति न विरोधः । अन्ये तु व्याचक्षते-प्रथमपत्रकमिह याऽसौ बीजस्य समुच्छूनावस्था, नियमप्रदर्शनपरमेतत्, शेषं किसलयादि सकलं नावश्यं मूलजीवपरिणामाविर्भावितमिति मन्तव्यं, ततश्च 'सव्वोऽवि किसलओ खलु उग्गममाणो अणंतओ होइ' इत्याद्यप्यविरुद्धं, मूलपत्रनिर्वर्तनारम्भकाले किसलयत्वाभावादिति गाथार्थः ॥

---

ટીકાર્થ : બીજ બે પ્રકારે છે. (૧) યોનિભૂત (૨) અયોનિભૂત. અર્થાત્ (૧) અવિધ્વસ્તયોનિ. (૨) વિધ્વસ્તયોનિ. (ડાંગર વાવીએ, તો પુનઃ ડાંગરો ઉગે એટલે ડાંગર અવિધ્વસ્તયોનિ છે, પણ એકલા ચોખા વાવીએ તો એમાંથી ડાંગર ન ઉગે એટલે ચોખા વિધ્વસ્તયોનિ છે.) એનો અર્થ એ કે (૧) ઉગવા માટે સમર્થ (૨) ઉગવા માટે અસમર્થ.

તેમાં

જે યોનિભૂત બીજ છે, તે સચિત્ત અને અચિત્ત એમ બે પ્રકારે છે.

જે અયોનિભૂત છે. તે નિયમથી અચિત્ત જ હોય છે.

ગાથામાં **बीजे योनिभूते** લખેલું છે, એટલે એના દ્વારા અયોનિભૂત બીજનો વ્યવચ્છેદ કહ્યો. કેમકે એમાં જીવની ઉત્પત્તિનો સંભવ નથી, એટલે કે એ અબીજ સમાન છે પણ જે યોનિભૂત બીજ છે=યોનિ અવસ્થાવાળું છે. એટલે કે યોનિપરિણામને ત્યાગી ન દેનાર જે બીજ છે... તેમાં તે જ પૂર્વેનો બીજ જીવ ઉત્પન્ન થાય. એ બીજ જીવ બીજનામગોત્રકર્મને ભોગવીને અને મૂલાદિનામગોત્ર કર્મને બાંધીને ત્યાં ઉત્પન્ન થાય.

અથવા તો બીજો પૃથ્વીકાયાદિજીવ આ જ પ્રમાણે ઉત્પન્ન થાય એટલે કે પૃથ્વી વગેરેનાં નામ-ગોત્રને ભોગવી મૂલાદિ નામગોત્રકર્મને બાંધીને તેમાં ઉત્પન્ન થાય.

(ભાવાર્થ આ પ્રમાણે છે. જો સચિત્તબીજ વાવવામાં આવે, તો જમીનમાં માટી-હળ વગેરે શસ્ત્રો લાગવાથી એ બીજજીવ મરી જાય, પણ એ જીવ મરતા પહેલા એ જ બીજમાંથી તરત બનનારા મૂલાદિ તરીકેના કર્મો બાંધી લે, અને મરીને પુનઃ એ જ બીજમાં ઉત્પન્ન થાય અને મૂલાદિરૂપે પરિણમે.

ક્યારેક એવું બને કે શસ્ત્ર લાગવાથી એ જીવ મરીને બીજી કોઈ ગતિમાં જાય અને બીજો કોઈ જીવ આ જ બીજમાં ઉત્પન્ન થઈને મૂલાદિ રૂપે પરિણમે.

જો અચિત્તબીજ વાવેલું હોય, તો એ બીજનો જીવ પહેલાં જ મરીને ક્યાંક ઉત્પન્ન થયેલો હોય, અને ત્યાં પોતાનું આયુષ્ય પૂર્ણ કરી ફરી આ જમીનમાં વવાયેલા યોનિભૂત અચિત્તબીજમાં ઉત્પન્ન થઈ મૂલાદિ રૂપે પરિણમે. એમ એ અચિત્તબીજમાં એ જુના બીજજીવને બદલે બીજો પૃથ્વી વગેરેનો જીવ પણ ઉત્પન્ન થાય.

આમાં એક ખ્યાલ રાખવો કે જો સચિત્ત બીજ વાવવામાં આવે, તો એ બીજનો જીવ એકવાર તો ત્યાં મૃત્યુ પામે જ. એ પછી પુનઃ કોઈ ત્યાં જન્મે અને પછી મૂલાદિ બને. સચિત્તબીજનો જીવ એકવાર પણ મર્યા વગર સીધા મૂલાદિ બને એ સંભવિત નથી.)

જે જીવ મૂલ તરીકે પરિણમે, તે જીવ પ્રથમપત્ર તરીકે પણ પરિણમે. એટલે કે તે જ જીવ પ્રથમપત્ર તરીકે પરિણમે (ગાથામાંનો **अपि** શબ્દ **एव** અર્થમાં લેવાનો છે.) આમ મૂલ અને પ્રથમપત્ર આ બેનો કર્તા એક જ જીવ હોય.

**પ્રશ્ન :** જો આમ હોય, તો એવો જે પાઠ છે કે 'બધો જ કિસલય ઉગતો હોય ત્યારે અનંતકાય હોય' એ પાઠની સાથે વિરોધ કેમ ન આવે ? (૧. બીજનું જમીનમાં વાવેતર થાય, ૨. બીજમાંથી જ જમીનમાં નાનું-મોટું મૂલ થાય. મૂલ જમીનમાં જ હોય. ૩. એ પછી જમીનના ભાગને ફાડી નાંખી મૂલ બહાર આવવા

પ્રયત્ન કરે... આ જમીનનું સહેજ ફાટવું... એ ઉચ્છૂનાવસ્થા છે. ૪. એ પછી જમીનની બહાર જે અંકુરા ફૂટે... જે લગભગ અદૃશ્ય હોય... એ કિસલય કહેવાય. એ અનંતકાય જ હોય. એ પછી પત્ર ઉત્પન્ન થાય.

પ્રશ્ન મૂલનો જીવ જ પત્ર તરીકે ઉત્પન્ન થતો હોય તો એનો અર્થ એ કે કિસલયાવસ્થામાં પણ એ મૂલનો જીવ જ છે. હવે એ તો એક છે. તો કિસલયમાં પણ એક જ જીવ માનવાનો રહે. તો પછી કિસલયમાં અનંતજીવ હોવાનો પાઠ આ પદાર્થ સાથે વિરોધી બને...)

ઉત્તર : અહીં બીજનો જીવ કે અન્યજીવ બીજમાંથી થનારા મૂલ તરીકે ઉત્પન્ન થઈને એની ઉચ્છૂનાવસ્થાને કરે. (જમીનની અંદર જ રહેલું એ મૂળ જમીનની બહાર આવવા પ્રયત્ન કરે. એટલે એટલા અંશમાં જમીનનો એ ભાગ તૂટે... એ ઉચ્છૂનાવસ્થા...)

ત્યાર બાદ તે ઉચ્છૂનાવસ્થા પછી તરત જ થનારી કિસલયાવસ્થાને અનંતજીવો કરે. એ પછી એ જીવોની સ્થિતિનો ક્ષય થવાથી એ અનંતજીવો ચ્યવી જાય. એટલે આ જ મૂલનો જીવ એ અનંતજીવોનાં શરીરને (કે જેમાં હવે અનંતજીવો નથી) પોતાના શરીર તરીકે પરિણમાવીને (એટલે કે પોતે એ શરીરને પોતાના શરીર રૂપે સ્વીકારીને) ત્યાંસુધી વૃદ્ધિ પામે છે કે જયાંસુધી પ્રથમપત્ર બને.

આમ કિસલય અનંતકાય હોય એ વાત પણ બરાબર, અને મૂલજીવ પ્રથમ પત્ર તરીકે પરિણમે એ વાત પણ બરાબર... બેમાં કોઈ વિરોધ નથી.

અન્ય કેટલાંકો આ પ્રમાણે કહે છે કે પ્રથમપત્ર એટલે આ બીજની જે સમુચ્છૂનાવસ્થા છે તે જ.એટલે ભાવાર્થ એવો થાય કે જે મૂલનો જીવ, એ જ સમુચ્છૂનાવસ્થાને કરે.

(પ્રશ્ન : પણ એ તો કહેવાની જરૂર જ નથી. મૂલ પછીની તરતની અવસ્થા જ એ છે, તો એ મૂલજીવ જ કરવાનો ન?...)

ઉત્તર આ નિયમનું પ્રદર્શન કરવા જણાવેલું છે. આશય એ છે કે આ એકદમ નિશ્ચિત જાણવું કે મૂલજીવ અને ઉચ્છૂનાવસ્થાનો જીવ કદીપણ જુદા ન જ હોય.

હવે 'બાકીનાં કિસલય વગેરે બધા જ અવશ્ય મૂલજીવનાં પરિણામથી પ્રગટ થયેલા હોય' એમ ન માનવું. એટલે કે એ મૂલજીવ કિસલયાદિરૂપે પરિણમે પણ ખરો કે ન પણ પરિણમે... એ બંને વાત શક્ય છે.

હવે આ રીતે માનીએ એટલે 'બધો જ કિસલય જયારે ઉગતો હોય ત્યારે અનંતકાય હોય...' આ વગેરે વાક્યો પણ વિરોધ વિનાનાં છે. કેમકે મૂલ અને પત્ર =

સમુચ્છૂનાવસ્થાનાં નિર્વર્તનનાં આરંભકાળે કિસલયપણું જ નથી. (એટલે ત્યાં અનંતજીવ માનવાની જરૂર જ નથી. એ પછીનાં કાળમાં કિસલય છે, ત્યાં અનંતજીવ માની શકાય.

| (મત-૧) | (મત-૨) |
| --- | --- |
| ૧. મૂલ | ૧. મૂલ |
| ૨. સમુચ્છૂનાવસ્થા | ૨. સમુચ્છૂનાવસ્થા = પત્રક. |
| ૩. કિસલય = અનંતકાય | ૩. કિસલય = અનંતકાય |
| ૪. અનંતકાયનો નાશ + કિસલયમાં મૂલજીવ | ૪. અનંતકાયનાશ+કિસલયમાં મૂલજીવ હોય/ન હોય. |
| ૫. પત્રક, એમાં મૂલજીવ જ. | ૫. પત્રક, પણ એમાં મૂલજીવ કે અન્ય જીવો.... |

**एतदेवाह भाष्यकारः-**

विद्धत्थाविद्धत्था जोणी जीवाण होइ नायव्वा । तत्थ अविद्धत्थाए वुक्कमई सो य अन्नो वा ॥५८॥ भाष्यम् ॥

ભાષ્યકાર આ જ કહે છે.

**ભાષ્ય ૫૮ :** જીવોની વિધ્વસ્ત અને અવિધ્વસ્ત યોનિ જાણવી. તેમાં અવિધ્વસ્તયોનિમાં તે કે અન્યજીવ ઉત્પન્ન થાય.

**व्याख्या-<u>विध्वस्ताऽविध्वस्ता</u>-अप्ररोहप्ररोहसमर्था योनिर्जीवानां भवति ज्ञातव्या, तत्राविध्वस्तायां योनौ व्युत्क्रामति स चान्यो वा, जीव इति गम्यत इति गाथार्थः ॥**

**ટીકાર્થ :** વિધ્વસ્ત એટલે પ્રરોહ માટે અસમર્થ અને અવિધ્વસ્ત એટલે પ્રરોહ માટે સમર્થ. જીવોની આ બે પ્રકારની યોનિ જાણવી. તેમાં અવિધ્વસ્તયોનિમાં તે જ કે અન્યજીવ ઉત્પન્ન થાય. ગાથામાં **જીવ** શબ્દ લખ્યો નથી, એ સમજી લેવાનો.

जो पुण मूले जीवो सो निव्वत्तेइ जा पढमपत्तं । कंदाई जाव बीयं सेसं अन्ने पकुव्वंति ॥५९॥ भाष्यम् ॥

**ભાષ્ય-૫૯ :** જે વળી મૂલમાં જીવ છે, તે છેક પ્રથમપત્ર સુધી બનાવે. બાકીનું કંદથી માંડીને બીજ સુધીનું બીજા જીવો કરે.

**व्याख्या-यः पुनर्मूले जीवो बीजगतोऽन्यो वा स निर्वर्तयति यावत् प्रथमपत्रं तावदेक एवेति, अत्रापि भावार्थः पूर्ववदेव । कन्दादि यावद्बीजं शेषमन्ये प्रकुर्वन्ति,**

**वनस्पतिजीवा एव, व्याख्याद्वयपक्षेऽप्येतदविरोधि, एकतः समुच्छूनावस्थाया एव प्रथमपत्रतया विवक्षितत्वात्तदनु कन्दादिभावतः अन्यत्र कन्दादेर्वनस्पतिभेदत्वात्तस्य च प्रथमपत्रोत्तरकालमेव भावादिति गाथार्थः ॥**

---

**ટીકાર્થ :** મૂલમાં વળી જે જીવ છે કે જે બીજગત જીવ જ હોય કે બીજો આવેલો હોય, તે જયાંસુધી પ્રથમપત્ર બને ત્યાંસુધી તે એક જ જીવ બધું બનાવે.

અહીં પણ ભાવાર્થ પૂર્વની જેમ જ જાણવો.

કંદથી માંડીને બીજ સુધીનું બાકી બધું જ બીજા જીવો કરે. એટલે કે વનસ્પતિજીવો જ કરે. (પૃથ્વીકાયાદિ નહિ જ.)

આ વાત તો બંને વ્યાખ્યાને વિરોધ વિનાની છે.

(**પ્રશ્ન :** વિરોધ તો આવે જ ને ? સમુચ્છૂનાવસ્થા પછી કંદાદિ થાય છે, પછી પત્રક થાય છે. હવે જે પ્રથમ મત છે, એના મતે તો પત્રક સુધી બધું મૂલજીવ કરે છે, તો કંદાદિ પણ વચ્ચે આવી જતાં મૂલજીવ જ કરશે... તો કંદાદિને અન્ય જીવો કરે... એ શી રીતે ઘટે ?)

**ઉત્તર : એકતઃ** = એક પક્ષમાં = બીજા પક્ષમાં સમુચ્છૂનાવસ્થા એ જ પ્રથમપત્ર તરીકે વિવક્ષિત છે અને કંદાદિ તો એ સમુચ્છૂનાવસ્થા પછી જ થાય છે, એટલે એમના મતે તો અન્યજીવો જ કંદાદિનાં નિર્વર્તક બનવાથી કોઈ વાંધો જ નથી.

જયારે અન્યત્ર = પ્રથમમતમાં કંદાદિ એ (સમુચ્છૂનાવસ્થા પછીનાં કંદાદિ ન લેવા, પરંતુ) વનસ્પતિનાં ભેદરૂપ છે અને એટલે એ પ્રથમપત્રની ઉત્તરકાળમાં જ થાય છે, એટલે એના નિર્વર્તક તો અન્યજીવો જ હોવાથી એમને પણ આ પદાર્થમાં કોઈ વાંધો ન આવે.

| (મત-૧) | | (મત-૨) |
|---|---|---|
| ૧. મૂલ | (એક જ જીવ | ૧. મૂલ (એક જ જીવ) |
| ૨. સમુચ્છૂનાવસ્થા | માત્ર કિસલયમાં | ૨. સમુચ્છૂનાવસ્થા (એક જ જીવ) |
| ૩. કિસલયાદિ | પૂર્વે અનંતજીવ) | ૩. કિસલયાદિ = કંદાદિ (અન્યજીવો) |
| ૪. પ્રથમપત્રક | | ૪. પ્રથમપત્રક (અન્યજીવો) |
| ૫. કંદાદિ (વનસ્પતિના ભેદવિશેષ..) | | ૫. કંદાદિ નહિ, પણ અન્ય વનસ્પતિભેદો... |

વ્યવહારમાં સમુચ્છૂનાવસ્થા પછી તરત જ કંદાદિ કહેવાય છે. પણ પ્રથમ મતમાં

નમો નમઃ શ્રી ગુરુ... નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય

એ સ્વીકારી શકાતું નથી. જ્યારે વ્યવહારમાં કિસલય બાદ જ પ્રથમપત્રક કહેવાય છે, પણ બીજા મતમાં એ સ્વીકારી શકાતું નથી...)

---

अतिदेशमाह-

सेसं सुत्तप्फासं काए काए अहक्कमं बूया । अज्झयणत्था पंच य पगरणपयवंजणविसुद्धा ॥६०॥ भाष्यम् ॥

---

અતિદેશ કહે છે... (વક્ષ્યમાણ પદાર્થ અન્યસ્થાનની જેમ સમજી લેવો...ઇત્યાદિ)

ભાષ્ય-૬૦ : બાકીનું સૂત્રસ્પર્શિક તે તે કાયમાં યથાક્રમ કહે, તથા પ્રકરણ, પદ, વ્યંજનથી વિશુદ્ધ પાંચ અધ્યયનાર્થો કહે.

---

**व्याख्या-शेषं सूत्रस्पर्शं उक्तलक्षणं 'काये काये' पृथिव्यादौ 'यथाक्रमं' यथापरिपाटि ब्रूयात् अनुयोगधर एव, न केवलं सूत्रस्पर्शमेव, किं तु अध्ययनार्थान् पञ्च च-प्रागुपन्यस्तान् जीवाजीवाभिगमादीन् प्रकरणपदव्यञ्जनविशुद्धान् ब्रूयात्, सूत्र एव जीवाभिगमः काये काये इत्यनेनैव लब्ध इति पञ्चग्रहणम्, अन्यथा षडिहार्थाधिकारा इति । प्रक्रियन्तेऽर्था अस्मिन्निति प्रकरणम्-अनेकार्थाधिकारवत्कायप्रकरणादि, पदं सुबन्तादि, कादीनि व्यञ्जनानि, एभिर्विशुद्धान् ब्रूयादिति गाथार्थः ॥**

---

ટીકાર્થ : આ કહ્યા સિવાયનું જે બાકી રહેલું સૂત્રસ્પર્શિકતત્ત્વ છે કે જેનું લક્ષણ આગળ કહેવાઈ ગયું છે, તેને પૃથ્વી, અપ્ વગેરે કાયમાં ક્રમ પ્રમાણે અનુયોગધર જ = વ્યાખ્યાનકાર જ કહે.

માત્ર સૂત્રસ્પર્શ જ નહિ, પરંતુ પૂર્વે દર્શાવેલા જીવાજીવાભિગમ વગેરે પાંચ અધ્યયનાર્થોને પણ અનુયોગધર કહે.

(પ્રશ્ન : આમ તો આગળ છ અર્થાધિકારો બતાવેલા, તો અહીં પાંચ જ કેમ કહ્યા ?)

ઉત્તર : આ ભાષ્યસૂત્રમાં જ **काये काये** એ શબ્દ દ્વારા પહેલો જીવાધિકાર જુદો દર્શાવ્યો જ છે. એટલે બાકી પાંચ રહે. માટે **पंच**નું ગ્રહણ કરેલું છે. બાકી તો તમે કહો છો, એ પ્રમાણે અહીં છ અર્થાધિકારો છે.

જેમાં અર્થો પ્રકર્ષથી કરાય = પ્રરૂપાય તે પ્રકરણ. એટલે કે અનેક અર્થાધિકારવાળું કાયપ્રકરણ વગેરે. વિભક્તિ અંતવાળા શબ્દો **घटः घटम्...** વગેરે પદ કહેવાય. **क, ख**

વગેરે વ્યંજનો છે. આ બધાથી વિશુદ્ધ એવા અધ્યયનાર્થોને કહે.

આ ગાથાર્થ થયો.

---

इदानीं त्रसाधिकार एतदाह-'से जे पुण इमे' इति, सेशब्दोऽथशब्दार्थः, असावप्युपन्यासार्थः, 'अथ प्रक्रियाप्रश्नानन्तर्यमङ्गलोपन्यासप्रतिवचनसमुच्चयेष्वि'ति वचनात्, अथ ये पुनरमी-बालादीनामपि प्रसिद्धा अनेके-द्वीन्द्रियादिभेदेन बहवः एकैकस्यां जातौ त्रसाः-त्रस्यन्तीति त्रसाः प्राणा-उच्छ्वासादय एषां विद्यन्त इति प्राणिनः, तद्यथा-अण्डजा इत्यादि, एष खलु षष्ठो जीवनिकायः त्रसकाय इति प्रोच्यत इति योगः, तत्राण्डाज्जाता अण्डजाः-पक्षिगृहकोकिलादयः, पोता एव जायन्त इति पोतजाः, "अन्येष्वपि दृश्यते" (पा० ३-२-१०१) डप्रत्ययो जनेरिति वचनात् । ते च हस्तिवल्गुलीचर्मजलौकाप्रभृतयः, जरायुवेष्टिता जायन्त इति जरायुजा-गोमहिष्यजाविकमनुष्यादयः, अत्रापि पूर्ववड्डुप्रत्ययः, रसाज्जाता रसजाः-तक्रारनालदधितीमनादिषु पायुकृम्याकृतयोऽतिसूक्ष्मा भवन्ति, संस्वेदाज्जाता इति संस्वेदजा-मत्कुणयूकाशतपदिकादयः, संमूर्च्छनाज्जाताः संमूर्च्छनजाः-शलभपिपीलिकामक्षिकाशालूकादयः उद्भेदाज्जन्म येषां ते उद्भेदाः, अथवा उद्भेदनमुद्भित् उद्भिज्जन्म येषां ते उद्भिज्जाः-पतङ्गखञ्जरीटपारिप्लवादयः, उपपाताज्जाता उपपातजाः अथवा उपपाते भवा औपपातिका-देवा नारकाश्च । एतेषामेव लक्षणमाह-येषां केषाञ्चित्सामान्येनैव प्राणिनां-जीवानामभिक्रान्तं भवतीति वाक्यशेषः, अभिक्रमणमभिक्रान्तं, भावे निष्ठाप्रत्ययः, प्रज्ञापकं प्रत्यभिमुखं क्रमणमित्यर्थः, एवं प्रतिक्रमणं प्रतिक्रान्तं-प्रज्ञापकात्प्रतीपं क्रमणमिति भावः, संकुचनं संकुचितं-गात्रसंकोचकरणं, प्रसारणं प्रसारितं-गात्रविततकरणं, रवणं रुतं-शब्दकरणं, भ्रमणं भ्रान्तम्-इतश्चेतश्च गमनं, त्रसनं त्रस्तं-दुःखादुद्वेजनं, पलायनं पलायितं-कुतश्चिन्नाशनं, तथाऽऽगतेः-कुतश्चित्क्वचित्, गतेश्च-कुतश्चित्क्वचिदेव, 'विण्णाया' विज्ञातारः । आह-अभिक्रान्तप्रतिक्रान्ताभ्यां नागतिगत्योः कश्चिद्भेद इति किमर्थं भेदेनाभिधानम् ?, उच्यते, विज्ञानविशेषख्यापनार्थम्, एतदुक्तं भवति- य एव विजानन्ति यथा वयमभिक्रमामः प्रतिक्रमामो वा त एव त्रसाः, न तु वृतिं प्रत्यभिक्रमणवन्तोऽपि वल्ल्यादय इति । आह-एवमपि द्वीन्द्रियादीनामत्रसत्वप्रसङ्गः, अभिक्रमणप्रतिक्रमणभावेऽप्येवंविज्ञानाभावात्, नैतदेवं, हेतुसंज्ञाया अवगतेः, बुद्धिपूर्वकमिव छायात उष्णमुष्णाद्वा छायां प्रति

तेषामभिक्रमणादिभावात्, न चैवं वल्ल्यादीनामभिक्रमणादि, ओघसंज्ञया प्रवृत्तेरिति कृतं प्रसङ्गेन ।

---

હવે

ત્રસનાં અધિકારમાં આ કહે છે કે **से जे पुण इमे....**

**से** શબ્દ **अथ** શબ્દનાં અર્થવાળો છે.

તે **अथ** પણ પાછો ઉપન્યાસનાં અર્થવાળો છે. કેમકે **अथ** શબ્દ પ્રક્રિયા, પ્રશ્ન, આનન્તર્ય, મંગલ, ઉપન્યાસ, પ્રતિવચન, સમુચ્ચય અર્થમાં વપરાય એવું વચન છે.

એટલે **से जे पुण इमे = अथ ये पुनरमी....**

**अमी** એટલે બાલાદિ જીવોને પણ પ્રસિદ્ધ (નજીક રહેલી વસ્તુ માટે **अदस्** સર્વનામ છે... આ વક્ષ્યમાણ ત્રસ બાલાદિજીવોમાં પણ પ્રસિદ્ધ હોવાથી **अमी** શબ્દથી તે દર્શાવાયા છે.)

**अनेके** = બેઈન્દ્રિયાદિ ભેદથી એક એક જાતિમાં ઘણાં બધા...

**त्रसाः** = જે ત્રાસ પામે તે ત્રસ.

**प्राणिनः** = પ્રાણ એટલે ઉચ્છ્વાસાદિ. તે જેમને હોય તે પ્રાણીઓ.

તે આ પ્રમાણે **अण्डजा** વગેરે.

"આ ખરેખર છઠ્ઠો જીવનિકાય 'ત્રસકાય' એ પ્રમાણે કહેવાય છે' એમ અર્થ જોડવો. તેમાં

(૧) ઈંડામાંથી ઉત્પન્ન થાય તે **અંડજ** જેમકે પક્ષીઓ, ગરોળી વગેરે.

(૨) જે બચ્ચાંરૂપે જ જન્મે તે પોતજ. (અહીં પાણિની વ્યાકરણ પ્રમાણે અને **जन्** ધાતુને **ड** પ્રત્યય લાગવાથી પોતજ શબ્દ બનેલો છે એમ જાણવું.) જેમકે હાથી, વલ્ગુલી, ચામાચીડિયા, જળો, વગેરે.

(૩) જેઓ જરાયુથી વીંટળાયેલા ઉત્પન્ન થાય તે **જરાયુજ** કહેવાય. જેમકે ગાય, ભેંસ, બકરી, ઘેંટી, મનુષ્ય વગેરે. અહીં પણ પૂર્વની જેમ **ड** પ્રત્યય સમજવો. (માતાનાં ગર્ભમાંથી જે બચ્ચું નીકળે, તેના ઉપર આખું ચીકણું પડ હોય.. એ જરાયુ હાથી વગેરેમાં એ ન હોય એટલે તે પોતજ.)

(૪) રસમાંથી ઉત્પન્ન થાય તે **રસજ**. છાશ, કાંજી, દહીં, વઘાર (વઘારેલી છાશ

વગેરે) વગેરેમાં ગુદાનાં કરમીયાંનાં જેવી આકૃતિવાળા અતિસૂક્ષ્મજીવો થાય છે (કરમીયાં પેટમાં પણ થાય અને ગુદાનાં ભાગમાં પણ થાય. ગુદાનાં ભાગમાં જો ખંજવાળ આવે તો એ પ્રાયઃ ત્યાં રહેલા કરમીયાંનાં કારણે આવે...)

(૫) સંસ્વેદથી - પરસેવાદિથી ઉત્પન્ન થાય તે **સંસ્વેદજ**. જેમકે, માંકડ, જુ, ઈયળ વગેરે.

(૬) સંમૂર્ચ્છન દ્વારા ઉત્પન્ન થાય તે **સંમૂર્ચ્છનજ**. જેમકે પતંગીયા, કીડી, માખી, શાલુક (?) વગેરે.

(૭) ઉદ્‌ભેદથી જેમનો જન્મ થાય તે ઉદ્‌ભેદ અથવા તો ઉપરની તરફ ભેદવું એ ઉદ્‌ભિત્.

એ ઉદ્‌ભેદન એ જેમનો જન્મ છે. (એટલે કે ઉદ્‌ભેદન દ્વારા જેમનો જન્મ છે) તે **ઉદ્‌ભિજ્જ** કહેવાય, જેમકે પતંગ, ખંજરીટ, પારિપ્લવ વગેરે. (જમીન વગેરેને ભેદીને આ જીવો ઉત્પન્ન થાય છે.)

(૮) ઉપપાતથી જેમનો જન્મ છે, અથવા તો ઉપપાતમાં જે થયેલા છે. તે **ઔપપાતિક**. જેમકે દેવો અને નારકો. (સીધો જ વિવક્ષિતજીવ તરીકે ઉત્પાદ થાય, ઉપરની કોઈ પ્રક્રિયા નહિ...)

આ ત્રસજીવોનું જ લક્ષણ કહે છે.

**जेसिं केसिंचि = येषां केषाञ्चित्** = સામાન્યથી જ કોઈપણ જીવોનું અભિક્રાન્ત હોય (તો એ ત્રસજીવ કહેવાય.) **भवति** એ પ્રમાણે વાક્યશેષ લઈ લેવું.

(૧) **अभिक्रमणं** એટલે **अभिक्रान्त** અહીં **क्रम्** ધાતુને (કર્મણિ ભૂતકૃદંતનો **त** નહિ, પણ) ભાવઅર્થમાં = પણું અર્થમાં તે પ્રત્યય (નિષ્ઠાપ્રત્યય) લાગેલો છે, પ્રજ્ઞાપકને અભિમુખ ચાલવું એનું નામ અભિક્રમણ. (પ્રજ્ઞાપક એટલે વિવક્ષિતવક્તા. કોઈ જીવ એ વક્તાની તરફ ચાલે, તો વક્તા કહેશે કે 'આ અભિક્રમણ કરે છે' પણ તે જ વખતે બીજા કોઈ પ્રજ્ઞાપકની અપેક્ષાએ તો એ જીવ દૂર જઈ રહેલો હોવાથી એને એ અભિક્રમણ નહિ લાગે. એટલે અભિક્રમણની વ્યાખ્યા ઉચિત રીતે કરવી. એ માટે જ **प्रज्ञापकं...** વગેરે લખેલું છે.)

(૨) એ રીતે પ્રતિક્રમણ એ જ પ્રતિક્રાન્ત. (અહીં પણ **भावे निष्ठाप्रत्ययः** વગેરે સમજી લેવું) પ્રજ્ઞાપકની અપેક્ષાએ વિરુદ્ધદિશામાં ગમન એ પ્રતિક્રાન્ત.

(૩) સંકોચ કરવો એનું નામ સંકુચિત. એટલે કે શરીરને સંકોચવું.

(૪) પ્રસારવું એટલે જ પ્રસારિત. શરીરને વિસ્તારવું.

(૫) અવાજ કરવો એ જ રુત અર્થાત્ શબ્દ કરવો.

(૬) ભમવું એ ભ્રાન્ત. આમ તેમ ગમન કરવું.

(૭) ત્રાસ પામવો એ ત્રસ્ત. દુઃખથી ઉદ્વેગ પામવો.

(૮) ભાગી જવું એ પલાયિત. કોઈક જગ્યાએથી નાસી જવું.

(૯) તથા કોઈક સ્થાનમાંથી કોઈક સ્થાનમાં આવવું અને કોઈક સ્થાનમાંથી કોઈક સ્થાનમાં જવું... એ રૂપ આગતિ અને ગતિનાં વિજ્ઞાતાઓ = જાણકારો....

(અહીં ૧ થી ૮ સુધી બધે ભાવવાચક **त** પ્રત્યય સમજવો. આ ૯માંથી કોઈપણ બાબત જેમાં હોય એ ત્રસ તરીકે ઓળખી શકાય.)

**પ્રશ્ન :** અભિક્રાન્ત અને પ્રતિક્રાન્તથી આગતિનો અને ગતિનો કોઈ ભેદ નથી. એટલે કે અભિક્રાન્ત અને આગતિ અને પ્રતિક્રાન્ત અને ગતિ આ સરખાં જ છે. તો પછી આ બેનું ભેદથી = જુદું કથન શા માટે કર્યું છે ?

**ઉત્તર :** વિજ્ઞાનવિશેષને જણાવવા માટે કરેલું છે.

આશય એ છે કે જે જીવો એમ જાણે છે કે અમે અભિક્રમણ કરીએ છીએ, અમે પ્રતિક્રમણ કરીએ છીએ" એ જ જીવો ત્રસ ગણાય. (માટે જ **आगतिगतिविज्ञातारः** એમ **विज्ञातारः** શબ્દ મૂકેલો છે...) પણ વૃત્તિ પ્રત્યે = વાડ પ્રત્યે અભિક્રમણ કરનારા એવી આ વેલડી વગેરે વનસ્પતિ ત્રસ ન ગણાય. (વેલો વાડ ઉપર આગળ વધે... પણ એને એવું જ્ઞાન નથી કે હું અભિક્રમણ કરું છું, એટલે એ ત્રસ ન ગણાય.)

**પ્રશ્ન :** આ રીતે કહેશો તો પણ બેઈન્દ્રિય વગેરેને અત્રસ = ત્રસભિન્ન માનવાની આપત્તિ આવશે, કેમકે એમને અભિક્રમણ અને પ્રતિક્રમણ હોવા છતાં પણ આવા પ્રકારનું વિજ્ઞાન તો નથી જ.

**ઉત્તર :** આ વાત આ પ્રમાણે નથી. અર્થાત્ તમે કહો છો એ વાત બરાબર નથી. કેમકે એ બેઈન્દ્રિયાદિ જીવોમાં હેતુસંજ્ઞા છે, એમ જણાય છે. (તેઓમાં હેતુસંજ્ઞા હોવાનો બોધ આપણને થાય છે.) (અથવા તો હેતુસંજ્ઞા દ્વારા તેઓને આગતિનું અને ગતિનું વિજ્ઞાન છે એમ જણાય છે...)

તે પણ એ રીતે કે જાણે કે બુદ્ધિપૂર્વક છાયામાંથી ઉષ્ણમાં અને ઉષ્ણમાંથી છાયા પ્રત્યે તેઓની ગતિ-આગતિ થાય છે. (કીડી વગેરેમાં સ્પષ્ટ લાગે છે કે તેઓ તડકો આવે, એટલે છાંયડા તરફ જાય છે. આ એમની પ્રવૃત્તિ તે જીવો વિચારીને જ ન કરતાં હોય

એવું આપણને લાગે. એટલે હેતુસંજ્ઞાત્મક જ્ઞાન એમની પાસે ગત્યાગતિનું છે જ. એટલે એમને ત્રસ માનવામાં કોઈ જ વાંધો નથી આવતો.)

પણ વેલડી વગેરેનાં અભિક્રમણાદિ આ રીતે બુદ્ધિપૂર્વક થતાં નથી, કેમકે તેઓની પ્રવૃત્તિ ઓઘસંજ્ઞાથી થાય છે.

વિસ્તારથી સર્યું.

---

अधिकृतत्रसभेदानाह- 'जे य' इत्यादि, ये च कीटपतङ्गा इत्यत्र कीटाः-कृमयः, 'एकग्रहणे तज्जातीयग्रहण'मिति द्वीन्द्रियाः शङ्खादयोऽपि गृह्यन्ते, पतङ्गाः-शलभा, अत्रापि पूर्ववच्चतुरिन्द्रिया भ्रमरादयोऽपि गृह्यन्त इति, तथा याश्च कुन्थुपिपीलिका इत्यनेन त्रीन्द्रियाः सर्व एव गृह्यन्ते, अत एवाह-सर्वे द्वीन्द्रियाः- कृम्यादयः सर्वे त्रीन्द्रियाः- कुन्थ्वादयः, सर्वे चतुरिन्द्रियाः-पतङ्गादयः । आह-ये च कीटपतङ्गा इत्यादावुद्देशव्यत्ययः किमर्थम् ?, उच्यते, 'विचित्रा सूत्रगतिरतन्त्रः क्रम' इति ज्ञापनार्थम्, सर्वे पञ्चेन्द्रियाः सामान्यतो, विशेषतः पुनः सर्वे तिर्यग्योनयो-गवादयः, सर्वे नारका-रत्नप्रभानारकादिभेदभिन्नाः, सर्वे मनुजाः-कर्मभूमिजादयः, सर्वे देवा-भवनवास्यादयः, सर्वशब्दश्चात्र परिशेषभेदानां त्रसत्वख्यापनार्थः, सर्व एवैते त्रसाः न त्वेकेन्द्रिया इव त्रसाः स्थावराश्चेति, उक्तं च-"पृथिव्यम्बुवनस्पतयः स्थावराः" "तेजोवायू द्वीन्द्रियादयश्च त्रसाः" (तत्त्वा०अ०२सू०१३-१४) इति । 'सर्वे प्राणिनः परमधर्माण' इति सर्व एते प्राणिनो-द्वीन्द्रियादयः पृथिव्यादयश्च परमधर्माण इति-अत्र परमं-सुखं तद्धर्माणः सुखधर्माणः- सुखाभिलाषिण इत्यर्थः, यतश्चैवमित्यतो दुःखोत्पादपरिजिहीर्षया एतेषां षण्णां जीवनिकायानां नैव स्वयं दण्डं समारभेतेति योगः । षष्ठं जीवनिकायं निगमयन्नाह-एष खलु-अनन्तरोदितः कीटादिः 'षष्ठो जीवनिकायः' पृथिव्यादिपञ्चकापेक्षया षष्ठत्वमस्य, त्रसकाय इति 'प्रोच्यते' प्रकर्षेणोच्यते सर्वैरेव तीर्थकरगणधरैरिति प्रयोगार्थः ॥

---

પ્રસ્તુતમાં જેની વાત ચાલે છે, એ ત્રસજીવોનાવિસ્તારથી સર્યું. ભેદો કહે છે કે जे य कीड... કીડા એટલે કરમીયાવિસ્તારથી સર્યું.. અહીં એક બેઈન્દ્રિયનાવિસ્તારથી સર્યું. ગ્રહણમાં તજ્જાતીય બીજા બધા બેઈન્દ્રિયનું પણ ગ્રહણ થઈ જાય એટલે શંખ વગેરે પણ બેઈન્દ્રિયો લઈ લેવા.

પતંગ = શલભ (મચ્છર, માખી વગેરે) આ ચઉરિન્દ્રિય છે અહીં પણ પૂર્વની જેમ

ભમરા વગેરે પણ ચઉરિન્દ્રિયો લઈ લેવાય છે.

તથા **जा य कुन्थु...** એ શબ્દથી બધાં જ તેઈન્દ્રિયો લેવાય.

આમ ન્યાય પ્રમાણે બધાનું ગ્રહણ થઈ શકે છે, માટે જ કહે છે કે (કરમીયાં વગેરે) બધા બેઈન્દ્રિયો, (કુન્થુ વગેરે) બધાં તેઈન્દ્રિયો, પતંગ વગેરે - બધાં ચઉરિન્દ્રિયો.

**પ્રશ્ન : ये च कीटपतङ्गा** આ બધામાં ઉદ્દેશનો વ્યત્યય કેમ કર્યો ? (કીટપતંગાદિને ઉદ્દેશાને 'આ જીવો બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય છે' એમ વિધાન કરવાનું છે. એટલે કીટપતંગાદિ ઉદ્દેશ કહેવાય. હવે એમાં પહેલાં કીટ શબ્દથી બેઈન્દ્રિયો, પછી તરત **પતંગ** શબ્દથી ચઉરિન્દ્રિયો અને પછી **कुन्थु** શબ્દથી તેઈન્દ્રિયો બતાવ્યા. ખરેખર તેઈન્દ્રિય પહેલાં બતાવવા જોઈતા હતાં. એટલે આ ઉદ્દેશવ્યત્યય કરેલો છે..)

**ઉત્તર :** 'સૂત્રની ગતિ = પદ્ધતિ = રચના = શૈલિ વિચિત્ર હોય છે, ક્રમ અતન્ત્ર છે = અચોક્કસ છે = ક્રમ પ્રમાણે જ બધું કહેવાય એમ નથી...' આ જણાવવા માટે (જાણી જોઈને) ઉદ્દેશવ્યત્યય કરેલો છે.

**सव्वे पंचिन्दिया** એ સામાન્યથી જાણવું. વિશેષથી આ પ્રમાણે કે બધા તિર્યંચો = ગાય વગેરે. બધા નારકો = રત્નપ્રભાનારકાદિ ભેદવાળા, બધાં મનુષ્યો = કર્મભૂમિજ વગેરે... બધા દેવો = ભવનવાસી વગેરે.. અહીં સર્વશબ્દ 'બાકીના ભેદો ત્રસ છે' એ દર્શાવવા માટે છે. આશય એ છે કે માત્ર **नारकाः...** વગેરે લખે, તો કોઈને એમ શંકા પડે કે "જેમ અમુક એકેન્દ્રિયો ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારનાં છે. તેમ નારકોમાં પણ અમુક ત્રસ અને અમુક સ્થાવર તો નહિ હોય ને ?" પણ **सव्वे** શબ્દ લખવાથી એ સ્પષ્ટ થાય કે બધાં જ નારકોને ત્રસ જણાવેલા છે. એટલે એમાં એકેન્દ્રિયની જેમ સમજવાનું નથી. અર્થાત્ આ બધાં જ જીવો ત્રસ છે. પણ એકેન્દ્રિયોની માફક ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારે નથી.

કહ્યું છે કે 'પૃથ્વી-પાણી-વનસ્પતિ સ્થાવર છે અને તેજો-વાયુ તથા બેઈન્દ્રિય વગેરે એ ત્રસ છે.'

આ બધાં બેઈન્દ્રિયાદિજીવો અને પૃથ્વી વગેરે જીવો પરમધર્મવાળા છે. અહીં પરમ = સુખ. તે જ છે ધર્મ જેમનો, એવા આ જીવો છે. એનો અર્થ એ કે બધાં જીવો સુખની ઈચ્છાવાળા છે.

આવું છે, માટે આ જીવોને દુઃખોત્પાદનો ત્યાગ કરવાની ઈચ્છાથી આ છ જીવનિકાયોની હિંસા સ્વયં ન આદરવી... એ પ્રમાણે મૂળમાં યોગ = જોડાણ કરવું.

છઠ્ઠા જીવનિકાયનું નિગમન કરતાં કહે છે કે આ = અનંતર કહેવાયેલા કીડાદિ રૂપ જીવ એ છઠ્ઠો જીવનિકાય છે. પૃથ્વી વગેરે પાંચની અપેક્ષાએ આ કાય છઠ્ઠો કહેવાય. આ છઠ્ઠો જીવનિકાય 'ત્રસકાય' એમ તમામ તીર્થંકરો અને ગણધરો વડે પ્રકર્ષથી કહેવાય છે.

આ પ્રયોગનો = અનુમાનનો અર્થ = ભાવાર્થ છે.

---

प्रयोगश्च-विद्यमानकर्तृकमिदं शरीरम्, आदिमत्प्रतिनियताकारत्वात्, घटवत् । आह-इदं त्रसकायनिगमनमनभिधाय अस्थाने 'सर्वे प्राणिनः परमधर्माण' इत्यनन्तरसूत्रसंबन्धिसूत्राभिधानं किमर्थम् ?, उच्यते, निगमनसूत्रव्यवधानवदर्थान्तरेण व्यवधानख्यापनार्थम्, तथाहि-त्रसकायनिगमनसूत्रावसानो जीवाभिगमः, अत्रान्तरे अजीवाभिगमाधिकारः, तदर्थमभिधाय चारित्रधर्मो वक्तव्यः, तथा च वृद्धव्याख्या-एसो खलु छट्ठो जीवनिकाओ तसकाउत्ति पवुच्चइ, एस ते जीवाभिगमो भणिओ, इयाणिं अजीवाभिगमो भण्णइ-अजीवा दुविहा, तंजहा-पुग्गला य नोपोग्गला य, पोग्गला छव्विहा, तंजहा-सुहुमसुहुमा सुहुमा सुहुमबायरा बायरसुहुमा बायरा बायरबायरा । सुहुमसुहुमा परमाणुपोग्गला, सुहुमा दुपएसियाओ आढत्तो जाव सुहुमपरिणओ अणंतपएसिओ खंधो, सुहुमबायरा गंधपोग्गला, बायरसुहुमा वाउक्कायसरीरा, बादरा आउक्कायसरीरा उस्सादीणं, बायरबायरा तेउवणस्सइपुढवितससरीराणि । अहवा चउव्विहा पोग्गला, तंजहा-खंधा खंधदेसा खंधपएसा परमाणुपोग्गला, एस पोग्गलत्थिकाओ गहणलक्खणो, णोपोग्गलत्थिकाओ तिविहो, तंजहा-धम्मत्थिकाओ अधम्मत्थिकाओ आगासत्थिकाओ, तत्थ धम्मत्थिकाओ गइलक्खणो, अधम्मत्थिकाओ ठिइलक्खणो, आगासत्थिकाओ अवगाहलक्खणो, तथा चैतत्संवाद्यार्षम्-"दुविहा हुंति अजीवा पोग्गलनोपोग्गला य छ त्तिविहा परमाणुमादि पोग्गल णोपोग्गल धम्ममादीया ॥१॥ सुहुमसुहुमा य सुहुमा तह चेव य सुहुमबायरा णेया । बायरसुहुमा बायर तह बायरबायरा चेव ॥२॥ परमाणु दुप्पएसादिगा उ तह गंधपोग्गला होन्ति । वाऊ आउसरीरा तेऊमादीण चरिमा उ ॥३॥ धम्माधम्माऽऽगासा लोए णोपोग्गला तिहा होंति । जीवाईण गईट्ठिइअवगाहणिमित्तगा णेया ॥४॥"

---

અનુમાનપ્રયોગ આ પ્રમાણે થશે કે

આ શરીર (પક્ષ) વિદ્યમાનકર્તાવાળું છે (સાધ્ય) આદિવાળો, પ્રતિનિયતઆકાર

હોવાથી (હેતુ.) દા.ત. ઘટ (દૃષ્ટાન્ત).

(પ્રતિનિયતઆકાર તો આકાશનો પણ છે, ત્યાં કોઈ કર્તા નથી. એટલે જ **आदिमत्** શબ્દ છે. આકાશનો આકાર **आदिमत्** નથી. એટલે એમાં હેતું નથી, માટે સાધ્ય ન હોય તો પણ વાંધો નહિ.

**आदिमत्** આકાર તો વાદળાદિમાં પણ છે, ત્યાં કોઈ કર્તા નથી. એટલે જ **प्रतिनियत** શબ્દ મુકેલો છે. વાદળાદિનો આકાર અપ્રતિનિયત = અચોક્કસ છે... એટલે એમાં હેતુ ન રહેવાથી સાધ્ય ન રહે તો પણ વાંધો નથી...)

**પ્રશ્ન :** ત્રસકાયનાં આ નિગમનને કહ્યા વિના અસ્થાને **सर्वे प्राणिनः परमधर्माणः** એ અનંતરસૂત્રની સાથે સંબંધવાળા સૂત્રનું કથન શા માટે કર્યું ?

(૧. સર્વ જીવો સુખાભિલાષી છે. ૨. આ છઠ્ઠો જીવનિકાય ત્રસકાય કહેવાય છે, ૩. આ ષટ્જીવનિકાયની હિંસા ન કરવી... આ રીતે સૂત્રો આપેલા છે. નં. ૩ સૂત્ર એ હવે તરત જ કહેવાશે. એની સાથે નં. ૧ સૂત્રને સંબંધ આ પ્રમાણે છે કે બધાં જીવો સુખાભિલાષી છે, માટે બધા જીવોની હિંસા ન કરવી.... આમ નં. ૧ સૂત્ર એ અનંતરસૂત્ર સાથે સંબંધવાળું છે. એટલે ખરેખર તો નં. ૨ સૂત્ર પહેલાં, પછી નં. ૧ સૂત્ર અને પછી નં. ૩ સૂત્ર કહેવું જોઈએ. જ્યારે અહીં વિપરીત કરેલું છે.

વળી આ બધાંની પૂર્વે ત્રસકાયનું વર્ણન કરેલું છે, એટલે ખરેખર તો પહેલાં ત્રસકાયનું નિગમન જ આવે, એ પછી જ 'આ છયેકાયનાં જીવો સુખાભિલાષી છે...' વગેરે આવે. પણ અહીં એવું નથી કર્યું.

એટલે પ્રશ્નકાર પૂછે છે કે ત્રસકાયનિગમનને = નં. ૨ સૂત્રને કહ્યા વિના જ નં. ૩ સૂત્ર સાથે સંબંધવાળા નં. ૧ સૂત્રનું અસ્થાને કથન કેમ કર્યું ?)

**ઉત્તર :** નિગમનસૂત્રનાં વ્યવધાનની જેમ અર્થાન્તરથી પણ વ્યવધાન જણાવવા માટે આવું કરેલું છે.

તે આ પ્રમાણે – (જીવાભિગમ, અજીવાભિગમ, ચારિત્રધર્મ...વગેરે અર્થો અહીં કહેવાના છે એમાં) ત્રસકાયનાં નિગમનનાં સૂત્ર સુધી જીવાભિગમ છે. એ થાય એટલે એ દરમ્યાન અજીવાભિગમનો અધિકાર છે. તેના અર્થને કહીને ચારિત્રધર્મ કહેવાનો છે. (હવે જો દશવૈકાલિક મૂળસૂત્ર જોઈએ, તો એમાં ત્રસકાયનિગમનસૂત્ર પછી સીધું જ ચારિત્રધર્મનું જ વર્ણન શરૂ કરી દીધું છે. વચ્ચે અજીવાભિગમની પ્રરૂપણા જ નથી. જ્યારે ખરેખર તો જીવાભિગમ અને ચારિત્રધર્મ

એ બે અર્થો વચ્ચે અજીવાભિગમનો અર્થ છે જ.

આમ જીવાભિગમ અને ચારિત્રધર્મ વચ્ચે અજીવાભિગમ અર્થનું વ્યવધાન છે. એ જણાવવું જરૂરી છે. એ જણાવવા માટે જ એકબીજાનાં સંબંધવાળા નં. ૧ અને નં. ૩ સૂત્રની વચ્ચે નં. ૨ સૂત્ર = ત્રસકાય નિગમનસૂત્ર મૂકી દીધું છે. આનાથી બધાને ખબર પડે કે નં. ૧ અને નં. ૩ સૂત્ર વચ્ચે સંબંધ હોવા છતાં વચ્ચે નં.૨ સૂત્રનું વ્યવધાન કર્યું છે. નં. ૧ અને નં. ૩ સૂત્રને સાથે મુકવાને બદલે બે વચ્ચે એક સૂત્રનું અંતર પાડી દીધું છે... એટલે એની જેમ જીવાભિગમ અને ચારિત્રધર્મની વચ્ચે અજીવાભિગમ અર્થાધિકાર સમજી લેવાનો.)

(એ અજીવાભિગમ અર્થાધિકાર દર્શાવતી) વૃદ્ધવ્યાખ્યા આ પ્રમાણે છે.

આ છઠ્ઠો જીવનિકાય ત્રસકાય એમ કહેવાય છે. તમને આ જીવાભિગમ કહેવાયો. હવે અજીવાભિગમ કહેવાય છે. અજીવો બે પ્રકારે છે. પુદ્ગલો અને નોપુદ્ગલો.

પુદ્ગલો છ પ્રકારે છે (૧) સૂક્ષ્મસૂક્ષ્મ (૨) સૂક્ષ્મ (૩) સૂક્ષ્મબાદર (૪) બાદરસૂક્ષ્મ (૫) બાદર (૬) બાદરબાદર.

(૧) **સૂક્ષ્મસૂક્ષ્મ :** પરમાણુપુદ્ગલો. (૨) **સૂક્ષ્મ :** બે પ્રદેશનાં બનેલા સ્કંધથી માંડીને સૂક્ષ્મપરિણામવાળો અનંતપ્રાદેશિક સ્કંધ... (ઔદારિક ગ્રાહ્યવર્ગણાની પૂર્વેનાં અનંતપ્રાદેશિક સ્કંધો સૂક્ષ્મપરિણામી છે...)

(૩) **સૂક્ષ્મબાદર** ગંધપુદ્ગલો (સુગંધી પુદ્ગલો દેખાય નહિ, પણ ગંધ અનુભવાય...)

(૪) **બાદરસૂક્ષ્મ :** વાયુકાયશરીરો. (સ્પષ્ટપણે અનુભવાય, પણ દેખાય નહિ...)

(૫) **બાદર :** ઝાકળ વગેરેનાં અપ્કાયનાં બનેલા શરીરો.

(૬) **બાદર-બાદર** તેજસ્કાય, વનસ્પતિકાય, પૃથ્વી અને ત્રસનાં શરીરો.

અથવા

ચાર પ્રકારનાં પુદ્ગલો છે.

તે આ પ્રમાણે

સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ, પરમાણુપુદ્ગલ.

આ પુદ્ગલાસ્તિકાય ગ્રહણલક્ષણવાળો છે, અર્થાત્ જીવ એનું ગ્રહણ કરી શકે છે.

નોપુદ્ગલાસ્તિકાય ત્રણ પ્રકારનો છે.

તે આ પ્રમાણે - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય.

તેમાં ધર્માસ્તિકાય ગતિલક્ષણવાળો છે. (એના આધારે - જીવપુદ્ગલો ગતિ કરે છે.)

અધર્માસ્તિકાય સ્થિતિલક્ષણવાળો છે. (એના આધારે જીવ-પુદ્ગલો સ્થિર રહી શકે છે.)

આકાશાસ્તિકાય અવકાશલક્ષણવાળો છે. (જીવ-પુદ્ગલાદિને રહેવાની જગ્યા આપે છે.)

આ જ વાતની સાથે સંવાદવાળું ઋષિવચન આ છે કે (૧) અજીવો બે પ્રકારે છે. પુદ્ગલ અને નોપુદ્ગલ. પુદ્ગલ છ પ્રકારે, નોપુદ્ગલ ત્રણ પ્રકારે છે. પરમાણુ વગેરે પુદ્ગલ છે. ધર્માસ્તિકાયાદિ નોપુદ્ગલ છે.

(૨) સૂક્ષ્મસૂક્ષ્મ, સૂક્ષ્મ, સૂક્ષ્મબાદર, બાદરસૂક્ષ્મ, બાદર, બાદરબાદર.

(૩) પરમાણુ, દ્વિપ્રદેશિકાદિ, ગંધપુદ્ગલ, વાયુ, અપ્શરીર, તેજ વગેરેનાં શરીર ચરમ = છેલ્લા = બાદરબાદર.

(૪) લોકમાં ધર્મ, અધર્મ, આકાશ એમ નોપુદ્ગલો ત્રણ પ્રકારે છે. જીવાદિને ગતિ, સ્થિતિ અને અવગાહમાં નિમિત્તરૂપ જાણવા.

---

**इच्चेसिं छण्हं जीवनिकायाणं नेव सयं दंडं समारंभिज्जा नेवन्नेहिं दंडं समारंभाविज्जा दंडं समारंभंतेऽवि अन्ने न समणुजाणामि जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि । ( सूत्र० २ )**

---

**સૂત્ર-૨ સૂત્રાર્થ :** આ છ જીવનિકાયોનો સ્વંય દંડ ન કરવો, બીજા વડે દંડ ન કરાવવો, દંડ કરતાં અન્યને હું રજા નહિ આપું... યાવજ્જીવ ત્રિવિધ-ત્રિવિધે, મન-વચન-કાયાથી કરીશ નહિ, કરાવીશ નહિ, કરતાં એવા પણ અન્યને અનુમતિ નહિ આપું. હે ભંતે ! તેનું પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું, આત્માને વોસિરાવું છું.

---

उक्तो जीवा( जीवा )भिगमः, साम्प्रतं चारित्रधर्मः, तत्रोक्तसंबन्धमेवेदं सूत्रम्- 'इच्चेसिं' इत्यादि, सर्वे प्राणिनः परमधर्माण इत्यनेन हेतुना 'एतेषां षण्णां जीवनिकायाना'मिति, सुपां सुपो भवन्तीति सप्तम्यर्थे षष्ठी, एतेषु षट्सु जीवनिकायेषु- अनन्तरोदितस्वरूपेषु नैव 'स्वयम्' आत्मना 'दण्डं' संघट्टनपरितापनादिलक्षणं

'समारभेत' प्रवर्तयेत्, तथा नैव 'अन्यैः' प्रेष्यादिभिः 'दण्डम्' उक्तलक्षणं 'समारंभयेत्' कारयेदित्यर्थः, दण्डं समारभमाणानप्यन्यान् प्राणिनो 'न समनुजानीयात्' नानुमोदयेदिति विधायकं भगवद्वचनम् । यतश्चैवमतो 'यावज्जीव'मित्यादि यावद् व्युत्सृजामि, एवमिदं सम्यक् प्रतिपद्येतेत्यैदम्पर्यं, पदार्थस्तु-जीवनं जीवा यावज्जीवा यावज्जीवम्-आप्राणोपरमादित्यर्थः, किमित्याह-'त्रिविधं त्रिविधेने'ति तिस्रो विधा-विधानानि कृतादिरूपा अस्येति त्रिविधः, दण्ड इति गम्यते, तं त्रिविधेन करणेन, एतदुपन्यस्यति-मनसा वाचा कायेन, एतेषां स्वरूपं प्रसिद्धमेव, अस्य च करणस्य कर्म उक्तलक्षणो दण्डः, तं वस्तुतो निराकार्यतया सूत्रेणैवोपन्यस्यन्नाह-'न करोमि स्वयं, न कारयाम्यन्यैः, कुर्वन्तमप्यन्यं न समनुजानामी'ति, 'तस्य भदन्त ! प्रतिक्रामामी'ति तस्येत्यधिकृतो दण्डः संबध्यते, संबन्धलक्षणा अवयवलक्षणा वा षष्ठी, योऽसौ त्रिकालविषयो दण्डस्तस्य संबन्धिनमतीतमवयवं प्रतिक्रामामि, न वर्तमानमनागतं वा, अतीतस्यैव प्रतिक्रमणात्, प्रत्युत्पन्नस्य संवरणादनागतस्य प्रत्याख्यानादिति, भदन्तेति गुरोरामन्त्रणम्, भदन्त भवान्त भयान्त इति साधारणा श्रुतिः, एतच्च गुरुसाक्षिक्येव व्रतप्रतिपत्तिः साध्वीति ज्ञापनार्थं, प्रतिक्रामामीति भूताद्दण्डान्निवर्तेऽहमित्युक्तं भवति, तस्माच्च निवृत्तिर्यत्तदनुमतेर्विरमणमिति, तथा 'निन्दामि गर्हामी'ति, अत्रात्मसाक्षिकी निन्दा परसाक्षिकी गर्हा-जुगुप्सोच्यते, 'आत्मानम्' अतीतदण्डकारिणमश्लाघ्यं 'व्युत्सृजामी'ति विविधार्थो विशेषार्थो वा विशब्दः उच्छब्दो भृशार्थः सृजामीति-त्यजामि, ततश्च विविधं विशेषेण वा भृशं त्यजामि व्युत्सृजामीति । आह-यद्येवमतीतदण्डप्रतिक्रमण-मात्रमस्यैदम्पर्यं न प्रत्युत्पन्नसंवरणमनागतप्रत्याख्यानं चेति, नैतदेवं, न करोमीत्यादिना तदुभयसिद्धेरिति ॥

---

**ટીકાર્થ :** જીવા(જીવા)ભિગમ કહેવાઈ ગયો.

હવે ચારિત્રધર્મ....

તેમાં કહેવાઈ ગયેલા સંબંધવાળું જ આ સૂત્ર છે **इच्चेसिं...**

'બધાં જીવો સુખાભિલાષી છે' આ કારણથી આ છ જીવનિકાયોને વિશે દંડનો સમારંભ ન કરવો. પ્રાકૃતમાં **सुपां सुपो भवन्ति** એ નિયમ પ્રમાણે બધી વિભક્તિની બધી જ વિભક્તિઓ થઈ શકે છે, એટલે સૂત્રમાં રહેલી છઠ્ઠી વિભક્તિ એ સાતમીનાં અર્થમાં જાણવી.

અનંતર જેમનું સ્વરૂપ કહેવાઈ ગયું છે, એવા આ છ જીવનિકાયોને વિશે સ્વયં = જાતે દંડ = સંઘટ્ટો, પરિતાપ વગેરેને પ્રવર્તાવવા નહિ.

તથા નોકર વગેરે દ્વારા ઉપરોક્ત લક્ષણવાળા દંડને કરાવવો નહિ.

દંડને પ્રવર્તાવતા એવા પણ અન્યપ્રાણીઓને અનુમતિ આપવી નહિ.

આ વિધાયક એવું જિનવચન છે. અર્થાત્ 'સાધુએ આ બધું ન કરવું.' વિધાનકરનાર આ જિનવચન છે. (સૂત્રમાં **समणुजाणामि** શબ્દ છે, પણ ખરેખર **समणुजाणेज्जा** પાઠ હોવો જોઈએ. એ જ વધુ સંગત થાય છે. ત્યાંસુધીનો પાઠ ભગવાન બોલે છે... એમ દર્શાવવું છે. તેઓ આપણને આ બધું કરવાનું વિધાન કરે છે... એટલે 'હું રજા નહિ આપું...' એવો અર્થ સંગત ન થાય...)

ભગવાન આ પ્રમાણે વિધાન કરે છે, આથી જ **जावज्जीवाए** થી માંડીને **वोसिरामि**.. એટલું આ પ્રમાણે આ સમ્યક્રીતે સાધુએ સ્વીકારવું જોઈએ.

(ભગવાને કહ્યું છે કે 'જીવો ઉપર દંડ કરવો, કરાવવો, અનુમોદવો જોઈએ નહિ' એટલે આપણે આ રીતે સ્વીકારવું જોઈએ કે 'હું જીવો ઉપર દંડ કરીશ, કરાવીશ, અનુમોદીશ નહિ....)

આ અહીં તાત્પર્ય છે.

પદોનો અર્થ આ પ્રમાણે છે –

જીવન એટલે જીવો. જ્યાંસુધી જીવ રહે ત્યાંસુધી એ **जावज्जीवाए**...

ત્યાંસુધી શું કરવું ? એ બતાવે છે કે

કૃતાદિરૂપ ત્રણ વિધાન જેના છે, તે ત્રિવિધ. અહીં દંડ શબ્દ સમજી લેવો. તે ત્રિવિધ દંડને ત્રિવિધકરણ વડે... એ **त्रिविधेन** શબ્દથી જે ત્રણ લેવાના છે, એનો જ ઉપન્યાસ કરે છે કે મનથી, વચનથી, કાયાથી.

આ ત્રણનું સ્વરૂપ પ્રસિદ્ધ જ છે.

આ મન વગેરે રૂપ ત્રિવિધ કરણનું કર્મ કહેવાયેલા લક્ષણવા ો સંઘટ્ટનાદિરૂપ દંડ છે. તે દંડને જ વસ્તુતઃ નિરાકરણ કરવાયોગ્ય તરીકે સૂત્રથી જ જણાવતાં કહે છે કે 'હું સ્વયં કરીશ નહિ, બીજાઓવડે કરાવીશ નહિ, કરતાં એવા પણ અન્યને રજા આપીશ નહિ...' (આના દ્વારા ત્રિવિધ દંડ જ પરમાર્થથી નિરાકાર્ય તરીકે દર્શાવ્યો...)

**तस्स** = **तस्य** એ શબ્દથી અધિકૃત દંડ જ લેવાનો `

અહીં છઠ્ઠીવિભક્તિ સંબંધલક્ષણવાળી અથવા તો અવયવલક્ષણવાળી જાણવી.

**પ્રશ્ન :** એટલે શું ? કંઈ સમજણ ન પડી ?

**ઉત્તર :** જે આ ત્રિકાલવિષયક દંડ છે, તેના સંબંધી ભૂતઅવયવનું હું પ્રતિક્રમણ કરું છું. પણ વર્તમાન કે અનાગત અવયવનું પ્રતિક્રમણ કરતો નથી. કેમકે અતીતનું જ પ્રતિક્રમણ થાય. વર્તમાનદંડનું સંવરણ થાય, અને અનાગતદંડનું પચ્ચક્ખાણ થાય (પણ એ બેનાં પ્રતિક્રમણ ન થાય.)

(આશય એ છે કે **तं = दंडं प्रतिक्रमामि** એમ કહેવાને બદલે **तस्य - दंडस्य प्रतिक्रमामि** એમ જે સૂત્રમાં કહ્યું છે, એનાથી સહજ રીતે પ્રશ્ન ઊભો થાય કે "બીજીવિભક્તિને બદલે છઠ્ઠી કેમ કરી ? વ્યાકરણ મુજબ તો કર્મને બીજીવિભક્તિ જ લાગે..."

એટલે ખુલા ો કરવો પડ્યો કે આ છઠ્ઠીવિભક્તિ સંબંધ અથવા અવયવ અર્થમાં છે. અર્થાત્ દંડનાં ત્રણ અવયવો = અંશો છે. અતીતદંડ, વર્તમાનદંડ, અનાગતદંડ... એમાંથી અતીતદંડરૂપી એક અવયવનું જ પ્રતિક્રમણ કરવાનું છે. બાકીનાં બેનું નહિ. હવે જો દંડ લખે, તો બધાં જ દંડોનું પ્રતિક્રમણ ગણાય, જે ઈષ્ટ નથી. એટલે ષષ્ઠીવિભક્તિ કરી છે. એનાથી એ બતાવવું છે કે સંપૂર્ણદંડનાં સંબંધી જે એક અતીતદંડાત્મક અવયવ, તેનું પ્રતિક્રમણ....

કોઈને પ્રશ્ન થાય કે વર્તમાન + અનાગતદંડનું પ્રતિક્રમણ કેમ નહિ ? તો એના સમાધાન માટે કહે છે કે વર્તમાનમાં તો જે પાપ થવાનું છે, એને અટકાવી શકાય છે, એટલે એનું સંવરણ કરાય. અને ભાવીમાં જે દંડ થઈ શકવાના છે, એ ન કરવાની પ્રતિજ્ઞા કરાય. પ્રતિક્રમણ તો જે પાપ ભૂતમાં થઈ ચૂક્યા છે એનાથી ભાવથી પણ હટવારૂપ છે...)

**भंते - भदन्त** એ ગુરુને આમંત્રણ છે.

**भंते** શબ્દની ભદન્ત, ભવાન્ત, ભયાન્ત આ સાધારણશ્રુતિ છે. એટલે કે સંસ્કૃતનાં આ ત્રણે શબ્દો માટે **भंते** નામનો એક જ સાધારણ શબ્દ વપરાય છે.

આ આમંત્રણ એ જણાવવા માટે કરેલું છે કે, "ગુરુની સાક્ષીએ જ વ્રતની પ્રતિપત્તિ સારી." (આમંત્રણનો અર્થ એ કે ગુરુ હાજર છે, એની સાક્ષીએ આ વ્રત સ્વીકારાય છે...)

**प्रतिक्रमामि** એટલે ભૂતકાલીન દંડથી હું પાછો ફરું છું, નિવૃત્ત થાઉં છું એમ

કહેવાયેલું થાય છે.

**પ્રશ્ન :** ભૂતકાળનો દંડ તો થઈ જ ગયો છે, એનાથી અટકવાનું = નિવૃત્ત થવાનું શક્ય જ શી રીતે છે ?

**ઉત્તર :** ભૂતદંડની અનુમોદનાથી જે વિરમણ = અટકવું, એ જ ભૂતદંડથી નિવૃત્તિ ગણાય.

**निन्दामि, गर्हामि**

એમાં આત્મસાક્ષિકી નિંદા છે.

પરસાક્ષિકી ગર્હા છે, એટલે કે પાપજુગુપ્સા

**आत्मानं वोसिरामि**

ભૂતકાલીન દંડને કરનારા અપ્રશંસનીય મારા આત્માને હું વોસિરાવું છું.

**वि + उत् + सृजामि** એમ **व्युत्सृजामि** શબ્દ બને. તેમાં **वि** વિવિધઅર્થવાળો કે વિશેષઅર્થવાળો છે. **उत्** શબ્દ પુષ્કળ અર્થમાં છે. **सृजामि** એટલે **त्यजामि** એટલે વિવિધપ્રકારે કે વિશેષથી એ પાપી આત્માને ત્યાગું છું. આ **व्युत्सृजामि** નો અર્થ થાય.

**પ્રશ્ન :** જો આ પ્રમાણે હોય તો ભૂતકાલીનદંડનું પ્રતિક્રમણ માત્ર જ આ સૂત્રનું તાત્પર્ય થયું, પણ પ્રત્યુત્પન્નનું સંવરણ અને અનાગતનું પચ્ચક્ખાણ આનો સાર નહિ ગણાય.

**ઉત્તર :** આ વાત બરાબર નથી. કેમકે **न करोमि...** એ વગેરે દ્વારા તે બંનેની સિદ્ધિ થાય છે. અર્થાત્ એ શબ્દો દ્વારા વર્તમાનદંડનું સંવરણ અને ભાવિદંડનું પચ્ચક્ખાણ જ કરાય છે.

---

**पढमे भंते ! महव्वए पाणाइवायाओ वेरमणं, सव्वं भंते ! पाणाइवायं पच्चक्खामि, से सुहुमं वा बायरं वा तसं वा थावरं वा, नेव सयं पाणे अइवाइज्जा नेवऽन्नेहिं पाणे अइवायाविज्जा पाणे अइवायंतेऽवि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि । पढमे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ पाणाइवायाओ वेरमणं ॥१॥ (सूत्र०३)**

સૂત્ર-૩ સૂત્રાર્થ : હે ભદન્ત ! પહેલા મહાવ્રતમાં પ્રાણાતિપાતથી વિરમણ છે. ભંતે ! સર્વ પ્રાણાતિપાતનું પચ્ચક્ખાણ કરું છું. તે સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર...સ્વયં જીવોને મારીશ નહિ, બીજાઓ વડે મરાવીશ નહિ, મારનારા બીજાની અનુમોદના કરીશ નહિ. યાવજ્જીવ ત્રિવિધ-ત્રિવિધે મન-વચન-કાયાથી કરીશ નહિ. કરાવીશ નહિ, કરતાં અન્યને અનુમતિ આપીશ નહિ.

હે ભંતે ! તેનું હું પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું. આત્માને વોસિરાવું છું. હે ભદન્ત ! પહેલામહાવ્રતમાં ઉપસ્થિત થયો છું. મારે તમામ પ્રાણાતિપાતથી વિરમણ છે.

---

व्याख्या-अयं चात्मप्रतिपत्त्यर्हो दण्डनिक्षेपः सामान्यविशेषरूप इति, सामान्येनोक्तलक्षण एव, स तु विशेषतः पञ्चमहाव्रतरूपतयाऽप्यङ्गीकर्तव्य इति महाव्रतान्याह- 'पढमे भंते' इत्यादि, सूत्रक्रमप्रामाण्यात् प्राणातिपातविरमणं प्रथमं तस्मिन्, भदन्तेति गुरोरामन्त्रणं, 'महाव्रत' इति महच्च तद्व्रतं च महाव्रतं, महत्वं चास्य श्रावकसंबन्ध्यणुव्रतापेक्षयेति । अत्रान्तरे सप्तचत्वारिंशदधिकप्रत्याख्यान-भङ्गकशताधिकारः, तत्रेयं गाथा-'सीयालं भंगसयं पच्चक्खाणंमि जस्स उवलद्धं । सो पच्चखाणकुसलो सेसा सव्वे अकुसला उ ॥१॥' एनां चासंमोहार्थमुपरिष्टा-द्व्याख्यास्यामः । तस्मिन् महाव्रते 'प्राणातिपाताद्विरमण'मिति प्राणा-इन्द्रियादयः तेषामतिपातः प्राणातिपातः-जीवस्य महादुःखोत्पादनं, न तु जीवातिपात एव, तस्मात्-प्राणातिपाताद्विरमणं, विरमणं नाम सम्यग्ज्ञानश्रद्धानपूर्वकं सर्वथा निवर्तनं, भगवतोक्तमिति वाक्यशेषः, यतश्चैवमत उपादेयमेतदिति विनिश्चित्य 'सर्वं भदन्त ! प्राणातिपातं प्रत्याख्यामी'ति सर्वमिति-निरवशेषं, न तु परिस्थूरमेव, भदन्तेति गुर्वामन्त्रणं, प्राणातिपातमिति पूर्ववत्, प्रत्याख्यामीति प्रतिशब्दः प्रतिषेधे आङाभिमुख्ये ख्या-प्रकथने, प्रतीपमभिमुखं ख्यापनं प्राणातिपातस्य करोमि प्रत्याख्यामीति, अथवा-प्रत्याचक्षे-संवृतात्मा साम्प्रतमनागतप्रतिषेधस्य आदरेणाभिधानं करोमीत्यर्थः, अनेन व्रतार्थपरिज्ञानादिगुणयुक्त उपस्थानार्ह इत्येतदाह, उक्तं च-"पढिए य कहिय अहिगय परिहरउवठावणाइ जोगोत्ति । छक्कं तीहिं विसुद्धं परिहर णवएण भेदेण ॥१॥ पडपासाउरमादी दिट्ठंता होंति वयसमारुहणे । जह मलिणाइसु दोसा सुद्धाइसु णेवमिहइंपि ॥२॥" इत्यादि, एतेसिं लेसुद्देसेण सीसहियट्ठयाए अत्थो भण्णइ-पढियाए

सत्थपरिण्णाए दसकालिए छज्जीवणिकाए वा, कहियाए अत्थओ, अभिगयाए संमं परिक्खिऊण-परिहरइ छज्जीवणियाए मणवयकाएहिं कयकारावियाणुमइभेदेण, तओ ठाविज्जइ, ण अन्नहा । इमे य इत्थ पडादी दिट्ठंता-मइलो पडो ण रंगिज्जइ सोहिओ रंगिज्जइ, असोहिए मूलपाए पासाओ ण किज्जइ सोहिए किज्जइ, वमणाईहिं असोहिए आउरे ओसहं न दिज्जइ सोहिए दिज्जइ, असंठविए रयणे पडिबंधो न किज्जइ संठविए किज्जइ, एवं पढियकहियाईहिं असोहिए सीसे ण वयारोवणं किज्जइ सोहिए किज्जइ, असोहिए य करणे गुरुणो दोसा, सोहियापालणे सिस्सस्स दोसो त्ति कयं पसंगेण । यदुक्तम्-'सर्वं भदन्त ! प्राणातिपातं प्रत्याख्यामी'ति तदेतद्विशेषेण अभिधित्सुराह-'से सुहुमं वे'त्यादि, सेशब्दो मागधदेशीप्रसिद्धः अथशब्दार्थः, स चोपन्यासे, तद्यथा-'सूक्ष्मं वा बादरं वा त्रसं वा स्थावरं वा' अत्र सूक्ष्मोऽल्पः परिगृह्यते न तु सूक्ष्मनाम-कर्मोदयात्सूक्ष्मः, तस्य कायेन व्यापादनासंभवात्, तदेतद्विशेषतोऽभिधित्सुराह-'बादरोऽपि' स्थूरः, स चैकैको द्विधा-त्रसः स्थावरश्च, सूक्ष्मत्रसः कुन्थ्वादिः स्थावरो वनस्पत्यादिः, बादरस्त्रसो गवादिः स्थावरः पृथिव्यादिः, एतान्, 'णेव सयं पाणे अइवाएज्ज'त्ति प्राकृतशैल्या छान्दसत्वात्, 'तिङां तिङो भवन्ती'ति न्यायात् नैव स्वयं प्राणिनः अतिपातयामि, नैवान्यैः प्राणिनोऽतिपातयामि, प्राणिनोऽतिपातयतोऽप्यन्यान्न समनुजानामि, यावज्जीवमित्यादि पूर्ववत् । इह च 'सूक्ष्मं वा बादरं वे'त्यादिनोपलक्षित 'एकग्रहणे तज्जातीयग्रहण'मिति चतुर्विधः प्राणातिपातो द्रष्टव्यः, तद्यथा-द्रव्यतः क्षेत्रतः कालतो भावतश्चेति, तत्र द्रव्यतः षट्सु जीवनिकायेषु सूक्ष्मादिभेदभिन्नेषु, क्षेत्रतो लोके तिर्यग्लोकादिभेदभिन्ने, कालतोऽतीतादौ रात्र्यादौ वा, भावतो रागेण वा द्वेषेण वा, मांसादिरागशत्रुद्वेषाभ्यां तदुपपत्तेरिति । चतुर्भङ्गिका चात्र-दव्वओ णामेगे पाणाइवाए ण भावओ इत्यादिरूपा यथा द्रुमपुष्पिकायां तथा द्रष्टव्येति । व्रतप्रतिपत्तिं निगमयन्नाह-प्रथमे भदन्त ! महाव्रते 'उपस्थितोऽस्मि' उप-सामीप्येन तत्परिणामापत्या स्थितः, इत आरभ्य मम सर्वस्मात्प्राणातिपाताद्विरमणमिति । 'भदन्त' इत्यनेन चादिमध्यावसानेषु गुरुमनापृच्छ्य न किंचित्कर्तव्यं कृतं च तस्मै निवेदनीयमेवं तदाराधितं भवतीत्येवमाह ॥ उक्तं प्रथमं महाव्रतम् ॥

---

ટીકાર્થ : આત્માવડે સ્વીકાર કરવા માટે યોગ્ય એવો આ દંડત્યાગ સામાન્ય અને વિશેષરૂપ છે. સામાન્યથી તો કહેવાયેલા લક્ષણવાળો જ છે. તે દંડનિક્ષેપ વિશેષથી પાંચ

મહાવ્રત રૂપે પણ સ્વીકારવા યોગ્ય છે. એટલે મહાવ્રતોને કહે છે...

સૂત્રનાં ક્રમની પ્રામાણિકતા પ્રમાણે પ્રાણાતિપાતવિરમણ પ્રથમ છે. (સૂત્રમાં પ્રથમ એ જ દર્શાવેલું છે...) **भदन्त** એ શબ્દ ગુરુને આમંત્રણ છે.

મોટું એવું વ્રત તે મહાવ્રત. આની મહાનતા શ્રાવકસંબંધી અણુવ્રતોની અપેક્ષાએ જાણવી.

આ અણુ-મહાવ્રતની વાત નીકળી છે, એટલે એમાં પચ્ચક્ખાણના ૧૪૭ ભાંગાઓનો અધિકાર છે.

તેમાં આ ગાથા છે.

પચ્ચક્ખાણમાં ૧૪૭ ભાંગાઓ જેને ઉપલબ્ધ = પ્રસિદ્ધ = જ્ઞાત છે, તે પચ્ચક્ખાણમાં કુશલ ગણાય, બાકી બધા અકુશલ કહેવાય.

સંમોહ ન થાય = ભ્રમ ન થાય એ માટે આ ગાથાનું આગળ વ્યાખ્યાન કરશું.

મૂળવાત એ કે પહેલામહાવ્રતમાં પ્રાણાતિપાતથી વિરમણ....

પ્રાણો = ઈન્દ્રિયો વગેરે. તેનો અતિપાત એટલે કે જીવને મોટા દુઃખોનું ઉત્પાદન કરવું. માત્ર જીવનો અતિપાત જ પ્રાણાતિપાત નથી. (અર્થાત્ જીવ મરે એ જ પ્રાણાતિપાત નથી. પણ જીવને ઘણું દુઃખ ઉત્પન્ન થાય, એ પણ પ્રાણાતિપાત છે.

વિરમણ એટલે સમ્યગ્જ્ઞાન અને શ્રદ્ધાપૂર્વક સર્વપ્રકારે અટકવું તે.

પ્રથમમહાવ્રતમાં આ વિરમણ ભગવાનવડે કહેવાયેલું છે.

**भगवतोक्तम्** શબ્દ સૂત્રમાં નથી, તે વાક્યશેષ તરીકે જાણવો.

આવું છે, આથી 'એ વિરમણ ઉપાદેય છે' એમ વિનિશ્ચય કરીને (સાધુ બોલે છે કે) ભદન્ત ! બધાં પ્રાણાતિપાતને ત્યાગુ છું.

સર્વ = સંપૂર્ણ. માત્ર સ્થૂલપ્રાણાતિપાત નહિ.

'ભદન્ત' એ ગુરુને આમંત્રણ છે.

પ્રાણાતિપાત શબ્દ પૂર્વની જેમ સમજવો.

**प्रत्याख्यामि** માં **प्रति** શબ્દ નિષેધ અર્થમાં છે, **आ** ઉપસર્ગ અભિમુખતાનાં અર્થમાં છે. **ख्या** ધાતુ કથન અર્થમાં છે. પ્રાણાતિપાતની પ્રતિકૂળતાને અભિમુખ એવું કથન, (અર્થાત્ પ્રાણાતિપાતને પ્રતિકૂળ એવી અહિંસા=પ્રાણાતિપાતનાં ત્યાગને અભિમુખ કથન...) તેને હું કરું છું એમ **प्रत्याख्यामि** શબ્દનો અર્થ થાય.

અથવા

**प्रत्याचक्षे** શબ્દ લઈએ તો (વર્તમાનમાં પાપોથી) અટકેલા આત્માવાળો હું અત્યારે ભવિષ્યસંબંધી પ્રાણાતિપાતોનાં પ્રતિષેધનું આદરથી કથન કરું છું.

આના દ્વારા એ વાત કરી કે, "વ્રતનાં અર્થનું પરિજ્ઞાન વગેરે ગુણોથી યુક્ત આત્મા વડીદીક્ષાને યોગ્ય છે..." કહ્યું છે કે "ભણાય, કહેવાય, જણાય, પરિહાર કરે... તે ઉપસ્થાપનાને યોગ્ય છે. ત્રણથી વિશુદ્ધ ષટ્કને નવભેદવડે પરિહાર કરે. વ્રતનાં સમારોહણમાં પટ, પ્રાસાદ, આતુર વગેરે દૃષ્ટાન્તો છે. જેમ મલિનાદિમાં દોષ છે, શુદ્ધાદિમાં નથી. એમ અહીં પણ સમજવું."

શિષ્યોનાં હિતને માટે આ બે ગાથાનો લેશોદ્દેશથી = સંક્ષેપથી અર્થ કહેવાય છે. નૂતનદીક્ષિત આચારાંગનું શસ્ત્રપરિજ્ઞા અધ્યયન ભણે (ગોખે) કે પછી દશવૈકાલિકનું ષડ્જીવનિકા અધ્યયન ભણે... એ પછી ગુરુ એને એ અધ્યયન અર્થથી કહે. એ સમ્યગ્રીતે અર્થને જાણે. પછી સમ્યગ્રીતે પરીક્ષા કરીને ષડ્જીવનિકાયનો મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમતિભેદથી ત્યાગ કરે. પછી એને વડીદીક્ષા અપાય. એ સિવાય નહી.

આમાં આ પટાદિ દૃષ્ટાન્તો છે.

મલિનવસ્ત્ર રંગાય નહિ, શુદ્ધ કરાયેલું વસ્ત્ર રંગાય.

મૂલપાદ = પાયો શુદ્ધ કર્યા વિના પ્રસાદ ન કરાય, પણ પાયો શુદ્ધ કર્યા બાદ પ્રાસાદ કરાય.

આતુર = ગ્લાન વમનાદિથી શુદ્ધ ન થાય ત્યાંસુધી ઔષધ ન અપાય, પણ એ શુદ્ધ થાય પછી જ ઔષધ અપાય.

રત્ન સંસ્થાપિત ન હોય = ઘડેલું ન હોય, તો એનો પ્રતિબંધ ન કરાય એટલે કે વીંટી, હાર વગેરેમાં એ રત્ન ન લગાડાય. પણ સંસ્થાપિતરત્ન લગાડાય.

એમ પઠન-કથનાદિથી અશોધિત શિષ્યમાં વ્રતોનું આરોપણ ન કરાય, પણ શોધિત શિષ્યમાં કરાય.

અશોધિતમાં વ્રતારોપણ કરવામાં ગુરુને દોષો લાગે. (શોધિતશિષ્યમાં વ્રતારોપણ કર્યું હોય, પણ પછી) તે શોધિત શિષ્ય વ્રતોનું પાલન ન કરે તો શિષ્યને દો ો લાગે.

પ્રસંગથી સર્યું.

જે કહ્યું કે, 'ભદન્ત ! બધા પ્રાણાતિપાતનો ત્યાગ કરું છું' તે આ જ વાતને વિશેષથી

કહેવાની ઇચ્છાવાળા કહે છે. **से सुहुमं वा...**

**से** શબ્દ માગધદેશી ભાષામાં પ્રસિદ્ધ છે, એનો અર્થ **अथ** શબ્દ છે. તે **अथ** -શબ્દ ઉપન્યાસઅર્થમાં છે. તે આ પ્રમાણે - સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર...

અહીં સૂક્ષ્મ એટલે અલ્પજીવ લેવો. સૂક્ષ્મનામકર્મનાં ઉદયથી સૂક્ષ્મ નહિ. કેમકે એવા સૂક્ષ્મની તો આપણા શરીરવડે હિંસા થવાનો અસંભવ છે.

તે આને વિશેષથી કહેવાની ઇચ્છાવાળા કહે છે કે **'बादरोऽपि'** બાદર = સ્થૂલ. તે એક એક બે પ્રકારે છે. ત્રસ અને સ્થાવર.

સૂક્ષ્મત્રસ કુન્થુ વગેરે.

સૂક્ષ્મસ્થાવર વનસ્પતિ વગેરે.

બાદરત્રસ ગાય વગેરે.

બાદરસ્થાવર પૃથ્વી વગેરે.

આ જીવોને સ્વયં હું મારીશ નહિ.

(પ્રશ્ન : **अइवाएज्ज** શબ્દ ત્રીજો પુરુષ એકવચન છે, એ શબ્દ કેવી રીતે સંગત થાય ? પહેલો પુરુષ હોવો જોઈએ ને ?)

ઉત્તર  પ્રાકૃતશૈલીથી, છાન્દસપ્રયોગ હોવાથી, **तिङ्गां...** એ ન્યાય હોવાથી **अतिपातयामि** એમ સમજવું.

(અહીં **वा** લખ્યો નથી. એમ લાગે છે કે **अइवाएज्ज** - ત્રીજો પુરુષ એકવચનનો પ્રયોગ **अतिपातयामि** એમ જ સમજવાનો છે, અને એ માટે ત્રણ હેતુ આપ્યા છે. (૧) પ્રાકૃતશૈલી (૨) છાન્દસપ્રયોગ (૩) કોઈપણ પુરુષનો પ્રયોગ કોઈપણ પુરુષનાં પ્રયોગરૂપ હોઈ શકે. એ ન્યાય...)

હું સ્વયં જીવોને મારીશ નહિ, બીજાઓવડે જીવોને મરાવીશ નહિ, જીવોને મારનારા એવા પણ બીજાઓને અનુમતિ આપીશ નહિ.

**यावज्जीव** વગેરેનો અર્થ પૂર્વની જેમ સમજી લેવો.

અહીં **सूक्ष्मं वा बादरं** એ શબ્દવડે ઉપલક્ષિત કરાયેલો (એટલે કે સૂચિત કરાયેલો) એવો ચારપ્રકારનો પ્રાણાતિપાત જોવાનો છે. (આ શબ્દથી ચતુર્વિધ પ્રાણાતિપાત શી રીતે ઉપલક્ષિત થાય... તેના ઉત્તરરૂપે લખ્યું છે કે) એકનાં ગ્રહણમાં તજ્જાતીયનું ગ્રહણ થઈ જાય છે.

(સૂક્ષ્મ, બાદર એ બધાંની હિંસા દ્રવ્યની અપેક્ષાએ હિંસા ગણાય. સૂત્રમાં આ હિંસા દર્શાવેલી છે. હવે દ્રવ્યની અપેક્ષાએ હિંસા દર્શાવી, એટલે તજ્જાતીય તરીકે ક્ષેત્રની અપેક્ષાએ હિંસા, કાળની અપેક્ષાએ હિંસા... વગેરે પણ લઈ શકાય.)

તે આ પ્રમાણે,

દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી, ભાવથી.

તેમાં દ્રવ્યથી હિંસા સૂક્ષ્મ વગેરે ભેદથી જુદા જુદા છ જીવનિકાયોને વિશે હિંસા.

ક્ષેત્રથી હિંસા તિર્યગ્લોક વગેરે ભેદથી જુદા જુદા લોકને વિશે હિંસા.

કાલથી હિંસા અતીતાદિ કાળને વિશે કે રાત્રિ વગેરેને વિશે હિંસા.

ભાવથી હિંસા રાગથી કે દ્વેષથી હિંસા.

(પ્રશ્ન : હિંસા તો દ્વેષથી જ થાય ને ? રાગથી શી રીતે થાય ?)

ઉત્તર : માંસ વગેરેનાં રાગથી અને શત્રુ પ્રત્યેનાં દ્વેષથી એ હિંસાની ઉપપત્તિ થઈ શકે છે. (અર્થાત્ રાગજન્ય પણ હિંસા મળી શકે છે...)

અહીં ચતુર્ભંગી આ પ્રમાણે `

એક પ્રાણાતિપાત દ્રવ્યથી છે, ભાવથી નથી...વગેરે. જે રીતે દ્રુમપુષ્પિકામાં બતાવેલી, તે રીતે જાણવી.

વ્રતસ્વીકારનું નિગમન કરતાં કહે છે કે "હે ભદન્ત ! પહેલા મહાવ્રતમાં હું ઉપસ્થિત થયો છું. ઉપ = સમીપતાથી = વ્રતનાં પરિણામની પ્રાપ્તિવડે હું રહેલો છું. આ અવસરથી માંડીને મારે તમામ પ્રાણાતિપાતથી વિરમણ `."

અહીં અંતે પાછો **भदन्त** શબ્દ લીધો છે, એના દ્વારા એ વાત જણાવે છે કે શરૂઆતમાં, મધ્યમાં અને અંતમાં ગુરુને પૃચ્છા કર્યા વિના કંઈ ન કરવું. તથા આ ત્રણવાર પૂછીને પણ જે કરેલું હોય, તે ગુરુને જણાવવું. આ રીતે જ તે કાર્ય આરાધના કરાયેલું થાય છે.

પહેલું મહાવ્રત કહેવાઈ ગયું.

---

**अहावरे दुच्चे भंते ! महव्वए मुसावायाओ वेरमणं, सव्वं भंते ! मुसावायं पच्चक्खामि, से कोहा वा लोहा वा भया वा हासा वा, नेव सयं मुसं वइज्जा नेवऽन्नेहिं मुसं वायाविज्जा मुसं वयंतेऽवि अन्ने न समणुजाणामि जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं**

न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि । दुच्चे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ मुसावायाओ वेरमणं ॥२॥ (सू० ४)

सूत्र-४ सूत्रार्थ : હવે ભદન્ત ! અન્ય બીજા મહાવ્રતમાં મૃષાવાદથી વિરમણ છે. ભંતે ! સર્વ મૃષાવાદનું પ્રત્યાખ્યાન કરું છું. તે ક્રોધથી, લોભથી, ભયથી કે હાસ્યથી...સ્વયં મૃષા બોલીશ નહિ, બીજાઓ વડે મૃષા બોલાવીશ નહિ... (પ્રાણાતિપાતસૂત્રની જેમ જ બધું સમજવું.)

व्याख्या-इदानीं द्वितीयमाह-'अहावरे' इत्यादि, 'अथापरस्मिन् द्वितीये भदन्त ! महाव्रते मृषावादाद्विरमणं, सर्वं भदन्त ! मृषावादं प्रत्याख्यामी'ति पूर्ववत्, तद्यथा-'क्रोधाद्वा लोभाद्वे'त्यनेनाद्यन्तग्रहणान्मानमायापरिग्रहः, 'भयाद्वा हास्याद्वा' इत्यनेन तु प्रेमद्वेषकलहाभ्याख्यानादिपरिग्रहः, 'णेव सयं मुसं वएज्ज'त्ति नैव स्वयं मृषा वदामि नैवान्यैर्मृषा वादयामि मृषा वदतोऽप्यन्यान् न समनुजानामि इत्येतत् 'यावज्जीव'मित्यादि च भावार्थमधिकृत्य पूर्ववत् । विशेषस्त्वयम्-मृषावादश्चतुर्विधः, तद्यथा-सद्भावप्रतिषेधः असद्भावोद्भावनं अर्थान्तरं गर्हा च, तत्र सद्भावप्रतिषेधो यथा-नास्त्यात्मा नास्ति पुण्यं पापं चेत्यादि, असद्भावोद्भावनं यथा-अस्त्यात्मा सर्वगतः श्यामाकतन्दुलमात्रो वेत्यादि, अर्थान्तरं गामश्वमभिदधत इत्यादि, गर्हा काणं काणमभिदधत इत्यादिः, पुनरयं क्रोधादिभावोपलक्षितश्चतुर्विधः, तद्यथा-द्रव्यतः क्षेत्रतः कालतो भावतश्च, द्रव्यतः सर्वद्रव्येष्वन्यथाप्ररूपणात् क्षेत्रतो लोकालोकयोः कालतो रात्र्यादौ भावतः क्रोधादिभिः इति । द्रव्यादिचतुर्भङ्गी पुनरियम्-दव्वओ णामेगे मुसावाए णो भावओ भावओ णामेगे णो दव्वओ एगे दव्वओऽवि भावओऽवि एगे णो दव्वओ णो भावओ । तत्थ कोइ कहिंचि हिंसुज्जओ भणइ-इओ तए पसुमिणा(गा)इणो दिट्ठुत्ति ?, सो दयाए दिट्ठावि भणइ-ण दिट्ठुत्ति, एस दव्वओ मुसावाओ नो भावओ, अवरो मुसं भणीहामित्तिपरिणओ सहसा सच्चं भणइ एस भावओ नो दव्वओ, अवरो मुसं भणीहामित्तिपरिणओ मुसं चेव भणइ, एस दव्वओऽवि भावओऽवि, चरमभंगो पुण सुण्णो ॥२॥

ટીકાર્થ : બીજા મહાવ્રતને કહે છે. अहावरे....अपरस्मिन् પહેલા સિવાયનું... એ

અહીં બીજું લેવાનું. એ બીજા મહાવ્રતમાં મૃષાવાદથી વિરમણ (પ્રભુએ કહેલું છે.) ભદન્ત ! સર્વ મૃષાવાદનું પચ્ચક્ખાણ કરું છું. એ પૂર્વની જેમ સમજવું.

તે આ પ્રમાણે - ક્રોધથી કે લોભથી... અહીં પહેલા અને છેલ્લા કષાયનાં ગ્રહણથી માન અને માયા કષાયનો પરિગ્રહ કરી લેવો.

ભયથી કે હાસ્યથી... આનાવડે પ્રેમ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન વગેરેનો પરિગ્રહ કરવો.

હું સ્વયં મૃષા બોલીશ નહિ, બીજાવડે મૃષા બોલાવીશ નહિ. મૃષા બોલતાં એવા પણ બીજાઓને અનુમતિ આપીશ નહિ... આ બધું અને **यावज्जीवं** વગેરે બધું ભાવાર્થને આશ્રયીને પૂર્વની જેમ કહેવું.

વિશેષ આ છે.

મૃષાવાદ ચાર પ્રકારે છે. (૧) સદ્ભાવપ્રતિષેધ (૨) અસદ્ભાવઉદ્ભાવન (૩) અર્થાન્તર(૪) ગર્હા.

તેમાં સદ્ભાવપ્રતિષેધ આ પ્રમાણે કે,'આત્મા નથી, પુણ્ય અને પાપ નથી.' વગેરે.

અસદ્ભાવનું ઉદ્ભાવન આ પ્રમાણે કે,'આત્મા સર્વવ્યાપી છે કે શ્યામાકતંદુલ (ચોખા) જેટલો જ છે...' વગેરે.

અર્થાન્તર આ પ્રમાણે કે ગાયને ઘોડો કહે...

ગર્હા આ પ્રમાણે કે કાણાને કાણો કહે...વગેરે.

ક્રોધાદિ ભાવોથી ઉપલક્ષિત આ મૃષાવાદ બીજીરીતે પણ ચારપ્રકારનો છે. (ભાવથી મૃષાવાદ બતાવ્યો, એટલે ઉપલક્ષણથી દ્રવ્યથી મૃષાવાદ વગેરે પણ લઈ શકાય...)

તે આ પ્રમાણે... દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી.

**દ્રવ્યથી મૃષાવાદ :** સર્વ દ્રવ્યોમાં ખોટીપ્રરૂપણા કરવાથી.

**ક્ષેત્રથી મૃષાવાદ :** લોક અને અલોક વિષયમાં ખોટીપ્રરૂપણા કરવાથી.

**કાલથી મૃષાવાદ :** રાત્રિ વગેરે કાળ સંબંધમાં ખોટીપ્રરૂપણા કરવાથી. (અથવા તો રાત્રે કે દિવસે ખોટું બોલવું એ કાલપ્રધાનતાથી કાલમૃષાવાદ...)

**ભાવથી મૃષાવાદ :** ક્રોધ વગેરેથી મૃષાવાદ.

દ્રવ્યાદિની ચતુર્ભંગી વળી આ છે.

(૧) એક મૃષાવાદ દ્રવ્યથી છે, ભાવથી નથી.

(૨) એક મૃષાવાદ ભાવથી છે, દ્રવ્યથી નથી.

(૩) એક મૃષાવાદ દ્રવ્યથી પણ છે, ભાવથી પણ

(૪) એક મૃષાવાદ દ્રવ્યથી પણ નથી, ભાવથી પણ નથી.

(૧) તેમાં કોઈ કોઈક રીતે હિંસા કરવામાં ઉદ્યમવાળો છતો કહે છે કે, "તમે અહીંથી પશુ-હરણાદિ (જતાં) જોયા ?" તે (સાધુ વગેરે) દયાથી કહે છે કે, "નથી જોયા" આ દ્રવ્યથી મૃષાવાદ છે, ભાવથી નથી.

(૨) બીજો જીવ એવો છે કે "મૃષા ોલીશ" એ પ્રમાણે પરિણામવા ો થયો, છતાં સહસા સત્ય બોલે છે. આ ભાવથી મૃષા છે, દ્રવ્યથી નથી.

(૩) અન્ય જીવ 'મૃષા બોલીશ' એવા પરિણામવાળો છે અને મૃષા ોલે છે. આ દ્રવ્યથી અને ભાવથી મૃષા.

(૪) ચો ો ભાંગો શૂન્ય છે. (જે દ્રવ્યથી અને ભાવથી પણ મૃષા નથી, તે કાં તો મૌન અથવા તો સત્ય કહેવાય. એ મૃષાસંબંધી ચો ો ભાંગો ન ગણાય એટલે એ ભાંગો શૂન્ય કહ્યો છે.)

---

**अहावरे तच्चे भंते ! महव्वए अदिन्नादाणाओ वेरमणं, सव्वं भंते ! अदिन्नादाणं पच्चक्खामि, से गामे वा नगरे वा रण्णे वा अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं वा अचित्तमंतं वा नेव सयं अदिन्नं गिण्हिज्जा नेवऽन्नेहिं अदिन्नं गिण्हाविज्जा अदिन्नं गिण्हंते वि अन्ने न समणुजाणामि जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि । तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि । तच्चे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ॥३॥ ( सू० ५ )**

---

सूत्र-५ सूत्रार्थ : (લગભગ બધું જ પ્રથમ મહાવ્રતનાં સૂત્રની જેમ જાણવું, માત્ર) ગામમાં, નગરમાં કે જંગલમાં... અલ્પ કે બહુ, અણુ કે સ્થૂલ, સચિત્ત કે અચિત્ત...

---

व्याख्या-उक्तं द्वितीयं महाव्रतम्, अधुना तृतीयमाह-'अहावरे' इत्यादि, 'अथापरस्मिस्तृतीये भदन्त ! महाव्रते अदत्तादानाद्विरमणं, सर्वं भदन्त ! अदत्तादानं प्रत्याख्यामी'ति पूर्ववत्, तद्यथा-'ग्रामे वा नगरे वा अरण्ये वा' इति, अनेन क्षेत्रपरिग्रहः,

तत्र ग्रसति बुद्ध्यादीन् गुणानिति ग्रामः तस्मिन्, नास्मिन् करो विधत इति नकरम्, अरण्यं-काननादि । तथा 'अल्पं वा बहु वा अणु वा स्थूलं वा चित्तवद्वा अचित्तवद्वा' इति, अनेन तु द्रव्यपरिग्रहः, तत्राल्पं-मूल्यत एरण्डकाष्ठादि बहु-वज्रादि अणु-प्रमाणतो वज्रादि स्थूलम्-एरण्डकाष्ठादि, एतच्च चित्तवद्वा अचित्तवद्वेति-चेतनाचेतनमित्यर्थः । 'णेव सयमदिण्णं गेण्हिज्ज'त्ति नैव स्वयमदत्तं गृह्णामि नैवान्यैरदत्तं ग्राहयामि अदत्तं गृह्णतोऽप्यन्यान् न समनुजानामीत्येतद्यावज्जीवमित्यादि च भावार्थमधिकृत्य पूर्ववत्, विशेषस्त्वयम्-अदत्तादानं चतुर्विधं-द्रव्यतः क्षेत्रतः कालतो भावतश्च, द्रव्यतोऽल्पादौ क्षेत्रतो ग्रामादौ कालतो रात्र्यादौ भावतो रागद्वेषाभ्याम् । द्रव्यादिचतुर्भङ्गी पुनरियम्-दव्वओ णामेगे अदिण्णादाणे णो भावओ भावओ णामेगे णो दव्वओ एगे दव्वओऽवि भावओऽवि एगे णो दव्वओ णो भावओ । तत्थ अरत्तदुट्ठस्स साहुणो कहिंचि अणणुण्णवेऊण तणाइ गेण्हओ दव्वओ अदिण्णादाणं णो भावओ, हरामीति अब्भुज्जयस्स तदसंपत्तीए भावओ नो दव्वओ, एवं चेव संपत्तीए दव्वओवि भावओवि, चरिमभंगो पुण सुन्नो ॥३॥

---

ટીકાર્થ : બીજું મહાવ્રત કહેવાયું.

હવે ત્રીજા મહાવ્રતને કહે છે.. (બધું પૂર્વની જેમ...)

**ग्रामे वा...** એનાદ્વારા ક્ષેત્રનો પરિગ્રહ કર્યો છે.

તેમાં બુદ્ધિ વગેરે ગુણોને ગ્રસી જાય તે ગ્રામ. (ગામડીયાઓમાં બુદ્ધિ વગેરે ગુણો ઓછા હોય છે...)

જેમાં કર નથી તે નકર =

અરણ્ય એટલે જંગલ વગેરે.

તથા અલ્પ કે બહુ, અણુ કે સ્થૂલ, સચિત્ત કે અચિત્ત... આનાદ્વારા દ્રવ્યનો પરિગ્રહ કર્યો છે. તેમાં અલ્પ = મૂલ્યની અપેક્ષાએ એરંડીયાનું લાકડું વગેરે.

બહુ = મૂલ્યની અપેક્ષાએ વજ્ર વગેરે.

અણુ = પ્રમાણની અપેક્ષાએ વજ્ર વગેરે.

સ્થૂલ = પ્રમાણની અપેક્ષાએ એરંડીયાનું લાકડું વગેરે.

આ બધું જ સચિત્ત કે અચિત્ત હોઈ શકે છે.

હું જાતે આ અદત્તવસ્તુ લઈશ નહિ. અદત્તને બીજાવડે લેવડાવીશ નહિ. અદત્ત

લેનારા બીજાઓને અનુમતિ આપીશ નહિ... આ બધું અને યાવજ્જીવ... વગેરે એ બધું, ભાવાર્થની અપેક્ષાએ પૂર્વની જેમ જાણવું.

વિશેષ આ

અદત્તાદાન ચાર પ્રકારે છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી.

**દ્રવ્યથી :** અલ્પાદિ દ્રવ્ય વિશે અદત્તાદાન.

**ક્ષેત્રથી :** ગામ વગેરે ક્ષેત્રને વિશે અદત્તાદાન.

**કાલથી :** રાત્રિ વગેરેને વિશે અદત્તાદાન.

**ભાવથી :** રાગથી કે દ્વેષથી અદત્તાદાન.

દ્રવ્યાદિની ચતુર્ભંગી વળી આ

(૧) એક અદત્તાદાન દ્રવ્યથી છે, ભાવથી નથી.

(૨) એક અદત્તાદાન ભાવથી છે, દ્રવ્યથી નથી.

(૩) એક અદત્તાદાન દ્રવ્યથી પણ છે, ભાવથી પણ

(૪) એક અદત્તાદાન દ્રવ્યથી પણ નથી, ભાવથી પણ નથી.

તેમાં

(૧) રાગદ્વેષ વિનાનો સાધુ કોઈક કારણસર રજા લીધા વિના તણખલાદિ ગ્રહણ કરે તો દ્રવ્યથી અદત્તાદાન છે, ભાવથી નથી.

(૨) 'ચોરી કરું' એવા વિચાર-ઉદ્યમવાળાને ચોરી ન થઈ શકે ત્યારે ભાવથી ચોરી છે, દ્રવ્યથી નથી.

(૩) એ જ જીવને જો ચોરીની પ્રાપ્તિ થાય તો દ્રવ્યથી અને ભાવથી ચોરી છે.

(૪) છેલ્લો ભાંગો શૂન્ય... (એ ચોરી જ ન ગણાય...)

---

**अहावरे चउत्थे भंते ! महव्वए मेहुणाओ वेरमणं, सव्वं भंते ! मेहुणं पच्चक्खामि, से दिव्वं वा माणुसं वा तिरिक्खजोणियं वा, नेव सयं मेहुणं सेविज्जा नेवऽन्नेहिं मेहुणं सेवाविज्जा मेहुणं सेवंतेऽवि अन्ने न समणुजाणामि जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि । चउत्थे भंते ! महव्वए**

उवट्ठिओमि सव्वाओ मेहुणाओ वेरमणं ॥४॥ (सू० ६)

सूत्र-६ सूत्रार्थ (પૂર્વવત્...માત્ર) દિવ્ય, માનુષ્ય, તિર્યંચયોનિક...

व्याख्या-उक्तं तृतीयं महाव्रतम्, इदानीं चतुर्थमाह-'अहावरे' इत्यादि, 'अथापरस्मिंश्चतुर्थे भदन्त ! महाव्रते मैथुनाद्विरमणं, सर्वं भदन्त ! मैथुनं प्रत्याख्यामी'ति पूर्ववत्, तद्यथा-दैवं वा मानुषं वा तैर्यग्योनं वा, अनेन द्रव्यपरिग्रहः, देवीनामिदं दैवम्, अप्सरोऽमरसंबन्धीतिभावः, एतच्च रूपेषु वा रूपसहगतेषु वा द्रव्येषु भवति, तत्र रूपाणि-निर्जीवानि प्रतिमारूपाण्युच्यन्ते, रूपसहगतानि तु सजीवानि, भूषणविकलानि वा रूपाणि भूषणसहितानि तु रूपसहगतानि, एवं मानुषं तैर्यग्योनं च वेदितव्यमिति, 'णेव सयं मेहुणं सेविज्जा' नैव स्वयं मैथुनं सेवे, नैवान्यैर्मैथुनं सेवयामि, मैथुनं सेवमानानप्यन्यान्न समनुजानामि इत्येतद्यावज्जीवमित्यादि च भावार्थमधिकृत्य पूर्ववत् । विशेषस्त्वयम्-मैथुनं चतुर्विधं द्रव्यतः क्षेत्रतः कालतो भावतश्च, द्रव्यतो दिव्यादौ क्षेत्रतस्त्रिषु लोकेषु कालतो रात्र्यादौ भावतो रागद्वेषाभ्याम् । दोसेणमिमीए वयं भंजेमित्ति दोसुब्भवं, रागेण होइ । द्रव्यादिचतुर्भङ्गी त्वियम्-दव्वओ णामेगे मेहुणे णो भावओ १ भावओ णामेगे णो दव्वओ २ एगे दव्वओऽवि भावओऽवि ३ एगे णो दव्वओ णो भावओ ४, तत्थ अरत्तदुट्ठाए इत्थियाए बला परिभुंजमाणीए दव्वओ मेहुणं णो भावओ, मेहुणसण्णापरिणयस्स तदसंपत्तीए भावओ णो दव्वओ, एवं चेव संपत्तीए दव्वओऽवि भावओऽवि, चरमभंगो पुण सुन्नो ॥४॥

**ટીકાર્થ :** ત્રીજું મહાવ્રત કહેવાયું. હવે ચોથું મહાવ્રત કહે છે... બધું પૂર્વેની જેમ જાણવું. દૈવ, માનુષ અને તૈર્યગ્યોન... આ ત્રણપ્રકારે મૈથુન છે. આનાદ્વારા દ્રવ્યનો પરિગ્રહ કર્યો. (દ્રવ્યથી મૈથુન દર્શાવ્યું...)

તેમાં દેવીઓનાં સંબંધી આ = મૈથુન તે દૈવ. એટલે કે દેવીઓ-દેવસંબંધી... આ મૈથુન રૂપમાં કે રૂપસહગત દ્રવ્યોમાં થાય.

તેમાં રૂપ એટલે નિર્જીવપ્રતિમારૂપ કહેવાય છે.

રૂપસહગત એટલે સજીવ. (સ્ત્રી વગેરે...)

અથવા ભૂષણ વિનાનાં સ્ત્રીશરીરાદિ એ રૂપ.

ભૂષણવાળા સ્ત્રીશરીરાદિ... એ રૂપસહગત.

આ રીતે માનુષ અને તિર્યંચયોનિસંબંધી પણ જાણવું.

હું સ્વયં મૈથુન સેવીશ નહિ, બીજાઓવડે મૈથુન સેવડાવીશ નહિ. મૈથુન સેવતાં એવા પણ અન્યજીવોને અનુમતિ આપીશ નહિ.. આ બધું અને **यावज्जीव...** વગેરે બધું જ ભાવાર્થની અપેક્ષાએ પૂર્વની જેમ જાણવું.

વિશેષ આ છે.

મૈથુન ચાર પ્રકારે છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી, ભાવથી.

દ્રવ્યથી દિવ્યાદિમાં, ક્ષેત્રથી ત્રણલોકમાં, કાલથી રાત્રિ વગેરેમાં, ભાવથી રાગદ્વેષ દ્વારા...

**પ્રશ્ન :** મૈથુન તો રાગથી જ થાય, દ્વેષથી શી રીતે ?

**ઉત્તર :** "આ સ્ત્રીનું વ્રત ભાંગી નાંખુ" એવા દ્વેષભાવથી પણ મૈથુન થાય. એ દ્વેષોદ્ભવવાળું મૈથુન રાગથી થાય. (મૂળમાં સ્ત્રી પ્રત્યેનો દ્વેષ છે. પણ સેવન વખતે રાગ આવી જ જાય...)

દ્રવ્યાદિ ચતુર્ભંગી વળી આ છે.

એક મૈથુન દ્રવ્યથી છે, ભાવથી નથી.

એક મૈથુન ભાવથી છે, દ્રવ્યથી નથી.

એક મૈથુન દ્રવ્યથી પણ છે, ભાવથી પણ છે.

એક મૈથુન દ્રવ્યથી પણ નથી, ભાવથી પણ નથી.

તેમાં રાગદ્વેષ વિનાની સ્ત્રી બલાત્કારથી ભોગવાતી હોય, તો એ સ્ત્રીને દ્રવ્યથી મૈથુન છે, ભાવથી નથી. મૈથુનસંજ્ઞાનાં પરિણામવાળા જીવને મૈથુનની પ્રાપ્તિ ન થાય તો એ ભાવથી છે, દ્રવ્યથી નથી. એને જ જો મૈથુનની પ્રાપ્તિ થઈ જાય તો દ્રવ્યથી અને ભાવથી પણ મૈથુન ગણાય. ચોથોભાંગો શૂન્ય છે.

---

**अहावरे पंचमे भंते ! महव्वए परिग्गहाओ वेरमणं, सव्वं भंते ! परिग्गहं पच्चक्खामि, से अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं वा अचित्तमंतं वा नेव सयं परिग्गहं परिगिण्हिज्जा नेवऽन्नेहिं परिग्गहं परिगिण्हाविज्जा परिग्गहं परिगिण्हंतेऽवि अन्ने न समणुजाणिज्जा जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न**

कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गिरिहामि अप्पाणं वोसिरामि । पंचमे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ परिग्गहाओ वेरमणं ॥५॥ (सू० ७)

સૂત્ર-૭ : સૂત્રાર્થ : (પૂર્વવત્...માત્ર) અલ્પ કે બહુ, અણુ કે સ્થૂલ, સચિત્ત કે અચિત્ત....

व्याख्या-उक्तं चतुर्थं महाव्रतं, साम्प्रतं पञ्चममाह-'अहावरे' इत्यादि, 'अथापरस्मिन् पञ्चमे भदन्त ! महाव्रते परिग्रहाद्विरमणं, सर्वं भदन्त ! परिग्रहं प्रत्याख्यामी'ति पूर्ववत् । तद्यथा-अल्पं वेत्याद्यवयवव्याख्यापि पूर्ववदेव, नैव स्वयं परिग्रहं परिगृह्णामि नैवान्यैः परिग्रहं परिग्राहयामि परिग्रहं परिगृह्णतोऽप्यन्यान्न समनुजानामीत्येतद्यावज्जीवमित्यादि च भावार्थमधिकृत्य पूर्ववत्, विशेषस्त्वयम्-परिग्रहश्चतुर्विधः, तद्यथा-द्रव्यतः क्षेत्रतः कालतो भावतश्च, द्रव्यतः सर्वद्रव्येषु क्षेत्रतो लोके कालतो रात्र्यादौ भावतो रागद्वेषाभ्याम्, अन्यद्वेषे परिग्रहोपपत्तेः । द्रव्यादिचतुर्भङ्गी पुनरियम्-दव्वओ नामेगे परिग्गहे णो भावओ १ भावओ णामेगे णो दव्वओ २ एगे दव्वओऽवि भावओऽवि ३ एगे णो दव्वओ णो भावओ ४। तत्थ अरत्तदुट्ठस्स धम्मोवगरणं दव्वओ परिग्गहो णो भावओ, मुच्छियस्स तदसंपत्तीए भावओ ण दव्वओ, एवं चेव संपत्तीए दव्वओऽवि भावओऽवि, चरमभंगो उण सुन्नो ॥५॥

ટીકાર્થ : ચોથું મહાવ્રત કહેવાઈ ગયું. હવે પાંચમું કહે છે. (બધું પૂર્વની જેમ જાણવું) **अल्पं** વગેરેની વ્યાખ્યા પણ પૂર્વની જેમ...સ્વયં પરિગ્રહ કરીશ નહિ. બીજાઓવડે પરિગ્રહ કરાવીશ નહિ. પરિગ્રહ કરતા એવા પણ અન્યોને અનુમતિ આપીશ નહિ...આ અને **यावज्जीवं...** વગેરે ભાવાર્થને આશ્રયીને પૂર્વની જેમ જાણવું.

વિશેષ આ છે.

પરિગ્રહ ચારપ્રકારનો છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી, ભાવથી.

દ્રવ્યથી સર્વદ્રવ્યોમાં, ક્ષેત્રથી લોકમાં, કાલથી રાત્રિ વગેરેમાં, ભાવથી રાગદ્વેષદ્વારા...

પ્રશ્ન : પરિગ્રહ તો રાગથી થાય ને ? દ્વેષથી શી રીતે થાય ?

ઉત્તર બીજાઓ ઉપર દ્વેષ હોય તો એ કારણસર પણ પરિગ્રહ ઘટી શકે છે.

(પ્રતિસ્પર્ધી પાંચ લાખ કમાય, તો એના પ્રત્યેનાં દ્વેષથી આ માણસ દસ લાખ ભેગા કરે... વગેરે તથા રાત્રિ વગેરે કાળ ગમી જવો... અથવા તો રાત્રિ વગેરેમાં તે તે દ્રવ્ય ભેગું કરવું... એ કાલપરિગ્રહ... વગેરે વિચારવું.)

દ્રવ્યાદિની ચતુર્ભંગી વળી આ પ્રમાણે છે.

(૧) એક પરિગ્રહ દ્રવ્યથી છે, ભાવથી નથી.

(૨) એક પરિગ્રહ ભાવથી છે, દ્રવ્યથી નથી.

(૩) એક પરિગ્રહ દ્રવ્યથી પણ છે, ભાવથી પણ

(૪) એક પરિગ્રહ દ્રવ્યથી પણ નથી, ભાવથી પણ નથી.

તેમાં રાગદ્વેષરહિત સાધુનું ધર્મોપકરણ દ્રવ્યથી પરિગ્રહ છે, ભાવથી નથી.

વસ્તુમાં મૂર્છાવાળાને તે વસ્તુની પ્રાપ્તિ ન થાય તો ભાવથી પરિગ્રહ છે, દ્રવ્યથી નથી. એ જ વ્યક્તિને જો વસ્તુની પ્રાપ્તિ થઈ જાય તો દ્રવ્યથી પણ છે અને ભાવથી પણ છે. ચોથોભાંગો શૂન્ય છે.

---

**अहावरे छट्ठे भंते ! वए राईभोयणाओ वेरमणं, सव्वं भंते ! राईभोयणं पच्चक्खामि, से असणं वा पाणं वा खाइमं वा साइमं वा, नेव सयं राइं भुंजेज्जा नेवऽन्नेहिं राइं भुंजाविज्जा राइं भुंजंतेऽवि अन्ने न समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि । छट्ठे भंते ! वए उवट्ठिओमि सव्वाओ राईभोयणाओ वेरमणं ॥६॥ ( सू० ८ )**

---

સૂત્ર-૮ : સૂત્રાર્થ : (પૂર્વવત્... માત્ર) અશન, પાન, ખાદિમ, સ્વાદિમ...

---

व्याख्या-उक्तं पञ्चमं महाव्रतम्, अधुना षष्ठं व्रतमाह-'अहावरे' इत्यादि, 'अथापरस्मिन् षष्ठे भदन्त ! व्रते रात्रिभोजनाद्विरमणं, सर्वं भदन्त ! रात्रिभोजनं प्रत्याख्यामी'ति पूर्ववत्, तद्यथा-अशनं वा पानं वा खाद्यं वा स्वाद्यं वा, अश्यत इत्यशनम्-ओदनादि, पीयत इति पानं-मृद्वीकापानादि खाद्यत इति खाद्यं-खर्जूरादि स्वाद्यत इति स्वाद्यं-ताम्बूलादि, 'णेव सयं राइं भुंजेज्जा' नैव स्वयं रात्रौ भुङ्क्ते नैवान्यै

रात्रौ भोजयामि रात्रौ भुञ्जानानप्यन्यान्नैव समनुजानामि इत्येतद्यावज्जीवमित्यादि च भावार्थमधिकृत्य पूर्ववत् । विशेषस्त्वयम्-रात्रिभोजनं चतुर्विधं, तद्यथा-द्रव्यतः क्षेत्रतः कालतो भावतश्च, द्रव्यतस्त्वशनादौ क्षेत्रतोऽर्धतृतीयेषु द्वीपसमुद्रेषु कालतो रात्र्यादौ भावतो रागद्वेषाभ्यामिति । स्वरूपतोऽप्यस्य चातुर्विध्यं, तद्यथा-रात्रौ गृह्णाति रात्रौ भुङ्क्ते १ रात्रौ गृह्णाति दिवा भुङ्क्ते २ दिवा गृह्णाति रात्रौ भुङ्क्ते ३ दिवा गृह्णाति दिवा भुङ्क्ते ४ संनिधिपरिभोगे, द्रव्यादिचतुर्भङ्गी पुनरियम्-दव्वओ णामेगे राइं भुंजइ णो भावओ १ भावओ णामेगे णो दव्वओ २ एगे दव्वओऽवि भावओऽवि ३ एगे णो दव्वओ णो भावओ ४, तत्थ अणुग्गए सूरिए उग्गओत्ति अत्थमिए वा अणत्थमिओत्ति अरत्तदुट्ठस्स कारणओत्ति रयणीए वा भुंजमाणस्स दव्वओ राईभोअणं णो भावओ, रयणीए भुंजामि मुच्छियस्स तदसंपत्तीए भावओ णो दव्वओ, एवं चेव संपत्तीए दव्वओऽवि भावओऽवि, चउत्थभंगो उण सुन्नो । एतच्च रात्रिभोजनं प्रथमचरम-तीर्थकरतीर्थयोः ऋजुजडवक्रजडपुरुषापेक्षया मूलगुणत्वख्यापनार्थं महाव्रतोपरि पठितं, मध्यमतीर्थकरतीर्थेषु पुनः ऋजुप्रज्ञपुरुषापेक्षयोत्तरगुणवर्ग इति ॥६॥

---

**ટીકાર્થ :** પાંચમું મહાવ્રત કહેવાયું. હવે છઠ્ઠું વ્રત કહે છે. (મહાવ્રત નહિ) આ છઠ્ઠાવ્રતમાં... પૂર્વની જેમ.

તે આ પ્રમાણે અશન...

જે ખવાય તે અશન. જેમકે ભાત વગેરે. (અન્નાદિ)

જે પીવાય, તે પાન. જેમકે દ્રાક્ષનું પાણી વગેરે.

જે ખવાય તે ખાદ્ય. જેમકે ખજુર વગેરે.

જે ચખાય તે સ્વાદ્ય. જેમકે તાંબુલ વગેરે.

હું સ્વયં રાત્રે ખાઈશ નહિ, બીજાઓવડે રાત્રે ખવડાવીશ નહિ. રાત્રે ખાતાં એવા પણ બીજાઓને અનુમતિ આપીશ નહિ... આ અને **यावज्जीवं** વગેરે ભાવાર્થને આશ્રયીને પૂર્વની જેમ જાણવું.

વિશેષ આ છે.

રાત્રિભોજન ચાર પ્રકારે છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી, ભાવથી.

દ્રવ્યથી અશનાદિમાં, `ત્રથી અઢીદ્વીપસમુદ્રોમાં, કાલથી રાત્રિ વગેરેમાં, ભાવથી રાગદ્વેષ દ્વારા...

સ્વરૂપથી પણ આ રાત્રિભોજનનાં ચાર ભેદ થાય.

તે આ પ્રમાણે (૧) રાત્રે ગ્રહણ કરે, રાત્રે વાપરે. (૨) રાત્રે ગ્રહણ કરે, દિવસે વાપરે. (૩) દિવસે ગ્રહણ કરે, રાત્રે વાપરે. (૪) દિવસે ગ્રહણ કરે, દિવસે વાપરે.

(પ્રશ્ન : દિવસે જ લે અને દિવસે જ વાપરે તો એમાં દોષ શું ?)

ઉત્તર : એકદિવસે લઈ એ રાત્રે પોતાની પાસે રાખી = સંનિધિ કરી બીજા દિવસે એનો પરિભોગ કરે, તો એ રીતે ચો ો ભાંગો ગણાય, એ પણ રાત્રિભોજન ગણાય.

(દ્રવ્યાદિની અપેક્ષાએ તો રાત્રિભોજનનાં ચાર પ્રકાર છે જ, પણ સ્વરૂપતઃ પણ એના ચાર પ્રકાર છે.) દ્રવ્યાદિ ચતુર્ભંગી વળી આ છે.

(૧) એક રાત્રિભોજન દ્રવ્યથી છે, ભાવથી નથી.

(૨) એક રાત્રિભોજન ભાવથી છે, દ્રવ્યથી નથી.

(૩) એક રાત્રિભોજન દ્રવ્યથી પણ છે, ભાવથી પણ છે.

(૪) એક રાત્રિભોજન દ્રવ્યથી પણ નથી, ભાવથી પણ નથી.

(૧) તેમાં સૂર્ય ઉગ્યો ન હોય, છતાં 'ઊગી ગયો છે' એમ જાણીને કે અસ્ત થઈ ગયો હોવા છતાં 'એ અસ્ત નથી થયો' એમ જાણીને રાગદ્વેષ વિના રાત્રે વાપરનારને અથવા તો કારણસર (જાણી જોઈને પણ) રાગદ્વેષ વિના રાત્રે વાપરનારાને દ્રવ્યથી રાત્રિભોજન છે. ભાવથી નથી. (૨) 'રાત્રે ખાઈશ' એ પ્રમાણે મૂર્છાવાળાને તેની પ્રાપ્તિ ન થાય તો ભાવથી રાત્રિભોજન છે, દ્રવ્યથી રાત્રિભોજન નથી. (૩) એ જ જીવને જો રાત્રિભોજનની પ્રાપ્તિ થાય, તો દ્રવ્યથી પણ અને ભાવથી પણ રાત્રિભોજન છે.

(૪) ચોથો ભાંગો શૂન્ય છે.

પહેલાતીર્થંકરનાં તીર્થમાં ઋજુજડ પુરુષો છે, છેલ્લાતીર્થંકરનાં તીર્થમાં વક્રજડ પુરુષો છે. (આ વક્રતા અને જડતાને લીધે તેઓ રાત્રિભોજનને નિર્દોષ માની બેસે... એ ન થાય એ માટે) તે પુરુષોની અપેક્ષાએ 'રાત્રિભોજનવિરમણ મૂલગુણ છે' એવું તે પુરુષોને દર્શાવવા માટે મહાવ્રતની ઉપર આ રાત્રિભોજન કહેવાયેલું છે.

મધ્યમતીર્થંકરોનાં તીર્થોમાં તો ઋજુ-પ્રાજ્ઞપુરુષોની અપેક્ષાએ ઉત્તરગુણનાં વર્ગમાં આ કહેવાયેલું છે.

---

**इच्चेयाइं पंच महव्वयाइं राइभोयणवेरमणछट्ठाइं अत्तहियट्ठयाए**

उवसंपज्जित्ता णं विहरामि ॥ ( सू०९ )

सूत्र-९ : सूत्रार्थ : આમ આ પાંચ મહાવ્રતો અને રાત્રિભોજનવિરમણ છઠ્ઠું વ્રત, આત્મહિતને માટે સ્વીકારીને હું વિચરું છું.

समस्तव्रताभ्युपगमख्यापनायाह-'इच्चेयाइं' इत्यादि, 'इत्येतानि' अनन्तरोदितानि पञ्च महाव्रतानि रात्रिभोजनविरमणषष्ठानि, किमित्याह-'आत्महिताय' आत्महितो-मोक्षस्तदर्थम्, अनेनान्यार्थं तत्त्वतो व्रताभावमाह, तदभिलाषानुमत्या हिंसादावनुमत्यादिभावात्, 'उपसंपद्य' सामीप्येनाङ्गीकृत्य व्रतानि 'विहरामि' सुसाधुविहारेण, तदभावे चाङ्गीकृतानामपि व्रतानामभावात्, दोषाश्च हिंसादिकर्तॄणामल्पायु-र्जिह्वाच्छेददारिद्र्यपण्डकदुःखितत्वादयो वाच्या इति । साम्प्रतं प्रागुपन्यस्तगाथा व्याख्यायते-'सप्तचत्वारिंशदधिकभङ्गशतं' वक्ष्यमाणलक्षणं 'प्रत्याख्याने' प्रत्याख्यानविषयं, यस्योपलब्धं भवति 'स' इत्थंभूतः प्रत्याख्याने कुशलो-निपुणः, शेषाः सर्वे 'अकुशलाः' तदनभिज्ञा इति गाथासमासार्थः । अवयवार्थस्तु भङ्गकयोजनाप्रधानः, स चैवं द्रष्टव्यः-'तिन्नि तिया तिन्नि दुया तिन्निक्केक्का य होंति जोएसु । तिदुएक्कं तिदुएक्कं तिदुएक्कं चेव करणाइं ॥१॥' त्रयस्त्रिकाः ( ३३३ ) त्रयो द्विकाः ( २२२ ) त्रयश्चैकका ( १११ ) भवन्ति योगेषु । कायवाङ्मनोव्यापारलक्षणेषु, त्रीणि द्वयमेकं त्रीणि द्वयमेकं त्रीणि द्वयमेकं चैव करणानि-मनोवाक्कायलक्षणानि इति पदघटना । भावार्थस्तु स्थापनया निर्दिश्य ( दर्श्य )ते, सा चेयम्-

३३३२२२१११
३२१३२१३२१
१३३३९९३९९

। काऽत्र भावना ?, न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि मणेणं वायाए काएणं एक्को भेओ । इयाणिं बिइओ-ण करेइ ण कारवेइ करंतंपि अन्नं न समणुजाणइ मणेणं वायाए इक्को भंगो तहा मणेणं काएणं बिइओ भंगो तहा वायाए काएण य तइओ भंगो, बिइओ मूलभेओ गओ । इयाणिं तइओ-ण करेइ ण कारवेइ करंतंपि अन्नं न समणुजाणइ मणेणं एक्को वायाए बिइयो काएणं तइओ, गओ तइओ मूलभेओ । इयाणिं चउत्थो-ण करेइ ण कारवेइ मणेणं वायाए काएणं इक्को न करेइ करंतं णाणुजाणइ बिइओ ण कारवेइ करंतं णाणुजाणइ तइओ, गओ चउत्थो मूलभेओ । इयाणिं पंचमो-ण करेइ ण कारवेइ मणेणं वायाए एक्को ण करेइ करंतं णाणुजाणइ बिइओ ण कारवेइ करंतं णाणुजाणइ तइओ, एए तिन्नि भंगा मणेणं वायाए लद्धा, अन्नेऽवि तिन्नि मणेणं

काएण य लब्भंति, तहावरेऽवि वायाए काएण य लब्भंति तिन्नि, एवमेव सव्वे एए नव, पंचमोऽप्युक्तो मूलभेदः । इदानीं षष्ठः- ण करेइ ण कारवेइ मणेणं इक्को, तहा ण करेइ करंतं णाणुजाणइ मणेणं बिइओ, ण कारवेइ करंतं णाणुजाणइ मनसैव तृतीयः, एवं वायाए काएणवि तिन्नि तिन्नि भंगा लब्भंति, एएऽवि सव्वे णव, उक्तः षष्ठो मूलभेदः । सप्तमोऽभिधीयते-ण करेइ मणेणं वायाए काएणं एक्को, एवं ण कारवेइ मणादीहिं बिइओ, करंतं णाणुजाणइ तइओ, सप्तमोऽप्युक्तो मूलभेदः । इदानीमष्टमः-ण करेइ मणेणं वायाए एक्को, मणेणं काएण य बिइओ, तहा वायाए काएण य तइओ, एवं ण कारवेइ एत्थंपि तिन्नि भंगा, एवमेव करंतं णाणुजाणइ एत्थंपि तिन्नि भंगा, एए सव्वे णव, उक्तोऽष्टमः । इदानीं नवमः-ण करेइ मणेणं एक्को, ण कारवेइ बिइओ, करंतं णाणुजाणइ तइओ, एवं वायाए बिइयं कायेणवि होइ तइयं, एवमेते सव्वेऽवि मिलिया णव, नवमोऽप्युक्तः । आगतगुणनमिदानीं क्रियते-"लद्धफलमाणमेयं भंगा उ हवंति अउणपन्नासं । तीयाणागयसंपतिगुणियं कालेण होइ इमं ॥१॥ सीयालं भंगसयं, कह ? कालतिएण होति गुणणा उ । तीतस्स पडिक्कमणं पच्चुप्पन्नस्स संवरणं ॥२॥ पच्चक्खाणं च तहा होइ य एसस्स एस गुणणा उ । कालतिएणं भणियं जिणगणधरवायएहिं च ॥३॥" इति गाथार्थः ॥ उक्तश्चारित्रधर्मः,

---

ટીકાર્થ : તમામ વ્રતોનાં સ્વીકારને દર્શાવવા માટે કહે છે કે "રાત્રિભોજન વિરમણ એ જેમાં છઠ્ઠું છે, એવા આ પાંચ મહાવ્રતોને આત્મહિત માટે = મોક્ષ માટે સમીપતાથી વ્રતોને સ્વીકારીને વિચરું છું."

**आत्महिताय** એ શબ્દ દ્વારા એ બતાવ્યું કે 'મોક્ષ સિવાય અન્ય કોઈ વસ્તુ માટે વ્રતો સ્વીકારાય, તો પરમાર્થથી તો વ્રતનો અભાવ જ છે... કેમકે રાજ્ય વગેરે અન્યવસ્તુની અભિલાષા એ તે વસ્તુની અનુમતિરૂપ છે, તેનાથી હિંસા વગેરેમાં અનુમતિ વગેરે લાગી જાય છે. (રાજ્યની અનુમતિ એટલે રાજ્યસંબંધી હિંસા વગેરેની અનુમતિ...)

આ વ્રતોને સામીપ્યથી = ભાવથી સ્વીકારીને સુસાધુવિહારથી વિચરીશ. જો સુસાધુવિહારથી ન વિચરે, તો સ્વીકારાયેલા એવા પણ વ્રતોનો અભાવ જ થાય.

અહીં હિંસા કરનારાને અલ્પઆયુષ્ય, મૃષાવાદીને જીભનો છેદ, અદત્તાદાનીને દરિદ્રતા, મૈથુન સેવીને નપુંસકતા, પરિગ્રહીને દુઃખ... વગેરે દોષ થાય... એ અહીં કહેવું. (જેથી વ્રત સ્વીકારનારને એમાં શ્રદ્ધાદિ વૃદ્ધિ પામે...)

હવે પૂર્વે ઉપન્યાસ કરાયેલી (૧૪૭ ભાંગાનું નિરૂપણ કરનારી) ગાથાનું વ્યાખ્યાન કરાય છે.

પચ્ચક્ખાણસંબંધી ૧૪૭ ભાંગાઓ જેને ઉપલબ્ધ છે, તે આવા પ્રકારનો જીવ પચ્ચક્ખાણમાં કુશલ છે. બાકીનાં સર્વજીવો અકુશલ છે, તેના અજ્ઞાતા છે.. આ રીતે ગાથાનો સંક્ષેપથી અર્થ થયો.

ગાથાનાં અવયવોનો અર્થ તો ૧૪૭ ભાંગાઓની યોજનાની પ્રધાનતાવા ો છે. તે અવયવાર્થ આ પ્રમાણે જાણવો.

ત્રણ ત્રિક, ત્રણ દ્વિક, ત્રણ એકએક યોગમાં થાય. ત્રણ-બે-એક, ત્રણ-બે-એક કરણો છે. યોગ એટલે કાયા, વાણી અને મનનો વ્યાપાર. કરણ એટલે મન, વચન, કાયા. (યોગમાં કાયવ્યાપાર = કરણ, વાક્વ્યાપાર = કારાવણ, મનોવ્યાપાર = અનુમોદન એમ અર્થ સમજવો.) આ ગા ાનાં પદોની ઘટના = સંબંધ = યોજના કરી.

ભાવાર્થ તો સ્થાપનાવડે દેખાડાય છે.

| તે આ પ્રમાણે | ૩ | ૩ | ૩ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | યોગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ | કરણ |
| | ૧ | ૩ | ૩ | ૩ | ૯ | ૯ | ૩ | ૯ | ૯ | ભાંગા |

**પ્રશ્ન :** આમાં ભાવના = ભાવાર્થ શું છે ?

**ઉત્તર :** પહેલો મૂળભેદ એટલે ૩ યોગ + ૩ કરણ. એટલે કરીશ નહિ, કરાવીશ નહિ. કરતાં એવા અન્યને અનુમોદીશ નહિ. (આ ત્રણ યોગ). આ ૩ યોગ મનથી, વચનથી અને કાયાથી સમજવા. આનો એક ભેદ થાય. (મનાદિત્રિકથી કરણાદિત્રિકનો ત્યાગ...)

હવે બીજો ભેદ – ૩ યોગ x ૨ કરણ.

મન-વચનથી કરવું-કરાવવું-અનુમોદવું નહિ → પહેલો ભેદ

મન-કાયાથી કરવું-કરાવવું-અનુમોદવું નહિ → બીજો ભેદ

વચન-કાયાથી કરવું-કરાવવું-અનુમોદવું નહિ → ત્રીજો ભેદ

આમ બીજો મૂલ ભેદ ગયો.

હવે ત્રીજો ભેદ – ૩ યોગ x ૧ કરણ.

મનથી કરવું-કરાવવું-અનુમોદવું નહિ → પહેલો ભેદ

વચનથી કરવું-કરાવવું-અનુમોદવું નહિ → બીજો ભેદ
કાયાથી કરવું-કરાવવું-અનુમોદવું નહિ → ત્રીજો ભેદ

આમ ત્રીજો મૂલ ભેદ ગયો.

હવે ચોથો ભેદ – ૨ યોગ x ૩ કરણ.

મન-વચન-કાયાથી કરવું-કરાવવું નહિ → પહેલો ભેદ
મન-વચન-કાયાથી કરવું-અનુમોદવું નહિ → બીજો ભેદ
મન-વચન-કાયાથી કરાવવું-અનુમોદવું નહિ → ત્રીજો ભેદ

ચોથો મૂલભેદ ગયો.

હવે પાંચમો ભેદ – ૨ યોગ x ૨ કરણ.

મન-વચનથી કરવું-કરાવવું નહિ → પહેલો ભેદ
મન-વચનથી કરવું-અનુમોદવું નહિ → બીજો ભેદ
મન-વચનથી કરાવવું-અનુમોદવું નહિ → ત્રીજો ભેદ

આ ત્રણ ભાંગા મન-વચનથી મળ્યા, એ જ પ્રમાણે મન-કાયાથી અને વચન-કાયાથી પણ ત્રણ-ત્રણ ભેદ મળે. આમ આ બધા નવ થાય.

પાંચમો પણ મૂલભેદ કહેવાઈ ગયો.

હવે છઠ્ઠો મૂલભેદ – ૨ યોગ x ૧ કરણ.

મનથી કરવું-કરાવવું નહિ → પહેલો ભેદ
મનથી કરવું-અનુમોદવું નહિ → બીજો ભેદ
મનથી કરાવવું-અનુમોદવું નહિ → ત્રીજો ભેદ

આમ મનથી જ ત્રણ ભેદ મળે. એ જ પ્રમાણે વચનથી પણ ત્રણ અને કાયાથી પણ ત્રણ ભેદ મળે. આ પણ બધા નવ થાય.

છઠ્ઠો મૂલભેદ કહેવાયો.

હવે સાતમો મૂલભેદ – ૧ યોગ x ૩ કરણ.

મન-વચન-કાયાથી કરવું નહિ → પહેલો ભેદ
મન-વચન-કાયાથી કરાવવું નહિ → બીજો ભેદ
મન-વચન-કાયાથી અનુમોદવું નહિ → ત્રીજો ભેદ

સાતમો મૂલભેદ કહેવાયો.

હવે આઠમો મૂલભેદ – ૧ યોગ x ૨ કરણ.

મન-વચનથી કરવું નહિ → પહેલો ભેદ

મન-કાયાથી કરવું નહિ → બીજો ભેદ

વચન-કાયાથી કરવું નહિ → ત્રીજો ભેદ

આમ કરાવવું નહિ, એમાં ત્રણભેદ અને અનુમોદવું નહિ... એમાં પણ ત્રણભેદ... આ બધાં નવ થાય.

આઠમો મૂલભેદ કહેવાયો.

હવે નવમો મૂલભેદ – ૧ યોગ x ૧ કરણ.

મનથી કરવું નહિ → પહેલો ભેદ

મનથી કરાવવું નહિ → બીજો ભેદ

મનથી અનુમોદવું નહિ → ત્રીજો ભેદ

આ રીતે વચનથી બીજા અને કાયાથી ત્રીજા ત્રણ-ત્રણ ભેદ મળે. આમ આ બધા જ ભેગા કરીએ તો નવ થાય. નવમો મૂલભેદ પણ કહેવાઈ ગયો.

હવે આવેલા ભાંગાઓની ગણતરી કરાય છે. (અથવા તો આવેલા ભાંગાઓનો ગુણાકાર કરાય છે...) ૪૯ ભાંગા એ આ ફલનું પ્રમાણ મેળવાયેલું થાય. (ભાંગાઓનું અંતિમફલ આ થયું...) આ ૪૯ ભાંગાને ભૂત, ભવિષ્ય અને વર્તમાન સાથે ગુણવામાં આવે તો ૧૪૭ ભાંગા થાય.

પ્રશ્ન : તે શી રીતે ?

ઉત્તર કાલત્રિક સાથે ગુણાકાર થાય. તેમાં ભૂતકાલીન પાપનું પ્રતિક્રમણ, વર્તમાનકાલીન પાપનું સંવરણ તથા ભવિષ્યકાલીન પાપનું પચ્ચક્ખાણ થાય. કાલત્રિક સાથે આ ગુણાકાર જિન, ગણધર અને વાચકોવડે કહેવાયેલો છે.

ગાથાર્થ થયો.

આમ ચારિત્રધર્મ કહેવાયો.

(૧૪૭ ભાંગાનું કોષ્ઠક)

| (૧) કરણ ત્રિક + યોગત્રિક-૧ ભેદ | મનથી | વચનથી | કાયાથી | કરવું નહિ | કરાવવું નહિ | અનુમોદવું નહિ |
|---|---|---|---|---|---|---|
| (૧) કરણ ત્રિક + યોગત્રિક-૧ ભેદ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| (૨) કરણ દ્વિક + યોગત્રિક-૩ ભેદ | ✔ | ✔ | ✗ | ✔ | ✔ | ✔ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ✔ | ✗ | ✔ | ✔ | ✔ | ✔ |
| | ✗ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| (૩) એક કરણ + યોગત્રિક-૩ ભેદ | ✔ | ✗ | ✗ | ✔ | ✔ | ✔ |
| | ✗ | ✔ | ✗ | ✔ | ✔ | ✔ |
| | ✗ | ✗ | ✔ | ✔ | ✔ | ✔ |
| (૪) કરણ ત્રિક + યોગદ્વિક-૩ ભેદ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ | ✗ |
| | ✔ | ✔ | ✔ | ✔ | ✗ | ✔ |
| | ✔ | ✔ | ✔ | ✗ | ✔ | ✔ |
| (૫) કરણદ્વિક + યોગદ્વિક-૯ ભેદ | ✔ | ✔ | ✗ | ✔ | ✔ | ✗ |
| | ✔ | ✔ | ✗ | ✔ | ✗ | ✔ |
| | ✔ | ✔ | ✗ | ✗ | ✔ | ✔ |
| | ✔ | ✗ | ✔ | ✔ | ✔ | ✗ |
| | ✔ | ✗ | ✔ | ✔ | ✗ | ✔ |
| | ✔ | ✗ | ✔ | ✗ | ✔ | ✔ |
| | ✗ | ✔ | ✔ | ✔ | ✔ | ✗ |
| | ✗ | ✔ | ✔ | ✔ | ✗ | ✔ |
| | ✗ | ✔ | ✔ | ✗ | ✔ | ✔ |
| (૬) એકકરણ + યોગદ્વિક-૯ ભેદ | ✔ | ✗ | ✗ | ✔ | ✔ | ✗ |
| | ✔ | ✗ | ✗ | ✔ | ✗ | ✔ |
| | ✔ | ✗ | ✗ | ✗ | ✔ | ✔ |
| | ✗ | ✔ | ✗ | ✔ | ✔ | ✗ |
| | ✗ | ✔ | ✗ | ✔ | ✗ | ✔ |
| | ✗ | ✔ | ✗ | ✗ | ✔ | ✔ |
| | ✗ | ✗ | ✔ | ✔ | ✔ | ✗ |
| | ✗ | ✗ | ✔ | ✔ | ✗ | ✔ |
| | ✗ | ✗ | ✔ | ✗ | ✔ | ✔ |
| (૭) કરણત્રિક + એકયોગ-૩ ભેદ | ✔ | ✔ | ✔ | ✔ | ✗ | ✗ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ✔ | ✔ | ✔ | ✗ | ✔ | ✗ |
| | ✔ | ✔ | ✔ | ✗ | ✗ | ✔ |
| (૮) કરણદ્વિક + એકયોગ-૯ ભેદ | ✔ | ✔ | ✗ | ✔ | ✗ | ✗ |
| | ✔ | ✗ | ✔ | ✔ | ✗ | ✗ |
| | ✗ | ✔ | ✔ | ✔ | ✗ | ✗ |
| | ✔ | ✔ | ✗ | ✗ | ✔ | ✗ |
| | ✔ | ✗ | ✔ | ✗ | ✔ | ✗ |
| | ✗ | ✔ | ✔ | ✗ | ✔ | ✗ |
| | ✔ | ✔ | ✗ | ✗ | ✗ | ✔ |
| | ✔ | ✗ | ✔ | ✗ | ✗ | ✔ |
| | ✗ | ✔ | ✔ | ✗ | ✗ | ✔ |
| (૯) એક કરણ + એકયોગ-૯ ભેદ | ✔ | ✗ | ✗ | ✔ | ✗ | ✗ |
| | ✔ | ✗ | ✗ | ✔ | ✗ | ✗ |
| | ✔ | ✗ | ✗ | ✔ | ✗ | ✗ |
| | ✗ | ✔ | ✗ | ✗ | ✔ | ✗ |
| | ✗ | ✔ | ✗ | ✗ | ✔ | ✗ |
| | ✗ | ✔ | ✗ | ✗ | ✔ | ✗ |
| | ✗ | ✗ | ✔ | ✗ | ✗ | ✔ |
| | ✗ | ✗ | ✔ | ✗ | ✗ | ✔ |
| | ✗ | ✗ | ✔ | ✗ | ✗ | ✔ |

**साम्प्रतं यतनाया अवसरः, तथा चाह-**

**से भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे दिआ वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा से पुढविं वा भित्तिं वा सिलं वा लेलुं वा ससरक्खं वा कायं ससरक्खं वा वत्थं हत्थेण वा पाएण वा कट्ठेण वा किलिंचेण वा अंगुलियाए वा सिलागाए वा सिलागहत्थेण वा न आलिहिज्जा न विलिहिज्जा न**

घट्टिज्जा न भिंदिज्जा अन्नं न आलिहाविज्जा न विलिहाविज्जा न घट्टाविज्जा न भिंदाविज्जा अन्नं आलिहंतं वा विलिहंतं वा घट्टंतं वा भिंदंतं वा न समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि १॥ (सू० १०)

---

હવે યતનાનો અવસર છે, તે જ કહે છે...

सूत्र-१० सूत्रार्थ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

---

व्याख्या-'से' इति निर्देशे स योऽसौ महाव्रतयुक्तो, भिक्षुर्वा भिक्षुकी वा-आरम्भपरित्यागाद्धर्मकायपालनाय भिक्षणशीलो भिक्षुः, एवं भिक्षुक्यपि, पुरुषोत्तमो धर्म इति भिक्षुर्विशेष्यते, तद्विशेषणानि च भिक्षुक्या अपि द्रष्टव्यानीति, आह-'संयतविरतप्रतिहतप्रत्याख्यातपापकर्मा' तत्र सामस्त्येन यतः संयतः-सप्तदशप्रकारसंयमोपेतः, विविधम्-अनेकधा द्वादशविधे तपसि रतो विरतः, प्रतिहतप्रत्याख्यातपापकर्मेति-प्रतिहतं-स्थितिह्रासतो ग्रन्थिभेदेन प्रत्याख्यातं-हेत्वभावतः पुनर्वृद्ध्यभावेन पापं कर्म-ज्ञानावरणीयादि येन स तथाविधः, 'दिवा वा रात्रौ वा एको वा परिषद्गतो वा सुप्तो वा जाग्रद्वा' रात्रौ सुप्तो दिवा जाग्रत्, कारणिक एकः, शेषकालं परिषद्गतः, इदं च वक्ष्यमाणं न कुर्यात् । 'से पुढविं वा' इत्यादि, तद्यथा-पृथिवीं वा भित्तिं वा शिलां वा लोष्टं वा, तत्र पृथिवी-लोष्टादिरहिता भित्तिः-नदीतटी शिला-विशालः पाषाणः लोष्टः-प्रसिद्धः, तथा सह रजसा-आरण्यपांशुलक्षणेन वर्तत इति सरजस्कस्तं सरजस्कं वा 'कायम्' कायमिति देहं तथा सरजस्कं वा वस्त्रं-चोलपट्टकादि 'एकग्रहणे तज्जातीयग्रहण'मिति पात्रादिपरिग्रहः, एतत् किमित्याह-हस्तेन वा पादेन वा काष्ठेन वा कलिञ्जेन वा-क्षुद्रकाष्ठरूपेण अङ्गुल्या वा शलाकया वा-अयःशलाकादिरूपया शलाकाहस्तेन वा-शलाकासंघातरूपेण 'णालिहिज्ज'त्ति नालिखेत् न विलिखेत् न घट्टयेत् न भिन्द्यात्, तत्र ईषत्सकृद्वाऽऽलेखनं, नितरामनेकशो वा विलेखनं, घट्टनं चालनं, भेदो विदारणम्, एतत् स्वयं न कुर्यात्, तथा अन्यमन्येन वा नालेखयेत् न विलेखयेत् न घट्टयेत् न भेदयेत्, तथाऽन्यं स्वत एव आलिखन्तं वा

विलिखन्तं वा घट्टयन्तं वा भिन्दन्तं वा न समनुजानीयादित्यादि पूर्ववत् ॥

**ટીકાર્થ** **से** શબ્દ નિર્દેશ અર્થમાં છે. જે આ મહાવ્રતયુક્ત છે, **स** એમ નિર્દેશ સમજવો.

ભિક્ષુ કે ભિક્ષુણી...આરંભનો પરિત્યાગ કરેલો હોવાથી ધર્મકાયનું પાલન કરવા માટે ભિક્ષા ફરવાના સ્વભાવવાળો જે હોય તે ભિક્ષુ. (આરંભનો ત્યાગ છે, એટલે જાતે રસોઈ બનાવી ન શકે, બીજી બાજુ ચારિત્રધર્મસાધક શરીરનું પાલન કરવાનું છે, એટલે એ ભિક્ષામાટે ફરે છે...)

એ રીતે ભિક્ષુણી પણ સમજવી.

હવે પછી બધાં વિશેષણો **भिक्षु**નાં જ આવશે. તે એટલા માટે કે ધર્મમાં પુરુષ પ્રધાન છે... એટલે હવે ભિક્ષુનાં વિશેષણો બતાવે છે. તે વિશેષણો ભિક્ષુણીનાં પણ સમજવા.

એ વિશેષણ કહે છે **संयतविरत...**

સંપૂર્ણપણે યતનાવાળો તે સંયત. અર્થાત્ ૧૭ પ્રકારનાં સંયમથી યુક્ત.

વિરત = વિવિધ રીતે = અનેકપ્રકારે બાર પ્રકારનાં તપમાં લીન તે વિરત.

**प्रतिहत...** એ વિશેષણનો અર્થ આ પ્રમાણે – પ્રતિહત કરાયેલું છે અને પ્રત્યાખ્યાત કરાયેલું છે જ્ઞાનાવરણાદિ પાપકર્મ જેનાવડે તે પ્રતિહતપ્રત્યાખ્યાતપાપકર્મા કહેવાય. તેમાં કર્મોની સ્થિતિને ઘટાડવા દ્વારા ગ્રન્થિનો ભેદ કર્યો એનાથી એ કર્મ પ્રતિહત થયેલું ગણાય. અને મિથ્યાત્વાદિ હેતુઓનો અભાવ હોવાને લીધે પુનઃ એ સ્થિતિની વૃદ્ધિ થતી નથી, એટલે એ **प्रत्याख्यात** થયેલું ગણાય.

એ સાધુ દિવસે કે રાત્રે, એકલો કે સભામાં = સમૂહમાં રહેલો, સૂતેલો કે જાગતો... એમાં રાત્રે સુતેલો અને દિવસે જાગતો... એકલો પણ કારણસર એકલો પડેલો હોય તે... એ સિવાયનાં કાળમાં સમૂહમાં રહેલો સાધુ આ વક્ષ્યમાણ કામ ન કરે.

પૃથ્વી = ઢેફાં વગેરેથી રહિત તે પૃથ્વી, ભિત્તિ = નદીનો કિનારો, શિલા = વિશાળ પત્થર, લોષ્ટ = ઢેફું = પ્રસિદ્ધ જ છે. તથા જંગલની ધૂળની સાથે વર્તે તે સરજસ્ક... આવા સરજસ્ક દેહ કે સરજસ્ક વસ્ત્ર... એકનાં ગ્રહણમાં તજ્જાતીયનું ગ્રહણ થાય... એ ન્યાયે અહીં ચોલપટ્ટાદિ વસ્ત્રોપધિને સમાનજાતીય પાત્રાદિ ઉપધિ પણ સમજી લેવી.

આ પૃથ્વીથી માંડીને સરજસ્ક સુધીની વસ્તુને હાથથી, પગથી, કાષ્ઠથી, નાના લાકડારૂપ કલિંજથી, આંગળીથી, શલાકાથી = લોખંડની શલાકાથી, શલાકાનાં સંઘાત-સમૂહથી, આલિખન, વિલિખન, ઘટ્ટન, ભિંદન ન કરવું.

એમાં કંઈક કે એકવાર (ખોતરવું) તે આલેખન.

વધારે કે અનેકવાર (ખોતરવું) તે વિલેખન.

ચલાવવું = હલાવવું એ ઘટ્ટન.

ટુકડા કરવા એ ભેદન.

આ સ્વયં ન કરે, બીજાને કરાવડાવે નહિ કે બીજાવડે કરાવડાવે નહિ. (આલિખનાદિ બધામાં સમજી લેવું. તથા સ્વતઃ જ આલેખન વગેરે કરનારા અન્યને રજા ન આપે... આ બધું પૂર્વની જેમ સમજી લેવું.

---

**से भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे दिआ वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा से उदगं वा ओसं वा हिमं वा महियं वा करगं वा हरतणुगं वा सुद्धोदगं वा उदउल्लं वा कायं उदउल्लं वा वत्थं ससिणिद्धं वा कायं ससिणिद्धं वा वत्थं न आमुसिज्जा न संफुसिज्जा न आवीलिज्जा न पवीलिज्जा न अक्खोडिज्जा न पक्खोडिज्जा न आयाविज्जा न पयाविज्जा अन्नं न आमुसाविज्जा न संफुसाविज्जा न आवीलाविज्जा न पवीलाविज्जा न अक्खोडाविज्जा न पक्खोडाविज्जा न आयाविज्जा न पयाविज्जा अन्नं आमुसंतं वा संफुसंतं वा आवीलंतं वा पविलंतं वा अक्खोडंतं वा पक्खोडंतं वा आयावंतं वा पयावंतं वा न समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि २॥ (सू० ११)**

---

સૂત્ર-૧૧ સૂત્રાર્થ : ટીકાર્થથી જાણવો.

---

व्याख्या-तथा 'से भिक्खू वा इत्यादि यावज्जागरमाणे व'त्ति पूर्ववदेव। 'से उदगं वे'त्यादि, तद्यथा-उदकं वा अवश्यायं वा हिमं वा महिकां वा करकं वा हरतनुं वा शुद्धोदकं वा, तत्रोदकं-शिरापानीयम् अवश्यायः-त्रेहः हिमं-स्त्यानोदकम् महिका-धूमिका करकः-कठिनोदकरूपः हरतनुः-भुवमुद्भिद्य तृणाग्रादिषु भवति, शुद्धोदकम्-

अन्तरिक्षोदकं, तथा उदकार्द्रं वा कायं उदकार्द्रं वा वस्त्रं, उदकार्द्रता चेह गलद्बिन्दुतुषाराद्यनन्तरोदितोदकभेदसंमिश्रता, तथा सस्निग्धं वा कायं सस्निग्धं वा वस्त्रम्, अत्र स्नेहनं स्निग्धमिति भावे निष्ठाप्रत्ययः, सह स्निग्धेन वर्तत इति सस्निग्धः, सस्निग्धता चेह बिन्दुरहितानन्तरोदितोदकभेदसंमिश्रता, एतत् किमित्याह- 'णामुसेज्ज'त्ति नामृषेन्न संस्पृशेत् नापीडयेन्न प्रपीडयेत् नास्फोटयेत् न प्रस्फोटयेत् नातापयेत् न प्रतापयेत्, तत्र सकृदीषद्वा स्पर्शनमामर्षणम् अतोऽन्यत्संस्पर्शनम्, एवं सकृदीषद्वा पीडनमापीडनमतोऽन्यत्प्रपीडनम्, एवं सकृदीषद्वा स्फोटनमास्फोटनमतोऽन्यत्प्रस्फोटनम्, एवं सकृदीषद्वा तापनमातापनं विपरीतं प्रतापनम्, एतत्स्वयं न कुर्यात्तथाऽन्यमन्येन वा नामर्षयेन्न संस्पर्शयेत् नापीडयेत् न प्रपीडयेत् नास्फोटयेत् न प्रस्फोटयेत् नातापयेत् न प्रतापयेत्, तथाऽन्यं स्वत एव आमृषन्तं वा संस्पृशन्तं वा आपीडयन्तं वा प्रपीडयन्तं वा आस्फोटयन्तं वा प्रस्फोटयन्तं वा आतापयन्तं वा प्रतापयन्तं वा न समनुजानीयादित्यादि पूर्ववत् ॥

---

ટીકાર્થ : से भिक्खु થી માંડીને जागरमाणेव ત્યાંસુધી પૂર્વની જેમ જ જાણવું.

ઉદક, અવશ્યાય...

ઉદક = નીકનું પાણી. અવશ્યાય = ઝાકળ. હિત = ઘટ્ટ, થીજેલું પાણી = બરફ, મહિકા = ધુમ્મસ, કરક = કઠિનપાણી (કરા પડે તે), હરતનુ = જમીનને ભેદીને તણખલાના અગ્રભાગ વગેરે ઉપર થાય તે. શુદ્ધોદક = આકાશનું પાણી. પાણીથી ભીનું એવું શરીર કે પાણીથી ભીનું એવું વસ્ત્ર.

પાણીથી ભીનું હોવું એટલે પાણીનાં ટીપાં, તુષારાદિ જે અનંતર પાણીનાં ભેદો કહ્યા, એ પાણી ભેદો જેમાંથી ગળતાં હોય... એવા ગળતાં જલભેદોથી મિશ્ર વસ્તુ ઉદકાર્દ્ર કહેવાય.

તથા સસ્નિગ્ધ કાય અને સસ્નિગ્ધ વસ્ત્ર. અહીં स्नेहनं स्निग्धं એમ ભાવઅર્થમાં त પ્રત્યય લાગેલો છે. સસ્નિગ્ધતા એટલે બિંદુઓ ગળતાં ન હોય તેવી મિશ્રતા.

ઉપર બતાવેલ પદાર્થોને આમર્ષણ, સંસ્પર્શ, આપીડન, પ્રપીડન, આસ્ફોટન, પ્રસ્ફોટન, આતાપન, પ્રતાપન ન કરે.

તેમાં એકવાર કે અલ્પસ્પર્શ તે આમર્ષણ.

આનાથી અન્ય = અનેકવાર કે બહુસ્પર્શ તે સંસ્પર્શન.

એમ એકવાર કે અલ્પપીડન = દબાવવું તે આપીડન.

આનાથી અન્ય = અનેકવાર કે બહુપીડન તે પ્રપીડન.

એમ એકવાર કે અલ્પસ્ફોટન = ખંખેરવું તે આસ્ફોટન.

આનાથી અન્ય = અનેકવાર કે બહુસ્ફોટન તે પ્રસ્ફોટન.

એમ એકવાર કે અલ્પતાપન = તપાવવું તે આતાપન.

વિપરીત = અનેકવાર કે બહુતાપન તે પ્રતાપન.

આ બધું સ્વયં ન કરવું, તથા બીજાને કે બીજાવડે આમર્ષણાદિ કરાવવું નહિ. (સંમર્ષણાદિ પણ સમજી લેવા.)

કોઈ સ્વયં આમર્ષણાદિ કરતાં  ોય તો અનુમતિ આપવી નહિ... વગેરે પૂર્વની જેમ સમજવું.

---

**से भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे दिआ वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा से अगणिं वा इंगालं वा मुम्मुरं वा अच्चिं वा जालं वा अलायं वा सुद्धागणिं वा उक्कं वा न उंजेज्जा न घट्टेज्जा न उज्जालेज्जा न निव्वावेज्जा अन्नं न उंजावेज्जा न घट्टावेज्जा न उज्जालावेज्जा न निव्वावेज्जा अन्नं उंजंतं वा घट्टंतं वा उज्जालंतं वा निव्वावंतं वा न समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ३॥ (सू० १२)**

---

સૂત્ર-૧૨ સૂત્રાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

---

व्याख्या-'से भिक्खू वा इत्यादि जाव जागरमाणे व'ति पूर्ववदेव, 'से अगणिं वे'त्यादि, तद्यथा-अग्निं वा अङ्गारं वा मुर्मुरं वाऽर्चिर्वा ज्वालां वा अलातं वा शुद्धाग्निं वा उल्कां वा, इह अयस्पिण्डानुगतो<u>ऽग्निः</u> ज्वालारहितो<u>ऽङ्गारः</u>, विरलाग्निकणं भस्म <u>मुर्मुरः</u>, मूलाग्निविच्छन्ना ज्वाला <u>अर्चिः</u>, प्रतिबद्धा <u>ज्वाला</u>, अलातम<u>ुल्मुकं</u>, निरिन्धनः-<u>शुद्धोऽग्निः</u> उल्का-<u>गगनाग्निः</u>, एतत् किमित्याह-<u>'न उंजेज्जा'</u> नोत्सिंचेत् <u>'न घट्टेज्जा'</u> न

घट्टयेत् न उज्ज्वालयेत् न निर्वापयेत्, तत्रोञ्जनमुत्सेचनं, घट्टनं-सजातीयादिना चालनम्, उज्ज्वालनं-व्यजनादिभिर्वृद्ध्यापादनं, निर्वापणं-विध्यापनम्, एतत्स्वयं न कुर्यात्, तथाऽन्यमन्येन वा नोत्सेचयेन्न घट्टयेन्नोज्ज्वालयेन्न निर्वापयेत्, तथाऽन्यं स्वत एव उत्सिञ्चयन्तं वा घट्टयन्तं वा उज्ज्वालयन्तं वा निर्वापयन्तं वा न समनुजानीयादित्यादि पूर्ववत् ॥

---

**ટીકાર્થ :** से થી માંડી जागरमाणे સુધી પૂર્વની જેમ જાણવું.

અગ્નિ...વગેરે.

તપાવેલા લોખંડનાં ગોળામાં રહેલો અગ્નિ તે અગ્નિ.

જ્વાળારહિત અગ્નિ (સળગતો લાલ કોલસો) તે અંગારો.

છૂટા છૂટા અગ્નિનાં કણવાળી રાખ તે મુર્મુર.

મૂલઅગ્નિથી વિચ્છેદ પામેલી જ્વાળા તે અર્ચિ.

મૂલઅગ્નિ સાથે સંબંધવાળી જ્વાળા તે જ્વાળા.

ઉંબાડિયું તે અલાત.

ઈંધન વિનાનો અગ્નિ એ શુદ્ધાગ્નિ.

આકાશની અગ્નિ એ ઉલ્કા.

આ બધાંનું ઉત્સેચનાદિ ન કરવું.

તેમાં ઊંજન (ઈંધનાદિ નાંખીને વહ્નિ વધારવી...) તે ઉત્સેચન.

સજાતીય અગ્નિ કે વિજાતીય પદાર્થવડે તે અગ્નિને હલાવવી તે ઘટ્ટન.

પંખા વગેરેથી અગ્નિને વધારવી તે ઉજ્જ્વાલન.

અગ્નિ ઓલવવી તે નિર્વાપન.

આ સ્વયં ન કરે. અન્યને કે અન્યવડે ઉત્સેચનાદિ ન કરાવે. અન્ય ઉત્સેચનાદિ સ્વતઃ કરતાં હોય તો અનુમતિ ન આપે... આ બધું પૂર્વની જેમ જાણવું...

---

**से भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे दिआ वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा से सिएण वा विहुणेण वा तालिअंटेण वा पत्तेण वा पत्तभंगेण वा साहाए वा साहाभंगेण वा पिहुणेण वा पिहुणहत्थेण वा चेलेण वा**

चेलकण्णेण वा हत्थेण वा मुहेण वा अप्पणो वा कायं बाहिरं वावि पुग्गलं न फुमेज्जा न वीएज्जा अन्नं न फुमावेज्जा न वीआवेज्जा अन्नं फुमंतं वा वीअंतं वा न समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ४॥ (सू० १३)

---

सूत्र-१३ सूत्रार्थ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

---

व्याख्या-'से भिक्खू वा इत्यादि जाव जागरमाणे व'त्ति पूर्ववदेव, 'से सिएण वे'त्यादि, तद्यथा-सितेन वा विध(धु)वनेन वा तालवृन्तेन वा पत्रेण वा शाखया वा शाखाभङ्गेन वा पेहुणेन वा पेहुणहस्तेन वा चेलेन वा चेलकर्णेन वा हस्तेन वा मुखेन वा, इह सितं-चामरं विध(धु)वनं-व्यजनं तालवृन्तं-तदेव मध्यग्रहणच्छिद्रं द्विपुटं पत्रं-पद्मिनीपत्रादि शाखा-वृक्षडालं शाखाभङ्गं-तदेकदेशः पेहुणं-मयूरादिपिच्छं पेहुणहस्तः-तत्समूहः चेलं-वस्त्रं चेलकर्णः-तदेकदेशः हस्तमुखे-प्रतीते, एभिः किमित्याह-आत्मनो वा कायं-स्वदेहमित्यर्थः, बाह्यं वा पुद्गलम्-उष्णौदनादि, एतत् किमित्याह-'न फुमेज्जा' इत्यादि, न फूत्कुर्यात् न व्यजेत्, तत्र फूत्करणं मुखेन धमनं व्यजनं चमरादिना वायुकरणम्, एतत्स्वयं न कुर्यात्, तथाऽन्यमन्येन वा न फूत्कारयेन्न व्याजयेत्, तथाऽन्यं स्वत एव फूत्कुर्वन्तं व्यजन्तं वा न समनुजानीयादित्यादि पूर्ववदेव ॥

---

ટીકાર્થ : से भिक्खू થી जागरमाणे સુધી પૂર્વની જેમ જ સમજવું.

सित, विधुवन વગેરે.

सित = ચામર, विधुवन = પંખો, तालवृन्त = પંખો જ, પણ વચ્ચે પકડી શકાય તેવા કાણાવાળો બે પડવાળો (વચ્ચે કાણું આજુબાજુ બે પડ...), पत्र = પદ્મિનીપત્ર વગેરે. શાખા = વૃક્ષની ડાળ, શાખાભંગ = શાખાનો એક ભાગ, पेहुण = મોરાદિનાં પીંછા, पेहुणहस्त = મોરાદિનાં પીંછાનો સમૂહ, ચેલ = વસ્ત્ર, ચેલકર્ણ = વસ્ત્રનો એક ભાગ. હાથ અને મુખ તો પ્રસિદ્ધ છે.

આ બધાવડે પોતાના શરીરને કે બાહ્ય પુદ્ગલ = ગરમભાત વગેરેને ફૂત્કારે નહિ, વીંઝે નહિ. એમાં મુખથી ધમાવવું (મોઢાથી ફુંક લગાવવી) તે ફુત્કરણ. જ્યારે

ચામરાદિથી વાયુ કરવો તે વ્યજન.

આ સ્વયં ન કરે, બીજાને કે બીજાવડે ફુત્કારાદિ ન કરાવે. અન્ય સ્વતઃ કરતો હોય તો એને અનુમતિ ન આપે... ઇત્યાદિ પૂર્વવત્ સમજવું.

---

**से भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे दिआ वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा से बीएसु वा बीयपइट्ठेसु वा रूढेसु वा रूढपइट्ठेसु वा जाएसु वा जायपइट्ठेसु वा हरिएसु वा हरियपइट्ठेसु वा छिन्नेसु वा छिन्नपइट्ठेसु वा सचित्तेसु वा सचित्तकोलपडिनिस्सिएसु वा न गच्छेज्जा न चिट्ठेज्जा न निसीइज्जा न तुअट्टेज्जा अन्नं न गच्छावेज्जा न चिट्ठावेज्जा न निसीयावेज्जा न तुअट्टाविज्जा अन्नं गच्छंतं वा चिट्ठंतं वा निसीयंतं वा तुयट्टंतं वा न समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ५॥ (सू० १४)**

---

સૂત્ર-૧૪ સૂત્રાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

---

व्याख्या-'से भिक्खू वा इत्यादि जाव जागरमाणे व'त्ति पूर्ववदेव, 'से बीएसु वे'त्यादि, तद्यथा-बीजेषु वा बीजप्रतिष्ठितेषु वा रूढेषु वा रूढप्रतिष्ठितेषु वा जातेषु वा जातप्रतिष्ठितेषु वा हरितेषु वा हरितप्रतिष्ठितेषु वा छिन्नेषु वा छिन्नप्रतिष्ठितेषु वा सचित्तेषु वा सचित्तकोलप्रतिनिश्रितेषु वा, इह बीजं-शाल्यादि तत्प्रतिष्ठितम्-आहारशयनादि गृह्यते, एवं सर्वत्र वेदितव्यं, रूढानि-स्फुटितबीजानि जातानि-स्तम्बीभूतानि हरितानि-दूर्वादीनि छिन्नानि-परश्वादिभिर्वृक्षात् पृथक् स्थापितान्यार्द्राणि अपरिणतानि तदङ्गानि गृह्यन्ते सचित्तानि- अण्डकादीनि कोलोघुणस्तत्प्रतिनिश्रितानि-तदुपरिवर्तीनि दार्वादीनि गृह्यन्ते, एतेषु किमित्याह-'न गच्छेज्जा' न गच्छेत् न तिष्ठेत् न निषीदेत् न त्वग्वर्तेत, तत्र गमनम्-अन्यतोऽन्यत्र स्थानम्-एकत्रैव निषीदनम्-उपवेशनं त्वग्वर्तनं-स्वपनम्, एतत्स्वयं न कुर्यात्, तथाऽन्यमेतेषु न गमयेत् न स्थापयेत् न निषीदयेत् न स्वापयेत्,

तथाऽन्यं स्वत एव गच्छन्तं वा तिष्ठन्तं वा निषीदन्तं वा स्वपन्तं वा न समनुजानीयादित्यादि पूर्ववत् ॥

---

ટીકાર્થ : ભિક્ખૂ થી માંડીને જાગરમાણે સુધી પૂર્વની જેમ જ સમજવું.

બીજ, બીજપ્રતિષ્ઠિત...વગેરે.

બીજ = શાલિ = ડાંગર વગેરે. બીજપ્રતિષ્ઠિત = બીજ પર રહેલા આહાર, શયનાદિ. એમ બધામાં સમજવું. રૂઢ = ફુટેલાં બીજ. જાત = સ્તંભ = ગુચ્છા (?) હરિત = દૂર્વા વગેરે ઘાસ. છિન્ન = પરશુ વચ્ચેથી વૃક્ષમાંથી છૂટા કરીને મુકાયેલા, ભીના સચિત્ત એવા વૃક્ષના અંગો... એ છિન્ન તરીકે લેવા. સચિત્ત = અંડકાદિ. કોલ = ઘુણ. સચિત્તઘુણની ઉપર રહેલા લાકડા વગેરે એ સચિત્તકોલપ્રતિનિશ્રિત તરીકે લેવાય.

આ બધાંને વિશે જવું નહિ, ઊભા રહેવું નહિ, બેસવું નહિ, ઊંઘવું નહિ. તેમાં ગમન એટલે અન્ય સ્થાનથી અન્યસ્થાને જવું તે.

સ્થાન એટલે એક જ સ્થાને ઊભા રહેવું તે.

નિષીદન એટલે બેસવું તે.

ત્વગ્વર્તન એટલે સૂવું.

આ બધું સ્વયં ન કરે, બીજાને આ બધા ઉપર ચલાવે નહિ, ઊભા રાખે નહિ, બેસાડે નહિ, ઊંઘાડે નહિ... સ્વતઃ જ આ બધા ઉપર ગમનાદિ કરનારાને અનુમતિ ન આપે... વગેરે બાબતો પૂર્વની જેમ સમજી લેવી.

---

**से भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे दिआ वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा से कीडं वा पयंगं वा कुंथुं वा पिपीलियं वा हत्थंसि वा पायंसि वा बाहुंसि वा ऊरुंसि वा उदरंसि वा सीसंसि वा वत्थंसि वा पडिग्गहंसि वा कंबलंसि वा पायपुंछणंसि वा रयहरणंसि वा गोच्छगंसि वा उंडगंसि वा दंडगंसि वा पीढगंसि वा फलगंसि वा सेज्जंसि वा संथारगंसि वा अन्नयरंसि वा तहप्पगारे उवगरणजाए तओ संजयामेव पडिलेहिअ पडिलेहिअ पमज्जिअ पमज्जिअ एगंतमवणेज्जा नो णं संघायमावज्जेज्जा ६॥ (सू० १५)**

સૂત્ર-૧૫ સૂત્રાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

व्याख्या-'से भिक्खू वा इत्यादि यावज्जागरमाणे व'त्ति पूर्ववत्, 'से कीडं वा' इत्यादि, तद्यथा-कीटं वा पतङ्गं वा कुन्थुं वा पिपीलिकां वा, किमित्याह-हस्ते वा पादे वा बाहौ वा ऊरुणि वा उदरे वा वस्त्रे वा रजोहरणे वा गुच्छे वा उन्दके वा दण्डके वा पीठे वा फलके वा शय्यायां वा संस्तारके वा अन्यतरस्मिन् वा तथाप्रकारे साधुक्रियोपयोगिनि उपकरणजाते कीटादिरूपं त्रसं कथञ्चिदापतितं सन्तं संयत एव सन् प्रयत्नेन वा प्रत्युपेक्ष्य प्रत्युपेक्ष्य-पौनःपुन्येन सम्यक् प्रमृज्य प्रमृज्य-पौनःपुन्येनैव सम्यक्, किमित्याह-'एकान्ते' तस्यानुपघातके स्थाने 'अपनयेत्' परित्यजेत्, 'नैनं त्रसं संघातमापादयेत्' नैनं त्रसं संघातं-परस्परगात्रसंस्पर्शपीडारूपमापादयेत्-प्रापयेत्, अनेन परितापनादिप्रतिषेध उक्तो वेदितव्यः, 'एकग्रहणे तज्जातीयग्रहणाद्' अन्यकारणानुमतिप्रतिषेधश्च, शेषमत्र प्रकटार्थमेव, नवरमुन्दकं-स्थण्डिलं, शय्या-संस्तारिका वसतिर्वा । इत्युक्ता यतना, गतश्चतुर्थोऽर्थाधिकारः ॥

ટીકાર્થ : से भिक्खू થી માંડીને जागरमाणे સુધી પૂર્વની જેમ જાણવું.

કીડા, પતંગીયા, કુન્થુ કે કીડી...

હાથ, પગ, ખભો, સાથળ, પેટ, વસ્ત્ર, ઓઘો, ગુચ્છો, ઉન્દક, દંડક, પીઠ, ફલક, શય્યા = વસતિ, સંથારો કે બીજા કોઈ તેવાપ્રકારનાં સાધુ ક્રિયાનાં ઉપયોગી ઉપકરણને વિશે આ કીટ વગેરેરૂપ ત્રસજીવ કોઈક રીતે આવી પડેલો હોય તો એને સંયમપૂર્વક જ પ્રયત્નથી જોઈ જોઈને = વારંવાર જોઈને, સારીરીતે પ્રમાર્જી પ્રમાર્જીને = વારંવાર જ સમ્યક્ રીતે પ્રમાર્જીને એકાંતમાં = તે જીવને - ઉપાઘાત ન થાય તેવા સ્થાનમાં મુકવો જોઈએ. એ ત્રસને સંઘાત ન પમાડવો. અર્થાત્ એ ત્રસ જીવોને એકબીજાનાં શરીરોના સ્પર્શથી થતી પીડા ન ઉત્પાદન કરવી.

આ સંઘાતનાં નિષેધ દ્વારા પરિતાપનાદિનો પ્રતિષેધ પણ કહેવાયેલો જાણવો. એકનાં ગ્રહણમાં તજ્જાતીયનું ગ્રહણ થઈ જાય.. એ ન્યાયે અહીં કરણનાં નિષેધ દ્વારા કરાવવાનો અને અનુમતિનો પ્રતિષેધ પણ સમજી લેવો.

બાકી બધું અહીં પ્રગટઅર્થવાળું જ છે.

માત્ર ઉન્દક = સ્થંડિલ = વડીનીતિ વગેરે માટેની ભૂમિ.

શય્યા = સંસ્તારિકા (નાનો સંથારો) કે વસતિ = ઉપાશ્રય.

આ પ્રમાણે યતના કહેવાઈ ગઈ.

ચોથો અર્થાધિકાર ગયો.

---

साम्प्रतमुपदेशाख्यः पञ्चम उच्यते-

अजयं चरमाणो अ (उ), पाणभूयाइं हिंसइ । बंधई पावयं कम्मं, तं से होइ कडुअंफलं ॥१॥ अजयं चिट्ठमाणो अ, पाणभूयाइं हिंसइ । बंधई पावयं कम्मं, तं से होइ कडुअंफलं ॥२॥ अजयं आसमाणो अ, पाणभूयाइं हिंसइ । बंधई पावयं कम्मं, तं से होइ कडुअंफलं ॥३॥ अजयं सयमाणो अ, पाणभूयाइं हिंसइ । बंधई पावयं कम्मं, तं से होइ कडुअंफलं ॥४॥ अजयं भुंजमाणो अ, पाणभूयाइं हिंसइ । बंधई पावयं कम्मं, तं से होइ कडुअंफलं ॥५॥ अजयं भासमाणो अ, पाणभूयाइं हिंसइ । बंधई पावयं कम्मं, तं से होइ कडुअंफलं ॥६॥ कहं चरे कहं चिट्ठे, कहमासे कहं सए । कहं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधइ ? ॥७॥ जयं चरे जयं चिट्ठे, जयमासे जयं सए । जयं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधइ ॥८॥ सव्वभूयप्पभूअस्स, सम्मं भूयाइं पासओ । पिहिआसवस्स दंतस्स, पावं कम्मं न बंधइ ॥९॥

'अजय'मित्यादि, 'अयतं चरन्' अयतम्-अनुपदेशेनासूत्राज्ञया इति, क्रियाविशेषणमेतत्, चरन्-गच्छन्, तुरेवकारार्थः, अयतमेव चरन्, ईर्यासमितिमुल्लङ्घ्य, न त्वन्यथा, किमित्याह-'प्राणिभूतानि हिनस्ति' प्राणिनो-द्वीन्द्रियादयः भूतानि-एकेन्द्रियास्तानि हिनस्ति-प्रमादानाभोगाभ्यां व्यापादयतीति भावः, तानि च हिंसन् 'बध्नाति पापं कर्म' अकुशलपरिणामादादत्ते क्लिष्टं ज्ञानावरणीयादि, 'तत् से भवति कटुकफलं' तत्-पापं कर्म से-तस्यायतचारिणो भवति, कटुकफलमित्यनुस्वारोऽलाक्षणिकः अशुभफलं भवति, मोहादिहेतुतया विपाकदारुणमित्यर्थः ॥१॥ एवमयतं तिष्ठन् ऊर्ध्वस्थानेनासमाहितो हस्तपादादि विक्षिपन्, शेषं पूर्ववत् ॥२॥ एवमयतमासीनो-निषण्णतया अनुपयुक्त आकुञ्चनादि-भावेन, शेषं पूर्ववत् ॥३॥ एवमयतं स्वपन्-असमाहितो दिवा प्रकामशय्यादिना( वा ),

शेषं पूर्ववत् ॥४॥ एवमयतं भुञ्जानो-निष्प्रयोजनं प्रणीतं काकश्रृगालभक्षिता-दिना( वा ), शेषं पूर्ववत् ॥५॥ एवमयतं भाषमाणो-गृहस्थभाषया निष्ठुरमन्तर-भाषादिना( वा ), शेष पूर्ववत् ॥६॥ अत्राह-यद्येवं पापकर्मबन्धस्ततः 'कहं चरे' इत्यादि, 'कथं' केन प्रकारेण चरेत्, कथं तिष्ठेत्, कथमासीत, कथं स्वपेत्, कथं भुञ्जानो भाषमाणः पापं कर्म न बध्नातीति? ॥७॥ आचार्य आह-'जयं चरे' इत्यादि, यतं चरेत्-सूत्रोपदेशेनेर्यासमितः, यतं तिष्ठेत्-समाहितो हस्तपादाद्यविक्षेपेण, यतमासीत-उपयुक्त आकुञ्चनाद्यकरणेन, यतं स्वपेत्-समाहितो रात्रौ प्रकामशय्यादिपरिहारेण, यतं भुञ्जानः-सप्रयोजनमप्रणीतं प्रतरसिंहभक्षितादिना, एवं यतं भाषमाणः-साधुभाषया मृदु कालप्राप्तं च 'पापं कर्म' क्लिष्टमकुशलानुबन्धि ज्ञानावरणीयादि 'न बध्नाति' नादत्ते, निराश्रवत्वात् विहितानुष्ठानपरत्वादिति ॥८॥ किंच-'सव्वभूय' इत्यादि, सर्वभूतेष्वा-त्मभूतः सर्वभूतात्मभूतो, य आत्मवत् सर्वभूतानि पश्यतीत्यर्थः, तस्यैवं सम्यग्-वीतरागोक्तेन विधिना भूतानि-पृथिव्यादीनि पश्यतः सतः 'पिहिताश्रवस्य' स्थगितप्राणातिपाताद्याश्रवस्य 'दान्तस्य' इन्द्रियनोइन्द्रियदमेन 'पापं कर्म न बध्यते' तस्य पापकर्मबन्धो न भवतीत्यर्थः ॥९॥

---

હવે ઉપદેશ નામનો પાંચમો અર્થાધિકાર કહેવાય છે.

(૧) ગાથાર્થ  અયત ચરતો પ્રાણભૂતોને હિંસે છે. પાપકર્મ બાંધે છે, તેને તે કટુકફલવાળું થાય છે.

ટીકાર્થ  **अयतं** એટલે અનુપદેશથી = સૂત્રાજ્ઞાથી વિપરીત રીતે... આ ક્રિયાવિશેષણ છે. **चरन्** = ચાલતો... तु નો અર્થ **एव** છે. અર્થાત્ અયતનાપૂર્વક જ = ઈર્યાસમિતિને ઓળંગીને જ ચાલતો. પણ અન્યથા નહિ = યતનાથી નહિ.

આ જીવ પ્રાણીઓને = બેઈન્દ્રિયોને અને ભૂતોને = એકેન્દ્રિયોને હણે છે. પ્રમાદ અને અનુપયોગથી હણે છે એ ભાવ છે.

તે જીવોને હણતો જીવ ખરાબ પરિણામનાં કારણે પાપકર્મ = ક્લિષ્ટ જ્ઞાનાવરણાદિને બાંધે છે. તે કર્મ તે અયતચારીને કડવાફળવાળું બને છે.

(પ્રશ્ન : **कटुकं फलं यस्य इति कटुकफलं** એમ બહુવ્રીહિ સમાસ છે, તો ગાથામાં **कडुअं फलं** એમ વચ્ચે અનુસ્વાર કેમ છે ? બહુવ્રીહિમાં આ રીતે વચ્ચે અનુસ્વાર ન હોય..)

ઉત્તર : ગાથામાં જે અનુસ્વાર છે, તે અલાક્ષણિક = અર્થહીન = નકામો છે...

આ કર્મ અંશુભફળવાળું બને છે, એટલે કે મોહ વગેરેનું કારણ બનતું હોવાથી વિપાકથી ભયંકર બને છે.

(૨) **ગાથાર્થ :** સ્પષ્ટ છે.

**ટીકાર્થ :** અયતનાથી ઊભો રહેતો એટલે કે સમાધિ વિનાનો = હાથ-પગને ઉછાળતો = ગમે તેમ હલાવતો ઊભો રહેતો...શેષ પૂર્વની જેમ...

(૩) **ગાથાર્થ :** સ્પષ્ટ છે.

**ટીકાર્થ :** અયતનાથી બેઠેલો પગ સંકોચવા - પ્રસારવાદિ ભાવોથી ઉપયોગ વિનાનો... (ઉપયોગ વિના સંકોચાદિ ક્રિયાઓને કરતો બેઠેલો..) શેષ પૂર્વવત્.

(૪) **ગાથાર્થ :** સ્પષ્ટ છે.

**ટીકાર્થ :** એમ અયતનાથી સૂતો = સમાધિરહિત ઊંઘતો (શરીર પૂંજયાવિના હલાવતો...) કે દિવસે ઊંઘતો કે (રાત્રે પણ) પ્રકામશય્યાદિથી ઊંઘતો (પુષ્કળઊંઘવું તે...) ... આ બધું અયતનાથી સ્વપન ગણાય. શેષ પૂર્વવત્

(૫) **ગાથાર્થ :** અયતનાથી વાપરતો = કારણ વિના વાપરતો, પ્રણીત = વિગઈપ્રચુર વાપરતો કે કાકભક્ષિત - શૃગાલભક્ષિતાદિ પદ્ધતિથી વાપરતો... શેષ પૂર્વવત્.

(૬) **ગાથાર્થ :** સ્પષ્ટ છે.

**ટીકાર્થ :** અયતનાથી બોલતો = ગૃહસ્થભાષાથી બોલતો, નિષ્ઠુર બોલતો, કે ગુરુ બોલતાં હોય ત્યારે વચ્ચે બોલવા વગેરેરૂપે બોલતો... શેષ પૂર્વવત્.

**પ્રશ્ન :** જો આ રીતે પાપનો બંધ થતો હોય ? તો.

(૭) **ગાથાર્થ :** કેવી રીતે ચાલવું, કેવી રીતે ઊભા રહેવું, કેવી રીતે બેસવું, કેવી રીતે ઊંઘવું, કેવી રીતે ખાતો અને બોલતો સાધુ પાપ કર્મ ન બાંધે ?

**ટીકાર્થ :** ગાથાર્થવત્.

આચાર્ય કહે છે કે

(૮) **ગાથાર્થ :** યતનાથી ચરે, યતનાથી ઊભો રહે, યતનાથી બેસે, યતનાથી ઊંઘે, યતનાથી વાપરતો અને બોલતો પાપકર્મ ન બાંધે.

**ટીકાર્થ :** યતનાથી ચાલે = સૂત્રની આજ્ઞાપ્રમાણે ઇર્યાસમિતિ પાળતો ચાલે.

યતનાથી ઊભો રહે = હાથ-પગ વગેરેનાં વિક્ષેપ વિના સમાધિવાળો ઊભો રહે.

યતનાથી બેસે = આકુંચનાદિ ન કરવા દ્વારા ઉપયોગવાળો બેસે.

યતનાથી ઊંઘે = રાત્રે પ્રકામશય્યાદિનાં ત્યાગ દ્વારા સમાધિવાળો ઊંઘે.

યતનાથી વાપરે = કારણસર, અપ્રણીત વસ્તુ પ્રતરભક્ષિત, સિંહભક્ષિતાદિ પ્રકારે વાપરે.

યતનાથી બોલતો = સાધુભાષાથી, કોમળ, કાળપ્રાપ્ત = અવસરોચિત બોલે.

આ જીવ પાપકર્મને = ક્લિષ્ટ, પાપાનુબંધી જ્ઞાનાવરણીયાદિને ન બાંધે, કેમકે તે આશ્રવવિનાનો છે = કર્મબંધનાં કારણભૂત આશ્રવસ્થાનો વિનાનો છે.

એ નિરાશ્રવ હોવાનું કારણ એ છે કે તે શાસ્ત્રમાં કહેલા અનુષ્ઠાનનું પાલન કરવામાં તત્પર છે.

વળી

(૯) ગાથાર્થ : સર્વભૂતાત્મભૂત, સમ્યક્ રીતે ભૂતોને જોતાં, પિહિતાશ્રવવાળા, દાન્ત જીવને પાપકર્મ ન બંધાય.

ટીકાર્થ : જે સર્વજીવોને વિશે આત્મભૂત હોય. એટલે કે સર્વજીવોને આત્માની જેમ = પોતાનાથી અભિન્ન તરીકે જે જુએ, આ રીતે વીતરાગવડે કહેવાયેલી વિધિથી પૃથ્વી વગેરે જીવોને જોતા અને પ્રાણાતિપાતાદિ આશ્રવોને બંધ કરી ચૂકેલા, ઈન્દ્રિયો અને નોઈન્દ્રિયનાં દમનથી દાન્ત તે જીવને પાપકર્મનો બંધ ન થાય.

---

**एवं सति सर्वभूतदयावतः पापकर्मबन्धो न भवतीति, ततश्च सर्वात्मना दयायामेव यतितव्यम्, अलं ज्ञानाभ्यासेनापि (नेति) मा भूदव्युत्पन्नविनेयमतिविभ्रम इति तदपोहायाह-**

**पढमं नाणं तउ दया, एवं चिट्ठइ सव्वसंजए । अन्नाणी किं काही, किंवा नाही(इ) छेअपावगं ? ॥ १० ॥ सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं । उभयंपि जाणए सोच्चा, जं छेयं तं समायरे ॥११॥ जो जीवेवि न याणेइ, अजीवेवि न याणेइ । जीवाजीवे अयाणंतो, कह सो नाहीइ संजमं ? ॥१२॥ जो जीवेवि वियाणेइ, अजीवेवि वियाणेइ । जीवाजीवे वियाणंतो, सो हु नाहीइ संजमं ॥१३॥**

**व्याख्या-'पढमं णाण'मित्यादि, प्रथमम्-आदौ ज्ञानं-जीवस्वरुपसंरक्षणोपाय-**

फलविषयं 'ततः' तथाविधज्ञानसमनन्तरं 'दया' संयमस्तदेकान्तोपादेयतया भावतस्तत्प्रवृत्तेः, 'एवम्' अनेन प्रकारेण ज्ञानपूर्वकक्रियाप्रतिपत्तिरूपेण 'तिष्ठति' आस्ते 'सर्वसंयतः' सर्वः प्रव्रजितः, यः पुनः 'अज्ञानी' साध्योपायफलपरिज्ञानविकलः स किं करिष्यति ?, सर्वत्रा-न्धतुल्यत्वात्प्रवृत्तिनिवृत्तिनिमित्ताभावात्, किं वा कुर्वन् ज्ञास्यति 'छेकं' निपुणं हितं कालोचितं 'पापकं वा' अतो विपरीतमिति, ततश्च तत्करणं भावतोऽकरणमेव, समग्रनिमित्ताभावात्, अन्धप्रदीप्तपलायनघुणाक्षरकरणवत्, अत एवान्यत्राप्युक्तम्-"गीअत्थो अ विहारो बीओ गीअत्थमीसिओ भणिओ" इत्यादि, अतो ज्ञानाभ्यासः कार्यः ॥१०॥ तथा चाह-'सोच्चा' इत्यादि, 'श्रुत्वा' आकर्ण्य ससाधनस्वरूपविपाकं 'जानाति' बुद्ध्यते 'कल्याणं' कल्यो-मोक्षस्तमणति-प्रापयतीति कल्याणं-दयाख्यं संयमस्वरूपं, तथा श्रुत्वा जानाति पापकम्-असंयमस्वरूपम्, 'उभयमपि' संयमासंयमस्वरूपं श्रावकोपयोगि जानाति श्रुत्वा, नाश्रुत्वा, यतश्चैवमत इत्थं विज्ञाय यत् छेकं-निपुणं हितं कालोचितं तत्समाचरेत्कुर्यादित्यर्थः ॥११॥ उक्तमेवार्थं स्पष्टयन्नाह-'जो जीवेऽवि' इत्यादि, यो 'जीवानपि' पृथिवीकायिकादिभेदभिन्नान् न जानाति 'अजीवानपि' संयमोपघातिनो मद्यहिरण्यादीन्न जानाति, जीवाजीवानजानन्कथमसौ ज्ञास्यति 'संयमं ?' तद्विषयं, तद्विषयाज्ञानादिति भावः ॥१२॥ ततश्च यो जीवानपि जानात्यजीवानपि जानाति जीवाजीवान् विजानन् स एव ज्ञास्यति संयममिति । प्रतिपादितः पञ्चम उपदेशार्थाधिकारः ॥१३॥

---

પ્રશ્ન : આમ હોતે છતે એ નક્કી થયું કે 'સર્વજીવોની દયાવાળાને પાપકર્મનો બંધ ન થાય.' તો પછી સંપૂર્ણપણે દયામાં જ યત્ન કરવો જોઈએ. જ્ઞાનાભ્યાસથી સર્યું...

ઉત્તર : આવાપ્રકારનો અવ્યુત્પન્નશિષ્યોને મતિભ્રમ = બુદ્ધિભ્રમ ન થાઓ... એ માટે તે ભ્રમને દૂર કરવા માટે કહે છે કે

(૧૦) ગાથાર્થ : પ્રથમ જ્ઞાન પછી દયા, આ રીતે સર્વસંયત રહે. અજ્ઞાની શું કરશે ? શું છેક પાપને જાણશે ?

ટીકાર્થ : જ્ઞાન પ્રથમ છે. જ્ઞાન એટલે જીવોનું સ્વરૂપ, એમનું સંરક્ષણ કરવાના ઉપાયો. અને એ સંરક્ષણ કરવાનું ફલ... આ બધા વિષયોનું જ્ઞાન.

આવાપ્રકારનાં જ્ઞાનની પછી જ દયા = સંયમ છે. કેમકે તે સંયમ જ એકાન્તે ઉપાદેય

હોવાથી (જ્ઞાનથી એમ લાગવાથી) ભાવથી સંયમમાં પ્રવૃત્તિ થાય. બધાં સાધુઓ આ પ્રકારે રહે. એટલે કે જ્ઞાનપૂર્વક ક્રિયાનો સ્વીકાર કરવારૂપ પ્રકારથી રહે.

જે અજ્ઞાની છે, એટલે કે સાધ્ય = જીવો = જીવસ્વરૂપ + ઉપાય + ફલનાં જ્ઞાનથી વિકલ છે, તે શું કરશે ? કેમકે એ સર્વપદાર્થોમાં અંધતુલ્ય બની જાય છે, કેમકે સારામાં પ્રવૃત્તિ અને ખરાબમાંથી નિવૃત્તિ કરવાનાં નિમિત્તભૂત એવા જ્ઞાનનો એની પાસે અભાવ છે.

કદાચ એ કરશે = જીવદયાદિ કરવા પ્રયત્ન કરશે તો પણ નિપુણ, હિતકારી, કાલોચિતને શી રીતે જાણશે ? એનાથી વિપરીતને = પાપને શી રીતે જાણશે ? તેથી તેનું કરણ ભાવથી તો અકરણ જ બની રહેશે. કેમકે ભાવથી અહિંસાકરણનાં જેટલા નિમિત્તો જોઈએ, એ બધા નિમિત્તો એની પાસે નથી. (જ્ઞાનરૂપ મુખ્ય નિમિત્ત જ નથી.)

એટલે અંધની આગમાં ભાગવાની ક્રિયા ભાવથી જેમ અક્રિયા જ છે (કેમકે એ બચી શકતો નથી...) ઘુણોની = કાષ્ઠજીવોની અક્ષર કરવાની ક્રિયા એ ભાવથી અક્રિયા જ છે. (કેમકે એને અક્ષરોનું જ્ઞાન જ નથી...) એમ આ અજ્ઞાનીની ક્રિયા જાણવી.

આથી જ અન્યગ્રન્થમાં પણ કહ્યું છે કે "ગીતાર્થ વિહાર પહેલો, બીજો ગીતાર્થમિશ્રિત વિહાર..." વગેરે.

માટે જ્ઞાનાભ્યાસ કરવો જોઈએ.

(૧૧) ગાથા ' સાંભળીને કલ્યાણને જાણે, ાંભળીને પાપને જાણે. બંનેને સાંભળીને જાણે, જે છેક હોય, તેને આચરે.

**ટીકાર્થ :** એ જ કહે છે કે જીવરક્ષાનાં સાધનો = ઉપાયોસહિત જીવોનું સ્વરૂપ અને જીવરક્ષાદિનાં વિપાકોને સાંભળીને જીવ કલ્યાણને જાણે.

કલ્ય = મોક્ષ. તેને જે મેળવી આપે તે કલ્યાણ = દયા જેનું નામ છે. તે સંયમસ્વરૂપ કલ્યાણ...

તથા સાંભળીને અસંયમનાં સ્વરૂપને જાણે.

તથા શ્રાવકોને ઉપયોગી જે સંયમાસંયમનું = દેશવિરતિનું સ્વરૂપ છે, તે પણ સાંભળીને જાણે. સાંભળ્યા વિના નહિ.

આવું છે, માટે આ પ્રમાણે જાણીને જે છેક = નિપુણ = હિતકારી = કાલોચિત હોય, તેને જીવ આદરે.

કહેલા અર્થને જ સ્પષ્ટ કરતાં કહે છે કે

(૧૨) ગાથાર્થ જે જીવોને પણ જાણતો નથી, અજીવોને પણ જાણતો નથી, જીવાજીવને નહિ જાણતો શી રીતે સંયમને જાણશે ?

ટીકાર્થ જે પૃથ્વીકાયાદિ ભેદોથી અનેકપ્રકારનાં જીવોને પણ જાણતો નથી, સંયમોપઘાતી એવા દારુ-સુવર્ણાદિરૂપ અજીવોને પણ જાણતો નથી. જીવાજીવોને નહિ જાણતો એ શી રીતે સંયમને જાણશે ? સંયમ જીવાજીવવિષયક છે. સાધુને જીવ અને અજીવરૂપી સંયમવિષયોનું જ જ્ઞાન ન હોવાથી તે વિષયસંબંધી સંયમને શી રીતે જાણશે ?

તેથી

(૧૩) ગાથાર્થ : જે જીવોને પણ જાણે છે, અજીવોને પણ જાણે છે. જીવાજીવોને જાણતો તે સંયમને જાણે છે.

ટીકાર્થ : જે જીવોને પણ જાણે છે, અજીવોને પણ જાણે છે. જીવાજીવોને જાણતો તે જ સંયમને જાણશે.

પાંચમો 'ઉપદેશ' નામનો અર્થાધિકાર પ્રતિપાદન કરાયો.

---

साम्प्रतं षष्ठेऽधिकारे धर्मफलमाह-

**जया जीवमजीवे अ, दोऽवि एए वियाणइ । तया गइं बहुविहं, सव्वजीवाण जाणइ ॥१४॥ जया गइं बहुविहं, सव्वजीवाण जाणइ । तया पुण्णं च पावं च, बंधं मुक्खं च जाणइ ॥१५॥ जया पुण्णं च पावं च, बंधं मुक्खं च जाणइ । तया निव्विदए भोए, जे दिव्वे जे अ माणुसे ॥१६॥ जया निव्विदए भोगे, जे दिव्वे जे अ माणुसे । तया चयइ संजोगं, सब्भिंतरबाहिरं ॥१७॥ जया चयइ संजोगं, सब्भिंतरबाहिरं । तया मुंडे भवित्ता णं, पव्वइए अणगारिअं ॥१८॥ जया मुंडे भवित्ता णं, पव्वइए अणगारिअं । तया संवरमुक्किट्ठं, धम्मं फासे अणुत्तरं ॥१९॥**

---

હવે છઠ્ઠા અધિકારમાં ધર્મફલને કહે છે.

(૧૪) ગાથાર્થ જ્યારે જીવ અને અજીવ આ બંનેને જાણે, ત્યારે સર્વજીવોની બહુવિધ ગતિને જાણે.

(૧૫) ગાથાર્થ : જ્યારે સર્વજીવોની બહુવિધ ગતિને જાણે, ત્યારે પુણ્ય અને પાપ,

બંધ અને મોક્ષને જાણે.

(૧૬) ગાથાર્થ : જ્યારે પુણ્ય અને પાપ, બંધ અને મોક્ષને જાણે, ત્યારે જે દિવ્ય અને જે મનુષ્યભોગો છે, તેનાથી નિર્વેદ પામે.

(૧૭) ગાથાર્થ : જે દિવ્ય અને મનુષ્ય ભોગો છે, તેનાથી જ્યારે નિર્વેદ પામે, ત્યારે અભ્યન્તર - બાહ્ય સંયોગને ત્યાગે.

(૧૮) ગાથાર્થ : જ્યારે અભ્યન્તરબાહ્ય સંયોગને ત્યાગે, ત્યારે મુંડ થઈ અણગારિતા તરફ જાય છે.

(૧૯) ગાથાર્થ : જ્યારે મુંડ થઈ અણગારિતાને સ્વીકારે, ત્યારે ઉત્કૃષ્ટસંવર, અનુત્તરધર્મને સ્પર્શે.

---

'जया' इत्यादि, 'यदा' यस्मिन् काले जीवानजीवांश्च द्वावप्येतौ विजानाति-विविधं जानाति 'तदा' तस्मिन् काले 'गतिं' नरकगत्यादिरूपां 'बहुविधां' स्वपरगतभेदेनानेकप्रकारां सर्वजीवानां जानाति, यथाऽवस्थितजीवाजीव-परिज्ञानमन्तरेण गतिपरिज्ञानाभावात् ॥१४॥ उत्तरोत्तरां फलवृद्धिमाह-'जया' इत्यादि, यदा गतिं बहुविधां सर्वजीवानां जानाति तदा पुण्यं च पापं च-बहुविधगतिनिबन्धनं (च) तथा 'बन्धं' जीवकर्मयोगदुःखलक्षणं 'मोक्षं च' तद्वियोगसुखलक्षणं जानाति ॥१५॥ 'जया' इत्यादि, यदा पुण्यं च पापं च बन्धं मोक्षं च जानाति तदा निर्विन्ते-मोहाभावात् सम्यग्विचारयत्यसारदुःखरूपतया 'भोगान्' शब्दादीन् यान् दिव्यान् यांश्च मानुषान्, शेषास्तु वस्तुतो भोगा एव न भवन्ति ॥१६॥ 'जया' इत्यादि, यदा निर्विन्ते भोगान् यान् दिव्यान् यांश्च मानुषान् तदा त्यजति 'संयोगं' संबन्धं द्रव्यतो भावतः 'साभ्यन्तरबाह्यं' क्रोदादिहिरण्यादिसंबन्धमित्यर्थः ॥१७॥ 'जया' इत्यादि, यदा त्यजति संयोगं साभ्यन्तरबाह्यं तदा मुण्डो भूत्वा द्रव्यतो भावतश्च 'प्रव्रजति' प्रकर्षेण व्रजत्यपवर्गं प्रत्यनगारं, द्रव्यतो भावतश्चाविद्यमानागारमिति भावः ॥१८॥ 'जया' इत्यादि, यदा मुण्डो मूत्वा प्रव्रजत्यनगारं तदा 'संवरमुक्किट्ठं'ति प्राकृतशैल्या उत्कृष्टसंवरं धर्म-सर्वप्राणातिपातादिविनिवृत्तिरूपं, चारित्रधर्ममित्यर्थः, स्पृशत्यनुत्तरं-सम्यगासेवत इत्यर्थः ॥१९॥

---

૧૪ થી ૧૯નો ટીકાર્થ :

ટીકાર્થ-૧૪ : જે કાલમાં જીવને અને અજીવને આ બંનેને વિવિધ રીતે જાણે, તે

કાળમાં સર્વજીવોની સ્વગત અને પરગતભેદથી અનેકપ્રકારની નરકગત્યાદિરૂપ ગતિને જાણે. કેમકે વાસ્તવિક રીતે જીવાજીવાદિનાં જ્ઞાનવિના ગતિનું જ્ઞાન ન થઈ શકે. (ત્રીજી નારકનાં જીવ માટે ૧લી નારક, બીજી નારક, વગેરે સ્વગત = નરકગતિ સંબંધી ભેદો અનેકપ્રકારનાં છે. અને એ જ જીવ માટે ભવનપતિ, વ્યંતર વગેરે પરગત = દેવગતિ સંબંધી ભેદો પણ અનેકપ્રકારે છે. આ રીતે બધામાં વિચારવું... જીવોનું અને અજીવોનું બરાબર સ્વરૂપ જાણે, તો જ એને આ સર્વજીવોની બહુવિધ ગતિનો બોધ થાય એ સ્વાભાવિક છે...)

ઉત્તરોત્તર = આગળ ને આગળ ફલની વૃદ્ધિ દેખાડે છે.

**ટીકાર્થ-૧૫ :** જયારે સર્વજીવોની બહુવિધ ગતિ જાણે, ત્યારે એ બહુવિધ ગતિનાં કારણભૂત પુણ્યને અને પાપને જાણે. તથા જીવનો કર્મની સાથે યોગ થવા રૂપ જે દુઃખ... એ સ્વરૂપ બંધને અને તે કર્મનો વિયોગ થવારૂપ જે સુખ, એ રૂપ મોક્ષને જાણે. (અથવા તો કર્મબંધ અને તજ્જન્ય દુઃખ આ બંને બંધ... જયારે કર્મક્ષય અને સુખ આ બંને મોક્ષ...)

**ટીકાર્થ-૧૬ :** જયારે પુણ્યને, પાપને, બંધને અને મોક્ષને જાણે, ત્યારે તે નિર્વેદ પામે. એટલે કે મોહનો અભાવ થયો હોવાથી એ જીવ શબ્દાદિ ભોગોને અસાર અને દુઃખ રૂપે સમ્યગ્ વિચારે, કે જે ભોગો દેવસંબંધી અને મનુષ્યસંબંધી છે. તિર્યંચાદિનાં શેષભોગો તો વસ્તુતઃ ભોગ જ નથી. (એટલે તે અહીં લીધા નથી...)

**ટીકાર્થ-૧૭ :** જયારે જે દિવ્ય અને જે મનુષ્ય ભોગ છે. તેને ભોગને અસારાદિ તરીકે વિચારે છે, ત્યારે તે દ્રવ્યથી અને ભાવથી અભ્યન્તર અને બાહ્ય સંબંધને ત્યાગે છે. ક્રોધાદિરૂપ અભ્યન્તરસંયોગને અને સુવર્ણાદિરૂપ બાહ્યસંયોગને ત્યાગે છે.

**ટીકાર્થ-૧૮ :** જયારે અભ્યન્તરબાહ્યસંયોગને ત્યાગે છે, ત્યારે દ્રવ્યથી અને ભાવથી મુંડ થઈને તે અણગાર અપવર્ગ પ્રત્યે પ્રકર્ષથી જાય છે કે જે અપવર્ગ = મોક્ષ અનગાર છે. એટલે કે જે મોક્ષમાં દ્રવ્યથી અને ભાવથી અગાર = ઘર વિદ્યમાન નથી. તેવા મોક્ષ પ્રત્યે તે જાય છે. (દ્રવ્યથી અને ભાવથી અગાર = ઘર જેને નથી તે અણગાર.)

**ટીકાર્થ-૧૯ :** જયારે મુંડ થઈ અણગાર પ્રકર્ષથી જાય છે. ત્યારે ઉત્કૃષ્ટ સંવર સ્વરૂપ તથા અનુત્તર એવા ધર્મને = સર્વપ્રાણાતિપાતાદિનાં ત્યાગરૂપ ધર્મને = ચારિત્રધર્મને સ્પર્શે છે, સમ્યક્‌રીતે સેવે છે.

ગાથામાં **संवरमुक्किट्ठं** લખેલું છે, એ પ્રાકૃતશૈલીનાં કારણે સમજવું. એટલે ખરેખર

તો उत्कृष्टसंवरं એમ શબ્દ લેવો. (अनुत्तरं શબ્દ ધર્મનું વિશેષણ છે.)

---

**जया संवरमुक्किट्ठं, धम्मं फासे अणुत्तरं । तया धुणइ कम्मरयं, अबोहिकलुसंकडं ॥२०॥ जया धुणइ कम्मरयं, अबोहिकलुसंकडं । तया सव्वत्तगं नाणं, दंसणं चाभिगच्छइ ॥२१॥ जया सव्वत्तगं नाणं, दंसणं चाभिगच्छइ । तया लोगमलोगं च, जिणो जाणइ केवली ॥२२॥ जया लोगमलोगं च, जिणो जाणइ केवली । तया जोगे निरुंभित्ता, सेलेसिं पडिवज्जइ ॥२३॥ जया जोगे निरुंभित्ता, सेलेसिं पडिवज्जइ । तया कम्मं खवित्ता णं, सिद्धिं गच्छइ नीरओ ॥२४॥ जया कम्मं खवित्ता णं, सिद्धिं गच्छइ नीरओ । तया लोगमत्थयत्थो, सिद्धो हवइ सासओ ॥२५॥**

---

(૨૦) **ગાથાર્થ** : જ્યારે ઉત્કૃષ્ટ સંવરભૂત, અનુત્તર ધર્મને સ્પર્શે ત્યારે અબોધિકલુષકૃત કર્મરજને ધુણાવે.

(૨૧) **ગાથાર્થ** : જ્યારે અબોધિકલુષકૃત કર્મરજને ધુણાવે, ત્યારે સર્વત્રગ જ્ઞાનને અને દર્શનને પામે.

(૨૨) **ગાથાર્થ** : જ્યારે સર્વત્રગ જ્ઞાનને અને દર્શનને પામે, ત્યારે જિનકેવલી તે લોકને અને અલોકને જાણે.

(૨૩) **ગાથાર્થ** : જ્યારે જિનકેવલી લોકને અને અલોકને જાણે, ત્યારે યોગોને રૂંધીને શૈલેશીને સ્વીકારે.

(૨૪) **ગાથાર્થ** : જ્યારે યોગોને રૂંધીને શૈલેશીને સ્વીકારે, ત્યારે કર્મ ખપાવીને રજરહિત તે સિદ્ધિમાં જાય.

(૨૫) **ગાથાર્થ** : જ્યારે રજરહિત તે સિદ્ધિમાં જાય, ત્યારે લોકમસ્તકસ્થ શાશ્વત સિદ્ધ થાય.

---

'जया' इत्यादि, यदोत्कृष्टसंवरं धर्मं स्पृशत्यनुत्तरं तदा धुनोति- अनेकार्थत्वात्पातयति 'कर्मरजः' कर्मैव आत्मरञ्जनाद्रज इव रजः, किंविशिष्टमित्याह- 'अबोधिकलुषकृतम्' अबोधिकलुषेण मिथ्यादृष्टिनोपात्तमित्यर्थः ॥२०॥ 'जया' इत्यादि, यदा धुनोति कर्मरजः अबोधिकलुषकृतं तदा 'सर्वत्रगं ज्ञानम्' अशेषज्ञेयविषयं 'दर्शनं च' अशेषदृश्यविषयम् 'अधिगच्छति' आवरणाभावादाधिक्येन प्राप्नोतीत्यर्थः ॥२१॥

'जया' इत्यादि, यदा सर्वत्रगं ज्ञानं दर्शनं चाधिगच्छति तदा 'लोकं' चतुर्दशरज्ज्वात्मकम् 'अलोकं च' अनन्तं जिनो जानाति केवली, लोकालोकौ च सर्वं नान्यतरमेवेत्यर्थः ॥२२॥ 'जया' इत्यादि, यदा लोकमलोकं च जिनो जानाति केवली तदोचितसमयेन योगान्निरुद्ध्य मनोयोगादीन् शैलेशीं प्रतिपद्यते, भवोपग्राहिकर्मांशक्षयाय ॥२३॥ 'जया' इत्यादि, यदा योगान्निरुद्ध्य शैलेशीं प्रतिपद्यते तदा कर्म क्षपयित्वा भवोपग्राह्यपि 'सिद्धिं गच्छति' लोकान्तक्षेत्ररूपां 'नीरजाः' सकलकर्मरजोविनिर्मुक्तः ॥२४॥ 'जया' इत्यादि, यदा कर्म क्षपयित्वा सिद्धिं गच्छति नीरजाः तदा 'लोकमस्तकस्थः' त्रैलोक्योपरिवर्ती सिद्धो भवति 'शाश्वतः' कर्मबीजाभावादनुत्पत्ति-धर्मेति भावः । उक्तो धर्मफलाख्यः षष्ठोऽधिकारः ॥२५॥

---

ટીકાર્થ (૨૦ થી ૨૫ ગાથાનો) :

ટીકાર્થ-૨૦ : જયારે ઉત્કૃષ્ટસંવરરૂપ અનુત્તરધર્મને સ્પર્શે, ત્યારે કર્મરજને ધુણાવે = પાડે.

(પ્રશ્ન : કર્મને ધુણાવી શી રીતે શકાય ? વળી ઝાડને ધુણાવીએ તો પાંદડા ખરે, પાંદડાને ધુણાવવાના ન હોય. એમ આત્માને ધુણાવો તો કર્મ પડે... કર્મને ધુણાવવાના શી રીતે ?)

ઉત્તર : ધાતુઓ અનેકઅર્થવાળા હોય છે, એટલે ધુણાવે છે = પાડી નાંખે છે... એમ અર્થ લેવો. કર્મ આત્માને રંગી દેતું હોવાથી એ રજ જેવું છે. માટે એને રજની ઉપમા આપી છે. અબોધિથી કલુષ = મિથ્યાત્વથી મલિન = મિથ્યાત્વી... એનાવડે ભેગી કરાયેલી કર્મરજને આ જીવ પાડી નાંખે.

ટીકાર્થ-૨૧ જયારે અબોધિકલુષકૃત કર્મરજને પાડી દે ત્યારે સઘળા જ્ઞેયોરૂપી વિષયવાળું જ્ઞાન અને સઘળા દૃશ્યપદાર્થોરૂપી વિષયવાળું દર્શન... આ બેને એ બંનેનાં આવરણોનો અભાવ થઈ ગયો હોવાથી અધિકતાથી = સંપૂર્ણપણે પામે.

ટીકાર્થ-૨૨ જયારે સર્વત્ર જનાર = અશેષજ્ઞેયવિષયક જ્ઞાનને અને અશેષદૃશ્યવિષયક દર્શનને પામે, ત્યારે જિનકેવલી ચૌદરાજલોકરૂપી લોકને અને અનંત અલોકને જાણે. આશય એ કે લોકાલોક બધું જ જાણે, બેમાંથી કોઈપણ એકને જાણે, એવું નહિ.

ટીકાર્થ-૨૩ : જયારે જિનકેવલી લોકાલોકને જાણે, ત્યારે ઉચિતસમયે મનોયોગાદિ યોગોને રૂંધીને, શૈલેશીને પામે. એ ભવોપગ્રાહી = ભવમાં પકડી રાખનાર કર્માંશો =

અઘાતીકર્મોનાં ક્ષયને માટે શૈલેશીને પામે.

ટીકાર્થ-૨૪ : જયારે યોગોને રૂંધીને શૈલેશીને પામે, ત્યારે ભવોપગ્રાહી એવા પણ કર્મોને ખપાવીને તમામ કર્મરજથી વિનિર્મુક્ત તે લોકનાં અંતભાગરૂપ જે ક્ષેત્ર, તે સ્વરૂપ સિદ્ધિમાં જાય.

ટીકાર્થ-૨૫ : જયારે કર્મ ખપાવીને કર્મરહિત તે સિદ્ધિમાં જાય, ત્યારે ત્રણ લોકની ઉપર રહેલો તે સિદ્ધ થાય. શાશ્વત થાય એટલે કે કર્મરૂપી બીજનો અભાવ હોવાથી ઉત્પત્તિ નહિ પામવાનાં સ્વભાવવાળો થાય.

ધર્મફલ નામનો છઠ્ઠો અધિકાર કહેવાયો.

---

साम्प्रतमिदं धर्मफलं यस्य दुर्लभं तमभिधित्सुराह-

**सुहसायगस्स समणस्स, सायाउलगस्स निगामसाइस्स । उच्छोलणापहोअस्स, दुलहा सुगई तारिसगस्स ॥२६॥ तवोगुणपहाणस्स उज्जुमइ खंतिसंजमरयस्स । परीसहे जिणंतस्स सुलहा सुगई तारिसगस्स ॥२७॥ पच्छावि ते पयाया, खिप्पं गच्छंति अमरभवणाइं । जेसिं पिओ तवो संजमो अ खंती अ बंभचेरं च ॥१॥ (प्र.) इच्चेअं छज्जीवणिअं सम्मद्दिट्ठी सया जए । दुल्लहं लहित्तु सामण्णं, कम्मुणा न विराहिज्जासि ॥२८॥ त्तिबेमि ॥ चउत्थं छज्जीवणिआणामज्झयणं समत्तं ॥४॥**

'सुहे'ति, सुखास्वादकस्य-अभिष्वङ्गेण प्राप्तसुखभोक्तुः 'श्रमणस्य' द्रव्यप्रव्रजितस्य 'साताकुलस्य' भाविसुखार्थं व्याक्षिप्तस्य 'निकामशायिनः' सूत्रार्थवेलामप्युल्लङ्घ्य शयानस्य 'उत्सोलनाप्रधाविनः' उत्सोलनया-उदकायतनया प्रकर्षेण धावति-पादादिशुद्धिं करोति यः स तथा तस्य, किमित्याह-'दुर्लभा' दुष्प्रापा 'सुगतिः' सिद्धिपर्यवसाना 'तादृशस्य' भगवदाज्ञालोपकारिण इति गाथार्थः ॥२६॥ इदानीमिदं धर्मफलं यस्य सुलभं तमाह-'तवोगुणे'त्यादि, 'तपोगुणप्रधानस्य' षष्ठाष्टमादितपोधनवतः 'ऋजुमतेः' मार्गप्रवृत्तबुद्धेः 'क्षान्तिसंयमरतस्य' क्षान्तिप्रधान-संयमासेविन इत्यर्थः, 'परीषहान्' क्षुत्पिपासादीन् 'जयतः' अभिभवतः सुलभा 'सुगतिः' उक्तलक्षणा 'तादृशस्य' भगवदाज्ञाकारिण इति गाथार्थः ॥२७॥ महार्था षड्जीवनिकायिकेति विधिनोपसंहरन्नाह-'इच्चेय'मित्यादि, 'इत्येतां षड्जीव-

निकायिकाम्' अधिकृताध्ययनप्रतिपादितार्थरूपां, न विराधयेदितियोगः, 'सम्यग्दृष्टिः' जीवस्तत्त्वश्रद्धावान् 'सदा यतः' सर्वकालं प्रयत्नपरः सन्, किमित्याह-'दुर्लभं लब्ध्वा श्रामण्यं' दुष्प्रापं प्राप्य श्रमणभावं-षड्जीवनिकायसंरक्षणैकरूपं 'कर्मणा' मनोवाक्कायक्रियया प्रमादेन 'न विराधयेत्' न खण्डयेत्, अप्रमत्तस्य तु द्रव्यविराधना यद्यपि कथञ्चिद् भवति तथाऽप्यसावविराधनैवेत्यर्थः । एतेन 'जले जीवाः स्थले जीवा, आकाशे जीवमालिनि । जीवमालाकुले लोके, कथं भिक्षुरहिंसकः? ॥१॥' इत्येतत्प्रत्युक्तं, तथा सूक्ष्माणां विराधनाभावाच्च । ब्रवीमीति पूर्ववत् ।

---

હવે આ ધર્મફલ જેને દુર્લભ છે, તેને કહેવાની ઈચ્છાવાળા કહે છે.

(૨૬) ગાથાર્થ સુખાસ્વાદક, શાતાકુલ, નિકામશાયી, ઉત્સોલનાપ્રધાવી તાદશ શ્રમણને સુગતિ દુર્લભ છે.

ટીકાર્થ : જે સાધુ પ્રાપ્ત થયેલા સુખને રાગથી ભોગવતો હોય. ભવિષ્યનાં સુખ માટે વ્યાક્ષેપવાળો હોય. સૂત્ર અને અર્થની વેળાને પણ ઓળંગીને ઊંઘનારો હોય ઉત્સોલનાથી = પાણીની અયતનાથી પ્રકર્ષથી પગ વગેરેની શુદ્ધિ કરનારો હોય... પરમાત્માની આજ્ઞાનો લોપ કરનારા તેવા દ્રવ્યસાધુને મોક્ષ સુધીની સુગતિ દુર્લભ છે. (અર્થાત્ એકાદવાર સદ્ગતિ મળે પણ સાનુબંધ ન હોય)

હવે આ ધર્મફલ જેને સુલભ છે, એ દેખાડે છે.

(૨૭) ગાથાર્થ તપોગુણપ્રધાન, ઋજુમતિ, ક્ષમા અને સંયમમાં રત, પરિષહને જીતનાર તાદશ સાધુને, સુગતિ સુલભ છે.

ટીકાર્થ છઠ્ઠ-અઠ્ઠમાદિ તપરૂપી ધનવાળો, મોક્ષમાર્ગમાં પ્રવર્તેલી છે બુદ્ધિ જેની તેવો, ક્ષમાપ્રધાન એવા સંયમનું આસેવન કરનાર, ભૂખ-તરસ વગેરેને જીતનારા ભગવાનની આજ્ઞાને પાળનારા તેને ઉક્તલક્ષણવાળી સુગતિ સુલભ છે.

પ્રક્ષેપગાથાર્થ પાછળથી પણ (છેલ્લી ઉંમરમાં પણ) દીક્ષા લેનારા તેઓ જલ્દી અમરભવનોમાં જાય છે, જેઓને તપ, સંયમ, ક્ષમા, બ્રહ્મચર્ય પ્રિય છે...)

ષડ્જીવનિકાયિકા મોટા અર્થવાળી છે, એટલે વિધિથી ઉપસંહાર કરતાં કહે છે.

(૨૮) ગાથાર્થ : સમ્યગ્દષ્ટિ, સદા યત્નવાળો સાધુ દુર્લભ શ્રામણ્યને પામીને આ ષટ્જીવનિકાયને કર્મ વડે = ક્રિયાવડે વિરાધે નહિ. એમ હું કહું છું.

ટીકાર્થ આ પ્રમાણે આ પ્રસ્તુત અધ્યયનમાં કહેવાયેલા અર્થવાળી

ષડ્જીવનિકાયને... ન વિરાધે એમ અન્વય જોડવો. (કોણ ન વિરાધે ?... એ બતાવે છે કે) તત્ત્વશ્રદ્ધાવાળો, સર્વકાળ પ્રયત્નમાં તત્પર એવો સાધુ દુઃખેથી પામી શકાય એવા, ષડ્જીવનિકાયનું સંરક્ષણ એ જ એક માત્ર સ્વરૂપવાળા સાધુપણાને પામીને એ છકાયને મન, વચન, કાયાની ક્રિયાથી પ્રમાદવડે વિરાધે નહીં. હા ! અપ્રમત્તસાધુને તો જો કે કોઈક રીતે દ્રવ્યવિરાધના (જીવહિંસાદિરૂપ) થઈ જાય, તો પણ એ અવિરાધના જ છે.

'અપ્રમત્તસાધુને વિરાધના પણ અવિરાધના જ છે' એ કથન દ્વારા આ વાત ખંડિત થયેલી જાણવી કે – (કેટલાંકો એમ કહે છે કે) "જલમાં જીવો છે, સ્થલમાં જીવો છે, આકાશ જીવોથી ભરેલું છે, જીવની પંક્તિઓથી આકુલ એવા લોકમાં ભિક્ષુ અહિંસક શી રીતે બને ?" (અર્થાત્ વિરાધના = હિંસા થવાની જ છે.)

(અપ્રમત્ત રહે તો વિરાધના પણ અવિરાધના જ ગણાય, એટલે એ રીતે જીવ અહિંસક ગણાય. એ રીતે આ મતનું ખંડન થઈ જાય...)

વળી સૂક્ષ્મજીવોની વિરાધનાનો તો અભાવ જ છે (એટલે એ જીવોનો પણ અહિંસક જ ગણાય. આખો લોક જીવોથી ભરેલો છે, એ મુખ્યત્વે સૂક્ષ્મજીવોથી... અને એમની તો હિંસા થતી જ નથી.... એટલે એ દૃષ્ટિએ પણ સાધુ અહિંસક ગણી શકાય.)

**ब्रवीमि** શબ્દાર્થ પૂર્વની જેમ સમજી લેવો.

---

**अधिकृताध्ययनपर्यायशब्दप्रतिपादनायाह निर्युक्तिकारः-**

जीवाजीवाभिगमो आयारो चेव धम्मपन्नत्ती । तत्तो चरित्तधम्मो चरणे धम्मे अ एगट्ठा ॥२३३॥

---

નિર્યુક્તિકાર અધિકૃત અધ્યયનનાં પર્યાયવાચી શબ્દોનું પ્રતિપાદન કરવા માટે કહે છે કે –

**નિર્યુક્તિ-૨૩૩ ગાથાર્થ** જીવાજીવાભિગમ, આચાર, ધર્મપ્રજ્ઞપ્તિ, ચારિત્રધર્મ, ચરણ, ધર્મ આ સમાનાર્થી શબ્દો છે.

---

**व्याख्या-'जीवाजीवाभिगमः' सम्यग्जीवाजीवाभिगमहेतुत्वात् एवम् 'आचारश्चैव' आचारोपदेशत्वात् 'धर्मप्रज्ञप्तिः' यथावस्थितधर्मप्रज्ञापनात् ततः 'चारित्रधर्मः' तन्निमित्तत्वात् 'चरणं' चरणविषयत्वात् 'धर्मश्च' श्रुतधर्मस्तत्सारभूतत्वात्, एकार्थिका एते शब्दा इति गाथार्थः ॥ अन्ये त्विदं गाथासूत्रमनन्तरोदितसूत्रस्याधो व्याख्यानयन्ति, तत्राप्यविरुद्धमेव । उक्तोऽनुगमः, साम्प्रतं नयास्ते च पूर्ववदेव । व्याख्यातं**

षड्जीवनिकाध्ययनम् ॥

**ટીકાર્થ :** આ અધ્યયન જીવ અને જીવનાં સમ્યગ્બોધનું = અભિગમનું કારણ હોવાથી **જીવાજીવાભિગમ** કહેવાય. એમ આચારનાં ઉપદેશવાળું હોવાથી **આચાર** છે. સાચાધર્મની પ્રજ્ઞાપના કરનાર હોવાથી **ધર્મપ્રજ્ઞપ્તિ** છે. ચારિત્રધર્મનું નિમિત્ત હોવાથી **ચારિત્રધર્મ** છે. ચારિત્રવિષયક હોવાથી **ચરણ** છે. શ્રુતધર્મનાં સારભૂત હોવાથી **ધર્મ = શ્રુતધર્મ** છે.

આ એકાર્થિક શબ્દો છે.

અન્યો આ ૨૩૩મી નિર્યુક્તિગાથાસૂત્રને મૂળસૂત્ર ૨૮ની પૂર્વે વ્યાખ્યાન કરે છે. ત્યાં પણ એ વિરોધ વિનાનું જ છે. (અર્થાત્ એ રીતે પણ વાંધો નથી.)

અનુગમ કહેવાયો.

હવે નયો...

તે પૂર્વની જેમ જ જાણવા.

ષડ્જીવનિકા અધ્યયનનું વ્યાખ્યાન પૂર્ણ થયું.

**इति श्रीहरिभद्रसूरिकृतौ दशवैकालिकटीकायां चतुर्थाध्ययनम् ॥४॥**

સભાષાંતર દશવૈકાલિકસૂત્ર ભાગ-૨ સંપૂર્ણ

## પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ લિખિત-પ્રેરિત-અનુવાદિત અધ્યયનોપયોગી સાહિત્ય...

(૧) ન્યાયસિદ્ધાંત મુક્તાવલિ ભાગ-૧,૨
(૨) વ્યાપ્તિપંચક (માથુરી ટીકા)
(૩) સિદ્ધાન્તલક્ષણ ભાગ-૧,૨
(૪) સામાન્યનિરુક્તિ
(૫) ઓઘનિર્યુક્તિ ભાગ-૧,૨
(૬) ઓઘનિર્યુક્તિ સારોદ્ધાર ભાગ-૧,૨
(૭) સામાચારી પ્રકરણ ભાગ-૧,૨
(૮) જૈન શાસ્ત્રોના ચૂંટેલા શ્લોકો ભાગ-૧,૨
(૯) દશવૈકાલિક સૂત્ર - (હારિભદ્રી ટીકા) સભાષાંતર ભાગ-૧ થી ૪

## સંયમજીવનોપયોગી - ઉપદેશાત્મક સાહિત્ય...

(૧) ગુરુમાતા
(૨) હવે તો માત્ર ને માત્ર સર્વવિરતિ !
(૩) સંવિગ્ન સંયમીઓની નિયમાવલિ
(૪) મુનિજીવનની બાલપોથી ભાગ-૧,૨,૩
(૫) અષ્ટપ્રવચનમાતા
(૬) વિશ્વની આધ્યાત્મિક અજાયબી : આપણાં સાધુ-સાધ્વીજી ભગવંતો ભાગ-૧,૨
(૭) શૂન્ય બનીને પૂર્ણ બનું
(૮) ક્યારે બનીશ હું સાચો રે સંત !
(૯) દશવૈકાલિક ચૂલિકા